મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૩ ● ૧ (કુલ પાના : ૨૪૮)

વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
નવેમ્બર : ૨૦૧૩
અંક : ૪૨૬

મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

દિપોત્સવી અંક

કચ્છ અને તેની પાણીની સમસ્યા વિશેષાંક • સંભારણા - ૨

શુભ દિપાવલી



મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : info@kutchijainahd.org • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
અશોક મહેતા-મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

Wishing You All A Very Happy Diwali and

Prosperous New Year

With

Best Compliments

ASHAPURA

GROUP OF INDUSTRIES

ASHAPURA GROUP OF INDUSTRIES

Jeevan Udyog Building, 3rd Floor, 278, Dr. D. N. Road,
Fort, Mumbai - 400 001, INDIA.

Tel. : +91-22-6665 1700 Fax : +91-22-2207 9395 / 2207 4452

E-mail : ashapura@vsnl.com

Website : www.ashapura.com


Wishing You All
A Very Happy Diwali
and
Prosperous New Year

Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :

Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :

Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY

IADC

નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર



શ્રી મૂકેશભાઈ ઝવેરી, ડાયરેક્ટરશ્રી - સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ તથા અધિકારીશ્રીઓ



૦ - ૮૨ ઉપર સાઈફન કેનાલનું ચાલતું કામ



૦ - ૮૨ ઉપર સાઈફન કેનાલનું ચાલતું કામ



સાઈફન કેનાલનું ચાલતું કામ



તૈયાર થઈ ગયેલ કેનાલનું દૃશ્ય, જેની પહોળાઈ ૩૦ મી. તથા ઊંડાઈ ૧૬.૫ મીટર

॥ ૐ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥

શુભ દિપાવલી અને નૂતન વર્ષની સૌને અંતરથી શુભ કામનાઓ....

શ્રી શંખેશ્વર તીર્થમાં 1 BHK એપાર્ટમેન્ટની ભવ્ય યોજના



Manibhadra
Residency

A PROJECT BY SAMYAK DEVELOPERS

માણિભદ્ર રેસીડેન્સી, c/o સમ્યક ડેવલોપર્સ
દાદાવાડીની સામે, શંખેશ્વર તીર્થ, ગુજરાત

૫૬ વારના (૫૦૬ Sq.Ft.)
સુપર બીલ્ટ-અપ એરીયા

મુખ્ય દેરાસરથી
ખુબજ નજીક

- સુંદર આકર્ષક ગાર્ડન
- બુકીંગ ચાલુ છે
- દરેક બ્લોકમાં લીફ્ટ
- સિક્યૂરીટી – કંપાઉન્ડ વોલ
- બેંકમાંથી લોન મળશે
- દલાલ મિત્રો આવકાર્ય
- વિશાળ પાર્કીંગની વ્યવસ્થા
- ૨૪ કલાક પાણી/ડ્રેનેજ/ઇલેક્ટ્રીસિટી
- તાલુકા પોલીસ સ્ટેશન/સીવીક સેન્ટર પાસે

SAMYAK
Developers

Deep Sheth : 076981 98555
Manan Mehta : 099250 64037

અમદાવાદ ઓફીસ : સમ્યક ડેવલોપર્સ, હેમકુંજ ૧૮, જૈન નગર, પાલડી, અમદાવાદ

Email : sales@samyak.biz, www.samyak.biz

સંવત : ૨૦૭૦

ઝગમગતા દીપકના તહેવાર પ્રસંગે આપ સૌને અભિનંદન.....



નૂતન વર્ષ સર્વે પરિવારજનોને લાભદાયી, ફળદાયી નીવડે તેવી શુભેચ્છાઓ....

પ્રતાપ નારાણજી દંડ
માનદ્ મંત્રી

અશોક સાકરચંદ મહેતા
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ

તેમજ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યો
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન ભવન

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧ ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
E-mail : info@kutchijainahd.org
I Website : www.kutchijainahd.org

છેલ્લા ૩૮ વર્ષથી ૬૨ મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

"મંગલ મંદિર"

મુખ્ય કાર્યાલય

શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : info@kutchijainahd.org
વેબ-સાઈટ : www.kutchijainahd.org

તંત્રીમંડળ

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

વિવિધ વિભાગો

વલોવતન
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

સાર સમાચાર
શાંતિલાલ સંઘવી

બાલુડેં જ્યું ગાલિયું
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

સુડોકુ અને શબ્દ રમત
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

– મુખ્યતંત્રી

અનુક્રમણિકા

લેખ	પ્રકાર	લેખક	પાના નં.
• તંત્રી લેખ : નવા વર્ષના સાલ મુબારક 'મંગલ મંદિર' કચ્છના પાણી પ્રશ્ને વિશેષાંક, સંભારણા-૨		અશોક મહેતા	૧૧
• બે બોલ		અશોક મહેતા	૧૩

લેખ વિભાગ :

કચ્છ

• નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર અંગેનો અહેવાલ	અહેવાલ	મૂકેશ ઝવેરી, ડાયરેક્ટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.	૧૫

વર્ષ ૨૦૦૩

• કચ્છ અને તેની પાણીની સમસ્યા	લેખ	અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, હસમુખ ગઢેચા	૨૩
• રાજસ્થાન કેનાલ દ્વારા કચ્છ - ઉત્તર ગુજરાતની તૃષા છિપાવી શકાશે	લેખ	શશીકાંત ઠક્કર	૨૯
• નર્મદાના પ્રશ્ને કચ્છ વાસ્તવિકતા સ્વીકારશે?	અગ્રલેખ	અશોક મહેતા	૩૨
• શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રયાસોથી નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થવા પર	લેખ	★	૩૪
• કચ્છ માટે નર્મદા નદીના સિંચાઈના પાણી	સંપાદકીય	★	૩૫
• નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામોની શુભ શરૂઆત	લેખ	★	૩૬

વર્ષ ૨૦૦૪

• નર્મદા નદીના સિંચાઈના પાણીના પ્રશ્ને અમદાવાદમાં કચ્છીઓની મીટિંગ	અહેવાલ	★	૩૯
• નર્મદા નદીના અધિકારીશ્રીઓ સાથેની મુલાકાત	અહેવાલ	★	૪૨
• સરદાર સરોવર ડૅમ સાઈટની મુલાકાત	અહેવાલ	★	૪૩
• સુજલામ્ સુફલામ્ યોજના	લેખ	★	૪૫
• નર્મદા – કચ્છ બ્રાંચ કેનાલ	અહેવાલ	★	૪૮
• કચ્છ બ્રાંચ કેનાલ	અહેવાલ	★	૪૯
• નર્મદાના પાણી અને કચ્છ	લેખ	★	૫૦
• કચ્છ બ્રાંચ કેનાલ – નર્મદા નદીના સિંચાઈના પાણી	અહેવાલ	★	૫૧

વર્ષ ૨૦૦૫

• કચ્છ તેના પાણીના પ્રશ્ને યોગ્ય ઉકેલ તરફ	લેખ	★	૫૩
• કચ્છમાં વિશાળ માત્રામાં ચેક ડૅમો	લેખ	★	૫૭
• નર્મદા નદીના સિંચાઈના વધુ પાણી માટે કચ્છીઓની લડત	અહેવાલ	★	૫૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

"પદાધિકારીશ્રીઓ"

મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

ઉપપ્રમુખ-૧
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

ઉપપ્રમુખ-૨
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

માનદ્ મંત્રી
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

સહમંત્રી
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

ખજાનચી
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

સહ ખજાનચી
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

સેવા ભવનનું સરનામું :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.

● નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈના પાણી – કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો ..... લેખ ..... ★ ... ૬૧
● કચ્છમાં ચેક ડેમો ..... લેખ ..... ★ ... ૬૪
● દુષ્કાળગ્રસ્ત કચ્છને લીલુંછમ બનાવી શકાય? ..... સંપાદકીય ..... ★ ... ૬૬
● સમગ્ર ગુજરાતમાં પાણીની પરિસ્થિતિ : જરૂરિયાત, વપરાશ અને ભવિષ્યનું આયોજન ..... લેખ ..... વિનોદ ગાલા ૬૭
● કચ્છ અને નર્મદા નદીના સિંચાઈના પાણી ..... સંપાદકીય ..... ★ ... ૬૮

વર્ષ ૨૦૦૬

● ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોની જરૂરિયાત મુજબના પાણી ..... લેખ ..... ★ ... ૭૧
● વધારાના પાણી માટેનો સરકારી ઠરાવ (**Government Resolution – G.R.**) ..... અહેવાલ ૭૨
● કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રયાસોથી કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ ..... લેખ ..... ★ ... ૭૩
● કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો / કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ સરદાર સરોવર નર્મદા નિગમ લિ. - આદિપુરથી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ પત્ર-વ્યવહાર .... પત્ર વ્યવહાર ૭૭
● કચ્છમાં ચેક ડેમોની જરૂરિયાત ..... લેખ ..... ગોપાલ ડી. ધુઆ ૮૦
● ડી-સેલિનેશન પ્લાન્ટ ..... અહેવાલ ..... ★ ... ૮૨

વર્ષ ૨૦૦૭

● કચ્છમાં ઉદ્યોગો અને તેની પાણીની જરૂરિયાત ..... તંત્રી લેખ ..... ★ ... ૮૫
● કચ્છના પાણીના પ્રશ્ને ચિંતન શિબિર ..... અહેવાલ ..... ★ ... ૮૭

વર્ષ ૨૦૦૮

● કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સમાચાર ..... અહેવાલ ..... ★ ... ૮૯
● કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનું અવલોકન ..... લેખ ..... ★ ... ૯૦

વર્ષ ૨૦૦૯

● નર્મદા યોજના ..... તંત્રી લેખ ..... ★ ... ૯૭
● કચ્છ બ્રાંચ કેનાલ ..... લેખ ..... ★ ... ૯૯
● નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી કોના માટે છે? ..... લેખ ..... ★ . ૧૦૦
● મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દૃષ્ટિએ – ..... લેખ ..... ★ . ૧૦૧ નર્મદા નદીના સિંચાઈના પાણી - મુખ્ય કેનાલ અને કચ્છ બ્રાંચ કેનાલ
● સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ડાયરેક્ટરશ્રી (સિવિલ)ની મુલાકાત ..... પત્ર વ્યવહાર ..... ★ . ૧૦૫
● સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેનશ્રીને કચ્છ બ્રાંચ કેનાલ અંગે લખવામાં આવેલ પત્ર ..... પત્ર વ્યવહાર ..... ★ . ૧૦૯

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

- સરદાર સરોવર નર્મદા નિગમની કાર્યક્ષમતા ..... તંત્રીલેખ ..... ★ ૧૧૨
- કચ્છની પીવાના પાણીની સમસ્યા ..... લેખ ..... ★ ૧૧૩
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને લખાયેલ પત્ર તા. ૨૬-૧૦-૨૦૦૯ ..... પત્ર વ્યવહાર ..... ★ ૧૧૭
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને લખાયેલ પત્ર તા. ૦૨-૧૧-૨૦૦૯ ..... પત્ર વ્યવહાર ..... ★ ૧૧૯
- કચ્છ બ્રાંચ કેનાલના પ્રશ્ને નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરની મુલાકાત – એક અહેવાલ ..... અહેવાલ ..... ★ ૧૨૧
- માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી મેળવવામાં આવેલ માહિતી ..... પત્ર વ્યવહાર ..... ★ ૧૨૫

વર્ષ ૨૦૧૦

- કચ્છ બ્રાંચ કેનાલના કામો ૧ કિલોમીટર જેટલાં થયેલ છે (તા. ૩૧-૧૨-૨૦૦૧ મુજબ) ..... માહિતી ..... ★ ૧૨૯
- માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી મેળવવામાં આવેલ / ન મેળવી શકાયેલ માહિતીની વિગતો ..... માહિતી ..... ★ ૧૩૦
- સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૪ વિસ્થાપિતોના પુનર્વસનના આયોજન / અમલમાં પારાવાર અરાજકતા ..... લેખ ..... પ્રવીણચંદ્ર શાહ ૧૩૬
- સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૫ યોજના - અમલીકરણમાં તેજ ગતિ આણવા કેન્દ્ર પાસેથી રૂા. ૫,૦૦૦ કરોડ ઉલેચાવાયા, પણ ગતિમાં ઠીંગો! ..... લેખ ..... પ્રવીણચંદ્ર શાહ ૧૩૮
- સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૬ પ્રજાને પીવાના પાણી આયોજન નામે ૭૪૭૧ કરોડ ખર્ચી નંખાયા : પણ પ્રજાને પાણી – ૪થો ભાગ, ઉદ્યોગોને – ૭૫% ..... લેખ ..... પ્રવીણચંદ્ર શાહ ૧૪૦
- પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ ..... લેખ ..... ★ ૧૪૨
- સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૭ નર્મદાનું મૂ–ળ આયોજન સિંચાઈ - વિકાસનું હતું કે ઉદ્યોગો માટેનું? ..... લેખ ..... પ્રવીણચંદ્ર શાહ ૧૪૫
- શ્રી મૂકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક ..... તંત્રી લેખ ..... ★ ૧૪૭
- સરકારના બે ખાતાઓ વચ્ચે તાલમેલનો અભાવ – શોષાવાનું કચ્છની જનતાએ ..... તંત્રી લેખ ..... ★ ૧૪૯
- નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ સિંચાઈ માટેના પાણીની કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિ અને પરિસ્થિતિ ..... માહિતી ..... ★ ૧૫૨
- કચ્છમાં ડિ-સેલિનેશન પ્લાન્ટ ..... લેખ ..... લાહિરી શાહ ૧૫૫
- આપણી જળ સમસ્યા નિવારવાના અગ્રીમ ઉપાયો ..... લેખ ..... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ૧૫૬
- નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ સિંચાઈના પાણીના આયોજનો અને અમલીકરણ ..... લેખ ..... ★ ૧૫૭
- નર્મદાના પાણીથી કચ્છના કયા ગામોમાં કેટલી જમીનને લાભ? ..... લેખ ..... ★ ૧૬૧
- આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રિવર બેઝિન) પર નિર્માણ : રુકમાવતી રિવર બેઝિન કેસ સ્ટડી ..... લેખ ..... કાંતિસેન શ્રોફ ૧૬૩

વર્ષ ૨૦૧૧

- પાઈપ લાઈન આવી, હવે નહેર પણ આવશે ..... લેખ ..... મૂકેશ ઝવેરી ૧૬૯
- ઐતિહાસિક અવસર – સરદાર સરોવર પ્રોજેક્ટ નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલનું ખાતમુહૂર્ત ..... અહેવાલ ..... દિનેશ આર. મહેતા ૧૭૧

- નમામિ દેવી નર્મદે : અમ આંગણે અવનવો અવસર ..... અહેવાલ ..... દિનેશ આર. મહેતા ૧૭૨
- કચ્છમાં પાણીની જરૂરિયાત ..... લેખ ..... ★ ૧૭૩
- કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ ..... લેખ ..... ★ ૧૭૬
- કચ્છમાં સિંધુ નદીના પાણીનો ફરી પ્રવેશ ..... તંત્રી લેખ ..... ★ ૧૭૮

વર્ષ ૨૦૧૨

- નર્મદા યોજના : માત્ર રળિયામણું સ્વપ્ન? ..... લેખ ..... ડૉ. વિદ્યુત જોષી ૧૮૧
- કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધી શકે ..... લેખ ..... એલ. ડી. શાહ ૧૮૪
- કચ્છ શાખા નહેર અંગે નોંધ ..... નોંધ ..... મૂકેશ ઝવેરી ૧૮૫
- કચ્છ શાખા નહેર માટે જમીન સંપાદનની છેલ્લી સ્થિતિ ..... માહિતી ..... મૂકેશ ઝવેરી ૧૮૮
- ગુજરાત વિધાનસભાના દ્વારેથી :
  કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી બાબતે ..... માહિતી ..... ★ ૧૯૧
- નર્મદા યોજના માટે ગુજરાતને વધુ રકમ ..... માહિતી ..... દિનેશ આર. મહેતા ૧૯૨
- ટપક સિંચાઈને સથવારે ખેતીમાં મુંદ્રા મોખરે ..... માહિતી ..... સૌજન્ય : 'કચ્છમિત્ર' ૧૯૩
- નર્મદા યોજના : જીવાદોરીને ટૂંપો દેવાનો કારસો ..... લેખ ..... સનત મહેતા ૧૯૪
- કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિનો અહેવાલ ..... લેખ ..... અશોક મહેતા ૧૯૫

વર્ષ ૨૦૧૩

- કચ્છને ફાળવવામાં આવેલા નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી ..... લેખ ..... એસ. જગદીશન, આઈ.એ.એસ. ૨૦૧
- કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના
  ૧ મી.એ. ફૂટ પાણી અંગેની નોંધ ..... લેખ ..... ડી. કે. પટેલ ૨૦૩
- કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના પાણીની માંગને ..... સેઝીના ભીમાણી,
  કઈ રીતે પહોંચી શકાય? ..... લેખ ..... ડૉ. યોગેશ જાડેજા ૨૦૬
- નદી આધારિત જળસંચય વ્યવસ્થાપન ..... લેખ ..... માવજીભાઈ એલ. બારૈયા ૨૦૭
- કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી
  તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી ..... તંત્રી લેખ ..... ★ ૨૧૧
- નેતાગીરીની ઉદાસીના કારણે કચ્છને ફાળવાયેલ વધારાના પાણીની
  યોજનાનું કાર્ય અટકે છે ..... લેખ ..... ★ ૨૧૩
- નર્મદા યોજનાના અમલ પછી છતે પાણીએ ગુજરાત તરસ્યુ :
  ખેતી પણ પાણી વગરની કેમ? ..... લેખ ..... સનત મહેતા ૨૧૫
- હરખાઓ, નર્મદા બંધ પૂર્ણ થશે – હવે સિંચાઈની ચિંતા કરીએ ..... લેખ ..... ડૉ. વિદ્યુત જોષી ૨૨૦

નિયમિત વિભાગો

- સમાજ દર્પણ ૨૨૭
- સંસ્થા સમાચાર ૨૨૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ૨૩૬
- ઊડતી નજરે ૨૪૨

નોંધ : ★ આ માર્ક કરેલા લેખોના લેખક : અશોક મહેતા

આગામી કાર્યક્રમોની એક ઝલક....

તારીખ – સમય	સ્થળ	કાર્યક્રમ - આયોજનકર્તા	કાર્યક્રમની વિગત
• બુધવાર, તા. ૧૮-૧૨-૨૦૧૩ સાંજના ૫.૦૦ કલાકે	શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.	વયસ્ક સમિતિ	'અમૃત મહોત્સવ'નો કાર્યક્રમ

તંત્રી લેખ

નવા વર્ષના સાલ મુબારક

– અશોક મહેતા

વિક્રમ સંવત ૨૦૬૯ના વર્ષને અંતરથી અલવિદા....

વિક્રમ સંવત ૨૦૭૦ના વર્ષને મંગલમય આવકાર.

નૂતન વર્ષ સર્વે પરિવારજનોને લાભદાયી, ફળદાયી નીવડે એવી શુભેચ્છાઓ.

આઝાદી બાદના ૬૬ વર્ષમાં ભારતે દરેક ક્ષેત્રે ખૂબ ખૂબ પ્રગતિ સાધેલ છે. ૧૯૪૭માં આપણે જે રીતે રહેવા ટેવાયેલ હતા એ સામે ૨૦૧૩માં આપણી રહેણીકરણીમાં ખૂબ જ બદલાવ આવેલ છે. એ સમય કરતાં આજે આપણે વધુ સુખ સાહ્યબી અને ચેનથી રહીએ છીએ. ભારતીયના સરેરાશ આયુષ્યમાં પણ સારો એવો વધારો થવા પામેલ છે. બાળ મરણ, સગર્ભા સ્ત્રીઓના મરણ, જટીલ દર્દ સિવાયની બીમારી વગેરેમાં થતા મરણનું પ્રમાણ ખૂબ જ ઓછું થઈ જવા પામેલ છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ આપણે સારી પ્રગતિ હાંસલ કરેલ છે. અગાઉ મોટાભાગના બાળકોનું ભણવાનું ધોરણ-૪ સુધીનું રહેવા પામેલ હતું. આજે ઓછામાં ઓછું ભણતર ગ્રેજ્યુએટ સુધીનું હોવું જરૂરત બની ગયેલ છે. ટેકનોલોજીના ક્ષેત્રે પણ આપણે સારી પ્રગતિ સાધેલ છે. અન્ન ઉત્પાદન ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે, અણુ વિજ્ઞાન, અવકાશ ક્ષેત્ર વગેરેમાં પણ આપણી પ્રગતિ નોંધપાત્ર રહેવા પામેલ છે.

તેમ છતાં આજે પણ વસતિનો મોટો ભાગ બે ટંક ખાવા પામતું નથી. અમીરી અને ગરીબીની વચ્ચે ખાઈ વધતી જવા પામેલ છે. સમાજવાદી સમાજ રચનાને તિલાંજલિ આપી મૂડીવાદી રચના સ્વીકારી - તેનો મતલબ એવો તો નથી થતો કે એક તરફ દેશની ૮૦ ટકા વસતિ ભૂખે મરે અને ૨૦ ટકા વસતિ સુખચેનથી જીવે. મૂડીવાદી રચનાના ભય સ્થાનોના છીંડા શોધી તેના નિવારણના ઉપાય અજમાવવા પડશે.

પરંતુ ૬૬ વર્ષ બાદની મુખ્ય સમસ્યા ભ્રષ્ટાચારની છે. દેશનો મોટા ભાગનો વર્ગ ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. રાજકીય કાર્યકરો, અધિકારી વર્ગ, ન્યાયતંત્ર, ઉદ્યોગ ગૃહો, સમાજના ગુંડા તત્ત્વો વગેરે એક સાથે મળીને આ દેશને કોરી ખાય છે અને તેના માઠા પરિણામો દેશની ૮૦ ટકા વસતિ ભોગવે છે. હાલે તો તેની સામે કોઈ કારગતી દેખાતી નથી. આવતા દિવસોમાં ડેમોક્રેટિક ડિક્ટેટરશીપની સરકાર બનવાના એંધાણો દેખાય છે. આપણે એક વખત તેનો પણ અજમાયેશ કરી લેવો જોઈએ.

'મંગલ મંદિર', કચ્છના પાણી પ્રશ્ને વિશેષાંક, સંભારણા-૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર' ૩૭ વર્ષની મંજિલ પાર કરી ચૂક્યું છે અને હાલે તે ૩૮ વર્ષની મંજિલના રસ્તે ચાલી રહેલ છે. તેમાં પ્રકાશિત કરવામાં આવતી શિષ્ટ વાંચનની સામગ્રીએ તેની આગવી છાપ ઉપસાવેલ છે. તેની કારકિર્દીમાં તેણે ૩૦ જેટલા વિશેષાંકો પ્રકાશિત કરેલ છે કે જે આજે અનેક સ્થાનોમાં રેફરન્સ બુક તરીકે સચવાઈ રહેલ છે. કચ્છ ઉદ્યોગ વિશેષાંક, મુંબઈ વિશેષાંક, અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક, દક્ષિણ ગુજરાત વિશેષાંક, કચ્છ : ગઈકાલ, આજ અને આવતી કાલ વિશેષાંક, કચ્છી સંસ્થા વિશેષાંક : ૧ અને ૨, સંભારણા વિશેષાંક-૧ જેવા અનેક વિશેષાંકો તે બહાર પાડી ચૂકેલ છે. આ વિશેષાંકો અનેકવિધ માહિતીથી સમૃધ્ધ રહેવા પામેલ છે.

'મંગલ મંદિર'નો ચાલુ દીપોત્સવી અંક "સંભારણા-૨" વિશેષાંક તરીકે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે. મંગલ મંદિરમાં વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધીમાં 'કચ્છના પાણીના પ્રશ્ને' લેવામાં આવેલ લેખોનું અહીં પુનઃ પ્રસારણ કરવામાં આવી રહેલ છે. આ અંકનો હેતુ કચ્છના વિવિધ પ્રકારના પાણીના પ્રશ્નો એક સાથે વાચકવર્ગ સમક્ષ મૂકી તે પ્રશ્ને જાગૃતતા આણવાનો છે. જાગૃતતા માત્ર પૂરતી નહીં ગણાય. એ પ્રશ્ને રસ લેનાર દરેક સંસ્થાએ વિશેષ સ્વરૂપે કાર્યવાહી કરવાની રહેશે. સરકારશ્રીના જે-તે વિભાગ પાસે રજૂઆત, તેના અંગે પત્ર વ્યવહાર, મીટિંગો, સેમિનાર, અધિકારી વર્ગ સાથે ટેકનિકલ પાસાઓની ચર્ચા, નાણાં વિભાગ પાસેથી જરૂરી નાણાંની મંજૂરી, આવતા વર્ષના બજેટમાં જે તે યોજનાની કાર્યવાહીનો સમાવેશ, વગેરે પ્રકારની કાર્યવાહીનો તેમના એજન્ડામાં સમાવેશ કરવાનો રહેશે. અગર કોઈ સંસ્થા આ કાર્યમાં ઊંડા ઉતરી આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરશે તો અમારો હેતુ સિધ્ધ થયો ગણાશે.

કદમ અસ્થિર હોય તેને રસ્તો નથી જડતો; અડગ મનના માનવીને હિમાલય નથી નડતો.

કચ્છના વિવિધ પ્રકારના પાણીના પ્રશ્નોની વિગત નીચે મુજબ છે :

૧. કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીનું ૦.૫ એમ.એ.એફ. પાણી.

૨. કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાનું ૧.૦૦ એમ.એ.એફ. પાણી

૩. કચ્છને નર્મદા નદીનું મળવાપાત્ર પીવાનું પાણી અને ઉદ્યોગો માટેનું પાણી.

૪. કચ્છમાં ડિ-સેલિનેશન પ્લાન્ટ

૫. કચ્છનું પોતાનું પાણી એટલે કે વરસાદી પાણીના સંગ્રહની કાર્યવાહી

૬. રણ સરોવર

ઉપરોક્ત દરેક પ્રકારની માહિતી મંગલ મંદિરના વર્ષ ૨૦૦૩થી ૨૦૧૩ દરમ્યાન પ્રસારિત કરવામાં આવેલ લેખોમાં સંગ્રહાયેલ છે, કે જેને અત્રે માત્ર આ એક જ અંકમાં સમાવેશ કરી આપશ્રી સમક્ષ પેશ કરવામાં આવેલ છે. આ અંકની એક ઉત્તમ ડોક્યુમેન્ટેશન તરીકે પણ ગણના કરવામાં આવી શકે.

નર્મદા-કચ્છ બ્રાંચ કેનાલની છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિની માહિતી આપતો શ્રી મૂકેશભાઈ ઝવેરીનો અહેવાલ આ અંકના 'તંત્રીલેખ' તથા 'બે બોલ' પછી તરતમાં લેવામાં આવેલ છે કે જેના કારણે કચ્છ બ્રાંચ કેનાલની આજની પરિસ્થિતિનું વિહંગાવલોકન થઈ શકશે.

ત્યારબાદ સંભારણા-૨ના લેખોની શરૂઆત વર્ષ ૨૦૦૩ના લેખોથી ક્રમબધ્ધ રીતે પ્રસારિત કરવામાં આવેલ છે.

અગર આ અંકના પ્રસારણથી કોઈ પણ સ્થળની અને કોઈ પણ પ્રકારની સંસ્થા દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તો અમે માનશું કે અમારો હેતુ બર આવેલ છે. નહીં તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પોતાની રીતે આગળ વધવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરે જ છે.


૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જીજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧

નૂતન વર્ષ સૌને લાભદાયી નીવડે તેવી શુભેચ્છા.....

M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.



M/s. J. D. Roadlines
M/s. J. D. Logistics
M/s. J. D. Transport Co.



TRANSPORT CONTRACTORS & FLEET OWNERS

DAILY SERVICE FROM
RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI
TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD

Full Truck Load Service All Over Maharashtra & Gujarat

PUNE	CHINCHWAD	MUMBAI
708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042	128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019.	Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009.
Ph. : 26434611	**Ph. : 27471378, 27475167**	**Ph. : 23426818, 23448705, 23400597**

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

E-mail : jdtcompany@gmail.com

બે બોલ....

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના કચ્છમાં ભયાનક ભૂકંપ આવ્યો. આ ભૂકંપે કચ્છમાં અકલ્પ્ય તારાજી સર્જી. હજારોની સંખ્યામાં મૃત્યુ થયા. ગામડે ગામડે ખાના-ખરાબી સર્જાઈ. કચ્છ માટે વિકટ સમસ્યા ઊભી થઈ.

સમગ્ર ગુજરાત, ભારતના અન્ય રાજ્યો અને વિદેશોમાંથી પણ દાનનો પ્રવાહ કચ્છ તરફ સતત વહેવા લાગ્યો. ગુજરાત તેમજ સમગ્ર ભારતની સંસ્થાઓએ પણ કચ્છ તરફ મદદનો હાથ લંબાવ્યો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પણ કામે લાગી ગયું. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે રાહત કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું. સામખિયાળી ખાતે પણ બેઝ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. સેંકડો કાર્યકરો કામે લાગી ગયા. દૈનિક ૧૮ કલાકના વર્કિંગ સાથે સતત ૪ મહિના પસાર થયા અને ત્યારબાદ પણ બાર મહિના સુધી આ સેવાની પ્રક્રિયા અવિરતપણે ચાલુ રાખવામાં આવી.

એ સમયે ગુજરાત સરકારમાં કચ્છી મહાનુભાવોની બોલબાલા હતી. **શ્રી સુરેશચંદ્ર મહેતા** આરોગ્ય, ઉદ્યોગ, કચ્છના પ્રભારી મંત્રી જેવા અનેક ખાતાઓ સંભાળતા હતા. **સ્વ. ધીરુભાઈ શાહ** ગુજરાત વિધાનસભામાં સ્પીકરના પદે બિરાજમાન હતા. **શ્રી મૂકેશભાઈ ઝવેરી** જી.એમ.ડી.સી.ના ચેરમેનનું પદ યશસ્વીપણે શોભાવતા હતા. **શ્રી બાબુભાઈ મેઘજી શાહ** જોકે વિરોધપક્ષે હતા પરંતુ તેમની સ્વચ્છ પ્રતિભા અને સ્વભાવગત નિખાલસતાપણાના કારણે આદરણીય હતા. તેઓ સહુની બોલબાલા હતી. ગુજરાત સરકારમાં કચ્છી મહાનુભાવોનું અનેરું વર્ચસ્વ હતું.

એ સમયે નર્મદા પ્રશ્ને કચ્છીઓની લડત અવિરતપણે ચાલુ હતી. ધાર્યા પરિણામો મેળવી શકાતા ન હતા. ગુજરાત સરકાર કચ્છીઓની માંગણી સાથે સહમત થઈ શકતી ન હતી. બંને પક્ષે વિચારસરણીમાં પુષ્કળ તફાવત હતો. કયા પક્ષે વિચારસરણી યોગ્ય હતી તે નક્કી કરવું જરૂરી હતું. પ્રશ્નના ઊંડાણમાં તટસ્થપણે ઉતરી મડાગાંઠ ઉકેલવી જરૂરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કાર્યપ્રણાલી નિહાળી, આ પ્રશ્ને ઊંડાણમાં ઉતરવા અને વાજબી હકીકતો બહાર લાવવાના હેતુથી શ્રી સુરેશચંદ્ર મહેતાએ તથા અન્ય કચ્છી મહાનુભાવોએ દરમિયાનગીરી કરી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરો અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટરશ્રી (સિવિલ) તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે એક સંયુક્ત મીટિંગનું આયોજન ૨૦૦૨ની શરૂઆતમાં ગોઠવવામાં આવ્યું. અનેક મીટિંગો થઈ, વિવિધ ચર્ચાઓ થઈ, બંને પક્ષે દલીલબાજી થઈ. અંતે વિગતોના હાર્દમાં ઉતરી શકાયું. યોગ્ય અને તટસ્થ વિશ્લેષણ કરી શકાયું. કચ્છ જેવા સૂકા અને દુષ્કાળગ્રસ્ત કાંઠાળ અને સરહદી પ્રદેશને વધુને વધુ પાણી ફાળવવામાં આવે એ વાત ખૂબજ વાજબી જણાઈ. આ પાણી કચ્છમાં કઈ રીતે પહોંચાડવામાં આવે એ પ્રશ્ન ગૌણ જણાયો. સામા પક્ષે અને સરકારમાં કચ્છના દુશ્મનો હતા જ નહીં. માત્ર વિચારસરણીનો તફાવત હતો. ટેકનિકલી યોગ્ય લાગે તેવા જ નિર્ણયો સામો પક્ષ લેશે તે હકીકત સમજી શકાઈ.

ક્ષમાયાચના

આ અગાઉના અંકમાં જાહેર કર્યા મુજબ "કચ્છ માટે પાણીની સમસ્યા" અને નર્મદા નિગમની યોજનાઓ સંબંધી મંગલ મંદિરમાં વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધીમાં પ્રકાશિત થયેલા લેખોનું એક સાથે પુનઃ પ્રસારણ આ વિશેષાંકમાં કરેલ છે. આ કારણે અન્ય લેખો, નિયમિત વિભાગો વિગેરેને આ વિશેષાંકમાં સ્થાન આપવાનું શક્ય થયેલ નથી.

માનનીય લેખક મિત્રો અને વાચક વર્ગને તેની નોંધ લેવા અનુરોધ છે.

— તંત્રી મંડળ, મંગલ મંદિર.

પડછાયાથી ક્યારેય ગભરાશો નહિ. પડછાયો પડે એનો અર્થ એક જ કે તમારી આસપાસ ક્યાંક પ્રકાશ છે....

ત્યારથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોએ અનેક કચ્છી મહાનુભાવો સાથે સંપર્કની, મીટિંગની, પત્ર વ્યવહારની અને ચર્ચા સભાઓની શરૂઆત કરી. **જનજાગૃતિ લાવવા લેખમાળા પણ શરૂ કરવામાં આવી. પ્રથમ લેખ 'મંગલ મંદિર'ના માર્ચ-૨૦૦૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવ્યો.** આ પ્રક્રિયા અવિરતપણે આજ સુધી ચાલુ રાખવામાં આવી.

કચ્છના વિવિધ પ્રશ્નોએ એક સેમિનારનું આયોજન મુંબઈ ખાતે સપ્ટેમ્બર-૨૦૦૪માં ગોઠવવામાં આવ્યું. એ સમયે કચ્છના વિકાસના પ્રશ્ને ભાગ ભજવવા **'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'**ની રચના કરવામાં આવી. અનેક કચ્છી મહાનુભાવોનો સાથ અને સહકાર આ સંસ્થાને મળતો રહ્યો. 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'એ ત્યારથી અવિરતપણે કચ્છના વિવિધ પ્રશ્ને અભ્યાસ કર્યો. નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલ, નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી, ચેક ડેમ, ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલા વિવિધ ઉદ્યોગો, કચ્છના ખનીજો, કચ્છમાં બાગાયતી પાકો, કચ્છમાં ખેતી, રતન જ્યોતનું વાવેતર, કચ્છમાં પ્રાથમિક શિક્ષણ, કચ્છમાં ઉચ્ચ શિક્ષણ, કચ્છના બંદરોનો વિકાસ, કચ્છમાં જહાજીવાડા ઉદ્યોગ, કચ્છના સંલગ્ન ઈતિહાસ જેવા અનેક વિષયો કાઉન્સિલે હાથ પર લીધા, તેનો અભ્યાસ કર્યો અને આ લેખોનો પ્રચાર - પ્રસાર પણ કર્યો.

ઉપરોક્ત પ્રશ્નોએ વિવિધ પ્રકારના લેખો, તંત્રી લેખો, મુલાકાતોનો અહેવાલ વગેરે તૈયાર કરવામાં આવ્યા. તેનો પ્રચાર-પ્રસાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર' દ્વારા કરવામાં આવ્યો. તેમાંના કેટલાક લેખો અત્રે વિશેષાંક સ્વરૂપે આપશ્રી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. વિ.સં. ૨૦૬૯નો મંગલ મંદિર દીપોત્સવી અંક આપશ્રી સમક્ષ "સંભારણા-૨" વિશેષાંક સ્વરૂપે રજૂ કરવામાં આવી રહેલ છે. જેમાં ઈ.સ. ૨૦૦૩થી ઈ.સ. ૨૦૧૩ દરમ્યાનના 'મંગલ મંદિર'માં કચ્છના વિવિધ પ્રકારના પાણીના પ્રશ્ને પ્રસારિત કરવામાં આવેલ લેખોનું પુનઃ પ્રસારણ કરવામાં આવેલ છે. આથી કચ્છના પાણીના પ્રશ્ને છેલ્લા ૧૦ વર્ષમાં આદરેલ ઝુંબેશનું એક જ અંકમાં દસ્તાવેજીકરણ થઈ શકેલ છે.

આશા છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદની કચ્છની વિકાસયાત્રા ખોજની તલભાર અસર પણ સકારાત્મક પરિણામો લાવી શકશે તો અમને અમારા કાર્યની સાર્થકતાનો અનેરો આનંદ મળી રહેશે.

અશોક મહેતા

નવું વર્ષ સર્વે મિત્રો, સ્નેહીજનો તથા શુભેચ્છકોને લાભદાયી નીવડે એ જ શુભકામના.....

યાત્રા

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

ઈન્ટરનેશનલ ટુર્સ

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

પ્રવાસ

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર અંગેનો અહેવાલ

• મૂકેશ ઝવેરી, ડાયરેક્ટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ •

'મંગલ મંદિર'નો સંભારણા-૨ વિશેષાંક એટલે મંગલ મંદિરમાં વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધીના અંકમાં કચ્છના પાણી પ્રશ્ને આવેલ લેખોનું પુનઃ પ્રસારણ. સંવત ૨૦૬૯ના દીપોત્સવી પર્વ નિમિત્તે આ અંક પ્રસારિત થઈ રહેલ છે.

વર્ષ ૨૦૦૩થી શરૂ કરેલ "કચ્છ બ્રાંચ કેનાલ" અંગેની મંઝિલ વર્ષ ૨૦૧૩માં ક્યાં પહોંચેલ છે તેની વિગતવાર માહિતીનો લેખ શ્રી મૂકેશભાઈ ઝવેરી, ડાયરેક્ટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે. કચ્છ બ્રાંચ કેનાલના સંપૂર્ણ બાંધકામની હાલે શું પરિસ્થિતિ છે તેની વિગત આ લેખનો અભ્યાસ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે.

આવતા વર્ષોમાં જ્યારે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ થશે અને કચ્છના ખેતરોમાં જ્યારે નર્મદા નદીના પાણી પહોંચતા થશે ત્યારે ખેતી ક્ષેત્રે કચ્છની પરિસ્થિતિ જ બદલાઈ ગયેલ હશે.

આશા રાખવામાં આવે છે કે આ ક્ષેત્રે રસ ધરાવનારને આ લેખની વિગત ખૂબ જ રસપ્રદ અને માહિતીવર્ધક બની રહેશે.

– તંત્રી મંડળ

૧. સામાન્ય :

કચ્છ શાખા નહેર નર્મદા યોજના મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. સલીમગઢ, તા. કાકરેજ, જિ. બનાસકાંઠામાંથી નીકળે છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઈ ૩૫૭.૧૮૫ કિ.મી. છે. કચ્છ શાખા નહેર નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા નહેરો પૈકીની સૌથી લાંબી નહેર છે. કચ્છ શાખા નહેર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૮૪ કિ.મી. પસાર કરી કચ્છ જિલ્લામાં કચ્છના નાના રણના ૧૦ કિ.મી. ઓળંગીને સાંકળ ૯૪ કિ.મી.થી મુખ્ય ભૂમિ પર પ્રવેશ કરે છે. કચ્છની મુખ્ય જમીન કાચબાના આકાર જેવી છે. કચ્છ શાખા નહેરની શરૂઆતની લંબાઈમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરમાં ૩ (ત્રણ) ફૉલ અને કચ્છમાં પ્રવેશ્યા પછી ૩ (ત્રણ) જગ્યાએ પમ્પિંગ સ્ટેશન મૂકવામાં આવેલ છે.

૨. કચ્છ શાખા નહેરની વહન ક્ષમતા :

કચ્છ જિલ્લાના કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવા કચ્છ શાખા નહેરની વહનક્ષમતા ૧૨૦ ઘ.મી./સેકન્ડ રાખવામાં આવેલ. વધુમાં કચ્છ જિલ્લા માટે ચોમાસા દરમ્યાન ઉપલબ્ધ થનાર વધારાના (સરપ્લસ) એક (૧) મિલિયન ઘન ફૂટ પાણી વહેવડાવવા માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતા ઉદ્ગમ સ્થાને ૧૨૦ ઘ.મી./સેકન્ડથી વધારી ૨૨૦ ઘ.મી./સેકન્ડ કરવામાં આવેલ છે. કચ્છ શાખા નહેરની વહન ક્ષમતા કચ્છમાં જુદી જુદી જગ્યાએ સિંચાઈની જરૂરિયાત તેમજ વધારાના પાણીના વહન માટેની જરૂરિયાત મુજબ રાખવામાં આવેલ છે. કચ્છ શાખા નહેરની શરૂઆતમાં ૨૨૦ ક્યુમેક્સ માટે ૧૬.૫૦ મી. x ૮.૫૦ મી. તથા તેના છેવાડે ૪૦ ક્યુમેક્સ માટે ૫.૫૦ મી. x ૩.૬૦ મી. કેનાલ સેક્શન રાખવામાં આવેલ છે.

3. કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરના પિયત વિસ્તારની વિગત :

હાલના આયોજન મુજબ કચ્છ જિલ્લાના ૧,૧૨,૭૭૮ હેક્ટર (૨,૭૮,૫૬૧ એકર) પિયત વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

(અહેવાલને લગતી રંગીન તસવીરો પાના નં.-૪ ઉપર છાપેલ છે.)

JASH Mercantile LLP
101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.
Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

પિયત વિસ્તારની તાલુકાવાર અને ગામની સંખ્યાવાર વિગત નીચે મુજબ છે :

અનુ.નં.	જિલ્લો	તાલુકો	લાભિત ગામોની સંખ્યા	પિયત વિસ્તાર (હેક્ટરમાં)
૧.	કચ્છ	રાપર	૪૭	૩૮૫૬૧
		ભચાઉ	૩૩	૨૫૯૩૫
		ગાંધીધામ	૮	૪૧૩૪
		અંજાર	૨૪	૧૩૩૬૭
		મુંદ્રા	૩૪	૧૮૨૪૦
		માંડવી	૩૦	૧૧૧૯૮
		ભુજ	૬	૧૩૪૩
		કુલ	૧૮૨	૧૧૨૭૭૮

૪. કચ્છ શાખા નહેરની પેટા શાખા નહેરોની વિગત :

કચ્છ શાખા નહેરમાંથી ૩ (ત્રણ) પેટા શાખા નહેરો નીકળે છે, તેની વિગત નીચે મુજબ છે.

(૧) ગાગોદર પેટા શાખા નહેર, લંબાઈ ૫૮ કિ.મી.

(૨) વાંઢિયા પેટા શાખા નહેર, લંબાઈ ૨૩ કિ.મી. અને

(૩) દૂધઈ પેટા શાખા નહેર, લંબાઈ ૭૫ કિ.મી.

૫. સ્મોલ હાઈડ્રો પાવર સ્ટેશનોની વિગત :

કચ્છ શાખા નહેરની શરુઆતની લંબાઈમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરમાં ૩ (ત્રણ) ધોધ મૂકવામાં આવેલ છે. ધોધ (ફોલની જગ્યા) ઉપર જળ વિદ્યુત શક્તિ (હાઈડ્રો પાવર) પેદા કરવાનું આયોજન છે, જે નીચે મુજબ છે :

ક્રમ	સાંકળ કિ.મી.	ધોધની ઊંચાઈ (મીટરમાં)	કયા ગામમાં પાવર સ્ટેશન બનાવવાનું આયોજન છે?	તાલુકાનું નામ	જિલ્લાનું નામ
૧.	૨૦.૬૭	૧૧.૨૫	ઈન્દરવા	ભાભર	બનાસકાંઠા
૨.	૪૦.૩૦	૮.૪૫૪	કિલાણા	સાંતલપુર	પાટણ
૩.	૮૨.૩૦	૮.૮૨૫	મહુત્રા	સાંતલપુર	પાટણ

૬. પમ્પિંગ સ્ટેશનોની વિગત :

કચ્છ શાખા નહેર નીચેની સપાટીએ (લેવલે) રણ વિસ્તાર ઓળંગીને કચ્છમાં પ્રવેશે ત્યારબાદ તેની સપાટી (લેવલ) ઉપર લેવા માટે ૩ (ત્રણ) ઉદવહન (પમ્પિંગ) સ્ટેશનોનું આયોજન કરવામાં આવેલ છે તથા તેની બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. જે નીચે મુજબ છે:

ક્રમ	સાંકળ કિ.મી.	લીફ્ટની ઊંચાઈ (મીટરમાં)	કયા ગામમાં પમ્પિંગ સ્ટેશન બનાવવાનું આયોજન છે?	તાલુકાનું નામ	જિલ્લાનું નામ
૧.	૧૦૦.૯૭	૧૮.૨૧	માંજુવાસ	રાપર	કચ્છ
૨.	૧૧૧.૭૫	૧૮.૨૧	નાની હમીરપુર	રાપર	કચ્છ
૩.	૧૮૯.૯૭	૧૮.૭૨	ભચાઉ	ભચાઉ	કચ્છ

ભૂલ કરે તે ઈન્સાન, ભલું કરે તે ભગવાન.

૭. કચ્છ જિલ્લાને કચ્છ શાખા નહેરથી થનાર લાભો :

(૧) સિંચાઈ : કચ્છ શાખા નહેરથી કચ્છના ૧૮૨ ગામોને ૧,૧૨,૭૭૮ હેક્ટર (૨,૭૮,૫૬૧ એકર) પિયત વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે. (૦.૪૯૬ મિલિયન એકર ફીટ)

(૨) પીવાનું પાણી : કચ્છ જિલ્લાના બધા જ ૯૪૮ ગામો તેમજ બધા જ ૧૦ નગરોમાં પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે. (૦.૦૪૯ મિલિયન એકર ફીટ)

(૩) ઔદ્યોગિક : ઔદ્યોગિક ઉપયોગ માટે પાણી પૂરું પાડવાનું આયોજન છે. (૦.૦૩૭ મિલિયન એકર ફીટ)

(૪) વન્ય પર્યાવરણ જતન : કચ્છ શાખા નહેર ઘુડખર (જંગલી ગધેડા) અભયારણ્ય, કચ્છ ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ચુરી તથા પ્રોટેક્ટેડ ફોરેસ્ટ (સુરક્ષિત જંગલ)માંથી પસાર થાય છે અને આ બધામાં પ્રાણીઓની હલનચલન / અવરજવર નહેરની એક તરફથી બીજી તરફ સરળતાથી જઈ શકે તે માટે તેમજ તેમના માટે પીવાના પાણી માટે જરૂરી આયોજન કરવામાં આવેલ છે.

(૫) જળાશયોને જોડવા : નર્મદા નહેર દ્વારા જળાશયોને પરસ્પર જોડવાનું આયોજન છે.

૮. કચ્છ શાખા નહેરના બાંધકામની વર્તમાન સ્થિતિ તથા બાકી કામોનું આયોજન :

શાખા નહેરની કુલ ૩૫૭.૧૮૫ કિ.મી. લંબાઈના શરૂઆતની સાંકળ ૧૯૪ કિ.મી. સુધીમાં સ્થળ મોજણી, આયોજન, આલેખન અને અંદાજની કામગીરી ભારતીય રેલવેના ઉપક્રમ રાઈટ્સ ઈન્ડિયા દ્વારા તથા સાંકળ ૧૯૪થી ૩૫૭.૧૮૫ કિ.મી.ની લંબાઈમાં ભારત સરકારના ઉપક્રમ વાપકોસ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

કચ્છ શાખા નહેરનું બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સાંકળ ૦.૦૦થી ૪૦.૦૦ કિ.મી. સુધી કામ પૂર્ણ થયેલ છે અને તેમાં પાણી પણ વહેવડાવવામાં આવેલ છે. તદુપરાંત સાંકળ ૪૦.૦૦ કિ.મી.થી ૮૨ કિ.મી. શાખા નહેરના બાંધકામના કામો પ્રગતિમાં છે.

કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરના ૨૭૫ કિ.મી.ની લંબાઈમાંથી ૧૮ કિ.મી. (સાંકળ ૧૧૨ કિ.મી.થી ૧૩૩ કિ.મી.)ના કામો પૂર્ણ થયેલ છે જ્યારે ૧૭૮ કિ.મી.ના કામો પ્રગતિ હેઠળ / મંજૂર થયેલાં છે. બાકી રહેલ ૭૯ કિ.મી.ના કામો ટૂંક સમયમાં એટલે કે માર્ચ-૨૦૧૪ સુધીમાં ટેન્ડરો બહાર પાડી આગામી બે વર્ષમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૮૨.૩૦થી ૧૧૨ કિ.મી. તથા સાંકળ ૧૩૩ કિ.મી.થી ૧૯૦ કિ.મી. સુધી શાખા નહેરના કામો ઈ.પી.સી. ધોરણે બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. જે જૂન-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પૈકી સાંકળ ૧૪૪ કિ.મી. થી ૧૬૭ કિ.મી. સુધી કચ્છ ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ચુરી આવે છે. જેની મંજૂરી માટેની દરખાસ્ત નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડ, નવી દિલ્હી ખાતે પડતર છે.

કચ્છ શાખા નહેરની સાંકળ ૧૯૦ કિ.મી.થી ૨૦૧ કિ.મી. (ઘુડખર અભયારણ્ય સિવાયનો) કામનો વર્ક ઓર્ડર તાજેતરમાં આપેલ છે. તદુપરાંત ઘુડખર અભયારણ્યની મંજૂરી માટે કાર્યવાહી પ્રગતિમાં છે.

કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦૧ કિ.મી. થી ૩૨૧ કિ.મી.ની લંબાઈમાં શાખા નહેરના કામોના બાંધકામ પ્રગતિમાં છે જે ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેરની સાંકળ ૨૫૦ કિ.મી. થી ૨૬૩ કિ.મી.ની લંબાઈમાં શાખા નહેરના કામોના બાંધકામ પ્રગતિમાં છે જે ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેરની છેવાડાની સાંકળ ૩૫૪ કિ.મી. થી ૩૫૭ કિ.મી.ની લંબાઈમાં શાખા નહેરના કામોના બાંધકામ પ્રગતિમાં છે જે ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

હાલમાં કચ્છ શાખા નહેરની સાંકળ ૨૩૧ કિ.મી.થી ૨૫૦ કિ.મી., સાંકળ ૨૬૩ કિ.મી.થી ૨૭૧ કિ.મી. તથા સાંકળ ૨૭૬ કિ.મી.થી ૨૮૪ કિ.મી.ની લંબાઈમાં શાખા નહેરના કામોના ઈજારા નિગમ દ્વારા મંજૂર થયેલ છે જે જૂન-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

હાલમાં કચ્છ શાખા નહેરની સાંકળ ૨૭૧ કિ.મી.થી ૨૭૬ની લંબાઈમાં ટેન્ડર મંજૂર થયેલ છે. તે ઉપરાંત સાંકળ ૨૮૪ કિ.મી.થી ૩૫૪ કિ.મી.ના કામોમાં જમીન સંપાદન તથા અંદાજપત્ર બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેની ટેન્ડર મંગાવવાની પ્રક્રિયા માર્ચ-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.


ગાગોદર પેટા શાખા નહેરના ઘુડખર અભયારણ્ય સિવાયના બાંધકામના કામો પ્રગતિમાં છે અને જે કામો જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. તદુપરાંત ઘુડખર અભયારણ્યની મંજૂરી માટે કાર્યવાહી પ્રગતિમાં છે.

વાંઢિયા પેટા શાખા નહેર સાંકળ ૦.૦૦ થી ૨૩ કિ.મી.ના બાંધકામના કામો પ્રગતિમાં છે અને જે કામો જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

આપણી પાસે ખજાનો અઢળક છે પરંતુ ચાવી નથી એ જ મુશ્કેલી છે....

૯. નેટવર્ક પ્લાનિંગ :

ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર, સબમાઈનોર અને નેટવર્ક પ્લાનિંગ વગેરેના આયોજન તથા મોજણીની કામગીરી તથા ટેન્ડરની કામગીરી કેન્દ્ર સરકારના જાહેર ઉપક્રમ WAPCOS દ્વારા પ્રગતિમાં છે. જમીન સંપાદનની કામગીરી પણ સાથે સાથે ચાલી રહેલ છે. જેનું કામનું ટેન્ડર તબક્કાવાર બહાર પાડી આગામી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.



જે પાપ માફ પણ કરે ને દિલને સાફ પણ કરે તે સાચા ગુરુ.

પત્રક-૧

પૂર્ણ થયેલ કામો :

અનુ.નં.	વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)	તબક્કો
૧.	કચ્છ શાખા નહેર સાંકળ ૧૧૨થી ૧૨૨ કિ.મી.	૩૨.૩૬	કામો પૂર્ણ થયેલ છે.
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૨૨.૩૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે-૨)	૩૩.૫૦	કામો પૂર્ણ થયેલ છે.
	કુલ	૬૫.૮૬	

પ્રગતિ હેઠળના કામો

અનુ.નં.	કામની વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)	તબક્કો
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૮૨.૩ થી ૧૧૨.૫ કિ.મી.	૪૦૨.૪૫	કામ પ્રગતિમાં છે.
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૩૩ થી ૧૮૯.૯ કિ.મી.	૩૪૫.૩૧	કામ પ્રગતિમાં છે.
૩.	વાંઢિયા પેટા શાખા નહેર ૦.૦ થી ૨૩.૭૪ કિ.મી. (ડબલ્યુઆઈઆર-૧)	૩૫.૬૭	કામ પ્રગતિમાં છે.
૪.	ગાગોદર પેટા શાખા નહેર સાંકળ ૦.૦થી ૩.૧૪ કિ.મી., ૩.૪૮થી ૧૩.૯૩૨ કિ.મી., ૧૪.૫૮૪થી ૧૭.૩૭૭ કિ.મી. અને ૨૬.૬૧૧ થી ૪૯.૭૬ કિ.મી. (જીઆઈઆર-૧) = ૩૯.૫૪૨ કિ.મી.	૧૦૦.૫૦	કામ પ્રગતિમાં છે.
૫.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫૦થી ૧૩૩.૫૧૯ કિ.મી.માં બાકી રહેતા કામો	૩૪.૭૮	કામ પ્રગતિમાં છે
૬.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭૭થી ૨૦૧.૨૦૭ કિ.મી. (પેકેજ આઈઆર. ૦એ) (કુલ ૭.૪૬ કિ.મી.)	૭૨.૫૮	કામ પ્રગતિમાં છે.
૭.	ક.શા.ન. સાં. ૨૦૧.૨૦૬થી ૨૧૪.૭૪ કિ.મી. (પેકેજ આઈઆર-૧)	૧૧૦.૧૬	કામ પ્રગતિમાં છે.
૮.	ક.શા.ન. સાં. ૨૧૪.૭૪થી ૨૨૨.૭૨૮ કિ.મી. (પેકેજ આઈઆર-૨)	૯૭.૯૮	કામ પ્રગતિમાં છે.
૯.	ક.શા.ન. સાં. ૨૨૨.૭૨૮થી ૨૩૧.૦૨૨ કિ.મી. (પેકેજ આઈઆર-૩)	૪૮.૮૭	કામ પ્રગતિમાં છે.
૧૦.	ક.શા.ન. સાં. ૨૩૧.૦૨૨થી ૨૪૩.૮૩૯ કિ.મી. (પેકેજ આઈઆર-૪)	૧૦૪.૪૦	કામ પ્રગતિમાં છે.
૧૧.	ક.શા.ન. સાં. ૨૪૩.૮૩૯થી ૨૫૦.૪૨૩ કિ.મી. (પેકેજ આઈઆર-૫)	૫૩.૩૦	કામ પ્રગતિમાં છે.
૧૨.	ક.શા.ન. સાં. ૨૫૦.૪૨૩થી ૨૫૭.૯૫૬ કિ.મી. (પેકેજ આઈઆર-૬)	૪૭.૭૬	કામ પ્રગતિમાં છે.
૧૩.	ક.શા.ન. સાં. ૨૫૭.૯૫૬થી ૨૬૩.૬૨૦ કિ.મી. (પેકેજ આઈઆર-૭)	૩૭.૬૩	કામ પ્રગતિમાં છે.
૧૪.	ક.શા.ન. સાં. ૨૬૩.૬૨૦થી ૨૭૧.૨૨૪ કિ.મી. (પેકેજ આઈઆર-૮)	૮૨.૧૭	કામ પ્રગતિમાં છે.
૧૫.	ક.શા.ન. સાં. ૨૭૬.૮૫૭થી ૨૮૪.૪૮૬ કિ.મી. (પેકેજ આઈઆર-૧૦)	૮૦.૫૬	કામ પ્રગતિમાં છે.
૧૬.	ક.શા.ન. સાં. ૩૫૪.૫૪૨થી ૩૫૭.૧૮૫ કિ.મી. (પેકેજ આઈઆર-૨૨)	૩૯.૪૧	કામ પ્રગતિમાં છે.
	કુલ	૧૬૯૩.૨૩	

શીશ નમે તો આશિષ મળે.

બાકી રહેતા કામો (ટેન્ડર ખૂલી ગયેલ છે) :

અનુ.નં.	વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)	તબક્કો
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૭૧.૨૨૪થી ૨૭૬.૮૫૭ કિ.મી. (પેકેજ આઈઆર-૯)	૪૮.૮૩	ટેન્ડર ખૂલી ગયેલ છે.
	કુલ	૪૮.૮૩	

બાકી રહેતા કામો (ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે)

અનુ.નં.	કામની વિગત	તબક્કો
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૩૩૯.૦૬૨થી ૩૫૪.૫૪૨ કિ.મી. (પેકેજ આઈઆર-૧૯, ૨૦ અને ૨૧)	ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

બાકી રહેતા કામો

અનુ.નં.	કામની વિગત	તબક્કો
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭૭થી ૨૦૧.૨૦૭૬ કિ.મી. (પેકેજ આઈઆર-૦બી) (કુલ ૩.૭૭ કિ.મી. જંગલ તથા સેન્ક્ચ્યુઅરી)	પ્લાનિંગ તબક્કે છે.
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૮૪.૪૮૬થી ૨૯૬.૫૦૧ કિ.મી. (પેકેજ આઈઆર-૧૧ અને ૧૨)	પ્લાનિંગ તબક્કે છે.
૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૯૬.૫૦૧થી ૩૧૦.૪૬૫ કિ.મી. (પેકેજ આઈઆર-૧૩ અને ૧૪)	પ્લાનિંગ તબક્કે છે.
૪.	કચ્છ શાખા નહેરની સાંકળ ૩૧૦.૪૬૫થી ૩૨૫.૩૯૦ કિ.મી. (પેકેજ આઈઆર-૧૫ અને ૧૬)	પ્લાનિંગ તબક્કે છે.
૫.	કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨૫.૩૯૦થી ૩૩૯.૦૬૨ કિ.મી. (પેકેજ આઈઆર-૧૭ અને ૧૮)	પ્લાનિંગ તબક્કે છે.
૬.	ગાગોદર પેટા શાખા નહેરના બાકી રહેતા કામો (જીઆઈઆર.-૨) = ૧૯.૪૫૮ કિ.મી.	પ્લાનિંગ તબક્કે છે.
૭.	વાંઢિયા પેટા શાખા નહેરની વિતરણ પધ્ધતિના કામો (ડબલ્યુડીઆઈઆર-૧)	પ્લાનિંગ તબક્કે છે.
૮.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫થી ૧૮૯.૯૭૭ ની વિતરણ પધ્ધતિના કામો (ક.શા.ન. ડી.આઈ.આર.-૧)	પ્લાનિંગ તબક્કે છે.
૯.	ગાગોદર પેટા શાખા નહેરની વિતરણ પધ્ધતિના કામો (જી.ડી.આઈ.આર.-૧)	પ્લાનિંગ તબક્કે છે.
૧૦.	દૂધઈ પેટા શાખા નહેર સાંકળ ૦.૦થી ૭૫ કિ.મી. (ડી.આઈ.આર.-૧)	પ્લાનિંગ તબક્કે છે.
૧૧.	દૂધઈ પેટા શાખા નહેરના વિતરણ પધ્ધતિના કામો (ડીડીઆઈઆર-૧)	પ્લાનિંગ તબક્કે છે.
૧૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭૭થી ૨૭૧ કિ.મી.ની વિતરણ પધ્ધતિના કામો (ક.શા.ન. ડી.આઈ.આર.-૨)	પ્લાનિંગ તબક્કે છે.
૧૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૭૧થી ૩૫૭.૧૮૫ની વિતરણ પધ્ધતિના કામો (ક.શા.ન. ડી.આઈ.આર.-૩)	પ્લાનિંગ તબક્કે છે.

ચંદન અને વંદન સૌને શીતળ બનાવે છે.

વિગત	કામોની સંખ્યા
પ્રગતિ હેઠળ કચ્છ શાખા નહેરના કામો	૧૪
પ્રગતિ હેઠળ પેટા-શાખા નહેરના કામો	૨
કુલ	૧૬

કુલ પૂર્ણ થયેલ કામો	૨
કુલ પ્રગતિ હેઠળના કામો	૧૬
ટેન્ડરો ખૂલી ગયેલ છે	૧
ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે	૧
પ્લાનિંગ તબક્કે છે	૧૩
કુલ	૩૩

કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરની શાખા નહેર અને અન્ય નહેરની લંબાઈ


અનુ.નં.	વિગત	લંબાઈ કિ.મી.માં	વિશેષ નોંધ
૧.	શાખા નહેર	૨૭૫	
૨.	પેટા-શાખા નહેર	૧૫૬	
૩.	વિશાખા નહેર	૪૮૪	નેટવર્ક પ્લાનિંગની કામગીરી પ્રગતિમાં હોઈ લંબાઈ સંભવિત છે.
૪.	પ્રશાખા નહેર	૧૯૫૦	
૫.	પ્રપશાખા નહેર	૩૯૦૦	

નવા વર્ષની નવલી શુભકામનાઓ.....


શ્રીહરિ ડેન્ટલ ક્લીનીક

ઉપલબ્ધ સારવાર

- (Implant Dentistry)
- દાંતમાં ચાંદી તથા દાંતના કલરનું (Composite) ફીલીંગ કરવું.
- દાંતમાં મૂળની સારવાર કરવી. (Root Canal Treatment)
- દાંતમાં કવર તથા કઢાવી નાંખેલ દાંત ફીટ કરવા (મેટલ, સીરામીક, ઝરકોનીયા તથા સોનાના બ્રીજ દ્વારા ફીટ કરવા).
- દાંતના ચોકઠા બનાવવા. (Complete or Partial Removable Dentures)
- દાંત સાફ કરવા (Ultrasonic Scaler દ્વારા)
- Depigmentation of Gums







- પાયોરીયા, કુલેલા પેઢા, ઉતરી ગયેલા પેઢા વગેરેના ઓપરેશન. (Flap Surgery with / without bonegrafting) Guided tissue
- દાંત કાઢવા, ડહાપણ દાઢ કઢાવવી.
- જડબામાં કેન્સરની ગાંઠ, રસોળીની ગાંઠ વગેરેના ઓપરેશન.
- દાંત, જડબાના ફ્રેક્ચરનું ઓપરેશન.
- બાળકોના વાંકા ચૂકા દાંત સીધા કરવા તેમજ તેમાં ચાંદી ભરવી, મૂળની સારવાર તથા કવર કરવા વગેરે.
- X-ray સુવિધા ઉપલબ્ધ છે.
- દાંતમાં Dimond Fit કરવા.

ડો. (મીસીસ) રૂપાંગ નાકરાણી
(B.D.S., M.D.S.)
દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન
Sr. Lecturer નૂતન ડેન્ટલ કોલેજ. વિસનગર
Prof. અમદાવાદ ડેન્ટલ કોલેજ
૩-બી, મિલેનીયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે, માનસી ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.
ફોન : (ક્લીનીક) ૨૬૭૩૦૮૯૧
મો. : ૯૨૨૮૧૪૧૮૦૧, ૯૨૭૫૦૩૮૮૯૭
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫-૩૦ થી ૯

ડો. દિનેશભાઈ નાકરાણી
(B.D.S., M.D.S.)
દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન
પહેલો માળ, જય જલારામ કોમ્પ્લેક્ષ, નવદીપ મેડીકલની ઉપર, ઈન્ડીયા કોલોની રોડ, બાપુનગર, અમદાવાદ.
ફોન : ૯૮૨૫૦૨૦૪૦૭ મો. : ૯૮૨૫૩૭૯૭૧૩
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૯

www.shriharidentalclinic.com
rupangn@yahoo.co.in

વર્ષ ૨૦૦૩માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના પાણીની વિગતો અને કચ્છ બ્રાંચ કેનાલની વિગતો.

કચ્છ જળસંકટ નિવારણ સમિતિનો દૃષ્ટિકોણ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ તથા સરકારશ્રીના દૃષ્ટિકોણની તુલનાત્મક રજૂઆત.

કચ્છ બ્રાંચ કેનાલની વિવિધ સ્થળે રાખવામાં આવેલ સાઈઝની વિગતો.

કચ્છ, એ સિંધુ તટ પ્રદેશનો ભાગ હોવા છતાં તે કઈ રીતે સિંધુ નદીના પાણીથી વંચિત રહ્યો, તેની વિગતોની રજૂઆત.

ઈંદિરા કેનાલના પાણી મેળવવામાં કચ્છ નિષ્ફળ રહ્યું તેની વિગતવાર માહિતી.

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે કચ્છ બ્રાંચ કેનાલના પ્રશ્ને કચ્છના તથા મુંબઈના વિવિધ આગેવાનો સાથે મીટિંગો યોજી કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના પાણીના પ્રશ્ને વાસ્તવિક્તા સ્વીકારી લેવાની કરેલી રજૂઆતો.

ગ્રેવિટીની પધ્ધતિ તથા લીફ્ટ એન્ડ ફોલની પધ્ધતિના ગુણ-દોષની સમીક્ષા.

તા. ૧૭-૮-૨૦૧૩ના રોજ ભુજ ખાતે મળેલ મીટિંગમાં "કચ્છ નર્મદા સમિતિ"ની રચના કરવામાં આવી.

કચ્છ બ્રાંચ કેનાલના ટેન્ડરો બહાર પાડવાની શુભ શરૂઆત. પ્રથમ ૨૦ કિ.મી. લંબાઈની કેનાલના ટેન્ડરો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા બહાર પાડવામાં આવ્યા.

કચ્છ અને તેની પાણીની સમસ્યા

• રજૂઆત : અશોક મહેતા, ચંદ્રકાંત દેઢિયા, હસમુખ ગઢેચા •

(મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩નો લેખ)

અમારા વખતમાં ઘી - દૂધની નદીઓ વહેતી હતી.

કૂવાની પાળે ઊભા ઊભા પાણીનો ઘડો ભરી શકાતો હતો.

સાત સાત દિવસ સુધી વરસાદ પડતો હતો અને પગનો અંગૂઠો ઠંડો પડી જાય તેવી ઠંડી પડતી હતી.

ઘાસ તો એટલું થતું હતું કે ઘોડેસવાર વચ્ચેથી પસાર થાય તો માત્ર તેનું માથું જ દેખાય.

ઘરના વડીલોને આવું કહેતા ઘણાએ સાંભળ્યું હશે

આ કચ્છ પ્રદેશની જ વાત છે, તે જાણીને અચરજ થશે. પણ નજદીકના ભૂતકાળની જ આ વાત છે.

એ વખતે ખેતીલાયક જમીનના લગભગ ૯૦ ટકા વિસ્તારમાં ખેતી થતી હતી.

લખપત તાલુકામાં ચોખાનો પાક વિપુલ થતો હતો.

બન્નીમાં ઘાસ પુષ્કળ ઊગી નીકળતું હતું. આ સારામાં સારી ઘાસિયા જમીન હતી.

ઝાડ, પાન, ગીચ જંગલો સારા પ્રમાણમાં હતા.

લખપતની વસ્તી એ સમયે (આજથી કદાચ ૨૦૦ વર્ષ પહેલાં) ૩૨,૦૦૦ની હતી.

કચ્છના મોટા રણનો અત્યારનો પ્રદેશ સમ સિંધુનો પ્રદેશ કહેવાતો કેમકે સિંધુ ઉપરાંત અહીં સરસ્વતી, જેલમ, બિયાસ અને સતલજના નીર ઠલવાતાં અને આખો પ્રદેશ લીલોછમ રહેતો.

અગિયારમી કે બારમી સદીમાં એક મોટો ભૂકંપ થતાં સિંધુના પાણી ખંભાતના અખાતમાં પડતા બંધ થયા. **સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ. સિંધુના વહેણ લગભગ ૩૦૦ કિલોમીટર પશ્ચિમ તરફ દૂર ખસી ગયા.** તેના પાણીની માત્ર એક શાખા કચ્છની પશ્ચિમે આવેલ કોરી ક્રીકમાં મળવા લાગી. આ એક શાખાના કારણે હવે માત્ર અબડાસા, લખપત અને ઉત્તરે આવેલ રણ વિસ્તાર હજુ લીલો રહ્યો પરંતુ તે સિવાયનો સમ સિંધુનો સમગ્ર પ્રદેશ સૂકો પટ થઈ ગયો.

૧૭૬૩માં સિંધના ગુલામશા ક્લોરાએ કચ્છના પશ્ચિમ ભાગ તરફ આક્રમણ કર્યું. **તે સમયે ઝારાના નામે જાણીતા વિસ્તારમાં મોટું યુધ્ધ થયું.** ઝારાનું યુધ્ધ જીત્યા બાદ ગુલામશા ક્લોરાએ પરત ફરીને સિંધુના પાણીની જે શાખા કચ્છ તરફ આવતી હતી તેને આડે એક નાનકડો બંધ બાંધીને સિંધુની એ શાખાના સારા એવા પાણીને કચ્છ તરફ આવતા અટકાવ્યું.

ત્યારબાદ તા. ૧૬-૬-૧૮૧૯ના થયેલા ગોઝારા ભૂકંપના કારણે પશ્ચિમ - ઉત્તરના વિસ્તારની જમીનનો કેટલો ભાગ એકદમ ઊંચકાઈ ગયો. પરિણામ સ્વરૂપે સિંધુની એ શાખાનું પાણી જે કચ્છ તરફની કોરી ક્રીકમાં આવતું હતું તે પાણી તદ્દન બંધ થઈ ગયું. આ ઊંચા થયેલા જમીનના ભાગને અલ્લાનો બંધ કહેવાયો. કુદરત દ્વારા કચ્છ પ્રદેશને આ એક જબરદસ્ત થપાટ હતી. સદાને માટે કચ્છ એક દુષ્કાળગ્રસ્ત વિસ્તાર બની ગયો.

સન ૧૨૦૦થી ૧૮૦૦ના અંદાજિત ૬૦૦ વર્ષના ગાળામાં કચ્છ ક્યાંથી ક્યાં જઈને ઊભું રહ્યું.

જૂની વાતો દંતકથા બની ગઈ.

સન ૧૮૧૯ એટલે આજથી બસો વર્ષ પહેલાની પણ વાત ના કહેવાય!

ત્યારબાદ ૨૦૦૦ના દાયકાની વચ્ચેના સમયમાં સિંધુના પાણી કચ્છમાં લાવવાની વાતો તો ચાલી, પણ આજ દિવસ સુધી તે વાતો જ રહી. કચ્છ એ સિંધુ નદીનો રાઈપેરિયન પ્રદેશ કહેવાય, છતાં ભારત સરકાર તેના ધાર્યા પરિણામો લાવી શકી નથી.

ત્યારબાદ રાજસ્થાન કેનાલના પાણી કચ્છમાં લાવવાની વાત ચાલી કે જેની રજૂઆતો આજ દિવસ સુધી વર્તમાન પત્ર દ્વારા પણ થતી રહે છે પરંતુ તેના પરિણામો આજ દિવસ લગી ફળદાયી બની શકેલ નથી. અહીં ગુજરાત સરકારની ખામી દૃષ્ટિગોચર થાય છે.

દરેક સમયે કચ્છની નેતાગીરી પણ "પરિણામ શૂન્ય" પુરવાર થયેલ છે. છેલ્લા ૨૦૦ વર્ષમાં કચ્છની નેતાગીરી ગતિશીલ ના હોય અથવા તો તેનામાં દીર્ઘદૃષ્ટિનો અભાવ હોય તેવું નાછૂટકે માનવું પડે છે.

પરિણામ સ્વરૂપે કચ્છ ઉજ્જડ થતું ગયું. લોકોને જીવનનિર્વાહ ચલાવવો મુશ્કેલ થતો ગયો. લોકોને પોતાની આજીવિકા રળવા સ્થળાંતર કરતા રહેવું પડ્યું.

- **નર્મદાના પાણી - નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ :**

ત્યારબાદ નર્મદાના પાણી પર આશા મંડાઈ.

"ખોસલા" પંચ કે "કે.એલ. રાવ" પંચની ભલામણો માન્ય રહી હોત તો કચ્છ માટે સારું હતું. પરંતુ કચ્છના કમનસીબે તે ના થયું. કચ્છની કમનસીબી ચાલુ રહી.

તા. ૬-૧૦-૧૯૬૯ના નિમાયેલ "જળ પંચ"નો ચુકાદો તા. ૭-૧૨-૧૯૭૯ના એટલે કે દસ વર્ષના ગાળા બાદ આવ્યો. આ ચુકાદાના પરિણામ સ્વરૂપે તા. ૮-૧૨-૧૯૭૯ના એટલે કે જળ પંચના ચુકાદાના બીજા જ દિવસે ગુજરાત સરકારે ગુજરાતના ભાગે આવેલ

ખુંખાર પશુઓ સાથે જંગલમાં રહેવું સારું પરંતુ મૂર્ખાઓ સાથે તો સ્વર્ગમાંય રહેવું જોખમ ભરેલું છે.

૯.૦ M.A.F. (મિલિયન એકર ફીટ) (એટલે દસ લાખ એકર જમીન પર એક ફૂટ પાણીનો જથ્થો) પાણીની ફાળવણીની જાહેરાત ઉતાવળે કરી દીધી કે જેમાં કચ્છને માત્ર ૦.૨ M.A.F. પાણીની ફાળવણી કરવામાં આવી. અને બન્ની તથા રણ વિસ્તાર માટેના પાણીની માંગ ટ્રીબ્યુનલે સ્વીકારી નહીં. તે જ પ્રમાણે રાજ્ય સરકારે પણ કચ્છને એ વધારે પાણી ફાળવ્યું નહીં. કચ્છને ફાળવેલ આ પાણીથી માત્ર ૩૭,૦૦૦ હેક્ટરમાં અથવા તો લગભગ ૯૫,૦૦૦ એકરમાં સિંચાઈ થઈ શકે, જ્યારે તે સમયની ગણતરી પ્રમાણે કચ્છનો ખેતીલાયક વિસ્તાર લગભગ ૪૦ લાખ એકરથી પણ વધુ હતો. આ કમનસીબી કુદરતી ના કહેવાય પરંતુ તે માનવસર્જિત જરૂર કહી શકાય. **કચ્છની એ સમયની નેતાગીરી જાગૃત ના રહી.** "જળ પંચ" સમક્ષ ગુજરાત સરકાર કચ્છની વિગતો બરાબર રજૂ કરે તે આ નેતાગીરીએ જોવાનું હતું. પ્રશ્નના ઊંડાણમાં આ નેતાગીરીએ જવાનું હતું. પરંતુ કચ્છની આ રાજકીય કે સામાજિક નેતાગીરી સુખદ પરિણામ લાવી શકી નહીં. પરિણામો આમ જનતાને ભોગવવાના આવ્યા. "જળ પંચે" કચ્છના બન્ની અને રણ વિસ્તારના પાણીની માંગ સ્વીકારી નહીં. કચ્છની ખેતીલાયક જમીન માટે ગુજરાત સરકારની રજૂઆત પણ દૃષ્ટિવિહીન સાબિત થઈ. વધારામાં ગુજરાત સરકારે પણ ઉતાવળમાં જ્યારે પાણીની ફાળવણીની જાહેરાત કરી ત્યારે કચ્છ તરફ તેમના જે કારણો હોય તે કારણોના કારણે - પૂરતું લક્ષ આપ્યું નહીં. કમનસીબીએ કચ્છનો પીછો છોડ્યો નહીં. કચ્છની આમ જનતા ચિપલાતી રહી - રિબાતી રહી.

વર્ષ ૧૯૯૦ની આસપાસ "કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ" તથા "કચ્છ કિસાન સંઘ" બહાર આવ્યા. તેઓએ આ પ્રશ્ન હાથ પર લીધો. ગુજરાત સરકાર તથા નર્મદા નિગમ સાથે અનેક પત્રવ્યવહાર કર્યા. ધાર્યું પરિણામ ના આવ્યું. છેવટે લોક આંદોલનના સ્વરૂપે આ પ્રશ્ન સારાયે કચ્છે ઉપાડી લીધો. કચ્છના ખૂણે ખૂણે જાગૃતતા આવી. કચ્છનો એકએક જાગૃત નાગરિક આ પ્રશ્ન સમજતો થયો. પરિણામ સ્વરૂપે નિયમિત પાણી જે ૦.૨ M.A.F. ફાળવાયેલ હતા તે ૦.૫ M.A.F. થયા. ૯૫,૦૦૦ એકરની ખેતીને સિંચાઈના પાણી મળવાના હતા તેના બદલે ૨,૮૫,૦૦૦ એકરની ખેતીને સિંચાઈના પાણી મળશે તેવી જાહેરાતો થઈ. આ કાર્યનો સંપૂર્ણ યશ આપણે કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ, કચ્છ કિસાન સંઘ તથા આ પ્રશ્ને લડત ચલાવતા તે સમયના કચ્છના સમસ્ત જાગૃત નાગરિકોને આપવો ઘટે.

પરંતુ આ પૂરતું નથી. આનાથી કચ્છની તકલીફો દૂર થતી નથી, કચ્છના પાણીના પ્રશ્નો સુલજતા નથી. કચ્છની કમનસીબી દૂર થતી નથી. એકધારા ૧૨-૧૪ વર્ષથી કચ્છના નાગરિકો આ પ્રશ્ને લડત ચલાવતા હોય તો તેના હકારાત્મક પરિણામો કેમ આવ્યા નહીં?

આ સમયમાં બધા જ પક્ષની સરકારો આવી ગઈ છતાં કચ્છને અનુકૂળ નિરાકરણો કેમ લાવી શકાયા નહીં? કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ તથા કચ્છ કિસાન સંઘ - જ્યારે લગભગ આખુંયે કચ્છ તેમની સાથે હતું ત્યારે ધાર્યા પરિણામો મેળવવામાં કેમ સફળ થયા નહીં? કચ્છની લડત ક્યાંક આડા પાટે તો નથી ચડી ગઈને? આપણે આ બાબતે જરૂરથી વિહંગાવલોકન કરવું જોઈએ.

આપણે આ બાબતે ભૂતકાળમાં દૃષ્ટિપાત કરવો જોઈએ. આ દૃષ્ટિપાત કરતાં નીચે મુજબના બે કારણો તરી આવે છે :

(૧) સરકાર સમક્ષ અથવા તો નર્મદા નિગમ સમક્ષ આ પ્રશ્ને જે કંઈ રજૂઆતો થઈ તેમાંની મોટાભાગની રજૂઆતો શરૂઆતથી જ લડતવાળી હતી કે જેના કારણે સામા પક્ષે પણ થોડી કડકાઈ આવી ગઈ.

(૨) શરૂથી અત્યાર સુધી, જૂજ અપવાદ બાદ કરતાં, કચ્છના ચુંટાયેલા અને જે તે સમયે સત્તાધારી પક્ષના પ્રતિનિધિઓને આ લડતમાં સામેલ કરી શકાયેલ નથી.

કચ્છના પ્રશ્નો સરળતાથી કદાચ અન્ય રસ્તે ઉકેલાઈ શકત. સરકારશ્રીમાં કચ્છમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિ રજૂઆત કરે - કદાચ બધા જ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સંગઠિત થઈને રજૂઆત કરે - અને સામાન્ય નાગરિકો રજૂઆત કરે તેમાં ઘણો જ ફરક પડે છે. એજ રીતે રજૂઆત કરવાની પધ્ધતિથી પણ ફેર પડે છે.

એક વધુ કદમની વાત કરીએ તો કોર્ટમાં જવાની સાથે સાથે આપણે વાટાઘાટોની બારી જ બંધ કરી દીધેલ છે. આ પણ આપણે યોગ્ય રીતે વિચારવું જોઈએ. છેલ્લા ત્રણ કે ચાર વર્ષથી આપણે હાઈકોર્ટમાં છીએ અને હજુ બીજા કેટલા વર્ષ કોર્ટમાં નીકળશે તેની કોઈને ખબર નથી! આપણી ન્યાય પધ્ધતિ જ એવી છે કે બેમાંથી એક પક્ષ ઈચ્છે તો સુપ્રીમ કોર્ટ સુધી લડવા માટે હજુ બીજા દસ વર્ષ પણ કાઢી શકે.

આપણે કોર્ટમાં જે દાદ માંગેલ છે - જે ફરિયાદ કરેલ છે તેની વિગત લગભગ નીચે મુજબની છે :

"કચ્છને નર્મદાના પાણીની જે ફાળવણી કરવામાં આવેલ છે તે અન્યાયપૂર્વકની હોવાથી તેની ફેર વિચારણા કરવાનો ઓર્ડર આપવામાં આવે."

કોઈ પણ લડત બાબતે સામા પક્ષની વ્યક્તિ શું માને છે તે બાબત સમજીને આપણે આગળ વધવું જોઈએ. જે રીતે આપણે નિષ્ઠાપૂર્વક માનીએ છીએ કે નર્મદાના પાણીની ફાળવણીમાં કચ્છને અન્યાય થયેલ છે, તે જ રીતે સામો પક્ષ આ બાબત કચ્છને અન્યાય થયેલ છે તે સ્વીકારવા તૈયાર નથી. જે રીતે આપણને આપણા કારણો હોય તેજ રીતે સામા પક્ષને તેના કારણો હોય. પરિણામ સ્વરૂપે કોર્ટના ચુકાદામાં જો આપણી માંગણી ગ્રાહ્ય રાખવામાં ના આવે તો વાટાઘાટોના રસ્તા કરતાં કોર્ટનો રસ્તો આપણને નુકસાનકારક સાબિત થશે. અને જો કોર્ટનો ચુકાદો આપણી તરફેણમાં આવે તો કોર્ટ ફેર વિચારણાનો ગુજરાત સરકારશ્રીને ઓર્ડર આપશે અને આ પ્રકારના ચુકાદાથી ફરી ફેર વિચારણા કરવામાં વર્ષો સુધીનો સમયગાળો નીકળી જશે. પરિણામ સ્વરૂપે "કચ્છ બ્રાંચ કેનાલ"ના કામો કઈ રીતે આગળ

ધપશે તે એક પ્રશ્નાર્થ ખડો કરી દે છે.

વધારામાં આપણે એ પણ નોંધવું જોઈએ કે **હાઈકોર્ટની ઉપરોક્ત ફરિયાદમાં ગ્રેવિટી કેનાલની કોઈ પણ વાત આપણે કરેલ નથી - કોઈ દાદ માંગેલ નથી** અને છતાં જ્યારે જ્યારે આ પ્રશ્ને લડત ચલાવતા લોકો સાથે ચર્ચા થાય છે ત્યારે આ લોકો વધુને વધુ પાણી માંગવા પર ભાર મૂકવાના બદલે ગ્રેવિટી કેનાલની વાત પર વધુ વજન આપે છે. આ રીતે આપણી કોર્ટની લડત એક સ્વરૂપની છે, જ્યારે બહારની લડત અન્ય સ્વરૂપની છે.

જળ પંચના ૧૯૭૯ના ચુકાદાને જ્યારે આજે ૨૩ વર્ષના વહાણાં વીતી ગયા છે અને માત્ર કચ્છ સિવાય જ્યારે અનેક જગ્યાએ કેનાલના કામો થઈ રહ્યા છે ત્યારે આપણે આ બાબત શાંતિથી ફેર વિચારણા કરવાની જરૂરિયાત મહેસૂસ થાય છે. (રૂા. ૨૦,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટની સામે અંદાજિત રૂા. ૧૧,૦૦૦ કરોડના કામો પૂરા થવા આવેલ છે.)

બીજી એક નોંધપાત્ર હકીકત એ છે કે આ ૨૩ વર્ષના ગાળામાં બધા જ પક્ષની સરકાર આવી ગઈ છતાં, તથા એક કચ્છી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે આવી ગયા છતાં - કોઈ પણ સરકાર કચ્છને સંતોષ થાય તેવા પરિણામ લાવી શકેલ નથી તે હકીકત છે. ૧૯૯૮થી ૨૦૦૨ના ગાળામાં કચ્છની સક્ષમ નેતાગીરી સરકારશ્રીમાં હતી, છતાં ધાર્યા પરિણામ નથી લાવી શકાયા તો આપણે શાંતિથી ના વિચારવું જોઈએ કે આપણે જે પ્રશ્ને લડત લડી રહ્યા છીએ તે લડત સાચી દિશામાં તો છે ને?

પ્રથમ તો આપણે આ પ્રશ્ને એક પક્ષે કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ તથા અન્ય પક્ષે સરકારશ્રી અથવા તો નર્મદા નિગમના દૃષ્ટિકોણ તરફ એક નજર કરી લઈએ :

કચ્છ જળ સંકટ નિવારણ સમિતિનો દૃષ્ટિકોણ	**સરદાર સરોવર નર્મદા નિગમ અથવા તો સરકારશ્રીનો દૃષ્ટિકોણ**
૧. ૨.૭ M.A.F. નિયમિત પાણી કચ્છ માટે માંગે છે. (૧.૦ M.A.F. પાણી એટલે ૫ લાખ એકર જમીન પર એક પાક માટે સિંચાઈ થઈ શકે.)	૧. ૦.૫ M.A.F. પાણી કચ્છ માટે ફાળવી શકાયેલ છે.
૨. "જળપંચ" પાસે કચ્છ માટે નીચે પ્રમાણે પાણી માંગવામાં આવેલ હતું : ખેતીની જમીન માટે ૦.૨૧ M.A.F. બન્નીની જમીન માટે ૧.૩૨ M.A.F. રણની જમીન માટે ૫.૦૪ M.A.F. ***ટોટલ ૬.૫૭ M.A.F.*** ગુજરાતે જળ પંચ પાસે ટોટલ ૨૨.૦૨ M.A.F. પાણી માંગ્યું. તેની સામે જળપંચે ૯.૦૦ M.A.F. પાણી મંજૂર કર્યું. તેથી ગુજરાતની ૪૧ ટકા માંગણી સંતોષી શકાઈ. તે ગણતરીએ કચ્છને ૬.૫૭ M.A.F. ના ૪૧ ટકા એટલે કે ૨.૭ M.A.F. પાણી મળવું જોઈએ.	૨. જળ પંચે બન્નીની જમીન માટે તથા રણની જમીન માટે માંગણી સ્વીકારેલ નથી. જળપંચે કચ્છની ખેતીની જમીનના સિંચાઈની ૦.૨ M.A.F. ની માંગણી સ્વીકારેલ છે. તે સૂચનના આધારે કચ્છને પાણી ફાળવવામાં આવેલ છે.
૩. શક્ય તેટલું વધુ વધારાનું પાણી ગુજરાતને મળવું જોઈએ.	૩. ચોમાસાના વધારાના બાકીના પાણીની સત્તાવાર ફાળવણી હજી બાકી છે.
૪. ૧૫ લાખ એકર (૬ લાખ હેક્ટર)માં સિંચાઈ થઈ શકે તેટલું પાણી કચ્છને જોઈએ. (જો કે જળસંકટ નિવારણ સમિતિએ જાતે જે પ્લાનીંગ કર્યું છે તેમાં નિયમિત પાણીનો પ્રદેશ અંદાજે ૭,૫૦,૦૦૦ એકર બતાવેલ છે.)	૪. ૨,૮૫,૦૦૦ એકર (૧,૧૨,૦૦૦ હેક્ટર)માં સિંચાઈ થઈ શકે તે રીતે નિયમિત પાણી કચ્છને ફાળવવામાં આવેલ છે.
૪(એ) ચોમાસામાં વધારાના પાણીથી બન્ની પ્રદેશમાં સિંચાઈનું આયોજન વિચારેલ છે.	૪(એ) જેટલા વધારાના પાણીની ફાળવણી થાય તે મુજબ વધારે વિસ્તારમાં સિંચાઈનું આયોજન કરી શકાય.

સંતમાં સચ્ચાઈ હોય છે, અસંતમાં લુચ્ચાઈ હોય છે.

૫. કેનાલની સાઈઝ કચ્છમાં પ્રવેશે ત્યારે ૩૫૦ ક્યુમેક્સની હોવી જોઈએ (એટલે કે કચ્છ બ્રાંચ કેનાલ જ્યાંથી ચાલુ થાય ત્યાં હમીરપર પાસે કેનાલની સાઈઝ ૪૨૦ ક્યુમેક્સની હોવી જોઈએ.)	૫. કેનાલની સાઈઝ અત્યારના આયોજન પ્રમાણે કચ્છમાં પ્રવેશે ત્યારે ૧૨૦ ક્યુમેક્સની રહેશે. (એટલે કે કચ્છ બ્રાંચ કેનાલ જ્યાંથી ચાલુ થાય ત્યાં કેનાલની સાઈઝ ૧૭૦ ક્સુમેક્સની રહેશે.) ***નોંધ*** : કચ્છ બ્રાંચ કેનાલ જ્યાંથી ચાલુ થાય છે ત્યાં હમીરપર પાસે મેઈન કેનાલની સાઈઝ ૩૪૬ ક્યુમેક્સની છે. તેમાંથી ૯૦ ક્યુમેક્સ ઉત્તર ગુજરાતના તથા ૭૦ ક્યુમેક્સ રાજસ્થાનના બાદ કરતાં કચ્છ માટે ૩૪૬ - ૯૦ - ૭૦ =૧૮૬ ક્યુમેક્સની વધુમાં વધુ બની શકે.
૬. કચ્છને ગ્રેવિટી કેનાલથી પાણી મળવું જોઈએ (કારણકે ઈલેક્ટ્રીસિટીના પુરવઠા પર આધાર રાખી શકાય નહીં.)	૬. "ફોલ અને લીફ્ટ" પધ્ધતિથી કચ્છમાં પાણી પહોંચાડાશે. (ક.જ.નિ.સ. કહે છે તે પ્રમાણે ગ્રેવિટીથી પાણી અપાય તો પણ ૬૫,૦૦૦ હેક્ટર સિંચાઈને ગ્રેવિટીથી પાણી મળી શકે, જ્યારે બાકીની ૪૭,૦૦૦ હેક્ટરની સિંચાઈને તો "ફોલ અને લીફ્ટ" પધ્ધતિથી જ પાણી મળે. એટલે કે આ પધ્ધતિમાં પણ પાવર ઉપર આધાર રાખવાનો તો રહે જ છે.)
૭. "ફોલ અને લીફ્ટ" પધ્ધતિનો ખર્ચ રૂા. ૨૨૦૧ કરોડનો અંદાજેલ છે.	૭. "ફોલ અને લીફ્ટ" પધ્ધતિનો ખર્ચ રૂા. ૭૬૦.૦૮ કરોડનો અંદાજેલ છે.
૮. ગ્રેવિટી કેનાલનો ખર્ચ રૂા. ૧૩૫૭ કરોડનો અંદાજેલ છે.	૮. ગ્રેવિટી કેનાલનો ખર્ચ રૂા. ૩૬૫૩.૯૬ કરોડનો અંદાજેલ છે.
૯. "ફોલ અને લીફ્ટ" પધ્ધતિમાં ઈલેક્ટ્રિક પાવર પર આધાર રાખવો પડે છે.	૯. પાવરની ખાતરી માટે કેપ્ટીવ પાવર પ્લાન્ટનું આયોજન વિચારેલ છે.
૧૦. કચ્છને પાણીની ફાળવણીમાં અન્યાય કરવામાં આવેલ છે.	૧૦. કચ્છને પાણીની ફાળવણીમાં અન્યાય કરવામાં આવેલ નથી. પાણીની વહેંચણી માટે માપદંડ એટલો જ હતો કે જ્યાં પ્રવાહથી પાણી જઈ શકે ત્યાં પાણી પહોંચાડવું. પ્રવાહથી ના જઈ શકે ત્યાં થોડા વિસ્તારમાં લીફ્ટથી પાણી પહોંચાડવું કે જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છના થોડા વિસ્તારનો સમાવેશ થાય છે. ટ્રીબ્યુનલમાં રજુઆત થયેલ હતી એ મુજબ જ દરેક વિસ્તારને પાણી ફાળવેલ છે. વિસ્તારના ધોરણે પાણી વહેંચાયું નથી. બીજા વિસ્તારમાં કેનાલનો ખર્ચ રૂા.૫૦,૦૦૦/- એક હેક્ટરના આવે છે કે જ્યારે સૌરાષ્ટ્ર - કચ્છમાં તે ખર્ચ રૂા. ૭૬,૦૦૦/- એક હેક્ટરના આવે છે. આ રીતે બીજા લોકોની ઓછા ખર્ચવાળી કેનાલમાં કાપ મૂકીને અન્ય લોકોને વધુ ખર્ચવાળી કેનાલથી પાણી આપવાનું આયોજન હોય તેમ છતાં કચ્છને અન્યાય થયો છે તે કેમ કહેવાય?
૧૧. કોર્ટમાં ચુકાદો તરફેણમાં આવે તો પણ ગુજરાત સરકારને પાણીની ફાળવણી બાબત ફેર વિચારણા કરવાનું જણાવવામાં આવે અને આ ફેર વિચારણામાં બીજો વધારાનો સમય જાય.	૧૧. કોર્ટ આવી બાબતમાં કોઈ ચુકાદો આપી શકશે નહીં.

કપાયેલો પતંગ, ખરતો તારો અને વ્યસની માણસ ક્યાં જઈને પડશે તે નક્કી હોતું નથી.

૧૨. લડત બહુ લાંબાગાળાની છે.	૧૨. આ લડતથી કચ્છને જ નુકસાન થાય છે.
૧૩. જ્યાં લગી લડત ચાલે ત્યાં લગી ભલે કચ્છને પાણી ના મળતું.	૧૩. આ પાણી વેડફી તો દેવામાં આવશે નહીં અને જો આ પાણી એક વખત બીજાને ફાળવાઈ જશે તો કચ્છ માટે પાણી જ નહીં બચે.

ઉપરોક્ત મુદ્દાઓ તરફ દૃષ્ટિપાત કરતાં ખ્યાલ આવે છે કે બંને પક્ષોની વાતો વચ્ચે પુષ્કળ તફાવત છે અને એકબીજાની વિચારસરણીથી નજીક આવી શકાય તેવું દેખાતું નથી. બીજી તરફ કોઈ પણ જાતની વાટાઘાટોના દ્વાર બંધ કરી દેવામાં આવેલ છે. એવી પણ દલીલ કરવામાં આવે છે કે કોર્ટમાં કેસ ચાલતો હોવાથી આ બાબત જાહેરમાં ચર્ચા ના થઈ શકે - સરકારશ્રી સાથે પણ ચર્ચા ના થઈ શકે. આપણે ઘણા કેસોમાં જાતે અનુભવ કરેલ હોય છે કે એક તરફ કોર્ટમાં કેસ ચાલતો હોય અને બીજી તરફ બંને પક્ષો દ્વારા સમાધાનની વાટાઘાટો થતી હોય. કદાચ આ વાટાઘાટોના પ્રતાપે સમાધાન થઈ પણ જાય. આ પ્રશ્નનો સુખદ અંત લાવવા સહુએ સાથે મળીને સમાધાનના દ્વાર ખોલવા જોઈએ કે જે કદાચ આપણા સહુના હિતનું પરિણામ લાવી શકે.

દલીલને ખાતર માની લો કે આપણે વાટાઘાટોના રસ્તે જવા તૈયાર નથી તો નીચે મુજબના મુદ્દાઓનું નિરાકરણ કઈ રીતે કરી શકાશે?


૧. ૧૯૭૯થી ૨૦૦૨ સુધી પરિસ્થિતિમાં આપણે ધાર્યા પ્રમાણેના ફેરફાર કરાવી શકેલ નથી. હજુ લડત ખૂબજ લાંબી ચાલશે. કદાચ બીજા ૫ - ૧૦ - ૧૫ વર્ષ નીકળી જાય. ત્યાં સુધી કચ્છને અત્યારે જે પાણી ફાળવી શકાય તેમ છે તેનું જતન કઈ રીતે થઈ શકશે?

૨. કચ્છના તળાવનું પાણી, કચ્છમાં ના વપરાય ત્યાં સુધી તેને દરિયામાં તો વહેવડાવી દેવાશે નહીં. બીજા પ્રદેશની રાજકીય માંગણીના દબાણથી જો આ પાણી બીજા પ્રદેશને એક વખત આપવાનું ચાલુ થશે તો પછી ભવિષ્યમાં ત્યાંથી પાણી બંધ કરી, કચ્છને કઈ રીતે આપી શકાશે?

૩. ઈરીગેશનની યોજનાઓ ૧૦૦ ટકા પૂરી થતી નથી તેવો ઈતિહાસ છે. કચ્છ આ યોજનામાંથી સંપૂર્ણપણે બાકાત ના થઈ જાય તે આ પરિસ્થિતિમાં સાચવી રાખવું ખૂબજ કપરું કાર્ય બની રહેશે.

૪. દલીલને ખાતર માની લો કે કચ્છ જળ સંકટ નિવારણ સમિતિની તરફેણમાં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો ના આવ્યો, તો પરિસ્થિતિ ક્યાં જઈને ઊભી રહેશે?

નર્મદા બંધથી ગુજરાત - રાજસ્થાનની હદ સુધી જે મેઈન કેનાલ બાંધવામાં આવી રહેલ છે તે તરફ પણ એક દૃષ્ટિપાત કરવો જરૂરી બની રહેશે.



ઉપરોક્ત નકશાનો અભ્યાસ કરીએ તો નીચે મુજબના તારવણો કાઢી શકાય :

૧. નવા ગામ બંધથી ગુજરાતની હદ પૂરી થાય અને રાજસ્થાનની હદ શરૂ થાય ત્યાં સુધી મેઈન કેનાલની ટોટલ લંબાઈ ૪૫૮ કિલોમીટરની છે.

૨. મેઈન કેનાલના કામ ૩૫૫ કિલોમીટર સુધી પૂરા થવામાં છે. ૧૦૩ કિલોમીટરના કામ બાકી રહે છે.

૩. કચ્છ બ્રાંચ કેનાલ ૩૮૫ કિલોમીટર (દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી)થી ચાલુ થાય છે. એટલે કે અત્યારે મેઈન કેનાલના કામો જે ૩૫૫ કિલોમીટર સુધી પૂરા થવામાં છે ત્યાંથી બીજા વધુ ૩૦ કિલોમીટર કામ થાય તો કચ્છ બ્રાંચ કેનાલ ચાલુ થવાનું સ્થળ આવી જાય.

માથાને આઈસ ફેક્ટરી બનાવો અને જીભને સુગર ફેક્ટરી બનાવો તો ઝઘડાનો અંત આવી જાય.

૪. અત્યારે ૩૫૫ કિલોમીટરની લંબાઈ પર મેઈન કેનાલની કેપેસિટી (પાણીની વહન ક્ષમતા) ૪૦૭ ક્યુમેક્સની રાખવામાં આવેલ છે.

૫. કચ્છ બ્રાંચ ચાલુ થાય ત્યાં એટલે કે ૩૮૫ કિલોમીટરની લંબાઈ પર મેઈન કેનાલની કેપેસિટી ૩૪૬ ક્યુમેક્સની થઈ જવાની છે.

૬. કચ્છ બ્રાંચ કેનાલ પછીથી રાજસ્થાનની હદ સુધી(૩૮૫ કિલોમીટરથી ૪૫૮ કિલોમીટર સુધી)ના મેદાન કેનાલના ઉત્તર ગુજરાતના બાકીના પ્રદેશની જરૂરિયાત ૯૦ ક્યુમેક્સની નક્કી કરવામાં આવેલ છે.

૭. રાજસ્થાનને ૭૦ ક્યુમેક્સની કેપેસિટીથી ૦.૫ M.A.F. પાણી આપવાનું છે.

૮. આ રીતે કચ્છ બ્રાંચ પાસે મેઈન કેનાલની કેપેસિટી જે ૩૪૬ ક્યુમેક્સની છે તેમાંથી ૯૦ ક્યુમેક્સ બાકીના ઉ. ગુજરાતના અને ૭૦ ક્યુમેક્સ રાજસ્થાનના બાદ કરતાં ૩૪૬ - ૯૦ - ૭૦ = ૧૮૬ ક્યુમેક્સની કેપેસિટી કચ્છ માટે બાકી રહે છે. મતલબ કે કચ્છ બ્રાંચ કેનાલની કેપેસિટી વધુમાં વધુ ૧૮૬ ક્યુમેક્સની અત્યારના આયોજન પ્રમાણે રાખી શકાય.

ઉપરોક્ત હિસાબે કચ્છ બ્રાંચ કેનાલની કેપેસિટી ૧૭૦ ક્યુમેક્સની રાખવાનું હાલે નર્મદા નિગમનું આયોજન છે કે જેમાં કચ્છ માટે ૦.૫ M.A.F. નિયમિત પાણી તથા ૦.૫ M.A.F. વધારાનું પાણી વહાવી શકાય.

દલીલને ખાતર માની લો કે કચ્છને વધુ પાણી ફાળવવામાં આવે અને કેનાલની સાઈઝ ઉપરોક્ત ધોરણે (એટલે કે ૧૭૦ ક્યુમેક્સની) રાખવામાં આવે તો કચ્છને વધુ પાણી મળી કઈ રીતે શકશે?

કોઈ પણ કારણસર (ખાસ તો નાણાંના અભાવે) મેઈન કેનાલના બાકીના ૩૦ કિલોમીટરના અને કચ્છ બ્રાંચ કેનાલના શરૂના ૨૦ કિલોમીટરના - કે જેના ટેન્ડરો થોડા સમય અગાઉ બહાર પડી ગયેલ છે - કામ ચાલુ થઈ શકેલ નથી. પરંતુ જો આ કામ ચાલુ થઈ ગયેલ હોત તો કચ્છ માટે વધુ પાણી આ કેનાલમાંથી કઈ રીતે વહાવી શકાત?

ઉપરોક્ત દૃષ્ટિએ જોતાં આપણા સૌના હિતની વાત એ છે કે આપણે સૌ સંગઠિત થઈ નર્મદા નિગમ સાથે તેમજ સરકારશ્રી સાથે વાટાઘાટો કરીએ. સાથે સાથે આપણે આપણા ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા ભૂતપૂર્વ પ્રતિનિધિઓને પણ આ સંગઠનમાં સામેલ કરીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આ વિષયે એક કમિટી બનાવી આ પ્રશ્નના ઊંડાણમાં ઉતરેલ છે. આ સમાજ ઈચ્છે છે કે સૌને સ્વીકાર્ય હોય તે રીતે આ મુદ્દા પર સમાધાન થાય અને કચ્છ બ્રાંચ કેનાલના કામો વહેલી તકે શરૂ થાય. કચ્છ બ્રાંચ કેનાલના કામો જેટલા વહેલા ચાલુ કરાવી શકીશું તેટલું કચ્છના હિતમાં હશે.

સરકારશ્રી તથા નર્મદા નિગમ પાસે આપણે નીચે મુજબના પ્રશ્ને વાટાઘાટો કરી શકીએ :

૧. મેઈન કેનાલની ૩૫૫ કિલોમીટરથી ૩૮૫ કિલોમીટર પરની કેપેસિટી ૪૦૭ ક્યુમેક્સમાંથી ઘટાડીને ૩૪૬ ક્યુમેક્સ ના કરતાં, ૪૦૭ ક્યુમેક્સની જ રહેવા દે.

૨. કચ્છ બ્રાંચ કેનાલની સાઈઝ શક્ય મોટી રાખવામાં આવે.

૩. કચ્છને નિયમિત પાણી ૦.૫ M.A.F.થી વધારીને શક્ય વધુમાં વધુ આપવામાં આવે.

૪. ચોમાસાના વધારાના પાણીમાંથી કચ્છને ઓછામાં ઓછા ૨.૦ M.A.F. પાણી ફાળવવામાં આવે.

૫. કચ્છની દક્ષિણ તરફની કેનાલ માંડવીથી આગળ છેક લખપત સુધી લંબાવવામાં આવે.

૬. કચ્છની દૂધઈ બ્રાંચ કેનાલ બન્ની સુધી લંબાવવામાં આવે.

૭. કચ્છમાં ૧૦૦ મીટરના કંટુર લેવલે લીંક કેનાલ બનાવી બધા જ તાલુકાઓમાં સિંચાઈ માટે પાણી પહોંચાવાડનું આયોજન કરવામાં આવે.

૮. કચ્છ બ્રાંચ કેનાલની સાઈઝ હમીરપરથી લખપત સુધી એક જ કેપેસિટીની રાખવામાં આવે.

૯. કચ્છ બ્રાંચ કેનાલ માટે કેપ્ટીવ પાવર પ્લાન્ટનું આયોજન વિચારવામાં આવે.

૧૦. કચ્છ બ્રાંચ માટે કેનાલની જે સાઈઝ નક્કી કરવામાં આવે તે સાઈઝ અન્ય પ્રદેશની જેમ ફ્રી બોર્ડમાં એન્ક્રોચમેન્ટ વગરની હોય. કેનાલના ફ્રી બોર્ડને ફ્રી બોર્ડ તરીકે જ રહેવા દેવામાં આવે.

૧૧. વિષમ પરિસ્થિતિમાં પણ કચ્છને નક્કી થયેલ પાણીનો પુરવઠો મળી રહે તેવું નક્કી કરવામાં આવે.

૧૨. પારદર્શકતા લાવવા પાણીની ફાળવણી જે કમિટી દ્વારા કરવામાં આવે તે કમિટીમાં કચ્છના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવે.

૧૩. કચ્છના ચાલુ જળાશયોની કેપેસિટી વધારવાનું આયોજન વિચારવામાં આવે.

૧૪. કચ્છમાં નવા જળાશયો - બંધો બનાવવાનું આયોજન કરવામાં આવે.

દલીલને ખાતર માની લઈએ કે ઉપરોક્ત વાટાઘાટોના પરિણામો સૌને સ્વીકાર્ય હોય તેવા આવી શકે અને દલીલને ખાતર એમ પણ માની લઈએ કે ઉપરોક્ત વાટાઘાટોના પરિણામે કચ્છમાં ૭ લાખ એકર જમીનને સિંચાઈ થઈ શકે તેટલું પાણી ફાળવવામાં આવે તો એક એકરમાં એક સીઝનમાં સરેરાશ રૂા. ૧૦,૦૦૦/-ના પાકના હિસાબે વર્ષે રૂા. ૭૦૦/- કરોડના પાક થઈ શકે, જે કચ્છની આખી ઈકોનોમી ફેરવી નાખે. આ યોજનામાં જે વિલંબ થાય છે તેથી દર વર્ષે અંદાજિત રૂા. ૭૦૦ કરોડના ખેત ઉત્પાદનથી કચ્છ વંચિત રહેશે. તે ઉપરાંત ખેતી આધારિત અન્ય ઉદ્યોગો અને વેપાર મારફત આવતી સમૃધ્ધિ પણ પાછી ઠેલાય છે. આ રીતે બીજા કોઈ રસ્તા અપનાવવાના બદલે સૌ સંગઠિત થઈ વાટાઘાટોના દ્વાર ખોલી નાખીએ તો જલદી

(અનુસંધાન : જુઓ પાના નં. - ૩૩ ઉપર)

આજનો યુગ એટલે અથડામણ અને અકળામણનો યુગ.

રાજસ્થાન કેનાલ દ્વારા
કચ્છ - ઉત્તર ગુજરાતની તૃષા છિપાવી શકાશે

• શશીકાંત મો. ઠક્કર •

(મંગલ મંદિર, માર્ચ-૨૦૦૩નો લેખ)

સિંધુ નદીના પાણી પ્રાચીન કાળથી તે ઠેઠ ૧૯મી સદીના શરૂઆતના બે દસકા સુધી કચ્છમાં વહેતા હતા અને કચ્છના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આ પાણીથી ચોખાના ખેતરોની સિંચાઈ થતી હતી, તે હકીકત સર્વવિદિત અને સ્વયંસિદ્ધ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ સિંધુ જળ કરાર દરમ્યાન ભારત સરકાર વતી ભાગ લેનાર સર્વોચ્ચ તાંત્રિક અધિકારી એવા ડૉ. એન.ડી. ગુલ્હાટીએ "ઇન્ડસ વોટર ટ્રીટી" નામે લખેલા પુસ્તકમાં (પાન-૨૦) પ્રસિદ્ધ કરેલ સર્વે ઓફ ઇન્ડિયાના અધિકૃત નક્શામાં આ વિસ્તાર સિંધુ તટપ્રદેશમાં સ્પષ્ટ રીતે બતાવવામાં આવેલ છે. સિંધુના પાણી ઉપરના કચ્છના અધિકારની વાતનો ભૂતકાળમાં બિનવિવાદાસ્પદ રીતે સ્વીકાર થયેલો છે અને તેને લક્ષમાં લઈને સિંધુના પાણીને ફરીથી કચ્છમાં વહેતા કરવા જુદા જુદા તબક્કે સન ૧૯૪૩થી સન ૧૯૬૪ સુધી સક્રિય પ્રયત્નો થયા હતા. આ તથ્યો અંગેની વિગતપૂર્ણ નોંધ દસ્તાવેજી આધારો સાથે મારા 'સિંધુ વોટર્સ એન્ડ કચ્છ' નામક અંગ્રેજી પુસ્તકના બીજા પ્રકરણમાં કરવામાં આવી છે.

૨. ભારત સરકારે પણ આ હકીકતનો સ્વીકાર કરીને, વિશ્વ બેંક પાસે સિંધુ તટપ્રદેશના સમગ્ર વિસ્તારના વિકાસ માટે રજૂ કરેલ ડ્રાફ્ટ આઉટલાઈન પ્લાનમાં કચ્છના કેટલાક વિસ્તાર માટે સિંધુના પાણી આપવાની જોગવાઈ કરી હતી જે ઉપરોક્ત તથ્યોમાં વિગતથી જણાવાયું છે.

૩. આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે અને ભારત સરકારે માન્ય કરેલા સિદ્ધાંતો પ્રમાણે આંતરરાજ્ય નદીઓના પાણીની જે તે તટપ્રદેશો વચ્ચે વહેંચણી કરવા માટેના સ્વીકૃત થયેલા 'ન્યાયિક વિતરણ'ના સિદ્ધાંત અનુસાર સિંધુ નદીના પાણી ઉપર કચ્છનો, નદી તટપ્રદેશના વિસ્તાર તરીકે સ્પષ્ટ રીતે સ્વીકૃત અધિકાર છે તે હકીકત પણ ઉપરોક્ત દસ્તાવેજી આધારોમાં સ્પષ્ટ થયેલ છે. આ સિદ્ધાંતની કાયદાકીય વિગત મારા ઉપરોક્ત પુસ્તકના પ્રકરણ ત્રીજામાં વિગતે આપવામાં આવી છે.

૪(૧) હિમાલયમાંથી વહેતી સાત નદીઓ સંયુક્ત રીતે 'સપ્તસિંધુ' તરીકે ઓળખાતી અને આ નદીઓના વિસ્તારમાં આવતા પ્રદેશોને 'સિંધુ તટપ્રદેશ' તરીકે ઓળખવામાં આવતો. આ નદીઓના પાણીની ભારત અને પાકિસ્તાન વચ્ચે વહેંચણી કરવા સન ૧૯૪૮થી ચર્ચા વિચારણા શરૂ થઈ હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તંગ સંબંધોને કારણે આ પ્રશ્ન અંગે કોઈ મધ્યસ્થીની ફરજ સ્વીકારી હતી. પાકિસ્તાને આ પાણીના ઉપયોગ માટેની યોજના અંગે પ્રાથમિક આઉટલાઈન રજૂ કરી હતી. સામા પક્ષે ભારતે 'ઇન્ડિયન ડ્રાફ્ટ આઉટ લાઈન પ્લાન' રજૂ કર્યો હતો. આ દરખાસ્તમાં એવો સિદ્ધાંત અપનાવાયો હતો કે નદીતટના પાણીનો ઉપયોગ રાજ્ય કે રાજકીય સરહદોને લક્ષમાં લીધા સિવાય જે તે નદી તટપ્રદેશના તમામ રહેવાસીઓના લાભાર્થે થવો જોઈએ. આ સિદ્ધાંતના આધારે સિંધુ તટ પ્રદેશના તમામ વિસ્તારો ભારતના અને પાકિસ્તાનના; જેમાં કચ્છનો પણ કેટલોક વિસ્તાર સમાવિષ્ટ હતો - તેની સિંચાઈની પાણીની જરૂરિયાતોનો ઉપરોક્ત દરખાસ્તમાં સમાવેશ હતો. આ યોજના હેઠળ ભારત અને પાકિસ્તાનની સરહદોને નજરઅંદાજ કરી સમગ્ર સિંધુ તટપ્રદેશને આવરી લઈ પાણીના સ્ત્રોતોની વધુમાં વધુ અસરકારક ઉપયોગ કરી શકાય તેવી દૃષ્ટિ અપનાવાઈ હતી. આથી કેટલીક પાકિસ્તાનની કેનાલોને ભારતમાંથી પાણી મળે અને કેટલીક ભારતની કેનાલોને પાકિસ્તાનમાંથી પાણી મળે તેવી તેમાં વ્યવસ્થા હતી. આ વ્યવસ્થા મુજબ કચ્છને 'કોટરી'થી કેનાલ દ્વારા પાણી મળે તેવી તેમાં વ્યવસ્થા હતી.

૪(૨) કમનસીબે ભારત અને પાકિસ્તાન વચ્ચે આ બાબત સહમતિ સધાઈ શકી નહીં. પરિણામે વિશ્વ બેંકે ૧૯૫૪ના મે માસમાં 'બેન્ક પ્રપોઝલ' તરીકે ઓળખાતી દરખાસ્ત રજૂ કરી. આ દરખાસ્ત કરારના પાયા તરીકે બન્ને પક્ષકારોએ સ્વીકારી. આ દરખાસ્ત મુજબ પશ્ચિમની ત્રણ નદીઓનું તમામ પાણી (સિંધુ, જેલમ અને ચિનાબ) માત્ર પાકિસ્તાનના સમગ્ર ફાયદા અને વપરાશ માટે નિયત કરવામાં આવ્યું અને પૂર્વની ત્રણ નદીઓ (રાવી, બિયાસ અને સતલજ)નું તમામ પાણી ભારતના સમગ્ર વપરાશ અને ફાયદા માટે નિયત થયું.

૪(૩) આના પરિણામે ભારતીય પ્લાન મુજબ સિંધુનું પાણી કોટરી દ્વારા કચ્છમાં ઉપયોગ કરવા માટે ભારત સરકારને મળવાપાત્ર બન્યું નહીં અને ભારત માટે નિયત થયેલા ત્રણ નદીઓના પાણી (આ નદીઓ પૂર્વ તરફ વહેતી હોવાથી) પૂર્વ તરફના પંજાબ, હરિયાણા અને રાજસ્થાન વિસ્તારોને મળ્યા. આ વિસ્તારો આ નદીઓના પાણીથી હરિયાળા બન્યા અને કચ્છ દુર્ભાગ્યે પાણી વિનાનું રહ્યું.

૪(૪) આ યોજનાનો બન્ને પક્ષોએ જૂન ૧૯૫૫માં સ્વીકાર કર્યો. ભારતે આ યોજનાનો સ્વીકાર કરવાનો ઉત્સાહ એટલો બતાવ્યો કે મેરાલાથી ચિનાબનું પાણી ન મળવાના બદલામાં અને કોટરીથી

પાકિસ્તાનની કેનાલ દ્વારા સિંધુનું પાણી ન મળતા પંજાબ અને રાજસ્થાનના પ્રદેશો માટે પૂર્વની ત્રણેય નદીઓનું સંપૂર્ણ પાણી મળતું હોવાથી તે ભારત માટે ખુશી થવા જેવું હતું. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં ફાયદો મેળવવાના કારણે કચ્છના હિતનો ભોગ લેવાયો અને કચ્છે તે માટે ક્યારેય રંજ અનુભવ્યો નથી.

૪(૫) નદીઓના પાણીની વહેંચણીનો આ સમગ્ર વિવાદ 'સિંધુ જળવિવાદ' તરીકે ઓળખાયો અને તે સન ૧૯૪૮થી ૧૯૬૦ સુધી ચાલ્યો. પરિણામ સ્વરૂપ તા. ૧૯-૯-૬૦ના દિવસે આ અંગેનો કરાર થયો જેમાં ભારત તરફથી વડાપ્રધાન શ્રી નહેરૂએ અને પાકિસ્તાન તરફથી પ્રમુખ અયુબખાને હસ્તાક્ષર કર્યા. જે 'સિંધુ જળકરાર ૧૯૬૦' તરીકે ઓળખાય છે. આ કરારનો વિધિસર સ્વીકાર (રેટીફાઇ) તા. ૨૭-૧૨-૬૦ના રોજ પાકિસ્તાને અને તા. ૨૮-૧૨-૬૦ના ભારતે કર્યો હતો. આ સમગ્ર પ્રક્રિયાની અધિકૃત વિગતો ડૉ. ગુલ્હાટીના ઉપરોક્ત પુસ્તકમાં આપવામાં આવી છે. જેમાંથી જરૂરી નોંધો મારા ઉપરોક્ત પુસ્તકના પ્રકરણ બીજામાં ટપકાવવામાં આવી છે.

૫. રાજસ્થાન રાજ્યનો નદીના તટપ્રદેશના વિસ્તાર તરીકે સિંધુના પાણી ઉપર કોઇ પણ અધિકાર નહીં હોવા છતાં, રાજસ્થાન કેનાલનો પ્રદેશ રાજસ્થાનમાં હોવાથી અને રાષ્ટ્રહિતની દૃષ્ટિએ રાજસ્થાન કેનાલ પરિયોજનાને આગળ કરી સિંધુ જળકરાર દરમ્યાન ભારતે પાણીની માગણી કરી. આગ્રહ સેવવાના પરિણામે આ વિસ્તારને સિંધુના પાણી ઉપલબ્ધ બન્યા અને તેમ છતાં પણ શરૂઆતના તબક્કે આ વિવાદ દરમ્યાન રાજસ્થાન સરકારે પણ કેન્દ્ર સરકારને સહકાર આપ્યો નહીં તેની સીલસીલાબંધ વિગતો ડૉ. ગુલ્હાટીએ જણાવી છે. પાણી મળ્યા પછી પણ ઉપલબ્ધ પાણીનો ઉપયોગ રાજસ્થાન સરકાર કરી શકી નથી અને આ પાણી પાકિસ્તાનને મળ્યા કર્યું છે તેની વિગતો પણ આ પુસ્તકમાં છે.

૬. આમ રાજસ્થાન નહેર દ્વારા મળેલા પાણી એ રાષ્ટ્રીય સંપત્તિ છે અને સિંધુ તટપ્રદેશના ભારતના ભાગના ફાળા તરીકે પૂર્વની ત્રણ શાખા નદીઓના સમગ્ર પાણી ભારતને મળ્યા છે તેથી તેના ઉપર માત્ર રાજસ્થાનનો જ અધિકાર નથી પરંતુ સિંધુ તટપ્રદેશના જે વિસ્તારો ભાગલા બાદ ભારતમાં સમાવેશ પામ્યા છે તેમનો અધિકાર, સિંધુ જળકરારના પરિણામે ભારતને મળેલ પાણી, અગ્રતાક્રમે રહે જ છે.

૭(૧) સન ૧૯૫૫માં સિંધુના પાણીની વહેંચણી અંગેની યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર થતાં કચ્છને મૂળ દરખાસ્ત મુજબ પાણી નહીં મળવાની સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ હતી. આથી આ કરારની ચાલતી પ્રક્રિયા દરમ્યાન એટલે કે ૧૯૫૭થી ૧૯૬૦ દરમ્યાન જ તે વખતની મુંબઈ સરકારે અગમચેતી વાપરી ભારતના ભાગમાં જે પાણી આવવાનું હતું તેમાંથી રાજસ્થાન કેનાલને કંડલા સુધી લંબાવીને કચ્છ તથા ઉત્તર ગુજરાતના વિસ્તારોને પાણી આપવા અંગેની વાતને આગળ વધારી હતી. આ સંબંધે જે તે વખતે અપાયેલી દરખાસ્તના આ શબ્દો ઘણું સૂચવી જાય છે. મૂળ અંગ્રેજીનો ભાવાનુવાદ આ મુજબ છે.

'પ્રાચીન ઇતિહાસ તેમજ ઉપર જણાવેલી તાજી હકીકતો સાબિત કરે છે કે કચ્છની જમીનો ખરી રીતે જ સિંધુ તટપ્રદેશનો ભાગ છે અને તેથી સિંધુની જળરાશિમાંથી તેને ભાગ મળવાપાત્ર છે. હવે જ્યારે રાજસ્થાન કેનાલ કચ્છની સરહદ સુધી પાણી લાવવાની છે ત્યારે આ પુરવઠામાંથી કચ્છને યોગ્ય પુરવઠો મળવો જોઇએ. જે સગવડ ભાગલા પહેલાં ભારત સરકારની વિચારણામાં હતી અને જે પાછળથી ભાગલાના કારણે અમલમાં લાવવી મુશ્કેલ બની હતી એ હવે જ્યારે તેજ જળરાશિમાંથી સમગ્રતયા ભારતમાં આવેલ કેનાલ સીસ્ટમમાંથી વૈકલ્પિક વ્યવસ્થા કરીને કચ્છને પાણી આપી શકાય તેમ છે ત્યારે તેનો ઇન્કાર કરવો જોઇએ નહીં.'

૭(૨) આ શબ્દો સાથેની જરૂરી દરખાસ્તો તેની પ્રાથમિક તાંત્રિક વિગતો સાથે જે તે વખતે રજૂ થઈ હતી અને મુંબઈ સરકારે આ બાબતને રાજસ્થાન સરકાર સાથે ગંભીરતાથી ઉપાડી હતી. પરિણામે રાજસ્થાન કેનાલ પ્રોજેક્ટના ચીફ એન્જિનિયર દ્વારા પ્રાથમિક તાંત્રિક વિગતોના રિપોર્ટ મેળવાયા હતા. મુખ્ય ઇજનેરની નોંધ અને મુંબઈના કેન્દ્રીય ડીઝાઇન ઓર્ગેનાઇઝેશનની નોંધો મારા ઉપરોક્ત પુસ્તકમાં વિગતે આપેલી છે.

૭(3) કચ્છનો તા. ૧-૫-૬૦થી ગુજરાત રાજ્યમાં સમાવેશ થયો ત્યારબાદ સિંધુ જળ કરારની ઉપરોક્ત સંધિ અમલમાં આવી. આ તબક્કે વચગાળાના સમયમાં મુંબઈ સરકારે જે દરખાસ્તો આગળ વધારી હતી તેમાં ગુજરાત સરકારે ખાસ દિલચસ્પી અને કાળજી નહીં રાખતાં તા. ૧૬-૬-૬૪ના રાજસ્થાન સરકારે પોતાની પાસે કોઈ ફાજલ પાણી નથી એવા બહાને ગુજરાત સરકારને પાણી આપવા ઇન્કાર કર્યો. આમ છતાં ત્યાર પછી કચ્છના હક્ક અને અધિકારની કાનૂની રખેવાળ અને વાલી એવી ગુજરાત સરકારે આ પ્રશ્ન કેન્દ્ર સરકાર સાથે ઉપાડી લેવાના બદલે મૌન ધારણ કરી કચ્છ અને ઉત્તર ગુજરાતને મળનાર પાણીની આ દરખાસ્ત અંગે કોઈ જ કાર્યવાહી કરી હોય તેમ જણાતું નથી.

૮. ગુજરાત સરકારે સિંધુ તટપ્રદેશના ભાગ તરીકે કચ્છ માટે કાયદેસર રીતે, સિંધુના પાણીનો હિસ્સો, ભારતને મળેલ પાણીના જથ્થામાંથી, મેળવવાનો પ્રશ્ન ઉપાડી લેવો જોઇતો હતો અને કેન્દ્ર સરકાર પાસે આ કેસ રજૂ કરવો જોઇતો હતો. કેન્દ્રની મધ્યસ્થી દ્વારા અથવા સેન્ટ્રલ વોટર ડિસ્પ્યુટ એક્ટ નીચે દાવો નોંધાવીને રાજસ્થાન સરકારને રાજસ્થાન નહેરમાંથી કચ્છનો પાણીનો પ્રમાણસર હિસ્સો ફાળવવા દબાણ કરવું જોઇતું હતું. કચ્છ એ સિંધુ તટપ્રદેશનો ભાગ હોઈ સિંધુના પાણી મેળવવા કાયદેસર હક્કદાર છે એ સાબિત થઈ ચૂક્યું છે. પાકિસ્તાન

સાથેના જળકરારથી રાજસ્થાનને રાષ્ટ્રના વિશાળ હિતમાં અકલ્પ્ય ફાયદો થયો છે અને તે દૃષ્ટિએ રાજસ્થાન નહેરને મળેલ પાણી કોઈ રાજ્ય નહીં પણ રાષ્ટ્રીય સંપત્તિ છે અને કચ્છને રાષ્ટ્રીય હિતમાં નુકસાન થયું છે ત્યારે રાજસ્થાન નહેરમાંથી કચ્છ માટે પાણીનો હિસ્સો મેળવવો જ જોઈએ. સન ૧૯૬૦થી કચ્છ, ગુજરાત રાજ્યનો ભાગ બન્યું હોવાથી કચ્છના હક્ક અને હિતોની જાળવણી અને રખેવાળી કરવાની ફરજ અને જવાબદારી ગુજરાત સરકારની બને છે અને તેથી ગુજરાત સરકારે સ્વયં આ પ્રશ્ને સક્રિય બનવું જોઈએ.

૯. હક્ક અને અધિકારનો પ્રશ્ન બાજુએ મૂકીને જોવામાં આવે તો પણ કેન્દ્ર સરકારે જે તે પ્રદેશના ખાસ કારણોને લક્ષમાં લઈ, ખાસ મધ્યસ્થી દ્વારા, વિના અધિકારે પણ આંતરરાજ્ય નદીઓના પાણી, તેવા પ્રદેશોને આપવાના હુકમો કરેલા છે. દા.ત. રાવી અને બિયાસના ભારતને ફાળવાયેલા પાણી ઉપર નદી તટ પ્રદેશ તરીકે હરિયાણાનો કોઈ કાયદેસર અધિકાર ન હોવા છતાં અને ટ્રીબ્યુનલે હરિયાણાની માગણી સ્પષ્ટપણે નકાર્યા છતાં માત્ર મુનસફીના ધોરણે, કેન્દ્ર સરકારે ૧૯૭૬માં ખાસ જાહેરનામું બહાર પાડી, હરિયાણાને સાડા ત્રણ મિલિયન એકર ફૂટ પાણી ફાળવવા હુકમ કરેલ છે. આ જાહેરનામામાં અપાયેલ કારણો આ પ્રમાણે છે :

(૧) હરિયાણામાં મોટા સૂકા વિસ્તારો છે અને સંખ્યાબંધ દુષ્કાળગ્રસ્ત વિસ્તારો છે.

(૨) પંજાબ રાજ્યની સરખામણીએ હરિયાણાની હાલની સિંચાઈ શક્તિનો વિકાસ ઘણો ઓછો છે.

(૩) હરિયાણામાં સિંચાઈ માટે વિપુલ જળરાશિની જરૂરિયાત છે, અને

(૪) રાજ્યના અન્ય જળસ્ત્રોતોમાંથી પાણીની ઉપલબ્ધિ તદ્દન મર્યાદિત છે.

આવોજ બીજો દાખલો ખુદ રાજસ્થાનનો છે. નર્મદાના પાણી ઉપર રાજસ્થાનનો કોઈ અધિકાર ન હોવાનો સ્પષ્ટ ચુકાદો નર્મદા ટ્રીબ્યુનલે તા. ૨૩-૨-૭૨ના આપેલ હોવા છતાં વડાપ્રધાનની મધ્યસ્થી દ્વારા તા. ૧૨-૭-૭૪ના કરારથી અર્ધો મિલિયન (પાંચ લાખ) એકર ફૂટ પાણીની ફાળવણી રાજસ્થાનને કરવાનું ગુજરાત સરકારે કબૂલ કર્યું છે. આ બંને કિસ્સામાં જે કારણો બતાવવામાં આવ્યા છે તે બધાં જ કારણો તેના વધુ ગંભીર અને વિપરીત તેમજ તીવ્ર સ્વરૂપે કચ્છના કિસ્સામાં અસ્તિત્વમાં હોવાનું દસ્તાવેજી આધારોથી સ્પષ્ટ થયેલ છે જેમાં ૧૯૭૨ના સિંચાઈ કમિશનના તારણો અને રાષ્ટ્રીય ખેતીવાડી કમિશનના તારણો તથા કચ્છના સંદર્ભે જુદા જુદા ૧૨ કારણોની વિગતપૂર્ણ નોંધ મારા ઉપરોક્ત પુસ્તકમાં આપેલી છે. મહી નદી ઉપર કડાણા ડેમના નિર્ણય વખતે પણ તેમાંથી રાજસ્થાનને પાણી આપવા ગુજરાત સરકાર પાસે સ્વીકાર કરાવવામાં આવેલ છે.

૧૦. આથી ગુજરાત રાજ્યે, રાજસ્થાન નહેર જે હવે ઈન્દિરા નહેર તરીકે ઓળખાય છે તેના પાણી, કચ્છના કંડલા સુધી સહેલાઈથી પહોંચી શકે તેમ છે, તેમાંથી કચ્છનો હિસ્સો મેળવવા સંઘર્ષ કરવો જોઈએ. વિકલ્પે, રાજસ્થાનને આપવાના નર્મદા અને કડાણાના પાણીમાંથી સિંધુ નદીના કાયદેસર રીતે કચ્છને મળનાર હિસ્સા જેટલા પાણીનો હિસ્સો બાદ કરી તે પરબારે કચ્છને આપવામાં આવે તેવી ગોઠવણ કરવી જોઈએ. નર્મદાની ઊંચી નહેરમાંથી કોઈપણ વધારાના ખર્ચ વિના કચ્છને પાણી આપી શકાય તેવો મત નર્મદા જળવિવાદ પંચના એક ન્યાયાધીશ શ્રી એ.કે. સિંહાએ પોતાના તા. ૧૯-૬-૭૮ના ચુકાદામાં આપ્યો છે તે અહીં નોંધવું પ્રસ્તુત થશે.

૧૧. છેલ્લામાં છેલ્લા અહેવાલો મુજબ હજુ આજે પણ રાજસ્થાન નહેર દ્વારા સતલજનું તમામ પાણી વાપરી શકાતું નથી અને આ નદીનું વધારાનું મોટા જથ્થાનું પાણી યા તો પાકિસ્તાનમાં જાય છે અગર તો નકામું વહી જાય છે. સતલજના પાણી ઉપર ભારતનો અબાધિત અધિકાર હોવાથી તેનું વધારાનું પાણી જે મોટા પ્રમાણમાં ચોમાસામાં પાકિસ્તાન બાજુ વહી જાય છે તેને ભારતમાં ઉપયોગમાં લાવી શકાય તેમ છે તેવો અભિપ્રાય ઈસરોના નિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી બલદેવ સહાયે પણ આપ્યો છે. આ હકીકતને ઈન્ડિયન રીમોટ સેન્સીંગ સેટેલાઈટની તસવીરોએ પણ સમર્થન આપ્યું છે. એટલું જ નહીં, નેશનલ વોટર ડેવલપમેન્ટ એજન્સીએ પણ નકામા વહી જતા પાણીને બચાવવા કેટલીક કેનાલો લંબાવવાની ભલામણ કરી છે. તેમાં આ ઈન્દિરા કેનાલનો પણ સમાવેશ થાય છે. આ દરખાસ્તમાં રાજ્યોના અંગત હિતને બાજુ પર મૂકીને 'રાષ્ટ્રીય હિતમાં' આમ કરવું જરૂરી બતાવાયું છે. આના સંદર્ભમાં એવા સમાચાર પણ બહાર આવ્યા છે કે તા. ૧૨-૫-૨૦૦૦ના રોજ ભારત સરકારના જળસ્ત્રોત મંત્રીએ રાજ્યસભામાં મુકેલી દરખાસ્ત મુજબ સતલજ નદીમાંથી પાણી વહન કરતી ઈન્દિરા કેનાલ જે પંજાબમાંથી નીકળી રાજસ્થાનના જેસલમેર ખાતે પૂરી થાય છે તેને કચ્છ થઈને સાબરમતી સુધી લંબાવવાનું આયોજન સૂચવાયું છે. કમનસીબે આ દરખાસ્તને એક વર્ષથી વધુ સમય વહી જવા છતાં ગુજરાતના સાંસદોએ તે વિશે અસરકારક કાર્યવાહી હાથ ન ધરતાં આ દરખાસ્ત જેમની તેમ લટકી રહી છે. શ્રી બલદેવ સહાયના અભિપ્રાય મુજબ આ દરખાસ્ત ગ્રાઉન્ડ વોટર અને એક્વાફાયરને રીચાર્જ કરવામાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે. કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો માટેનો પાણીનો પ્રશ્ન સરળતાથી હલ થઈ શકે તેવી આ દરખાસ્ત પર ગુજરાત સરકારે ગંભીરતાથી હોમવર્ક કરવું જરૂરી છે. કચ્છનું વાલીપણું યોગ્ય અર્થમાં નિભાવવાની કાળજી ગુજરાત સરકાર હજુ પણ

(અનુસંધાન : જુઓ પાના નં. - ૩૩ ઉપર)

નર્મદાના પ્રશ્ને કચ્છ વાસ્તવિકતા સ્વીકારશે?

• અશોક મહેતા •

(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૩નો લેખ)

નર્મદાના પાણીની ફાળવણી બાબતે ૧૯૭૯માં જળપંચે ચુકાદો આપ્યા બાદ તેના બીજા જ દિવસે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના મુખ્યમંત્રીપણા હેઠળની ગુજરાત સરકારે ગુજરાતની અંદરના જિલ્લાઓના પાણીની ફાળવણીની જાહેરાત કરી દીધી કે જે કચ્છ જિલ્લા માટે કારમા ઘા સમાન બની રહી. **વર્ષોના વહાણા બાદ પણ કચ્છ આ કારમા ઘાના પછડાટમાંથી બહાર આવી શકેલ નથી.**

એ સમયે વિરોધપક્ષમાં કચ્છના જે કોઈ ધારાસભ્યો હતા તેઓએ વિધાનસભામાં આ બાબતે વિરોધી સૂર ઉઠાવેલ હતો. પરંતુ તે અસરકારક બની, કચ્છને ફાળવાયેલ પાણીના પ્રશ્ને ફેર વિચારણા ન કરાવી શક્યો.

આ બાબત ૧૯૮૬થી શ્રી જીલુભા જાડેજાએ પ્રથમ ગુજરાત સરકારશ્રી સાથે અને ત્યારબાદ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની ૧૯૮૮માં રચના થતાં, આ નિગમ સાથે પણ કચ્છને ફાળવાયેલ પાણી બાબતે અસંતોષ વ્યક્ત કરતો પત્ર વ્યવહાર ચાલુ કર્યો પરંતુ તેના સંતોષજનક પરિણામો ન આવતાં, આ બાબતે અસરકારક વિરોધ કરવા "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની રચના કરવામાં આવી. સમય જતાં "કચ્છ કિસાન સંઘ" આ લડતમાં જોડાયું. લડતને બળ મળ્યું. **૧૯૯૨માં આ પ્રશ્ને ભુજમાં મહા રેલી કાઢવામાં આવી. તેમ છતાં ધાર્યા પરિણામો ન લાવી શકાયા. છેવટે ૧૯૯૯માં "કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ" તથા "કચ્છ કિસાન સંઘ"ના કેટલાક અગ્રણીઓ કોર્ટમાં ગયા.** ત્યારથી ગુજરાત સરકારશ્રી સાથે તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટોના દ્વાર બંધ થયા. આ સમય બાદ કોઈ એકલદોકલ સંસ્થા કે વ્યક્તિ વાટાઘાટો કરી આવે પરંતુ જોઈએ તે પ્રમાણમાં અસરકારક ન બની શકી. સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે આ પ્રશ્ને "ડેડ લોક" જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ.

અન્ય તરફ કોર્ટમાં કેસ હોવાના કારણે અથવા તો નિગમ પાસે પૂરતું ફંડ ન હોવાના કારણે કે કોઈ અન્ય કારણોસર નર્મદા નિગમે કચ્છ બ્રાંચ કેનાલના કામો પર જોઈએ તે પ્રમાણમાં લક્ષ આપ્યું નહીં અને કચ્છ બ્રાંચ કેનાલના કામો હજી સુધી ચાલુ થઈ શક્યા નથી.

દરમ્યાન જાન્યુઆરી ૨૦૦૨માં "ધરતીકંપ બાદ કચ્છમાં ઔદ્યોગિક વિકાસ" એ વિષય પર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી એક સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ. ત્યારે અમદાવાદ સમાજની કાર્યવાહીથી પ્રભાવિત થયેલા ઉપસ્થિત કેટલાક કચ્છી અગ્રણીઓ તરફથી "કચ્છ માટે નર્મદા નીર" અંગેના પ્રશ્નમાં સક્રિય રસ લેવા અહીંના કાર્યકરોને સૂચનો થયા. આથી કચ્છ માટેના આ પ્રાણપ્રશ્નમાં ઊંડા ઉતરી વિસ્તૃત અભ્યાસ કરવા સમાજે નિર્ણય કર્યો. આ પ્રશ્ને ભૂતકાળનો ઈતિહાસ, કચ્છની જનતાની માગણી અને તેના પરિણામ સ્વરૂપે આદરેલ લડત, સરકારશ્રી તથા નર્મદા નિગમના અધિકારીઓનો અભિગમ, સેન્ટ્રલ વોટર કમિશનનો અહેવાલ, વિવિધ નિષ્ણાતોના અહેવાલો વગેરે બાબતે અભ્યાસ ચાલુ કર્યો. **નર્મદાના પ્રશ્ને "કચ્છ બ્રાંચ કેનાલ" સમિતિની રચના કરવામાં આવી** અને આ સમિતિના કાર્યકરોએ આ પ્રશ્ને રસ દાખવતા વિવિધ કચ્છી મહાનુભાવોની અવારનવાર મુલાકાતો લઈ તેઓની સાથે ચર્ચાઓનો દોર શરૂ કરી દીધો.

આ ચર્ચાઓના અંતે એક તરફ નર્મદા નિગમ તથા સરકારશ્રી સાથે "કચ્છ બ્રાંચ કેનાલ"ના કાર્યો ચાલુ કરવા તથા કચ્છના આ બાબતના પ્રશ્નો હલ કરવા કોશિષ કરવાની શરૂઆત તો કરી દીધી. તો બીજી બાજુ આ પ્રશ્ને રસ દાખવતા કચ્છના કાર્યકરો સંગઠિત થઈ, સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટો કરી આ પ્રશ્ને સુખદ નિરાકરણ લાવવા વિચારશીલ થયા. એ મુજબ લોકમાનસ કેળવાતું ગયું.

પરિણામ સ્વરૂપે અનેક કચ્છી મહાનુભાવોની ઉપસ્થિતિમાં રવિવાર, તા. ૧૭-૮-૨૦૦૩ના ભુજમાં મળેલ મીટિંગમાં **"કચ્છ નર્મદા સમિતિ"ની રચના કરવામાં આવી** કે જે હવે પછી સમગ્ર કચ્છીઓ વતી સરકારશ્રી સાથે તથા નર્મદા નિગમ સાથે વાટાઘાટો આદરી આ પ્રશ્ને કચ્છના હિતમાં સુખદ નિરાકરણ લાવવા કોશિષ કરશે. આ સમિતિના અધ્યક્ષપદે શ્રી કીર્તિભાઈ ખત્રીની નિમણૂક, દીર્ઘદૃષ્ટિપૂર્વકનો નિર્ણય સાબિત થઈને રહેશે.

પ્રશ્ન એ છે કે કચ્છ આ બાબત જે કંઈ માગી રહેલ છે તે મળી શકશે? કચ્છની માંગ ગ્રેવિટી કેનાલથી ૨.૭ M.A.F. નિયમિત પાણી તથા સારા એવા પ્રમાણમાં વધારાના પાણીની છે જ્યારે સરકારશ્રી તથા નર્મદા નિગમના નિર્ણય મુજબ "લીફ્ટ એન્ડ ફોલ પધ્ધતિ"ની કેનાલથી સિંચાઈના નિયમિત પાણી ૦.૫ M.A.F. તેમજ વધારાના પાણી ૧.૦ M.A.F.ની છે.

બંને વાતો વચ્ચે મોટો તફાવત છે. પ્રવર્તમાન સંજોગોમાં વાસ્તવિકતા સ્વીકારી કચ્છ કદાચ આ બાબતે બાંધછોડ કરવા તૈયાર થઈ શકે પરંતુ સરકારશ્રી તથા નર્મદા નિગમ વિવિધ કારણોસર પોતાના નિર્ણયમાં ફેરફાર કરવા શક્તિમાન દેખાતા નથી. આ સમયે રાજકીય નેતાગીરીએ હવે આગળ આવવું જોઈએ અને આ પ્રશ્ને ભાજપ તેમજ કોંગ્રેસના ધારાસભ્યોએ સંયુક્તપણે પ્રયાસો આદરી રાજ્ય સરકાર પર દબાણ વધારી, વર્ષોથી આપત્તિમાં ઘેરાયેલા રહેતા

ઘણાના ઘરમાં ફૂલદાની હોય, થૂંકદાની હોય, મચ્છરદાની હોય પણ ખાનદાની ન હોય.

કચ્છ પ્રદેશ માટે શક્ય વધુ લાભો મેળવી આપવા કોશિષ કરવી જોઈએ. પ્રવર્તમાન સંજોગોમાં રાજકીય નેતાગીરી આ પ્રશ્ને રસ નહીં દાખવે અને કચ્છના આ પ્રાણપ્રશ્ને "કચ્છ નર્મદા સમિતિ" સાથે જોડાઈ તેઓ પણ ઉજાગર નહીં કરે તો ભવિષ્યનો કચ્છનો ઈતિહાસ આ નેતાગીરીને કોઈ પણ સંજોગોમાં માફ નહીં કરે.

બીજી તરફ જૂની વાતો ભૂલી જઈ, પ્રવર્તમાન સંજોગોની વાસ્તવિકતા સ્વીકારી, લીફ્ટ એન્ડ ફોલ પધ્ધતિની કેનાલ દ્વારા ૦.૫ M.A.F. નિયમિત પાણી તથા ૧.૦ M.A.F. વધારાના પાણી કચ્છ પ્રદેશ સ્વીકારી લે તો સરકારશ્રી અન્ય બાબતોમાં સહાનુભૂતિપૂર્વકના નિર્ણયો લઈ મોટી સાઈઝની કેનાલ, કેપ્ટીવ પાવર પ્લાન્ટની યોજના, વિવિધ નવા જળાશયો, માંડવી બ્રાંચ કેનાલને નલિયા થઈ લખપત સુધી લંબાવવી, દૂધઈ બ્રાંચ કેનાલને બન્નીના અંતરિયાળ પ્રદેશ સુધી લંબાવવી, કચ્છમાં ૧૦૦ મીટરના કંટૂર લેવલે લીંક કેનાલ બનાવવી, જ્યાં સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરા ના થાય તે દરમ્યાન માળિયા બ્રાંચમાંથી સિંચાઈની કેનાલ બનાવી કચ્છ સુધી સિંચાઈના પાણી પહોંચાડવા, ડ્રીપ ઈરીગેશન માટે સબસિડી તથા લોનની સુવિધા, રણ સરોવરની યોજના, કચ્છને હોંગકોંગ બનાવવાની સક્રિય કામગીરી, વગેરે બાબતોનો યોગ્ય સ્વીકાર કરે તો જ આ બાબતે યોગ્ય નિરાકરણ લાવી શકાશે.

કચ્છની પ્રજાએ તો "કચ્છ નર્મદા સમિતિ"ની રચના કરી પોતાની પહેલ આદરી દીધેલ છે પરંતુ બૉલ હવે રાજકીય નેતાગીરીના હાથમાં છે. આ રાજકીય નેતાગીરીની કોઈ પણ વ્યક્તિની નિષ્ક્રિયતા અથવા તો હવનમાં હાડકા નાખવાની રીત કચ્છને નુકસાનકર્તા સાબિત થઈ રહેશે.

કચ્છના સામાજિક કાર્યકરો તથા રાજકીય પ્રતિનિધિઓ જ્યાં સુધી છુઆછૂતને બાજુએ મૂકી, આ પ્રશ્ને એક થઈ, સરકારશ્રી પાસેથી યોગ્ય નિર્ણય લેવડાવવા સંયુક્તપણે કોશિષ નહીં કરે ત્યાં સુધી કચ્છની લડત અધૂરી જ રહેશે. પરિણામસ્વરૂપે ઓછું મેળવી, નુકસાન વેઠવાનો સમય કચ્છની પ્રજાને જ આવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કચ્છના હિતમાં, દરેકને એક જૂથ નીચે રહી, આ પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવા, પોતાની કોશિષ અવિરતપણે ચાલુ જ રાખશે. ■

કચ્છ અને તેની પાણીની સમસ્યા

(અનુસંધાન : પાના નં. - ૨૮ ઉપરથી ચાલુ)

કેનાલના કામો ચાલુ કરાવી શકાય અને શક્ય તેટલું જલદી કચ્છની સિંચાઈ લાયક જમીનમાં પાક લેવાનું ચાલુ કરાવી શકાય.

અત્યાર સુધી આપણી સમક્ષ નર્મદાના પાણી માટે જે કંઈ હકીકતો રજૂ કરવામાં આવી છે તેના કરતા આ વિભિન્ન પ્રકારની વાતો છે. પરંતુ અમો સૌ પ્રામાણિકપણે માનીએ છીએ કે આપણા માટે અન્ય કોઈ રસ્તા કરતાં, આ રસ્તો શ્રેષ્ઠ છે. આપણે કોઈ પણ જાતની અંતિમ તબક્કાની વાત કરવાના બદલે, આ બાબતે વ્યવહારુ અભિગમ અપનાવવાનો હવે સમય પાકી ગયેલ છે.

• નર્મદાના પીવાના પાણી :

શરૂના આયોજન પ્રમાણે કચ્છ બ્રાંચ કેનાલમાંથી સમગ્ર કચ્છને પીવાના પાણી તથા ઉદ્યોગોના વપરાશ માટેના પાણીનું આયોજન થવાનું હતું. પરંતુ હજુ સુધી એક યા બીજા કારણોસર જ્યારે કચ્છ બ્રાંચ કેનાલના જ કામો ચાલુ થઈ શકેલ નથી ત્યારે સૌરાષ્ટ્રની માળિયા બ્રાંચ કેનાલમાંથી પાઈપ દ્વારા આ પાણી પહોંચાડવાનો સરકારશ્રી તરફથી નિર્ણય લેવામાં આવ્યો અને એ પ્રકારના કામો હાલ કચ્છના અનેક વિભાગોમાં ધમધોકાર ચાલી રહેલ છે. કદાચ કચ્છના વાગડ વિભાગમાં એપ્રિલના અંતે આ પાણી ચાલુ થઈ પણ શકે. કચ્છના બધા જ ૯૦૦થીયે વધુ ગામોમાં પીવાના પાણી પહોંચાડવાનું કાર્ય સરાહનીય ગણાય અને આ માટે આપણે સરકારશ્રીને તથા તે માટે કચ્છના જે કાર્યકરોએ મહેનત કરેલ છે તેમને ધન્યવાદ આપવા ઘટે.

કચ્છના પીવાના તથા ઉદ્યોગોના પાણીનો પ્રશ્ન જે રીતે હલ કરવામાં આવે છે તેજ ભાવનાથી સિંચાઈના પાણીનો પ્રશ્ન હલ કરવામાં આવે તેવી અપેક્ષા સરકારશ્રી, નર્મદા નિગમ તથા આ પ્રશ્ને રસ ધરાવતા કચ્છના કાર્યકરો તથા કચ્છના અત્યારના ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા ભૂતપૂર્વ પ્રતિનિધિઓ પાસે બૃહદ્ કચ્છની જનતા ઈચ્છી રહી છે. ■

રાજસ્થાન કેનાલ દ્વારા
કચ્છ - ઉત્તર ગુજરાતની તૃષા છિપાવી શકાશે

(અનુસંધાન : પાના નં. - ૩૧ ઉપરથી ચાલુ)

લઈ શકે તેમ છે ત્યારે કચ્છને ન્યાય આપવા ગુજરાત સરકાર આગળ આવે અને કેન્દ્રની મદદથી કચ્છની તૃષા છિપાવે તેવી કચ્છની લાગણી અને માગણી ગુજરાત સરકાર વેળાસર નિભાવે તેવું આપણે ઈચ્છીએ.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો અસ્થાને નથી કે કચ્છમાં તાજેતરમાં થયેલા વિનાશક ભૂકંપ પછી કચ્છની પ્રજાના હાલહવાલ જાણવા ભારતના વડાપ્રધાન અટલજી કચ્છ આવ્યા ત્યારે ગુજરાત વિધાનસભાના માજી અધ્યક્ષ શ્રી કુંદનલાલ ધોળકિયાની આગેવાની હેઠળ વરિષ્ઠ નાગરિકોની સમિતિના પ્રતિનિધિ મંડળે તેમને મળીને લેખિત આવેદનપત્ર રજૂ કરેલું. તેમાં પણ રાજસ્થાન સરકારે તા. ૧૬-૬-૬૪ના ઈન્દિરા કેનાલમાંથી કચ્છના ભાગનું પાણી આપવાનો ઈન્કાર કર્યો ત્યારે ગુજરાત સરકારે કચ્છના વાલીપણાની ફરજ નહીં નિભાવીને કચ્છના આ પાણીના હક્કને ઉજાગર કરવા કેન્દ્ર સરકાર પાસે કાનૂની ક્લેઈમ રજૂ નહીં કરીને કચ્છને અન્યાય કર્યો છે તે વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને તે સંદર્ભમાં નર્મદાના પાણી ઉપર રાજસ્થાનનો કોઈ હક્ક નથી તેવો ટ્રીબ્યુનલનો ચુકાદો હોવા છતાં કેન્દ્રની દરમ્યાનગીરીથી રાજસ્થાનને નર્મદાનું પાણી ફાળવવાની સંમતિ ગુજરાત સરકારે આપી ત્યારે પણ કચ્છ માટે ઈન્દિરા કેનાલનું પાણી ગુજરાત સરકારે માગ્યું ન હતું તે તરફ પણ અંગૂલિ નિર્દેશ કર્યો છે અને સંભવતઃ ગૃહપ્રધાન શ્રી અડવાણીએ આવેદનપત્રના આ ભાગને ધ્યાનપૂર્વક જોઈને તેમાં માર્કિંગ કર્યાનું પણ જોઈ શકાયું હતું. આ તંતુને આગળ વધારીને પણ કેન્દ્રીય મંત્રીની ઉપરોક્ત તા. ૧૨-૫-૨૦૦૦ની દરખાસ્તને આગળ વધારવા ગુજરાત સરકાર સક્રિય બનીને પ્રાયશ્ચિત કરી શકે છે તેમ કહેવું અસ્થાને નથી.

"ગુજરાત સમાચાર"માંથી સાભાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રયાસોથી આખરે નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થવા પર

• અશોક મહેતા •

(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૩નો લેખ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ છેલ્લા કેટલાક સમયથી નર્મદાના પ્રશ્નના ઊંડાણમાં ઉતરી, આ માટે લાગતા વળગતા સાથે ચર્ચાઓ કરી, કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરાવવા જે પ્રયાસો થઈ રહેલ છે તેને હવે સફળતા પ્રાપ્ત થાય તેવા ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા, આ માટે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પાણી પૂરવઠા તથા જળ સિંચાઈ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, કચ્છના પ્રભારી મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ ગુજરાતના માજી મુખ્ય મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતા, ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર શ્રી ધીરૂભાઈ શાહ તેમજ ભૂતપૂર્વ કાયદા મંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી, ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ, હાલના ધારાસભ્યો શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા, શ્રી શિવજીભાઈ આહીર, શ્રી છબીલદાસ પટેલ, ડૉ. નીમાબેન આચાર્ય વગેરે સાથે અવાર-નવાર મીટિંગો તેમજ પત્રવ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહાપાત્રા, ડાયરેક્ટર (કેનાલ) શ્રી એસ. જે. દેસાઈ, કચ્છ બ્રાંચ કેનાલના ચીફ એન્જિનિયર શ્રી એસ. એ. પટેલ વગેરે સાથે પણ જરૂરી પત્ર વ્યવહાર તથા મીટિંગોના દોર ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત સર્વે પ્રયાસોના અંતે શ્રી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે એક સુપ્રિન્ટેન્ડન્ટ એન્જિનિયર શ્રી કે. જે. ત્રિવેદીની તથા પાંચ એક્ઝીક્યુટીવ એન્જિનિયરોની તાજેતરમાં નિમણૂક કરી દીધેલ છે અને તેઓને આ બ્રાંચ કેનાલની લાઈન દોરી, માઈક્રો-પ્લાનિંગ વગેરે પ્રકારની કાર્યવાહી શરૂ કરવાના આદેશો અપાઈ ચૂકેલ છે.

નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી સાથેની તાજેતરની એક મીટિંગમાં તેઓશ્રીએ જણાવેલ છે કે કચ્છ બ્રાંચ કેનાલ જ્યાં હમીરપર પાસેથી શરૂ કરવામાં આવનાર છે ત્યાં ઝીરો સાંકળની ૨૦ કિ.મી. સુધીના કામો નવેમ્બર માસ સુધીમાં ચાલુ કરી દેવાના પ્રયાસો નિગમે આદરી દીધેલ છે.

ત્યારબાદ સાંકળ ૨૦ કિ.મી.થી સાંકળ ૩૩ કિ.મી. સુધીના કામો પણ ચાલુ નાણાકીય વર્ષમાં જ ચાલુ થાય તેવી માહિતી પણ તેઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલ હમીરપરથી માંડવી સુધી અંદાજે ૩૫૨ કિ.મી. લંબાઈની છે. તેના પ્રથમ ૧૦૫ કિ.મી. બનાસકાંઠામાંથી પસાર થાય છે. જ્યારે ત્યારબાદના ૨૫૨ કિ.મી. વાગડ વિભાગના ફતેહગઢ પાસેથી શરૂ થઈ માંડવી સુધીના થાય છે.

ઉપરોક્ત કેનાલની ૧૦૫ કિ.મી.ની સાંકળ પર ફતેહગઢ આવેલ છે કે જ્યાંથી આ કેનાલ કચ્છ પ્રદેશમાં દાખલ થાય છે. આ કેનાલના કચ્છની ધરતી પરના કામો સાંકળ ૧૦૫થી સાંકળ ૧૨૫ સુધીના કાર્યો આવતા નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ચાલુ કરવાના આયોજનો શરૂ કરી દેવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલની કેપેસિટી ૨૨૦ ક્યુમેક્સ કરતા વધુ રાખવા, ફ્રી બોર્ડ ૩ ફૂટના બદલે ૫ ફૂટનું રાખવા, કેનાલ સળંગપણે એક જ પહોળાઈની રાખવા; નવા જળાશયો બનાવવા, કેપ્ટીવ પાવર પ્લાન્ટનું આયોજન કરવા, વગેરે પ્રકારના શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રયાસો ચાલુ જ રાખવામાં આવેલ છે.

એજ રીતે વધારાના પાણી કે જે કચ્છ પ્રદેશ માટે ૧.૦ MAF ફાળવવામાં આવેલ છે, તેના વપરાશ માટે આ કેનાલ માંડવીથી નલિયા થઈ લખપત સુધી લઈ જવા, દૂધઈ બ્રાંચ કેનાલને લંબાવી, બન્નીના છેવાડાના પ્રદેશ સુધી લઈ જવા તથા કચ્છમાં ૮૦-૧૦૦ કિ.મી.ના લેવલે લીંક કેનાલના આયોજનો સરકારશ્રી દ્વારા મંજૂર કરાવી, તેના કાર્યો પણ સત્વરે ચાલુ કરવામાં આવે તેમ પ્રયાસો ચાલુ કરી દેવામાં આવેલ છે.

અંદાજિત છેલ્લા બાર મહિનાના શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પ્રયાસોથી "કચ્છ બ્રાંચ કેનાલ"ના પ્રશ્ને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તથા સરકારશ્રીના લાગતા-વળગતા ખાતામાં આ કામો ચાલુ કરાવવા બાબતે પૂર્ણપણે સળવળાટ શરૂ થઈ ચૂકેલ છે તેવા ચિહ્નો સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ તરફથી ઉપરોક્ત કાર્યો માટે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી મુળજી નરશી શાહ, શ્રી નરેન્દ્ર છ. શાહ વગેરે કાર્યકરો પ્રયાસ કરી રહેલ છે.

આ પ્રશ્ને રસ દાખવતા કચ્છના અન્ય કાર્યકરો શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી લક્ષ જૈન,

(અનુસંધાન : જુઓ પાના નં. - ૪૧ ઉપર)

પ્રજાળે તે પ્રિયજન, દઝાડે તે દુરિજન અને સાચવે તે સ્વજન.

કચ્છ માટે નર્મદા નદીના સિંચાઈના પાણી

• અશોક મહેતા •

(મંગલ મંદિર, નવેમ્બર - ૨૦૦૩નો લેખ)

ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન એમ ચાર રાજ્યો વચ્ચે નર્મદા નદીના સિંચાઈના તેમજ પીવાના પાણીની ફાળવણીનો ચુકાદો, કેન્દ્રીય જળપંચ દ્વારા ૧૯૭૯માં આવી ગયા બાદ આ પાણીના વપરાશ માટે **ગુજરાત સરકારશ્રી દ્વારા ૧૯૮૮માં એક કોર્પોરેશનની રચના કરવામાં આવી કે જેને "સરદાર નર્મદા નિગમ લિમિટેડ" નામ આપવામાં આવ્યું.**

આ નિગમે ચોક્કસ પ્લાનિંગ દ્વારા પોતાની કાર્યવાહીનો આરંભ કર્યો. ત્યારબાદ તેનો અમલીકરણનો તબક્કો આવ્યો. જોતજોતામાં સરદાર ડેમ, મુખ્ય કેનાલ તથા બ્રાંચ કેનાલની કાર્યવાહી આગળ ધપતી રહી અને આજે આ નિગમની રચનાના ૧૫ વર્ષ બાદ ગુજરાતમાં અનેક સ્થળે નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચાડવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકેલ છે.

પરંતુ આ સમગ્ર બીનામાં "કચ્છ" એક તરફ હડસેલાઈ ગયેલ છે. જે રીતે કચ્છ એક છેવાડાનો પ્રદેશ ગણાય, તે જ રીતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો અમુક વિસ્તાર પણ છેવાડાના પ્રદેશ તરીકે ગણી શકાય. તેમ છતાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના આ વિસ્તારોમાં નર્મદા કેનાલની પ્રવૃત્તિઓ ધમધમાટપૂર્વક ચાલુ છે, જ્યારે કચ્છમાં આ યોજના અમલીકરણની દૃષ્ટિએ હજુ લગી કોઈ પ્રક્રિયા જ ચાલુ કરવામાં આવેલ નથી. કચ્છ માટે આ એક માનવસર્જિત કમનસીબી કહી શકાય.

જે રીતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની રાજકીય લોબી જાતે રસ દાખવી, આ યોજના અન્વયેના પોતાના પ્રદેશના કામો ચાલુ કરાવડાવી, પોતાના પ્રદેશનું હિત જાળવવા કોશિષ કરતી આવેલ છે, તે પ્રમાણે કચ્છની રા.જ.દ., કોંગ્રેસ કે ભાજપની નેતાગીરી આ બાબતમાં યોગ્ય કાર્યવાહી અત્યાર સુધી કરી શકેલ નથી તે દીવા જેવી સ્પષ્ટ હકીકત બની રહેલ છે. શ્રી કેશુભાઈ પટેલ, શ્રી સનત મહેતા, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી નરોત્તમભાઈ પટેલ વગેરે અનેક રાજકીય નેતાગીરીએ પોતાના પ્રદેશને સારો એવો લાભ અપાવડાવ્યો છે અને અનેક વખત પોતાની વગનો ઉપયોગ કરી સરકારશ્રી પાસે જે-તે યોગ્ય કે અયોગ્ય નિર્ણયો લેવડાવ્યા છે. એ જ રીતે કચ્છની નેતાગીરીની વાત કરીએ તો શ્રી કુંદનલાલ ધોળકિયા, શ્રી નવીનભાઈ શાસ્ત્રી, શ્રી હરીલાલ નાનજી પટેલ, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી ધીરુભાઈ શાહ, શ્રી અનંતભાઈ દવે, શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી મૂકેશભાઈ ઝવેરી વગેરે લોકોએ આ બાબતે જોઈએ તે પ્રમાણમાં યોગ્ય કાર્યવાહી કરી હોય તેવું દૃષ્ટિગોચર થતું નથી. સ્વયં આ બાબતે જે માનતા હોય તેવા રાજકીય નિર્ણયો લેવડાવી શકેલ નથી અથવા તો પ્રજાની વચ્ચે આવીને પોતાની માન્યતા પ્રમાણે વિચારો ઠોસ સ્વરૂપે રજૂ કરી શકેલ નથી.

આ બાબતે કચ્છની સામાજિક નેતાગીરીએ બહાર આવવું પડ્યું અને પોતાની માન્યતા પ્રમાણે સરકારશ્રી તેમજ નિગમ પાસે વિવિધ રજૂઆતો કરી અને જ્યારે એ રજૂઆતોના ધાર્યા પરિણામો ના લાવી શકાયા ત્યારે નાછૂટકે આંદોલન સ્વરૂપે લડત આદરી. આ લડતમાં કોઈપણ સમયે, કોઈપણ રાજકીય નેતાગીરી યોગ્ય રીતે સામેલ ન હોવાના કારણે, કદાચ યોગ્ય માર્ગદર્શન વિનાની બની રહી. પરિણામ સ્વરૂપે કચ્છની માગણી એવી બની ગઈ કે ગુજરાતની કોઈપણ સરકાર તેને સ્વીકારી શકી નહીં. નર્મદા નદીના પાણી જે પ્રમાણમાં ગુજરાતને ફાળવવામાં આવેલ છે તે સમગ્રપણે નિહાળીએ તો કચ્છ માટે ૨.૭ M.A.F. નિયમિત પાણીનો જથ્થો અને તે પણ ગ્રેવિટીથી આપવામાં આવે તેનો સ્વીકાર કોઈપણ પક્ષની સરકાર કરી શકેલ નથી. પરિણામ સ્વરૂપે આ લડત નિષ્ફળતા તરફ ફંટાઈ ગઈ.

ખેર! જે થયું તે, પરંતુ હવે કચ્છની પ્રજાના સામાજિક પ્રતિનિધિઓએ ફરીથી એક મંચ પર એકત્રિત થઈ "કચ્છ નર્મદા સમિતિ"ની જ્યારે રચના કરેલ છે ત્યારે કચ્છની અત્યારની રાજકીય નેતાગીરીએ પોતાના અંગત બધા જ છોછ છોડીને આ સમિતિ સાથે નિર્વિવાદપણે જોડાઈ જવું જોઈએ. અમારી માન્યતા પ્રમાણે કચ્છની અત્યારની રાજકીય નેતાગીરીની પ્રથમ હરોળની ગણના કરીએ તો તેમાં મુખ્યત્વે શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી સુરેશચંદ્ર મહેતા તેમજ શ્રી ધીરુભાઈ શાહની ગણના કરી શકાય. આ રાજકીય નેતાગીરીને સામેલ કર્યા વગર "કચ્છ નર્મદા સમિતિ" સરકારશ્રી પાસે નિર્ણયો લેવડાવી શકે તે આજના માહોલમાં શકય નથી. તેથી "કચ્છ નર્મદા સમિતિ"એ પણ આ બધા જ પ્રતિનિધિઓને સામેથી આમંત્રણ આપી આ કાર્યમાં સામેલ કરવા જોઈએ. કચ્છના બધા જ પ્રકારના સામાજિક કાર્યકરો, કચ્છના વિવિધ ઉદ્યોગપતિઓ તથા કચ્છના બધા જ પક્ષના રાજકીય પ્રતિનિધિઓ વગેરેને આ પ્રશ્ને સાથે રાખી, એક પ્લેટફોર્મ બનાવવું તે "કચ્છ નર્મદા સમિતિ"ના અધ્યક્ષશ્રી માટે કઠીન હશે પરંતુ અસંભવ તો નથી જ. આ પ્રશ્ને સહુને એક પ્લેટફોર્મ પર લાવ્યા બાદ સહુએ સાથે મળી, વિચાર વિમર્શ કરી, વાજબી તેમજ યોગ્ય માગણીઓ નર્મદા નિગમ તથા સરકારશ્રી સમક્ષ કરવી જોઈએ. કચ્છની એકઝૂટતાના દર્શન સામા પક્ષે પણ ખૂબજ અસરકારક બની રહેશે અને તેના પરિણામ સ્વરૂપે આપણે કચ્છ માટે કાંઈક ધાર્યું કરાવી શકીશું. સરકારશ્રીએ પણ આ સમિતિની રજૂઆત સાંભળવી જ રહી. ■

અક્કલ ન હોય તે અક્કડ બને અને જે અક્કડ બને તેને થપ્પડ વાગે જ.

નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામોની શુભ શરૂઆત

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ડિસેમ્બર - ૨૦૦૩નો લેખ)

સરદાર સરોવર બંધથી રાજસ્થાન સુધીની મુખ્ય નર્મદા કેનાલમાંથી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી કચ્છ બ્રાંચ કેનાલનો ફાંટો શરૂ થાય છે.

હમીરપર ગામથી માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધીની કચ્છ બ્રાંચ કેનાલની કુલ્લે લંબાઈ ૩૫૨ કિલોમીટરની છે. જેમાં પ્રથમ બનાસકાંઠામાંથી પાસ થઈ કચ્છના રણના કિનારા સુધી ૧૦૧ કિલોમીટર અને ત્યારબાદની તેની લંબાઈના ૨૫૧ કિલોમીટર કચ્છના રણમાંથી ફતેહગઢ થઈ સામખિયાળી - ભચાઉ વગેરેની ઉત્તરેથી તેમજ ટપ્પર ડેમ, ગાંધીધામ, ભદ્રેશ્વર, ગુંદાલા, ભોરારા, ભુજપુર, બિદડા, માંડવી વગેરેની ઉત્તરેથી પસાર થઈ માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધી જાય છે. તે ઉપરાંત આ કેનાલમાંથી ગાગોદર, વાંઢિયા તેમજ દૂધઈ સબ બ્રાંચ કેનાલના પણ આયોજનો છે.

એ જ રીતે વધારાના પાણીના આયોજન માટે આ કેનાલને માંડવીથી નલિયા થઈ લખપત સુધી લઈ જવા, દૂધઈ બ્રાંચ કેનાલને બન્નીના વિસ્તારો સુધી લઈ જવા તેમજ મધ્ય કચ્છમાં ૮૦થી ૧૦૦ મીટરના કુંટુર લેવલે લીંક કેનાલ બનાવી કચ્છના દસેય તાલુકામાં નર્મદાના સિંચાઈના પાણી પહોંચે તેવા આયોજનો કરાવવાના છે.

પરંતુ અત્યાર સુધી કચ્છની કમનસીબી બની રહેલ છે કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો અનેક વાદવિવાદોના કારણે અથવા તો અન્ય કોઈ કારણોસર હજુ સુધી ચાલુ થઈ શકેલ ન હતા.

જે રીતે કચ્છ દુષ્કાળગ્રસ્ત અને અછતગ્રસ્ત વિસ્તાર છે તે જ રીતે - ભલે તેનાથી અનેકગણી ઓછી માત્રામાં - ઉત્તર ગુજરાતના અમુક વિસ્તારો તથા સૌરાષ્ટ્રના પણ અમુક વિસ્તારો દુષ્કાળગ્રસ્ત તેમજ અછતગ્રસ્ત વિસ્તારો છે. આ બધા વિભાગોમાં એટલે કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નિયમિત પાણીને લગતી કેનાલોના કાર્યો વર્ષોથી ચાલુ થઈ ગયેલ છે. તેટલું જ નહીં, પરંતુ વધારાના પાણીના આયોજનોના કાર્યો પણ ધમધોકાર ચાલુ છે. જ્યારે સૌથી વધુ અસરગ્રસ્ત કચ્છ વિસ્તારના કાર્યો નર્મદા નિગમે હજુ સુધી ચાલુ કરેલ નહોતા, નર્મદા નદીના કચ્છના હિસ્સાના સિંચાઈના પાણી કચ્છમાં પહોંચશે કે નહીં, તેના પર શંકા સેવાવા લાગેલ હતી. જે રીતે શ્રી કેશુભાઈ પટેલ, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વગેરે પોતાના વિસ્તારના કાર્યો નિર્લજ્જપણે ધમધોકાર ચાલુ કરાવી શકેલ તે રીતે કચ્છ વિસ્તારના કાર્યો ચાલુ કરાવવા કચ્છની રાજકીય નેતાગીરી, સામાજિક નેતાગીરી તેમજ કચ્છના ઉદ્યોગપતિઓ, કચ્છના ટેક્નોક્રેટ્સ કે કાર્યકરો સરિયામપણે નિષ્ફળ ગયેલ હતા.

કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના અગ્રીમ કાર્યકરોના વલણના કારણે તેમજ આ સમગ્ર પ્રક્રિયા સબજ્યુડિસ બનવાના કારણે અથવા તો અન્ય કોઈ કારણસર નર્મદા નિગમે કચ્છ બ્રાંચ કેનાલના કોઈ પણ કાર્યો ચાલુ કરેલ ન હતા. અન્ય પ્રદેશના લોકોને નર્મદા નિગમનું બજેટ, કચ્છના ભોગે પોતાના વિસ્તારમાં ફાળવવાનો યોગ્ય - અયોગ્ય મોકો મળી ગયો. જેના ફળ સ્વરૂપે આ કેનાલના કાર્યો કચ્છ પ્રદેશના ભોગે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ધમધોકાર ચાલુ રહેવા પામ્યા. જ્યાં નર્મદાના પાણીની તાતી જરૂરિયાત છે તે પ્રદેશને બાજુએ રાખી, પ્રમાણમાં પાણીની ઓછી જરૂરિયાતવાળા પ્રદેશોના કાર્યો ઉઘાડે છોગ ચાલુ રહ્યા અને આપણે તથા આપણા આગેવાનો એ જોતા રહ્યા.

છેલ્લા એકાદ વર્ષથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રશ્ને ઊંડાણમાં ઉતરી સઘળી વિગતોનો ખ્યાલ મેળવ્યો અને તેના પરિણામ સ્વરૂપે લાગતા વળગતા ખાતાના પ્રધાનશ્રીઓ અને નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓ સાથે સમજપૂર્વકની મીટિંગો સતતપણે આદરીને કચ્છ વિસ્તારના કાર્યો શક્ય જલદી ચાલુ કરાવવા દબાણ કરી રહેલ હતું. સાથે સાથે કચ્છ બ્રાંચ કેનાલની કેપેસિટી ૧૭૦ ક્યુમેક્સથી વધારે રાખવાની અને કચ્છને મળતા પાણીનો જથ્થો વધારવા માટે સંબંધિત અધિકારીઓ સાથે મીટિંગો કરી, કચ્છની વાજબી અને ન્યાયી વાતો તેઓને સતતપણે મહેસૂસ કરાવતું હતું.

પરિણામ સ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે સુપ્રિન્ટેન્ડન્ટ એન્જિનિયર તથા અન્ય જરૂરી સ્ટાફ વગેરેની નિમણૂક કરવામાં આવેલ અને સમગ્ર કેનાલના સર્વેના કાર્યો આરંભી દેવામાં આવેલ. તદુપરાંત કચ્છ બ્રાંચ કેનાલના બનાસકાંઠા વિભાગના પ્રથમ ૨૦ કિલોમીટર લંબાઈની કેનાલના ટેન્ડરો પણ બહાર પાડવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષ એટલે કે ૨૦૦૩-૦૪માં આ કેનાલના કાર્યો કરવા રૂા. ૧૦ કરોડનું બજેટ પણ ફાળવવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

ઉપરોક્ત સમગ્ર હકીકત કચ્છ માટે સારા પરિણામોની શુભ શરૂઆતવાળી કહી શકાય. કચ્છ માટે હાલની પાણીની ફાળવણી મુજબ કચ્છમાં ૭ લાખથી વધુ એકર જમીનમાં સિંચાઈ થઈ શકશે. આ સિંચાઈ એટલે છેલ્લા પાંત્રીસ વર્ષ પછી આ વર્ષે કચ્છમાં જે સારો વરસાદ થયો અને તેના ફળસ્વરૂપે પિયત અને બિનપિયત એવા અંદાજિત આઠ લાખ એકરમાં ખેતી કરવામાં આવી છે અને તેના ફળસ્વરૂપે જે પાકો - બાજરી, એરંડા (દીવેલ), કપાસ, મગફળી, ઘઉં, ઈસબગુલ, જીરૂ, રાઈ વગેરે મળશે તેટલી ખેતી, વરસાદ પર આધાર રાખ્યા વગર નર્મદા નદીના સિંચાઈના પાણીથી દર વર્ષે થવા માંડશે.

(અનુસંધાન : જુઓ પાના નં. - ૪૨ ઉપર)

સંપ ત્યાં સતયુગ, કુસંપ ત્યાં કલિયુગ. જ્યાં સંત હોય ત્યાં સંપ.

વર્ષ ૨૦૦૪માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

નર્મદા નદીના સિંચાઈના પાણીના પ્રશ્ને રવિવાર તા. ૨-૨-૨૦૦૪ના રોજ અમદાવાદમાં કચ્છીઓની એક મીટિંગ યોજવામાં આવેલ. જેમાં ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, માજી કાયદામંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી, તત્કાલીન ધારાસભ્યો શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા તથા શ્રી છબીલદાસભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી તારાચંદભાઈ છેડા, કચ્છમિત્રના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, અન્ય કચ્છી મહાનુભાવો શ્રી લીલાધરભાઈ ગડા, શ્રી લેક્ષ જૈન, શ્રી કે.ટી. ગોગરી, શ્રી કોમલ છેડા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ, માનદ્ મંત્રી શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તત્કાલીન મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મૂળજી નરશી લોડાયા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. જેમાં વિવિધ પ્રકારના ૬ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતા.

- સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તથા અન્ય અધિકારીશ્રીઓને મળીને કચ્છ બ્રાંચ કેનાલના કામો શક્ય ત્વરાએ શરૂ કરાવવા દબાણ કરવામાં આવ્યું.
- હોળી - ધૂળેટીના દિવસો દરમ્યાન એટલે કે તા. ૬-૩-૨૦૦૪ તથા તા. ૭-૩-૨૦૦૪ના ૨૮ સભ્યોના એક જૂથે સરદાર સરોવર ડેમ સાઈટની મુલાકાત લઈ મુખ્ય ડેમ, રીવર બેડ, પાવર હાઉસ, કેનાલ હેડ પાવર હાઉસ, વિવિધ ૪ પોન્ડ્સ (તળાવ), મેઈન કેનાલ, શાખા નહેરો, કેનાલ પરના સ્ટ્રક્ચર્સ, વિસ્થાપિતો માટે પુનર્વસન તથા યોજનાના થનાર લાભો વિશેની જાણકારી મેળવી.
- ગુજરાત રાજ્યની સુજલામ્ સુફલામ્ યોજનાની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી. તેના અંતર્ગત કચ્છ જિલ્લા માટેની યોજનાની (૧) ૧૫ ટાઈડલ રેગ્યુલેટર, (૨) ૩૩ બંધારા, (૩) ૬૪૬ ચેકડેમો, (૪) ૧૬ રીચાર્જ ટેન્ક, (૫) ૧૫૦ કૂવાઓના રીચાર્જ તથા (૬) પીવાના અને ઘર વપરાશના પાણીની લાઈન ડિસ્ટ્રીબ્યુશનના કાર્યોની સમજ આપવામાં આવી.
- બનાસકાંઠામાં અન્ય ૩૫ કિ.મી. લંબાઈના તથા કચ્છમાં રાપર પાસેના ૨૧ કિ.મી. લંબાઈના કચ્છ બ્રાંચ કેનાલના ટેન્ડરો સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા બહાર પાડવામાં આવ્યા.

શુભ દિપાવલી અને નૂતન વર્ષની સૌને અંતરથી શુભ કામનાઓ....

नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !

STAINLESS STEEL
PRESSURE COOKER
AND PRESSURE PAN

IS-2347
CM/L-9495910



NEW ARRIVAL

Neelam
STAINLESS STEEL





Available Sizes :

Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior

Features

- Heavy Bottom Thickness
- Long-Lasting Stainless Steel Vent Tube
- Strong Rim For Enhanced Protection
- Anti-Bulging Thermal Base
- Energy Saver Base
- Induction Base Encapsulated Sandwich Bottom
- Made From 18/8 Salem Steel

5 Years Warranty

NEELAM APPLIANCES PVT. LTD.

Off. :
Neelam House, Fafadia Ind. Estate, Village Waliv, Vasai (E) - 401208.
Dist - Thane, Maharashtra, INDIA.
Tel. +91-250-2452309 / 2454869 / 3295791
Telefax : 2451982
Email : mail@neelamappliances.com / neelamappliances@gmail.com
Web. : www.neelamappliances.com

Regd. Off. :
G-75, Sarvoday Nagar, 1st Pabjarapole Lane,
C. P. Tank, Mumbai - 400 004.
Ph. - +91-22-22420227
E-mail : neelamsteel@yahoo.com

Innovators in exclusive range of quality stainless steel utensils

નર્મદા નદીના સિંચાઈના પાણીના પ્રશ્ને અમદાવાદમાં કચ્છીઓની મીટિંગ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, માર્ચ - ૨૦૦૪નો લેખ)

કચ્છને નર્મદા નદીના મળવાપાત્ર સિંચાઈના પાણી તથા નર્મદા નદીના મળવાપાત્ર ચોમાસાના વધારાના પાણીનો પ્રશ્ન ઘણા વર્ષોથી ચગડોળે ચડેલ હોવાના કારણે તેમજ આ સિંચાઈના પાણીના કાર્યો બીજા અનેક જિલ્લાઓમાં ધમધોકાર ચાલતા હોવા છતાં કચ્છ જિલ્લામાં આ કાર્યોની બિલકુલ શરૂઆત ન થયેલ હોવાના કારણે આજથી દોઢેક વર્ષ પહેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રશ્નના ઊંડાણમાં ઉતરવાનું નક્કી કરેલ હતું અને તે પ્રમાણેની કાર્યવાહીની શરૂઆત કરી દીધેલી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોએ આ સમયગાળા દરમ્યાન નર્મદા નિગમના અધિકારીશ્રીઓ, કચ્છના બધાજ પક્ષના રાજકીય આગેવાનો, આ પ્રશ્ને રસ દાખવતા કચ્છના વિવિધ ઉદ્યોગપતિશ્રીઓ તેમજ સામાજિક કાર્યકરો, કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના સભ્યો, કચ્છ કિસાન સંઘના અગ્રણીઓ તેમજ ગામડાના અનેક ખેડૂતોની મુલાકાત લઈ, આ મુદ્દે ચર્ચા કરી, આ વિગતોનો તલસ્પર્શી અભ્યાસ કરેલ હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોએ લાગતા વળગતા ખાતાના પ્રધાનશ્રીઓ સાથે પણ રૂબરૂ ચર્ચા કરેલ હતી.

ઉપરોક્ત વિચારણાના તથા અભ્યાસના અંતે આ સમાજના કાર્યકરોએ એવું તારણ કાઢેલ કે આ સમગ્ર કાર્યવાહીમાં સામાન્યપણે કચ્છના રાજકીય આગેવાનોનો જોઈએ તેવા પ્રમાણમાં સહકાર લેવામાં આવેલ નથી. મોટેભાગે તેઓને આ ચળવળથી અલિપ્ત રાખવામાં આવેલ છે. જ્યારે બીજી તરફ સરકારશ્રીમાં તથા સરદાર સરોવર નર્મદા નિગમમાં કચ્છના રાજકીય આગેવાનોની રજૂઆત પર જે દબાણ લાવી શકાય તે અન્ય પ્રજાજનની રજૂઆતથી દબાણ લાવી શકવું શક્ય નથી. પરિણામ સ્વરૂપે કચ્છના લોકોની આ ચળવળનો અંત હજુ સુધી સુખદ સ્વરૂપે આવી શકેલ નથી. કોઈપણ ચળવળ વર્ષોના વર્ષો લગી ચાલે એ કોઈ પણ સંજોગોમાં હિતાવહ તો ન જ કહેવાય.

આ ચળવળના વાસ્તવિક પરિણામો મેળવવા, ત્યારબાદ આ સમાજે પોતાની કાર્યવાહી શરૂ કરી દીધેલ. તેના ફળ સ્વરૂપે ગત રવિવાર, તા. ૨-૨-૦૪ના અમદાવાદ મધ્યે કચ્છના વિવિધ રાજકીય આગેવાનો, આ પ્રશ્ને રસ ધરાવતા વિવિધ ઉદ્યોગપતિશ્રીઓ તથા સામાજિક કાર્યકરોને નિમંત્રણ આપી એક સંયુક્ત મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાના અધ્યક્ષપદે યોજાયેલ આ મીટિંગમાં ગુજરાત સરકારના માજી મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, માજી કાયદામંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી, હાલના ધારાસભ્યો શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા તેમજ શ્રી છબીલદાસભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા તેમજ કચ્છના લોકપ્રિય અખબાર "કચ્છ મિત્ર"ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી લીલાધરભાઈ ગડા, શ્રી લક્ષ જૈન, શ્રી કે. ટી. ગોગરી, શ્રી કોમલ છેડા વગેરે ઉપસ્થિત રહેલ હતા. સાથે સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ તેમજ માનદ્ મંત્રી શ્રી ભરતભાઈ ઓઝા પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ, ટ્રસ્ટીઓમાંના શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મુળજી નરશી લોડાયા, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

ગુજરાત રાજ્યના માજી નાણામંત્રી તથા રાપર વિભાગના હાલના ધારાસભ્ય, માનનીય શ્રી બાબુભાઈ મેઘજી શાહ આ મીટિંગ પૂર્ણ થયા બાદ આવી પહોંચેલ હતા અને તેઓશ્રી સાથે અલગથી ચર્ચા કરવામાં આવેલ હતી.

અનિવાર્ય સંજોગોના કારણે આ મીટિંગમાં ગુજરાત રાજ્યના પૂર્વ અધ્યક્ષશ્રી તથા ગુજરાત રાજ્યના હાલના નાણાં પંચના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ, પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી તેમજ શ્રી અનંતભાઈ દવે, હાલના ધારાસભ્યો શ્રી શિવજીભાઈ આહીર તથા ડૉ. નીમાબેન આચાર્ય, પૂર્વ ધારાસભ્યો શ્રી મૂકેશભાઈ ઝવેરી તથા શ્રી વાસણભાઈ આહીર, તેમજ શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી દામજી લાલજી શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શશીકાંત ઠક્કર તેમજ શ્રી આર. કે. શામા ઉપસ્થિત રહી શકેલ ન હતા.

આ સભાની શરૂઆતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સૌને આવકાર્યા હતા અને આ સમાજ, આ પ્રશ્નના ઊંડાણે કઈ રીતે ગયો તેની વિગતો આપેલ હતી.

ત્યારબાદ આ સમાજના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આ સમાજે, આ પ્રશ્ને ઊંડા ઉતરી કરેલ કાર્યવાહીની વિગતો, વાસ્તવિક હકીકતોની તેમજ તેના તારવણોની રજૂઆત આ સભા સમક્ષ કરેલ હતી કે જે નીચે મુજબ હતી :

૧. સિંચાઈ માટેના પાણી દરેક જિલ્લાને જોઈએ છે. દરેક સ્થળે તેની પુષ્કળ તંગી છે. આવતા વર્ષોમાં તે એક સળગતો પ્રશ્ન બની રહેવાનો. એક જિલ્લો બીજા જિલ્લાને પાણી આપવા તૈયાર

નથી. આપણી પાસે ખેડા જિલ્લા તથા ભાવનગરનો દાખલો મોજૂદ છે. તે જ રીતે કર્ણાટક - તામિલનાડુનો દાખલો પણ મોજૂદ છે.

૨. નર્મદા નદીની મેઈન કેનાલના પશ્ચિમ વિભાગમાં પાણી આપવાના આયોજનો છે. આ કેનાલની પૂર્વ તરફના જિલ્લાઓ કોઈ પણ હિસાબે અને ભોગે આ સિંચાઈના પાણી મેળવવા કોશિષ કરી રહેલ છે. આ પૂર્વ તરફના વિભાગોમાં પણ પાણીની માંગ જબ્બર છે.

૩. કચ્છ એ ગુજરાતની નર્મદા યોજનામાં છેક છેવાડાનો પ્રદેશ છે. રાજકીય જબ્બર ઈચ્છા શક્તિ વગર આ જિલ્લામાં પાણી પહોંચાડવું ખૂબજ કઠીન કાર્ય બની રહેશે. સિંચાઈની કોઈ પણ યોજના, યોજનાના સમયગાળામાં ૧૦૦ ટકા પૂરી થતી નથી. ૫-૧૦ ટકા યોજના ખૂબજ ખોરંભે ચડે છે. દાંતીવાડા, ઉકાઈ, મહી-કડાણા કે ભાખરા-નાંગલ યોજના તેના દાખલા છે. કચ્છની યોજના ખોરંભે પડે તો તેનો અન્ય પ્રદેશને ફાયદો થાય તેમ છે. કેટલાક જિલ્લાના લોકોને આ ગમતું પણ હશે. કચ્છ આ યોજનામાંથી બાકાત ન રહી જાય તે આપણે જોવાનું રહેશે.

૪. કોઈપણ કારણ વગર હજુ સુધી નર્મદા નિગમે, "કચ્છ બ્રાંચ કેનાલ"ના કામો શરૂ કરેલ નથી.

૫. ૧૯૭૯માં જળ પંચનો ચુકાદો આવ્યો. ત્યારબાદની જાહેરાતમાં કચ્છના ભાગે ૦.૧૫ M.A.F. પાણી ફાળવવામાં આવ્યા. આ સામે વિરોધી લડત તથા આંદોલનો થયા. ૨૫ વર્ષની મહેનત બાદ આ પાણી વધારીને ૦.૫ M.A.F. કરવામાં આવ્યા. એક વખત એક જિલ્લાને ફાળવવામાં આવેલ પાણી, તેની પાસેથી પરત લઈને બીજા જિલ્લાને આપવામાં આવે તે શક્ય નથી. આ વહેંચણી છેલ્લે માર્ચ - ૨૦૦૦માં કરવામાં આવેલ. માર્ચ - ૨૦૦૦ની ફાળવણી થયા પછી N.A. થયેલ જમીનોના પાણી મેળવવા આપણે સંયુક્તપણે પ્રયાસો કરવા જોઈએ.

૬. એક સમય એવો હતો કે ચોમાસાના વધારાના ૩ M.A.F. પાણીમાંથી કચ્છને ૨.૫ M.A.F. પાણીની ઓફર કરવામાં આવેલ. પરંતુ તે સમયે આપણા કાર્યકરોએ તેનો સ્વીકાર કરેલ નહીં. આજે કચ્છને ચોમાસાના વધારાના માત્ર ૧.૦ M.A.F. પાણી ફાળવવાની જાહેરાત કરવામાં આવેલ છે, પરંતુ તેના G.R. હજુ બહાર પડી શકેલ નથી.

૭. કચ્છના લોકોની એવી લાગણી છે કે નર્મદા નદીના પાણીની ફાળવણીમાં કચ્છને અન્યાય કરવામાં આવેલ છે, કે જે વાત ગુજરાતના અન્ય જિલ્લાના રાજકીય આગેવાનો સ્વીકારવા તૈયાર નથી.

૮. કચ્છે વધુ પાણી માટે લડત આદરી પરંતુ આ ચળવળ કરનારા લોકો કચ્છના મોટાભાગના રાજકીય આગેવાનોના સહકાર ના મેળવી શક્યા, પરિણામ સ્વરૂપે આ ચળવળના હકારાત્મક પરિણામો આવી શકેલ નથી.

૯. કચ્છના પાણીના પ્રશ્ને આપણા કેટલાક લોકો કોર્ટમાં ગયેલ છે પરંતુ હવે કોર્ટમાં એવી પરિસ્થિતિ ઊભી થયેલ છે કે આપણી વાત કાયદાકીય રીતે સાચી હશે તો તેના જરૂરથી હકારાત્મક પરિણામો આવશે.

૧૦. આજે કચ્છને ૦.૫ M.A.F. નિયમિત પાણી તથા ૧.૦ M.A.F. ચોમાસાના વધારાના પાણી ફાળવાયેલ છે કે જેના પરિણામે અંદાજે ૮ લાખ એકર જેટલી જમીનમાં સિંચાઈથી પાક મેળવી શકાશે. લગભગ ૨૦ વર્ષ પછી ગત વર્ષ ૨૦૦૩માં સારા ચોમાસાના કારણે કચ્છમાં જે આઠ લાખ એકરમાં મલબખ પાક ઉતર્યા, તેટલો પાક નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ પાણીથી દર વર્ષે ઉતરી શકે.

૧૧. ૦.૫ M.A.F. પાણીથી ફતેહગઢથી માંડવીના મોડકુવા વિસ્તાર સુધીની ૨,૮૫,૦૦૦ એકર જેટલી જમીનમાં પાક મેળવી શકાશે, જ્યારે ચોમાસાના વધારાના ૧.૦ M.A.F. પાણીના આયોજનો (૧) માંડવીથી આગળ નલિયા થઈ લખપત સુધી કેનાલ લંબાવીને, (૨) દૂધઈ બ્રાંચ કેનાલને બન્નીના અંદરના વિસ્તારો સુધી લઈ જઈને તથા (૩) કચ્છના મધ્ય ભાગમાં ૮૦થી ૧૦૦ મીટરના કંટુર લેવલે એક લીંક કેનાલ બનાવી, કચ્છના મોટા ભાગના વિસ્તારમાં સિંચાઈના આયોજનો થઈ શકે.

૧૨. ઉપરોક્ત તારવણોને ધ્યાન પર લેતા એ ફલિત થાય છે કે:

(એ) કચ્છને ફાળવાયેલ નિયમિત કે ચોમાસાના વધારાના પાણીના જથ્થામાં ખાસ વધારો થઈ શકે તેવી શક્યતા ઓછી છે.

(બી) ફાળવાયેલ પાણીની કેનાલના કામો સત્વરે ચાલુ થવા જોઈએ અને શક્ય હોય તો તે આવતા ત્રણ વર્ષમાં પૂરા કરાવવા જોઈએ.

(સી) ચોમાસાના વધારાના ૧.૦ M.A.F. પાણીના G.R. સત્વરે બહાર પડાવવા જોઈએ.

(ડી) ચોમાસાના વધારાના ૧.૦ M.A.F. પાણી માટેના આયોજનો થવા જોઈએ અને તે કામોના અમલીકરણ પણ આવતા ત્રણ વર્ષમાં કરાવવો જોઈએ.

(ઈ) ચોમાસાના વધારાના પાણીના સંગ્રહ માટે ચાલુ જળાશયોની સંગ્રહ શક્તિ વધારવી જોઈએ અને નવા જળાશયો બનાવવા જોઈએ.

૧૩. ઉપરોક્ત કાર્યો રાજકીય ઈચ્છા શક્તિ વગર કરાવવા ખૂબ જ અઘરા છે અને રાજકીય ઈચ્છા શક્તિ હશે તો જ આ કાર્યોનો અમલ કરનાર પર પૂરેપુરું દબાણ લાવી શકાશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના છેલ્લા દોઢેક વર્ષોના પ્રયાસો બાદ જે તારવણો નીકળ્યા, તે તારવણોની રજૂઆત બાદ આજની સભામાં ઉપસ્થિત રહેનાર શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી ગોપાલભાઈ ધુવા, શ્રી નરેન્દ્રસિંહજી છેડા, શ્રી નવીનભાઈ શાસ્ત્રી,

શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી લક્ષ જૈન, શ્રી કે. ટી. ગોગરી, શ્રી લાલ રાંભિયા, શ્રી છબીલદાસભાઈ પટેલ, શ્રી લીલાધરભાઈ ગડા, શ્રી કોમલ છેડા, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી મનસુખભાઈ પટેલ તથા શ્રી હસમુખભાઈ ગઢેચાએ પોતાના મંતવ્યો રજૂ કરેલ. ત્યારબાદ લંબાણપૂર્વકની ચર્ચાના અંતે નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતા :

★ **ઠરાવ-૧ :** નર્મદાની નહેરના સિંચાઈના પ્રદેશોમાં જે જે વિસ્તારો, ફાળવવામાં આવેલ પાણીનો વપરાશ કરી શકે તેમ ન હોવાના કારણે તે - તે પ્રદેશોના વધેલા સિંચાઈના પાણી કચ્છ જિલ્લાને ફાળવવામાં આવે.

★ **ઠરાવ-૨ :** "કચ્છ બ્રાંચ કેનાલ"ના કામો એક કરતાં વધુ સ્થળેથી સત્વરે ચાલુ કરવામાં આવે અને તે આવતા ત્રણ વર્ષમાં પૂરા કરવામાં આવે.

★ **ઠરાવ-૩ :** સિંચાઈની ક્ષમતા જે વિસ્તારમાં વધારે હોય અને ચોમાસાના વધારાના પાણીનો વપરાશ જે વિસ્તારમાં વધારે થઈ શકે તેમ હોય તે વિસ્તારને આ પાણી વધારે પ્રમાણમાં "પ્રેફરન્સિયલ" રીતે ફાળવવામાં આવે.

★ **ઠરાવ-૪ :** કચ્છમાં ચોમાસાના વધારાના પાણીના વપરાશ માટે "કચ્છ બ્રાંચ કેનાલ"ને માંડવીથી આગળ નલિયા થઈ લખપત સુધી, દૂધઈ બ્રાંચ કેનાલને બન્નીના અંદરના વિસ્તારો સુધી અને કચ્છના મધ્ય ભાગમાં ૮૦થી ૧૦૦ મીટર કંટુર લેવલે લીંક કેનાલ બનાવડાવી, આ વિસ્તારોમાં આ પાણીના સિંચાઈના આયોજનો તાત્કાલિક ધોરણે કરવામાં આવે અને તે કાર્યોની તાત્કાલિક ધોરણે શરૂઆત કરવામાં આવે.

★ **ઠરાવ-૫ :** કચ્છમાં ચોમાસાના વધારાના પાણીના સંગ્રહ માટે સિંચાઈ માટેની નાની તથા મધ્યમ કક્ષાના જળાશયોની ક્ષમતા વધારવામાં આવે અને મોટી ક્ષમતાના અન્ય નવા જળાશયો બનાવવામાં આવે.

★ **ઠરાવ-૬ :** કચ્છમાં રીઝર્વ કરેલ જમીનને "ડી-રીઝર્વ" કરવામાં આવે કે જેના કારણે કચ્છ જિલ્લામાં સિંચાઈની જમીનોનું પ્રમાણ વધારી શકાય.

ઉપરોક્ત કાર્યોનો સરકારશ્રી તથા નર્મદા નિગમ પાસે અમલીકરણ કરાવવા, કચ્છમાં અગાઉ સ્થપાયેલ "નર્મદા કેનાલ સમિતિ"ના નેજા હેઠળ નીચે મુજબના ૨૫ સભ્યોની એક "અમલીકરણ સમિતિ"ની ત્યારબાદ રચના કરવામાં આવેલ હતી.

"એક્શન સમિતિ"

(૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - કન્વીનર, (૨) શ્રી સુરેશચંદ્ર મહેતા, (૩) શ્રી ધીરુભાઈ શાહ, (૪) શ્રી નવીનભાઈ શાસ્ત્રી, (૫) શ્રી બાબુભાઈ મેઘજી શાહ, (૬) શ્રી પુષ્પદાન ગઢવી, (૭) શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્ય, (૮) શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, (૯) શ્રી ગોપાલભાઈ ધુવા, (૧૦) શ્રી શિવજીભાઈ આહીર, (૧૧) શ્રી છબીલદાસ મહેતા, (૧૨) શ્રી તારાચંદભાઈ છેડા, (૧૩) શ્રી કીર્તિભાઈ ખત્રી, (૧૪) શ્રી અશોકભાઈ મહેતા, (૧૫) શ્રી હસમુખ ગઢેચા, (૧૬) શ્રી લક્ષ જૈન, (૧૭) શ્રી કે. ટી. ગોગરી, (૧૮) શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, (૧૯) શ્રી ડુંગરશીભાઈ ગાલા, (૨૦) શ્રી દામજી લાલજી શાહ, (૨૧) શ્રી લાલ રાંભિયા, (૨૨) શ્રી લીલાધર ગડા, (૨૩) શ્રી મનસુખભાઈ પટેલ, (૨૪) શ્રી કોમલભાઈ છેડા તથા (૨૫) શ્રી શશીકાંતભાઈ ઠક્કર.

ઉપરોક્ત સમિતિ સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે જરૂરી બેઠકો યોજી ઉપરોક્ત ઠરાવોના અમલીકરણ માટે શક્ય કોશિષ કરશે એવું ઠરાવવામાં આવેલ હતું.

વડાપ્રધાનશ્રીના રાહત ફંડમાંથી રૂા. ૧૩૦ કરોડના ખર્ચે ભુજ મધ્યે નવી બનાવવામાં આવેલ હોસ્પિટલ તથા તેને સંલગ્ન મેડિકલ કોલેજ માટે પણ વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ હતી અને તે અંગેની યોગ્ય કાર્યવાહી કરવાનું પણ સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.

ભવિષ્યમાં પણ આ પ્રકારની મીટિંગો અવારનવાર યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.

નોંધ : ઉપરોક્ત મીટિંગની વિગતવાર મિનિટ્સમાં જેમને રસ હોય તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીને પત્ર લખી ઉપરોક્ત મીટિંગની વિગતવાર મિનિટ્સ મંગાવી શકશે. ■

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રયાસોથી આખરે નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થવા પર

(અનુસંધાન : પાના નં. - ૩૪ ઉપરથી ચાલુ)

શ્રી લીલાધર ગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી દીપકભાઈ મેપાણી, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી કેશવજીભાઈ દેઢિયા, શ્રી જીલુભા જાડેજા વગેરે સાથે પણ આ વિષયે અવારનવાર વિચાર ગોષ્ઠી આદરી, સહુ સાથે રહી એકમતિ સાધવા આ સમાજ તરફથી છેલ્લા બાર મહિનાથી પ્રયાસો કરવામાં આવેલ. વ્યક્તિગત તેમજ અલગ-અલગ જૂથ સાથે, કચ્છ, મુંબઈ તેમજ અમદાવાદમાં મળેલ મીટિંગોમાં વિચાર વિનિમય કરવામાં આવેલ. ફળસ્વરૂપે કચ્છના આ પ્રાણપ્રશ્ને સંઘર્ષ ચલાવી રહેલ લગભગ તમામ સંસ્થાઓની એક સંયુક્ત બેઠક તાજેતરમાં તા.૧૭-૮-૨૦૦૩ના રોજ ભુજ ખાતે મળી હતી. દિવસભરની ચર્ચા વિચારણા અને મથામણના અંતે, સૌ સાથે મળી વાતચીતની રાહે આ મડાગાંઠ ઉકેલવાના પ્રયાસ કરવા સંમતિ સાધી શકાઈ હતી. અને આ હેતુ સાથે કચ્છ નર્મદા સમિતિની રચના કરવામાં આવી હતી. અને આ સમિતિના અધ્યક્ષ તરીકે "કચ્છ મિત્ર"ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આશા રાખીએ કે કચ્છના પ્રાણપ્રશ્નના વિના વિલંબે સુખદ ઉકેલ લાવવામાં આ સમિતિને સફળતા મળે. ■

કોઈની આંખમાં પાણી લાવે તેવી વાણી ન વાપરો.

નર્મદા નિગમના અધિકારીઓ સાથેની મુલાકાત

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૦૪નો લેખ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા કચ્છ નર્મદા સમિતિની કાર્યવાહક કમિટીના નેજા હેઠળનું એક પ્રતિનિધિ મંડળ ગત તા. ૮-૩-૦૪ના દિવસે સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની મુલાકાતે ગયેલ હતું. આ પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી શાંતિલાલ મુલજી સાવલાનો સમાવેશ કરવામાં આવેલ હતો.

પ્રતિનિધિ મંડળ તરફથી નર્મદા નદીના સિંચાઈના પાણી માટેની "કચ્છ બ્રાંચ કેનાલ"ના કાર્યો ત્વરીતપણે ચાલુ કરાવવામાં આવે તેવી ભારપૂર્વકની રજૂઆત કરવામાં આવેલ હતી. નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રી મહાપાત્રે જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલના ૦.૦થી ૧૦.૦ કિ.મી. તથા ૧૦.૦ કિ.મી.થી ૨૦.૦ કિ.મી.ના ટેન્ડરની ટેકનિકલ બીડ ઑપન થઈ ગયેલ છે અને આ ટેન્ડરો સ્કુટીનીમાં છે. તાત્કાલિક ધોરણે આ જરૂરિયાતની પૂર્તતા કરી, આ ટેન્ડરોની પ્રાઈસ બીડ ઑપન કરવામાં આવશે અને ત્યારબાદ તરતમાં કોન્ટ્રેક્ટ ઍવોર્ડ કરી, આ કાર્યો નજીકના ભવિષ્યમાં જ ચાલુ કરાવવામાં આવશે. તેઓશ્રીએ જણાવેલ કે આ અંગેની જરૂરી નાણાંકીય ફાળવણી પણ કરવામાં આવી ગયેલ છે.

ત્યારબાદ પ્રતિનિધિ મંડળે જણાવેલ કે કેનાલ બનાવવાના આ કાર્યો કચ્છની ધરતી પર પણ તાત્કાલિકપણે ચાલુ કરાવવામાં આવે. આ કેનાલના કામો ૧૦૫ કિ.મી.થી એટલે કે રાપર તાલુકાના ફતેહગઢ પાસેથી પણ શરૂ કરવામાં આવે. નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જણાવેલ કે આ કામો પણ શક્ય જલદી ચાલુ કરાવવામાં આવશે.

કચ્છ બ્રાંચ કેનાલના ૦.૦ કિ.મી.થી માંડવી સુધીના ૩૫૨ કિ.મી.ના કાર્યો એકથી વધુ જગ્યાએથી શરૂ કરાવી, આવતા ત્રણ વર્ષમાં આ કાર્યો પૂરા કરવામાં આવે તેવી રજૂઆત, જ્યારે આ પ્રતિનિધિ મંડળે કરી ત્યારે નર્મદા નિગમના ડાયરેક્ટર (કેનાલ) શ્રી એસ. જે. દેસાઈએ જણાવેલ કે મૂળ આયોજન પ્રમાણે માંડવી સુધીના કામો જે વર્ષ ૨૦૧૨ સુધીમાં પૂરા કરવાની ગણતરી હતી તેમાં સુધારો કરી હવે કચ્છમાં માંડવી સુધીની કેનાલનું કામ મે-૨૦૦૯ સુધીમાં એટલે કે આવતા છ વર્ષમાં પૂરું થઈ શકશે. પ્રતિનિધિ મંડળે આ કાર્યો આવતા ત્રણ વર્ષમાં પૂરા કરાવવા દબાણ કરેલ હતું.

ત્યારબાદ નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહાપાત્રે જણાવેલ હતું કે વર્તમાનપત્રોના તાજેતરના અહેવાલ પ્રમાણે ભુજ નજીકના માધાપર ગામની બેંકોમાં કચ્છીઓની તથા એન.આર.આઈ. કચ્છીઓની જે રૂા. ૧૦,૦૦૦/- કરોડ જેટલી રકમની ડિપોઝીટો પડેલ છે તે નર્મદા બોન્ડમાં રોકવામાં આવે તો આ પૈસાથી માત્ર કચ્છ બ્રાંચ કેનાલના જ કાર્યો કરવાનું અને એ રીતે આ કામો ખૂબજ ઝડપે થઈ શકે તેવા આયોજનો બનાવી શકાય. જવાબમાં ઉપસ્થિત પ્રતિનિધિ મંડળે જણાવેલ કે કેનાલ બનાવવાના આ કામો પ્રથમ કચ્છની ધરતી પર શરૂ કરવામાં આવે તો વાતાવરણમાં બદલાવ પેદા થઈ શકે અને ત્યારબાદ આપશ્રી તરફથી આ પ્રકારની અપીલ બહાર પાડવામાં આવે તો કચ્છીઓ કદાચ તેનો હકારાત્મક પ્રતિસાદ જરૂરથી આપી શકે. પરંતુ આ અંગેના પ્રયાસો છેક ટોચથી શરૂ થાય તે ખૂબજ જરૂરી બની રહેશે.

ત્યારબાદ આ કાર્યોને લગતી અન્ય અનેકવિધ ચર્ચાઓ બાદ આ મુલાકાત પૂર્ણ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ જાણવા મળ્યા મુજબ ગત તા. ૧૫-૩-૦૪ના કચ્છ બ્રાંચ કેનાલના ઉપરોક્ત બંને ટેન્ડરોની પ્રાઈઝ બીડ ગાંધીધામ ખાતે ઑપન કરવામાં આવેલ હતી. અંદાજિત બંને ટેન્ડરના ૩૮ કરોડ તથા ૩૪ કરોડ જેટલી કિંમતના કાર્યો હવે તરતમાં ચાલુ થાય તેવી શક્યતા નજીકના ભવિષ્યમાં જ દેખાઈ રહેલ છે. ■

નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામોની શુભ શરૂઆત

(અનુસંધાન : પાના નં. - ૩૬ ઉપરથી ચાલુ)

પરંતુ આ પ્રક્રિયા સહેલી નથી. ૩૫૨ કિ.મી.ની કચ્છ બ્રાંચ કેનાલની લંબાઈના કામો જ માત્ર નર્મદા નિગમના હિસાબે અંદાજિત રૂા. પંદરસો કરોડના થવા જાય છે, જ્યારે વધારાના પાણીના ૧.૦ M.A.F. પાણીના આયોજન માટે જળસિંચાઈ વિભાગે જે યોજના કરવી પડે તે અલગ. આ યોજના કદાચ અન્ય રૂા. ૨૫૦૦ કરોડ જેટલી થવા જાય. ગુજરાત સરકાર આ નાણાં નર્મદા નિગમને કે જળ સિંચાઈ વિભાગને ફાળવે ત્યારે જ આ શક્ય બની શકે. આ સમગ્ર પ્રક્રિયાને દૃષ્ટિ સમક્ષ રાખીએ તો ચાલુ નાણાંકીય વર્ષમાં ફાળવાયેલ માત્ર રૂા. ૧૦ કરોડની તો કોઈ ગણના જ ના થઈ શકે.

સૌ કચ્છીઓએ સાથે મળીને કચ્છના કામો શક્ય તેટલા ત્વરિતપણે કરાવવા નર્મદા નિગમ પર તથા સરકારશ્રી પર સતતપણે દબાણ કરવાથી જ આ પ્રક્રિયા ત્વરીત બની શકશે. કચ્છના સત્તા પક્ષના તથા વિરોધ પક્ષના અગ્રીમ કાર્યકરોએ પોતાના વ્યક્તિગત કે પક્ષીય હિતોને પ્રાધાન્ય આપવાને બદલે કચ્છના ઉત્કર્ષ માટે સભાનપૂર્વકના પ્રયાસો આદરવા જોઈશે કે જેના કારણે આ સમગ્ર પ્રક્રિયા ઝડપી બની શકે. કચ્છ બ્રાંચ કેનાલ માટે સરકારશ્રી તથા નર્મદા નિગમ દર વર્ષે વધુ ને વધુ નાણાં ફાળવે તો જ આ પ્રક્રિયા ત્વરિત બની રહે. ■

સડેલા લાકડા ઉપર સનમાઈકા જડી સુંદર દેખાડવાનો પ્રયત્ન કરવો તે દંભ....

સરદાર સરોવર - ડેમ સાઈટની મુલાકાત

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૦૪નો લેખ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, છેલ્લા કેટલાક સમયથી નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈના પાણી તથા તેને લગતા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોના પ્રશ્ને ઊંડાણમાં ઉતરેલ છે અને તે દિશામાંના પ્રયત્નો સતતપણે ચાલુ રાખે છે.

ઉપરોક્ત વિષયના અનુસંધાને "સરદાર સરોવર ડેમ"ની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવેલ. સમાજના ટ્રસ્ટ બોર્ડ, કારોબારી સમિતિ તથા અન્ય સમિતિઓના સભ્યોમાંથી ૨૮ સભ્યોનું એક જૂથ હોળી - ધૂળેટીના દિવસો દરમ્યાન તા. ૬-૩-૦૪ તેમજ તા. ૭-૩-૦૪ એમ બે દિવસની "કેવડિયા કોલોની"ની મુલાકાતે ગયેલ. આ પ્રકારની સ્ટડી ટુરનું આયોજન પ્રથમ વખત જ કરવામાં આવેલ.

સૌથી પ્રથમ "મોડેલ હાઉસ"ની મુલાકાત લેવામાં આવેલ કે જે "કેવડિયા કોલોની"માં જ આવેલ છે. આ મોડેલ હાઉસ જોવાથી ડેમના પૂર્ણ આયોજનનો ખ્યાલ આવી શકે છે. ડેમ સાઈટ, ડેમની ઊંચાઈ, ડેમની પહોળાઈ, પાણી પાસ કરવા માટેના રેડિયલ ગેઈટ્સ, ટનલ, રીવર બેડ પાવર હાઉસ, કેનાલ હેડ પાવર હાઉસ, ઈરીગેશન બાયપાસ ટનલ (IBPT), ડેમમાંથી પ્રથમ છોડવામાં આવતા પાણી માટેના વિવિધ પ્રકારના ૪ તળાવ તથા ૦.૦ કિલોમીટરથી ચાલુ થતી મેઈન કેનાલ વગેરેની ખૂબજ સારી રીતે સમજ મેળવી શકાય છે. દરેકની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

• મિક્સીંગ પ્લાન્ટ :

અહીં વિવિધ પ્રકારના સાયલો ટાવર ઊભા કરવામાં આવ્યા છે. કન્વેયર દ્વારા એકમાં રેતી, બીજામાં મેટલ તથા ત્રીજામાં સિમેન્ટ લાવવામાં આવે છે. આ ત્રણેને જરૂરી પ્રમાણમાં મિશ્રણ કરી તેમાં બરફના ચીપ્સ ઉમેરવામાં આવે છે. મિક્સીંગમાં પાણીની જગ્યાએ બરફ વાપરવામાં આવે છે કે જેના કારણે મિશ્રણનું ટેમ્પરેચર નીચું રહે અને આ કોન્ક્રીટના કારણે ભવિષ્યમાં ક્રેક / તિરાડો ના પડે. બરફ માટે આઈસ પ્લાન્ટ નજીકમાં જ ઊભો કરવામાં આવેલ છે.

• ટાવર ટ્રોલી :

ડેમના બંને છેડે ટાવર ઊભા કરવામાં આવેલ છે અને તેના પર વાયર રોપ બાંધવામાં આવેલ છે. આ વાયર રોપ પર ટ્રોલી ફર્યા કરે છે. મિક્સીંગ પ્લાન્ટમાંથી કન્વેયર દ્વારા કોન્ક્રીટ આ ટ્રોલીમાં ઠાલવવામાં આવે છે. આ ટ્રોલીમાં એક સાથે ૨૭ મેટ્રિક ટન કોન્ક્રીટ લઈ જવામાં આવે છે અને તેને ટ્રોલી દ્વારા ડેમ પર જે તે જગ્યાએ લઈ જઈ આ મિશ્રણ ઠાલવવામાં આવે છે. હેવી વાઈબ્રેટર દ્વારા આ કોન્ક્રીટને વાઈબ્રેટ કરી આ કોન્ક્રીટ દ્વારા ડેમ બાંધવામાં આવે છે અને તેની ઊંચાઈ વધારતા જવામાં આવે છે. ૨૪ કલાક આ કોન્ક્રીટીંગ ચાલુ રાખવામાં આવે છે. ૨૪ કલાકમાં અંદાજિત ૧૮૦૦ ઘન મીટર જેટલું કોન્ક્રીટ કરવામાં આવે છે. ડેમની ઊંચાઈ ૧૦૦ મીટરથી ૧૧૦.૬૪ મીટર સુધી લઈ જવા ૧.૯૦ લાખ ઘન મીટર કોન્ક્રીટ વાપરવામાં આવનાર છે કે જે ૪ મહિનામાં પૂરું કરવાનું આયોજન વિચારાયેલ છે.

• નર્મદા નદી :

નર્મદા નદીનું ઉદ્ગમ સ્થાન મધ્ય પ્રદેશમાં અમરકંટક પાસે આવેલું છે અને તે ૧૩૧૨ કિ.મી.ની લાંબી યાત્રા કરીને ખંભાતના અખાત પાસે આવીને અરબી સમુદ્રને મળે છે. નર્મદાને ૪૧ પેટા નદીઓ મળે છે કે જેમાંથી ૨૨ ડાબે કાંઠે અને ૧૯ જમણા કાંઠે આવેલી છે. નર્મદા નદીનો સ્ત્રાવ વિસ્તાર ૯૭,૪૧૦ ચોરસ કિ.મી. છે.

• મુખ્ય ડેમ :

ગુજરાતમાં નવાગામ પાસે આવેલ મુખ્ય ડેમની લંબાઈ ૧૨૧૦ મીટર છે. ડેમના ટોચની ઊંચાઈ ૧૪૬.૫૦ મીટર રાખવામાં આવનાર છે. આ ડેમના ફાઉન્ડેશનની ઊંડાઈ ૧૬.૫ મીટર જેટલી છે. આ જળાશયની લંબાઈ ૨૧૪ કિ.મી.ની છે, કે જે ગુજરાતમાં અંદાજિત ૨૫ કિ.મી. અને બાકી મધ્ય પ્રદેશમાં આવેલ છે. આ જળાશયની મહત્તમ પહોળાઈ ૧૬.૧ કિ.મી. છે જ્યારે તેની સરેરાશ પહોળાઈ ૧.૭૭ કિ.મી. છે. આ જળાશયની સંગ્રહ ક્ષમતા ૪.૭૫ એમ.એ.એફ. પાણીની છે. આ ડેમમાં પાણીની સપાટી વધુમાં વધુ ૧૩૮ મીટર સુધી રાખવામાં આવનાર છે.

• રીવર બેડ પાવર હાઉસ :

આ વીજ મથક નદીના જમણા કાંઠે, ડેમથી નીચે જતાં ૧૬૫ મીટરના અંતરે આવેલું ભૂગર્ભ વીજ મથક છે. તેમાં ૨૦૦ મેગા વોટના એક એવા છ યુનિટ્સ બેસાડવામાં આવનાર છે અને તેમાં ફ્રાન્સીસ ટાઈપ રીવર્સીબલ ટર્બાઈન જનરેટર મુકવામાં આવનાર છે. આ પાવર હાઉસની મશીનરી જાપાનથી આયાત કરવામાં આવેલ છે અને તેને શક્ય ઝડપથી પૂરું કરવાની યોજના છે.

• કેનાલ હેડ પાવર હાઉસ :

આ વીજ મથક પણ નદીના જમણા કાંઠે આવેલું જમીન પરનું વીજ મથક છે, જેમાં ૫૦ મેગા વોટનું એક એવા પરંપરાગત કાપ્લાન પ્રકારના પાંચ જનરેટર સેટ બેસાડવામાં આવેલ છે. આ વીજ મથક ૧૯૯૭માં તૈયાર થઈ ગયેલ છે. આ પાવર પ્લાન્ટની મશીનરી ભારતમાં જ બનાવવામાં આવેલ છે. ડેમનું કન્સ્ટ્રક્શન ૧૧૦ મીટર સુધી થયા બાદ આ પાવર પ્લાન્ટ વીજળી ઉત્પાદન કરી શકશે.

અમાસની અંધારી રાતને પૂનમ તો ન જ બનાવી શકાય, પરંતુ દિવાળી તો જરૂર બનાવી શકાય.

• **વિવિધ પ્રકારના ૪ પોન્ડ્સ (તળાવ) :**

ડેમમાંથી પાણી પ્રથમ પોન્ડ નં.-૧ માં અને ત્યારબાદ લીંક કેનાલ દ્વારા પોન્ડ નંબર-૨, ૩ તથા ૪ માં પાસ થઈ રેડિયલ ગેઈટ દ્વારા મેઈન કેનાલમાં લઈ જવામાં આવે છે. મેઈન કેનાલની શરૂઆત અહીંથી થાય છે. આમ ડેમમાંથી સીધેસીધું કેનાલમાં પાણી છોડવાના બદલે પહેલાં આ ચાર તળાવોમાં થઈને પછી મેઈન કેનાલમાં પાણી જાય છે.

• **મેઈન કેનાલ :**

ડેમ સાઈટથી રાજસ્થાનની હદ સુધી મેઈન કેનાલની લંબાઈ ૪૫૮ કિ.મી.ની છે. તદુપરાંત આ કેનાલની લંબાઈ રાજસ્થાનમાં ૭૪ કિ.મી.ની છે. શરૂમાં આ કેનાલના તળિયાની પહોળાઈ ૭૩.૧ મીટર (૨૪૦ ફૂટ) તથા ઊંડાઈ ૭.૬૦ મીટરની છે. આ કેનાલની વહન ક્ષમતા શરૂમાં ૧૧૩૩ ક્યુમેક્સની છે. જ્યારે ગુજરાત - રાજસ્થાન સરહદે તેની વહન ક્ષમતા ૭૧ ક્યુમેક્સની રાખવામાં આવનાર છે. આ કેનાલની લંબાઈ પર અનેક નાની - મોટી નદીઓ તથા નાળાઓ વગેરે પાસ કરવામાં આવનાર હોવાથી તેના પર વિવિધ પ્રકારના આશરે ૬૦૦ સ્ટ્રક્ચર્સ બાંધવામાં આવનાર છે. ૯૧.૪૪ મીટરના લેવલથી એટલે કે ૩૦૦ ફૂટના લેવલથી આ કેનાલમાં પાણી છોડવામાં આવનાર છે.

• **શાખા નહેરો :**

મેઈન કેનાલમાંથી ૪૪ શાખા નહેરો બાંધવામાં આવનાર છે કે જેમાં મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છની શાખા નહેરો મુખ્ય હશે. સૌરાષ્ટ્ર શાખા નહેરની ક્ષમતા ૪૨૫ ક્યુમેક્સ તથા કચ્છ શાખા નહેરની ક્ષમતા ૨૨૦ ક્યુમેક્સની રાખવામાં આવનાર છે. શાખા નહેરો, પ્રશાખાઓ, નાની નહેરો અને પેટા નાની નહેરોના નેટવર્કની લંબાઈ ૬૬,૦૦૦ કિ.મી. થશે.

• **નહેર પરના સ્ટ્રક્ચર્સ :**

આ મુખ્ય નહેર પર ૧૦.૦ કિલોમીટરના અંતરે વાડિયા બ્રાંચ હેડ રેગ્યુલેટર, ૧૭ કિલોમીટરે મેણ નદી પરનું સાયફન એક્વાડક્ટ તેમજ ૫૦.૦ કિલોમીટરના અંતરે મોરસંગ એક્વાડક્ટના સ્ટ્રક્ચર્સ ખૂબજ જોવાલાયક છે. એ જ રીતે અમદાવાદમાં સાબરમતી નદી પરનું સાયફન પણ જોવાલાયક સ્ટ્રક્ચર્સ છે. કેટલીક જગ્યાએ નદી પરથી કેનાલ પાસ થાય છે જ્યારે કેટલીક જગ્યાએ નદીની નીચેથી કેનાલ પસાર કરવામાં આવે છે. આ બધા સ્ટ્રક્ચર્સ જોયા પછી નર્મદા નિગમના એન્જિનિયરોની ક્ષમતા દાદ માગી લે તેવી ભાવના આપણા દિલોદિમાગ પર છવાઈ જાય છે.

• **વિસ્થાપિતો માટે પુનર્વસન :**

આ યોજનાથી અસરગ્રસ્ત કુટુંબોને યોજનાના લાભાર્થી કુટુંબોમાં પરિવર્તિત કરવાનો અભિગમ રાખવામાં આવેલ છે. સરદાર સરોવર યોજના જ એક માત્ર એવી યોજના છે કે જ્યાં દેશમાં સૌ પ્રથમ વખત જમીનના બદલામાં જમીન આપવામાં આવે છે. જે કુટુંબોની જમીન ૨૫ ટકા કરતાં વધુ પ્રમાણમાં ડૂબમાં જાય, તેમને અન્ય સ્થળે જમીન આપવામાં આવે છે. તા. ૧-૧-૧૯૮૭ સુધીના અસરગ્રસ્ત વયસ્ક પુત્રોને બે હેક્ટર જેટલી જમીન અન્યત્ર આપવામાં આવે છે. જમીન વિહોણા ખેત મજૂરો પણ આ યોજના હેઠળ બે એકર જેટલી જમીન મેળવવાપાત્ર છે. ડેમની ૧૧૦.૬૪ મીટરની ઊંચાઈ થાય ત્યાં સુધી ગુજરાત સરકારે પર્યાવરણ સંબંધી તેમજ પુનર્વસનના પગલા પૂરા કરી દીધેલ છે. આ યોજનામાં ૧૦૦ લાભાર્થીએ ૧ વિસ્થાપિતનું પ્રમાણ રહેલ છે.

• **આ યોજનાના લાભો :**

આ યોજનાથી ગુજરાતના ૧૪ જિલ્લામાં ૧૮ લાખ હેક્ટર જમીનમાં, રાજસ્થાનમાં ૭૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં તથા મહારાષ્ટ્રમાં ૩૭,૫૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની ખેતી થઈ શકશે. આ યોજનાથી ૧૪૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવામાં આવશે કે જેમાંથી મધ્ય પ્રદેશને ૫૭ ટકા, મહારાષ્ટ્રને ૨૭ ટકા તથા ગુજરાતને ૧૬ ટકા વીજળી મળી શકશે. ગુજરાતના ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરી વિસ્તારો તેમજ રાજસ્થાનના ૧૩૧ ગામોને પીવાના પાણી ઉપલબ્ધ થઈ રહેશે.

• **પ્રવાસ :**

તા. ૬-૩-૦૪ના સવારના ૮ વાગ્યે અમદાવાદથી કેવડિયા કોલોની જવા નીકળ્યા ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુંબઈ સ્થિત એક કાયમી ટ્રસ્ટી શ્રી બિપીનભાઈ જૈન પણ આ પ્રવાસમાં જોડાયેલ હતા. આણંદથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આણંદમાં "ગાલા બ્રશ"ની ફેક્ટરી પર અંદાજિત એક કલાકનો વિરામ રાખવામાં આવેલ કે જ્યાં બધી જાતના બ્રશના ઉત્પાદનો જોઈ શકાયા. સૌએ ગાલા પરિવારની મહેમાનગતિ પણ માણી.

તા. ૬-૩-૦૪ના સાંજે શૂલપાણેશ્વર મંદિરની મુલાકાત લીધી. અહીંનું આહ્લાદક વાતાવરણ ગમે તેવા થાકને પણ ઓગાળી નાખે છે. શૂલપાણેશ્વરનું અસલ મંદિર સરોવરમાં ડૂબમાં ગયેલ હોવાથી અહીં ગુજરાત સરકારે એક નવું જ મંદિર બંધાવી આપેલ છે.

આ સંસ્થાના એક સભ્ય શ્રી કિરીટભાઈ સંઘવીએ ખૂબજ રસ દાખવીને ઉપરોક્ત યોજના દરેક સમયે વિગતવાર સમજાવી અને આ યોજનાની સંપૂર્ણ જાણકારી આપી. તેમના વગર આ યોજનાની આટલી વિગતવાર માહિતી અને દરેક સ્થળની મુલાકાત શક્ય ના બનત.

• **સાર :**

આ બાબતે રસ લેતા દરેક કચ્છીએ એક વખત સરદાર સરોવર બંધની તેમજ મેઈન કેનાલની મુલાકાત લેવી જ રહી. નજરે જોયા વગર આ યોજનાનો અસલ અંદાજ બાંધવો કઠીન બની રહે. જાતે આ યોજના નિહાળ્યા બાદ મંત્રમુગ્ધ થઈ જવાય.

સરદાર સરોવર નર્મદા નિગમના એન્જિનિયરોની ક્ષમતા તથા કુશળતાના દર્શન કર્યા પછી તેમના ટેકનિકલ જ્ઞાનને ચેલેન્જ કરવું એ અક્ષમ્ય ગણાય.

જ્યારે સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીઓ કચ્છમાં નર્મદાના સિંચાઈના પાણી લઈ જવા "લીફ્ટ એન્ડ ફોલ"ની પધ્ધતિનું સૂચન કરતા હોય ત્યારે તેની સામે કચ્છનો એક સામાન્ય જન કે જેને આ વિષયક ટેકનિકલ જ્ઞાન નથી તે ગ્રેવિટીની વાત કરે ત્યારે તે માનવની પામરતા પર દયા આવે. ■

બરફના ટુકડા ઉપર કોતરકામ કરે અને પાણીમાં પેઈન્ટિંગ કરે તે ડાહ્યો ન કહેવાય.

સુજલામ્ સુફલામ્ યોજના

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૦૪નો લેખ)

એક તરફથી આપણે જોઈએ તો આ યોજનામાં કંઈ જ નવું નથી પરંતુ જૂની યોજનાઓને વ્યવસ્થિત કરી એક જૂથમાં સામેલ કરી, તેને આપણી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. આ યોજનાઓનો તાલીમબધ્ધ પ્રોગ્રામ બનાવી તેને સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું લક્ષ સેવવામાં આવેલ છે. નર્મદા નદીના ચોમાસાના વધારાના પાણીના આયોજનો, તેનાથી હયાત ડેમોમાં પાણી ઠાલવવું, ચેક-ડેમો બનાવવા, કુવાઓ રીચાર્જ કરવા, ખેત તલાવડીઓ બનાવવી, દક્ષિણ ગુજરાતની નદીઓને ઈન્ટરલીંક કરી મધ્ય ગુજરાતની નદીઓ સાથે જોડવી, કલ્પસર યોજના વગેરે યોજનાઓનો સમાવેશ આ યોજનામાં કરી લેવામાં આવેલ છે.

કુદરતી રીતે જોઈએ તો ગુજરાતમાં પાણીની વહેંચણી અસમાન ધોરણે થયેલ છે. દક્ષિણ ગુજરાતના અઢળક વરસાદ અને બારમાસી નદીઓ, મધ્ય ગુજરાતમાં મધ્યમ કક્ષાનો વરસાદ જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખૂબ જ સામાન્ય વરસાદ અથવા તો દુષ્કાળની પરિસ્થિતિ વારંવાર ઉત્પન્ન થયા કરે.

પરિણામ સ્વરૂપે યોગ્ય પ્રમાણમાં ખેતી ના થઈ શકે, જરૂરી ખેતી કરવા ભૂગર્ભ જળ ખેંચી લેવાના, બિન આયોજિત ઉપયોગના કારણે ભૂગર્ભ જળ ઊંડા ને ઊંડા ઉતરતા જાય, જમીનમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ તથા ખારાશનો ભાગ વધતા અને તે પાણીનો ઉપયોગ કરતા અનેક રોગજન્ય સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. જેના અંતે સામાન્ય મનુષ્યનો જીવન નિર્વાહ ખૂબજ કઠીન બની જાય.

આમ સમગ્ર ગુજરાતની વાત કરીએ તો અસમાન રીતે વહેંચાયેલી જળ સંપત્તિ, ભૂગર્ભ જળનો અતિશય બિન આયોજિત ઉપયોગ અને જમીન ઉપરના પાણીને રોકી રાખવાના બિન આયોજનના કારણે ૧૮,૦૦૦ ગામોમાંથી ૮૨૫૦ ગામો પીવાના પાણીની નબળી ગુણવત્તાનો ભોગ બનેલ છે. ૧૯૯૦ના દાયકામાં ભૂગર્ભ જળ જે ૩૦ મીટરે ઉપલબ્ધ હતા તે અત્યારે ૧૫૦થી ૧૮૦ મીટરે ઉપલબ્ધ થાય છે. આમ ધરતીના પેટાળમાંથી પાણી શોષાઈ જાય છે જ્યારે જમીન ઉપર પાણીનો સંગ્રહ થતો નથી. યોગ્ય વિકલ્પના અભાવે ધરતીમાંથી ટ્યુબવેલ દ્વારા વધુને વધુ પાણી ખેંચાય છે અને વધુને વધુ વીજળીનો ઉપયોગ થાય છે. રીચાર્જની અન્ય કોઈ વ્યવસ્થાના અભાવે "ડાર્ક ઝોન" વધતા રહ્યા છે. ખેતી માટે વીજળીનો વપરાશ ૪૦૦૦ મેગાવોટ પર પહોંચ્યો છે.

આ સમગ્ર સમસ્યાના કાયમી ઉકેલ માટે ગુજરાત સરકારે એક સમિતિની રચના કરી કે જેમાં નીચે મુજબના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો.

શ્રી એસ. કે. શેલત - મુખ્યમંત્રીશ્રીના સલાહકાર

ડો. પી. કે. મિશ્રા - મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવ

શ્રી એમ. એસ. પટેલ - સચિવશ્રી, સિંચાઈ વિભાગ

આ સમિતિએ ઉપરોક્ત સમસ્યાનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ જે યોજનાઓની રજૂઆત કરી તે યોજના સુજલામ્ સુફલામ્ યોજના. આ યોજના ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલ છે.

- **સુજલામ્ સુફલામ્ યોજના-૧ :** એટલે મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, કચ્છ અને સુરેન્દ્રનગર એમ ૧૦ જિલ્લા માટેની યોજના કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૬૦૮૮ કરોડ જેટલો ગણવામાં આવેલ છે. આ યોજના ડિસેમ્બર - ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ છે.
- **સુજલામ્ સુફલામ્ યોજના-૨ :** એટલે દમણગંગા, પાર, તાપી, સાબરમતી તેમજ વચ્ચે આવતી નદીઓ, નદી પરિસરો અને જળાશયોને જોડી દઈને ચોરવાડ સુધીના પ્રદેશની પાણીની સમસ્યાઓનો સર્વાંગી ઉકેલ લાવવાની યોજના.
- **સુજલામ્ સુફલામ્ યોજના-૩ :** એટલે કલ્પસર યોજના કે જેમાં નર્મદા, મહીસાગર, ઢાઢર અને સાબરમતી જેવી મુખ્ય ચાર નદીઓ સહિત કુલ ૧૨ નદીઓના પાણીને દરિયામાં મળતા પહેલા જ અટકાવી એક વિરાટ બંધ બાંધી તેને એક વિશાળ સરોવરમાં ફેરવી નાખતી યોજના. કલ્પસર યોજના એટલે સિંચાઈ અને પીવાના પાણી ઉપરાંત વીજળી અને રેલવે તથા રોડ જેવી પરિવહન યોજના તથા અન્ય અનેક મહત્ત્વની સુવિધાઓ દ્વારા ગુજરાત - સૌરાષ્ટ્રની એકંદર સમૃધ્ધિમાં વધારો કરતી યોજના.

અત્યારે સુજલામ્ સુફલામ્ યોજના-૧ ના અમલીકરણની વાતો ચાલે છે અને તેના ઠેરઠેર ઉદ્‌ઘાટનો કરવામાં આવી રહેલ છે. તેથી આ યોજનાને વિસ્તૃતપણે નિહાળશું.

આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૬૦૮૮ કરોડનો ગણવામાં આવેલ છે અને તેને ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાના લક્ષ્યાંકો નિરધાર કરવામાં આવેલ છે. આ યોજનાના નાણાંકીય સંસાધનો સુનિશ્ચિત કરવામાં આવેલ છે. કહેવામાં આવે છે કે આ યોજનાને, વડા પ્રધાનશ્રી, નાયબ વડા પ્રધાનશ્રી તથા કેન્દ્રીય નાણાં મંત્રીશ્રી તરફથી હરાકાત્મક પ્રતિસાદ મળેલ છે. કેન્દ્રીય નાણાં મંત્રીશ્રીએ આ યોજનાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે અને કેન્દ્ર પુરસ્કૃત "એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ક્રેડિટ ફંડ" કે જેનું નવું નામ "લોકનાયક જય પ્રકાશ નારાયણ

અહંકારની કબર થઈ જાય પછી જ પરમાત્માનો પ્રવેશ થાય છે.

ફંડ'' જાહેર કરવામાં આવેલ છે તેમાંથી તેમજ ''એક્સીલરેટેડ ઈરીગેશન બેનીફીટ પ્રોગ્રામ'' (AIBP) તથા ''રૂરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ'' (RIDF) માંથી નાણાંકીય સહાય ઉપલબ્ધ થઈ શકશે તે આધારે આ યોજના તરતી મુકવામાં આવેલી છે.

સુજલામ્ સુફલામ્ યોજના-૧ મુખ્યત્વે પાંચ વિભાગમાં વહેંચવામાં આવેલ છે.

- **વિભાગ-૧ :** રૂા. ૪૪૨૫ કરોડ
  મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા અને અમદાવાદ એમ ૬ જિલ્લાની યોજનાઓ.
- **વિભાગ-૨ :** રૂા. ૭૯૨ કરોડ
  પંચમહાલ અને દાહોદ જિલ્લાઓ માટેની યોજનાઓ
- **વિભાગ-૩ :** રૂા. ૪૯૨ કરોડ
  કચ્છ જિલ્લા માટેની યોજનાઓ
- **વિભાગ-૪ :** રૂા. ૩૨૯ કરોડ
  સુરેન્દ્રનગર જિલ્લા માટેની યોજનાઓ
- **વિભાગ-૫ :** રૂા. ૫૦ કરોડ
  એક લાખ ખેત તલાવડી નિર્માણ કરવાની યોજના

કુલ રૂા. ૬,૦૮૮ કરોડ

ઉપરોક્ત પાંચ વિભાગોની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

- **<u>વિભાગ-૧</u> :** મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા તથા અમદાવાદ જીલ્લાઓ માટેની યોજના :-

- આ યોજના હેઠળ કડાણા ડેમથી બનાસ રીવર બેસીન સુધી ૨૮૦ કિ.મી. લાંબી કડાણા રીચાર્જ કેનાલ તૈયાર કરવામાં આવશે કે જેમાં કડાણાનું દરિયામાં વહી જતું ફ્લડ વોટર ૭૦૦ મિલિયન ઘનમીટર પાણી વહન કરવામાં આવશે. આનાથી ૨૧ નદીઓ અને સેંકડો તળાવો પુનર્જીવિત કરવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૪૬૦ કરોડ ગણવામાં આવેલ છે.
- નર્મદા મેઈન કેનાલમાંથી નર્મદા યોજનાના ઉત્તર ગુજરાતના હિસ્સાના એક મિલિયન એકર ફીટ પાણીથી ધરોઈ, માઝુમ, મેશ્વો, વાત્રક, હાથમતી, ગુહાઈ, મુક્તેશ્વર અને સીપુ - દાંતીવાડા સહિતના નવ પ્રમુખ જળાશયો કે જે હાલ તેની ક્ષમતાના ૫૦ ટકા જેટલા પાણીનો સંગ્રહ કરે છે તેના કમાન્ડ વિસ્તારને સંપૂર્ણ ૧૦૦ ટકા ક્ષમતા ઉપર ભરવામાં આવશે અને તેની નહેરોનું વિસ્તરણ કાર્ય હાથ ધરાશે અને વહેણ સિંચાઈ સિવાયના વિસ્તારોમાં ચેક ડેમો કરવામાં આવશે. આ વિસ્તારના ૫૦૦૦ ગામ તળાવો પણ નર્મદાના પાણીથી ભરવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૨૯૬૯ કરોડ ગણવામાં આવેલ છે.
- નર્મદા મેઈન કેનાલમાંથી કડાણા રીચાર્જ કેનાલને જોડતી ડિસ્ટ્રીબ્યુશન લાઈનના નેટવર્કનું કાર્ય કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૭૩ કરોડનો ગણવામાં આવેલ છે.
- આ છ જિલ્લાઓમાં પીવાના પાણી માટે બલ્ક અને ડિસ્ટ્રીબ્યુશન લાઈનોનું આયોજન વિચારવામાં આવેલ છે કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૯૨૩ કરોડ ગણવામાં આવેલ છે.
- આ રીતે આ ૬ જિલ્લાઓ માટે રૂા. ૪૪૨૫ કરોડનું આયોજન વિચારવામાં આવેલ છે.

- **<u>વિભાગ-૨</u> :** પંચમહાલ અને દાહોદ જિલ્લાઓ માટેની યોજના

- પંચમહાલ અને દાહોદ એમ બે જિલ્લાના આદિવાસી ક્ષેત્રોમાં કડાણા ડાબા કાંઠા હાઈ લેવલ યોજના અને પાનમ જળાશયની હાઈલેવલ યોજનાથી સિંચાઈની સુવિધાઓ વિક્સાવવામાં આવશે. આ ઉપરાંત ચેક-ડેમો બનાવવામાં આવશે અને તળાવો ઊંડા કરાવવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૩૮૨ કરોડનો ગણવામાં આવેલ છે.
- પીવાના પાણી માટેની યોજનાઓ રૂા. ૪૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવસે.
- આ રીતે આ બે જિલ્લાઓ માટે રૂા. ૭૯૨ કરોડનું આયોજન વિચારવામાં આવેલ છે.

- **વિભાગ-૩ :** કચ્છ જિલ્લા માટેની યોજના

• ૧૫ ટાઈડલ રેગ્યુલેટર બનાવવામાં આવશે	રૂા.	૯૦ કરોડ
• ૩૩ બંધારા બનાવવામાં આવશે	રૂા.	૭૭ કરોડ
• ૯૪૯ ચેક-ડેમો તૈયાર કરવામાં આવશે	રૂા.	૮૦ કરોડ
• ૧૯ રીચાર્જ ટેન્ક તૈયાર કરવામાં આવશે	રૂા.	૨૨ કરોડ
• ૧૫૦ કૂવાઓ રીચાર્જ કરવામાં આવશે	રૂા.	૩ કરોડ
• પીવાના અને ઘર વપરાશના પાણીની લાઈન ડિસ્ટ્રીબ્યુશનના કાર્યો	રૂા.	૨૨૦ કરોડ
	રૂા.	**૪૯૨ કરોડ**

નોંધ : ઉપરોક્ત સુજલામ્ સુફલામ્ યોજના સિવાય કચ્છ જીલ્લાને નર્મદા નદીના વધારાના પાણીમાંથી જે એક મિલિયન એકર ફીટ પાણી ફાળવવામાં આવેલ છે તેના આયોજનોની જાહેરાત નીચે મુજબ કરવામાં આવેલ છે :

- કચ્છ શાખા નહેરના વહેણમાં આવતા જળાશયો આ પાણીથી ભરવામાં આવશે.
- ફતેહગઢ યોજનામાં નવા વધારાના વિસ્તારમાં પાણીનો સંગ્રહ કરવામાં આવશે.
- કચ્છ શાખા નહેરને લંબાવીને સિંચાઈનો વિસ્તાર વધારાશે.
- કચ્છના બન્ની વિસ્તારમાં પાણી આપવામાં આવશે.
- વાપકોસ (WAPCOS)ના અભ્યાસ અહેવાલ અનુસાર આ

વધારાના એક મિલિયન એકરફીટ પાણી નેટવર્ક યોજનાનો અંદાજિત ખર્ચ રૂા. ૧૩૨૦ કરોડ થશે, જ્યારે વહન માટેનો વાર્ષિક સંચાલન તથા મરામતનો ખર્ચ રૂા. ૨૨૧ કરોડ થશે. આ યોજનાથી કચ્છ વિસ્તારમાં વધારાના ૮૬,૦૦૦ હેક્ટરમાં સિંચાઈનો લાભ મળી શકશે.

■ **<u>વિભાગ-૪</u>** : સુરેન્દ્રનગર જિલ્લા માટેની યોજના

- નર્મદાના પાણીથી ૧૭ નદીઓ પરના હયાત ચેક-ડેમો ભરવામાં આવશે.
- રૂા. ૮૫ કરોડના ખર્ચે નવા ૧૦૭ ચેક-ડેમો બનાવી તેને નર્મદાના પાણીથી ભરી દેવામાં આવશે.
- હયાત મધ્યમ અને નાની સિંચાઈ યોજનાના ૨૭ સરોવરોને આ પાણીથી ભરી દેવામાં આવશે.
- પીવાના પાણી માટે રૂા. ૨૪૪ કરોડની પાઈપ લાઈન યોજના હાથ પર લેવામાં આવશે.
- આ રીતે ટોટલ રૂા. ૩૨૯ કરોડનું આયોજન વિચારવામાં આવેલ છે.

■ **<u>વિભાગ-૫</u>** : ખેત તલાવડી

- એક લાખ ખેત તલાવડીઓ બનાવી એક કરોડ ઘન મીટર પાણીનો સંગ્રહ કરાશે.
- ૬૫ લાખ માનવ દિન રોજગારી ઉત્પન્ન થશે.
- ૬૦,૦૦૦ મે.ટન ઘઉંનું વિતરણ કરવામાં આવશે.
- દરેક ખેડૂત બે ખેત તલાવડી બનાવી શકશે.
- આ યોજનાનો ખર્ચ રૂા. ૫૦ કરોડ અંદાજવામાં આવેલ છે.

■ **સુજલામ્ સુફલામ્ યોજનાના વિશિષ્ટ લાભો :**

- ભૂગર્ભ જળના તળ નીચા જવાના બદલે રીચાર્જ થશે.
- ૨૭૯૧ ગામો ફ્લોરાઈડના દૂષિત પાણીથી મુક્ત થશે. ૪૫૫ ગામો નાઈટ્રેટના દૂષિત પાણીથી મુક્ત થશે. ૭૯૨ ગામોમાં ખારાશ ફેલાતી અટકાવાશે.
- પીવાના પાણીની યોજનાઓને આ યોજના સાથે સંલગ્ન કરવાથી રૂા. ૫૦૦ કરોડની બચત થશે.
- ખેતી માટેના ટ્યુબવેલમાં વપરાતી ૨૬૯૪ મેગાવોટ જેટલી વીજળીનો બચાવ થશે.
- કૃષિ વિષયક વીજળી સબસિડી રૂા. ૧૦૯૧ કરોડની બચશે.
- ટ્યુબવેલથી ધરતીમાંથી પાણી ખેંચવાનું બંધ થતાં ટ્યુબવેલનો દર વર્ષનો રૂા. ૧૦૦૦ કરોડનો રીકરીંગ ખર્ચ બંધ થશે.
- કૃષિ ઉત્પાદન ૨૩૬૯ કરોડ રૂપિયા વધશે.
- એગ્રો ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન મળશે.
- સાડા ચાર લાખ હેક્ટરમાં ભૂતળ પાણીથી સિંચાઈ સુવિધા ઉત્પન્ન થશે અને ૩૭૯૩ ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ થશે.

આ રીતે સુજલામ્ સુફલામ્ યોજના કાગળ પર તો ખૂબજ સારી દેખાય છે પરંતુ વ્યવહારમાં પણ તે ચરિતાર્થ બને તો સમગ્ર ગુજરાતની ખેતી વિષયક કાયા પલટ કરવામાં તે ખૂબજ ઉપયોગી બની રહેશે.

નવા વર્ષની નવલી શુભકામનાઓ....

આ જગમાં થોડા મલે!

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS

4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

દિવાળી અને નૂતન વર્ષના
સપરમા દિને સર્વેને શુભકામના....

કચ્છજો માડુ...

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં દુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

– રશ્મિન્ ખોના (મુંબઈ)

MAYUR PEER

NATIONAL ENTERPRISES
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

નર્મદા – કચ્છ બ્રાંચ કેનાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જુલાઈ - ૨૦૦૪નો લેખ)

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના નાયબ જનરલ મેનેજર (નહેરો-૩)ના તાજેતરના એક પત્ર દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માનદ્ મંત્રીશ્રીને જણાવવામાં આવેલ છે કે કચ્છ શાખા નહેરના બાંધકામ હવે પછી સત્વરે હાથ પર લેવામાં આવનાર છે. ચાલુ વર્ષે કચ્છ શાખા નહેરના ૦ થી ૨૦ કિ.મી.ના કામો ચોમાસા પછી શરૂ કરવાના આયોજનો છે. તદુપરાંત કચ્છ શાખા નહેરની વધુ ૬૫ કિ.મી.ની લંબાઈના કામો પણ ચાલુ વર્ષમાં શરૂ કરવાના આયોજનો છે. કચ્છ શાખા નહેરના બાકીની લંબાઈના કામો તબક્કાવાર વર્ષ ૨૦૦૫-૦૬થી શરૂ કરી ૨૦૦૭-૦૮માં પૂરા કરવાનું આયોજન છે. પાણીની વિતરણ પદ્ધતિના કામો પણ મોજણી તથા સર્વેક્ષણની કામગીરી ચાલુ વર્ષમાં જ હાથ ધરવામાં આવનાર છે, જેથી કચ્છ શાખા નહેરની સાથે સાથે વિતરણ પદ્ધતિના કામો પણ હાથ ધરી, કચ્છ જિલ્લાને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરી શકાય.

આપણે ઈચ્છીએ કે વિના વિલંબે ઉપરોક્ત કામો સત્વરે ચાલુ કરી દેવામાં આવે કે જેથી દુષ્કાળગ્રસ્ત કચ્છ પ્રદેશને ઉપરોક્ત પાણીના લાભો મેળવવાનું ચાલુ થઈ શકે.

આપણે એ પણ ઈચ્છીએ કે કચ્છની રાજકીય નેતાગીરી ઉપરોક્ત પ્રશ્ને ગુજરાત સરકારશ્રીને તથા નર્મદા નિગમને પૂરતા દબાણમાં લઈ કચ્છ જિલ્લાને નર્મદા નદીના સિંચાઈના પાણી વધુમાં વધુ મળી રહે તેવી કોશિષ કરતી રહે. જો આ નેતાગીરી પોતાનાથી બનતા પૂરતા પ્રયાસો નહીં આદરે તો કચ્છ જિલ્લાને ભરપાઈ ના થઈ શકે તેવી નુકસાની સહન કરવાના દિવસો આવશે.

કચ્છની સામાજિક નેતાગીરીએ પણ કચ્છની રાજકીય નેતાગીરી પર આ પ્રશ્ને પૂરતા દબાણના આયોજનો કરવા પડશે.

આ પ્રશ્ને આપણે સૌ સાથે રહીને સક્રિય પ્રયાસ આદરીએ એજ આજના માહોલમાં કચ્છ માટે ઉત્તમ સાબિત થઈને રહેશે.

ઈ.સ. ૧૯૬૨માં ભારત - ચીન યુધ્ધ થયું. એમાં ભારત ખૂબ ખરાબ રીતે હાર્યું હતું.

સરકારે વૈજ્ઞાનિકોને અદ્યતન મિસાઈલોની શોધ કરવા હાકલ કરી.

દક્ષિણ ભારતના રામેશ્વર નગરમાં ગરીબ મુસ્લિમ વિસ્તારમાં અબ્દુલ નામનો યુવાન વિદ્યાર્થી. તે સ્ટેશન પર પેપરો વેચીને ભણતો હતો.

તે ભણતો ગયો.... ભણતો ગયો...

છેવટે તે ફિઝિક્સ અને રોકેટરીમાં નિષ્ણાત બની ગયો!

આ યુવાને ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના માર્ગદર્શન હેઠળ કામ કર્યું. ડૉ. વિક્રમ સારાભાઈનું માર્ગદર્શન - પ્રોત્સાહન ફળ્યું.

એણે એક એકથી ચડિયાતી મિસાઈલો બનાવી.

ભારત સરકારે આ શાકાહારી અને અપરીણિત મહાન વૈજ્ઞાનિકને રાષ્ટ્રપતિના સર્વોચ્ચ પદે બેસાડી દીધા.

એ હતા આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ.

તેમના માર્ગદર્શન હેઠળ ભારતના ૧ હજાર વૈજ્ઞાનિકો અવિરત કામ કરવા મંડી પડ્યા અને ૧ એપ્રિલ, ૨૦૧૨ ને ગુરુવારના દિવસે ૮ વાગ્યાને ૭ મિનિટે ભારતે આંતરખંડિય બેલાસ્ટિક મિસાઈલ "અગ્નિ-૫"નો સફળ પ્રયોગ કર્યો!

આ એક અદ્ભુત અને ઐતિહાસિક ઘટના છે.

બોધ વાક્યો :

- જ્યારે ખરેખરી જરૂરિયાત પડે છે ત્યારે તેની શોધ અનિવાર્ય બને છે.
- શક્તિશાળી દુશ્મનના બદ્ઈરાદા નિષ્ફળ બનાવવા અત્યંત જરૂરી છે.
- આગળ ધપવાની તીવ્ર ઈચ્છાવાળાને અવરોધ નડતા નથી.
- જેઓ પરિશ્રમ કરી પ્રગતિ સાધે છે તેમનો મહિમા ગાવો જોઈએ.
- શ્રેષ્ઠ સર્જન કરનારની કદર કરવી ખૂબ જરૂરી છે.

"સફળતાના સ્વાતિબિંદુ" માંથી

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

કચ્છ બ્રાંચ કેનાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૦૪નો લેખ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક પ્રતિનિધિ મંડળે ગત તા. ૨૦-૭-૦૪ના નર્મદા નિગમની કચ્છ બ્રાંચ કેનાલના ઈન્ચાર્જ ચીફ એન્જિનિયર શ્રી ગુલાટી તથા ગાંધીધામ સ્થિત અધિક્ષક એન્જિનિયર શ્રી ત્રિવેદીની નર્મદા નિગમ ખાતે ગાંધીનગરમાં મુલાકાત લીધેલ હતી. આ પ્રતિનિધિ મંડળમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નર્મદા નિગમના અધિકારીઓના જણાવ્યા મુજબ મુખ્યત્વે નીચે મુજબની કાર્યવાહી થયેલ છે.

૧. કચ્છ બ્રાંચ કેનાલના ૦.૦૦થી ૨૦.૦૦ કિલોમીટર સુધીના ટેન્ડર બાબતે જે કોર્ટ કાર્યવાહી ચાલે છે તે તરતના ભવિષ્યમાં જ પૂર્ણ થઈ જશે અને ત્યારબાદ આ કાર્યવાહી આગળ ધપી શકશે.

૨. કચ્છ બ્રાંચ કેનાલના ૦ થી ૧૮૬ કિલોમીટર સુધીનું એટલે કે ભચાઉ સુધીનું સરવે કામ પૂરું થઈ ગયેલ છે. ૧૮૬ કિ.મી.થી ૩૫૨ કિ.મી. એટલે કે ભચાઉથી માંડવીના મોડકુવા સુધીના સરવે કામની જવાબદારી "રાઈટ" કંપનીને સુપરત કરી દેવામાં આવેલ છે.

૩. ૦ કિ.મી.થી ૭૫ કિ.મી. સુધી લંબાઈની કેનાલની જમીન સંપાદન કરવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ થવાના આરે આવીને ઊભી છે.

૪. ૧૦૫ કિ.મી.થી ૧૨૫ કિ.મી. એટલે કે કચ્છમાં આ કેનાલ દાખલ થાય ત્યાં ફતેહગઢથી આગળની કાર્યવાહી ચાલુ છે અને તેના ટેન્ડર પણ સપ્ટેમ્બર-૨૦૦૪ સુધી કદાચ બહાર પડી જશે. જાન્યુઆરી-૨૦૦૫માં આ કાર્ય કચ્છની તળભૂમિ પર ચાલુ થઈ શકે.

૫. ૦ કિ.મી.થી ૧૦૫ કિ.મી. સુધી કેનાલની કેપેસિટી ૨૨૦ ક્યુમેક્સની રાખવાનું નક્કી કરવામાં આવેલ છે અને બનાસકાંઠાના ૪૨ ક્યુમેક્સને બાદ કરતાં ફતેહગઢ પાસે કેનાલની સાઈઝ ૧૭૮ ક્યુમેક્સ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. મોડકુવા ખાતે કેનાલની કેપેસિટી ૫૬ ક્યુમેક્સની રાખવામાં આવનાર છે.

૬. નાણાંકીય સગવડ પ્રાપ્ત થશે તો આવતા ત્રણ-ચાર વર્ષમાં કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ કરવાની ગણતરી છે.

ઉપરોક્ત વિગતો નર્મદા નિગમના અધિકારીઓએ જણાવેલ. પરંતુ જ્યાં લગી કચ્છ બ્રાંચ કેનાલના જમીન પરના કાર્યો એકથી વધુ સ્થળેથી ચાલુ ના થાય ત્યાં લગી કોઈ પણ કચ્છીને આ બાબતે સંતોષ ના મળી શકે તે હકીકત છે. નાણાંકીય સગવડ પ્રાપ્ત ના થાય તો આ કામો હજુ પણ વધુ લંબાય. કચ્છની બધા જ પ્રકારની નેતાગીરીએ આ બાબતે જે - તે વિભાગ સાથે દબાણની પધ્ધતિ અપનાવી કચ્છના કામો ત્વરિત રીતે પૂરા થાય તે બાબત પગલા લેવા જોઈએ.

કચ્છના વધારાના પાણીના આયોજનો જળસિંચાઈ વિભાગના ભાગે આવે છે. જળસિંચાઈ વિભાગ સાથે પણ આ બાબતે મીટિંગ ગોઠવવાનું આયોજન ચાલુ છે. ■

વિશ્વવિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનને એક છાત્રાએ પ્રશ્ન પૂછ્યો : 'આપ આટલા મોટા - મહાન કેવી રીતે બન્યા?'

'હું નાનો હતો ત્યારે બધા મને બુધ્ધુ સમજતા હતા. મને કશું આવડતું નહોતું' આઈન્સ્ટાઈને કહ્યું.

'તમારા શિક્ષક તમારી સાથે કેવું વર્તન કરતા હતા?' વિદ્યાર્થીએ બીજો પ્રશ્ન પૂછ્યો.

'શિક્ષક પ્રશ્ન પૂછતા ને હું ઉત્તર ન આપું એટલે શિક્ષક ગુસ્સે થતા અને મને બેંચ પર ઊભો રાખતા.'

'તો તમે આટલા મોટા વૈજ્ઞાનિક કેવી રીતે બની શક્યા?' જિજ્ઞાસાથી વિદ્યાર્થીએ પુનઃ પૂછ્યું.

આઈન્સ્ટાઈને સ્પષ્ટતા કરતા કહ્યું, "મેં મારા જીવનમાં એક જ સૂત્ર અપનાવ્યું હતું – 'હિંમત ન હારવી!' આ સૂત્રને સતત હૃદયમાં ધબકતું રાખી સતત મહેનત કરતો રહ્યો.... અને મને એનું શ્રેષ્ઠ પરિણામ મળી ગયું!"

બોધ વાક્યો :

- જેનામાં હિંમત હોય છે તે ધાર્યું કામ કરી શકે છે.
- હિંમત રાખનારને ઈશ્વર મદદ કરે છે.
- હિંમત બધી અડચણોને ભગાડી શકે છે.
- જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખો.

"સફળતાના સ્વાતિબિંદુ"માંથી

વીણાના તાર બંધાયેલા છે એટલે જ સુંદર સૂર રેલાવી શકે છે.

નર્મદાના પાણી અને કચ્છ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, સપ્ટેમ્બર - ૨૦૦૪નો લેખ)

ગુજરાતભરમાં નર્મદા કેનાલના કામો શરૂ થયે ૧૫ વર્ષ જેટલો સમયગાળો પસાર થઈ ગયેલ છે. આ કાર્યો પાછળ અત્યાર સુધી ગુજરાત સરકારે રૂા. ૧૨,૦૦૦ કરોડથી પણ વધારે ખર્ચ કરી દીધેલ છે. નજદીકના ભવિષ્યમાં એટલે કે આવતા બે વર્ષમાં મેઈન કેનાલના કાર્યો રાજસ્થાનની હદ સુધી પહોંચાડવાના આયોજનો વિચારવામાં આવી રહેલ છે પરંતુ કચ્છની એ કમનસીબી છે કે હજુ સુધી કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરવામાં આવી શકેલ નથી. આ કામો ચાલુ ના થઈ શકે તેવું ઠોસ કારણ પણ દેખાતું નથી. કદાચ એવું બનેલ હોય કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો ચાલુ કરવા સરદાર સરોવર નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓમાં જે પ્રબળ ઈચ્છાશક્તિ હોવી જોઈએ તે ઈચ્છા શક્તિ ઉત્પન્ન થયેલ ન હોય. સવાલ એ છે કે આ કેનાલના અન્ય સ્થળોના કાર્યો ચાલુ કરવામાં તેમનામાં પ્રબળ ઈચ્છા શક્તિનો ઉદ્‌ભવ કઈ રીતે થયેલ હોય! જવાબ એવો આવે કે મોટાભાગના અધિકારીઓ તો નિસ્પૃહી રીતે કામ કરતા હોય પરંતુ ઉપરથી જે રાજકીય દબાણ આવતું હોય તે પ્રમાણેના આયોજનોને અગ્રતાક્રમ અપાતો હોય. કચ્છ બ્રાંચ કેનાલના કામો ચાલુ કરાવવા કચ્છની પ્રજાની પ્રબળ ઈચ્છાશક્તિ તેમજ કચ્છના રાજકીય કાર્યકરોનું દબાણ જ ઉત્પન્ન કરવું જરૂરી બની રહે છે. કચ્છની દરેક રાજકીય નેતાગીરી, ચાલુ તથા ભૂતપૂર્વ ધારાસભ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો વગેરે લોકોએ આ અંગે નર્મદા નિગમ પ્રત્યે ખૂબજ દબાણ ઊભું કરવાનો સમય આવી ગયેલ છે. કચ્છની સામાજિક સંસ્થાઓએ પણ પોતાની ફરજ સમજી આ કાર્યવાહી હાથ પર લેવી જોઈએ.

નર્મદા નદીના સિંચાઈના પાણીના કાર્યો કચ્છ બ્રાંચ કેનાલના અનુસંધાને વાત કરીએ તો હજુ લગી બિલકુલ ચાલુ થઈ શકેલ નથી. આ બાબત જ્યારે જ્યારે સરકારશ્રી સાથે અથવા તો નર્મદા નિગમના અધિકારીઓ સાથે વાત કરવામાં આવે છે ત્યારે તેઓને માધાપરની બેંકમાં જમા રહેલ નોન રેસીડેન્સિયલ કચ્છી પટેલોના રૂા. ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમ દેખાય છે અને કહેવામાં આવે છે કે ગુજરાત સરકારને નાણાંકીય તકલીફ હોવાથી જો કચ્છીઓ નર્મદા બોન્ડમાં પૈસાનું રોકાણ કરે તો આ બધા પૈસા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાં જ વાપરવાની અમે બાંહેધરી આપીએ છીએ. જ્યારે અન્ય જિલ્લાઓની વાત કરીએ તો સાઉથ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના કાર્યોના અત્યાર સુધીના આયોજનોમાં સરકારશ્રીને પ્રજાના પૈસાની ખાસ જરૂરત જણાયેલ નથી. આ આયોજનોમાં સરકારશ્રીએ પોતાની રીતે નાણાંના આયોજનો કરેલ છે. તેથી પણ વિશેષ વાત કરીએ તો ઉત્તર ગુજરાતમાં હાલે વધારાના પાણી માટેના કામો પૂરજોશમાં ચાલી રહેલ છે અને તે અંગેની નાણાંકીય જોગવાઈમાં સરકારશ્રીને કોઈ આંચ આવેલ નથી. એક તરફ કચ્છના નિયમિત પાણી અંગેના કાર્યો પણ હજુ ચાલુ થઈ શકેલ નથી અને બીજી તરફ ઉત્તર ગુજરાતમાં નિયમિત પાણી સિવાયના વધારાના પાણીના કામો પણ પૂરજોશમાં ચાલે છે. આ કઈ રીતે ન્યાયી કહેવાય? સરકારશ્રીના આવા આયોજનો માટે કોઈએ સરકારશ્રીને પડકારવાની જરૂરત તો છે જ.

એક અન્ય દાખલો લઈએ.

કચ્છના અંદાજિત છસ્સો જેટલા ગામોને નર્મદાના પીવાના પાણી પહોંચતા કરવા પાઈપ લાઈન નંખાઈ ગયેલ છે અને શક્ય ગામડાઓમાં આ પાણી પહોંચાડવામાં પણ આવી રહ્યા છે. આ પાણી માળિયા કેનાલમાંથી પાઈપ લાઈન દ્વારા કચ્છમાં લઈ જવાય છે. ચાલુ વર્ષે જુલાઈના અંત સુધી ગુજરાતભરમાં પ્રથમ વરસાદ બાદ ફરી વરસાદ ન પડવાથી દુષ્કાળની પરિસ્થિતિ ઉત્પન્ન થવાની ભીતિ ઊભી થઈ. પ્રથમ વર્ષા બાદ ખેતરોમાં પાક સુકાવા લાગ્યા. ગુજરાત સરકારે શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી વજુભાઈ વાળા તથા શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની કેબિનેટ કક્ષાની એક સબ કમિટીની રચના કરી.

સૌરાષ્ટ્રના માળિયા વિભાગના ખેડૂતોના ખેતરોના પાક સુકાતા હોવાના કારણસર આ વિભાગના ખેડૂતોએ માળિયા કેનાલમાંથી સિંચાઈના પાણી મેળવવા ત્યાંના ધારાસભ્યો પર દબાણ કર્યું. આ ધારાસભ્યશ્રીઓએ કેબિનેટ કક્ષાની સબ કમિટી પર આ પાણી અંગે દબાણ કર્યું. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજીએ પણ આ બાબતને યોગ્ય પ્રતિસાદ આપી નિર્ણય લેવડાવ્યો કે માળિયા બ્રાંચમાં કચ્છને પહોંચાડવાનું માત્ર પીવાનું પાણી વહેતું હોવા છતાં અને એ પાણી સિંચાઈ માટેનું નહીં હોવા છતાં તે કેનાલ પર ખેડૂતો પોતાના ડીઝલ એન્જિન મૂકી એ પાણી ખેંચી શકે. પરિણામસ્વરૂપે થોડા જ સમયમાં આ કેનાલ પર ગેરકાયદેસર ૬૦૦થી ૮૦૦ ડીઝલ પંપ મૂકાઈ ગયા અને કચ્છના પીવાના કાયદેસરના પાણીના ભોગે માળિયા વિભાગમાં ખેતી માટે સિંચાઈના પાણી ગેરકાયદેસર ખેંચાવા લાગ્યા. કચ્છમાં પીવાનું પાણી લગભગ ૨૦ ટકા જેટલું જ પહોંચતું રહ્યું. કચ્છના લોકો ભર ઉનાળે તરસ્યા રહ્યા અને માળિયા વિભાગમાં ખેતી માટે પાણી ખેંચાતા રહ્યા અને તે પણ ગુજરાત સરકારની રહેમ દૃષ્ટિ નીચે. કચ્છમાંથી ફરિયાદ ઊઠી. એક તરફ કચ્છની નેતાગીરીએ આ બાબતે કેબિનેટની સબ કમિટી સમક્ષ રજૂઆત કરી લાલ આંખ દાખવી, આ ગેરકાયદેસર પ્રક્રિયા બંધ કરવા જણાવ્યું. પરંતુ ત્યાં તો જરૂરી વરસાદની શરૂઆત થતાં ઉપરોક્ત પ્રક્રિયા કુદરતી રીતે અટકી ગઈ અને હાલ પૂરતી બધાની લાજ રહી ગઈ.

(અનુસંધાન : જુઓ પાના નં. - ૫૧ ઉપર)

બે કિનારાના બંધનને કારણે જ નદીનું અસ્તિત્વ જળવાઈ રહે છે.

કચ્છ બ્રાંચ કેનાલ - નર્મદા નદીના સિંચાઈના પાણી

• અશોક મહેતા •

(મંગલ મંદિર, નવેમ્બર - ૨૦૦૪નો લેખ)

ઘણા લાંબા સમય સુધી રાહ જોયા પછી હવે એવું લાગે છે કે કચ્છના ભાગે આવેલ નર્મદા નદીના સિંચાઈના પાણી માટે કચ્છ બ્રાંચ કેનાલના કામો હવે નજદીકના ભવિષ્યમાં ચાલુ થઈ શકશે.

આજથી બારેક મહિના અગાઉ કચ્છ બ્રાંચ કેનાલ જે બનાસકાંઠાના હમીરપરથી કચ્છના માંડવી (મોડકુવા) સુધી અંદાજિત ૩૫૨ કિલોમીટર લાંબી છે તેના પ્રથમ ૨૦ કિલોમીટરના ટેન્ડર બહાર પડેલ હતા. પરંતુ ટેન્ડર ભરનાર એક કોન્ટ્રાક્ટરે આ સામે કોર્ટ કાર્યવાહી કરતાં તે કામ પર સ્ટે લાગી ગયેલ છે. આ સ્થગિતતાના પરિણામે કચ્છ બ્રાંચ કેનાલના કામો જે આજથી બાર મહિના અગાઉ ચાલુ થઈ જવા જોઈતા હતા તે હજુ સુધી ચાલુ થઈ શકેલ નથી.

સરદાર સરોવર નર્મદા નિગમે હવે શરૂઆતમાં આ ૨૦ કિલોમીટરના ટેન્ડરના કાર્યો બાજુ પર રાખી બનાસકાંઠામાં ભાભર તથા રાધનપુર વિભાગમાં બીજા ૩૫ કિ.મી.ના ત્રણ ટેન્ડર અંદાજિત રૂા. ૧૩૨.૯૭ કરોડની કિંમતના ગત તા. ૨-૧૦-૦૪ના બહાર પાડવામાં આવ્યા છે.

તદુપરાંત આ કામ કચ્છની તળભૂમિમાં ચાલુ થાય એ રીતે રાપર તાલુકાના ફતેહગઢ પાસે આટલા વર્ષોમાં પ્રથમ વખત કચ્છની તળભૂમિ પર ૨૧ કિ.મી.ની લંબાઈના અંદાજિત રૂા. ૮૩.૪૮ કરોડની કિંમતના ટેન્ડર બહાર પાડેલ છે.

આ કામો ડિસેમ્બર-૨૦૦૪ના અંત સુધીમાં ચાલુ થઈ જાય તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે.

સરદાર સરોવર નર્મદા નિગમની ગાંધીનગર તેમજ ગાંધીધામ ઓફિસમાં તપાસ કરતા જાણવા મળેલ છે કે આ પ્રકારની કાર્યવાહી આગળ ચાલુ છે અને થોડા જ સમયમાં અન્ય ટેન્ડરો પણ બહાર પાડવાની પૂરતી તૈયારી ચાલી રહેલ છે.

અત્રે એ યાદ અપાવવું જરૂરી બની રહે છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ બાબતે રસ દાખવ્યા બાદ અને આ પ્રશ્નને લગતી શ્રેણીબધ્ધ મીટિંગો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજયા બાદ આ પ્રકારની કાર્યવાહી હાથ પર લેવામાં આવેલ હતી, કે જેના પરિણામો દેખાવાની હવે શરૂઆત થઈ શકેલ છે.

અત્રે એ પણ યાદ અપાવવું જરૂરી બની રહે છે કે કચ્છને જે ૧.૦૦ M.A.F. ચોમાસાના પૂરના વધારાના પાણી ફાળવવામાં આવેલ છે તે બાબતની કાર્યવાહી જળસિંચાઈ વિભાગ તરફથી જોઈએ તે પ્રમાણમાં હજુ લગી કરવામાં આવેલ નથી. આ બાબત પણ જળસિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે શ્રેણીબધ્ધ મીટિંગો કરવી જરૂરી બની રહે છે. ■

નર્મદાના પાણી અને કચ્છ

(અનુસંધાન : પાના નં. - ૫૦ ઉપરથી ચાલુ)

ઉપરોક્ત બંને દાખલા પરથી એ ફલિત થાય છે કે સરકાર ગમે ત્યારે પક્ષપાતી વલણ દાખવી શકે છે અને તેમાંયે પાણી જેવા જટીલ પ્રશ્ન માટે તો કોઈપણ સમયે નિષ્પક્ષ વલણને ત્યજી પક્ષપાતી નિર્ણય લેવાઈ શકે છે. કચ્છ છેવાડાનો પ્રદેશ હોવાથી તેને હંમેશને માટે શોષાવાનું જ આવશે.

આ પ્રક્રિયા ભવિષ્યમાં ન બને અને નર્મદા નદીના સિંચાઈના પાણી તથા પીવાના પાણીની વહેંચણી નિષ્પક્ષ ફાળવણીના આધારે જ થતી રહે તે માટે એક **"સ્ટેચ્યુટરી સમિતિ"**ની રચના થવી જોઈએ કે જે ગુજરાત સરકારની ઉપર હોય અને કોઈની પણ શેહમાં આવ્યા વગર આ સમિતિ નિષ્પક્ષ રીતે કામ કરતી હોય.

કચ્છની રાજકીય નેતાગીરીએ ઉપરોક્ત દાખલા પરથી સબક લઈ આ અંગેની કાર્યવાહી ઝડપી રીતે હાથ ધરવી જોઈએ એ આજના સમયની જરૂરિયાત બની રહે છે. કચ્છની સામાજિક સંસ્થાઓએ પણ આ બાબત યોગ્ય કાર્યવાહી ચાલુ કરવી જોઈએ.

કચ્છને જે કંઈ પાણી ફાળવાયેલા હોય તે પાણી કપરા સમયે કચ્છની પ્રજાને ના મળે અને તેની વહેંચણી ગેરકાયદેસર રીતે અન્ય જિલ્લાને થઈ જાય તે અંગે કચ્છની પ્રજાએ ભવિષ્યમાં પૂરતી સજાગતા દાખવવી રહી. ગુજરાત સરકારથી ઉપર એક સ્ટેચ્યુટરી કમિટી હોય કે જે નર્મદા નદીના સિંચાઈના પાણી, વધારાના પાણી તથા પીવાના પાણીની વહેંચણી નિરંતર ન્યાયપુરઃસર કરતી રહે, તેટલું જ નહીં પણ આ અંગેના બાકી રહેતા કેનાલ વગેરેના કાર્યો પણ ન્યાયપુરઃસર થાય તેની પણ દેખભાળ રાખે. કચ્છના ચાલુ ધારાસભ્યશ્રીઓએ આ પ્રકારની કમિટી રચનાની માંગ ગુજરાત સરકારશ્રી સમક્ષ મૂકવી એ કચ્છ માટે ખૂબ જરૂરી બની રહે છે. ■

DEEP JYOT
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

વર્ષ ૨૦૦૫માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

નર્મદા નદીના સિંચાઈ માટેના કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી, નર્મદા નદીના સિંચાઈ માટેના કચ્છને ફાળવાયેલ વધારાના પાણી, પીવા તથા ઉદ્યોગો માટેના પાણી, કચ્છમાં પડતા વરસાદના પાણી (કચ્છનું પોતાનું પાણી) તથા રણ સરોવર જેવા વિષયની છણાવટ સાથેનો લેખ.

- ચેક ડેમો બનાવવા ગુજરાત સરકારે નીતિ બદલી ૬૦ : ૪૦ના રેશિઓના બદલે ૮૦ : ૨૦નો રેશિઓ અમલમાં મૂક્યો. તેથી કચ્છની ૯૨ નદીઓ પર વધુ ચેકડેમો બનાવવાની શક્યતા દર્શાવતો લેખ.
- કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ ૧૯૯૯માં ગુજરાત હાઈકોર્ટમાં કચ્છને ફાળવાયેલ પાણીમાં અન્યાય થયેલ હોવાથી તેના ન્યાય માટે સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં. ૩૩૫૮/૧૯૯૯ દ્વારા અરજ કરેલ કે જેને ૫ વર્ષથી વધુ સમય પસાર થઈ ગયેલ હોવાથી ૧૧ માર્ચ, ૨૦૦૫ના સિવિલ એપ્લીકેશન નં. ૧૯૪૭/૨૦૦૫ દ્વારા એક અરજ કરેલ કે જ્યાં સુધી આ બાબતે ચુકાદો ન આવે ત્યાં સુધી કચ્છ બ્રાંચ કેનાલના કચ્છના કાર્યો પર સ્ટે મૂકવામાં આવે. તેની સામે સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ - રાપર તરફથી શ્રી પંકજ મહેતા વગેરેએ આ કેસમાં પક્ષકાર થવા અરજી કરેલ અને ઉપરોક્ત બાબતે સ્ટે ન આપવા માંગણી કરેલ. આ સંપૂર્ણ વિગતની સમજ આપતો લેખ રજૂ કરવામાં આવ્યો.
- નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ૫૫ કિ.મી. લંબાઈના અને કચ્છના રાપર વિસ્તારમાં ૨૧ કિ.મી. લંબાઈના અંદાજિત રૂા. ૨૫૦ કરોડના કામો વિવિધ કોન્ટ્રાક્ટરોને ફાળવવામાં આવ્યા તેની વિગતો દર્શાવતો અહેવાલ અને આ પાણીના કારણે કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ થવાની છે તેની વિગતો દર્શાવતો લેખ.
- સૌરાષ્ટ્રના ૪૮૦૦ ગામોમાં, અંદાજિત ૨૦૦ નદીઓ પર બાંધવામાં આવનાર ૫૦૦૦ ચેક ડેમની વિગત દર્શાવતો લેખ.
- કચ્છમાં પ્રયોગશાળા સ્થાપી, વાદળોને ખેંચી લાવવા વૈજ્ઞાનિક ઢબે પ્રયોગો આદરી, કચ્છને લીલુંછમ બનાવવા જરૂરિયાત દર્શાવતો લેખ.
- સમગ્ર ગુજરાતમાં પાણીની પરિસ્થિતિ દર્શાવતો તથા તેની છણાવટ કરતો લેખ કે જેની વિગતો નીચે મુજબ.

પ્રદેશ	જમીની વિસ્તાર	સપાટી પરની જળ સંપત્તિ	ભૂગર્ભ જળ સંપત્તિ
દ.ગુ., મ.ગુ. અને ઉ.ગુજ.	૪૪ ટકા	૮૫ ટકા	૬૪ ટકા
સૌરાષ્ટ્ર	૩૧ ટકા	૧૩ ટકા	૩૨ ટકા
કચ્છ	૨૫ ટકા	૨ ટકા	૪ ટકા

- તા. ૪-૧૦-૨૦૦૫ના ગુજરાત હાઈકોર્ટે કચ્છ જળસંકટ નિવારણ સમિતિનો કેસ ડિસ્ચાર્જ કરતા તેની વિગતવાર રજૂઆત કરતો લેખ.

ગુસ્સો એટલે ડાહ્યા માણસ ઉપર ગાંડપણે કરેલો હુમલો.

કચ્છ – તેના પાણીના પ્રશ્ને યોગ્ય ઉકેલ તરફ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જાન્યુઆરી - ૨૦૦૫નો લેખ)

વિકાસ એ સતતપણે ચાલતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયાનો ક્યારે પણ અંત આવતો જ નથી. દુનિયામાં સૌથી વધુ વિકસિત અને ધનાઢય દેશ અમેરિકામાં પણ લોકો તેના વિકાસની વાતો કરતા રહે છે. કદાચ આ વિકાસની પ્રક્રિયા નિરંતર ચાલતી જ રહેવાની. તેનો કોઈ પણ દિવસ અંત જ નહીં આવવાનો.

પાષાણયુગમાંથી આજની પરિસ્થિતિએ પહોંચેલો માનવ - પથ્થર ઘસીને પ્રકાશ પેદા કરતા યુગની સામે માત્ર સ્વીચ દબાવવાથી ઝળાહળ થતી રોશનીનો યુગ- બળદગાડાના યુગમાંથી આધુનિક ગાડીઓ, રેલ, જેટ વિમાનો અને તેનાથી પણ આગળ અવકાશયાનોનો યુગ- આકાશ, પાતાળ અને સ્વર્ગની કલ્પનાને બદલે ચંદ્ર પર પગ મૂકનાર અને મંગળની પરિક્રમા કરતો માનવ, હજુયે અફાટ વિકાસની સતતપણે પ્રક્રિયા કરતો રહે છે.

આજથી ૫૦-૬૦-૭૦ વર્ષ પહેલા જેઓ કચ્છમાં હતા, તે સમયે પણ તેઓ કચ્છના વિકાસની વાતો કરતા હતા અને એ પેઢીના લોકોથી આજની પેઢી સુધીના લોકો પણ કચ્છના વિકાસની પ્રક્રિયામાં સતતપણે ચિંતા કરતા રહે છે.

ભુજ - મુંદ્રા - કંડલા - ગાંધીધામ સારી રીતે વિકાસ પામ્યા. ભૂકંપ બાદ અત્યારની પરિસ્થિતિમાં અંજાર અને ભચાઉનો વિસ્તાર વિકાસના પથ પર છે. ત્યારબાદ કદાચ માંડવી - નલિયા - લખપત - નખત્રાણા વિસ્તાર વિકાસ પામે. કચ્છના ગામડાંઓમાં જઈએ તો કચ્છ બહાર પેદા કરાયેલ પૈસાથી કચ્છીઓની મહેલાતો દરેક ગામમાં દષ્ટિગોચર થાય છે. આ વિકાસની પ્રક્રિયા નિરંતર ચાલતી જ રહેવાની.

પરંતુ આ બધી પ્રક્રિયામાં અત્યારે કચ્છ માટે મુખ્ય પ્રશ્ન હોય તો તે પાણીનો છે. હજારો વર્ષથી સંઘરાયેલા ભૂતળના જળ સતત વિકાસની પ્રક્રિયામાં ઉલેચાવા લાગ્યા છે. આ જળ ૨૦૦-૩૦૦-૪૦૦ ફૂટની ઊંડાઈએ પહોંચી ગયા છે. વધારામાં છેલ્લા કેટલાયે વર્ષોથી આ પ્રદેશ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ તરીકે જાણીતો થયેલ છે. ગુજરાતમાં કદાચ સૌથી વધુ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ કચ્છ છે. અહીં મોટા ભાગના વર્ષો દુષ્કાળના જાય છે. પાણી પ્રશ્ને પણ કચ્છ પરિવર્તન - વિકાસ માંગી રહેલ છે.

પાણી પ્રશ્ને ભૂતકાળમાં પણ કચ્છીઓએ ચિંતા સેવેલ છે પરંતુ જોઈએ તેવા પ્રમાણમાં કાળજી નથી લઈ શકાઈ એ એક હકીકત છે. કદાચ જૂજ દાખલા હશે પરંતુ તેનું પરિણામ શૂન્ય રહેવા પામેલ છે. પરંતુ હવે આ પ્રશ્ને ઘણા લોકો જાગૃત થયેલ છે અને તેઓએ યોગ્ય રાહ પકડી લીધેલ છે. વી.આર.ટી.આઈ., નવનિર્માણ અભિયાન તથા તેના જેવી બીજી અનેક સામાજિક સંસ્થાઓ જાગૃત થયેલ છે અને આ પ્રશ્ને વિકાસનો રાહ પકડી લીધેલ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રશ્ને થઈ રહેલ વિકાસ કરતાં અનેકઘણો વિકાસ જૂજ વર્ષોમાં સાધવાનો સમય હવે પાકી ગયેલ છે.

જ્યારે આ પ્રશ્ને ક્રાંતિકારી ફેરફારના આચરણનો સમય આવી ગયેલ છે ત્યારે આપણે નોંધ એ લેવાની છે કે કચ્છનો સરેરાશ વરસાદ ૧૨ થી ૧૩ ઈંચનો છે જ્યારે ઈઝરાયલનો સરેરાશ વરસાદ ૩ થી ૪ ઈંચનો છે. આ પરિસ્થિતિમાં પણ ઈઝરાયલે ખેતીમાં ક્રાંતિ સર્જી બતાવી છે, જ્યારે કચ્છ આ પ્રશ્ને ક્રાંતિ સર્જવાની શરૂઆત કરી રહેલ છે. અત્યારની પરિસ્થિતિમાં દરેક કચ્છીએ - પછી તે કચ્છમાં રહેતો હોય કે અન્યત્ર-ચિંતા કરવાનો પ્રશ્ન હોય તો તે પાણીનો છે અને આ ક્ષેત્રમાં કચ્છમાં ક્રાંતિ સર્જી શકાય તેવી બધીજ શક્યતા રહેલ છે.

નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી, નર્મદા નદીના સિંચાઈ માટે ચોમાસાના વધારાની પાણી, નર્મદા નદીના કચ્છના બધાજ - ૯૦૦ ગામમાં પીવાના પાણી તથા કચ્છના ઉદ્યોગોના વપરાશ માટેના પાણી, કચ્છમાં પડતા વરસાદના સંગ્રહાયેલા પાણી તેમજ રણ સરોવર એમ દરેક બાબતે જો યોગ્ય આયોજન અને અમલીકરણ કરવામાં આવે તો કચ્છ જરૂરથી દુષ્કાળના પંજામાંથી બહાર નીકળી શકે તેમ છે. આ પ્રશ્ને દરેક કચ્છી – પછી તે કચ્છમાં રહેતો હોય કે અન્યત્ર વસવાટ કરતો હોય – પોતાનો સક્રિય ફાળો આપી શકે તેમ છે અને દરેક કચ્છી જો આ પ્રક્રિયામાં સક્રિય સાથ-સહકાર આપે તો કચ્છ જરૂરથી દુષ્કાળના પંજામાંથી શક્ય વહેલી તકે બહાર નીકળી શકે તેમ છે.

કચ્છમાં રહેતા કચ્છીઓએ આ પ્રક્રિયા માટે જાતે કાર્યો કરવાના છે અને આ પ્રક્રિયામાં સક્રિયપણે ફાળો આપવાનો છે. ગાંધીનગરની આસપાસ રહેતા કચ્છીઓએ આ બાબતે સરકાર યોગ્ય આયોજનો કરે, જરૂરી નાણાં ફાળવે તે માટે જાગૃત રહી સરકારશ્રી પાસે યોગ્ય નિર્ણયો કરાવવાના છે. અન્યત્ર રહેતા કચ્છીઓએ આ પ્રક્રિયા માટે અને આ પ્રક્રિયા માટે મહેનત કરતી સંસ્થાઓને નાણાં ફાળવી પોતાનો સહયોગ આપવાનો છે.

આપણે દરેક કાર્યની વિગતવાર છણાવટ કરીયે.

- **નર્મદા નદીના સિંચાઈ માટેના કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી :-**

કચ્છને નર્મદા-નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી માત્ર ૦.૫ એમ.એ.એફ. ફાળવવામાં આવેલ છે કે જેમાં વધારો થવાની શક્યતા હાલે ઘણીજ ધૂંધળી છે. અન્ય કોઈ પ્રક્રિયામાં સમય પસાર કરવાને બદલે આ પાણી વિના વિલંબે ઉપયોગમાં આવી શકે તેવા આયોજનમાં

લાગી જવું જોઈએ. કચ્છ બ્રાંચ કેનાલના કામો જાન્યુઆરી-૨૦૦૫માં બનાસકાંઠામાં હમીરપર પાસેથી તેમજ કચ્છના તળપ્રદેશમાં હવે ફતેહગઢ પાસેથી ચાલુ થઈ જવાના છે ત્યારે આપણે સહુએ સરકાર પર તથા નર્મદા નિગમ પર દબાણ કરી આ પ્રક્રિયા જલદી પૂરી થાય તેવી કોશિષ કરવાની રહે છે. સરદાર સરોવર નર્મદા નિગમના હિસાબે આ કાર્યો આવતા ચાર-પાંચ વર્ષોમાં પૂરા થઈ શકે પરંતુ તે પ્રમાણે નાણાંની ફાળવણી સરકાર તરફથી તેમની પાસે હોવી જોઈએ. કદાચ આખો પ્રોજેક્ટ રૂા. ૧૫૦૦ કરોડ જેટલા નાણાંથી પૂરો થઈ શકે. આટલા નાણાં કચ્છ બ્રાંચ કેનાલ માટે ત્રણ-ચાર વર્ષમાં આવે તે ખૂબ જરૂરી છે. કોંગ્રેસ તથા ભાજપની રાજકીય નેતાગીરીએ આ માટે જરૂરી કાર્યવાહી કરવી ઘટે છે. સામાજિક સંસ્થાઓ પણ આ પ્રક્રિયા માટે સરકાર તથા નર્મદા નિગમ સાથે યોગ્ય કાર્યવાહી કરી શકે છે.

કચ્છ બ્રાંચ કેનાલ, તેની બ્રાંચ કેનાલો, સબ-બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ અને તેમ કરતાં છેક ખેતરના "ધૂરિયા" સુધીના આયોજનોમાં આપણે જેટલા ઊંડાણથી રસ લેશું તેટલા જલદી આ કાર્યો થઈ શકશે. પાણીની વહેંચણી માટે "સહકારી પિયત પાણી મંડળીઓ"ની સ્થાપના કરવી એ પણ આ પ્રક્રિયાનો એક ભાગ છે. આ પ્રક્રિયામાં આવતા લોકોએ આ બાબતે સહકાર આપી આગળ આવવું જોઈએ.

આયોજન પ્રમાણે આ પાણીથી બંને પાક મળીને ૨,૮૫,૦૦૦ એકર જમીન પર સિંચાઈ થઈ શકે. ચોમાસું તથા શિયાળુ એમ બે પ્રકારના પાક આ પાણીથી લઈ શકાય.પરંતુ જો ડ્રીપ ઈરીગેશન - ટપક પધ્ધતિનો અમલ કરવામાં આવે તો એટલાજ પાણીથી અંદાજિત સાત લાખ એકરમાં સિંચાઈ થઈ શકે. કચ્છીઓએ પાણીના ક્ષેત્રે સ્વાવલંબી થવું હશે તો ઈઝરાયલની જેમ ડ્રીપ ઈરીગેશન - ટપક પધ્ધતિનો અમલ કરવો જ રહ્યો.

આ બાબતે સમાજ સેવકોએ ખેડૂતોને આ પધ્ધતિના ફાયદા સમજાવી ડ્રીપ ઈરીગેશનની પધ્ધિતિ પર ખેડૂતોને લઈ જવા પડશે. રાજકીય કાર્યકરોએ ડ્રીપ ઈરીગેશનના અમલીકરણ માટે સરકાર પાસેથી સારા એવા પ્રમાણમાં ખેડૂતોને સબસિડી/લોન અપાવવા પ્રયત્નો કરવાના રહેશે.

એજ રીતે અન્ય એક જરૂરી વાત. સરકાર અથવા તો નર્મદા નિગમ આવતા ત્રણ ચાર વર્ષમાં કચ્છ બ્રાંચ કેનાલ માટે રૂા. ૧૫૦૦ કરોડના આયોજનો કરી શકે તેવી શક્યતા હાલના સંજોગોમાં દૃષ્ટિગોચર થતી નથી. આ સમયે "નોન રેસિડન્ટ કચ્છી" કે જેઓની કચ્છની બેંકોમાં સારી એવી ડિપોઝીટ જમા પડી રહેલ છે તેઓ આગળ આવે અને થોડા સમય માટે પોતાના નાણાનું રોકાણ - આ નાણાં માત્ર કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાંજ વપરાય તે શરતે - નર્મદા બોન્ડમાં કરે તે જરૂરી છે. કચ્છની રાજકીય નેતાગીરી તેમજ કચ્છી સામાજિક સંસ્થાઓએ આ બાબતે સધ્ધર કચ્છીઓને તેમજ નોન રેસિડન્ટ કચ્છીઓને આ પ્રક્રિયા પ્રત્યે સહકાર આપવા સમજાવટ આદરી દેવી જોઈએ.

- **નર્મદા નદીના સિંચાઈ માટેના કચ્છને ફાળવાયેલ ચોમાસાના વધારાના પાણી :-**

કચ્છ પ્રદેશને નર્મદા નદીના અંદાજિત ૩.૦ એમ.એ.એફ. જેટલા વધારાના પાણીમાંથી ૧.૦ એમ.એ.એફ. પાણી ફાળવવાનો નિર્ણય ગુજરાત સરકાર તરફથી લેવામાં આવેલ છે. આ પાણીનો ઉપયોગ સારામાં સારી રીતે થઈ શકે તે માટેના આયોજનો ગુજરાત સરકારના સિંચાઈ વિભાગમાં હાલે ચાલી રહેલ છે. કચ્છની રાજકીય તથા આ પ્રશ્ને રસ દાખવતી સામાજિક નેતાગીરી માટે આ યોગ્ય સમય છે કે જ્યારે ગુજરાત સરકારના આ આયોજનોમાં ઊંડો રસ દાખવી, સરકાર સાથે રહી, આ પાણીનો મહત્તમ ઉપયોગ ચોમાસુ ખેતી માટે કરાવી શકે.

આ પાણી નર્મદા નદીના પૂરના પાણી અથવા એ પ્રકારના પાણી હોવાથી તે આખા વર્ષમાં માત્ર ૩૦-૪૦ દિવસના સમય માટેજ મળનાર હોવાથી આ પાણીનો સંગ્રહ કરવો ખૂબજ જરૂરી છે અને તો જ આ પાણીનો મહત્તમ ફાયદો લઈ શકાય. અન્યથા આ પાણી નદીઓમાં કે અન્યત્ર વહેવડાવી દેવા પડે. કચ્છમાં મધ્યમ સિંચાઈ યોજનાના જળાશયો તથા નાની સિંચાઈ યોજનાના જળાશયોની એકત્રિત સંગ્રહશક્તિની વાત કરીએ તો તે માત્ર ૦.૨ એમ.એ.એફ. છે, જ્યારે આ પાણીનો જથ્થો તેનાથી પાંચ ગણો એટલે કે ૧.૦ એમ.એ.એફ. છે. આથી આપણે પ્રથમ તો એવા આયોજનો કરાવવા પડે કે આ પાણીને સંગ્રહવા માટે કચ્છમાં યોગ્ય સ્થળે વિશાળ જળાશયો બનાવવાની પ્રક્રિયા આદરી દેવી પડે. કચ્છના સિંચાઈ વિભાગના એન્જિનિયરો, આ પ્રકારની સંસ્થાઓ તથા સમાજ સેવકો અને રાજકીય નેતાગીરીએ આવા પ્રકારના સર્વે કરાવી આ માટેની વિશાળ સાઈટો કચ્છ પ્રદેશમાં શોધી, સરકારશ્રીનું તે તરફ ધ્યાન દોરી, વિશાળ જળાશયોમાં આ પાણીનો સંગ્રહ થાય તેવા આયોજનો કરાવવા પડે અને ત્યારબાદ આ જળાશયોમાંથી કેનાલ દ્વારા આ પાણી ખેતરો સુધી પહોંચાડવાના આયોજનો થઈ શકે. આ પાણીના વપરાશથી કદાચ બીજા ચાર-પાંચ લાખ એકરમાં સિંચાઈ થઈ શકે. પરંતુ ફરી અહીં પણ ડ્રીપ ઈરીગેશન અથવા ટપક પધ્ધતિનો અમલ કરવામાં આવે તો કદાચ દસથી બાર લાખ એકર જેટલા વિસ્તારને ખેતી માટે આવરી શકાય.

- **પીવા તથા ઉદ્યોગો માટેના પાણી :-**

મૂળ આયોજન પ્રમાણે કચ્છને પીવાના પાણી તથા ઉદ્યોગો માટેના પાણી કચ્છ બ્રાંચ કેનાલમાંથી ફાળવવાના હતા. કચ્છને સમગ્રપણે નિયમિત પાણીમાંથી જે ૦.૫૮૩ એમ.એ.એફ. પાણીનો જથ્થો ફાળવાયેલ છે તેમાં ૦.૪૯૬ એમ.એ.એફ. પાણી સિંચાઈની ખેતી માટે અને ૦.૦૮૭ એમ.એ.એફ. પાણી પીવા તથા ઉદ્યોગો માટેના વપરાશના આયોજનો કરવામાં આવેલ છે.

કોઈપણ જાતના કારણ વગર અનેક વર્ષો સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શરૂ થઈ શકેલ નહોતાં, પીવાના પાણી તથા ઉદ્યોગો માટેના પાણી માળિયા બ્રાંચ કેનાલમાંથી ફાળવવાનો નિર્ણય ગુજરાત

સરકાર દ્વારા કચ્છના ૨૦૦૧ના ધરતીકંપ બાદ લેવામાં આવેલ અને તે માટે વર્લ્ડ લેવલે લોન મેળવી, ત્વરીતપણે કચ્છના ૬૦૦ ગામડાં સુધી પાણી પહોંચે તે પ્રકારની પાઈપલાઈનોના કામો કરાવવામાં આવ્યા. આ એક સારા પ્રકારનો પ્રયાસ હતો પરંતુ હજુ માળિયા બ્રાંચ કેનાલના કાર્યો પણ પૂર્ણ થયેલ ન હોવા છતાં (લાઈનીંગ કામ બાકી હોવા છતાં) આ પ્રશ્ને બિનજરૂરી ઉતાવળ દાખવવામાં આવી અને અત્યારે પરિસ્થિતિ એ ઊભી થયેલ છે કે મોટી મોટી જાહેરાતો કરેલ હોવા છતાં કચ્છમાં આ પાણી ન તો પૂરતી માત્રામાં પહોંચાડવામાં આવે છે કે નતો ઓછી માત્રામાં પણ - નિયમિતપણે પહોંચાડવામાં આવે છે. વારે ઘડીયે માળિયા કેનાલના અધૂરા રહેલ કાર્યો પૂરા કરવા આ પાણી બંધ કરવામાં આવે છે અને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થયેલ છે.

પરંતુ આ પરિસ્થતિ લાંબો સમય સુધી રહેવાની નથી. માળિયા બ્રાંચની કેનાલની લાઈનિંગ કામ પૂર્ણ થયે આ પાણી ફરીથી ચાલુ કરી દેવામાં આવશે અને ત્યારબાદ મૂળ આયોજનવાળી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરા થયે આ પાઈપલાઈનના પાણી કચ્છ બ્રાંચ કેનાલમાંથી મેળવવામાં આવશે.

પશ્ચિમ કચ્છના બાકી રહેતા ૩૦૦ ગામોમાં પણ પીવાના પાણીની પાઈપ લાઈનો નાખવાની બાકી છે અને તેના ખર્ચના આયોજનો વિચારવાના બાકી છે. આ પ્રશ્નોનો ઉકેલ સરકારશ્રી સાથે બેસીને લેવડાવવાનો રહે છે.

પરંતુ તેથી નિરાશ થવાની જરૂરત નથી. સવાલ માત્ર આ આયોજનો ત્વરીતપણે લેવડાવવાનો છે. કચ્છની સામાજિક સંસ્થાઓ આ પ્રશ્ને સરકારશ્રી સાથે વાટાઘાટો કરી તેના યોગ્ય આયોજનો કરાવે તો કચ્છના ૯૦૦ ગામના પીવાના પાણીના પ્રશ્નો અને કચ્છના ઉદ્યોગો માટે જોઈતા પાણીના પ્રશ્નો હલ થઈ શકે તેવી શક્યતા છે. આવતા વર્ષોમાં કચ્છનો આ અતિ દુષ્કર પ્રશ્ન હલ થઈ શકે તેવી અત્યારના આયોજનો પ્રમાણે પૂરેપૂરી શક્યતા છે. સવાલ માત્ર આ પ્રકારના કાર્યો સરકારશ્રી પાસે કરાવવાના દબાણપૂર્વકના પ્રયાસોનો જ છે.

અત્રે એ નોંધ લેવી જરૂરી છે કે અગાઉ ચોમાસા દરમ્યાન જ્યારે માળિયા વિસ્તારમાં વરસાદ ખેંચાઈ ગયેલ હતો ત્યારે માળિયા બ્રાંચ કેનાલમાંથી ત્યાંના ખેડૂતોએ ગેરકાયદેસર ધોરણે આ કેનાલ પર અનેક પંપો મૂકી, કચ્છના ભાગનું પાણી પોતાની ખેતીની સિંચાઈ માટે ખેંચી લીધેલ જે પ્રત્યે કચ્છીઓએ પૂરેપૂરી સજાગતા દાખવવાની જરૂરત છે. એજ રીતે નર્મદા નદીના કચ્છના ઉદ્યોગોને ફાળવાયેલ પાણી કચ્છમાં નવા ઊભા થતા ઉદ્યોગોને સમયસર ન મળતા તેઓએ ભૂતળમાંથી પાણી ખેંચતા જે વિકટ પ્રશ્નો ઊભા થઈ રહેલ છે તે પ્રશ્ને પણ યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી બની રહે છે. એક તરફ મોટા રોકાણ કર્યા બાદ ઉદ્યોગોની પાણીની જરૂરિયાત સરકાર સંતોષી ન શકે તો બીજી તરફ આ ઉદ્યોગો પોતાનું અસ્તિત્વ ટકાવવા કોઈ પણ ભોગે પાણી મેળવવા મરણિયા પ્રયાસો આદરવાના જ. આ પ્રશ્નનો હલ સરકારશ્રીના લેવલે જ નીકળી શકે તેમ છે.

- **કચ્છમાં પડતા વરસાદના પાણી (કચ્છનું પોતાનું પાણી) :**

કચ્છમાં સરેરાશ ૧૨ થી ૧૩ ઈંચ વરસાદ પડે છે તેવું આંકડાશાસ્ત્ર કહે છે. પરંતુ આ વરસાદ નિયમિત માત્રામાં પડતો ન હોવાથી, અમુક વર્ષોમાં વરસાદ હોવા છતાં પણ ખેતીના પાકો લઈ શકાતા નથી. કચ્છમાં વરસાદની પરિસ્થિતિ તથા તેના પાણીની પરિસ્થિતિ નીચે મુજબ આંકી શકાય.

(૧) અમુક વર્ષોમાં કચ્છમાં ચાર ઈંચ જેટલો પણ વરસાદ વરસતો નથી.

(૨) અમુક વર્ષે કચ્છમાં એક વરસાદ જોરદાર આવે પરંતુ બીજા બે વરસાદ નિયમિત ન હોવાથી અથવા સમૂળગો ન આવવાથી પાક લઈ શકાતો નથી.

(૩) કચ્છમાં ચારે તરફ ઢોળાવ હોવાથી, ગમે તેટલો વરસાદ આવે છતાં તે પાણી લાંબા સમય સુધી જમીનની સપાટી પર રહી શકતા ન હોવાથી અને ત્વરાથી દરિયામાં વહી જતા હોવાથી, જોઈએ તે પ્રમાણમાં આ પાણી જમીનમાં ઉતારી શકાતા નથી.

આ પરિસ્થિતિમાં કચ્છમાં દસ વર્ષમાંથી સાત વર્ષ દુષ્કાળ અથવા અર્ધ દુષ્કાળ જેવા જાય છે. બાકીના ત્રણેક વર્ષમાં માંડ પાક લઈ શકાય છે. સોળ આની પાક થાય તેવા વર્ષ તો ભાગ્યેજ આવે છે.

કચ્છમાં ૯૨ જેટલી સજીવ અથવા તો નિર્જીવ નદીઓ આવેલી છે. આ બધી નદીઓ પર નિયમિત માત્રા પર અનુકૂળ જગ્યાએ જો ચેક-ડેમો બાંધી દેવામાં આવે તો મોટા ભાગના વરસાદી પાણીને જમીનમાં ઉતારી દઈ શકાય જેથી ભૂતળ જળના લેવલ સારા પ્રમાણમાં ઊંચા આવે. ચેક-ડેમોની સંખ્યા હજારોમાં થાય. જે કોઈ પણ ખર્ચે બનાવવા જરૂરી છે. ગુજરાત સરકારે આ આયોજનો ત્વરીતપણે હાથ પર લેવડાવવા જોઈએ. આ સિવાય કચ્છમાં ૨૦૦ જેટલા વોટર શેડસ એરિયા છે કે જેની એક તરફ મોટા પાળા કે બંધ બાંધી દેવાથી આ પાણી પણ રોકીને જમીનની સપાટીની અંદર ઉતારી શકાય. કચ્છમાં નદીના મુખ પર દરિયા નજીક ૩૮ જેટલા બંધારા તથા ૧૪ જેટલા ભરતી નિયંત્રકો બાંધવાની પણ સુજલામ્ સુફલામ્ અન્વયે યોજના છે. જો આ બધી યોજનાઓ આવતા પાંચેક વર્ષમાં અથવા તો તેનાથી ઓછા સમયમાં પૂરી કરવામાં આવે તો દર વર્ષે કચ્છમાં પડતા ૧૨ થી ૧૩ ઈંચ જેટલા એવરેજ વરસાદમાંથી મોટા ભાગનું પાણી જમીનની સપાટી પર રોકી શકાય અથવા તો ભૂતળમાં ઉતારી શકાય અને ત્યારબાદ ટપક પધ્ધતિથી અનેક વિસ્તારમાં ખેતીના પાકો લઈ શકાય. કચ્છમાં રણ વિસ્તાર અને શહેરી વિસ્તારને બાદ કરતાં અંદાજે ચાલીસથી પચાસ લાખ એકર જમીન હશે. આમાંથી હાલે કદાચ પંદરેક લાખ એકર જમીન પર ખેતી થતી હશે જ્યારે અન્ય કેટલીયે જમીન ખેતીલાયક (કલ્ટીવેબલ) છે પરંતુ વરસાદ કે પાણીના અભાવે આમાંની સારી એવી જમીન વેસ્ટ લેન્ડ તરીકે અસ્તિત્વ ધરાવે છે. ગુજરાતની સમગ્ર કલ્ટીવેબલ વેસ્ટ લેન્ડની ગણતરીએ ૮૫ ટકા જેટલી આ પ્રકારની જમીન કચ્છમાં છે કે જેમાં પ્રયાસો કરવાથી અને

પાણી મળવાથી સારી એવી ખેતી થઇ શકે તેવી પરિસ્થિતિ છે.

કચ્છમાં નવનિર્માણ અભિયાન, વી.આર.ટી.આઈ., વાસ્મો જેવી અનેક સામાજિક સંસ્થાઓએ ચેક-ડેમોના કાર્યો હાથ પર લીધેલ જે ખૂબજ અભિનંદનને પાત્ર છે. પરંતુ આ કાર્યોની ઝડપ હવે અનેકગણી વધારવી ખૂબજ જરૂરી બની રહે છે. ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રે આ પ્રકારના કાર્યો હાથ પર લઈ કચ્છ કરતાં અનેકગણી ઝડપ દાખવેલ છે. આપણે પણ જો આ પ્રકારના કાર્યો હાથ પર લઈએ તો આવતા પાંચ વર્ષ બાદ ખેતી વિભાગમાં કચ્છમાં ક્રાંતિ આવી શકે તેવી પૂરેપૂરી શક્યતા રહે છે.

- **રણ સરોવર :-**

રણ સરોવર એટલે રણને સરોવરમાં પરિવર્તિત કરવું. આ સરોવરના વિશાળ પાણીના જથ્થાના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જાય અને આ ભેજના કારણે ચોમાસામાં જ્યારે અહીંથી વાદળો પસાર થાય ત્યારે અધિક અને નિયમિત માત્રામાં વરસાદ પડવાની શક્યતા ઘણી જ વધી જાય. પરિણામ સ્વરૂપે કચ્છમાં અત્યારે મોટા ભાગના વર્ષોમાં જે દુષ્કાળ જેવી પરિસ્થિતિ રહે છે તેના બદલે દર વર્ષે નિયમિત માત્રામાં વરસાદ પડે તેવી શક્યતા વધી જાય અને દુષ્કાળની પરિસ્થિતિમાં સુધારો થઇ શકે.

કચ્છ માટે આ યોજના પાયાની અને ખૂબ જ જરૂરી છે કે જેની વિગત નીચે મુજબ છે.

(૧) કચ્છની ઉત્તર-પશ્ચિમે મોટા રણ તરફ કોરી ક્રીકના મુખ પાસે લખતરથી કોટરી ગેસ્ટ હાઉસ સુધી ૫૦ કે ૬૦ ફૂટ ઉંચો આડબંધ બાંધીને ભરતીના સમયે દરિયાનું ખારું પાણી મોટા રણમાં આવતું અટકાવી શકાય.

(૨) કચ્છની દક્ષિણ-પૂર્વે નાના રણમાં નીચે પ્રમાણે બંધો બાંધવામાં આવે તો દરિયાનું ખારું પાણી નાના રણમાં આવતું અટકી જાય.

(અ) કચ્છના માણબા તથા સૌરાષ્ટ્રના વેણસર વચ્ચે બંધ બાંધવામાં આવે.

(બ) કચ્છના સૂરજબારીથી સૌરાષ્ટ્રના માળિયા વચ્ચે બંધ બાંધવામાં આવે.

(ક) સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા-પાટડી ગામ પાસે બંધ બાંધવામાં આવે.

ઉપર પ્રમાણે મોટા તથા નાના રણમાં બંધો બાંધી દરિયાનું ખારું પાણી રણમાં આવતું અટકાવવામાં આવે. આ રણોમાં દર વર્ષે જે નદીઓના મીઠા પાણી ઠલવાય, તેનાથી આ રણોમાં મીઠા પાણીના સરોવરો બનશે. કચ્છના રણમાં પોતાના પાણી ઠાલવતી નદીઓની વિગતો આ પ્રમાણે છે.

- મોટા રણમાં રાજસ્થાનની લુણી તથા ઉત્તર ગુજરાતની બનાસ, સરસ્વતી તથા રૂપેણ નદીઓ પાણી ઠાલવે છે.
- નાના રણમાં ઉત્તર સૌરાષ્ટ્રની મચ્છુ, બ્રાહ્મણી, કંકાવટી, ફુલક, ચંદ્રાવતી, ઉમઈ વગેરે નદીઓ પાણી ઠાલવે છે.

આ પ્રક્રિયાના પરિણામે ત્રણ-ચાર વર્ષમાં મોટા-નાના રણ, મીઠા પાણીના સરોવરમાં પરિવર્તિત થવા પામશે કે જેના કારણે વાતાવરણમાં ભેજ ફેલાતા દર વર્ષે વરસાદ પડવાની શક્યતા વધી જશે.

આ યોજનાઓ બહુ ખર્ચ માગી લે તેવી ન હોવાથી, તેના વિગતવાર સર્વે કરાવી, તેમાં આવતી મુશ્કેલીઓનું નિરાકરણ કરી આ યોજનાઓ અમલી બનાવવામાં આવે તો આવતા વર્ષો કચ્છ માટે ઉજળા હશે.

ઉપરોક્ત બધી બાબતોનો સાર નીચે પ્રમાણે વર્ણવી શકાય.

(૧) કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શક્ય જલદી પૂરા થાય તેવા પ્રયાસો આદરવા પડે.

(૨) કચ્છને ફાળવાયેલ ચોમાસાના વધારાના પાણી સંગ્રહી, તેને ખેતી માટે પૂરા પાડવા પડે અને સિંચાઈમાં તેનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા પ્લાનિંગ કરાવડાવી, આ કામો પણ શક્ય જલદી પૂરા કરાવવા પડે.

(૩) કચ્છના બધા જ એટલે કે ૯૦૦ ગામોમાં પીવાના પાણી પહોંચે તેવા કાર્યોનો અમલ ત્વરીતપણે કરાવવો પડે.

(૪) કચ્છના ચાલુ ઉદ્યોગો તથા નવા ઉદ્યોગોને જોઈતું પાણી પાઈપ લાઈન દ્વારા નર્મદાના ઉદ્યોગો માટેના પાણીમાંથી પૂરું પાડવું પડે.

(૫) કચ્છના વરસાદી પાણી માટે વિવિધ સ્થળે હજારોની સંખ્યામાં ચેક-ડેમો બનાવડાવવા પડે.

(૬) રણ સરોવરના આયોજનો કરી રણ સરોવરની રચના કરાવવી પડે.

- **સારાંશ :-**

ઉપરોક્ત બધા કાર્યો માટે જુદા જુદા લેવલે વિચારણા, આયોજનો, અમલીકરણ ચાલુ થઈ ગયેલ છે અગર સમગ્ર કચ્છી સમાજ યોગ્ય મહેનત કરી, ઉપરોક્ત બધા જ કાર્યોનો શક્ય જલદી અમલ કરાવડાવી શકે તો કચ્છ પાણીના પ્રશ્ને આવતા વર્ષોમાં સ્વાવલંબી બની જાય; તેટલું નહીં પણ ગામડાનો ખેડૂત ખેતીની સારી એવી ઉપજ પેદા કરી શકે અને કચ્છનાં ગામડાંઓ સમૃધ્ધ બની શકે.

કચ્છ ડેવલેપમેન્ટ કાઉન્સિલ, કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ, વી.આર.ટી.આઈ., કચ્છ નવ નિર્માણ અભિયાન, વાસ્મો તથા આ પ્રકારની અન્ય અનેક નામી સંસ્થાઓ, કચ્છની રાજકીય નેતાગીરીનો સાથ-સહકાર મેળવી આવતા પાંચ વર્ષો સુધી આ કાર્યોના આયોજનો, ફંડ ફાળવણી, અમલીકરણ, વગેરે પ્રક્રિયામાં લાગી જાય તો તેઓએ માતૃભૂમિ કચ્છની અનેરી સેવા કરી તેવું ગણાશે તેટલું જ નહીં પરંતુ કચ્છના આવતા વર્ષોના ઈતિહાસમાં આ અવસર "સોનેરી" સાબિત થઈને રહેશે. ■

બે વાર માપો અને એક વાર કાપો. બે વાર વિચારો અને એક વાર ઉચ્ચારો.

કચ્છમાં વિશાળ માત્રામાં ચેક-ડેમો

• અશોક મહેતા •

(મંગલ મંદિર, માર્ચ - ૨૦૦૫નો લેખ)

કહેવાય છે કે 'કચ્છી માડુ' સાહસિક છે. વ્યાપાર ક્ષેત્રે તેણે દેશ વિદેશમાં સારી નામના મેળવેલ છે. છેલ્લો દાખલો ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપનો લઈએ. આ ધરતીકંપે કચ્છને ધમરોળી નાખ્યું. કચ્છને તહસ-નહસ કરી નાખ્યું. છતાં કચ્છ આજે બેઠું થઈ ગયેલ છે. ત્યાંનું વાતાવરણ અગાઉ કરતાં પણ ધમધમવા લાગ્યું છે. વાતાવરણમાં પણ પ્રગતિનો અહેસાસ થયેલ દેખાય છે.

ઈઝરાયેલનો સરેરાશ વરસાદ ૪ ઈંચનો છે કે જેણે આ પરિસ્થિતિમાં પણ ખેતીના ક્ષેત્રે નામના કાઢેલ છે. ખારેકના ક્ષેત્રે પણ સારી એવી નામના કાઢેલ છે. જ્યારે કચ્છનો સરેરાશ વરસાદ ૧૨થી ૧૩ ઈંચનો છે પરંતુ તે અનિયમિત હોવાથી કચ્છ મોટા ભાગના સમયમાં દુષ્કાળનો સામનો કરે છે. આ પરિસ્થિતિમાં કચ્છનો સાહસિક માડુ ધારે તો સારું એવું કાઠું કાઢી શકે. માત્ર તેણે વૈજ્ઞાનિકતા અને આધુનિકતા તરફ સાહસિક દૃષ્ટિએ વળી જવાની જરૂર છે.

કચ્છમાં નાની-મોટી તેમજ જીવિત તેમજ નિર્જીવ ૯૨ નદીઓ છે. એ સિવાય 'વોટર શેડ્સ'ના એરિયા પણ અનેક છે કે જ્યાં માત્ર એક બંધ બાંધવાથી આ પાણી રોકી શકાય.

અગાઉ ગુજરાત સરકારની ચેક-ડેમ બાંધવા અંગેની નીતિ એવી હતી કે કોઈ પણ ચેક-ડેમ બાંધવામાં સરકારનો ફાળો ૬૦ ટકા અને ગામફાળો - લોકફાળો ૪૦ ટકા જેટલો હતો અને આ ધોરણે સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં હજારોની સંખ્યામાં ચેક-ડેમો બંધાઈ ગયેલ છે. હવે ગુજરાત સરકારે તેના વર્ષ ૨૦૦૫-૨૦૦૬ના બજેટમાં સુધારો કરી સરકારનો ફાળો ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકા કરેલ છે કે જેના કારણે ગામેગામ ચેક-ડેમો બાંધવાની પ્રક્રિયામાં વેગ આવી શકે.

કચ્છી માડુએ પોતાની મા-ભોમના વિકાસ માટે, પોતાની ખેતીના વિકાસ માટે, ગામના છેવાડાના માણસને વિકાસના ફળ ચાખવા મળે તે માટે આ ચેલેન્જ સ્વીકારી લેવી જોઈએ અને કચ્છના ૯૦૦ ગામોમાં તથા અન્યત્ર વોટર કલેક્શન એરિયામાં વિશાળ માત્રામાં ચેક-ડેમો બાંધી, વરસાદના પાણી રોકી, તેને નીચે જમીનમાં ઉતારી, જમીનના વોટર લેવલ ઊંચે લાવવા જોઈએ અને તેના કારણે કચ્છની ખેતીના વિકાસની પ્રક્રિયામાં પોતાનો સહકારનો હાથ બઢાવવો જોઈએ.

આ માટે દરેક ગામમાં ૫ વ્યક્તિની સ્થાનિક અને ૫ વ્યક્તિની બહારગામની એક સંયુક્ત સમિતિ નીમાય. સ્થાનિક સમિતિ, પોતાના ગામની આસપાસના ચેક-ડેમો બાંધવા પર દેખરેખ રાખે, જ્યારે આ સમિતિના બહારગામના શિક્ષિત સભ્યો લોકફાળો તથા સરકારી કામકાજમાં મદદ કરે.

તે જ રીતે દરેક તાલુકાના ૫ સભ્યોની સ્થાનિક તથા ૫ સભ્યોની બહારગામની એક સંયુક્ત સમિતિ બને, કે જે પોતાના તાલુકાના દરેક ગામોની પ્રગતિ પર ખ્યાલ રાખે.

અને એજ રીતે જિલ્લાના ૫ સભ્યોની સ્થાનિક તથા ૫ સભ્યોની બહારગામની એક સંયુક્ત સમિતિ બને, કે જે જિલ્લાના સમગ્ર તાલુકાના કામોની પ્રગતિ પર દેખરેખ રાખે.

જો આપણે આ કરી શકીએ તો આવતા એક-બે વર્ષમાં કચ્છમાં હજારોની માત્રામાં ચેક-ડેમો બની શકે, જે મોટાભાગના વરસાદી પાણીને દરિયામાં વહી જવા દેવાને બદલે જમીનમાં ઉતારી દે.

જે રીતે ઔદ્યોગિક રીતે અત્યારે કચ્છમાં ક્રાંતિ થઈ રહેલ છે એજ રીતે ખેતીના ક્ષેત્રે પણ ક્રાંતિ થઈ શકે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્યો આગળ આવી આ રચનાત્મક કામ પર પૂરતું ધ્યાન આપે તો તેની યથાર્થતા પણ સારી એવી જળવાઈ રહે. ■

સદ્‌વિચારો જ્યારે મનુષ્યના જીવનમાં વણાઈ જાય છે ત્યારે કુવિચારો તેના અંતઃકરણમાં પ્રવેશી શકતા નથી. નિષ્કામ કર્મ કરવામાં તેમને અલૌકિક સુખ અને આનંદ મળે છે. ઉદાર બનો. તમારા હૃદયમાં શુદ્ધ નિષ્કામ સેવાની સાચી ભાવના ઉત્પન્ન કરો. જીવનની એક એક ક્ષણનો જીવનના આદર્શ લક્ષ્ય તરફ જવા ઉપયોગ કરો. આમ તમને નિષ્કામ સેવાની વાસ્તવિક મહત્તાનું ભાન થશે. નિષ્કામ સેવાના પ્રખર યોગીના રૂપમાં તમે ઝળહળી નીકળો. બ્રહ્મસુખનું તમને આશ્વાસન હો!

'ભલા બનો, ભલું કરો' આ વાક્યમાં સર્વ નીતિશાસ્ત્ર તથા ઉચ્ચ ચારિત્ર્યનો સમાવેશ થાય છે. દયા, પરોપકાર અને નીતિ તે ત્રણેના એકીકરણથી ભલાઈ બને છે. પરોપકાર, દયા તથા સહાનુભૂતિવાળાં કાર્ય એ જ ભલાઈ છે. ■

સત્ય, શાંતિ અને સુખના અક્ષયધામનો સાચો અને સરળ રસ્તો પ્રેમ છે. વિશ્વનો આ એક જીવંત સિદ્ધાંત છે. મીરાં, તુકારામ અને ગૌરાંગ મહાપ્રભુ પ્રેમના પ્રભાવે જ મહાન બન્યાં છે.

પ્રતિદિન શુદ્ધ અને નિઃસ્વાર્થ પ્રેમનો વિકાસ કરો. શુદ્ધ પ્રેમ એક અણમોલ વસ્તુ છે. ધીમે ધીમે તેને વિકસાવો. આથી દ્વેષ અને મનની સંકુચિતતા વગેરે દૂર થશે. પ્રેમ મનને પવિત્ર બનાવે છે.

દરેક પ્રકારની ખોટી માન્યતાઓ, માનસિક દુર્બળતાઓ, અંધવિશ્વાસ અને ખોટા વિચારોનો ત્યાગ કરો. પ્રેમમય જીવન જીવો. દિવ્ય જીવનમાં શ્રદ્ધા રાખો. ઈશ્વરમય જીવન જીવવા નિરંતર પ્રયાસ કરો. પરમ આનંદની પ્રાપ્તિ જરૂર થશે. ■

બ્રેકને કારણે જ ગાડી સ્પીડમાં ચલાવવાનો આનંદ લઈ શકાય છે. આ વાત જલદી નહીં સમજાય....

નર્મદા નદીના સિંચાઈના વધુ પાણી માટે કચ્છીઓની લડત – એક અહેવાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૦૫નો લેખ)

કચ્છ એ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ હોવાથી કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈના પાણી માટે જે ભારે અન્યાય કરવામાં આવેલ છે તે સામે કચ્છીઓની લડત ગુજરાત હાઈકોર્ટમાં ૧૯૯૯થી એટલે કે છેલ્લા છ વર્ષથી ચાલે છે. કચ્છ જળસંકટ નિવારણ સમિતિના શ્રી જીલુભા જાડેજા, શ્રી કેશવજીભાઈ દેઢિયા, શ્રી જુસબ સમા, શ્રી વેલજીભાઈ ભુડિયા, શ્રી કાંતિલાલભાઈ ઠક્કર, શ્રી એસ. પી. ઠક્કર તેમજ શ્રી નાનજી કાનાણીએ વર્ષ ૧૯૮૭થી સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તથા સરકારશ્રી સાથે વાટાઘાટોની શરૂઆત કરી, કે જેના પરિણામે કચ્છને ૧૯૭૯માં જે ૦.૨ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ તેના બદલે ૦.૫ એમ.એ.એફ. જેટલું પાણી થઈ શક્યું. પરંતુ કચ્છ જળસંકટ નિવારણ સમિતિની માંગણી ગુજરાતને ફાળવાયેલ ૯.૦ એમ.એ.એફ. પાણીમાંથી કચ્છના ભાગે ૨.૭ એમ.એ.એફ. જેટલા પાણીની હતી. ૦.૫ એમ.એ.એફ. અને ૨.૭ એમ.એ.એફ. વચ્ચે બહુજ તફાવત હોવાથી આ લડતના પરિણામ આવી શકેલ નથી.

આ લડત દરમ્યાન કચ્છમાં અનેક ધારાસભ્યશ્રીઓ તથા સંસદ સભ્યશ્રીઓ ચુંટાઈને આવી ગયા. તેમાંથી અનેક ધારાસભ્યો તો ગુજરાત સરકારમાં ઉચ્ચ આસને પણ બિરાજમાન રહી શકેલ. શ્રી સુરેશચંદ્ર મહેતા મુખ્ય મંત્રીશ્રીના પદે, શ્રી બાબુભાઈ મેઘજી શાહ નાણાં મંત્રીશ્રીના પદે (માનનીય શ્રી શંકરસિંહ વાઘેલાની સરકારમાં નંબર બેના સ્થાને), શ્રી નવીનભાઈ શાસ્ત્રી કાયદા મંત્રીશ્રી તરીકે, શ્રી ધીરુભાઈ શાહ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી તરીકે તથા શ્રી મૂકેશભાઈ ઝવેરી જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ સ્થાને બિરાજમાન રહી ચૂકેલ હતા. તેમ છતાં "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની માંગનું નિરાકરણ આવી શકેલ ન હતું. સાથે સાથે "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની ગ્રેવિટી કેનાલની વાતનું પણ નિરાકરણ આવી શકેલ નથી. બીજા અર્થમાં કહીએ તો એ વાતને પણ મંજૂર રાખવામાં આવેલ નથી. તેથી કેટલાક લોકોનું એવું માનવું છે કે કચ્છ જળસંકટ નિવારણ સમિતિની રજૂઆત શક્ય બને તેવી કદાચ ન હોઈ શકે.

વાટાઘાટોના અંતે પરિણામ ન આવતાં કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ ૧૯૯૯માં ગુજરાત હાઈકોર્ટમાં કચ્છને ફાળવાયેલ આ પાણી બાબતે ન્યાય મળે તે માટે સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં. ૩૩૫૮/૧૯૯૯ દ્વારા એક અરજ દાખલ કરેલ કે જેનો અંતિમ ચુકાદો આ લખાય છે ત્યાં લગી આવી શકેલ નથી.

ગુજરાત હાઈકોર્ટમાં છેલ્લા છ વર્ષથી ઉપરાઉપરી મુદત પડતી હોવાના કારણે અને આ કેસ ધાર્યા મુજબ ચાલતો ન હોવાના કારણે કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ ૧૧ માર્ચ, ૨૦૦૫ના સિવિલ એપ્લીકેશન નં. ૧૯૪૭/૨૦૦૫ દ્વારા આજ હાઈકોર્ટમાં એક અરજ કરેલ છે કે (૧) જ્યાં સુધી આ કેસનો ચુકાદો ન આવે ત્યાં સુધી "કચ્છ બ્રાંચ કેનાલ"ના કાર્યો કચ્છ પ્રદેશમાં અટકાવી દેવામાં આવે અને (૨) ગુજરાતના અન્ય વિસ્તારના ખેડૂતોને નર્મદા નદીના સિંચાઈના પાણી માટેના જે ઈરાદાપત્રો આપવામાં આવે છે તે આપવામાં ન આવે. એટલે કે ઉપરોક્ત બંને બાબતે સ્ટે માગેલ છે.

કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ પ્રથમ માગણીના અનુસંધાનમાં એવું જણાવેલ છે કે, જો ભવિષ્યમાં નામદાર કોર્ટનો ચુકાદો આ સમિતિની તરફેણમાં આવે અને કચ્છ પ્રદેશને વધુ પાણી ફાળવવાનું નામદાર કોર્ટ તરફથી જણાવવામાં આવે તો અત્યારે બંધાઈ રહેલ આ નાની સાઈઝની કેનાલમાં વધુ પાણીનો સમાવેશ થઈ શકશે નહિ અને વધુ પાણીનું વહન પણ થઈ શકશે નહિ. અને તેથી ત્યાં લગી કચ્છ પ્રદેશમાં (માત્ર કચ્છ પ્રદેશમાં જ) આ કેનાલના કાર્યો અટકાવી દેવામાં આવે. તેઓએ તેમની બીજી માગણીના સમર્થનમાં જણાવેલ છે કે, અગર ગુજરાતના બીજા વિસ્તારોમાં આ રીતે ખેડૂતોને પાણી ફાળવવાના ઈરાદાપત્રોનું વિતરણ કરી દેવામાં આવે અને ભવિષ્યમાં આ સમિતિની તરફેણમાં ચુકાદો આવે તો કચ્છ પ્રદેશને વધુ પાણી ફાળવી કઈ રીતે શકાશે?

ઉપરોક્ત અરજના અનુસંધાનમાં કચ્છ બ્રાંચ કેનાલના કાર્યપાલક ઈજનેર શ્રી જી. એમ. ભગત દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ તથા ગુજરાત સરકારશ્રી તરફથી ગુજરાત હાઈકોર્ટને જણાવવામાં આવેલ છે કે (૧) કચ્છ બ્રાંચ કેનાલની સાઈઝ નાની રાખવામાં આવેલ નથી, પરંતુ પૂરતી કાળજી લઈને તેની સાઈઝ મોટી રાખવામાં આવેલ છે. કચ્છને નિયમિત પાણી ૦.૫૮૩ એમ.એ.એફ. અને વધારાના પાણી ૧.૦ એમ.એ.એફ. જે ફાળવવામાં આવેલ છે તેના કરતાં પણ વધુ મોટી સાઈઝની કેનાલ એટલે કે સમગ્ર વર્ષ દરમ્યાન ૫.૦૦ એમ.એ.એફ. પાણી વહન કરી શકાય તે પ્રકારની સાઈઝની આ કેનાલ રાખવામાં આવેલ છે. (૨) તદુપરાંત વધુમાં તેઓશ્રીએ જણાવેલ છે કે નર્મદા કેનાલના વિવિધ કાર્યો અંદાજિત રૂા. ૧૭,૨૦૦ કરોડના પૂરા થયેલ છે. જે વિભાગોમાં ખેતરો સુધી પાણી પહોંચી શકે તેવા કાર્યો પૂરા થયેલ હોતાં સરકારશ્રી તથા નર્મદા નિગમની નીતિ અનુસાર જે તે માઈનોર કેનાલ, જે તે પિયત સહકારી મંડળીને તેનો ચાર્જ સંભાળી લેવા તથા તેના મેઈન્ટેનન્સ વગેરે સંભાળી લેવા અને તે માઈનોર કેનાલના વિભાગમાં આવતા ખેડૂતોને પિયત અંગેના પાણી પહોંચાડવા, પાણીના વપરાશ અંગેના અધિકારપત્રો આપવાની શરૂઆત કરી દેવામાં આવેલ છે કે જેના કારણે આ યોજના પાછળ ખર્ચાયેલ નાણાનો સદુપયોગ કરવાની શરૂઆત થઈ શકે. આ કારણોસર તેઓશ્રીએ ઉપરોક્ત બંને બાબતો માટે કચ્છ જળસંકટ નિવારણ સમિતિની માંગણી મુજબ નામદાર કોર્ટ દ્વારા કેનાલના ચાલુ

કામો પર "સ્ટે" આપવામાં ન આવે તેવી માંગણી કરેલ છે.

વધુમાં નર્મદા નિગમના એન્જિનિયરશ્રી દ્વારા નામદાર કોર્ટનું એ બાબતે પણ ધ્યાન દોરવામાં આવેલ છે કે આ અગાઉ પણ કચ્છ જળસંકટ નિવારણ સમિતિ તરફથી કેનાલોના કામ રોકવા બે વખત આ પ્રકારની સિવિલ એપ્લીકેશન નંબર ૮૯/૨૦૦૦ તથા ૧૦૬૨/૨૦૦૨ દ્વારા અરજ કરવામાં આવેલ કે જ્યારે નામદાર કોર્ટે આ અરજીઓની સુનાવણી મુખ્ય અરજ સાથે સાંભળવાનું જણાવેલ અને તે સમયે પણ કેનાલના કામો રોકવા નામદાર કોર્ટે સ્ટે આપેલ ન હતા. નર્મદા નિગમશ્રીના એન્જિનિયર દ્વારા જણાવવામાં આવેલ છે કે કેનાલોના કામ રોકવા કચ્છ જળસંકટ નિવારણ સમિતિનો આ ત્રીજો પ્રયાસ છે.

કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ ***માત્ર કચ્છ પ્રદેશમાં*** કચ્છ બ્રાંચ કેનાલના કામો રોકી દેવા નામદાર કોર્ટ સમક્ષ કરેલ માંગણીના ઘેરા પ્રત્યાઘાતો કચ્છમાં અનેક સ્થળે પડેલ છે અને તેના પરિણામે (૧) સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ - રાપર તરફથી તેના મંત્રી શ્રી પંકજભાઈ મહેતા, (૨) ફતેહગઢ ગ્રામ પંચાયત તરફથી તેના સરપંચશ્રી ગોવિંદભાઈ જુઠાભાઈ ચૌધરી તથા (૩) રાપર તાલુકા ખરીદ વેચાણ સંઘ - રાપર તરફથી તેના ચેરમેન શ્રી વાઘજીભાઈ ધરમશીભાઈ પટેલ તરફથી તેઓના એડવોકેટ મૂળ કચ્છ ભુજના શ્રી ભવ્યેશ યોગેશચંદ્ર માંકડ દ્વારા નામદાર કોર્ટને અરજ કરવામાં આવેલ છે કે "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ" દ્વારા કરવામાં આવેલ સિવિલ એપ્લીકેશન નં. ૧૯૪૭/૨૦૦૫માં તેઓ પક્ષકાર થવા માંગે છે અને જો નામદાર કોર્ટ દ્વારા તેઓને પક્ષકાર તરીકે દાખલ કરવામાં આવશે તો જાણવા મળ્યા મુજબ તેઓ વતી શ્રી પંકજભાઈ મહેતા કોર્ટ સમક્ષ એક એફિડેવીટ કરવા માંગે છે કે કચ્છ પ્રદેશને વધુ પાણી આપવામાં આવે તેવી "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની ૧૯૯૯માં કરવામાં આવેલ અરજ સાથે અમે સહમત છીએ પરંતુ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો અટકાવી દેવા માટે તેઓશ્રી એટલે કે સમિતિ તરફથી હાલે જે અરજ કરવામાં આવેલ છે તેમાં અમે સહમત નથી અને નામદાર કોર્ટ દ્વારા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો અટકાવી દેવા સ્ટે આપવામાં ન આવે તેવી અમારી અરજ છે.

જાણવા મળ્યા મુજબ તેઓશ્રી આ અરજમાં જણાવે છે કે : (૧) મેઈન કેનાલ તથા (૨) કચ્છ બ્રાંચ કેનાલની ઉત્તર ગુજરાતના બનાસકાંઠા વિસ્તારમાંથી પાસ થતી ૧૧૨ કિ.મી.ની લંબાઈની કેનાલના કામો નર્મદા નિગમ દ્વારા અત્યારના આયોજન પ્રમાણે ચાલુ રહેલ હોતાં ભવિષ્યમાં જો કચ્છ પ્રદેશમાં કચ્છ બ્રાંચ કેનાલની સાઈઝ મોટી કરવામાં આવે તો તેનાથી કચ્છ જળસંકટ નિવારણ સમિતિની અરજ મુજબ ફાયદો શું થવાનો હતો? કૂવે નહીં હોય તો પાણી અવાળે આવશે ક્યાંથી? (૧) મેઈન કેનાલ તથા (૨) કચ્છ બ્રાંચ કેનાલના શરૂના ૧૧૨ કિ.મી.ની લંબાઈની કેનાલ જો મોટી કરવામાં ન આવે તો કચ્છ પ્રદેશમાંથી પાસ થતી કચ્છ બ્રાંચ કેનાલની ૨૫૦ કિ.મી. લંબાઈની કેનાલને મોટી કરવામાં આવે તો પાણી કઈ રીતે વધુ મળી શકશે? તેથી કચ્છ જળસંકટ નિવારણ સમિતિની આ વાત યોગ્ય નથી અને તેથી તેઓને નામદાર કોર્ટ તરફથી કચ્છમાં ચાલતા આ કેનાલના કામો પર સ્ટે આપવામાં ન આવે. ઉપરોક્ત હકીકત આ સાથેનો નકશો જોવાથી ખ્યાલ આવી શકશે.

(પાછળના પાને આપેલ નકશો જુઓ)

તદુપરાંત જાણવા મળ્યા મુજબ શ્રી પંકજભાઈ મહેતા તરફથી આ અરજમાં જણાવવામાં આવેલ છે કે અત્યારે જે પાણી કચ્છને ફાળવવામાં આવેલ છે તે નર્મદા નદીના નિયમિત પાણી તથા વધારાના પાણી દ્વારા કચ્છ પ્રદેશમાં દર વર્ષે અંદાજિત રૂા. ૭૮૫ કરોડના પાક મેળવી શકાય તેમ છે અને વધારામાં જો આ પાણી ડ્રીપ ઈરિગેશન દ્વારા વાપરવામાં આવે તો કચ્છ પ્રદેશમાં દર વર્ષે તેનાથી અંદાજિત ત્રણ ગણી રકમના એટલે કે રૂા. ૨૩૫૫ કરોડ જેટલી રકમના પાકો મેળવી શકાય કે જેનો ફાયદો કચ્છના ગામડાના છેવાડાના માણસ સુધી પહોંચી શકે તેમ છે. તેથી આ કામો પર નામદાર કોર્ટ તરફથી સ્ટે મૂકવાને બદલે શક્ય વધુ ઝડપે આ કાર્યો કરાવવા નર્મદા નિગમને આદેશ આપવો જોઈએ કે જેથી કરીને અત્યારના આયોજન મુજબ આ યોજના વર્ષ ૨૦૦૮માં પૂરી કરવાના બદલે વર્ષ ૨૦૦૬માં પૂરી કરી શકાય.

ત્યારબાદની વાતચીત દરમ્યાન શ્રી પંકજભાઈ મહેતાએ જણાવેલ કે અમે સહુ કચ્છ જળસંકટ નિવારણ સમિતિની કચ્છમાં વધારે પાણી ફાળવવાની મૂળ માંગણી સાથે સહમત છીએ, કે જેના કારણે નખત્રાણા, ભુજ, અબડાસા, લખપત, બન્ની વગેરે વિસ્તારોમાં પણ નર્મદા નદીના સિંચાઈના આ પાણી પહોંચાડી શકાય અને સમગ્ર કચ્છ આબાદ બને.

અન્ય વિભાગના ખેડૂતોને આપવામાં આવતા અધિકારપત્ર બાબતે વાગડ વિભાગના ભાઈઓ તરફથી આપવામાં આવેલ અરજીમાં મૌન સેવવામાં આવેલ છે, તેવું જાણવા મળેલ છે.


વધુમાં જાણવા મળ્યા મુજબ આ પ્રકારની માંગણી નામદાર કોર્ટમાં અબડાસા, લખપત, ભુજ વગેરે વિસ્તારમાંથી પણ થવાની છે તે પ્રકારના સમાચાર આવેલ છે.

આ બાબતે કચ્છના હાલના ધારાસભ્યશ્રીઓના અભિપ્રાય મેળવવાની કોશિશ કરવામાં આવતા જાણવા મળેલ છે કે રાપર વિભાગના ધારાસભ્યશ્રી બાબુભાઈ મેઘજી શાહ સિવાય કચ્છના બાકીના પાંચ ધારાસભ્યશ્રીઓ ડૉ. નીમાબેન આચાર્ય, શ્રી શિવજીભાઈ આહીર, શ્રી છબીલદાસભાઈ પટેલ, શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા તથા શ્રી ગોપાલભાઈ ધુઆ કચ્છ બ્રાંચ કેનાલના કચ્છ પ્રદેશના કાર્યો ચાલુ રહે તેવા મતના છે. હાલના સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી તથા ભૂતપૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવે આ કામો ચાલુ રહે તે મતના છે. તદુપરાંત શ્રી સુરેશચંદ્ર મહેતા તથા શ્રી નવીનભાઈ શાસ્ત્રીનો અભિપ્રાય પણ આ મુજબનો જ છે. તા. ૧૯-૩-૦૫ના 'કચ્છ મિત્ર'ના અહેવાલ અનુસાર જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી દિલીપભાઈ ત્રિવેદી, પૂર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી વાસણભાઈ આહીર, શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી તારાચંદભાઈ છેડા, ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન શ્રી અરજણભાઈ રબારી, પૂર્વ પ્રદેશ મંત્રી શ્રી અરુણભાઈ વચ્છરાજાણી, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી હીરાલાલભાઈ પારેખ વગેરેએ પણ કચ્છ બ્રાંચ કેનાલના કામકાજોને આવકારેલ છે. શ્રી હરિભાઈ પટેલ તથા શ્રી શૈલેન્દ્રસિંહજી જાડેજા પણ આ કામો ચાલુ રહે તેમ ઈચ્છે છે.

ઘણા લાંબા સમયથી કોર્ટમાં કેસ પેન્ડિંગ પડી રહેલ હોવાથી અને તે ચાલતો ન હોવાથી કદાચ "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ" તથા તેમના એડવોકેટશ્રીનો આ અરજ દ્વારા મૂળ રીટ પિટિશન ચલાવવા

દરિયા કરતાં દારૂએ ઘણાને ડુબાડ્યા છે.

મેઈન કેનાલ તથા કચ્છ બ્રાંચ કેનાલ બતાવતો નકશો



નામદાર કોર્ટ પર દબાણ લાવવાના પ્રયાસ હોય તે શક્ય છે.

પરંતુ અત્યાર સુધી ગુજરાત હાઈકોર્ટમાં કચ્છ વતી એક અને માત્ર એક, "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની રજૂઆત હતી તેના બદલે નામદાર કોર્ટને એ ખ્યાલ આવી ગયેલ છે કે કચ્છના લોકોનો આ સમિતિ સિવાય અન્ય અભિપ્રાય પણ છે.

અન્ય તરફથી જાણવા મળ્યા મુજબ હવે જો આ કેસની કોર્ટમાં મુદત પડતી રહે તો કચ્છની કેટલીક નામાંકિત વ્યક્તિઓ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ભવાનીસિંગને રૂબરૂ મળીને અરજ કરવા માગે છે કે આ કેસ વહેલી તકે ચલાવી યોગ્ય ન્યાય આપવામાં આવે.

આપણે સહુએ આગળની કાર્યવાહીનો ઇંતેજાર કરવાનો રહે છે.■

પોતાની જાત પાસેથી કામ લેવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો પડે અને બીજાની પાસેથી કામ લેવામાં હૃદયનો ઉપયોગ કરવો પડે.

નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈના પાણી – કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૦૫નો લેખ)

આપ સહુને એ જણાવતા હર્ષ થાય છે કે આખરે ગત તા. ૩-૩-૦૫થી નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈના પાણી માટેની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા શરૂ કરાવી દેવામાં આવેલ છે.

નર્મદા નદીના સિંચાઈના પાણી માટે આંતરરાજ્ય વિવાદના કારણે ૧૯૬૯માં એક ટ્રિબ્યુનલની રચના કરવામાં આવેલ. તેનો ચુકાદો ૧૯૭૯માં આવ્યો. આ યોજનાને ૧૯૮૭માં ભારત સરકારશ્રીની મંજૂરી મળી. ત્યારબાદ ગુજરાત રાજ્યમાં આ કેનાલના કાર્યો ચાલુ કરાવવામાં આવ્યા. વર્ષ ૧૯૮૭થી વર્ષ ૨૦૦૨ સુધી એટલે કે ૧૫ વર્ષ સુધી અનેક કારણોસર કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો હાથ પર લઈ શકાયેલ ન હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ પ્રશ્નના ઊંડાણમાં ઉતર્યું, તેની વિગતો સમજી અને નર્મદા નિગમના અધિકારીશ્રીઓ સાથે તેની પ્રથમ મીટિંગ તા. ૧૭-૮-૨૦૦૨ના શ્રી કચ્છી જૈન ભવન, અમદાવાદ ખાતે યોજેલ. ત્યારબાદ સતતપણે છેલ્લા અઢી વર્ષમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અધિકારીઓએ નર્મદા નિગમના વિવિધ અધિકારીઓ સાથે અનેક મીટિંગો યોજેલ. અમને જણાવતા આનંદ થાય છે કે આટલા લાંબા સમયના પ્રયાસો બાદ "કચ્છ બ્રાંચ કેનાલ"ના કાર્યો નર્મદા નિગમ દ્વારા શરૂ કરાયેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રયાસો એવા હતા કે આ યોજનાને શરૂ થયે ૧૫ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયેલ હોવા છતાં કચ્છમાં બિલકુલ કામ ચાલુ થયેલ નહોતા. કચ્છની પ્રજાનો વિશ્વાસ અને ધીરજ ખૂટી ગયેલ હોવાથી આ કામ કેનાલના બીજે છેડેથી એટલે કે માંડવીના મોડકૂવાથી ચાલુ કરાવવા જોઈએ. પરંતુ આ કેનાલની ૩૬૨ કિલોમીટરની લંબાઈના છેલ્લા ૧૮૦ કિલોમીટરના સર્વે વગેરેનું કામ હજુ પૂર્ણ થયેલ ન હોવાથી છેવટે આ કેનાલના કાર્યો, આ કેનાલ કચ્છમાં જ્યાંથી શરૂ થાય છે તે ફતેહગઢ વિસ્તારથી પણ આ કેનાલના શરૂના મુખની કાર્યવાહીની સાથે સાથે ચાલુ કરાવવામાં આવેલ છે અને તેના પરિણામો આપણે નજર સમક્ષ નિહાળી શકીએ છીએ.

આ શરૂ કરાયેલ કાર્યોની વિગતમાં ઉતરીએ તો તેની વિગતો

વિભાગ	*કિલોમીટર*નીચે મુજબ	*અંદાજિત કિંમત (રૂપિયા કરોડમાં)*	*કઈ કંપનીને કામ આપવામાં આવેલ છે?*
૧. ઉત્તર ગુજરાતના રાધનપુર વિભાગમાં	૦.૦ થી ૨૦.૦૧ કિ.મી.	૫૮.૧૬	સદ્‌ભાવ એન્જિનિયર્સ - અમદાવાદ
૨. ઉત્તર ગુજરાતના રાધનપુર વિભાગમાં	૨૦.૦૧ થી ૩૨.૯૭ કિ.મી.	૪૪.૨૦	મેસર્સ બી. એ. પટેલ - અમદાવાદ
૩. ઉત્તર ગુજરાતના રાધનપુર વિભાગમાં	૩૨.૯૭ થી ૪૫.૦૦ કિ.મી.	૪૩.૦૨	મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોર
૪. ઉત્તર ગુજરાતના રાધનપુર વિભાગમાં	૫૪.૯૦ થી ૬૫.૦૦ કિ.મી.	૩૧.૫૦	મે. કેતન કન્સ્ટ્રક્શન - અમદાવાદ
૫. કચ્છના ભચાઉ વિભાગમાં	૧૧૨.૫૦ થી ૧૨૨.૨૧૯ કિ.મી.	૩૨.૯૧	મે. મોન્ટેકાર્લો - અમદાવાદ
૬. કચ્છના ભચાઉ વિભાગમાં	૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કિ.મી.	૪૦.૨૩	મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોર
		રૂ. ૨૫૦.૦૨	કરોડ

આ રીતે લગભગ રૂા. ૨૫૦ કરોડની કિંમતના ૫૫ કિ.મી.ની લંબાઈના કાર્યો ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં અને ૨૧.૦ કિ.મી.ની લંબાઈના કાર્યો કચ્છના વાગડ વિભાગના રાપર તાલુકામાં શરૂ કરાવાયેલ છે. કચ્છ બ્રાંચ કેનાલની અંદાજિત ૧૧૨ કિ.મી.ની લંબાઈ ઉત્તર ગુજરાતમાંથી અને ૨૫૨ કિ.મી. લંબાઈ કચ્છમાંથી પસાર થાય છે. આ રીતે કુલ ૩૬૪ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલ ઉત્તર ગુજરાતના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી શરૂ થાય છે અને તે માંડવી તાલુકાના મોડકૂવા ગામ પાસે પૂરી થાય છે.

નર્મદા નદીના ૩.૦૦ એમ.એ.એફ. જેટલા વધારાના પાણીમાંથી કચ્છને જે ૧.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવાની જાહેરાત થયેલ છે તેના કારણે આ કચ્છ બ્રાંચ કેનાલને માંડવીના મોડકૂવાથી અબડાસાના નલિયાથી પણ આગળ એટલે કે લગભગ ૭૫ કિ.મી. સુધી લંબાવવાના આયોજનો જળસિંચાઈ વિભાગ તરફથી વિચારાયેલ છે પરંતુ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ કેનાલ

અમુક કંપનીઓની શાખાઓ ઘણી હોય છે પરંતુ શાખ જરાયે હોતી નથી.

લખપત તાલુકાના છેક નારાયણ સરોવર - કોટેશ્વર સુધી લંબાવાય તેવા પ્રયાસો ચાલુ છે. આ માટે માંડવી વિભાગના ધારાસભ્યશ્રી છબીલદાસ પટેલ સારા એવા પ્રયત્નશીલ રહેલ છે. કચ્છના અન્ય ધારાસભ્યશ્રીઓ, માજી ધારાસભ્યશ્રીઓ તથા સંસદ સભ્યશ્રીને અમારી વિનંતી કે હાલે ગુજરાત રાજ્યના "જળસિંચાઈ તથા પાણી પુરવઠા" વિભાગમાં આ વધારાના પાણીના આયોજનોની પ્રક્રિયા ચાલુ હોવાથી તેમાં અત્યારે જ સક્રિયપણે ભાગ લેવાનું કચ્છ પ્રદેશ માટે ખૂબ જ હિતાવહ બની રહેશે, નહીં તો હંમેશની માફક આપણે ફરીથી બસ ચૂકી જઈશું.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા "કચ્છ બ્રાંચ કેનાલ"ના કાર્યો પૂર્ણ થયે કચ્છના તાલુકાવાર વિવિધ ગામોને નીચે પ્રમાણેના ખેતીના વિસ્તારમાં પાણી પૂરા પાડવામાં આવશે.

ક્રમ	*તાલુકો*	*લાભિત ગામો*	*સિંચાઈ વિસ્તાર (હેક્ટરમાં)*
૧.	રાપર	૪૭	૩૮,૫૬૧
૨.	ભચાઉ	૩૩	૨૫,૯૩૫
૩.	ગાંધીધામ	૮	૪,૧૩૪
૪.	અંજાર	૨૪	૧૩,૩૬૭
૫.	મુંદ્રા	૩૪	૧૮,૨૪૦
૬.	માંડવી	૩૦	૧૧,૧૯૮
૭.	ભુજ	૬	૧,૩૪૩
		૧૮૨ ગામ	*૧,૧૨,૭૭૮ હેક્ટર*
			= ૨,૮૫,૦૦૦ એકર

(વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના આયોજનો પૂર્ણ થયેલ ન હોવાથી તે પાણીના કારણે લાભિત વિસ્તાર તથા લાભિત ગામોની વિગતો હજુ પ્રાપ્ત થઈ શકેલ નથી.)

નર્મદા નદીના નિયમિત પાણીમાંથી કચ્છને ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. પાણી, કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામોની, ગામ પ્રમાણે લાભિત વિસ્તારોની વિગતો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

તાલુકો : રાપર

ગામ	*લાભિત વિસ્તાર (હેક્ટરમાં)*
હમીરપર નાની	૨૦૧.૮૫
ફતેહગઢ	૩૦૦૩.૫૬
સાનગઢ	૧૭૯.૦૮
ગેડી	૬૮૫૬.૪૯
સેલારી	૨૩૫.૫૫
દેશલપર / નાગલપર	૧૭૭૧.૬૯
ધાનપર / કલ્યાણપર	૭૪૧.૭૩
કાવરી / શાનપર	૧૯૬૬.૨૬
નંદાસર	૫૩૦.૧૪
રવ મોટી	૨૯૬૦.૪૮
જેસડા	૫૫૪.૧૦
ત્રંબૌ	૧૮૭.૮૧
સૂવઈ / ખેંગારપર	૧૦૪૯.૦૦
સમવાવ	૪૩.૭૯
લાકડીવાંઢ	૧૬.૬૨
સુદાણાવાંઢ	૫૭૯.૯૮
નારણપર	૧૫૦.૦૮
ગવરીપર	૨૧૫.૦૭
વણોઈવાંઢ	૭૫૭.૧૭
ખાંડેક	૧૨૩.૯૮
મંજુવાસ	૩૨૭.૮૩
મોમાય મોટા	૯૪૮.૦૦
સણવા	૧૩૮૪.૦૭
લખપત - બામણસર	૩૦૧.૩૫
આડેસર	૧૧૭૫.૪૩
ટગા	૨૬૪.૬૯
વરણું	૫૨૪.૮૪
સુખપર	૫૬૨.૧૯
વિજાપર	૬૪૧.૫૮
માખેલ	૩૭૭.૩૩
પલાસવા	૩૭૬૦.૯૭
ધાણિયલ	૩૪૨.૩૨
કાનમેર	૧૭૬૫.૮૬
ગાગોદર	૯૫૫.૦૩
ભીમદેવડા	૬૨૪.૦૩
થોરિયાળી	૩૭૧.૦૩
પેથાપર	૩૮૧.૭૯
કુંભારિયા	૧૪૪.૪૧
માણાબા	૬૧૦.૧૬
પંડ્યાનો ગઢ	૩૪૬.૨૩
સાંય	૩૨.૯૪
વકેરા	૨૯૮.૪૫
કુલપરા	૨૯૫.૦૮
	૩૮,૫૬૧.૦૦ હેક્ટર

તાલુકો : ભચાઉ

ગામ	*લાભિત વિસ્તાર (હેક્ટરમાં)*
ભરૂડિયા	૮૩૩.૬૦
ખણખોઈ	૩૮૫.૭૫
ચૌબારી	૧૮૬૨.૬૮
મનફરા	૧૪૫.૫૨
ખારોઈ	૪૮૨.૪૬
કડોલ	૫૯૨.૬૧
નેર	૬૩૩.૨૯
બંધડી	૧૬૩૦.૬૪
માય	૩૮.૪૦
મેઘપર/કુંજીસર	૩૬૦.૦૩
કરમરિયા	૩૧૫.૭૩
શિકાર	૩૪૨.૦૦
લુણવા	૧૧૬.૧૫
ચોપડવા	૩૪૮.૬૩
ભચાઉ	૧૫૩૩.૦૦
વોંધ	૧૫૬૧.૫૪
છાડવાડા	૧૨૫૫.૮૫
આંબલિયારા	૧૫૬૩.૪૩
જંગી	૨૧૯૦.૨૨
સામખિયાળી	૫૦.૦૦
લલિયાણા	૨૪.૬૦
વાંટિયા	૨૦૪૬.૯૦
શિકારપુર	૧૮૮૫.૮૮
નારણસરી	૩૫૩.૦૨
ચાંદરોડી	૧૧૦.૩૮
રાજસ્થલી	૫૩૬.૭૨
મોટી ચીરઈ	૨૫૨૩.૭૧
નાની ચીરઈ	૧૨૧૭.૭૧
સુખપર	૧૦૯.૦૫
કુંભારડી	૫૫.૫૮
પોરગર	૪૮૦.૩૩
બાનીઆરી	૩૪૯.૫૬
	૨૫૯૩૪.૯૭
	= ૨૫૯૩૫.૦૦ હેક્ટર

નારી, નાણું અને નિંદા જેને પ્રિય હોય તે નારાયણને પ્રસન્ન કરી શકતો નથી.

તાલુકો : ગાંધીધામ

ચુડવા	૫૪૪.૫૬
પડાણા	૬૮૧.૬૯
મીઠી રોહર	૧૪૦૩.૦૨
ગળપાદર	૧૮૭.૪૪
કિડાણા	૩૧૩.૦૨
ભારાપર	૪૭૮.૪૨
અંતરજાળ	૨૪.૩૯
શીણાય	૫૦૨.૧૮
	૪૧૩૪.૭૨
	= ૪૧૩૪.૦૦ હેક્ટર

તાલુકો : અંજાર

બુઢારમોરા	૩૩.૮૪
ધમડકા	૭૨.૭૭
અમરાપર	૫૯.૦૩
દેવીસર	૪૫.૭૦
ખીરસરા	૭૮.૮૫
ચંદ્રાપર	૭૨.૮૧
બીટા વલાડિયા	૭૪૩.૩૭
નાગા વલાડિયા	૯૫૦.૭૯
માડેવદર	૩૭૩.૩૯
વરસાણા	૫૯૪.૧૬
તુણા	૫૨૭.૮૧
રામપર	૪૫૮.૨૬
સંઘડ	૧૦૭૭.૧૩
વીરા	૯૭૩.૧૫
ભીમાસર	૨૨૨૩.૪૫
ટપર	૩૯૬.૧૪
અજાપર	૬૭૯.૯૯
લાખાપર	૫૧.૪૬
વરસામેડી	૧૬૦૨.૦૪
મેઘપર	૨૫૭.૩૪
અંજાર	૧૮૬.૦૦
મથક	૮૪૦.૯૪
પશુડા	૯૪૫.૭૨
ખારી પસવાડિયા	૧૨૩.૦૨
	૧૩૩૬૭.૧૬
	= ૧૩૩૬૭.૦૦ હેક્ટર

તાલુકો : મુંદ્રા

કુકડસર	૮૩૦.૩૨
ગોએરસમા	૧૩૭.૦૭
ઝરપરા	૧૬૫૨.૫૮
ધ્રબ	૪૫૩.૬૯
નવીનાળ	૪૪૫.૯૧
નાના કપાયા	૪૫૪.૯૬
પાવડિયારા	૨૧૪.૪૨
બારોઈ	૫૫૫.૨૯
ભોરાણા	૩૮.૭૨
ભદ્રેશ્વર	૧૬૦૮.૧૨
રાગા	૨૧૧.૫૧
મુંદ્રા	૫૫૯.૦૭
કાંડાગરા મોટા	૭૩૫.૮૧
ગુંધાલા	૭૩૫.૮૧
ટુંડા	૩૯૧.૯૫
નાની ભુજપર	૨૬૪.૧૫
ભરૂડિયા	૨૫૮.૩૪
મોખા	૩૨૦.૭૦
મોટા કપાયા	૪૫૭.૩૫
મંગરા	૧૯૩.૫૮
લુણી	૧૧૨૭.૨૧
વડાલા	૧૯૫૭.૬૩
સિરાયા	૬૪૨.૪૨
સેખડિયા	૨૭૮.૦૭
સમાગોગા	૬૨૯.૩૨
સાડાઉ	૪૦૭.૫૯
હટડી	૫૮૪.૨૮
મોટી ભુજપર	૧૧૪૮.૪૯
પ્રતાપપર	૧૪૭.૬૬
ભોરારા	૩૫૭.૫૯
ખાખર મોટી	૧૯૧.૯૫
વોવાર	૫૫.૬૯
છસરા	૬૬.૫૩
દેશલપર	૧૨૫.૯૨
	૧૮૨૩૯.૭૦
	= ૧૮૨૪૦.૦૦ હેક્ટર

તાલુકો : માંડવી

નાની ખાખર	૮૬.૯૨
નાના ભાડિયા	૮૧૩.૩૨
મોટા ભાડિયા	૧૯૪.૨૨
પીંપરી	૮૯.૩૯
ગુંદિયાળી	૧૨૪૮.૩૨
ત્રગડી	૪૫૮.૧૦
કોડાય	૧૬૩.૩૫
મોટી રાયણ	૧૮૮.૭૦
નાની રાયણ	૧૦૧.૪૯
નવાવાસ (દુર્ગાપુર)	૪૮૧.૪૫
નાગલપર	૨૯.૩૫
ભારાપર	૧૧૬.૦૬
મેરાઉ	૬૦૩.૫૧
શીરવા	૧૨૦.૦૯
કાઠરા	૭૪.૧૮
વાડા	૩૬૬.૪૨
નાના લાયજા	૨૭૭.૫૦
મોટા લાયજા	૧૦૦૦.૮૨
બાડા	૧૧૬.૬૯
પોંચટિયા	૪૫૦.૬૩
ભીંસરી	૬૨૬.૭૬
વાંઢ	૩૬૮.૭૩
ચાંગડાઈ	૬૨૩.૩૦
બાંભરાઈ	૯૪૯.૬૯
માપર	૧૩૭.૮૪
મોડકૂવા	૬૮૫.૬૦
મસ્કા	૩૫૮.૪૩
કોકલિયા	૬૯.૩૬
બિદડા	૨૭૪.૩૯
માંડવી	૧૨૩.૩૦
	૧૧૧૯૭.૯૧
	= ૧૧૧૯૮.૦૦ હેક્ટર

તાલુકો : ભુજ

જવાહરનગર	૨૯૫.૯૮
વાત્રા	૧૦૮.૯૬
લોડાઈ	૨૫૯.૩૨
ધ્રંગ	૫૪.૩૧
ધોરી	૩૮૮.૩૫
સુમરાસર	૨૩૬.૪૧
	૧૩૪૩.૩૩
	= ૧૩૪૩.૦૦ હેક્ટર

(અનુસંધાન : જુઓ પાના નં. - ૬૫ ઉપર)

જેને આધારે ટકો તેની ટીકા ન કરો.

કચ્છમાં ચેક-ડેમો

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જૂન - ૨૦૦૫નો લેખ)

ઘરનું પાણી ઘરમાં, શેરીનું પાણી શેરીમાં અને ગામનું પાણી ગામમાં સમાવી લેવાની જે કહેવત છે તેને યથાર્થ કરવાનો સમય હવે પાકી ગયો છે. કદાચ જૂના જમાનામાં આ રીતે ગામનું પાણી રોકી લેવામાં આવતું હતું.

કચ્છની ૯૨ નદીઓ પર અને ૯૦૦એ ૯૦૦ ગામમાં જો આપણે આ યોજના સાકાર કરી શકીએ તો કચ્છમાં નર્મદાના પાણી વગર પણ હંમેશને માટે દુષ્કાળને જાકારો આપી શકીએ. ગામેગામ ચેક ડેમો બનાવવા અત્યારે જે પવન ફુંકાઈ રહેલ છે તે યોજના જો દરેક ગામ જાતે સ્વીકારી પોતાના ગામના અંદાજિત ૧૨ સભ્યોની પાણી મંડળી બનાવી, પોતાના ગામના ચેક ડેમો જાતે બનાવી લે તો દુષ્કાળને જાકારો આપવાના દિવસો બહુ દૂર નહીં રહી શકે. આ માટે વર્ષ ૨૦૦૫-૦૬થી સરકારે ૮૦ : ૨૦ની યોજના બનાવેલ છે. ચેક ડેમ બનાવવાના ખર્ચના ૮૦ ટકા સરકાર આપે અને બાકીના ૨૦ ટકા ખર્ચ ગ્રામ્ય લોકોએ લોકફાળા દ્વારા જાતે એકત્રિત કરવાના રહે છે. કચ્છના લગભગ બધાજ ગામોનો ઉજળિયાત વર્ગ રોજી રોટી માટે કચ્છમાંથી માઈગ્રેટ કરી અન્યત્ર વસેલ છે, જે આજની તારીખમાં બે પૈસા પામી ચૂકેલ છે અને તેની ગણના સુખી સંપન્ન વર્ગમાં થાય છે. પોતાના ગામના ચેક ડેમો બનાવવા જરૂરી ૨૦ ટકા ફાળો આ સંપન્ન વર્ગ એકત્રિત કરી આપે; જ્યારે સ્થાનિકે રહેતા લોકો પોતાના ગામના ચેક ડેમો ઉચ્ચ કોટીના બંધાય તેવા પ્રયાસો આદરે તો કચ્છને આપણે નંદનવન બનાવી શકીએ. વિકાસના ફળો ગામડાના છેક છેવાડાના માણસ સુધી પહોંચાડી શકીએ.

જો કે આ કાર્યો માટે માંડવીની વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, ભુજની નવનિર્માણ અભિયાન સંસ્થા વગેરે સંસ્થાઓએ છેલ્લા કેટલાયે સમયથી સમગ્ર કચ્છમાં આહલેક જગાવી છે પરંતુ આ અંગેના પ્રયાસો હજુ પણ વેગવાન બનાવવાની જરૂરિયાત રહે છે.

આ અંગે પ્રથમ તો દરેક ગામે અગિયાર કે તેથી વધુ સભ્યોની "પાણી મંડળી" બનાવવી પડે. એક આર્કિટેક્ટને રોકીને (કે જેઓની સેવા કચ્છમાં સહેલાઈથી મળી શકે છે) પોતાના ગામના ચેક ડેમો વગેરેની જગ્યાઓ નક્કી કરી તેના અંદાજ બનાવવા પડે. ત્યારબાદ આ અંદાજ ભુજ વિભાગની સરકારશ્રીની કચેરી પર મોકલી આપવાના રહે છે. સરકારશ્રી તરફથી આ યોજનાને મંજૂરી મળતાં જે તે ગામની "પાણી મંડળી" પોતાના ગામના ચેક ડેમોના ટેન્ડરો બહાર પાડી, કોઈ પણ યોગ્ય કોન્ટ્રાક્ટર પાસે આ કામ કરાવી શકે. જે તે ગામના ચેક ડેમોના અંદાજ સરકારશ્રીની લેવલે મંજૂર કરાવવા ભુજમાં તથા અમદાવાદમાં "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ" જેવી સેવાભાવી સંસ્થાએ જવાબદારી સ્વીકારી લેવી જોઈએ.

અગર આપણે કચ્છના ગામેગામ આ યોજનાનો અમલ કરાવી શકીશું તો આવતા દિવસોમાં કચ્છમાં સોનેરી સૂરજ ઊગી નીકળશે.

"દિવ્ય ભાસ્કર"ના તા. ૩-૪-૨૦૦૫ના અંકમાં જળ - મૃગજળ કોલમમાં "સૌરાષ્ટ્રમાં આવતા પાંચ વર્ષમાં પાણીનો ૧૦૦ ટકા સંગ્રહ થશે"ના મથાળા હેઠળ એક લેખ આવેલ, કે જેમાં "મથુરભાઈ સવાણી" જેવી વ્યક્તિ સમગ્ર સૌરાષ્ટ્રના ગામોનો કાયાપલટ કરી રહેલ છે તેની વિગતો છપાયેલ હતી. આ લેખ અક્ષરસહ અત્રે છાપેલ છે કે જેથી આપણને કચ્છના પડોશી પ્રદેશ "સૌરાષ્ટ્ર"માં શું બની રહેલ છે તેની ગતિવિધિનો ખ્યાલ આવી શકે. વી.આર.ટી.આઈ., કચ્છ નવનિર્માણ અભિયાન, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ જેવી અનેક સેવાભાવી સંસ્થાઓ કચ્છ માટે આ પ્રકારના કાર્યો વેગવંત રીતે હાથ પર લઈ કચ્છમાં જળક્રાંતિ આણી શકે.

આ લેખ અક્ષરસઃ નીચે મુજબ છે :

ભગીરથી ઉતારતું લોક આંદોલન

સૌરાષ્ટ્રમાં આવતા પાંચ વર્ષમાં પાણીનો ૧૦૦ ટકા સંગ્રહ થશે

કોઈ માને કે ન માને પરંતુ અત્યારે સૌરાષ્ટ્રમાં જે રીતે ચોમાસાનું પાણી ગામના પાદરમાં જ રોકી દેવાનું ભૂગોળ સામેનું આંદોલન ચાલી રહ્યું છે, તે રીતે પાંચ વર્ષ સુધી ચાલતું રહે તો ૨૦૧૦માં સૌરાષ્ટ્રમાં ગામની બહાર પાણી નહીં નીકળી શકે. આ ઘટના સમગ્ર વિશ્વ માટે પ્રેરણા પૂરી પાડનારી બની રહે તેવી છે. જો આમ થશે તો દુષ્કાળને કાયમી દેશવટો આપી શકાશે. આ દાવો સરકારનો નથી પરંતુ પાણીક્ષેત્રે કામ કરી રહેલી સ્વૈચ્છિક સંસ્થાઓનો છે.

સૌરાષ્ટ્રમાં ૪૮૦૦ ગામો છે જેમાં ૨ હજાર ગામોએ પોતાનું પાણી રોકી દેવા માટે કામ કર્યું છે. ૨૦૦ નદીઓને નાથવા માટે મોટા ચેકડેમો બનાવવામાં આવી રહ્યા છે. દર બે કિલોમીટરે એક ચેકડેમ બનાવવાનું આયોજન થઈ ચૂક્યું છે. ગામલોકો, ઉદ્યોગો અને રત્ન કલાકારોએ આ અભિયાન ૨૦૦૦ના વર્ષથી શરૂ કર્યું છે. ૮૬ કરોડના દાન સાથે ૧૨૯ જંગી ચેકડેમ તો બાંધી દેવાયા છે. આ વર્ષે ૨૦૦ ચેકડેમો બનાવવાના છે. જેમાં ૭૦ ટકાનું કામ શરૂ થઈ ગયું છે. આવા ૫ હજાર ચેકડેમો બનાવવામાં આવશે. આમ થતાં ઊંધી રકાબી જેવો સૌરાષ્ટ્ર ટાપુ પાણીથી ભર્યો બની જશે. પછી દરિયામાં નદીઓ ઠલવાતી નહીં હોય. લોકોએ જ ઉપાડેલું આંદોલન આ રીતે સફળ થયું હોય તેવી ઘટના વિશ્વના કોઈ ખૂણામાં બની નથી.

જે થાળીમાં ખાઓ તે થાળીમાં ન થુંકાય.

અહીંના ૧.૧૦ લાખ ચો.કિ.મી. (૨.૭૩ કરોડ એકર) જમીન ઉપર વરસાદનું પાણી સ્થળ પર જ રોકી રાખે તેવા ૨.૮૦ લાખ બંધારાઓની આવશ્યકતા છે. તેના કારણે ૧.૦૭ કરોડ ખેતીલાયક જમીનને પૂરતું પાણી મળી રહેશે. જેનાથી કૃષિ ઉત્પાદન ત્રણ ગણું થઈ જશે અને દર બીજા વર્ષે સરકારને ૮૫૦ કરોડ રૂપિયાનો દુષ્કાળનો ખર્ચ બચશે. દુષ્કાળ દૂર થતાં દર બીજા કે ત્રીજા વર્ષે રૂા. ૩૮૬૭ કરોડનું કૃષિ ઉત્પાદન ખેડૂતોને ગુમાવવું પડે છે તે નહીં ગુમાવવું પડશે. ગુજરાતના મુખ્યમંત્રીપદે કોઈ અર્થશાસ્ત્રી હોય તો પળનો વિલંબ કર્યા વગર પાણી રોકવા માટે દર વર્ષે ગુજરાતનું ૨૫ ટકા બજેટ ફાળવી આપે, એવી અહીંની સફળ અર્થવ્યવસ્થાનું સર્જન થઈ રહ્યું છે. જેમાં સંઘ ભાવના અને પાણીની પીડા કામ કરી રહી છે. તેને સુરતના હીરા ઉદ્યોગકારોએ મોટું પીઠબળ આપ્યું છે. ૪ હજાર ગામોમાંથી સુરતમાં હીરાના કારખાના ધરાવનાર લોકો વસે છે. તેમણે જ આંદોલન ઉપાડ્યું છે અને તેઓ જ આ ભગીરથ કાર્યને આગામી પાંચ વર્ષમાં પૂરું કરશે.

ગુજરાતમાં ૩૨૬ સ્વૈચ્છિક સંસ્થાઓ પાણી ક્ષેત્રે કામ કરે છે. તેમાંની ૨૯૮ કાગળ પર ચાલે છે અને વિદેશના અને સરકારનાં નાણાં પર તાગડધિન્ના કરે છે. વાસ્તવમાં પાણીની બચત માટે કામ કરતી હોય તેવી ૩૧ સંસ્થાઓ કામ કરે છે. જેમાં સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ આ આંદોલનના સફળ નેતા છે. મથુરભાઈ સવાણી પાણીને પાદરમાં રોકવા માટે સૌરાષ્ટ્રના દરેક ગામમાં પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં તેમણે ૧૭૫૩ ગામોની મુલાકાત લીધી છે. યાત્રા રાજકોટના રાજ સમઢિયાળીથી ૧૯૭૯માં શરૂ થઈ હતી. વાયા ખોફાળા થઈને સમગ્ર સૌરાષ્ટ્રમાં આગની માફક ફેલાઈ ગઈ છે. હીરાના વેપારીઓએ આંદોલન શરૂ કર્યું છે. તેઓ સુરતમાં જે તે ગામના હીરાના વેપારીને ઝાલે છે અને તે ગામમાં ચેકડેમ બનાવવા માટે મૂડી રોકવા તૈયાર કરે છે. ગામ લોકોને ફાળો આપવા લલચાવે છે. ૪૦ જેસીબી મશીનો તૈયાર રાખે છે. જે ડીઝલ આપે તેને મશીન મળી શકે છે. આ ટ્રસ્ટના ઈજનેરો ગામમાં જઈને સર્વે કરે છે.

સરકારમાંથી ગ્રાંટ મેળવી આપવા આ સંસ્થાના કર્મચારીઓ દોડે છે. સહાયનો ચેક સીધો, ગામની ૧૨ સભ્યોની પાણી સમિતિને મળે છે. ક્યાંય ભ્રષ્ટાચારને અવકાશ રહેતો નથી. અને તેથી જ આ આંદોલન સફળ રહ્યું છે. આંદોલન પૂરું થતાં રૂા. ૫ હજાર કરોડનો ફાયદો થવાનો છે. હાલ રાજ્યનું ૪૦ ટકા કૃષિ ઉત્પાદન વધ્યું છે તે સૌરાષ્ટ્રના કારણે વધ્યું છે.

"દિવ્ય ભાસ્કર"માંથી સાભાર

આશા છે કે કચ્છી માડુ પણ કચ્છને વર્ષોથી પીડી રહેલ દુષ્કાળની સામે કટિબધ્ધ થઈ, હંમેશને માટે કચ્છમાંથી દુષ્કાળને જાકારો આપશે. દુષ્કાળ સામેના આ સંઘર્ષમાં ઈફ્કો, કંડલા પોર્ટ ટ્રસ્ટ, જી.એમ.ડી.સી., અદાણી પોર્ટ, સાંઘી સિમેન્ટ, કચ્છમાં સ્થપાઈ રહેલ નવીન ૨૦૦ ઉદ્યોગો, ગાંધીધામ સ્થિત ઉદ્યોગકારો તથા વ્યાપારીગૃહો તેમજ અન્યત્ર વસવાટ કરતા કચ્છી ઉદ્યોગપતિઓ પોતાનો સાથ સહકાર તન - મન અને ધનથી જરૂર આપી શકે. જરૂરત રહે છે માત્ર આ અંગે કોઈક સેવાભાવી સંસ્થાએ ઘૂણી ધખાવી આહ્‌લેક જગાવવાની!

— સંપાદક

નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈના પાણી — કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો

(અનુસંધાન : પાના નં. - ૬૩ ઉપરથી ચાલુ)

"કચ્છ બ્રાંચ કેનાલ"ના બાંધકામમાં બનાસકાંઠા વિભાગમાં ત્રણ ફૉલ આવે છે અને કચ્છ વિભાગમાં ત્રણ લીફ્ટ અને તેની સાથે સાથે ત્રણ પમ્પિંગ સ્ટેશનનું આયોજન કરવામાં આવનાર છે. આ પૂર્ણ બાંધકામ વર્ષ ૨૦૦૮માં પૂરા થઈ જાય તે રીતે કરવામાં આવનાર છે તેવું નિગમના અધિકારીઓનું કહેવું છે.

"કચ્છ બ્રાંચ કેનાલ"ની સાથે સાથે બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, સબ-સબ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ વગેરેના કામકાજના આયોજનો લેવામાં આવશે તો જ જે તે ખેડૂતના ખેતરના "ધૂરિયા" સુધી આ પાણી પહોંચી શકશે.

નર્મદા નિગમના ધારાધોરણ મુજબ દરેક માઈનોર કેનાલ દીઠ "એક પિયત સહકારી મંડળી"ની રચના કરવામાં આવનાર છે, કે જે દરેક મંડળીની નીચે અમુક લાભકારી ખેડૂતોને તે મંડળીના સભ્ય બનાવવામાં આવશે. નર્મદા નિગમ આ સહકારી મંડળીને કદાચ રૂા. ૧૫/- — ૧૦૦૦ લીટરના ભાવે ખેતીના પાણી આપશે કે જેની વસૂલાત જે તે મંડળીએ પોતાના લાભકારી ખેડૂતો પાસેથી તેના પાણીના વપરાશના પ્રમાણમાં કરવાની રહેશે, તેવું નિગમના અધિકારીઓ જણાવે છે.

આવતા વર્ષોમાં આ સમગ્ર તંત્રની રચના થાય તે પહેલાં આપણે ઈચ્છીએ કે **કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો નિર્ધારિત સમયગાળામાં એટલે કે વર્ષ ૨૦૦૮ સુધીમાં નર્મદા નિગમ દ્વારા પૂરા કરવામાં આવે.**

સાથે સાથે વધારાના પાણીના આયોજનો માટે કચ્છી આગેવાનોએ "પાણી પુરવઠા તથા જળસિંચાઈ" વિભાગ સાથે આયોજનો કરાવી, તેના કાર્યો પણ વર્ષ ૨૦૦૮ સુધીમાં પૂરા કરાવવા કોશિશ કરાવવામાં આવે તો ત્યારબાદના સમયગાળામાં કચ્છના ગામડાની આર્થિક સ્થિતિમાં સારો એવો સુધારો આવી શકશે.

ઉપરોક્ત પાણીના વપરાશ માટે ધુરિયા પધ્ધતિના બદલે કચ્છનો ખેડૂત "ટપક" પધ્ધતિની પ્રથા અપનાવતો થશે તો આજ પાણીથી ઓછામાં ઓછા ત્રણ ગણા વિસ્તારમાં સિંચાઈ થઈ શકશે. આ માટે કચ્છનો ખેડૂત સ્વઅનુભવે સમજતો થયેલ છે તે આપણા સહુ માટે સુખદ સમાચાર છે. ■

જેનું ખાઓ તેનું ન ખોદો.

દુષ્કાળગ્રસ્ત કચ્છને લીલુંછમ બનાવી શકાય?

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૫નો લેખ)

કચ્છ એ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ છે. મોટાભાગના વર્ષોમાં પાક લઈ શકાય તેવો વરસાદ અહીં વરસતો નથી અને જ્યારે વરસે ત્યારે ત્રણેય વરસાદ જો નિયમિત હોય તો ખેડૂત પોતાની ખેતીમાંથી સારો પાક લઈ શકે. પણ આવા વર્ષો દરેક દાયકામાં બહુ જ જૂજ પ્રમાણમાં આવે છે. કચ્છની મોસમનું ચાલુ વર્ષ પણ ખૂબ જ અલ્પ વરસાદ તરફ ગતિ કરી રહેલ છે. લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાના અમુક વિસ્તારોમાં માત્ર પાછોતરો વરસાદ થયેલ છે તેમ કહી શકાય. અન્ય તાલુકામાં વાવણીનો પાક ૭૫થી ૧૦૦ ટકા પાકે તેવો વરસાદ નથી.

કચ્છનો વિસ્તાર ૪૫,૦૦૦ ચો.કિ.મી. હોવા છતાં વસતિ માત્ર ૧૫ લાખ હોવાનું કારણ આજ છે. અહીં એક ચોરસ કિલોમીટરે જન સરેરાશ માત્ર ૩૩ની બતાવે છે. કચ્છના મોટાભાગના લોકો રોજીરોટી માટે સ્થળાંતર કરી, અન્યત્ર વસવાટ કરે છે. જેઓ સ્થળાંતર નથી કરી શક્યા અને સ્થાનિકે ગામડામાં રહે છે તેઓ પાસે અન્ય કોઈ વ્યવસાય ન હોતાં, મોટાભાગના લોકોનો આધાર ખેતી રહે છે. પરિણામે આજે પણ કચ્છ ભારતના અન્ય વિસ્તારની માફક ખેતી પ્રધાન કહેવાય છે, પરંતુ અહીંનો ખેડૂત અથવા તો ખેતમજૂર ગરીબીમાં સબડે છે.

જે વિસ્તારમાં લોકોને જીવન જીવવા સંઘર્ષ કરવો પડે છે ત્યાંની પ્રજા આરામદાયી ન બનતાં, પોતાના જીવન વ્યવહાર માટે ખડતલ અને સાહસિક બનતી હોય છે. આ કારણોસર કચ્છની પ્રજા સેંકડો વર્ષોથી ખડતલ અને સાહસિક બનેલ છે. જે કચ્છીઓએ અને તેમાં પણ મુખ્યત્વે ઉજળિયાત વર્ગે, કચ્છ પ્રદેશ છોડીને અન્યત્ર વસવાટ અર્થે પ્રયાણ કરેલ છે તેઓ આ નવા સ્થળે પોતાની સાહસિકતા અને ખડતલતાના કારણે, ત્યાંના સમાજના અન્ય લોકો કરતાં સારા એવા આગળ વધી ગયેલ છે અને તેઓ સારી એવી પૂંજી એકત્રિત કરી શકેલ છે. બૃહદ્ કચ્છની દરેક જ્ઞાતિમાં શ્રેષ્ઠીઓનું નિર્માણ થતું જ આવેલ છે. એક સમય ભાટિયા સમાજ, દશા ઓસવાલ સમાજ વગેરે જ્ઞાતિઓનો સુવર્ણકાળ હતો. આજે લેઉઆ પાટીદાર સમાજ, કડવા પાટીદાર સમાજ, વીસા ઓસવાળ સમાજ વગેરે જ્ઞાતિઓનો સુવર્ણકાળ ચાલી રહેલ છે. પટેલ સમાજના ભાઈઓએ ઠેર ઠેર લાકડાની લાટીઓ સ્થાપી, ખૂબજ મહેનત કરી, પ્રમાણમાં સારા એવા આગળ વધી શકેલ છે. વીસા ઓસવાલ સમાજના ભાઈઓએ મહેનતની સાથે સાથે દિમાગને પણ કામે લગાડી, તેઓની જ્ઞાતિને શિરમોર સમી બનાવી દીધેલ છે. અત્યારે વીસા ઓસવાલ સમાજનો દસકો નહીં પણ સૈકો ચાલે છે તેમ કહીએ તો તે અતિશયોક્તિ નહીં ગણાય.

એક અન્ય વાત અત્રે નોંધવાલાયક છે કે કચ્છીઓ ભલે પોતાનો વસવાટ અન્યત્ર એટલે કે કચ્છથી દૂરના સ્થળે કરે છે પરંતુ તેઓનો કચ્છ પ્રત્યેનો લગાવ ખૂબજ ઉચ્ચ દરજ્જાનો રહેવા પામેલ છે. ઘણી વખત તો સ્થાનિકે રહેતા લોકો કરતાં, દૂરના સ્થળે વસવાટ કરતા આ કચ્છીઓનો કચ્છ પ્રત્યેનો પ્રેમ અધિક માત્રામાં દૃષ્ટિપાત થઈ શકે તેવું પણ મહેસૂસ થતું રહે છે. તેથી જ તો દૂર આફ્રિકા કે અમેરિકાના કે અન્ય પ્રદેશોમાં રહેતા લેઉઆ કે કડવા પાટીદારો કે અન્ય કચ્છીઓ હોય કે મુંબઈમાં કે અન્યત્ર રહેતા વીસા ઓસવાલ સમાજના વીસા વણિક કે અન્ય હોય, પરંતુ જેવા તેઓ બે પાંદડે થાય કે વતનના પોતાના ગામમાં પોતાની એક નાનકડી હવેલી - મઢુલી - બંગલો તો બનાવે જ છે કે જેથી તેઓની ભાવિ પ્રજાનો નાતો ગામ સાથે હંમેશને માટે જોડાયેલો રહી શકે.

રામાયણ, મહાભારત કે પુરાણોમાં આપણે ઘણી વાર્તાઓ વાંચેલ છે. બાણાવળી જમીનમાં બાણ તાકીને તીર મારે અને જમીનમાંથી પાણીની શેર ફૂટી નીકળે. બાણાવળી આકાશમાં તીરનું અનુસંધાન કરે અને મેઘગર્જના કરતા વરસાદ તૂટી પડે. આ હકીકતને આપણે વાર્તા કે વાયકાની રીતે નહીં પણ એક સિધ્ધહસ્ત વૈજ્ઞાનિકની રીતે મૂલવીએ તો કદાચ એ જમાનામાં આવું વિજ્ઞાન વિકસેલ હોય તે શક્ય હોય (જે રીતે રાવણે સીતામાતાનું અપહરણ કરીને પુષ્પક વિમાનમાં શ્રીલંકા લઈ ગયા અને આજે આ પ્રકારના વિમાનો આકાશમાં ઊડાઊડ કરે છે. એ રીતે આ પ્રકારનું વિજ્ઞાન પણ એ સમયે વિકસેલ હોઈ શકે.) આપણે પણ વિજ્ઞાનના આ ક્ષેત્રમાં આગળ વધવા કોશિશ કરીએ. કચ્છમાં એક પ્રયોગશાળા સ્થાપીએ, દૂરદૂરથી ઘટ્ટ વાદળોને કચ્છ પ્રદેશ તરફ ખેંચી લાવવાના પ્રયોગો આદરીએ. આ વરસાદને કચ્છ પ્રદેશ પર વરસાવવાની વિદ્યાના પણ પ્રયોગો આરંભીએ. કચ્છ પ્રદેશની કઠણાઈ દૂર કરવા ભવિષ્યમાં કોઈકે તો આ ક્ષેત્રમાં ઝંપલાવવાનું રહેશે જ.

કોઈક સામાજિક સંસ્થાએ ભેખ લેવો જરૂરી છે. તેણે આ પ્રકારના પ્રયોગો આદરવા વિજ્ઞાનશાળા - પ્રયોગશાળા સ્થાપિત કરવી પડશે. કચ્છ બહાર વસવાટ કરતા શ્રેષ્ઠીઓએ આ માટે ધનના ઢગલા ન્યોચ્છાવર કરી દેવા જોઈશે. વૈજ્ઞાનિકોને આ પ્રકારના પ્રયોગોના કામે લગાડવા જોઈશે. વાદળા હોય તો વિમાન દ્વારા મીઠાનો છંટકાવ કરવાનો પ્રયોગ હવે જૂનો થઈ ગયો. તેની પણ શક્યતા ફરીથી વિચારવી જોઈશે. આ માટે વિજ્ઞાનને અન્ય ક્ષેત્રોમાં પણ વિકસાવવું જોઈશે.

આપણી પાસે વી.આર.ટી.આઈ., અભિયાન, ટીસ્યુ કલ્ચર

(અનુસંધાન : જુઓ પાના નં. - ૬૯ ઉપર)

જે સમાજમાં નરાધમ લોકો પણ નરોત્તમ ગણાતા હોય તે સમાજનું ભવિષ્ય ધૂંધળું છે.

સમગ્ર ગુજરાતમાં પાણીની પરિસ્થિતિ : જરૂરિયાત, વપરાશ અને ભવિષ્યનું આયોજન

• વિનોદ ગાલા •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૫નો લેખ)

"માનવજાતને જીવવા હવા પછી જો કોઈ અત્યંત આવશ્યક વસ્તુ હોય તો તે પાણી છે. પાણીના સંદર્ભમાં વિચારીએ તો આજે દરેક જગ્યાએ પાણી એક પેચીદો પ્રશ્ન બની ગયો છે. વધતી જતી વસતિ તેમજ સતત વધતા જતા પર્યાવરણીય ફેરફારોને કારણે ઋતુઓની અનિયમિતતા વર્તાઈ રહી છે. અત્યારે પાણીની અછત એ ચિંતાનું કારણ બની છે ત્યારે આ પ્રશ્ને આપણે સૌએ વિચારવાનો સમય પાકી ગયો છે."

'મંગલ મંદિર'ના ગત અંકમા મુરબ્બી શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છમાં પાણીના પ્રશ્નો સંદર્ભે સૌને જાગૃત કરતા બે રસપ્રદ લેખો લખ્યા. બંને લેખોના તારણમાં પાણીની અછત અને ઉકેલ સંદર્ભે કરાયેલી છણાવટના વાંચન બાદ હું આ લેખ લખવા પ્રેરાયો છું. શું આપણે સૌ જાણીએ છીએ કે અત્યારે પાણીના પ્રશ્ને સમગ્ર ગુજરાતની શી પરિસ્થિતિ છે? ચાલો આપણે એક નજર કરીએ પાણીની જરૂરિયાત, વપરાશ અને ભવિષ્યના આયોજન તરફ.

ગુજરાતમાં માથા દીઠ વાર્ષિક ૧૧૩૭ ઘનમીટર પાણી ઉપલબ્ધ છે. રાજ્યમાં નાની મોટી ૧૮૫ નદીઓ આવેલી છે. જેમાંની મોટાભાગની નદીઓમાં બારેમાસ પાણી રહેતું નથી. તેથી દુષ્કાળના સમયમાં આ નદીઓ ઉપર આધાર રાખી શકાતો નથી. પ્રદેશવાર સમગ્ર રાજ્યમાં પાણીનું પ્રમાણ જોઈએ તો

૧. ***તળ ગુજરાતનો પ્રદેશ (દ.ગુ., મ.ગુ. અને ઉત્તર ગુજરાત) :*** રાજ્યનો ૪૪ ટકા વિસ્તાર. સપાટી ઉપરની જળસંપત્તિ ૮૫ ટકા છે, જ્યારે ભૂગર્ભ જળ સંપત્તિ ૬૪ ટકા છે.

૨. ***સૌરાષ્ટ્ર પ્રદેશ :*** રાજ્યનો ૩૧ ટકા વિસ્તાર. સપાટી ઉપરની જળ સંપત્તિ ૧૩ ટકા છે, જ્યારે ભૂગર્ભ જળસંપત્તિ ૩૨ ટકા છે.

૩. ***કચ્છ પ્રદેશ :*** રાજ્યનો ૨૫ ટકા વિસ્તાર. સપાટી ઉપરની જળ સંપત્તિ માત્ર ૨ ટકા છે, જ્યારે ભૂગર્ભ જળ સંપત્તિ માત્ર ૪ ટકા છે.

ગુજરાતમાં વરસાદનું વાર્ષિક સરેરાશ પ્રમાણ ૮૪ સે.મી. જેટલું છે. વરસાદ દ્વારા સરેરાશ ૬.૭૪ લાખ ક્યુબિક મીટર પાણી પડે છે. નર્મદા સિવાયની આધારભૂત જળસંપત્તિ ૪,૬૦,૫૦૦ લાખ ક્યુબિક મીટર છે. રાજ્યમાં કુલ ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી. વિસ્તારમાંથી ૩૩,૪૧૮ ચો.કિ.મી. વિસ્તારમાં ભૂજળ સંપત્તિ છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી (૧) સતત વધતી જતી વસતિ, (૨) બદલાયેલી જીવનશૈલીના પરિણામે કુટુંબદીઠ પાણીનો વધેલો વપરાશ, (૩) વધુ પડતા પાણીનો વપરાશ ધરાવતી પાક વ્યવસ્થા અને (૪) વધતા જતા ઔદ્યોગિકીકરણ તેમજ શહેરીકરણના પરિણામે પાણીનાં વધેલા વપરાશથી ગુજરાતમાં પાણીની માંગ અને પુરવઠામાં અંતર વધતાં અસંતુલન વધ્યું છે. પરિણામે આજે રાજ્યના ૧૭ જિલ્લાઓ પીવાના પાણીની તંગી ભોગવી રહ્યા છે. પાંચ વર્ષ પહેલાં જ ૨૦૦૦ની સાલમાં દુષ્કાળ સમયે રાજ્યમાં ૯૫૦૦ ગામડાંઓ, ૪ મોટા શહેરો, ૭૯ નાના શહેરોના અઢી કરોડ નાગરિકોએ પીવાના પાણીની કટોકટી ભોગવી હતી. આજે પણ સામાન્યતઃ રાજ્યના ૨૦૫ શહેરો અને ૧૮૦૦ ગામડાંઓમાં પીવાના પાણીની સમસ્યા છે. લગભગ ૯૦૦ જેટલા નો-સોર્સ ગામોને નિયમિત રીતે ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે.

સતત જમીનમાંથી ઉલેચાતા ભૂગર્ભ જળના પરિણામે આજે રાજ્યનાં ૧૫ જિલ્લાઓના ૧૪૮૧ ગામોમાં ફ્લોરાઈડયુક્ત પાણીની સમસ્યા છે. પાણીમાં વધતી જતી ખારાશના પરિણામે એક સમયે ૧૯૬૦માં રાજ્યમાં જ્યાં ૧૨ લાખ હેક્ટર એટલે કે માત્ર ૬.૨ ટકા જમીન ખારાશવાળી હતી ત્યાં આજે ૫૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં એટલે કે ૨૯.૧૯ ટકા જમીનમાં ખારાશ ફરી વળી છે. નેશનલ બ્યુરો ઓફ સોઈલ સર્વે એન્ડ યુઝ પ્લાનિંગના સર્વેક્ષણમાં એવી પણ દહેશત વ્યક્ત કરાઈ છે કે જો સમયસર ભૂગર્ભજળ સંગ્રહ અને રિચાર્જ નહીં કરાય તો ખારાશવાળી જમીનનો હિસ્સો વધતો જશે. પરિણામે પીવાના પાણી અને સિંચાઈના પાણીની મુશ્કેલીની સીધી અસર જનજીવન અને કૃષિ ઉત્પાદન પર પડશે.

રાજ્યના જળ સંકટને નાથવા રાજ્ય સરકારે અત્યારથી જ મહત્ત્વના કદમ ઉઠાવવા પડશે. એક સર્વગ્રાહી જળનીતિ ઘડી અને ૨૦૨૫ના વર્ષ સુધી પાણીના સંગ્રહ, વપરાશનું આયોજન ઘડી કાઢવું જોઈએ. છેલ્લા એક દાયકામાં રાજ્ય સરકાર પાણીના પ્રશ્નના ઉકેલ માટે ૩૫૭ કરોડ જેટલી જંગી રકમ ખર્ચી ચૂકી છે. પરંતુ હજીય આ પ્રશ્નનો કાયમી ઉકેલ થયો નથી. કૃષિ અને પીવાના પાણીના ક્ષેત્રે રાજ્ય સરકારે સરદાર સરોવર યોજના મારફતે યોગ્ય માત્રામાં પાણીનો જથ્થો પૂરો પાડવાનું આયોજન અમલી બનાવવું જોઈએ. આજે રાજ્યમાં નર્મદા સિવાયના અન્ય નાના મોટા બંધો મારફતે ૪,૬૦,૫૦૦ લાખ ક્યુબિક મીટર પાણી સંગ્રહી શકાય છે. આ પૈકી ૧ લાખ ક્યુબિક મીટર પાણીનો સિંચાઈ માટે ઉપયોગ થઈ શકે છે, જ્યારે ૧.૯૪ લાખ ક્યુબિક મીટર પાણીનો વેડફાટ થાય છે. આ વેડફાટ થતા પાણીના યોગ્ય સંગ્રહ અને ઉપયોગ પર લક્ષ્ય કેન્દ્રિત

(અનુસંધાન : જુઓ પાના નં. - ૬૯ ઉપર)

દારૂ, દ્રવ્ય અને દ્રોહથી દૂર રહે તે સંત.

કચ્છ અને નર્મદા નદીના સિંચાઈના પાણી

• અશોક મહેતા •

(મંગલ મંદિર, નવેમ્બર - ૨૦૦૫નો લેખ)

કચ્છ જળસંકટ નિવારણ સમિતિ તેમજ શ્રી જીલુભા જાડેજા, શ્રી કેશવજીભાઈ દેઢિયા, શ્રી વેલજીભાઈ ભુડિયા વગેરે કચ્છની ૮ વ્યક્તિઓએ ગુજરાત સરકાર તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ સામે સિવિલ એપ્લીકેશન નંબર ૩૩૫૮/૧૯૯૯ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ ૧૯૯૯માં એક ફરિયાદ દાખલ કરેલ અને જણાવેલ કે કચ્છને નર્મદા નદીનું જે પાણી ફાળવવામાં આવેલ છે તે કચ્છની જરૂરિયાતના પ્રમાણમાં ખૂબ જ ઓછું છે, તેથી તેને વધુ પાણી ફાળવવામાં આવે. તેઓશ્રીએ પોતાની અરજીમાં જણાવેલ કે કચ્છ એ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ છે અને મોટાભાગના વર્ષો ખેતરમાં પાક લીધા વગરના જાય છે અથવા તો દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોય છે. વળી આ સરહદી જિલ્લો હોવાથી તેના પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. આ બધા કારણોસર આ જિલ્લાને વધુ પાણી ફાળવવામાં આવે. કચ્છ પ્રત્યે આ મુદ્દે જે અન્યાય કરવામાં આવેલ છે તે દૂર કરવામાં આવે.

છેલ્લે છેલ્લે આ કેસ ગુજરાત હાઈકોર્ટમાં નામદાર જજ શ્રી ક્ષિતિજ આર. વ્યાસ તથા શ્રી અક્ષય એચ. મહેતાની બેંચ સમક્ષ આવેલ હતા અને બંને પક્ષોની સુનાવણી બાદ ન્યાયાધીશોએ પોતાના તા. ૪-૧૦-૦૫ના ચુકાદાના તારણોમાં નીચે મુજબ જણાવેલ હતું:

૧. *રાજ્યના કોઈ વિસ્તારની તરફેણમાં પાણીની ફાળવણી માટેના નિર્ણય માટે કોઈ ન્યાયિક મેનેજેબલ ધોરણો નથી. કેનાલમાંથી કેટલું પાણી છોડવું, બીજા વિસ્તાર માટે કેટલું પાણી રાખવું એ બાબત સિંચાઈ વ્યવસ્થાપન પધ્ધતિને લગતી છે અને જળસંશાધન વ્યવસ્થાપનમાં હંમેશાં એક કરતાં વધુ વિકલ્પો હોય છે અને વિસ્તારના લોકોના વ્યાપક હિતની વિચારણા તેમજ ફાળવણી માટે સરકાર જ ઉત્તમ નિર્ણય લઈ શકે.*

૨. *તમામ નિર્ણયો નાજુક સમતુલાની માંગ કરે છે અને સંકુલ, સામાજિક તેમજ આર્થિક વિચારણા ન્યાયિક ચકાસણી હેઠળ લાવી શકાય નહીં.*

૩. *જો અરજદારોની રજૂઆત સ્વીકારવામાં આવે તો આ અદાલતે આ મુજબના તારણો રેકોર્ડ કરવા પડે:*

(અ) વર્તમાન ફાળવણી દ્વારા જાહેર હિત સચવાયું નથી.

(બ) કચ્છને પાણી ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર અન્ય વિસ્તારોને જે ફાળવણી કરે છે તેને માટે તે હક્કદાર નથી.

(ક) માત્ર ૧૨ જિલ્લાને જ પાણી ઉપલબ્ધ કરાવાયું છે. આ ૧૨ જિલ્લામાં પણ કેટલાક ગામડાં બાકી રહી ગયા છે. તેથી રાજ્ય સરકાર પાણીની ફાળવણીની નીતિની ફેરવિચારણા કરે.

અમને લાગે છે કે આ તારણો રેકોર્ડ કરવાનું અમારા માટે શક્ય નથી. કારણકે જે કોઈ સૂચના (કે હુકમ) આપવામાં આવે તો તે અવ્યવસ્થા સર્જતી પરિસ્થિતિ તરફ લઈ જાય અને પરિણામે કલ્પનાતીત પરિણામો આવી શકે.

૪. *જ્યારે પાણીની ફાળવણી માટે ટ્રીબ્યુનલોના નિર્ણયો રાજ્ય સરકારે સ્વીકાર્યા છે ત્યારે તેને મનસ્વી કહી શકાય નહીં. કચ્છ જિલ્લા સિવાય અન્ય કોઈ વિસ્તારે વિરોધ કર્યો નથી એ હકીકત છે. ત્યારે એમ માની શકાય કે બીજા વિસ્તારોને પાણીની ફાળવણીથી સંતોષ છે.*

"નેશનલ વોટર ડિસ્ટ્રીબ્યુટ ટ્રીબ્યુનલ"ની ભલામણોમાં કોઈ પણ જાતના સુધારા વિના તેનો સ્વીકાર કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય વાજબી છે. જિલ્લાઓને પાણીની ફાળવણીના ટ્રીબ્યુનલના નિર્ણયમાં જો સરકારે કોઈ ફેરફાર કર્યો હોત તો ટ્રીબ્યુનલના એવોર્ડના લાભો આપવામાં વધુ વિલંબ થયો હોત.

૫. *ભારતના બંધારણની કલમ-૩૯(બી) હેઠળ રાજ્ય સરકારે આમ સમાજની માલિકી અને નિયંત્રણ હેઠળના ભૌતિક સ્રોતોનો જનતાના ઉત્તમ હિતમાં ઉપયોગ કરવો જોઈએ. આ કલમ અહીં લાગુ કરી શકાય એમ નથી કારણકે કલમમાં જે 'કોમ ગુડ' (જનતા) શબ્દનો ઉલ્લેખ છે એ માત્ર કચ્છ માટે નથી. રાજ્યના બીજા વિસ્તારોને પણ તે લાગુ પડે છે. આથી રાજ્ય સરકારનો આ કેસ અંગેનો નિર્ણય ભારતના બંધારણની કલમ-૩૯ સાથે સુસંગત છે.*

આ તારણોને ધ્યાનમાં લઈને અમને આ અરજીમાં તથ્ય જણાતું નથી અને તેથી અમે તેને નકારીએ છીએ. અમે તેને ડિસ્ચાર્જ કરીએ છીએ. આ અરજીના અનુસંધાને જો કોઈ વચગાળાની રાહત અપાઈ હોય તો તેને પણ રદ્દ કરવામાં આવે છે.

આ રીતે આ કેસનો ચુકાદો છ વર્ષના ગાળા બાદ "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની વિરૂધ્ધમાં આવેલ છે. સંવત ૨૦૬૧ના અંતભાગમાં આવેલ આ ચુકાદો કચ્છના હિતોને જરૂરથી અસર કરશે.

સહુ પ્રથમ તો આપણે કચ્છ જળસંકટ નિવારણ સમિતિ તથા તેના સાથીદારો મુરબ્બી શ્રી જીલુભા જાડેજા, શ્રી કેશવજીભાઈ દેઢિયા તથા અન્યોને અભિનંદન આપીએ કે ભલે તેઓ આ ફરિયાદમાં સફળ રહ્યા નથી પરંતુ કચ્છના એક જરૂરી પ્રાણપ્રશ્ને લોકમત જગાડી, કચ્છ પ્રત્યે અન્ય સહુનું ધ્યાન તો ખેંચેલ જ છે. આ પ્રશ્ને તેઓશ્રીએ

સમગ્ર કચ્છ પ્રત્યે શુભ લાગણી દાખવી, પોતાને યોગ્ય લાગે તે પગલા તો ભર્યા જ છે. તેઓએ જે કોઈ પગલા ભર્યા તે સમગ્ર કચ્છ પ્રત્યે લાગણી દર્શાવતા પગલા ભરેલ - પોતાના નિજી સ્વાર્થ માટે નહીં. તેઓએ આ પ્રશ્ને લીધેલ રાહથી અન્ય કોઈ સહમત થાય કે નહીં પરંતુ તેઓના પગલા સ્વાર્થરહિત તો હતા જ.

આગળ આ પ્રશ્ને આપણે લાગણીથી નહીં પરંતુ બુધ્ધિથી વિચારવું જોઈએ. આ પ્રશ્ને સુપ્રીમ કોર્ટમાં જવું કે નહીં? સુપ્રીમ કોર્ટનો ચુકાદો આપણી તરફેણમાં આવે તો શું આવી શકે? તેનાથી શું અસરો ઉત્પન્ન થાય? અને જો ચુકાદો વિરૂધ્ધમાં આવે તો શું? તે સંજોગોમાં શું પરિસ્થિતિ ઉત્પન્ન થાય? આ બંને શક્યતાઓના જવાબો આપણે માનીએ છીએ તેટલા સરળ નથી. જેમ જેમ વધુ ઊંડે ને ઊંડે વિચાર કરતા જઈશું તેમ તેમ તેમાંથી અનેક પેટા પ્રશ્નો ઉત્પન્ન થવાના કે જેના જવાબો પણ સરળ નહીં હોય. આ પ્રશ્ને આપણે લાગણીથી નહીં પરંતુ બુધ્ધિથી વિચારવું જોઈએ, કેમકે સમગ્ર બાબત કચ્છના હિતને અસર કરે છે. જો "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ" એવો નિર્ણય કરે કે તેઓ આ બાબતે સુપ્રીમ કોર્ટમાં આગળ વધવા માગે છે તો તેઓએ નીચેની બાબતોને પણ પોતાના અરજમાં સમાવેશ કરવો કચ્છના હિતમાં જરૂરી છે.

૧. કચ્છને અત્યારે ૦.૫ M.A.F. જેટલું જે નિયમિત પાણી સિંચાઈના ઉપયોગ માટે ફાળવવામાં આવેલ છે તે કોઈ પણ પરિસ્થિતિમાં કચ્છ પ્રદેશ સુધી પહોંચતું થશે જ તેની રાજ્ય સરકાર બાંહેધરી આપે.

૨. નર્મદા નદીના ચોમાસાના વધારાના પાણીમાંથી કચ્છને જે ૧.૦૦ M.A.F. પાણી અથવા તો ૧/૩ પાણી ફાળવવામાં આવેલ છે તે કોઈ પણ પરિસ્થિતિ ઉત્પન્ન થાય તેવા સંજોગોમાં પણ કચ્છ પ્રદેશ સુધી પહોંચે તેવી બાંહેધરી રાજ્ય સરકારે આપવી જોઈએ.

દુષ્કાળગ્રસ્ત કચ્છ પ્રદેશને ભૂતકાળમાં સિંધુ નદીના પાણી મળી શકેલ નથી, ઈન્દિરા કેનાલના પાણી પણ મળી શકેલ નથી અને હવે નર્મદા નદીના પાણી પણ કચ્છને જોઈએ તે પ્રમાણમાં મળી શકે તેવા સંજોગો દેખાતા નથી. તો આ પરિસ્થિતિમાં કચ્છને આબાદ કરવા, કચ્છના માનવને આબાદ કરવા, કચ્છનો ખેડૂત પગભર થઈ શકે તેના માટે શું કરવું જોઈએ? આ બધા પ્રશ્નોના જવાબ અત્યારે તો એક જ દેખાય છે - કચ્છે પોતાના પાણી પર જ નિર્ભર રહેવું જોઈએ. કચ્છમાં પડતા વરસાદના પાણીને કઈ રીતે જમીનની સપાટીની અંદર કે ઉપર વધુને વધુ સાચવી શકાય તેવા આયોજનો વિચારવા જોઈએ. કચ્છે આજે નહીં તો આવતીકાલે ઈઝરાયેલની લાઈન પર વિચારી, તેવા પ્રયાસો આદરી દેવા જોઈશે. આ માટે દરેક ગામના બુધ્ધિજીવી તથા શ્રમજીવી નાગરિકે પોતાની ફરજ સભાનપૂર્વક અદા કરવી જોઈશે. કચ્છના દરેક ગામમાં સંખ્યાબંધ ચેકડેમો ઊભા કરી, પાણી સંગ્રહી, તેને જમીનમાં ઉતારી દેવું પડશે. અત્યારે તો આ સિવાય અન્ય કોઈ વિકલ્પ દૃષ્ટિગોચર થઈ શકતો નથી. વીર સંવત ૨૦૬૨ના નૂતન વર્ષે જો આપણે આ દિશા તરફ તન, મન અને ધનથી સમૂહમાં પ્રયાણ કરી શકીશું તો કચ્છીઓએ આ ચુકાદાથી હતાશ થવાનું કોઈ કારણ જ નહીં રહે. ■

દુષ્કાળગ્રસ્ત કચ્છને લીલુંછમ બનાવી શકાય?

(અનુસંધાન : પાના નં. - ૬૬ ઉપરથી ચાલુ)

લેબોરેટરી જેવી અનેક સંસ્થાઓ છે કે જેઓ આ પ્રકારના કાર્યો કરવા મન મક્કમ કરે તો જરૂરથી આગળ વધી શકાય. આપણે ત્યાં લેઉઆ પાટીદાર સમાજ, કડવા પાટીદાર સમાજ, વીસા ઓસવાલ સમાજ તેમજ અન્ય સમાજોમાં અનેક શ્રેષ્ઠી દાતાઓ પણ છે કે જે આ કાર્ય માટે ધનના ઢગલા ખડકી દઈ શકે તેમ છે. આપણા સમાજમાં શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી લીલાધર ગડા, શ્રીમતી સુષ્મા આયંગર, પૂ.સાધ્વીજી શ્રી ચંદનાજી જેવા અનેક વીરલાઓ પણ છે કે જેઓએ પોતાની સમગ્ર જિંદગી કચ્છની આબાદી માટે સમર્પિત કરી દીધેલ છે. સવાલ છે માત્ર આ બધાને એકત્રિત કરવાનો. કોઈક વીરલાએ આ માટે ભેખ લેવાનો. ઉપરોક્ત સહુના દિલમાં ઈચ્છાશક્તિ જગાવવાનો.

અગર આપણે પ્રયોગશાળા સ્થાપી શકીએ, વૈજ્ઞાનિકોને કામે લગાડી શકીએ, વર્ષો સુધી ધીરજપૂર્વક પ્રયોગો આદરી શકીએ તો આ કાર્ય કઠિન હશે પરંતુ અશક્ય તો નથી જ. પુરાણોમાં વર્ણવેલી વાર્તાઓ માત્ર વાર્તાઓ નથી, પરંતુ તેની પાછળ વિજ્ઞાન જરૂરથી હોય છે. આપણે આ વિજ્ઞાનમાં સફળ રહીશું તો કચ્છની આવતીકાલ ઉજળી હશે તેમાં કોઈ જ શક નથી. ■

સમગ્ર ગુજરાતમાં પાણીની પરિસ્થિતિ

(અનુસંધાન : પાના નં. - ૬૭ ઉપરથી ચાલુ)

થવું જોઈએ. સરદાર સરોવર યોજના ઝડપભેર અમલીકરણથી વધુ ૧,૧૧,૦૨૩ લાખ ક્યુબિક મીટર પાણીનો સિંચાઈ માટે ઉપયોગ થઈ શકે એમ છે. આ તમામ બંધોની મદદથી ૬૪.૮૮ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈથી પાણી પૂરું પાડી શકાય એમ છે. એક સર્વેક્ષણ મુજબ સિંચાઈ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં પણ ૨.૧૮ લાખ હેક્ટર જમીનમાં પાણી આપી શકાતું નથી. કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વધારવા પાણીના એક એક બૂંદનો સંગ્રહ અને તેનો ઉપયોગ અતિ આવશ્યક છે. દર વર્ષે ચોમાસામાં વરસાદના માધ્યમથી રાજ્યમાં ૩૮,૪૪૦ લાખ ક્યુબિક મીટર ભૂગર્ભ જળ એકત્રિત થાય છે પરંતુ ૫૨.૭૫ લાખ હેક્ટર મીટર પાણી ભૂપૃષ્ઠની સપાટી ઉપરથી વહીને સમુદ્રમાં જાય છે. જો સમુદ્રમાં વહી જતું પાણી રોકી તેનો ભૂગર્ભ સંગ્રહ કરાય તો ૧૭,૨૩૦ મિલિયન ક્યુબિક મીટર વધારાનું ભૂગર્ભ જળ મળી શકે એમ છે. જેના દ્વારા ૨૫.૪૮ લાખ હેક્ટર જમીનમાં વધારાનું કૃષિ ઉત્પાદન લઈ શકાય. હવે વાત કરીએ ઔદ્યોગિક ક્ષેત્રમાં વપરાતા પાણીની. યુનિસેફના જળ સલાહકાર માર્ટીન બેચરે કરેલા સર્વેક્ષણમાં જણાવ્યા પ્રમાણે પાણીની તંગી અને તેના આડેધડ વપરાશથી કૃષિ ક્ષેત્રે ૫૦૦ કરોડ રૂપિયાનું ઉત્પાદન ઘટ્યું છે. હાલે જમીન પર જે પાણીનો જથ્થો છે તે પીવા અને ખેતીના કામ માટે પણ પૂરતો નથી. તેમાંથી ઉદ્યોગોને પાણી ન આપવું જોઈએ. ઉદ્યોગો માટે સમુદ્રના ખારા પાણીનો વપરાશ એ યોગ્ય ઉકેલ છે. જો હજી પણ આપણે નહીં જાગીએ તો વધુ મોડું થઈ જશે એ હકીકતનું ધ્યાન રાખવું રહ્યું. ■

આશ્ચર્ય શું? જ્ઞાન ફાની દુનિયાનું અને ધ્યાન નફાની દુનિયાનું.

વર્ષ ૨૦૦૬માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલા ઉદ્યોગોની જરૂરિયાત અનુસારના પાણી ડી-સેલિનેશન પ્લાન્ટ દ્વારા મેળવી શકાય તેવી રજૂઆત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા ગાંધીધામ ખાતે યોજવામાં આવેલ તા. ૨૩-૯-૨૦૦૫ના ઔદ્યોગિક સેમિનારમાં કરવામાં આવી અને ત્યારબાદ ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન શ્રી વી.સી. ગઢવી તથા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેન શ્રી પી.કે. લહેરી સમક્ષ કરવામાં આવેલ રજૂઆતના અનુસંધાને ગુજરાત સરકારે ૧૫૦ એમ.એલ.ડી.નો લિગ્નાઈટ બેઝ્ડ કેપ્ટિવ પાવર પ્લાન્ટ સહિત એક ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાના કરેલ નિર્ણયની વિગતવાર રજૂઆત કરતો લેખ.

- તા. ૨૬-૬-૨૦૦૬ના ગુજરાત સરકારશ્રીએ જી.આર. બહાર પાડી કચ્છને વધારાના પાણીમાંથી ૧.૦ એમ.એ.એફ. પાણી ફાળવવાની જે જાહેરાત કરી તે જી.આર.ની વિગતો દર્શાવતો પરિપત્ર.
- ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલા વિવિધ ઉદ્યોગોના અલગ અલગ ૯ ક્લસ્ટર (વિભાગ) દર્શાવતી વિગત અને ડી-સેલિનેશન પ્લાન્ટની ટેકનિકલ માહિતી અને જરૂરિયાત દર્શાવતો લેખ.
- કચ્છ શાખા નહેર વર્તુળ નં.-૨, ગાંધીધામના અધિક્ષક ઈજનેરશ્રીએ કચ્છ બ્રાંચ કેનાલના વિવિધ કાર્યોની પ્રશ્નાવલી અને તેના આપેલ જવાબો દર્શાવતો લેખ.
- અંદાજિત ૧૬ જેટલી દેશી-વિદેશી કંપનીઓએ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવા ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ભરેલ ટેન્ડરની વિગત દર્શાવતો લેખ.

ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોની જરૂરિયાત મુજબના પાણી

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જુલાઈ - ૨૦૦૬નો લેખ)

'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૦૫ તથા સપ્ટેમ્બર-૨૦૦૫ના અંકમાં અલગ અલગ લેખો દ્વારા રજૂઆતો કરવામાં આવેલ હતી કે ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ નવા ઉદ્યોગોને દૈનિક ૩૦૦ MLD પાણીની જરૂરિયાત રહે છે. જ્યારે તેઓને સરકારશ્રી તરફથી કચ્છના પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી માત્ર ૪૭ MLD પાણી પૂરું પાડવામાં આવી રહેલ છે. આ રીતે બાકીના ખૂટતા ૨૫૦ MLD પાણી આ ઉદ્યોગો કચ્છના ભૂગર્ભમાંથી ઉલેચાયેલું પાણી વાપરે છે કે જે જતે દહાડે કચ્છને ખૂબ જ હાનિકર્તા સાબિત થઈને રહેશે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તરફથી સંયુક્તપણે યોજવામાં આવેલ તા. ૨૩-૯-૨૦૦૫ના ઔદ્યોગિક સેમિનારમાં પણ ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ પ્રશ્ને વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી અને આ બાબતે તાત્કાલિકપણે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવેલ હતી.

ત્યારબાદ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન - અંજાર વતી ગાંધીનગરમાં ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન શ્રી વી. સી. ગઢવી તથા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેન શ્રી પી. કે. લહેરી તથા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના વિવિધ અધિકારીઓ પાસે સતતપણે રજૂઆતો કરવામાં આવેલ હતી અને તેઓ સાથે સતતપણે મીટિંગો કરવામાં આવેલ હતી. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું પણ આ બાબતે ધ્યાન દોરવામાં આવેલ હતું.

સતતપણાની આ રજૂઆતના અંતે આ બાબતનો સુખદ નિકાલ લાવવામાં આવેલ છે. ગત તા. ૨૧-૬-૦૬ની એક સંયુક્ત મીટિંગમાં ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન દ્વારા એક સંયુક્ત યોજનાની જાહેરાત કરવામાં આવેલ કે જેને કચ્છના ઉદ્યોગોએ સહર્ષ આવકારેલ છે. આ યોજના અનુસાર લીગ્નાઈટ બેઝ્ડ કેપ્ટીવ પાવર પ્લાન્ટ સહિત એક ડી-સેલિનેશન પ્લાન્ટ કચ્છના દરિયા કિનારે સ્થાપવામાં આવશે કે જેની કેપેસિટી ૧૫૦ MLDની રહેશે. રૂા. ૬૦૦ કરોડના આ પ્લાન્ટના એસ્ટિમેટેડ પ્રોજેક્ટમાં રૂા. ૪૦૦ કરોડ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન દ્વારા અને રૂા. ૨૦૦ કરોડ ઈક્વિટી દ્વારા ઊભા કરવામાં આવશે. આ ઈક્વિટી મૂડી રૂપિયા ૨૦૦ કરોડમાં, કચ્છના ઉદ્યોગોએ ૧૦ ટકા એટલે કે રૂા. ૨૦ કરોડ રોકવાના રહેશે અને બાકીના નાણા ગુજરાત સરકારશ્રી તથા આ પ્રશ્નમાં ઈન્વોલ્વ થવા માંગતી કંપનીએ રોકવાના રહેશે. ચેન્નાઈ ખાતે સ્થપાયેલ ડી-સેલિનેશન પ્લાન્ટના કન્સલ્ટન્ટ મેસર્સ આઈ.એસ.એલ.વી.ને આ પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ તરીકે નિમવાનું પણ નક્કી કરવામાં આવેલ.

આ રીતે નજદીકના વર્ષોમાં ૧૫૦ MLDનો એક ડી-સેલિનેશન પ્લાન્ટ કાર્યરત થઈ જશે કે જેને બે કે ત્રણ વર્ષનો સમયગાળો પ્રોડક્શન ચાલુ કરતાં નીકળી જશે.

ઉપસ્થિત ઉદ્યોગપતિઓએ આ સમયગાળા દરમ્યાન શું કરવું તે બાબતે ધ્યાન દોરવામાં આવતાં ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલને જણાવેલ કે આ બાબતનો પણ વિચાર કરી યોગ્ય નિકાલ લાવવામાં આવશે.

પ્રશ્ન એ છે કે આ ૧૫૦ MLDનો પ્લાન્ટ કચ્છના સ્થાપિત ઉદ્યોગોને પૂરો થઈ રહેશે? અમારા સર્વે પ્રમાણે આ પ્લાન્ટ ખૂબ જ નાનો પડશે અને કચ્છને આવા અન્ય એક ૧૫૦ MLD પ્લાન્ટની જરૂરિયાત રહેશે કે જે માટે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની આગળની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

જતે દહાડે એવા દિવસો પણ આવશે કે કચ્છમાં ખેતી પણ આ પાણીથી કરવામાં આવે. અમારા અનુમાન મુજબ ખેતીના કેટલાક વાવેતરને ડ્રીપ ઈરિગેશન દ્વારા આ પાણી પૂરું પાડવામાં આવે તો તે કદાચ પરવડી શકે. જો આ શક્ય બનશે તો જરૂરથી કચ્છમાં સોનેરી દિવસો આવી શકશે. પાણીની આ ક્રાંતિના ફળો છેક ગામડાના છેવાડાના માણસને મળી શકશે. ■

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

વધારાના પાણી માટેનો સરકારી ઠરાવ (GOVERNMENT RESOLUTION - G.R.)

(મંગલ મંદિર, સપ્ટેમ્બર - ૨૦૦૬નો લેખ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, નર્મદા નદીના વધારાના પાણીમાંથી જે એક એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાનો નિર્ણય લેવાયેલ છે તેના માટે સરકારી ઠરાવ (G.R.) બહાર પડાવવા ગુજરાત સરકાર સાથે છેલ્લા ત્રણ વર્ષથી સતતપણે પ્રયત્નશીલ રહેલ હતી. આ માટે આ સંસ્થાઓએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, જળસિંચાઈ મંત્રીશ્રી, જે-તે વિભાગના અધિકારીઓ, કચ્છના ધારાસભ્યો વગેરે સાથે સતતપણે પત્રવ્યવહાર દ્વારા અને રૂબરૂમાં પણ ચર્ચા કરીને વારંવાર પ્રયત્નો કરેલ હતા. કચ્છના ધારાસભ્યશ્રીઓએ પણ આ અંગે પૂરેપૂરો સહકાર આપી, પોતાને ત્યાંથી પણ પ્રયત્નો આદરેલ.

અમને જણાવતાં આનંદ થાય છે કે આ પ્રયત્નોના સુખદ પરિણામ આવેલ છે અને આ માટે ગુજરાત સરકારશ્રીએ ગત તા. ૨૬-૬-૨૦૦૬ના સરકારી ઠરાવ – Government Resolution (G.R.) બહાર પાડેલ કે જેની અક્ષરશઃ કોપી કચ્છની જનતાની જાણ માટે અત્રે પ્રગટ કરેલ છે.

નર્મદાના પૂરના વધારાના પાણીની સૌરાષ્ટ્ર તેમજ કચ્છ વિસ્તાર માટે ફાળવણી.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ક્રમાંકઃ પરસ/૨૦૦૩/એમ/૧૦૫/(૨૩)ક.૨
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૬/૨૦૦૬

વંચાણે લીધો : નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/૨૦૦૦/૨૦૮૧/૧૬૦/આઈ, તા. ૨૮-૮-૨૦૦૧

- **પ્રસ્તાવના :**

નર્મદા વોટર ડિસપ્યુટ્સ ટ્રિબ્યુનલના એવોર્ડમાં ખંડ (૪)માં જણાવ્યા મુજબ પાણીની વધઘટની વહેંચણી નીચે મુજબ કરવા નિર્દેશ થયો છે :

"(૫) ઘણા વર્ષ એવા આવશે કે જેમાં પાણીના સંગ્રહની જરૂરિયાત અને ઉપાડ પછી પણ ફાજલ પાણીનો જથ્થો દરિયામાં વહી જશે. તેમાંનો થોડોક જથ્થો જ સરદાર સરોવર ભૂગર્ભ જળવિદ્યુત મથકમાં વિદ્યુત ઉત્પાદન માટે વપરાશે અને બાકીનાનો બગાડ થશે. જે પાણી છેલ્લે ભૂગર્ભ જળ વિદ્યુત મથકમાં પણ વિદ્યુત ઉત્પન્ન કર્યા વગર વહે તે પાણી સહભાગી રાજ્યોને જે હદે ઉપયોગી થાય તે હદે વાપરવાની પરવાનગી આપવી ઈચ્છનીય છે.

ગુજરાતને આથી નિર્દેશ આપવામાં આવે છે કે જ્યારે વિદ્યુત ઉત્પાદન કર્યા વગર પાણીનો દરિયામાં બગાડ ચાલુ થાય અથવા ઉપરવાસના ગેજિંગ સ્ટેશનની માહિતી પરથી તેને લાગે કે પાણી દરિયામાં નકામું બગડશે તો એન.સી.એ. અને તમામ સંબંધિત રાજ્યોના નિયુક્તિ પ્રતિનિધિઓને જાણ કરે, આવો પ્રવાહ ક્યારે બંધ થશે તેની પણ જાણ કરે. આવા પ્રવાહના સમય દરમ્યાન સહભાગી રાજ્યો, જેના જળાશયો છલકાતાં હોય અને છલકાતાં પાણીનો અન્ય જગ્યાએ સંગ્રહ ન કરી શકે તેમ હોય, તેવા પાણીનો જથ્થો જળાશયોમાંથી તેમની ઈચ્છા મુજબ વાપરી શકશે અને આવો જથ્થો સહભાગી રાજ્યોને ફાળવવામાં આવેલ જથ્થાની ગણતરીમાં આકારવામાં નહીં આવે, પણ આવો પાણીનો જથ્થો કોઈનો પ્રસ્થાપિત હક્ક પણ નહીં બને."

ઉપરોક્ત નિર્દેશ અન્વયે ગુજરાત દ્વારા ચોમાસાના પૂરના વધારાના વહી જતા પાણીનો સંગ્રહ કરી તેનો વપરાશ પાણીના અછતવાળા વિસ્તારમાં કરવાનું આયોજન વિચારવામાં આવેલ છે. જે માટે નર્મદા પ્લાનિંગ ગ્રૂપ દ્વારા અભ્યાસ કરવામાં આવેલ હતો. જે અનુસાર તેમજ, ત્યારબાદ ભારત સરકારના ઉપક્રમે વાપ્કોસ મારફતે કરાવવામાં આવેલ અભ્યાસ મુજબ કુલ આશરે ત્રણ મિલિયન એકર ફીટ પાણી ચોમાસાના પૂરના દિવસોમાં નર્મદા નદીમાંથી મળે તેવો અંદાજ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. - ૭૬ ઉપર)

વંદનીય ન બનાય તો વાંધો નહિ પરંતુ નીંદનીય ન બનાય તેનું ધ્યાન રાખજો.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રયાસોથી

કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૬નો લેખ)

વર્ષ ૧૯૯૬-૯૭ના આયોજન પ્રમાણે - કે જ્યારે હજુ ૨૦૦૧નો ધરતીકંપ કચ્છમાં આવેલ નહોતો - નર્મદા નદીના પાણીની 'માળિયા બ્રાંચ' કેનાલમાંથી એક ૨૦૦ MLDના પાણીની પાઈપ લાઈન દ્વારા કચ્છના ગામેગામ પીવાના પાણી પહોંચતા કરવાના કાર્યો અમલમાં મુકાયેલ હતા. કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો નર્મદા નિગમ અનેક કારણોસર ચાલુ કરી શકેલ ન હોવાથી માળિયા બ્રાંચમાંથી પીવાના પાણીના આ આયોજનો કરવામાં આવેલ હતા. આજથી અંદાજિત બે વર્ષ અગાઉ આ પાણી કચ્છમાં પહોંચાડવાની શરૂઆત થયેલ અને પૂર્વ કચ્છ તેમજ કંડલા - ભુજ પટ્ટી તેમજ તેની આસપાસના અનેક વિસ્તારોમાં આ પાણી અત્યારે પહોંચાડવામાં આવી રહેલ છે. મધ્ય કચ્છ તથા પશ્ચિમ કચ્છના અનેક ગામો સુધી આ પાઈપ લાઈનના કાર્યો પૂરાં થયા ન હોવાથી આ વિસ્તારના અનેક ગામોમાં આ પાણી પહોંચાડવાના બાકી રહેલ છે.

એ વખતના આયોજન પ્રમાણે આ ૨૦૦ MLD પાણીની પાઈપ લાઈનમાંથી ૧૫૫ MLD જેટલા પાણી કચ્છના ગામેગામની જનતાને પીવા માટે અને બાકી રહેતા ૪૫ MLD જેટલા પાણી, એ સમયના કચ્છના સ્થાપિત ઉદ્યોગોને પૂરા પાડવા માટેના આયોજનો હતા.

પરંતુ ૨૦૦૧ના ધરતીકંપે અને ત્યારબાદ ટેક્ષ હોલિ-ડેના જે પેકેજો જાહેર કરવામાં આવ્યા, તેણે કચ્છની પરિસ્થિતિમાં સમગ્રતયા ફેરફાર લાવી દીધો. ધરતીકંપ બાદ કચ્છના વિવિધ વિસ્તારોમાં જે ઉદ્યોગો સ્થાપિત થયા તે ઉદ્યોગોની જ પાણીની જરૂરિયાત અંદાજિત ૩૦૦ MLD હોવાનું જણાઈ આવ્યું. આટલા જબ્બર પાણીની વ્યવસ્થા આજ દિન સુધી ન તો સરકાર કરી શકી, કે ન તો સંયુક્તપણે પ્રયાસ કરીને ઉદ્યોગો કરી શક્યા. પ્લાનિંગમાં આ વિષયે સરકાર શરૂથી અંધારામાં રહી અને તેના ફળ સ્વરૂપે કચ્છના પાતાળના પાણી ઉદ્યોગોમાં વપરાવા લાગ્યા. કચ્છ એ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ હોવાથી અને હજુ લગી બહારના પાણી અહીં પહોંચાડી શકાયેલ ન હોવાથી પ્રથમથી જ કચ્છમાં પાણીની તંગી હતી. ભૂગર્ભ જળ ખૂબ જ ઊંડા હતા. કેટલાક વિસ્તારો તો ડાર્ક ઝોન સમા હતા અને તેમ છતાં નવા સ્થાપિત થયેલ ઉદ્યોગો દ્વારા આ ભૂગર્ભ જળ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે વપરાવા લાગ્યા. પરિસ્થિતિ ખૂબ જ વિકટ બનતી રહી.

અનેક ઉદ્યોગોએ, રાજકીય તથા સામાજિક કાર્યકરોએ અને વિવિધ સામાજિક સંસ્થાઓએ, આ બાબતે સરકારશ્રીનું વારંવાર અને સતતપણે ધ્યાન દોર્યું. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન - અંજાર જેવી સંસ્થાઓએ ગાંધીનગરમાં ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ, ગુજરાત વોટર સપ્લાય બોર્ડ, પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગ, નર્મદા નિગમ, જી.આઈ.ડી.બી. તથા ઉદ્યોગ વિભાગ સાથે મુલાકાતો ગોઠવી, પત્ર વ્યવહાર કર્યો અને શિસ્તબધ્ધ રજૂઆતો કરી. પરિણામ સ્વરૂપે અંદાજિત ૧૫૦ MLD કેપેસિટીનો ડી-સેલિનેશન પ્લાન્ટ કચ્છમાં સ્થાપવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું.


સરકારશ્રીની યોજના અનુસાર આ માટે એક જાહેર કંપની - કચ્છ ઈન્ડસ્ટ્રીયલ વોટર ડેવલપમેન્ટ કોર્પોરેશન - KIWDCની સ્થાપના કરવામાં આવે કે જેમાં ૫૧ ટકા હિસ્સો સરકારશ્રીના વિવિધ વિભાગોનો રહે અને ૪૯ ટકા હિસ્સો સ્થાપિત ઉદ્યોગોનો રહેવા પામે. આ પ્રપોઝ્ડ કંપની - KIWDC વતી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બોર્ડ – GIDB દ્વારા ૧૫૦ MLD કેપેસિટી ધરાવતા ડી-સેલિનેશન પ્લાન્ટ માટેના પ્રિક્વોલિફિકેશન ટેન્ડર તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલ છે કે જેમાં દેશ-વિદેશની અનેક કંપનીઓ ભાગ લે તેવી ધારણા રાખવામાં આવેલ છે. આ કોન્ટ્રાક્ટ BOOT (Built Own Operate & Transfer) પધ્ધતિથી આવતા ૨૦ વર્ષ માટે આપવાના આયોજનો વિચારાયેલ છે. પાણીની પાઈપ લાઈનના હાઈડ્રો લેવલના હિસાબે GIDBએ આ પ્લાન્ટ વોંધ કે ચીરઈ વિસ્તારમાં સ્થાપવાનું વિચારેલ છે પરંતુ એક અભિપ્રાય મુજબ આ વિસ્તારમાં દરિયાઈ પાણીની ક્વોલિટી સારી ન હોવાના કારણે (પાણીનું શુધ્ધિકરણ ખર્ચાળ બની શકે તેવી શક્યતા હોવાના કારણે) આ પ્લાન્ટ કંડલા - મુંદ્રાની દરિયાઈ પટ્ટીના કોઈ અનુકૂળ વિસ્તારમાં કે જ્યાં યોગ્યતા મુજબનું દરિયાઈ પાણી મળી શકે - આ પ્લાન્ટ સ્થાપવાની ગણતરી રાખી શકાય.

ટેન્ડર પ્રમાણે આ બીડમાં ભાગ લેનાર કંપનીએ પોતાની ડિઝાઈન અનુસાર અને પોતાના મૂડી રોકાણથી (કદાચ રૂપિયા એક હજાર કરોડની આસપાસ) આ પ્લાન્ટ સ્થાપવાનો રહેશે અને પ્રિ-ક્વોલિફાય થયેલ જે કંપની, માન્ય ધારાધોરણ મુજબનું પાણી સસ્તામાં સસ્તા દરે આપી શકશે તે કંપનીને આ કામ સુપરત કરવામાં આવશે. ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવા જોઈતી જરૂરી જમીન, નક્કી કરેલ ભાવે સરકારશ્રી તરફથી ફાળવવામાં આવશે. આ પ્લાન્ટ ચલાવવા અંદાજિત ૨૫ મેગાવોટ જેટલા પાવરની જરૂરિયાત રહે, કે જે બીડમાં ભાગ લેનાર કંપનીએ લિગ્નાઈટ બેઝ્ડ એક કેપ્ટીવ પાવર પ્લાન્ટ સ્થાપવાનો રહેશે કે જે માટે સરકારશ્રી તરફથી જી.એમ.ડી.સી. દ્વારા બજારભાવે લિગ્નાઈટ પૂરો પાડવામાં આવશે. અહીં પવનચક્કીથી ઉત્પન્ન થતા

પાવરની શક્યતા પણ વિચારી શકાય. લિગ્નાઈટ બેઝ્ડ પાવર પ્લાન્ટમાં એક મેગાવોટ પાવરના ઉત્પાદનની સામે કદાચ રૂા. ૪.૦૦ કરોડનું રોકાણ થાય છે, જ્યારે પવનચક્કી પધ્ધતિમાં આ રોકાણ કદાચ રૂા. ૭ કરોડ જેટલું થવા જાય. આ સામે લિગ્નાઈટ બેઝ્ડ પાવર પ્લાન્ટમાં હંમેશને માટે ફ્યુઅલની - લિગ્નાઈટની જરૂરિયાત રહે, જ્યારે પવનચક્કી પધ્ધતિમાં કોઈ ફ્યુઅલની જરૂરિયાત ન રહે. અંતિમ રીતે વિચારીએ તો બંને પ્રકારના પાવર પ્લાન્ટમાં પાવરની પ્રોડક્શન કોસ્ટ રૂા. ૨.૦૦ પ્રતિ યુનિટથી રૂા. ૨.૬૦ પ્રતિ યુનિટ આવવાની શક્યતા રહે છે.

ડી-સેલિનેશન પ્લાન્ટ દ્વારા દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં તબદીલ કર્યા બાદ બાકી જે વેસ્ટ રહે તેને દરિયામાં ખૂબ દૂર પધરાવી આવવો પડે કે જે ખૂબ જ ખર્ચાળ છે. અગર જો સાથે સાથે સોલ્ટ બનાવવાની ક્રિયા અપનાવી શકાય તો શુધ્ધ પાણીની પડતર કિંમત સસ્તી બની શકે. હાલના અંદાજ મુજબ આ પાણી એક નક્કી કરેલ "સેલ પોઈન્ટ"ના સ્થળે કદાચ રૂા. ૩૦/- પ્રતિ ૧૦૦૦ લીટરના અંદાજિત ભાવે મળી શકે અને KIWDC આ પાણી પાઈપ લાઈન દ્વારા કદાચ રૂા. ૩૫/- કે રૂા. ૪૦/- પ્રતિ ૧૦૦૦ લીટરના ભાવે ઉદ્યોગોને તેના દ્વારે પહોંચાડે.

આ સાથેના નકશામાં કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોના ૧ થી ૯ વિવિધ ગ્રુપો તેના વિસ્તાર પ્રમાણે બતાવવામાં આવેલ છે. કયા ગ્રૂપમાં કઈ મોટી ઈન્ડસ્ટ્રીઝ અત્યારે કચ્છમાં કાર્યરત છે તેની વિગત Annexure-A2માં આપવામાં આવેલ છે. દરિયાના પાણીનું સેમ્પલ લીધા બાદ, તેને ટેસ્ટ કરવામાં આવતા, તેમાં રહેલા તત્ત્વોની વિગત Annexure-B માં દર્શાવવામાં આવેલ છે અને શુધ્ધ થયેલ પાણીનાં કયા તત્ત્વો કેટલા પ્રમાણમાં હોવા જોઈએ તેની વિગત Annexure-C માં એક અલગ શીડ્યુઅલથી આપવામાં આવેલ છે.



આવતા છએક મહિનામાં કદાચ આ કોન્ટ્રાક્ટ કોઈ વર્લ્ડ લેવલની કંપનીને આપવામાં આવશે કે જે આ પ્રકારના કાર્યો માટે બધી રીતે સક્ષમ હોય.

કચ્છના ઉદ્યોગોને આ પાણી મળતા હજુ કદાચ અંદાજિત બે વરસનો સમયગાળો નીકળી જશે કે જ્યાં સુધી કચ્છના ભૂગર્ભના પાણી ઉલેચાતા રોકી શકવા કોઈ જ ઉપાય દેખાતો નથી. કદાચ

વિવેકી હોય છે તે પુરાણી પ્રથાઓને સ્વીકારે છે અને નવી સભ્યતાને પણ સત્કારે છે.

મોડે મોડે પણ આ બાબતે સુખદ નિરાકરણ આવી શકેલ હોવાની ગણના રાખીએ અને 'જેનો અંત સારો, તેનું સૌ સારું' તેવી જૂની કહેવતને યાદ કરીએ.

એક અભિપ્રાય એવો છે કે ૧૫૦ MLD (એક દિવસના ૧૫ કરોડ લીટર) પાણી પણ કદાચ ઓછું પડશે કે જેના પરિણામ સ્વરૂપે ભવિષ્યમાં આવા બીજા પ્લાન્ટ સ્થપાવાની શક્યતા બની શકે. એ પણ શક્ય છે કે ભવિષ્યમાં અમુક પ્રકારની ખેતી માટે ડ્રીપ ઈરિગેશનની પધ્ધતિથી આ પાણી વાપરવામાં આવે કે જેના દ્વારા પકવેલ ખેતી બજારભાવ પ્રમાણે સફળ બની શકે. કોર્પોરેટ પધ્ધતિ કે કોન્ટ્રાક્ટ પધ્ધતિની ખેતીમાં કદાચ આ પાણીનો વપરાશ થઈ શકે તે પરવડી શકે.

અત્યારે સાંઘી ઈન્ડસ્ટ્રીઝ પોતાના પ્લાન્ટની જરૂરિયાત માટે એક ડી-સેલિનેશન પ્લાન્ટ ચલાવે છે અને તેમાંથી ઉત્પન્ન થયેલા વધારાનું પાણી આજુબાજુના ૭૦ ગામોના વપરાશમાં આવે છે. ૧૫૦ MLD કેપેસિટીનું એક પ્લાન્ટ સ્થાપિત કરવાની વિગતો આપણે આ લેખ દ્વારા જોઈ ગયા. આવતા દિવસોમાં કદાચ કચ્છના દરિયાકાંઠે અન્ય અનેક ડી-સેલિનેશન પ્લાન્ટ કાર્યરત બની શકે અને દરિયાના અશુધ્ધ પાણીને શુધ્ધ પાણીમાં ફેરવી, કચ્છની કાયા પલટ બદલી નાખે તેવી શક્યતાને નકારી શકાય નહીં.

ANNEXURE A-2
List of Major Industries in the Identified Clusters

Sector-1 (Samakhiali - Bhachau Road)

- Ajanta Ceramics (Ceramic Tiles and Electronics Items)
- Electrotherm (HR Coils, TMT and YO Bikes)
- Gallant Steel (Sponge Iron and Plates)
- ASR Steel

Sector-2 (Bhachau - Gandhidham)

- Param Industries (Steel and Edible Oil)
- Ankur Foods
- PSL (Saw Pipes)
- Mid India Steel
- GPT Steel
- Bharat Foods
- Sunshine Oil
- Aqua Gel (Toileteries)
- Kutch Chemicals (Intermediate Chemical)

Sector-3 (Bhimasar - Versamedi)

- Welsupn (Saw Pipes)
- JMD Oil (Edible Oil)
- Cargill Oil (Edible Oil)
- Global Oil (Edible Oil)
- India Street
- Ratnamani Steel
- Divine Petro (Resins)
- Coke Industries

Sector-4 (Nr. Gandhidham towards Kandla)

- Shah Alloys Ltd. (Steel and ferro Alloys)
- KAFTZ
- KPT
- IFFCO
- IOC and other oil marketing industrys storage facility

Sector-5 (Anjar - Mundra)

- Man Industry (Steel Pipes)
- Ramco (Asbestos)

Sector-6 (Bhachau - Bhuj)

- EURO (Ceramic Tiles)
- Navkar Steel

Sector-7 (Bhuj)

- Anchor (Soap and Electric Fittings)
- SUZLON
- Parle (Biscuits)
- Clay Industry
- Saraswati Industry (Asbestos)

Sector-8 (Mundra and surrounding)

- Mahashakti Coke (Coke and Steel)
- Jindal Steel (Saw pipes)
- Adani Wilmar (Oil)
- Adani Port
- Adani SEZ
- Ashapura Minechem
- Ashapura Alumina Porject (Proposed)

Sector-9 (West of Kutch)

- Sanghi Cement
- Anjan Cement

ANNEXURE B

A typical Sea Water Characteristics as analyzed by "Italab" (Industries Testing and Analytical Laboratories) Pvt. Ltd. for Sample taken on 1st December, 2000 are as follows :

pH = 9.20

Odour = Normal

Element	Form	Quantity in Milligram/litre
Iron	Fe	0.16
Silica	SiO_2	nil
Calcium	Ca	420.0
Magnesium	Mg	1397.25
Chloride	Cl	22000.
Sulphate	SO_4	3558.0
Phosphate	PO_4	0.10
Sodium	Na	12750.0
Potassium	K	475.0
Manganese	Mn	nil
Fluoride	F	1.0
Free residual chloride	–	0.01
Nitrate	NO_3	3.6
Carbonate	$CaCo_3$	24.0
Bi-Carbonate	$CaCO_3$	112.0

ANNEXURE C

EXPECTED QUALITY OF PRODUCED WATER FOR SALE

	Permissible value as per IS 10500 (1991) F.R.	
	Desirable Limit	Permissible Limit in absence of alternate source
Colour Hazen Units	5	25
Odour	unobjectionable	unobjectionable
Turbidity, NTU	5	10
Dissolved solids (mg/litre)	500	2000
pH	6.5 to 8.5	–
Total Hardness (as $CaCO_3$)	300	600
Calcium (as Ca); mg/litre	75	200
Magnesium (as Mg); mg/litre	30	100
Chlorides (as Cl); mg/litre	250	1000
Sulphate (as SO_4); mg/litre	200	400
Nitrates (NO_3); mg/litre	45	100
Fluorides (as F); mg/litre	1.0	1.5
Alkalinity (as $CaCO_3$); mg/litre	200	600

વધારાના પાણી માટેનો સરકારી ઠરાવ

(અનુસંધાન : પાના નં. - ૭૨ ઉપરથી ચાલુ)

દરિયામાં વહી જતા આ વધારાના પાણીમાંથી ૧ મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને ફાળવવા બાબતનો નિર્ણય અગાઉ અનુસંધાનમાંના ઠરાવ અન્વયે લેવાયેલ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટે પાણીની ફાળવણીની બાબત પણ સરકારશ્રીની વિચારણામાં હતી.

- **ઠરાવ :**

પુષ્ન વિચારણા બાદ નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવી આપવા બાબતે આથી ઠરાવવામાં આવે છે.

આ પૂરના વધારાના પાણીની ઉપલબ્ધિમાં વધ/ઘટ થયેથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે વધારાના પાણીની ફાળવણીમાં સપ્રમાણ વધ/ઘટ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
ઉપસચિવ (સૌ.યો.)
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૬નો લેખ)

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, નર્મદા નદીની સિંચાઈના પાણીની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની પરિસ્થિતિથી સદા માહિતગાર રહેવા કોશિશ કરી રહેલ છે અને આ કાર્યો શક્ય ત્વરાએ પૂર્ણ થઈ, તેના પાણી કચ્છના ખેતરો સુધી પહોંચતા થાય તેવી કોશિશ પણ કરતી રહે છે. આ અંગે ગાંધીનગરમાં સરદાર સરોવર નિગમના ચેરમેન તેમજ ડાયરેક્ટર (કેનાલ) સાથે પત્રો દ્વારા અને રૂબરૂમાં મુલાકાત લઈ આ અંગેની ઝડપી કાર્યવાહી કરવા કોશિશ કરી રહેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલ સીધી રીતે જેમના ચાર્જમાં છે તે કચ્છ શાખા નહેર વર્તુળ નં.-૨ના અધિક્ષક ઈજનેરને લખેલ પત્ર તથા તેની કોપી અક્ષરશઃ અત્રે પ્રસ્તુત કરેલ છે.

અધિક્ષક ઈજનેરશ્રીના જણાવ્યા અનુસાર કચ્છના ખેતરોમાં નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચાડવાના નર્મદા નિગમના હાલના આયોજન મુજબ વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તે શક્ય બની શકશે.

આ થઈ ૦.૫ M.A.F. જેટલા નિયમિત પાણીની વાત. એજ રીતે વધારાના પાણીમાંથી ૧.૦૦ M.A.F. જેટલા પાણી જે કચ્છને ફાળવવામાં આવેલ છે તેના આયોજનો અને કાર્યો જળસિંચાઈ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવનાર છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે એ વિભાગમાં પણ પોતાના પ્રયાસો ચાલુ રાખેલ છે. એ બાબતના સમાચાર પણ ભવિષ્યમાં 'મંગલ મંદિર'માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ સાથે થયેલ પત્રવ્યવહાર નીચે મુજબ છે.

. . . . . .

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

પ્રતિ
શ્રી કે. એન. રાવલ
સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર - કચ્છ બ્રાંચ કેનાલ,
સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ,
પ્લોટ નં. ૧૨૮, ગીતા એપાર્ટમેન્ટ,
વોર્ડ ૪-બી, વંદન સોસાયટી, રામબાગ રોડ,
પોસ્ટ : આદિપુર, તાલુકા : ગાંધીધામ (કચ્છ)

માનનીય સાહેબ શ્રી,

વિષય : કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો

કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત રૂા. ૨૫૦ કરોડની કિંમતના ૭૬ કિ.મી. લંબાઈના કાર્યો માર્ચ-૨૦૦૫થી હાથ ધરવામાં આવેલ છે કે જે કાર્યો બાબતે હજુ સુધી ગણનાલાયક પ્રગતિ સાધી શકાયેલ નથી.

આજ બ્રાંચ કેનાલના અન્ય અંદાજિત રૂા.૨૬૦ કરોડની કિંમતના ૭૫ કિ.મી.ની લંબાઈના કાર્યોના ટેન્ડરો જૂન-૨૦૦૫માં બહાર પાડવાના હતા જે હજુ લગી બહાર પાડી શકાયેલ નથી.

બાકી રહેતી અંદાજિત ૨૦૦ કિ.મી. લાંબી કેનાલના સર્વે, જમીન સંપાદન, આયોજનો ટેન્ડરો તૈયાર કરવા વગેરે પ્રક્રિયા વિશ્વાસપાત્ર તબક્કા સુધી પહોંચાડી શકાયા નથી.

આ કેનાલની વચ્ચે આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનોના આયોજનો વગેરે બાબત પણ આપશ્રી સમયથી ખૂબજ પાછળ ચાલી રહ્યા છો, તેવો અમને ભાસ થાય છે.

શાખા નહેર, પ્રશાખા નહેર, ડિસ્ટ્રિબ્યુટરી, માઈનોર, સબ માઈનોર કેનાલોના આયોજનો પણ હજુ સુધી ગંભીરતાથી વિચારવામાં આવેલ હોય તેવું દૃષ્ટિગોચર થતું નથી.

પાણી ડિસ્ટ્રિબ્યુશન માટે કોઈ મંડળી અથવા તો એજન્સીની નિમણૂક પણ હજુ સુધી નિગમ દ્વારા કરવામાં આવેલ નથી.

તેમ છતાં આપશ્રીની ગાંધીનગર ઓફિસથી આ બધાં જ કાર્યો માર્ચ-૨૦૦૯ સુધી પૂર્ણ કરી દેવાની પત્ર દ્વારા હૈયાધારણ આપવામાં આવે છે.

આથી આ પત્ર દ્વારા અમો આપશ્રી પાસેથી નીચેની વિગતો જાણવા માંગીએ છીએ કે જે બાબતે સવિસ્તર માહિતી આપવા આપશ્રીને

વિનંતી કરવામાં આવે છે.

(૧) માર્ચ-૨૦૦૫માં શરૂ થયેલ ૭૬ કિ.મી. લંબાઈના કાર્યો નિગમ દ્વારા ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

(૨) અન્ય ૭૫ કિ.મી. લંબાઈના કાર્યોના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે અને આ કાર્યો પૂર્ણ કરવાની મુદત શું નક્કી કરવામાં આવેલ છે?

(૩) કચ્છ બ્રાંચ કેનાલની બાકી રહેતી અંદાજિત ૨૦૦ કિ.મી. લંબાઈની કેનાલના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે અને તે ક્યારે પૂર્ણ કરવાની ધારણા છે?

(૪) કચ્છ બ્રાંચ કેનાલમાં વચ્ચે આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનોની ડિઝાઈન ક્યારે પૂર્ણ કરવામાં આવશે? તેના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે? આ કાર્યો ક્યારે પૂર્ણ કરવાની ધારણા છે?

(૫) ડિસ્ટ્રિબ્યુટરી, માઈનોર, સબમાઈનોર વગેરે પ્રકારની કેનાલોના આયોજનો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? આ કેનાલના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે? આ કાર્યો પૂર્ણ કરવાનો અંદાજ શું રાખવામાં આવેલ છે?

(૬) પાણી ડિસ્ટ્રિબ્યુશન માટેની એજન્સી ક્યારે નક્કી કરવામાં આવશે? કચ્છ બ્રાંચ કેનાલની ૩૫૨ કિ.મી. લંબાઈમાં આવતા ખેતરોમાં પાણી ક્યારે પહોંચાડવાના આયોજનો છે?

ઉપરોક્ત દરેક મુદ્દા પર વિગતવાર જવાબ આપવા આથી આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

આપનો જ વિશ્વાસુ
ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
ચેરમેન, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

. . . . . .

सरदार सरोवर नर्मदा निगम लिमिटेड

अधिक्षक ईजनेरश्रीनी कचेरी, कच्छ शाखा नहेर वर्तुळ नं.-२, प्लोट नं.-१२८, गीता એપાર્ટમેન્ટ,
वंदना सोसायटी, वोर्ड नं. ४-बी, रामबाग रोड, आदिपुर, गांधीधाम (कच्छ)-૩૭૦ २०५.

रजिस्टर એ.डी. पोस्ट

જા.નં. કશાનવ-૨/પીબી-૨/વીઆઈપી/૨૦૮૫/૨૦૦૬ તા. ૫-૯-૨૦૦૬

પ્રતિ
ડૉ. ચંદ્રકાંતભાઈ કાનજીભાઈ દેઢિયા
ચેરમેન, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ,
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ.

વિષય : કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો.

અનુ. : આપનો પત્ર ક્રમાંક નં. કેડીસી/૧૬, તા: ૦૬/૦૭/૨૦૦૬.

સ્નેહીશ્રી,

કચ્છ ડેવલેપમેન્ટ કાઉન્સિલના ઉપરોક્ત સંદર્ભિત પત્રથી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો અંગે વિવિધ મુદ્દાઓ પર વિગતવાર જવાબ આપવા વિનંતી કરેલ છે. આ બાબતના વિવિધ મુદ્દાઓનો મુદ્દાવાર પ્રત્યુત્તર, સાથે બીડેલ પત્રક મુજબ સાદર કરવામાં આવે છે.

આપ કચ્છના વિકાસ માટે આમ રસ લો છો તેથી ઘણો આનંદ થાય છે.

આપનો વિશ્વાસુ
(કે. એન. રાવલ)
અધિક્ષક ઈજનેર
કચ્છ શાખા નહેર વર્તુળ નં.૨, ગાંધીધામ. (કચ્છ)

બીડાણ : મુદ્દાસર પ્રત્યુત્તર.

નકલ સવિનય રવાના પ્રતિ,
મુખ્ય ઈજનેરશ્રી, નહેરો-૪, પાટણ તરફ જાણ સારુ.

કુટુંબમાંથી લક્ષ્મી વિદાય લેવાની હોય ત્યારે પરિવારમાં કલેશ શરૂ થાય છે.

ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, ચેરમેન, કચ્છ ડેવલેપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ દ્વારા અત્રેની કચેરીને પાઠવાયેલ પત્ર તા: ૬-૭-૨૦૦૬નો મુદ્દાવાર પ્રત્યુત્તર અહેવાલ.

મુદ્દા	પ્રત્યુત્તર અહેવાલ
૧. માર્ચ-૨૦૦૫માં શરૂ થયેલ ૭૬ કિ.મી. લંબાઈના કાર્યો નિગમ દ્વારા ક્યારે પૂર્ણ કરવામાં આવશે?	૧. માર્ચ-૨૦૦૫માં શરૂ થયેલ ૭૬ કિ.મી. લંબાઈના કાર્યો જૂન-૨૦૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.
૨. અન્ય ૭૫ કિ.મી. લંબાઈના કાર્યો ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવશે અને આ કાર્યો પૂર્ણ કરવાની મુદત શું નક્કી કરવામાં આવેલ છે?	૨. અન્ય ૭૫ કિ.મી. લંબાઈના કાર્યોમાં જમીનનું અન્વેષણ અને જમીન સંપાદનના કાર્યો ચાલુ છે અને આ વર્ષમાં ૨૦૦૬-૦૭માં તેના ટેન્ડર બહાર પાડી ૨૪ માસમાં પૂરા કરવાનું આયોજન છે.
૩. કચ્છ બ્રાંચ કેનાલની બાકી રહેતી અંદાજિત ૨૦૦ કિ.મી. લંબાઈની કેનાલના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે અને તે ક્યારે પૂર્ણ કરવાની ધારણા છે?	૩. કચ્છ બ્રાંચ કેનાલની બાકી રહેતી લંબાઈની કેનાલના કામો તબક્કાવાર વર્ષ ૨૦૦૬-૦૭થી હાથ ધરી વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં ટેન્ડરો મંગાવી પૂર્ણ કરવાનું આયોજન છે.
૪. કચ્છ બ્રાંચ કેનાલમાં વચ્ચે આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનોની ડિઝાઈન ક્યારે પૂર્ણ કરવામાં આવશે? આ કાર્યો ક્યારે પૂર્ણ કરવાની ધારણા છે?	૪. કચ્છ બ્રાન્ચ કેનાલમાં વચ્ચે આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનો માટે ટેન્ડરનો મુસદ્દો તૈયાર કરવાની કામગીરી કેન્દ્ર સરકારના ઉપક્રમ મે. એન.ટી.પી.સી.ને સોંપવામાં આવેલ છે, અને આ કામોના ટેન્ડરો ઓક્ટોબર-૨૦૦૬માં બહાર પાડવાનું આયોજન છે. અને સદર કામ એપ્રિલ-૨૦૦૯માં પૂર્ણ કરવાનું આયોજન છે.
૫. ડિસ્ટ્રિબ્યુટરી, માઈનોર અને સબમાઈનોર વગેરે પ્રકારની કેનાલોનું આયોજનો ક્યારે પૂર્ણ કરવામાં આવશે. આ કેનાલના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે. આ કાર્યો પૂર્ણ કરવાનો અંદાજ શું રાખવામાં આવેલ છે?	૫. ડિસ્ટ્રિબ્યુટરી માઈનોર અને સબમાઈનોર વગેરેના આયોજન તથા મોજણીની કામગીરી તથા ટેન્ડરની કામગીરી કેન્દ્ર સરકારના જાહેર ઉપક્રમ WAPCOS દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. કચ્છ વિસ્તારના કામો આગામી ત્રણ વર્ષમાં પૂરા કરવાના આયોજનને અનુરૂપ ક્ષેત્રીય કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.
૬. પાણી ડિસ્ટ્રિબ્યુશન માટેની એજન્સી ક્યારે નક્કી કરવામાં આવશે? કચ્છ બ્રાંચ કેનાલની ૩૫૨ કિ.મી. લંબાઈમાં આવતા ખેતરોમાં પાણી ક્યારે પહોંચાડવાનું આયોજન છે.	૬. પાણી ડિસ્ટ્રિબ્યુશન કરવા માટે (પિયતથી થતાં) લાભાર્થી ખેડૂતોની મંડળીઓ બનાવીને મંડળીઓ દ્વારા પાણીની વહેંચણી કરવા નિગમ દ્વારા નીતિ ઘડાયેલ છે તે મુજબ આયોજન કરવામાં આવેલ છે. વિસ્તાર વિકાસ કામો ચાલુ કરી તબક્કાવાર પૂર્ણ કરીને ખેતરોમાં વર્ષ ૨૦૦૯-૧૦માં પાણી પહોંચાડવાનું આયોજન છે.

અધિક્ષક ઈજનેર
કચ્છ શાખા નહેર વર્તુળ નં.૨,
ગાંધીધામ.(કચ્છ)

• **<u>નોંધ</u> :**

(૧) ગત વિધાનસભાની બેઠકમાં માંડવી વિભાગના ધારાસભ્ય માનનીયશ્રી છબીલદાસભાઈ પટેલના એક પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ જાડેજાએ જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં પૂરા કરવાના આયોજનો છે. આ રીતે સરકાર શ્રી તરફથી વિધાનસભાના ફ્લોર પર પ્રથમ વખત જ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો બાબતે ખાતરી ઉચ્ચારવામાં આવેલ છે.

(૨) આવતા વર્ષના ગુજરાત સરકારશ્રીના બજેટમાં કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે યોગ્ય રકમની ફાળવણી થાય તેવા પ્રયાસો નાણામંત્રીશ્રી સાથે કચ્છના રાજકીય કાર્યકરોએ અત્યારથી જ પ્રયાસો આદરી દેવા જરૂરી છે.

(૩) કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના આયોજનો જળસિંચાઈ અને પાણી પુરવઠા મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ દ્વારા ત્વરીતપણે હાથમાં લેવાય અને તે કાર્યો પણ સત્વરે ચાલુ કરી દેવાય તેવા પ્રયાસો કચ્છની રાજકીય નેતાગીરીએ આદરવા ઘટે. ■

ઘણાના ઘરમાં ઘરની ચાર દીવાલ વચ્ચે ખરેખર ચાર દિ'જ વહાલ હોય છે.

કચ્છમાં ચેક ડેમોની જરૂરિયાત

• ગોપાલ ડી. ધુઆ •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૬નો લેખ)

લોકસાહિત્યમાં કહેવાયેલ છે કે :

તળ ઊંડા ને જળ છીછરાં અને કામિની લંબે કેશ
અહીં નર પટ્ટાધર નીપજે, મારો ડોલરિયો કચ્છ દેશ.

કવિએ બહુ જ સારી ભાષામાં કચ્છની પાણીની પરિસ્થિતિનું વર્ણન કરેલ છે. હકીકતમાં કચ્છમાં પાણીની તાણ વર્તાય છે. કચ્છમાં વરસાદની પણ એવી જ પરિસ્થિતિ છે. લગભગ દર વરસે કચ્છના કોઈક ભાગમાં તો દુષ્કાળ હોય જ છે. એવરેજ વરસાદ ૧૨ થી ૧૫ ઈંચ છે અને તે પણ સમયસરનો નહી. ક્યારેક આવે, ક્યારેક ન પણ આવે. એટલે જ કચ્છીઓ કચ્છના વરસાદને 'મંઢો મેં' કહે છે. દર બે થી ચાર વરસે એક વરસ સારું આવે છે. કચ્છમાં વરસાદ અરબી સમુદ્રના કરંટનો આવે છે. તે પ્રમાણમાં નબળો હોય છે. પ્રથમ મુંબઈમાં જૂનના બીજા સપ્તાહમાં શરૂ થયા બાદ કચ્છ પહોંચતાં તેને ૧૫ થી ૨૦ દિવસ લાગે છે. એ રીતે વરસાદ જો નિયમિત હોય તો જૂનના અંત ભાગમાં અથવા જુલાઈના પ્રથમ સપ્તાહમાં આવે છે. ક્યારેક ક્યારેક કચ્છને બંગાળના ઉપસાગરના કરંટનો લાભ મળે છે ત્યારે ન્યાલ કરી દે છે પરંતુ એવું ભાગ્યેજ બને છે. પરિણામે કચ્છમાં પાતાળનાં પાણી વાપરવામાં આવે છે. કચ્છમાં અંજાર, મુંદ્રા, માંડવી, નખત્રાણાનો કેટલોક ભાગ – એ વિસ્તારમાં પાણી સારાં પ્રમાણમાં હતું. અંજારને લાગેવળગે છે ત્યાં સુધી કંડલા બંદરનું આયોજન થયું, તે પાણીની ભવિષ્યની પરિસ્થિતિનો વિચાર કર્યા વગર કરી દેવાયું. પરિણામે તેણે અંજાર અને તેની આજુબાજુનાં પાતાળનાં ધૂમ પાણી વાપર્યા. આને કારણે આજે અંજાર એ પરિસ્થિતિમાં મુકાઈ ગયું છે કે જ્યાં પાણી જમીનમાંથી ઉભરાતું, ત્યાં આજે ૩૦૦ થી ૪૦૦ ફૂટે પણ તકલીફ પડે છે. અલબત્ત અંજારના પાણીનું કંડલા પોર્ટે અંજારને કોઈ જ વળતર ન આપ્યું, અંજારના વિકાસમાં યોગદાન ન આપ્યું અને તેનો (કંડલા પોર્ટનો) વિકાસ અંજારનાં પાણીના ભોગે થયો. આજે પાણી માટે અંજાર કકળે છે પરંતુ કોઈના કાને તે પડતું નથી. તે બાબત અત્રે અપ્રસ્તુત હોઈ વધુ ચર્ચામાં પડતા નથી.

કચ્છમાં પૂરતું પાણી નથી પરંતુ કચ્છીઓમાં પાણી છે અને તેથી આજ સુધી આ પ્રજા પોતાની ખુમારી અને તાકાતથી આવી પડેલ પરિસ્થિતિનો સામનો કરી રહી છે. અત્યાર સુધી આપણે પાણી બાબતે જાગૃત ન હતા. હવે આ બાબતે આપણે વિચારવું પડે તેવી પરિસ્થિતિ આવીને ઊભી છે. એક તરફ નર્મદાનાં પાણીની હજુ સગવડ થઈ નથી. તેથી કચ્છે કૂવા રિચાર્જિંગ, વોટર હાર્વેસ્ટિંગ વગેરે જેવાં કાર્યક્રમો તથા એવી યોજના કરવી પડે, કે કચ્છમાં પડતા પાણીનું એક એક ટીપું દરિયામાં ન જતાં કચ્છની ધરતી ઉપર જ સ્ટોર થઈ જાય. પશ્ચિમ કચ્છમાં ડુંગરાઓ હોવાથી ત્યાં ડેમો માટે સારી સાઈટ મળે તેમ છે અને ત્યાં સરકારશ્રી તરફથી ઘણા ડેમો બંધાયા છે. જ્યારે પૂર્વ કચ્છમાં કેટલાક ભાગમાં સારી સાઈડો છે પણ ઈરિગેશન ખાતાએ પૂર્વ કચ્છમાં ધ્યાન આપેલ નથી. એવી યોજના કરવા માટે કચ્છની એક એક નદી, વોકળા અલગ અલગ જગ્યાએ બાંધી દેવા જોઈએ. દરેક વોકળા ઉપર દર એકથી દોઢ કિ.મી.નાં અંતરે નાના ચેક ડેમો બાંધી દેવામાં આવે તો કચ્છની પાણીની સમસ્યા ઘણે ભાગે હલ થઈ શકે. કચ્છનો જમીનનો ઢાળ જ એવો છે કે અલગ અલગ અંતરે આવા ચેક ડેમો બંધાય તો વાંધો ન આવે. આમ તો અછત પરિસ્થિતિ વખતે આવા ડેમોનું કામ કરાય છે પરંતુ તે બધા અણઘડ રીતે કરવામાં આવે છે પરિણામે પૈસાના બગાડ સિવાય કાંઈ થતું નથી. આ ઉપરાંત આવા ચેક ડેમો બાંધતી વખતે એ પણ ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે કે આવા ડેમો મેદાની વિસ્તારમાં બનાવાય. જો ડુંગરાળ વિસ્તારમાં ઉપરના ભાગે બાંધવામાં આવે તો સારા વરસાદ વખતે નીચે વાસનાં ગામો ઉપર પાણીની રેલ આવવાનું જોખમ ઊભું થાય. આવા માટીના પાળાવાળા ચેક ડેમ બાંધવાને બદલે સિમેન્ટ કોન્ક્રિટના બનાવવા જોઈએ જેથી કાયમી થાય અને એકવાર બંધાયા પછી વરસો સુધી ટકે. ઉપરાંત આ ચેક ડેમોમાં પાણીથી લિફ્ટ ઈરિગેશનથી બાજુનાં ખેતરોમાં ખેતી કરી શકાય અને તે ઉપરાંત જમીનમાં પાણી ઉતરતાં, જમીનનાં પાણીનું લેવલ પણ ઉપર આવી શકે. કચ્છ એ ભૂકંપની દૃષ્ટિએ પાંચ નંબરના ઝોનમાં આવે છે ત્યારે જો પાણી જમીનમાં ઉતરે તો જે પાણી ખેંચી લેવાયેલ છે તેની જગ્યા લઈ શકે અને એ રીતે જમીનમાં થયેલ પોલાણ ટાળી શકાય અને જમીનમાં પાણી ઉતરતાં અંદર જે ઊર્જા ભેગી થાય છે તે પણ ઠંડી થવામાં મદદરૂપ થાય. આ રીતે ઊર્જા ઠંડી થતાં તથા જમીનમાં પોલાણ ઓછું થતાં ભારે ધરતીકંપના ખતરાને પણ ટાળી શકાય.

સરકારશ્રીએ આ માટે 60/40, 80/20 વગેરે યોજના કરી જ હતી પરંતુ તેનાં અણઘડ સંચાલનને કારણે યોજનાનાં ફળ ચાખવા ન દીધાં. નહિં તો એ યોજના કચ્છ માટે આશીર્વાદ સમાન હતી. આ માટે રોટરી કે લાયન્સ જેવી ક્લબોને આમાં સામેલ કરાય તો ઘણો ફરક પડી શકે. મારા જાણવા પ્રમાણે આ સંસ્થાઓ પાસે

ભૂલી જવા માટે હસવાનું યાદ રાખો પરંતુ હસવાનું ક્યારેય ન ભૂલો.

એવી યોજના હોય છે કે અમુક ભાગ આપણે આપવા તૈયાર હોઈએ તો બાકીનો ભાગ અન્ય કોઈ દેશમાંથી, અને અન્ય બાકી રહેતો ભાગ તેમની ઈન્ટરનેશનલ સંસ્થા આપે છે. જો આ સંસ્થાઓ સાથે રહીને કામ કરવામાં આવે તો કચ્છ પોતાના પૈસાથી ચાર ગણું કામ કરી શકે છે. અગાઉ રોટરી ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર બે વખત કચ્છના હતા. ફરીને આવતા વરસે પણ કચ્છ માંડવીના ડૉ. હર્ષદ ઉદેશી રોટરી કલબના ગવર્નર નક્કી થયા છે ત્યારે પણ આવું આગોતરું આયોજન કરાય અને તેમાં તેમનો સાથ લેવાય તો પણ કચ્છમાં ઓછા પૈસે વધુ કામગીરી કરી શકાય. આ માટે કચ્છમાં દાતાઓની કોઈ કમી નથી.

ચેક ડૅમ બનાવવાથી કેવો લાભ થાય છે તે જોવું હોય તો ભુજ તાલુકાના ગામ કોડકીમાં એક ડોક્ટર શ્રી એસ. યુ. મલેકે સરસ ઉદાહરણ ઊભું કરેલ છે. કોડકીની સીમમાં બેથી ત્રણ ચેક ડૅમ સરકારશ્રીમાં રજૂઆત કરી તેમની દૂરંદેશીથી બંધાવ્યા છે. જેને કારણે સારા વરસાદ વખતે ચેક ડૅમ જ્યારે ભરાય છે ત્યારે આજુબાજુની ખેતીને ખૂબ જ લાભ થાય છે. જે જમીન એકદમ ઉજ્જડ હતી તેની પૃચ્છા થવા લાગી.

ભુજ તાલુકાના બીજા ગામ ભારાસરની સીમમાં પણ આજ રીતે નજીક નજીકમાં બેથી ત્રણ ચેક ડૅમ બંધાયા છે જેનો લાભ બાજુની ખેતીને મળે છે. આજ રીતે અંજાર તાલુકાના સંઘડ ગામ પાસે તથા નગા વલાડીઆ પાસેની નદીમાં પણ બે ચેક ડૅમ બનાવ્યા છે તે બહુ સારી રીતે કામ આવે છે.

આ ઉપરાંત કચ્છમાં જ્યારે જ્યારે અછતનાં કામો થાય ત્યારે મોટી અને મધ્યમ કક્ષાની નદીઓને જોડવાની યોજના કરવી જોઈએ. જેથી જ્યારે નર્મદા નદીમાં ચોમાસામાં પાણીની ખૂબ જ છત હોય ત્યારે કચ્છના ડૅમો અને ચેક ડૅમો તેનાં પાણીથી ભરી શકાય. પણ આ બધા પાછળ જરૂર છે સાચી લગનની. જે લોકોને કચ્છની પ્રગતિ, ઉર્ધ્વગતિ, વિકાસમાં રસ હોય તે ફક્ત કચ્છના નામે બધા ભેગા થાય અને એજન્ડા ઉપર કચ્છ સિવાય કાંઈ હોય નહીં. જેમાં સામાજિક સંસ્થાઓનો તથા નોકરીમાં હોય તેવા તથા નિવૃત્ત ઈજનેરોનો પણ સહકાર લેવાય અને ગામેગામ નાના મોટા ચેક ડૅમના સર્વે કરી બાંધકામ તથા તે માટે જોઈતી રકમનું આયોજન કરાય તો હકીકતમાં 'કચ્છડો બારેમાસ' થઈ શકે તેમ છે.

ગોપાલભાઈ ધુઆ,
ધારાસભ્ય, ૪-મુંદ્રા મતવિસ્તાર.
રહે. : મતિયાનગર, દબડા રોડ, અંજાર (કચ્છ).
ફોન : ૨૪૩૨૯૯ મો.૯૮૨૫૨૫૧૩૦૩

[redacted]

એક સંત પાસે એક યુવાન આવ્યો. યુવાને સંતને પ્રણામ કર્યા. પછી ગળગળા સાદે પોતાની વ્યથા કહેતાં વિનંતી કરી : 'મહારાજ, હું સાવ ગરીબ છું. એક પૈસો પણ મારી પાસે નથી. હું બહુ દુઃખી છું. કોઈ ઉપાય બતાવો અને આશીર્વાદ આપો.'

સંતે થોડી ક્ષણો મૌન રહી કહ્યું, 'એક ઉપાય છે, પૈસા કમાવાનો!'

'બોલો, મહારાજ.' યુવાને આતુરતાથી કહ્યું.

'તારો એક હાથ વેચી દે! તને એક લાખ રૂપિયા એક ડૉક્ટર આપશે.'

'અરે, હાથ તો અપાય?'

'તો એવું કર, તારો એક પગ આપી દે. એક હોસ્પિટલમાં જોઈએ છે. તને પાંચ લાખ રૂપિયા મળશે.'

'મહારાજ, પગ વગર કંઈ ચાલે?'

'એવું હોય તો તું તારી એક આંખ પણ આપી શકે! તને તેન દસ લાખ રૂપિયા મળશે.'

'બસ થયું મહારાજ, હવે આવું બોલશો નહિ.'

'લે, હવે તને છેલ્લીવાર કહું છું! તારું આખું શરીર જો આપી દો તો તને એક કરોડ રૂપિયા મળે તેમ છે. બોલ, તું તૈયાર છે?'

'મહારાજ, બસ થયું. હવે મારે આવું સાંભળવું નથી.' થોડો ગુસ્સો કરી યુવાને કહી દીધું.

પછી સંતે શિખામણ આપતા કહ્યું, 'ભલા માણસ, કરોડો રૂપિયાનો આ દેહ છે તારી પાસે. પછી તું કહે છે કે હું સાવ ગરીબ છું. એવું કહેવાય ખરું? મહેનત કર, તું તો કરોડો રૂપિયાનો માણસ છે.'

યુવાનને હવે સાચું જ્ઞાન ઉપલબ્ધ થઈ ગયું!

બોધ વાક્યો :

- નિરાશા મહાન દુર્ગુણ છે.
- પોતાની જાતને ક્યારેય નિર્ધન માનવી નહીં.
- દુઃખ મનનું કારણ છે. દુઃખ દૂર કરી શકાય છે.
- શ્રમમાં સાચું સુખ છે.
- મનુષ્ય અવતાર અમૂલ્ય અને અલભ્ય છે.

"સફળતાના સ્વાતિબિંદુ"માંથી

[redacted]

જો તમે તમારાં બાળકોને સન્મતિ નહિ આપો તો તમારે તમારી સંતતિ અને સંપત્તિ બંને ગુમાવવાં પડશે.

ડી-સેલિનેશન પ્લાન્ટ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ડિસેમ્બર - ૨૦૦૬નો લેખ)

કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરવા માટે જી.આઈ.ડી.બી. તરફથી ક્વોલિફાય થવા વિવિધ દેશી-વિદેશી કંપનીઓ પાસેથી તેઓની વિગતો મંગાવવામાં આવેલ હતી. આ જાહેરાતના અનુસંધાને નીચેની કંપનીઓએ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની પોતાના ખર્ચે તૈયારી દાખવેલ છે. તેઓ તેમના પ્રોડક્શનના સ્થળે અમુક ભાવથી શુધ્ધ પાણી આપશે. આ રીતે દરેક કંપનીના ભાવ તપાસી તથા તેઓની ટેકનિકલ તેમજ આર્થિક ક્ષમતા ચકાસ્યા બાદ જ નિર્ણય લેવાશે. અત્યારે માત્ર ક્વોલિફાઈંગ રાઉન્ડ છે. જે કંપની આ રાઉન્ડમાં સફળ થશે તેઓને આ અંગેના ટેન્ડર આપવામાં આવશે.

(૧) બેસેસા-ડોશી આયન એક્ષચેન્જ

(૨) જીઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર - જીઈ ફાઈનાન્સિયલ - ચેથાર વેસલ - ટોયો એન્જિનિયરીંગ કોર્પોરેશન

(૩) હાઈડ્રોકેમ (એસ) પીટીઈ સીંગાપોર (હાઈફલક્સ જી આર કંપની)

(૪) અદાની એન્ટરપ્રાઈઝીઝ - વાયોલિયા વોટર

(૫) એસ્તર કન્સ્ટ્રક્શન-આઈડીઈ

(૬) ડાયેન એન્વીરોનમેન્ટ લિ. - ઝૂમ ડેવલપર-ફીટનર

(૭) વેલસ્પન-સેટીક યુ.કે.

(૮) રિલાયન્સ એનર્જી-ડેગ્રામેન્ટ

(૯) કેલ્કાસા - એસએલ - ઈંગ્લેન્ડ-સ્ટડસ ઈન્ટરનેશનલ યુએસએ - વર્લ્ડ એકવાટેક બેલ્જીયમ - ચેડેલ શૂ

(૧૦) યુનાઈટેડ ફોસ્ફરસ-આઈડીએફસી - એનર્સેવ મલાયેસીયા

(૧૧) આઈએલએફએસ-આઈડીઈ-ટાટા-પ્રોજેક્ટસ

(૧૨) ટહાલ કન્સલ્ટીંગ એન્જિનિયર્સ-મેકરોટ ઈઝરાયલ

(૧૩) કિર્લોસ્કર પંપ્સ - એકવાટેક ચેસીઆ

(૧૪) ગેમન ઈન્ડિયા - બુલશન્ક કોરિયા

(૧૫) જીઈએફ + એકવાલિયા + ઈનીમા

(૧૬) આઈ એન્ડ ટી - વાટેક + વેબગ

આ રીતે દરેક કંપની બે કે ત્રણ કે ચાર કંપનીના ગ્રૂપમાં રહીને આગળ આવેલ છે.

ડોશી આયન એક્ષચેન્જ, અદાણી એન્ટરપ્રાઈઝ, એસ્સાર કન્સ્ટ્રકશન, વેલસ્પન, રિલાયન્સ એનર્જી, યુનાઈટેડ ફોસ્ફરસ, ટાટા પ્રોજેક્ટસ, કિર્લોસ્કર પમ્પ્સ તથા ગેમન ઈન્ડિયા જેવી ભારતની જાણીતી અને મોટા ગજાની કંપનીઓએ પણ ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની તૈયારી દાખવેલ છે.

અન્ય તરફ જાણવા મળ્યા મુજબ GIDBના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી જયંત પરિમલે GIDBમાંથી રાજીનામું આપતા, પરિસ્થિતિ થોડી ગૂંચવાઈ છે. તેના કારણે આ પ્રોજેક્ટ ડીલે થઈ જવાની પૂરેપૂરી શક્યતા ઊભી થયેલ છે. ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન તરફ હવે બધાની નજર છે કે તેઓ આ બાબતે સત્વરે ઉકેલ લાવી, કોઈ અન્ય ઓફિસરને આ કાર્યવાહી સોંપે કે જેના કારણે આ પ્લાન્ટ સ્થાપવા અંગેની કાર્યવાહી આગળ વધી શકે.

ઝડપી કાર્યવાહીના અભાવે અત્યારે તો કચ્છના ભૂગર્ભના પાણી મોટા પ્રમાણમાં ઉલેચવાનું ચાલુ રહેલ છે. ■

સાદું જીવન વીતાવો. તમારા વિચારો ઉન્નત બનાવો. હંમેશાં ઈશ્વરનો ડર રાખો. સત્ય બોલો. બધાં પ્રત્યે પ્રેમદૃષ્ટિ કેળવો. બધામાં તમારા પોતાના આત્માનાં જ દર્શન કરો. બધાં કામ સચ્ચાઈથી કરો. આથી તમે તમારા જીવનમાં સરળતા, સફળતા અને આત્મસાક્ષાત્કાર પામશો.

કોઈ પણ પરિસ્થિતિમાં પણ તમે ચિંતાગ્રસ્ત બનશો નહિ. હંમેશાં પ્રસન્ન રહો. તમારી બુદ્ધિ અને વિચાર અનુસાર કામ કરો. તમારા મનનું સંતુલન જાળવી રાખો. મનને ઈશ્વર તરફ વાળો. તેના નામનાં ગાન કરો. તેના દર્શન માટે આતુર બનો. તમારા પર ઈશ્વરીય કૃપાનું અવતરણ થશે.

દૃઢ નિશ્ચય અને લોખંડી સંકલ્પ રાખો. આધ્યાત્મિક માર્ગ પર દૃઢતાથી આગળ વધો. તમારી આંતરિક શક્તિને મજબૂત બનાવો. આગળ ને આગળ વધતા જાઓ. ■

હૃદય સરળ રાખો. નામરૂપની પાછળ ના દોડો. એ તો બધું મિથ્યા છે. વાયુનું એક સ્પંદન માત્ર છે. અલ્પ અને નાશવંત ચીજો માટે ચિંતા ન કરો. શાશ્વત સત્ય માટે સદા પ્રયત્નશીલ બનો.

હૃદયમાં ઈશ્વર ચિંતન અને ઈશ્વરીય ભાવ સાથે મૌન રાખી નિષ્કામ કર્મ કરતા રહો. બીજાની સેવા કરતી વખતે જરા પણ અણગમો ન બતાવો. સેવાનો પ્રસંગ કદી પણ હાથમાંથી સરી જવા દેશો નહિ. આવા પ્રસંગો મેળવવા પ્રયત્નશીલ રહો. સેવા ક્ષેત્રનું નિર્માણ તમે જાતે જ કરો.

જપ, કીર્તન, ધ્યાન, ગીતા અને રામાયણનું અધ્યયન નિયમિત કરો. તમારા આવેશોને અંકુશમાં રાખો. મૌન અને બ્રહ્મચર્યનું પાલન કરો. સત્સંગ કરો. તેથી તમને આધ્યાત્મિક બળ મળશે. ■

સંસ્કાર વિના લાખ રૂપિયાને પણ ખાખ થતાં વાર નહિ લાગે.

વર્ષ ૨૦૦૭ તથા વર્ષ ૨૦૦૮માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

વર્ષ ૨૦૦૭

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ - ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭માં કરવામાં આવેલ કરારો અનુસાર સ્થપાયેલા ઉદ્યોગો અને તેના અનુસંધાને કરવામાં આવેલ મૂડી રોકાણની વિગતો દર્શાવતો અને તેના માટેના પાણીની જરૂરિયાત દર્શાવતો લેખ.

- કચ્છના પાણી પ્રશ્ને અમદાવાદ ખાતે યોજવામાં આવેલ ચિંતન શિબિરનો અહેવાલ.

વર્ષ ૨૦૦૮

- કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના આયોજનો અંગે ગાંધીનગર ખાતે પાણી પુરવઠા અને જળસિંચાઈ વિભાગના મુખ્ય ઈજનેર શ્રી ઓ.ટી. ગુલાટીની તા. ૩-૪-૨૦૦૮ના લેવાયેલ મુલાકાત અંગેનો અહેવાલ.
- કચ્છ બ્રાંચ કેનાલના ડિસેમ્બર-૨૦૦૮ સુધી કરવામાં આવેલ તથા બાકી રહેતા કાર્યોનું અવલોકન.

કચ્છમાં ઉદ્યોગો અને તેની પાણીની જરૂરિયાત

• અશોક મહેતા •

(મંગલ મંદિર, માર્ચ - ૨૦૦૭નો લેખ)

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ - ૨૦૦૩માં ૭૬ યુનિટોએ ગુજરાતમાં રૂા. ૬૬ લાખ કરોડના રોકાણ કરવાના ઈરાદા જાહેર કરેલ હતા, જેમાંથી આજ દિવસ સુધી ચાલુ થયેલ અથવા તો પાઈપ લાઈનમાં હોય તેવા ૪૭ યુનિટે રૂા. ૫૪ લાખ કરોડના રોકાણો કરી દીધેલ છે. યુનિટની સંખ્યાના આધારે ગણીએ તો ૬૨ ટકા યુનિટો અત્યાર સુધી કાર્યરત થયેલ છે અને રોકાણના આધારે ગણીએ તો જાહેર થયેલ ઈરાદાઓની સામે ૭૯ ટકા જેટલું રોકાણ અત્યાર સુધી થયેલ છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ની વાત કરીએ તો તે સમયે ૨૨૬ યુનિટોએ ગુજરાતમાં રૂા. ૧.૦૬ લાખ કરોડના રોકાણ કરવાના ઈરાદા જાહેર કરેલ હતા, જેમાંથી આજ દિવસ સુધી ચાલુ થયેલ અથવા તો પાઈપ લાઈનમાં હોય તેવા ૧૬૯ યુનિટે રૂા. ૯૫ લાખ કરોડના રોકાણો કરી દીધેલ છે. યુનિટની સંખ્યાના આધારે ગણીએ તો ૭૪ ટકા યુનિટો અત્યાર સુધી કાર્યરત થયેલ છે અને રોકાણના આધારે ગણીએ તો અત્યાર સુધીમાં ૮૩ ટકા જેટલું રોકાણ તો થઈ ચૂકેલ છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭માં ૩૬૩ યુનિટોએ રૂા. ૪.૬૧ લાખ કરોડના રોકાણોની જાહેરાત કરેલ છે. ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩ તથા ૨૦૦૫ના આધારે આપણે અંદાજ લગાવી શકીએ કે આવતા બે વર્ષ બાદ ગુજરાતમાં ઉપરોક્ત જાહેરાતોના ૮૦ ટકાના આધારે ૨૯૦ નવા યુનિટો રૂા. ૩.૭૦ લાખ કરોડના અન્ય રોકાણોથી ગુજરાતને ધમધમતું કરશે.

એ જ રીતે ૧૫ - ૧૬ ફેબ્રુઆરી - ૨૦૦૭માં અમદાવાદ ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત અર્બન સમીટ -૨૦૦૭માં ૩૧૨ યુનિટોએ રૂા. ૨.૦૫ લાખ કરોડના રોકાણોની જાહેરાત કરેલ છે. અહીં પણ ૮૦ ટકાનો અંદાજ લગાવીએ તો ગુજરાતના મુખ્ય શહેરોમાં લગભગ રૂા. ૧.૬૦ લાખ કરોડના નવા રોકાણો આવી રહેલ છે.

ખૂબ જ સારી વાત છે. સમગ્ર ગુજરાતને વ્યાપાર ઉદ્યોગથી ધમધમતો કરવા માટે અને લાખોની સંખ્યામાં નવી રોજગારીની તકો ઊભી કરવા માટે છેલ્લા ૫ વર્ષના ગુજરાત સરકારશ્રીના પ્રયત્નો અભિનંદન આપવાને પાત્ર છે. આ માટે ગુજરાત સરકારશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. આ પ્રયાસોથી અને તેના હકારાત્મક પરિણામોથી ભારતભરમાં ગુજરાત રાજ્યનું નામ ઝળહળતું થયેલ છે.

કચ્છ જિલ્લાની વાત કરીએ તો ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છ માટે ટેક્ષ હોલીડેની નીતિ જાહેર થતાં અત્યાર સુધી કચ્છમાં ૨૮૦ યુનિટો રૂા. ૧૫૩૦૭ કરોડના રોકાણથી કાર્યરત થઈ ગયેલ છે અને અન્ય ૩૯૨ યુનિટો રૂા. ૨૪૦૦૦/- કરોડના રોકાણથી પાઈપ લાઈનમાં છે, જે નજદીકના ભવિષ્યમાં જ કાર્યરત થવાના છે. આ રીતે ૬૭૨ યુનિટો દ્વારા રૂા. ૩૯૦૦૦ કરોડના રોકાણો કચ્છમાં આવી ગયેલ છે. તદ્ ઉપરાંત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭માં જે ઈરાદાઓ જાહેર થયા તેમાં કચ્છ પ્રદેશ માટે નવા ૩૫ યુનિટોએ લગભગ રૂા. ૯૨૦૦૦ કરોડના રોકાણોની જાહેરાત કરેલ છે, જે રોકાણો આવતા બે વર્ષમાં કચ્છમાં આવવા સંભવ છે. આ ૩૫ નવા યુનિટોએ કોઈપણ જાતના ટેક્ષ હોલીડેના ફાયદા વગર પોતાના રોકાણો કચ્છમાં કરવાના ઈરાદોઓની જાહેરાતો કરેલ છે.

ઉપરોક્ત હકીકત જાણીને કોઈ પણ કચ્છીને ગર્વ થાય. પોતાના પ્રદેશની ઉન્નતિથી તે ભાવ - વિભોર થઈ ઊઠે! ક્યાં વર્ષ ૨૦૦૦ સુધીનું સદીઓ પુરાણું કચ્છ અને ક્યાં છેલ્લા છ વર્ષમાં ફીનિક્ષ પંખીની જેમ બેઠું થયેલું કચ્છ! અત્યાર સુધી રૂા. ૩૯૦૦૦ કરોડના રોકાણો કચ્છમાં થઈ ચૂકેલ છે જ્યારે નવા રૂા. ૯૨૦૦૦ કરોડના રોકાણો કચ્છમાં આવી રહેલ છે, જેના કારણે લાખોની સંખ્યામાં રોજગારીની તકો ઉત્પન્ન થવાની છે. પરિણામ સ્વરૂપે પૂર્વ કચ્છ, મધ્ય કચ્છ અને કંઈક અંશે પશ્ચિમ કચ્છમાં તેજીનો માહોલ સર્જાઈ રહેલ છે. અનેક લોકો પાસે અઢળક પૈસા આવી રહેલ છે. ભવિષ્યમાં પણ આનાથી વધુ ઉજળી તકો સર્જાવાની શક્યતા દેખાઈ રહેલ છે.

પરંતુ આ બધા જ તેજીના માહોલની વચ્ચે આપણે એક વાત ભૂલવી ના જોઈએ. સદીઓથી કચ્છનો મૂળ પ્રશ્ન પાણીની અછતનો રહેલ છે. કચ્છનો સરેરાશ વરસાદ ૧૪ ઈંચનો છે, પરંતુ અહીં વોટર શેડસ યોજનાઓનો જોઈએ તેવા પ્રમાણમાં વિકાસ થયેલ ન હોવાથી અને કુદરતી ઢોળાવવાળો - કાચબાના આકારનો પ્રદેશ હોવાથી વરસાદના લગભગ બધા જ પાણી દરિયામાં વહી જાય છે. અહીંના પ્રદેશની આ વ્યથા વર્ષો પુરાણી છે, પરિણામે સામાન્ય સંજોગોમાં પણ અહીં પાણીની તંગી સવિશેષ રહે છે અને કૂવાના તથા બોરના પાણી ઊંડાને ઊંડા ઉતરતા જાય છે. અનેક સ્થળોએ તો તે ૮૦૦ ફૂટથી પણ વધુ ઊંડા ઉતરી ગયેલ છે. પાણીના અભાવે ભૂતકાળના અને અત્યાર સુધીના સમય સુધી મોટાભાગની કચ્છની ઉજળિયાત પ્રજા કચ્છમાંથી ઉચાળા ભરી અન્યત્ર રહેવા ગયેલ છે.

નર્મદા નદીના પીવાના પાણીની લાઈન દ્વારા કચ્છના અનેક ગામોમાં લગભગ ૧૫૦ MLD જેટલા પાાણીનું વિતરણ કરવામાં આવે છે પરંતુ તે પાણીથી ખેતી ના થઈ શકે. ખેતીપ્રધાન પ્રજાને જીવવા માટે ખેતીની જરૂરત છે અને ખેતીનું પાણી તો જમીનમાં સંગ્રહાયેલું પાણી જ વાપરી શકાય. આજથી બે વર્ષ અગાઉ લગભગ ૧૫૦

જેટલા ઉદ્યોગોમાં તેઓની મુલાકાત લઈ સર્વે કરવામાં આવેલ હતો કે જે હિસાબે આ ૧૫૦ જેટલા ઉદ્યોગોને જ દૈનિક ૩૦૦ MLD પાણીની જરૂરિયાત રહે છે તેવું જાણવામાં આવેલ હતું. આ સામે નર્મદા નદીના પીવાના પાણીની પાઈપલાઈનમાંથી માત્ર ૫૦ MLD પાણી જ આ ઉદ્યોગોને ફાળવાયેલછે. (આ પાણીના પાઈપલાઈનની કેપેસિટી ૨૦૦ MLDની છે.) બાકીના ૨૫૦ MLD પાણી એ સમયે આ ઉદ્યોગો ભૂતળનું પાણી બોર કરીને અથવા તો ટેન્કરના પાણીનો કોઈને કોન્ટ્રેકટ આપીને વાપરતા હતા. દરરોજના ૨૫૦ MLD પાણી આ ઉદ્યોગો દ્વારા વપરાય છે તે કચ્છના પેટાળનું પાણી છે જેના પરિણામે ભૂતળના પાણીના તળ છેલ્લા ૫ વર્ષમાં ખૂબજ ઊંડા ઉતરી ગયેલ છે. હજુ પણ બીજા એક લાખ કરોડના રોકાણો કચ્છમાં આવી રહેલ હોવાથી બીજા ૫૦૦ MLD પાણીની જરૂરિયાત ઊભી થવાની સંભાવના રહે છે. પરંતુ આ પાણી આવશે કયાંથી? કયાંક એવું ના બને કે પાણી વગર કચ્છની પ્રજા તો ત્રસ્ત થાય પરંતુ આ ઉદ્યોગોએ પણ કામકાજ બંધ રાખવા પડે, કરેલ મૂડીરોકાણ વ્યર્થ જાય અને ગુજરાતના ગ્રોથ રેશિયો પર ગંભીર અસર પડે.

જયારે સરકારશ્રી દ્વારા ઉદ્યોગોને આટલું પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે ત્યારે આ ઉદ્યોગોને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર સવલતો દા.ત. રસ્તા, વીજળી, પાણી વગેરે પૂરી પાડવાની જવાબદારી સરકારશ્રીએ જાતે રાખવી જરૂરી છે. આ સવલતો ખાનગી સેકટર પૂરી પાડી શકે નહીં. આ પ્રશ્ને આજથી બે વર્ષ અગાઉ ગુજરાત સરકારશ્રીના લાગતા વળગતા વિવિધ ખાતાના ઉચ્ચ અધિકારીશ્રીઓને વાકેફ કરવામાં આવેલ હતા, જેના પરિણામે શરૂમાં ભાસ્કરપુરાથી ૧૦૦ MLD કે ૨૦૦ MLDની કેપેસિટીવાળી અન્ય એક પાઈપલાઈન કચ્છમાં લઈ જવાની વિચારણા ચાલેલ હતી. બાદમાં ૧૦૦ MLD કેપેસિટીના ડી-સેલિનેશન પ્લાન્ટની વાત આવી. આ કાર્યની જવાબદારી ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડને સોંપવામાં આવેલ છે, પરંતુ તેની કામ કરવાની ગતિ ગોકળગાયની ઝડપ કરતાં પણ કનિષ્ઠ રહેવા પામેલ છે. અન્ય તરફ આ પ્લાન્ટની સ્થાપનામાં સરકારશ્રી ઉદ્યોગોના હિસ્સાની પણ વાત કરે છે કે જે કોઈ પણ સંજોગોમાં ગળે ઉતરે તેવી વાત નથી. જરૂરિયાત મુજબના પાણીની સવલતો સરકારશ્રીએ જ પૂરી પાડવી પડે પછી ભલે તે ઉદ્યોગો પાસેથી યોગ્ય ભાવો લઈને પાણીનું વિતરણ કરે. એક અન્ય વાત પર પણ આ તબકકે ધ્યાન દોરવાની જરૂરિયાત રહે છે કે આવતા વર્ષોમાં ૧૦૦ MLD કેપેસિટીના એક નહીં પરંતુ ૫-૭ પ્લાન્ટની જરૂરિયાત રહેશે અને તે માટે સરકારશ્રીએ આજથી જ જરૂરી ઉજાગર કરવા પડે.

જયાં લગી કચ્છની સામાન્ય પ્રજાને સવાલ છે ત્યાં લગી એ જાણીને આશ્ચર્ય થાય છે કે કચ્છનો બુધ્ધિજીવી વર્ગ કે કચ્છની ધાર્મિક, સામાજિક કે રાજકીય નેતાગીરી પણ આ પ્રશ્ને સરકારશ્રી સાથે ગાંધીનગરમાં યોગ્ય વિચારવિમર્શ કરતી નથી અથવા કરતી હોય તો તેવી વાત બહાર આવી નથી. એવું લાગે છે કે સામાજિક - રાજકીય નેતાગીરીએ વધુ જાગ્રત રહી સરકારશ્રીના લાગતા વળગતા ખાતાઓ સાથે વિચાર વિમર્શ કરી, આ પ્રશ્નનો જલદી ઉકેલ આવે તેવા પ્રયાસો કરવા જોઈએ કે જેથી આવતીકાલ અંધકારમય અને દુઃખદ ના બને.

વોટર શેડસ યોજનાઓ પણ કચ્છ માટે તેટલી જ જરૂરી છે. સરેરાશ ૧૪ ઈંચ પડતા વરસાદના મોટા ભાગના પાણીનો સંગ્રહ જમીનમાં જ કરી દેવાના આયોજનો થવા જોઈએ. આ માટે ઓછામાં ઓછા ૨૦,૦૦૦ ચેકડેમો કચ્છની અંદરના ચારે તરફના વિસ્તારમાં નજીકના ભવિષ્યમાં બાંધી શકાય તો તે એક આદર્શ હકીકત બની શકશે. અન્ય પ્રકારની વોટર શેડસ યોજનાઓ પણ હાથ ધરી શકાય. સામાજિક, સાંસ્કૃતિક, વૈદકીય, ધાર્મિક વગેરે ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ આ દિશા તરફ એક દષ્ટિપાત કરે એ આજના સમયની જરૂરિયાત છે. ૮૦ : ૨૦ના રેશિયોમાં સરકારશ્રીએ પણ યોગ્ય ફંડની ફાળવણી કરવી જરૂરી બની રહે છે.

કચ્છને ફાળવાયેલ નર્મદા નદીનાં વધારાનાં પાણીમાંથી ૧.૦ M.A.F. પાણીનાં આયોજનો હજુ ગુજરાત સરકારશ્રીના લાગતા વળગતા ખાતામાં ચાલી રહેલ છે. આ વિભાગની કાર્યવાહી પણ ગોકળગાયની ગતિએ ચાલે છે. આ કાર્યવાહી ઝડપથી પૂર્ણ થઈ તેનાં કાર્યો થવાં ખૂબ જરૂરી છે. નિયમિત પાણીનાં કામોની સાથે સાથે વધારાનાં પાણીનાં કાર્યો પણ ૨૦૦૮-૨૦૦૯માં પૂર્ણ થાય તે જળ સંપત્તિ વિભાગે જોવાનું રહે છે.

આપણે આશા રાખીએ કે સહુ સાથે મળીને કચ્છના પાણીના પ્રશ્નોનો યોગ્ય નિકાલ સમયસર લાવી શકીએ. ■

ક્રોધથી શરીરને તો નુકસાન થાય છે જ પરંતુ સૂક્ષ્મ શરીર પર પણ તેની ઊંડી અને સ્થાયી અસર પડે છે. ભયંકર ક્રોધાવેશથી સૂક્ષ્મ શરીર પર ઊંડા ઘા પડે છે. ક્રોધનાં આવાં ભયંકર પરિણામનો ખ્યાલ રાખો.

ક્રોધનો વિજય ન થવા દો. તેને ક્ષમા, પ્રેમ, કરુણા, સહાનુભૂતિ તથા વિવેકપૂર્ણ વિચાર દ્વારા નષ્ટ કરો.

હાથ વડે કામ કર્યે જાઓ અને મનને ઈશ્વરપરાયણ બનાવો. થોડા અભ્યાસથી આ બંને કામો તમે એકી સાથે કરી શકશો. શરીર પોતાનું કાર્ય યંત્રવત્ કર્યા કરશે અને તમારું મન સદા ભગવાનના ચરણકમળમાં સ્થિર રહેશે. સંસારમાં રહીને પણ તમે ઈશ્વર - સાક્ષાત્કાર કરી શકશો. ■

Prakash®
PRAKASH METAL CRAFT PVT. LTD.
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

કચ્છના પાણીના પ્રશ્ને ચિંતન શિબિર

• અશોક મહેતા •

(મંગલ મંદિર, મે - ૨૦૦૭નો લેખ)

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા અમદાવાદ ખાતે દ્વિ દિવસીય ચિંતન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. તેમાં પ્રથમ દિવસનો વિષય હતો : "કચ્છમાં પર્યાપ્ત ઉચ્ચ શિક્ષણ અને તેનું વિસ્તૃતીકરણ", જ્યારે બીજા દિવસનો વિષય હતો : "કચ્છની જળ સમસ્યા અને તેનું નિવારણ." પ્રથમ વિષયના અહેવાલની વિગત બાદ કરીને દ્વિતીય વિષય સંબંધિત અહેવાલની અત્રે રજૂઆત કરેલ છે.

– તંત્રી મંડળ

ચિંતન શિબિરનો બીજો દિવસ

"કચ્છની જળ સમસ્યા અને તેનું નિવારણ" ના વિષય પર બીજા દિવસની ચિંતન શિબિરનું અધ્યક્ષ સ્થાન નર્મદા વોટર રિસોર્સીસ, વોટર સપ્લાય તથા કલ્પસર વિભાગના ચીફ એન્જિનિયર તથા એડિશનલ સેક્રેટરી શ્રી ઓ.ટી. ગુલાટીએ સંભાળેલ હતું. દીપ પ્રાગટ્ય ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ તથા જાણીતા ઉદ્યોગપતિ શ્રી દીપેશભાઈ શ્રોફના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

શિબિરની શરૂઆતમાં આવકાર પ્રવચન આપતાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અત્યાર સુધીના કાર્યોની વિગતવાર માહિતી આપેલ હતી અને આજનો પાણીનો વિષય આવતા દિવસોમાં કચ્છ માટે કેટલો અગત્યનો છે તેની વિગત જણાવેલ હતી.

આજના દિવસની ચર્ચાની શરૂઆત કરતાં પ્રમુખપદેથી બોલતાં ચીફ ઈજનેર અને એડિ. સેક્રેટરી શ્રી ગુલાટીએ કહ્યું કે ગુજરાતનો કોઈ વિસ્તાર એવો નથી, જેને પાણીનો પ્રશ્ન નથી. પાણીના પ્રશ્નનું પ્રમાણ વધે-ઘટે એવું બને પણ અહીંથી પાણીના પ્રશ્નની છણાવટ અને ઉપાયો સરકાર સુધી પહોંચે એવા સૂચનો થાય, પ્રશ્નને ગતિ મળે, અને તે કચ્છના પાણીનો પ્રશ્ન હળવો કરવામાં મદદરૂપ થાય, એવું આપણે ઈચ્છીએ.

"કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી અંગેના આયોજનો તથા કાર્યો" ના વિષય પર બોલતા નર્મદા નિગમની કેનાલ-૪ ની ડિવિઝનના ચીફ એન્જિનિયર શ્રી યુ.એસ. ચંદોરીકરે જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વ્યવસ્થિત રીતે ચાલુ થઈ ગયેલ છે અને જૂન-૨૦૧૧માં આ કેનાલના બધા જ પ્રકારના કાર્યો પૂરા કરી નર્મદા નદીના સિંચાઈ માટેના નીર વિતરણ કરવાના પ્લાનિંગ ઘડાયેલ છે. કચ્છ બ્રાંચ કેનાલની વિવિધ આંકડાકીય માહિતી આપતા તેમણે જણાવ્યું કે આ યોજનાનો ખર્ચ લગભગ રૂા. ૨,૦૦૦/- કરોડનો થવાની ગણતરી છે. આ તબક્કે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાએ નર્મદા નિગમના પ્લાનિંગમાં અવિશ્વાસ વ્યક્ત કરતાં જણાવેલ કે આ રીતે નર્મદા નિગમે અનેક વખત રિવાઈઝ્ડ પ્લાનિંગ આપેલ છે. તેથી આ પ્લાનિંગ આખરી રહેશે કે નહીં? શ્રી ચંદોરીકરે વિશ્વાસ આપતાં જણાવેલ કે હવે પછી આ પ્લાનિંગમાં કોઈ જ ફેર નહીં થાય અને આ પ્લાનિંગ પ્રમાણે જ કાર્યો પૂર્ણ કરવાની ગણતરી છે.

"કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી અંગેના આયોજનો" અંગે નૈરોબી સ્થિત કચ્છી આગેવાન શ્રી લક્ષ્મણભાઈ રાઘવાનીએ આ વિષયે સરકારશ્રીમાં રજૂ કરેલ પોતાના પ્રોજેક્ટ રિપોર્ટની વિગતો અંગે જણાવેલ કે પ્રથમ લિફ્ટ દ્વારા કચ્છના ઊંચાઈવાળા ભાગમાં પાણી ચઢાવવામાં આવે અને ત્યારબાદ ગ્રેવિટી દ્વારા ચારે દિશામાં આ પાણી વહાવવામાં આવે કે જેથી કચ્છના મોટાભાગને સિંચાઈની ખેતીનો લાભ આપી શકાય.

ઉપરોક્ત વિષય પર બોલતાં નર્મદા વોટર રીસોર્સીસ, વોટર સપ્લાય તથા કલ્પસર વિભાગના ચીફ એન્જિનિયર તથા એડિશનલ સેક્રેટરી શ્રી ઓ.ટી. ગુલાટીએ જણાવેલ કે અમારા વિભાગે કચ્છને ફાળવાયેલ વધારાના પાણી અંગેના આયોજનો પ્રાથમિક તબક્કાની રીતે વિચારી રાખેલ છે. આ અંગેના ફિલ્ડ સર્વે બાકી છે. ફિલ્ડ સર્વે થઈ ગયા બાદ જ આયોજનો ફાઈનલ થઈ શકે. અત્યારે વિચારી રાખેલ આયોજનો મુજબ :

૧. ફતેહગઢ (સારણ) તળાવ (રાપર તાલુકા)માં ૦.૧૦ M.A.F. પાણીનો સંગ્રહ અને વપરાશ.

૨. બન્ની વિસ્તારમાં કેનાલ લંબાવી ૦.૨૦ M.A.F. પાણીનો વપરાશ.

૩. ફોર્મિંગ અપ એરિયામાં લીંક કેનાલ બનાવી ૦.૨૧ M.A.F. પાણીનો વપરાશ.

૪. હાઈ કંટુર લેવલે (૮૦થી ૧૯૦ મીટર) કેનાલથી પાણી લઈ જઈ ૦.૧૬ M.A.F. પાણીનો વપરાશ.

૫. કચ્છ શાખા નહેરના ટેઈલને નારાયણ સરોવર સુધી લંબાવી ૦.૨૩ M.A.F. પાણીનો વપરાશ.

પાળે એનો ધરમ, રાખે એની શરમ, સમજે એનો મરમ, ભાંગે એનો ભરમ, ફૂટે એનાં કરમ.

૬. હાઈ કંટુર લેવલે (૪૦થી ૬૦ મીટર) કેનાલથી પાણી લઈ જઈ ૦.૧૦ M.A.F. પાણીના વપરાશના આયોજનો વિચારેલ છે.

આ પધ્ધતિથી ૩,૩૦,૯૮૦ હેક્ટર ખેતી ખરીફમાં અને ૪૬,૯૪૦ હેક્ટર ખેતી રવિમાં થઈ શકશે. આ યોજનાનો ટોટલ ખર્ચ રૂા. ૨૬૧૩/- કરોડ જેટલો થવા જશે. આ યોજના જૂન-૨૦૧૧ સુધીમાં પૂરી કરવાના આયોજનો વિચારાયેલ છે.

"કચ્છમાં ઉદ્યોગોને જોઈતા પાણી માટે ડી-સેલિનેશન પ્લાન્ટ"ના વિષયે બોલતાં "ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન"ના સેક્રેટરી શ્રી નિમેષ ફડકેએ જણાવેલ કે આ યોજનાના વિગતવાર અભ્યાસ માટે ઉદ્યોગ વિભાગે જી.આઈ.ડી.બી.ને કાર્યભાર સોંપેલ છે. અત્યારની યોજના પ્રમાણે "ગુજરાત વોટર ડિસ્ટ્રિબ્યુશન કંપની" નામની એક કંપનીની જોઈન્ટ સેક્ટરમાં રચના કરવી કે જેમાં ૭૬% હિસ્સો સરકારશ્રીનો હોય અને ૨૪% હિસ્સો ઉદ્યોગકારોનો હોય. અત્યારે નક્કી કરવામાં આવેલ આયોજન પ્રમાણે ૧૫૦ M.L.D.ના ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના માટે ગ્લોબલ ટેન્ડર મંગાવવા અને યોગ્ય કંપનીને કામ સોંપવું. આ કંપની તેના ડોર સ્ટેપ પર નક્કી થયેલ ભાવ પ્રમાણે "ગુજરાત વોટર ડિસ્ટ્રિબ્યુશન કંપની"ને શુધ્ધ કરેલ પાણીની ડિલિવરી આપે. આ કંપની દરેક ઉદ્યોગના ડોર સ્ટેપ પર પાણી પહોંચાડે. વપરાશકાર ઉદ્યોગ આ પાણીના કોઈપણ જાતના ભાવ નક્કી કર્યા વગર પરચેઈઝ એગ્રીમેન્ટ પર સહી કરીને આપી દે તેવા સરકારશ્રીના આગ્રહ સાથે આ વાટાઘાટો તૂટી ગયેલ છે. જેથી આ યોજનાનું કામ હાલે ખોરંભે ચડેલ છે.

બેઠકમાં ઉપસ્થિત રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે જણાવેલ કે આ પ્રશ્ન કચ્છના ઉદ્યોગો અને સરકારશ્રીનો છે અને તેમાં અમારે કંઈ કરવાનું રહેતું નથી. જ્યારે બેઠકમાં ઉપસ્થિત શ્રી અશોકભાઈ મહેતા અને ડો. ચંદ્રકાંત દેઢિયાએ જણાવેલ કે કચ્છમાં ધરતીકંપ બાદ સ્થાપિત ઉદ્યોગો મોટાભાગનું પાણી કચ્છના ભૂતળનું વાપરતા હોવાથી આ પ્રશ્ને સરકારશ્રીએ તાત્કાલિક ઉકેલ લાવવો જોઈએ અને કચ્છમાં એકથી વધુ માત્રામાં આ પ્રકારના ડી-સેલિનેશન પ્લાન્ટની રચના થવી જોઈએ. બેઠકમાં ઉપસ્થિત મોટાભાગના સભ્યોનો મત આ પ્રમાણે રહેવા પામેલ હતો.

"કચ્છમાં વરસાદી પાણીના સંગ્રહ તથા વોટરશેડ્સ યોજનાઓ" વિષે સ્લાઈડ શો સહિત જાણીતા ભૂસ્તરશાસ્ત્રી શ્રી યોગેશ જાડેજા તથા વાસ્મોના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી આર. કે. શમાએ વિગતવાર રજૂઆત કરેલ હતી અને જણાવ્યું હતું કે કચ્છમાં કયા સ્થળે કયા પ્રકારના ખડકો આવેલા છે, તેનો અમે વિગતવાર અભ્યાસ કરેલ છે અને તેના પરથી નક્કી કરી શકાય કે કઈ જમીન પર કયા પ્રકારના ચેક ડેમ બાંધવા અને વરસાદી પાણીનો સંગ્રહ કરવો. આ બાબતે અત્યાર સુધી કચ્છભરમાં કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોની રજૂઆત પણ તેઓશ્રીએ કરેલ હતી.

"કચ્છમાં પીવાના પાણી માટે નર્મદાની પાઈપ લાઈન અને અન્ય સવલતો" વિશે સ્લાઈડ શો સહિતની રજુઆત શ્રી એસ.વી. આહુજાએ કરેલ હતી. પરંતુ તેઓશ્રીએ રજૂ કરેલ આંકડાઓ અંગે ઉપસ્થિત કેટલાક સભ્યશ્રીઓએ અન્ય રજૂઆતો કરેલ હતી.

શિબિરના અંતમાં ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ભૂતપૂર્વ ગૃહમંત્રી અને ભચાઉ વિભાગના શ્રી હરિલાલ નાનજી પટેલે કચ્છમાં પર્યાવરણ, સ્થાનિક લોકોની ઉદ્યોગો દ્વારા કરાતી ભરતી વગેરે અંગે પ્રવચન કરેલ હતું. ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ નાણામંત્રી અને રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે જણાવેલ હતું કે કચ્છને ગ્રેવિટીથી પાણી આપવામાં આવે. અંજાર નગરપાલિકા પ્રમુખ શ્રી માવજીભાઈએ પણ પ્રાસંગિક પ્રવચનો કરેલ. આ સભામાં શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી છબીલદાસ પટેલ, શ્રી હરિલાલ નાનજી પટેલ, શ્રી માવજીભાઈ સોરઠિયા, શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી અરજણભાઈ કાનગડ, શ્રી બચુભાઈ આહીર, શ્રી લક્ષ્મણભાઈ રાઘવાની, શ્રી નિમેષ ફડકે, શ્રી એસ.વી. આહુજા, શ્રી આર. કે. શમા, શ્રી યોગેશ જાડેજા, શ્રીમતી લીલાબહેન વિસરિયા, કુ. ચૌલા કુરૂવા, ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખ ગઢેચા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સેક્રેટરી શ્રી પ્રતાપભાઈ દંડે આભારવિધિ કરેલ હતી. ■

[redacted]

તમે તમારા કાર્યો સંપૂર્ણ સ્વતંત્રતાથી કરી શકો છો. સારા વિચારો અને સુકર્મ દ્વારા તમે યોગી અને જ્ઞાનીની કક્ષાએ પહોંચી શકશો. બીજાં પ્રાણીઓની માફક મનુષ્ય અસહાય નથી. તે સ્વતંત્ર ઈચ્છાશક્તિ ધરાવે છે.

બધી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી તેના પર વિજય મેળવો. વીર બનો. કદી પણ નિરાશાને તમારા જીવનમાં સ્થાન ન આપો. તમે અવશ્ય સફળ થશો. સાચા પુરુષાર્થથી સંસારની કોઈ પણ વસ્તુ અપ્રાપ્ય નથી.

ઊઠો, જાગો, ધાર્મિક મનુષ્ય બનો. સારાં કાર્ય કરો. હરિનામનું સ્મરણ કરો. આથી તમારી ખરાબ ટેવો નાશ પામશે. પવિત્ર બનો. ધારણા કરો. ધ્યાન કરો. તમે ધ્યેયને સહેલાઈથી મેળવી શકશો. ■

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

[redacted]

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સમાચાર

• અશોક મહેતા •

(મંગલ મંદિર, મે - ૨૦૦૮નો લેખ)

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોક મહેતા તથા લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શનના નાઈરોબી સ્થિત શ્રી લક્ષ્મણભાઈ પટેલ તથા કચ્છથી અત્રે પધારેલ શ્રી વિશ્રામભાઈ પ્રેમજીભાઈ રાબડિયાએ ગાંધીનગરમાં પાણી પુરવઠા તથા જળસિંચાઈ વિભાગમાં મુખ્ય ઈજનેર શ્રી ઓ.ટી. ગુલાટીની, વધારાના પાણીના આયોજનો અંગેની ચર્ચા કરવા ગત તા. ૩-૪-૦૮ના રૂબરૂ મુલાકાત લીધેલ હતી. શ્રી ઓ.ટી. ગુલાટીએ જણાવેલ કે તેઓશ્રીએ વધારાના પાણીના પ્રાથમિક આયોજન ગોઠવી લીધેલ છે કે જેને ફિલ્ડ સર્વે દ્વારા અંતિમ રૂપ આપવા ભુજની ઓફિસ પર અધિક્ષક ઈજનેરશ્રીને મોકલી આપેલ છે. ભુજની ઓફિસ આ માટે ફિલ્ડ સર્વે અંગેના ટેન્ડર બહાર પાડશે. જે તે એજન્સી નક્કી થયા બાદ સર્વે દ્વારા આ કાર્યોના ફાઈનલ આયોજનો નક્કી થશે. આ આયોજનો પરથી એસ્ટિમેટ નીકળશે અને ત્યારબાદ વધારાના પાણી વહન કરવા તથા તેના કાર્યો કરવા ટેન્ડર બહાર પડશે. સ્વાભાવિકપણે આ પ્રક્રિયાને ૮-૧૦ મહિનાનો સમય નીકળી જશે. તેના ખર્ચ અંગેના આયોજનો બજેટિંગ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવશે અને ત્યારબાદ આ કાર્યો શરૂ થશે.

આ પરથી એવું તારવણ નીકળી શકે કે કચ્છમાં વધારાના પાણીને ખેતીમાં ઉપયોગમાં લેવા માટે સરકારશ્રીમાં ગોકળગાયની દૃષ્ટિએ કાર્ય ચાલે છે. એક તો આ આયોજનો યોગ્ય છે કે નહીં અને બીજું અંદાજિત રૂા. ૩૫૦૦/- કરોડના ખર્ચના આ પ્રોજેક્ટના કાર્યો ક્યારે પૂરા થાય તે એક યક્ષપ્રશ્ન છે. કચ્છની જનતાએ અથવા આ કાર્યોમાં રસ લેતા આગેવાનોએ ભુજની જળસિંચાઈ વિભાગની ઓફિસના અધિક્ષક ઈજનેર શ્રીની રૂબરૂ મુલાકાત લઈ આ આયોજનોની વિગત સમજવી જોઈએ અને તેમાં શક્ય હોય તો અનુકૂળ ફેરફાર કરાવવા જોઈએ. એક વખત યોજના નક્કી થઈ ગયા બાદ તેમાં ફેરફાર કરાવવા ખૂબ મુશ્કેલ કાર્ય બની રહે છે. અન્યમાં જણાવવાનું કે જ્યાં લગી કચ્છની લૉબી પાવરફુલ નહીં હોય ત્યાં લગી આ રૂા. ૩૫૦૦/- કરોડના કાર્યને ૧૫થી ૨૦ વર્ષ કરતાં ઓછો સમય લાગશે નહીં. માટે કચ્છની લોબીએ યોગ્ય રજૂઆત કરી આ કાર્યો પાછળ દર વર્ષે સારાં એવાં નાણાં ફાળવવા પ્રત્યે ધ્યાન આપી, આ કાર્યો આવતા પાંચ વર્ષમાં પૂરાં થાય તેવા પ્રયાસો આદરવા જોઈએ. (નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની વાત કરીએ તો આજથી ૩ વર્ષ અગાઉ ૭૧ કિ.મી. લંબાઈની કેનાલના રૂા. ૨૫૦/- કરોડના ટેન્ડર મંજૂર કરી તેનાં કાર્યો ચાલુ કરવામાં આવેલ હતા. આજે આ કેનાલોના કાર્યો માંડ ૭૦ ટકા જેટલા સંપન્ન થયા છે. એટલે કે માત્ર રૂા. ૧૭૫ કરોડ ખર્ચવામાં આવ્યા છે. આ હકીકતનો મતબલ એ થયો કે કચ્છ બ્રાંચ કેનાલ કે જેની કિંમત અંદાજિત રૂા. ૧૫૦૦ કરોડ જેટલી છે તે પાછળ દર વર્ષે માત્ર રૂા. ૫૦થી ૬૦ કરોડ જ ખર્ચાય છે.) કચ્છના રાજકીય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક કે અન્ય પ્રકારના આગેવાનોએ આ બાબતે નિયમિતપણે વધુને વધુ રસ દાખવી યોગ્ય પ્રયાસો નહીં આદરે તો કચ્છ બ્રાંચ કેનાલના નિયમિત પાણીનાં કાર્યો અને વધારાનાં પાણીનાં કાર્યો જલદીથી સંપન્ન થાય તેવું અત્યારે તો દેખાતું નથી!

મુખ્ય ઈજનેર શ્રી ઓ.ટી. ગુલાટીની મુલાકાત બાદ ઉપરોક્ત પ્રતિનિધિ મંડળે નર્મદા નિગમના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર. કે. ત્રિપાઠીની રૂબરૂ મુલાકાત લીધેલ હતી. પ્રતિનિધિ મંડળે કચ્છ બ્રાંચ કેનાલનાં કાર્યો જલદીથી પૂરાં થાય તેવી આગ્રહ પૂર્વકની રજૂઆત કરેલ હતી. શ્રી આર.કે. ત્રિપાઠીએ જણાવેલ કે એક તરફ કચ્છના રણમાં આવતા અભયારણ્યના કારણે અને તેમાંથી પસાર થતી કચ્છ બ્રાંચ કેનાલની મંજૂરી લેવા નર્મદા નિગમની કાર્યવાહી સુપ્રીમ કોર્ટમાં ચાલે છે કે જે નજદીકના ભવિષ્યમાં સંપન્ન થઈ જશે. બીજી તરફ પમ્પીંગ સ્ટેશનોના ટેન્ડર વિવિધ બિડર્સ પાસેથી આવી ગયેલ છે કે જેના સ્કુટિનીના કાર્યો ચાલે છે. આ કામો આપવાના નિર્ણયો આવતા દિવસોમાં લેવાઈ જશે. ત્રીજી તરફ ચાલુ નાણાકીય વર્ષમાં જ ૩૫૦ કિ.મી.ની લાંબી કચ્છ બ્રાંચ કેનાલના બાકીના બધાં જ કામનાં ટેન્ડરો બહાર પાડવાની તૈયારી ચાલે છે અને ચાલુ નાણાકીય વર્ષમાં જ આ કાર્યો ચાલુ થઈ જવાના છે.

આપણે ઈચ્છીએ કે અધિકારીશ્રીનો ઉપરોક્ત વાયદો અગાઉના વાયદાની માફક ફોક ન બની જાય પરંતુ ખરેખર તે પ્રમાણેના કાર્યો અમલમાં આવે!

કચ્છમાંથી કોઈક સ્વૈચ્છિક સંસ્થા આ કાર્યો પ્રત્યે પોતાની બાજ નજર રાખશે? નર્મદા નિગમની આદિપુરની ઓફિસ તથા જળસિંચાઈની ભુજ ઓફિસ સાથે સતતપણે સંપર્કમાં રહી આ કાર્યો શક્ય ત્વરાએ અમલમાં મુકાય તેવા પ્રયાસો આદરશે? ■

Inter PLASTICA PVT. LTD.
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનું અવલોકન

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ડિસેમ્બર - ૨૦૦૮નો લેખ)

• કચ્છ એક ખેતી પ્રધાન પ્રદેશ :-

કચ્છ આજે પણ ખેતીપ્રધાન પ્રદેશ છે. અહીં વસવાટ કરતા મોટાભાગના લોકોની રોજી, પરોક્ષ યા અપરોક્ષ રીતે ખેતી પર આધારિત છે. સાથે સાથે કચ્છ એક દુષ્કાળગ્રસ્ત પ્રદેશ પણ છે. અહીંનો સરેરાશ વરસાદ ૧૪" જેટલો જ છે કે જે ખેતીના ચોમાસાના એક પાક માટે પણ અનુકૂળ નથી. ખેતીનો એક પાક વ્યવસ્થિત પણે લેવા ૨૦" વરસાદની જરૂરિયાત રહે છે. અનેક વર્ષો તો અનિયમિત વરસાદવાળા જાય છે કે જેના કારણે ચોમાસામાં પણ પાક લઈ શકાતા નથી. ઢોળાવવાળો પ્રદેશ હોવાના કારણે પાણી જમીનમાં ઉતરવાના બદલે દરિયામાં વહી જાય છે. દિવસોદિવસ જમીનના તળ પણ નીચા જતા જાય છે. કચ્છની ખેતીને ટકાવવા અને કચ્છમાં વસવાટ કરતા માનવની સુખાકારી માટે અહીંની ૯૨ નદી પર દર એક કે બે કિલોમીટરે ચેક ડેમ હોવા જરૂરી છે. ડ્રીપ ઈરિગેશન અથવા સ્પ્રિંકલર પદ્ધતિથી ખેતી થવી જોઈએ. અથવા તો અન્ય પ્રદેશની નદીઓમાંથી કેનાલ દ્વારા અહીંની ખેતી માટે પાણી લાવવાં જોઈએ.

• સિંચાઇની ખેતી માટે નર્મદાના પાણીની કચ્છ બ્રાંચ કેનાલ :

આ પરિસ્થિતિમાં કચ્છમાં નર્મદા નદીના પાણી સિંચાઈની ખેતી માટે આવે તો તે કોઈપણ કચ્છી માટે આવકારદાયક છે. કોઈપણ કચ્છી માટે આ એક પ્રાણપ્રશ્ન બની રહેવો જોઈએ. કોઈપણ જાગૃત અને કાર્યકર કચ્છીએ આ માટે તનતોડ મહેનત કરવી જોઈએ.

મંગલ મંદિરના એપ્રિલ-૨૦૦૫ના અંકમાં જણાવ્યા મુજબ કચ્છ બ્રાંચ કેનાલના અમુક કાર્યો માર્ચ-૦૫ થી શરૂ કરી દેવામાં આવેલ છે. ૭૫ કિ.મી. જેટલી લંબાઈની કેનાલના અંદાજિત રૂા. ૨૫૦ કરોડના કામોની ૩$^{1}/_{2}$ વર્ષ પછી અત્યારે સારી કહી શકાય તેવી પોઝિશન રહેવા પામેલ નથી. છેલ્લા ૩$^{1}/_{2}$ વર્ષના ગાળામાં આ કામો પૂર્ણ થઇ શક્યા નથી. કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત રૂા. ૨૭૦૦ કરોડના કામોના ઉપરોક્ત રૂા. ૨૫૦ કરોડના કામો બાદ કરતાં, અન્ય કામોના કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યા નથી. કોઈ કહે છે કે આ કામો વર્ષ ૨૦૦૮ માં પૂરા થશે, કોઈ ૨૦૧૦ સુધીની અવધિ મૂકે છે તો કોઈ ૨૦૧૦ પછી પણ લંબાશે તેવું જણાવે છે. પરંતુ ખરેખર કોઈ પણ કચ્છી કે કોઈપણ કચ્છી કાર્યકરે આ કામોનું ખરેખર વિશ્લેષણ કરેલ નથી. આ કામો ઝડપી થાય તેવા પ્રયાસ કરવામાં આવેલ નથી. કચ્છના આ પ્રાણ પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરી ગંભીરતાપૂર્વકના પ્રયાસો અમલમાં મૂકવા જોઈએ.

• કેનાલના કાર્યો બાબતે કચ્છીઓની સજાગતા :

કચ્છીઓની સ્થાનિક વસતિ અંદાજિત ૧૫ લાખની છે. કદાચ તેનાથી વધુ સંખ્યાના કચ્છીઓનો વસવાટ અન્યત્ર છે. આ ૩૦ લાખ થી વધુ કચ્છીઓમાં અનેક કાર્યકરો પણ છે. આ દરેક કાર્યકર કચ્છનો વિકાસ થાય તેવા સ્વપ્ન સતતપણે સેવે છે. સિંચાઇ માટેના પાણી એ કચ્છનો મૂળભૂત પ્રશ્ન છે. જ્યારે નર્મદાના પાણી વત્તા-ઓછા અંશે પણ કચ્છને ફાળવવામાં આવેલ છે ત્યારે તે પાણીની કેનાલનાં કાર્યોને કચ્છીઓએ તો પ્રાધાન્ય આપવું જોઈએ. એ કાર્યો ખૂબ જ ઝડપે પૂરાં થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ કામોમાં આવતી કોઈપણ પ્રકારની રૂકાવટ સામે યોગ્ય પગલાં લેવા પ્રયાસ કરવા જોઈએ. આ કામોની સંપૂર્ણ વિગતવાર માહિતી આજે કયા કચ્છી કાર્યકર પાસે છે? અગર જો કોઈ કાર્યકર પાસે યોગ્ય માહિતી હોય તો તેની રૂકાવટોના નિવારણ માટે શા પગલાં ભરાયાં?

અનુભવે જોઇ શકાયેલ છે કે જ્યારે આજ પ્રકારની કેનાલનાં કાર્યો સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાતમાં ચાલતા હોય ત્યારે ત્યાંના દરેક પક્ષના રાજકીય કાર્યકરો અને વિવિધ સામાજિક કાર્યકરો આ કાર્યો શક્ય જલદી પૂરાં કરાવવાં તનતોડ મહેનત કરતા હોય છે. કામમાં આવતી ટેક્નિકલ, વહીવટી કે કાયદાકીય રૂકાવટો માટે તેઓ દિન-રાત એક કરી ઉકેલ શોધવા પ્રયાસ કરતા હોય છે. પરિણામે ત્યાંના પ્રદેશમાં અનેક સ્થળે સમયસર પાણી પહોંચી શકેલ છે. નર્મદા નિગમમાં તપાસ કરતાં એ પણ જાણવા મળેલ છે કે અમુક અપવાદ બાદ કરતાં, કચ્છના કાર્યકરો આ બાબતે બિલકુલ સજાગ નથી. જો તેઓ છેલ્લા ૩$^{1}/_{2}$ વર્ષમાં સજાગ રહ્યા હોત તો આજની પરિસ્થિતિમાં ઘણો જ તફાવત પડી શક્યો હોત.

• કચ્છ બ્રાંચ કેનાલનાં કાર્યોનું મૂલ્યાંકન :

કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનું મૂલ્યાંકન નીચે મુજબ છે.

★ માર્ચ-૨૦૦૫ માં (૩૬૦ કિ.મી. લાંબી કેનાલમાંના, ૭૫ કિ.મી. ની લંબાઈના) શરૂ થયેલ રૂા. ૨૫૦ કરોડની કિંમતનાં કામોની સામે આજે ૩$^{1}/_{2}$ વર્ષ બાદ માત્ર રૂા. ૧૩૫ કરોડની કિંમતનાં કાર્યો થયેલ છે. આનો મતલબ થયો કે માત્ર ૫૫ ટકા કામો થયાં છે. હજુ પણ ૪૫ ટકા જેટલાં કામો બાકી છે. વર્ષે સરેરાશ રૂા. ૩૮.૬૦ કરોડનાં કામો થયાં.

★ ઉપરોક્ત ૨૫૦ કરોડનાં કામોને બાદ કરતાં હજુ સુધી એક પણ કિ.મી.ની લંબાઈનાં કામો શરૂ થયાં નથી કે તેના કોન્ટ્રેકટ અપાયા નથી.

★ વચ્ચે આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનોના કોન્ટ્રેક્ટ હજુ અપાયા નથી.

વિષય, વ્યસન ને વહેમ, પ્રભુને ભજવા દે કેમ?

★ અનેક સ્થળે કેનાલની લાઈન દોરી પણ નક્કી થઈ શકેલ નથી.

★ અનેક સ્થળે જમીન સંપાદન કરવાનાં કાર્યો બાકી છે.

★ અનેક સ્થળોની કેનાલની ડિઝાઈનો બાકી છે.

★ રણ પ્રદેશમાંથી પાસ થતી કેનાલની ડિઝાઈન બાકી છે.

★ અમુક સ્થળે 'વાઈલ્ડ લાઈફ સેન્ક્ચ્યૂઅરી' આવતી હોવાથી તેની પરમિશન પ્રક્રિયા હજુ સુધી પૂરી થયેલ નથી.

★ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, ડિસ્ટ્રિબ્યુટરી કેનાલો માટે કોઈપણ પ્રકારની પ્રક્રિયા થયેલ નથી.

★ પાણીના ડિસ્ટ્રિબ્યુશન માટે મંડળીઓની રચના કરવાની બાકી છે.

★ આ પ્રકારનું લિસ્ટ, અન્ય બાબતે, હજુ પણ લાંબું બની શકે તેમ છે.

આ પરિસ્થિતિ આજે 'કચ્છ બ્રાંચ કેનાલ' ની રહેવા પામેલ છે. કચ્છના દરેક રાજકીય પક્ષના કાર્યકરો, સામાજિક કાર્યકરો તથા આ પ્રશ્ને રસ દાખવતા અન્ય કાર્યકરોએ સાથે બેસી આ પ્રશ્ને સર્વગ્રાહી વિચારણા કરવી જરૂરી છે. જો સહુ સાથે બેસી આ બાબતે સક્રિય નહીં થાય તો આવતા ૫૦ વર્ષ સુધી પણ નર્મદાના સિંચાઈ માટેના પાણી કચ્છમાં પહોંચશે કે નહીં તે એક પ્રશ્ન રહે છે. સહુએ સાથે બેસી, જરૂરી વિચાર-વિમર્શ કરી, આ પ્રશ્ને જરૂરી સજાગતા ગાંધીનગર લેવલે દાખવવી જોઈશે. કેનાલનાં કાર્યોમાં આવતી રૂકાવટોની સમજ કેળવવી પડશે અને એ રૂકાવટોની નિવારણતાના યોગ્ય પગલાં પણ લેવાં જોઈએ.

• કચ્છના બ્રાંચ કેનાલના કાર્યોનું નિરીક્ષણ :

આપણે હવે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનું સંપૂર્ણપણે નિરીક્ષણ કરીએ કે જે નીચે મુજબ રહેવા પામેલ છે. છેલ્લા આયોજનો મુજબ કચ્છ બ્રાંચ કેનાલ, દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી માંડવી તાલુકાના મોડકૂવા ગામ સુધી લગભગ ૩૬૦ કિ.મી. લાંબી છે કે જેની ૮૦ કિ.મી. જેટલી લંબાઈ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવે છે, જ્યારે ૨૮૦ કિ.મી. જેટલી લંબાઈ કચ્છ વિસ્તારમાં આવે છે.

૨૨૦ ક્યુમેક્સની કેપેસિટીથી શરૂ થતી આ કેનાલના અંદાજિત ૭૫ કિ.મી. જેટલી લંબાઈનાં કાર્યો માર્ચ-૨૦૦૫ ($૩^{૧}/_{૨}$ વર્ષ અગાઉ) થી શરૂ કરી દેવામાં આવેલ છે, જ્યારે અન્ય કાર્યો શરૂ કરવાનાં હજુ પણ બાકી રહે છે. વિગતવાર માહિતી નીચે મુજબ છે.

કેનાલની લંબાઈ			*હાલની પરિસ્થિતિ*	*અંદાજિત ખર્ચ*
(૧) કોન્ટ્રેક્ટ અપાયેલ છે- કામો ચાલુ છે.				
૦૦ કિ.મી. થી ૨૦ કિ.મી. (રાધનપુર વિભાગ)	=	૨૦ કિ.મી.	સદ્‌ભાવ એન્જિનીયર્સ - અમદાવાદ	૫૮.૦૦ કરોડ
૨૦ કિ.મી. થી ૩૩ કિ.મી. (રાધનપુર વિભાગ)	=	૧૩ કિ.મી.	મે.બી.એ. પટેલ - અમદાવાદ	૪૪.૦૦ કરોડ
૩૩ કિ.મી. થી ૪૫ કિ.મી. (રાધનપુર વિભાગ)	=	૧૨ કિ.મી.	મે.એસ.એસ.જે.વી. - બેંગ્લોર	૪૩.૦૦ કરોડ
૫૫ કિ.મી. થી ૬૫ કિ.મી. (રાધનપુર વિભાગ)	=	૧૦ કિ.મી.	મે. કેતન કન્સ્ટ્રક્શન - અમદાવાદ	૩૨.૦૦ કરોડ
૧૧૨ કિ.મી. થી ૧૨૨ કિ.મી. (ભચાઉ વિભાગ)	=	૧૦ કિ.મી.	મે.મોન્ટે કાર્લો - અમદાવાદ	૩૩.૦૦ કરોડ
૧૨૨ કિ.મી. થી ૧૩૨ કિ.મી. (ભચાઉ વિભાગ)	=	૧૦ કિ.મી.	મે.એસ.એસ.જે.વી. - બેંગ્લોર	૪૦.૦૦ કરોડ
		૭૫ કિ.મી.		૨૫૦.૦૦ કરોડ
(૨) કોન્ટ્રેક્ટ આપવાના બાકી છે.			• જંગલી ગધેડા- વાઈલ્ડ એસ સેન્ક્ચ્યૂઅરી હોવાથી સુપ્રીમકોર્ટની પરમિશન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. • રણનો વિસ્તાર ક્રોસ કરવાનો હોવાથી તેના ડિઝાઈનિંગ ભાગ પર સંપૂર્ણપણે વિચારી યોગ્ય નિર્ણયો લેવાના બાકી રહે છે.	૪૦૦.૦૦ કરોડ
૪૫ કિ.મી. થી ૫૫ કિ.મી.	=	૧૦ કિ.મી.		
૬૫ કિ.મી. થી ૮૦ કિ.મી.	=	૧૫ કિ.મી.		
૮૦ કિ.મી. થી ૧૧૨ કિ.મી.	=	૩૨ કિ.મી.		
		૫૭ કિ.મી.		
(૩) કોન્ટ્રેક્ટ આપવાના બાકી છે.			• ફિલ્ડ સર્વે થઈ ગયેલ છે. • ડિઝાઈનિંગ કામ ચાલુ છે. • જમીન સંપાદન કાર્ય બાકી છે. • ટેન્ડર પ્રક્રિયા બાકી છે.	૨૫૦.૦૦ કરોડ
૧૩૨ કિ.મી. થી ૧૯૦ કિ.મી.	=	૫૮ કિ.મી.		

લાકડામાં રહેલો અગ્નિ લાકડાને બાળે છે તેમ પોતામાં રહેલી ઈર્ષ્યા અને ક્રોધ પોતાને જ બાળે છે.

(૪) કોન્ટ્રેક્ટ આપવાના બાકી છે. ૫૨૫.૦૦ કરોડ

૧૦૦ કિ.મી. થી ૧૯૦ કિ.મી.માં આવતા ૩ પમ્પિંગ સ્ટેશન (સ્ટેજ-૧ ના આયોજન અનુસાર)

- ૧૦૦ કિ.મી. ની લંબાઇ પર માંજુવાસ ગામ પાસે — ૭૮ ક્યુમેક્સ કેપેસિટી-૧૮ મીટર લિફ્ટ (૨૦ ક્યુમેક્સ x ૩ કોંક્રીટ વોલ્યુટ પમ્પ તથા ૬ ક્યુમેક્સ x ૩ વર્ટિકલ ટર્બાઇન પમ્પ)
- ૧૧૨ કિ.મી. ની લંબાઇ પર નવી હમીરપુરા ગામ પાસે — ૭૮ ક્યુમેક્સ કેપેસિટી-૧૮ મીટર લિફ્ટ (૨૦ ક્યુમેક્સ x ૩ કોંક્રીટ વોલ્યુટ પમ્પ તથા ૬ ક્યુમેક્સ x ૩ વર્ટિકલ ટર્બાઇન પમ્પ)
- ૧૯૦ કિ.મી. ની લંબાઇ પર ભચાઉ પાસે — ૫૮ ક્યુમેક્સ કેપેસિટી-૧૮ મીટર લિફ્ટ (૨૦ ક્યુમેક્સ x ૩ કોંક્રીટ વોલ્યુટ પમ્પ તથા ૬ ક્યુમેક્સ x ૩ વર્ટિકલ ટર્બાઇન પમ્પ)

નોંધ :

- કિર્લોસ્કર બ્રધર્સ લિ. પૂના તથા જ્યોતિ લિમિટેડ-બરોડા, એમ બે પાર્ટીના ટેન્ડર આવેલ છે.
- પ્રિક્વોલિફિકેશન ટેન્ડરની ચકાસણી ચાલુ છે.
- પ્રાઇસ બીડ ઓપન કરવાની બાકી છે.
- વર્ક ઓર્ડર ત્યારબાદ જે-તે પાર્ટીને આપી શકાશે.
- કામ પૂરું કરવાની અવધિ ત્રણ વર્ષની છે.
- જ્યારે ૧.૦ M.A.F. વધારાના પાણીના આયોજનો નક્કી કરી લેવામાં આવશે, ત્યારે ૧૦૦ કિ.મી. તથા ૧૧૨ કિ.મી. ની કેનાલની લંબાઇ પરના પમ્પિંગ સ્ટેશનની કેપેસિટી ૨૦૦ ક્યુમેક્સ અને ૧૯૦ કિ.મી. પરના પમ્પિંગ સ્ટેશનની કેપેસિટી ૧૮૦ ક્યુમેક્સની કરવામાં આવશે. આ ખર્ચના એસ્ટિમેટ હવે પછી કરવામાં આવશે.

(૫) કોન્ટ્રેક્ટ આપવાના બાકી છે. ૭૦૦.૦૦ કરોડ

૧૯૦ કિ.મી. થી ૩૬૦ કિ.મી. = ૧૭૦ કિ.મી.

- EPC (એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ તથા કમિશનિંગ) પદ્ધતિના ટેન્ડર બહાર પડી ગયેલ છે.
- ટેન્ડરની શરતમાં કન્સ્ટ્રકશન બાદ બે વર્ષ જેટલા સમયગાળાનું મેઇન્ટેનન્સ પણ આવી જાય છે.

(૬) કોન્ટ્રેક્ટ આપવાના બાકી છે. ૫૫૦.૦૦ કરોડ

સબ બ્રાંચ કેનાલ
ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ
માઇનોર કેનાલ
સબ-માઇનોર કેનાલ

- દરેક પ્રકારની વિચારણા જ બાકી છે.
- અંદાજિત ૧,૭૫,૦૦૦ હેક્ટરની સિંચાઇ માટેના આ આયોજનો બાકી છે.

કુલ રૂા. ૨૬૭૫.૦૦ કરોડ

અંદાજિત રૂા. ૨૭૦૦.૦૦ કરોડ

- **વિગતવાર માહિતી :**

ઉપરોક્ત ૧ થી ૬ વિભાગની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

(૧) ક્રમ-૧ ની સામે દર્શાવેલ અંદાજિત ૭૫ કિ.મી.ની લંબાઇના કેનાલના અંદાજિત રૂા. ૨૫૦ કરોડની કિંમતનાં કાર્યો અલગ-અલગ ૬ કોન્ટ્રેક્ટ પાસે આજથી ૩$^{1}/_{2}$ વર્ષ અગાઉ શરૂ કરાવવામાં આવેલ છે કે જેની સામે માત્ર રૂા. ૧૩૫ કરોડ જેટલી કિંમતના એટલે કે માત્ર ૫૫ ટકા જેટલાં કામો થયેલ છે. એક સમાચાર મુજબ આવતા ૬ મહિના દરમ્યાન અંદાજિત

રૂા. ૯૦ કરોડના અન્ય કામો થઈ શકવાની નર્મદા નિગમની ગણના છે. આ રીતે લગભગ રૂા. ૨૨૫ કરોડ જેટલી કિંમતના એટલે કે ૯૦ ટકા જેટલાં કામો થઈ શકે તેવો અંદાજ છે. એક રીતે જોઈએ તો આ કામોની ઝડપ ખૂબ જ ઓછી છે. એવું પણ જાણવા મળેલ છે કે આ કામો ઝડપી થાય તેવા પ્રયાસ હજુ સુધી કોઈપણ કચ્છી દ્વારા કરવામાં આવતા હોય તેવું જણાયેલ નથી.

(૨) ક્રમ-૨ માં જણાવ્યા મુજબ ઉપરોક્ત કેનાલની ૪૫.૦૦ કિ.મી. થી ૫૫.૦૦ કિ.મી.ની લંબાઈના વિસ્તારમાં અને ૬૫.૦૦ કિ.મી. થી ૮૦.૦૦ કિ.મી. ની લંબાઈના વિસ્તારમાં જંગલી ગધેડા- Wild Ass માટેનો સેન્ક્ચ્યૂઅરી વિસ્તાર આવતો હોવાથી, તેની પર્યાવરણ વિભાગ પાસેથી મંજૂરી મેળવાઈ ગયેલ છે, પરંતુ આ બાબત હજુ સુધી સુપ્રીમ કોર્ટમાંથી ક્લિયર થયેલ ન હોવાથી તે લંબાઈની કેનાલનાં કાર્યોના ટેન્ડર બહાર પાડી શકાયેલ નથી. અન્ય તરફ તેના ડિઝાઈનિંગ કાર્યો ખૂબ જ ટેક્નિકલ હોવાથી તેનો ડિઝાઈનિંગ ભાગ પણ પૂરો કરી શકાયેલ નથી.

તદ્ઉપરાંત આ કેનાલની ૮૦ કિ.મી. થી ૧૧૨.૦૦ કિ.મી. ની લંબાઈનાં કાર્યો કચ્છના રણ વિસ્તારમાં કરાવવાના હોવાથી તેના હજુ સુધી માત્ર સાઈટ ઈન્વેસ્ટિગેશન્સના રિપોર્ટ તૈયાર થયેલ છે. આ કેનાલના ડિઝાઈનિંગ તથા કોસ્ટ-એસ્ટિમેશન ભાગ તૈયાર કરવાના બાકી રહે છે. ત્યારબાદ જ ટેન્ડરિંગનાં કાર્યો હાથ પર લઈ શકાય.

ઉપરોક્ત ૪૫.૦૦ કિ.મી. થી ૫૫.૦૦ કિ.મી., ૬૫.૦૦ કિ.મી. થી ૮૦.૦૦ કિ.મી. અને ૮૦ કિ.મી.થી ૧૧૨ કિ.મી. ની લંબાઈના કેનાલના કાર્યોનો અંદાજિત ખર્ચ રૂા. ૪૦૦ કરોડ જેટલો થવા જાય તેવી શક્યતા રહેલ છે. પ્રમાણમાં આ કામોની ઝડપ ખૂબ જ ધીમી છે તેવું કોઈના પણ નિરીક્ષણમાં આવી શકે છે.

(૩) ઉપરોક્ત ક્રમ-૩ માં દાખવ્યા મુજબની ૧૩૨.૦૦ કિ.મી. થી ૧૯૦ કિ.મી.ની લંબાઈનાં કેનાલનાં કાર્યોની વાત કરીએ તો તેનો માત્ર ફિલ્ડ સર્વે થયેલ છે. તેના ડિઝાઈનિંગ ભાગનું કામ પૂરું થઈ શકેલ નથી. જમીન સંપાદન પ્રક્રિયા બાકી છે. અંદાજિત રૂા. ૨૫૦ કરોડ જેટલા ખર્ચના આ વિભાગના ટેન્ડરો માર્ચ-૦૯ સુધી બહાર પાડી શકે તેવા સમાચાર મળેલ છે. આ વિભાગના કામની પ્રક્રિયા પણ ધીમી જ કહી શકાય.

(૪) ક્રમ-૪ માં દાખવ્યા મુજબ કચ્છ બ્રાંચ કેનાલની લાઈનમાં ૩ પમ્પિંગ સ્ટેશન આવે છે કે જેની વિગતવાર માહિતી ઉપરોક્ત ક્રમ-૪ માં આપેલ છે.

આ લાઈનમાં આવતા ૩ પમ્પિંગ સ્ટેશનની અંદાજિત કિંમત રૂા. ૫૨૫ કરોડ જેટલી થવાની ગણના છે. આ માટેના ટેન્ડરો મંગાવી લેવામાં આવેલ છે. (૧) કિર્લોસ્કર બ્રધર્સ- પૂના અને (૨) જ્યોતિ લિમિટેડ- વડોદરાના નામના બે ટેન્ડરો ભરાઈને આવેલ છે. હાલે પ્રિ-ક્વોલિફિકેશન બીડની ચકાસણી ચાલે છે. જે ટેન્ડર ક્વોલિફાઇ થાય. (બંને ટેન્ડર૨ ક્વોલિફાઇ થાય તેવી શક્યતા વધુ રહે છે.) તેમની પ્રાઈસ બીડ ખોલવામાં આવશે. આ માટે ફાઈનલ કોન્ટ્રેક્ટ નક્કી કરવા અંદાજિત ત્રણ મહિનાનો સમય લાગી શકે તેવું નિગમમાંથી જાણવા મળેલ છે. જે-તે કોન્ટ્રેક્ટરને આ કામ સોંપાયા બાદ આ કામ પૂરું કરવાની અવધિ ત્રણ વર્ષની થઈ શકે તેવી ગણના રાખવામાં આવેલ છે.

(૫) અત્યાર સુધી નર્મદા નિગમની કામ કરવાની પદ્ધતિ એ રહેવા પામેલ હતી કે તેઓના એન્જિનિયર જાતે ફિલ્ડ પર સર્વે કરે અથવા તો કોઈ કન્સલ્ટિંગ એજન્સી પાસે એ સર્વે કરાવે. ત્યારબાદ કેનાલના આ ભાગની લાઈન દોરી નક્કી કરવામાં આવે. લાઈન દોરી નક્કી થયા બાદ તે કેનાલની ડિઝાઈન નક્કી થાય. ત્યારબાદ કોસ્ટિંગ-એસ્ટિમેશન તૈયાર કરવામાં આવે. પછીના સ્ટેજે ટેન્ડર તૈયાર કરવામાં આવે અને ટેન્ડર પ્રક્રિયા પૂરી થતા કોઈ એક એજન્સીને કામ સુપરત કરવામાં આવે. ત્યારબાદ નર્મદા નિગમનો એન્જિનિયરિંગ સ્ટાફ આ એજન્સી પર દેખરેખ રાખી, તેને આપવામાં આવેલ કામો પૂરાં કરાવે.

આ પ્રકારની પદ્ધતિ ખૂબ જ સમય માંગી લે તેમજ વિવિધ સ્ટાફની જરૂરિયાત ઊભી રહે તેવી હોવાથી સમાચાર જાણવા મળ્યા મુજબ, હવે તેઓએ કચ્છ બ્રાંચ કેનાલનું બાકી રહેતું કામ-૧૯૦.૦૦ કિ.મી. થી ૩૬૦.૦૦ કિ.મી. EPC પદ્ધતિથી આપવાનું નક્કી કરેલ છે. EPC પદ્ધતિ એટલે એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કમિશનિંગ પ્રકારની પદ્ધતિ થાય, એટલે કે શરૂથી અંત સુધીના બધાં જ પ્રકારનાં કાર્યો જે-તે કોન્ટ્રેક્ટ એજન્સીએ જાતે કરવાના રહે છે. એન્જિનિયરિંગ એટલે ફિલ્ડ સર્વે કરવું. કેનાલની લાઈન દોરી નક્કી કરવી, કેનાલની ડિઝાઈન કરી તેના ડ્રોઈંગ્સ બનાવવા, તેમજ કોસ્ટ અને એસ્ટિમેટ તૈયાર કરવા. પ્રોક્યોરમેન્ટ એટલે જરૂરી જમીન સંપાદિત કરવી અને તેની જરૂરી પ્રક્રિયાઓ પૂરી કરવી. કમિશનિંગ એટલે ફિલ્ડ પર કેનાલનું કામ કરાવવું, તેનું સંપૂર્ણ બાંધકામ પૂરું કરી તેને નર્મદા નિગમને સુપરત કરવી અને ત્યારબાદ બે વર્ષ સુધી તેનું મેઈન્ટેનન્સ કરવું.

આ રીતે એક જ એજન્સી કામ કરનાર હોવાથી ઘણા બધા પ્રકારની પ્રક્રિયા કરવાની ઓછી થઈ જાય અને કામમાં સારો એવો વેગ આવી શકે તેવી નર્મદા નિગમની આ પાછળની ગણના રહેલ છે. આ રીતે 'કચ્છ બ્રાંચ કેનાલ' નું ૧૯૦.૦૦ કિ.મી. થી ૩૬૦ કિ.મી. એટલે કે ૧૭૦ કિ.મી.ની લંબાઈનું કામ કે જેના ખર્ચની અંદાજિત રૂા. ૭૦૦ કરોડ જેટલી ગણના રાખવામાં આવેલ છે, તે EPC પદ્ધતિથી આપવાનું નિગમ તરફથી નક્કી કરવામાં આવેલ છે અને તેના માટે જરૂરી ટેન્ડરો પણ બહાર પાડી દેવામાં આવેલ છે. લાર્સન એન્ડ ટોબ્રો લિમિટેડ કે હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કું. જેવી મોટા ગજાની કંપનીઓ આ પ્રકારનાં કામો હાથ પર લઈ શકે. કચ્છના મેરાઉ ગામના વતનીની કંપની 'શાહ એન્જિનિયર્સ' પણ આ પ્રકારના કામો હાથ પર લઈ શકે. પરદેશમાં આ પ્રકારની પદ્ધતિથી કામ કરાવવાની સિસ્ટમ છે પરંતુ નર્મદા નિગમ આ પ્રકારની પદ્ધતિનો અમલ પ્રથમ વખત જ કરી

રહેલ છે. આ પ્રકારની પદ્ધતિ આપણે ત્યાં સફળ પરિણામ લાવી શકશે કે નહીં તે તો ભવિષ્ય જ કહેશે.

૬) આ રીતે આપણે કચ્છ બ્રાંચ કેનાલનું ૦૦ કિ.મી. થી ૩૬૦.૦૦ કિ.મી. ના કામનું વિહંગાવલોકન કર્યું પરંતુ માત્ર આ બ્રાંચ કેનાલ બાંધી દેવાથી કંઈ કચ્છના ખેતરોમાં પાણી પહોંચી શકે નહીં. તેના માટે તો સબ બ્રાંચ કેનાલ, સબ-સબ બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ અને સબ-માઈનોર કેનાલ (આપણી ભાષામાં ધોરિયા) ના કામો કરાવવા પણ તેટલા જ જરૂરી છે. અંદાજિત ૧,૭૫,૦૦૦ હેક્ટર (૧,૧૨,૦૦૦ હેકટર જૂની ગણના હતી) જમીન પર આ પાણી પહોંચાડવાના અન્ય કેનાલોના કાર્યોના ખર્ચનો અંદાજ રૂા. ૫૫૦ કરોડ જેટલો થઈ શકવાની ગણના રહેલ છે. આ પ્રક્રિયા પર હજુ સુધી નિગમ તરફથી કોઈપણ પ્રકારની કાર્યવાહી થયેલ હોય તેની વિગત જાણમાં આવેલ નથી. આ પ્રક્રિયા પણ સારો એવો સમય માગી લેશે.

• કચ્છી અગ્રણી કાર્યકરોએ હાથ પર લેવા જેવી પ્રક્રિયાઓ :

ખાસ વિચારવાનું એ રહેલ છે કે અંદાજિત રૂા. ૨૭૦૦ કરોડના 'કચ્છના બ્રાંચ કેનાલ'ના આ કામોમાંથી માત્ર રૂા. ૨૫૦ કરોડ જેટલી કિંમતના અને અંદાજિત ૩૬૦ કિ.મી.ના લંબાઈની કેનાલના કામોમાંથી માત્ર ૭૫ કિ.મી.ની કેનાલની લંબાઈના કાર્યો આજથી ૩$^{૧}/_{૨}$ વર્ષ અગાઉ (માર્ચ-૦૫) શરૂ કરી દેવામાં આવેલ છે કે જે સામે અત્યાર સુધી માત્ર રૂા. ૧૩૫ કરોડની કિંમતનાં કામો પૂરાં થઈ શકેલ છે. આ રીતે ગણતરી કરીએ તો વર્ષે દહાડે રૂા. ૩૮.૬૦ કરોડનાં કામો થયાં. આ હિસાબે રૂા. ૨૭૦૦ કરોડના પ્રોજેક્ટનાં કામો પૂરાં કરતા અંદાજિત ૭૦ વર્ષ લાગે. ત્યાં સુધીમાં તો નર્મદા નદીની, નર્મદા નદી પરના વિવિધ ડેમોની અને કચ્છની પરિસ્થિતિ જ બદલાઈ ચૂકેલ હોય. આવું ન થાય તે માટે અને કેનાલનાં કામો ઝડપી કરાવવા માટે કચ્છની પ્રજાએ-કચ્છના કાર્યકરોએ આગળ આવવું જોઈએ. આ કામો આવતા ૫ કે ૭ વર્ષમાં પૂરાં કરાવવા હોય તો અત્યાર કરતાં દસ ઘણી ઝડપે એટલે કે વર્ષે રૂા. ૪૦૦ કરોડનાં કામો પૂરાં કરાવવામાં આવે તો જ તે શક્ય બને. આ માટે નીચેની વિગતો ગહન વિચારણા માંગી લે છે.

★ પ્રથમ તો એ વિચારવાનું રહે કે 'કચ્છ બ્રાંચ કેનાલ'નાં કામો આવતા ૫ કે ૭ વર્ષમાં પૂરાં કરાવવા નર્મદા નિગમની સક્ષમતા છે કે નહીં? (નિગમે અન્ય કામો પણ કરવાના હોય છે.) જો જરૂરી સક્ષમતા ના હોય તો તે અંગે નિગમ સાથે બેસી ચર્ચા-વિચારણા કરી યોગ્ય ઉકેલ શોધવા જોઈએ.

★ જે કોન્ટ્રેક્ટરને કામ સોંપવામાં આવે તે કોન્ટ્રેક્ટર આપેલ સમયગાળામાં કામ પૂર્ણ કરવા સક્ષમ છે કે નહીં? માત્ર સક્ષમ કોન્ટ્રેક્ટરને જ આ કામો સુપરત કરવા જોઈએ.

★ જે-તે કોન્ટ્રેક્ટરને તેઓએ કરેલ કામોના પેમેન્ટ નિગમ તરફથી નિયમિતપણે કરવામાં આવે છે કે નહીં? જો નિગમ નિયમિતપણે પેમેન્ટ ન કરી શકતી હોય તો તેને 'કચ્છ બ્રાંચ કેનાલ'નાં કામો સમયસર પૂરાં કરાવવાં, વધુ બજેટની ફાળવણી થઈ શકે તે અંગેના પ્રયાસો કરવા જોઈએ. (વિવિધ કોન્ટ્રેક્ટરો પાસેથી જાણવા મળ્યા મુજબ નિગમ સમયસર પેમેન્ટ કરી શકતી નથી). કામ મોડું થવાનું આ કારણ પણ અનેક કારણોની જેમ એક મુખ્ય કારણ હોઈ શકે.

'★ વિવિધ કામો પર ક્વોલિટી કંટ્રોલ જાળવવો ખૂબ જ જરૂરી છે. અન્ય અનેક સ્થળે કેનાલો નજીવા કારણસર તૂટી પડવાના દાખલાઓ બનેલ છે. કોન્ટ્રેક્ટર તથા સુપરવાઈઝરી તેમજ એન્જિનિયરિંગ સ્ટાફની 'મિલી-ભગત' વગર આ શક્ય નથી. નિગમના ઉચ્ચ અધિકારીશ્રીઓ આ બાબતે પૂરતી ચીવટ રાખે તેવા પ્રયાસો આદરવા જોઈએ.

★ કોઈ સ્થળે સ્થાનિક રાજકારણ દખલગીરી રૂપ હોય તો તે દખલગીરી બંધ કરાવવી જોઈએ. કચ્છના હિતમાં સ્થાનિક વગદાર વ્યક્તિઓએ નિગમની કાર્યવાહીમાં ખોટી દખલ ના કરવી જોઈએ.

★ જે-તે કાર્યોના ફિલ્ડ સર્વે, કેનાલની લાઈન દોરી, ડિઝાઈનિંગ, કોસ્ટ-એસ્ટિમેશન, ટેન્ડર પ્રક્રિયા, જમીન સંપાદન, લીગલ પ્રક્રિયા, વાઈલ્ડ લાઈફ સેન્ક્ચ્યૂઅરી પ્રકારના કાયદાકીય પ્રશ્નો, વગેરેની નિગમના લેવલે છણાવટ થઈ, યોગ્ય અને ઝડપી કાર્યવાહી થાય છે કે નહીં તેના પર કચ્છી અગ્રણીઓની દેખરેખ ખૂબ જ જરૂરી છે કે જેથી કામમાં ઝડપ આવી શકે.

★ આ કાર્યો સમયસર કરવા કચ્છની સ્થાનિક પ્રજાએ પૂરતો સહકાર આપવો એ પણ એક અગત્યની અને જરૂરી પ્રક્રિયા છે.

★ ઉપરોક્ત કાર્યો એ જ અગ્રણીઓ કરાવી શકશે કે જેમનું નિગમમાં વજન પડતું હોય. આ પ્રકારના અગ્રણીઓએ- કાર્યકરોએ નિગમ સાથે રહી જરૂરી અને યોગ્ય કાર્યવાહી કરવી ઘટે.

• કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના આયોજનો :

કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી ૧.૦૦ M.A.F. ના આયોજનો જળસંપત્તિ, વોટર સપ્લાય અને કલ્પસર વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ વિભાગે શરૂઆતની વિચારણા માટે આ પાણીના વપરાશનાં આયોજનો વિચારી રાખેલ છે કે જે મુજબ આ પાણી કચ્છના બધા જ દસ તાલુકાની ખેતી માટે વાપરવાનાં આયોજનો છે. તદ્‌ઉપરાંત લિફ્ટ દ્વારા આ પાણી કચ્છના ઊંચામાં ઊંચા વિસ્તાર સુધી પહોંચાડી તેને સંગ્રહવાના પણ આયોજનો છે. આ પ્રોજેક્ટનો અંદાજ રૂા. ૩૩૦૦ કરોડનો છે. પરંતુ આ તો માત્ર પેપર પરનાં આયોજનો થયાં. ચોક્કસ આયોજનો તો ફિલ્ડ સર્વે કર્યા બાદ જ થઈ શકે. આ ફિલ્ડ સર્વે કરવા કોઈ કન્સલ્ટિંગ કંપનીને (દા.ત. વાસ્મો) કામ સોંપવું પડે. આ ફિલ્ડ સર્વેનો એસ્ટિમેટ રૂા. ૩ કરોડ જેટલો થવા જાય છે. આ માટે ટેન્ડર બહાર પાડવાની મંજૂરી માંગતો

પત્ર ગાંધીનગરમાં ઈરિગેશન મંત્રી તથા ઈરિગેશન સેક્રેટરી પર લગભગ છેલ્લા છ-આઠ મહિનાથી આ વિભાગ તરફથી મોકલી આપવામાં આવેલ છે. પરંતુ હજુ લગી ઈરિગેશન વિભાગના કચ્છનો હવાલો સંભાળતા ચીફ એન્જિનિયરને તે અંગેની મંજૂરી ઈરિગેશન સેક્રેટરી તરફથી મળેલ નથી. કોઈ અગમ્ય કારણોસર આ મંજૂરી ખૂબ જ લાંબા સમયથી મળી શકેલ નથી. તે હકીકતે કચ્છની જનતામાં ચિંતા ફેલાવી દીધેલ છે. મંજૂરી મળી ગયા બાદ ફીલ્ડ સર્વે કરાવવા કોઈ કન્સલ્ટીંગ કંપની અંગેના ટેન્ડરો બહાર પાડવામાં આવે. સ્વાભાવિક પણે આ કાર્યમાં બે મહિનાનો સમય લાગે. કન્સલ્ટીંગ કંપની નક્કી થયા બાદ તે કંપનીએ ફીલ્ડ સર્વે કરી આયોજનોના પ્લાનિંગ કરવા પડે. કોસ્ટ-એસ્ટિમેશન પણ તૈયાર કરવા પડે. સ્વાભાવિકપણે આ કંપનીને ઓછામાં ઓછા છ મહિનાનો સમય લાગે. પ્રોજેક્ટની કિંમતનો જે અંદાજ આવે તેને ગુજરાત સરકારે મંજૂરીની મહોર મારવી પડે. અહીં પણ સારો એવો સમય પસાર થાય. ત્યારબાદ ઈરિગેશન વિભાગ તરફથી અલગ-અલગ વિભાગ માટેનાં કાર્યો કરવા ટેન્ડરો બહાર પાડવામાં આવે. રૂા. ૩૩૦૦ કરોડનાં આ કામો પાર પાડવાના સમયગાળાનો અંદાજ લગાવવો અત્યારે તો અસ્થાને છે. આ કામ પૂરાં થયે કચ્છની અન્ય લગભગ ૩,૧૦,૦૦૦ હેક્ટર જમીન પર સિંચાઈ થઈ શકે. લગભગ ૮,૦૦,૦૦૦ એકર જેટલી જમીન થઈ. વર્ષાંતે દર એકરે લગભગ રૂા. ૧૫,૦૦૦ ના પાકની ગણના કરીએ તો હાલે કચ્છ આ વધારાના પાણીના આયોજનો સામે રૂા. ૧૨૦૦ કરોડ જેટલી કિંમતના પાકો ગુમાવી રહેલ છે. આ રૂપિયા સીધા કચ્છના ખેડૂતોના હાથમાં દર વર્ષે આવી શકે.

આશ્ચર્ય તો એ વાતનું છે કે કચ્છના આટલા મોટા વિકાસના પ્રશ્ને આપણે બધા શાંત છીએ. તાત્કાલિક જરૂરિયાત તો જળસિંચાઈ વિભાગના સેક્રેટરી પાસેથી આ પત્ર મંજૂર કરાવવાનો છે. કચ્છનો કોઈપણ કાર્યકર આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી શકે. રાજકીય કાર્યકરની જવાબદારી સવિશેષ રહે છે. કચ્છના રણોત્સવ કે અષાઢી બીજની ઉજવણી કરતા આ પ્રશ્ન પર કચ્છીઓ વધારે ધ્યાન આપે એ કચ્છના હિતની વાત છે. પત્ર વ્યવહાર સેક્રેટરીશ્રી, પાણી પુરવઠા, જળસંપત્તિ તથા કલ્પસર વિભાગ, બ્લોક નં.-૯ પ્રથમ માળે, નવા સચિવાલય, ગાંધીનગર, પર કરી શકાય.

ત્યારબાદની કાર્યવાહી ઉતરતા ક્રમે નીચે મુજબ થઈ શકે.

૧. ચીફ એન્જિનિયર, જળસંપત્તિ, પાણી પુરવઠા તથા કલ્પસર વિભાગ, બ્લોક નં.૯, બીજે માળે, નવા સચિવાલય, ગાંધીનગર

૨. સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, જળ સંપત્તિ, પાણી પુરવઠા તથા કલ્પસર વિભાગ, બહુમાળી મકાન, ભુજ (કચ્છ)

૩. કાર્યપાલક ઈજનેર, જળ સંપત્તિ, પાણી પુરવઠા તથા કલ્પસર વિભાગ, બહુમાળી મકાન, ભુજ (કચ્છ)

• કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ :

કચ્છને પાણીની ફાળવણીમાં અન્યાય થયેલ છે એ બાબતે કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ ગુજરાત સરકારશ્રી સામે કરેલ કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. કેટલાયે વર્ષોથી આ કેસની મુદતો પડ્યા કરે છે. તેનો ચુકાદો ક્યારે આવશે તે કોઈ જાણતું નથી. કેટલાક તજજ્ઞોનો અભિપ્રાય છે કે આ કેસની જે હાલત ગુજરાત હાઈકોર્ટમાં થઈ તેવા જ પરિણામ કદાચ સુપ્રીમ કોર્ટમાં આવી શકે.

આ પરિસ્થિતિમાં કચ્છને નર્મદા નદીના જે પાણી ફાળવાયેલ છે તેનાં આયોજનો અને અમલીકરણમાં દરેક કચ્છીએ સવિશેષ રસ દાખવી કચ્છની આમ જનતાને તેમજ કચ્છના ગામડાના ખેડૂતોને જે લાભ મળી શકે તેવા લાભો મેળવવા સક્રિય પ્રયાસો કરવા ઘટે.

• કચ્છમાં સત્તાધારી તથા વિરોધ પક્ષ :

આપણે માનીએ છીએ કે હાલની પરિસ્થિતિમાં કચ્છના સત્તાધારી પક્ષના કાર્યકરો કચ્છના પાણીના પ્રશ્ને અમુક હદથી આગળની કાર્યવાહી ના કરી શકે. તેઓ ઈરિગેશન મંત્રી શ્રી, ઈરિગેશન સેક્રેટરીશ્રી, ચીફ એન્જિનિયર, સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર તથા કાર્યપાલક ઈજનેર સમક્ષ કચ્છના પાણીના પ્રશ્ને ઝડપ જરૂરથી કરાવી શકે.

અન્ય તરફ કચ્છના વિરોધ પક્ષના કાર્યકરો, અમુક અપવાદ બાદ કરતાં, કચ્છના આ પ્રાણ પ્રશ્ને બિલકુલ શાંત છે કે જે એક આશ્ચર્યકારક હકીકત છે. તેઓશ્રી કોઈપણ ટેબલ પર કચ્છના પ્રશ્નની રજૂઆત ભારપૂર્વક કરી શકે. આ બાબતે તેઓને કોઈની પણ- ગમે તેવા ચમરબંધીની પણ-લાજ-શરમ નડી શકે તેમ નથી. તેઓશ્રીએ કચ્છની જનતાના હિતમાં આ પ્રશ્ને જોરદાર રજૂઆત કરી હકારાત્મક પરિણામો મેળવવા શક્ય બધા જ પ્રયાસો કરવા ઘટે.

• કચ્છનું પત્રકારત્વ :

પત્રકારની ફરજ પોતાનો ધર્મ બજાવવાની છે. સત્ય હકીકત પ્રજા સમક્ષ રજૂ કરવાની છે. અનેક ક્ષેત્રોમાં શોધખોળ કરી વિલંબિત નીતિને ઉઘાડી પાડવાની છે. કચ્છમાંથી ઢગલાબંધ વર્તમાનપત્રો, સામયિકો વગેરે બહાર પડે છે. કચ્છમાં તથા અન્યત્ર અનેક જાગૃત કચ્છી પત્રકારો પણ છે. અગર જો તેઓ આ પ્રશ્ને ઊંડા ઉતરી પ્રજા સમક્ષ અવારનવાર વિલંબિત નીતિની રજૂઆત કરતા રહે, તેને જાહેર ચર્ચાનો વિષય બનાવી દે તો કોઈ પણ સરકારી અધિકારી જાગૃત બની દોડતો થઈ જાય. વિલંબિત નીતિ દૂર થઈ શકે. પત્રકાર જગત પાસે પણ આ પ્રશ્ને સવિશેષ આશા રખાય છે.

• અંતમાં :

કચ્છની કોઈ વગદાર એન.જી.ઓ.એ., સામાજિક કાર્યકરો, તજજ્ઞો, સત્તાપક્ષના કાર્યકરો, વિરોધપક્ષના કાર્યકરો, પત્રકારો વગેરેની એક સંયુક્ત મિટિંગ બોલાવી, એકજૂટ રહી કચ્છના આ પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવા કોઈ આયોજનો વિચારે એ કચ્છના હિતમાં છે. આ બાબતે કચ્છનો દરેક હિતેચ્છુ યોગ્ય અને સારા પરિણામો આવે તેની અપેક્ષા રાખી રહેલ છે.

નોંધ : આ લેખ છપાવા જઈ રહેલ છે ત્યારે એક સુખદ સમાચાર મળેલ છે કે સેક્રેટરી શ્રી જળસંપત્તિ વિભાગે વધારાના પાણીના આયોજનોના સર્વે કરવા રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની મંજૂરી આપી દીધેલ છે. ■

લેનારમાં લઘુતાગ્રંથિ અને દેનારમાં ગુરુતાગ્રંથિ નિર્માણ ન પામે તે સાચું દાન.

વર્ષ ૨૦૦૯માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

નર્મદા યોજનાના સંપૂર્ણ કાર્યોની છણાવટ. એપ્રિલ-૨૦૦૯ સુધી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવેલ કાર્યવાહીના પર્સેન્ટેજ તથા કચ્છ બ્રાંચ કેનાલના કરવામાં આવેલ કાર્યવાહીના પર્સેન્ટેજની ચકાસણી.

- કચ્છ બ્રાંચ કેનાલ વિશે અવનવી માહિતી. ૬૫ કિ.મી.થી ૮૦ કિ.મી.ની લંબાઈમાં વાઈલ્ડ લાઈફ સેન્ક્ચ્યુઅરી આવતી હોવાથી, ત્યાંથી પસાર થતી કેનાલ માટે સુપ્રીમ કોર્ટની પરમિશન આવી ગઈ. સુપ્રીમ કોર્ટે કચ્છ જળસંકટ નિવારણ સમિતિના કેસનો એવો ચુકાદો આપ્યો કે ભારતના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોની જેમ કચ્છ પણ એક અસરગ્રસ્ત જિલ્લો હોવાથી તે વિસ્તારોના કેસ સાથે કચ્છના કેસને સાંકળી લેવો.
- તા. ૩૧-૩-૨૦૦૬ની પરિસ્થિતિ મુજબ છતવાળા વિસ્તારમાં નર્મદા નદીના ૩૧ ટકાથી ૧૦૦ ટકા જેટલા પાણી પહોંચાડવામાં આવ્યા છે અને અછતગ્રસ્ત વિસ્તારમાં ૦.૪૩ ટકાથી ૧૦ ટકા સુધી પાણી પહોંચાડવામાં આવ્યા છે. ગત વિધાનસભામાં નર્મદા મંત્રીશ્રી (મુખ્ય મંત્રીશ્રી)એ આપેલ આ જવાબ હતો.
- નર્મદા મંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભામાં નર્મદા નદીની કેનાલની કરવામાં આવેલ કાર્યવાહીની જે વિગતો રજૂ કરી, તે વિગતો દર્શાવતા કોઠાઓ.
- તા. ૨૩-૬-૨૦૦૯ના ગાંધીનગર ખાતે નર્મદા નિગમના ડાયરેક્ટર ઈન્ચાર્જ (સિવિલ) શ્રી એ.એન. મિસ્ત્રીની લેવામાં આવેલ મુલાકાત બાદ લખાયેલ વિગતવાર પત્રની વિગતો અંગેની માહિતી.
- તા. ૧૧-૭-૨૦૦૯ના નર્મદા નિગમના ચેરમેનશ્રી નારાયણભાઈ પટેલે લીધેલ કચ્છની મુલાકાત સમયે કચ્છ મિત્રના તંત્રી વિભાગે તેઓની મુલાકાત લીધેલ હતી. તે સમયે તેઓએ આપેલ જવાબો પરથી તેમને લખવામાં આવેલ પત્રની વિગતવાર રજૂઆત.
- સરદાર સરોવર નર્મદા નિગમના ૨૨૦૦૦ જેટલા સ્ટાફમાંથી માત્ર ૩૦૦૦ જેટલો સ્ટાફ રહેવા પામેલ હોવાથી તેની કાર્યક્ષમતામાં આવેલ તફાવતની વિગત દર્શાવતો લેખ.
- કચ્છના પીવાના પાણીની સમસ્યા દર્શાવતો લેખ.
- કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો અંગે સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને લખવામાં આવેલ પત્રની વિગત.
- નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની તા. ૨૯-૧૦-૨૦૦૯ના રોજ લેવામાં આવેલ મુલાકાતના અનુસંધાને તેમને લખાયેલ પત્રની વિગતવાર માહિતી.
- સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેનશ્રી અને મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની વિરોધાભાસી રજૂઆતો. મેનેજિંગ ડાયરેક્ટરશ્રી આર.કે. ત્રિપાઠીના, તેમની મુલાકાત દરમ્યાન અનેક જુઠ્ઠાણાવાળા જવાબો. ચેરમેનશ્રી નારાયણભાઈ પટેલના નિવેદનો પણ સત્યથી અનેક જોજનો દૂર.
- માળિયા બ્રાંચ કેનાલમાંથી ખીરઈ હેડવર્કથી કચ્છ માટે છોડવામાં આવતા પીવાના પાણીની સત્ય હકીકતો, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ બહાર આવી.

ભગવાનની ભક્તિ ભૂલીને જેટલું કાંઈ કરીએ છીએ તે એકડો ભૂલીને મીંડાં કરવા જેવું છે.

નર્મદા યોજના

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૦૯નો લેખ)

મધ્ય પ્રદેશ અને ગુજરાત રાજ્યમાંથી પસાર થતી નર્મદા નદીના પાણીની યોજનાની વાત કરીએ તો છેલ્લા ૨૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલતી આ યોજના પાછળ ગુજરાત સરકાર અત્યાર સુધી અંદાજિત રૂા. ૨૭,૦૦૦ કરોડ જેટલો ખર્ચ કરી ચૂકી છે અને રૂા. ૨૦,૦૦૦ કરોડ જેટલો ખર્ચ કરવાનો બાકી રહે છે.

અત્યાર સુધી કરવામાં આવેલ રૂા. ૨૭,૦૦૦ કરોડના ખર્ચમાં મુખ્યત્વે રૂા. ૪૪૨૪.૫૭ કરોડ હેડવર્ક પાછળ, રૂા. ૪૮૪૬.૫૯ કરોડ મુખ્ય કેનાલના કામ પાછળ, રૂા. ૬૨૬૫.૬૩ કરોડ બ્રાંચીસ કેનાલોના કામ પાછળ અને રૂા. ૨૧૨૮.૦૩ કરોડ પાવર હાઉસ પાછળ ખર્ચાયેલ છે.

હવે પછી કરવામાં આવનાર રૂા. ૨૦,૦૦૦ કરોડના કામની પાછળના ખર્ચની વાત કરીએ તો રૂા. ૧૪૨૨.૭૧ કરોડ મુખ્ય બંધના કામ માટે, રૂા. ૧૯૭૯.૫૯ કરોડ મુખ્ય નહેરના કામ માટે, રૂા. ૧૦૯૨.૪૯ કરોડ જળવીજ ઉત્પાદન માટે અને રૂા. ૧૫૪૬૮.૭૪ કરોડ શાખા નહેરો અને વિતરણ વ્યવસ્થા માટેના બાકી રહે છે. આ વિગતો પ્રસ્થાપિત કરે છે કે અત્યાર સુધી શાખા નહેરો તથા વિતરણ વ્યવસ્થા પાછળ મુખ્ય કાર્યો કરવાના બાકી રહે છે કે જેથી આ પાણી ખેતરો સુધી પહોંચાડી તેનો સિંચાઈના કામમાં લાભ લઈ શકાય.

સરદાર સરોવર બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી ગુજરાત રાજ્ય દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે પરંતુ મહારાષ્ટ્ર રાજ્યની આડોડાઈના કારણે રેડિયલ ગેઈટ્સ તથા તેના પિલર્સનું બાકીનું કામ આગળ વધારી બંધની આખરી ઊંચાઈ ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવાની મંજૂરી "જોઈન્ટ પ્લાનિંગ કમિશન" દ્વારા છેલ્લી બેઠકના સમયે પણ મેળવી શકાયેલ નથી.

નર્મદા નદી પરના સરદાર સરોવર ડેમનું કામ આગળ વધારવા, અગાઉ મધ્ય પ્રદેશ સરકાર દ્વારા આડોડાઈ કરવામાં આવતી હતી. હાલે ગુજરાત રાજ્યમાં ભાજપની સરકાર અને મહારાષ્ટ્ર રાજ્યમાં કોંગ્રેસની સરકાર હોવાથી આ વિઘ્નો મહારાષ્ટ્ર રાજ્યની સરકાર દ્વારા ઊભા કરવામાં આવી રહેલ છે. યોજનાની શરૂઆતના સમયે જે વિસ્થાપિતો મેજર હોય તેઓને નવા સ્થળે વસાવવાની અને તેઓને અન્ય સગવડો પૂરી પાડવાની જવાબદારી ગુજરાત રાજ્યે સ્વીકારેલ હતી. છેલ્લા ૨૫ વર્ષમાં માઈનોર વિસ્થાપિત મેજર થઈ ગયેલ હોવાથી - સંધિ પ્રમાણે તેઓને વસાવવાની ગુજરાત રાજ્યની જવાબદારી ન હોવા છતાં – મહારાષ્ટ્રે આ પ્રશ્ન ઊઠાવી બંધની ઊંચાઈ પૂર્ણ કરવાના છેલ્લા તબક્કાની મંજૂરી અપાવવા દીધેલ નથી. પરિણામે આ કાર્ય પૂર્ણ કરવાની મુદત લંબાતી જાય છે. એક વખત મંજૂરી મળી ગયેથી, ડેમનું બાકી કામ પૂર્ણ કરતાં ઓછામાં ઓછા ૩૦ મહિના જેટલો સમય લાગવાનો છે. જ્યાં લગી મુખ્ય ડેમનાં કાર્યો પૂરાં ના થઈ શકે, ત્યાં સુધી કચ્છ જેવા પ્રદેશમાં પાણી પહોંચી શકે નહીં. હાલે અનેક કચ્છીઓ મહારાષ્ટ્ર રાજ્યમાં તેમજ મુંબઈમાં વસવાટ કરી રહ્યા છે. તેઓમાંના અમુક લોકોની વગ મહારાષ્ટ્ર સરકાર સાથે સારી એવી છે. ગુજરાત રાજ્યના હિતમાં અને કચ્છના હિતમાં આ વગદાર કચ્છીઓએ ગુજરાતને થતા અન્યાયનો આ પ્રશ્ન, જરૂરથી મહારાષ્ટ્ર સરકાર પાસે રજૂ કરી, તેનો ઉકેલ લાવવા પ્રયાસો કરવા જોઈએ.

જ્યાં લગી ફિલ્ડ નેટવર્કનો સવાલ છે ત્યાં લગી ગુજરાતને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈના પાણીમાંથી ૧૮ લાખ હેક્ટર (અંદાજિત ૪૫ લાખ એકર) જમીન પર સિંચાઈ કરવાના આયોજનો વિચારવામાં આવેલ છે. આ સામે અત્યાર સુધી પૂર્ણ થયેલ કેનાલ નેટવર્કનાં કાર્યોનાં કારણે માત્ર એક લાખ હેક્ટર (અંદાજિત ૨.૫ લાખ એકર) જમીન પર જ સિંચાઈના પાણી પહોંચાડી ખેતીના પાકો લેવામાં આવી રહેલ છે. નેટવર્કનાં અન્ય કાર્યો કરવાનાં આજે પણ બાકી રહે છે. જરૂરી કાર્યો પૂરાં કરવાની આ પ્રક્રિયા ખૂબ જ ધીમી હોવાથી અને આટલો લાંબો સમય પસાર થઈ ગયો હોવા છતાં ગુજરાત રાજ્ય નર્મદા નદીના સિંચાઈના પાણીનો ઉપયોગ માત્ર ૫ થી ૬ ટકા જેટલો જ કરી શકેલ છે. બાકીનું પાણી – રૂા. ૨૭,૦૦૦ કરોડ જેટલો જંગી ખર્ચ કર્યા પછી – આજે પણ દરિયામાં વહેવડાવી દેવામાં આવે છે.

આ પરિસ્થિતિમાં કચ્છ બ્રાંચ કેનાલનું અવલોકન કરવું જરૂરી બની રહે છે.

દિયોદર તાલુકાના હમીરપર ગામથી શરૂ થતી અને માંડવીના મોડકૂવા સુધી પૂરી થતી કચ્છ બ્રાંચ કેનાલ ૩૬૦ કિ.મી. લાંબી છે કે જેના દ્વારા કચ્છને ૦.૫ M.A.F. નિયમિત પાણી મળવાનું છે અને ૧,૭૫,૦૦૦ હેક્ટર જમીન પર સિંચાઈની ખેતી થવાની છે. આ કેનાલના પ્રોજેક્ટનો ખર્ચ આજથી ૫ વર્ષ અગાઉ રૂા. ૨૭૦૦ કરોડ જેટલો અંદાજાયેલ છે. આ કેનાલનાં કાર્યોની પોઝિશન અત્યારે નીચે મુજબ છે.

નિયમધર્મ વિનાની ભક્તિ એ નકૂચા વિના તાળું માર્યા જેવી છે.

અંદાજિત ખર્ચ (કરોડમાં)	*કેનાલની લંબાઈ (કિલોમીટરમાં)*	*કામની વિગત*
૨૫૦.૦૦	૭૫	આજથી ૪ વર્ષ અગાઉ અલગ અલગ ૬ કોન્ટ્રાક્ટરોને કામ અપાઈ ચૂકેલ છે. પરંતુ અત્યાર સુધી માત્ર ૬૦ ટકાથી પણ ઓછાં કામ થયેલ છે.
૪૦૦.૦૦	૫૭	જંગલી ગધેડાની સેન્ક્ચ્યુઅરી આવતી હોવાથી ફોરેસ્ટ વિભાગ તરફથી હજુ સુધી આ કામની પરમિશન મેળવી શકાયેલ નથી. તેમજ રણ વિસ્તારના ભાગ પરની કેનાલની ડિઝાઈન થઈ શકેલ નથી.
૨૫૦.૦૦	૫૮	ડિઝાઈન કામ, જમીન સંપાદનની પ્રક્રિયા તેમજ ટેન્ડર કામ બાકી છે.
૭૦૦.૦૦	૧૭૦	ઈ.પી.સી. પદ્ધતિના માત્ર ટેન્ડર બહાર પડાયેલ છે. અન્ય પ્રકારની બધી જ પ્રક્રિયા બાકી છે.
	૩૬૦	*ટોટલ કિ.મી.*
૫૫૦.૦૦	—	સબ બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ તથા સબ માઈનોર કેનાલના બધા જ પ્રકારના પ્લાનિંગ બાકી છે. કામો પણ બાકી છે.
૫૨૫.૦૦ પમ્પિંગ સ્ટેશન		ટેન્ડર ભરાઈને આવી ગયેલ છે. નિર્ણય લેવાના બાકી છે.
રૂા. ૨૬૭૫.૦૦ કરોડ		

આ રીતે કચ્છ બ્રાંચ કેનાલના રૂા. ૨૭૦૦ કરોડના પ્રોજેક્ટની સામે માત્ર રૂા. ૧૩૫ કરોડ જેટલી કિંમતના કામ થયેલ છે.

ગુજરાત રાજ્યની નર્મદા નદીના સંપૂર્ણ પ્રોજેક્ટની વાત કરીએ તો અંદાજિત રૂા. ૪૭,૦૦૦ કરોડના કામની સામે રૂા. ૨૭,૦૦૦ કરોડના કામ એટલે કે લગભગ ૬૦ ટકા જેટલાં કામો થયેલ છે. એ સામે કચ્છ બ્રાંચ કેનાલના રૂા. ૨૭૦૦ કરોડના કામની સામે રૂા. ૧૩૫ કરોડના કામો એટલે કે માત્ર ૫ ટકા કામ થયેલ છે. આ વિગત જ અજુગતી છે. કચ્છ પર વધુ લક્ષ્ય આપવાની જરૂરત છે.

અગાઉ જ્યારે લિફ્ટ અને ફૉલની પદ્ધતિ સામે ગ્રેવિટીનો વિવાદ હતો ત્યારે અમે લીધેલા વલણની – કે જે વલણનો સરવાળે સ્વીકાર કરવામાં આવી રહેલ છે – કચ્છના કેટલાક લોકોએ ટીકા કરેલ હતી અને આજે જ્યારે અમે કચ્છના કામો ખૂબ જ ધીમા ચાલી રહ્યાં છે તેવી વાતો કરીએ છીએ, ત્યારે આ જ લોકો ફરી અમારી ટીકા કરી રહ્યા છે કે અમે આ પ્રશ્ને ખોટી બુમરાણ કરી રહ્યા છીએ. તેઓના કહેવા પ્રમાણે કચ્છ બ્રાંચ કેનાલના કામો સારી ઝડપે ચાલે છે.

આપણે એ નોંધ લેવી જોઈએ કે સિંચાઈની કોઈ પણ યોજના ભૂતકાળમાં દુનિયાના કોઈ પણ ભાગમાં ૧૦૦ ટકા પરિપૂર્ણ કરવામાં આવેલ નથી. પછી તે ઈજિપ્તમાં નાઈલ નદી પરના આશ્વાન ડેમની યોજના હોય કે પંજાબના ભાખરા-નાંગલ ડેમની યોજના હોય કે સુરતના તાપી નદી પરના ઉકાઈ ડેમની યોજના હોય. આ બધી યોજનાઓ કદાચ ૯૫ ટકા સુધી પૂર્ણ થયેલ હશે. ૫ ટકા કાર્યો એક યા બીજા કારણસર બાકી રહી જાય છે. જ્યાં લગી નર્મદા નદીના પ્રોજેક્ટની વાત છે ત્યાં લગી ૫ ટકા યોજનામાં કચ્છ બાકી ન રહે તે જોવાની કચ્છના એકેએક જાગૃત નાગરિકની ફરજ છે.

કચ્છના એકેએક જાગૃત નાગરિકની તેમજ એકેએક જાગૃત સંસ્થા, જ્ઞાતિ કે સમાજની, કચ્છના હિતમાં એ ફરજ બની રહે છે કે તેમણે જાતે આ માટે ગુજરાત સરકારશ્રી સાથે રહી કે સરદાર સરોવર નર્મદા નિગમ સાથે રહી શું કાર્યવાહી કરી તેનું ચિંતન - મનન કરે. અત્યાર સુધી તેમણે કંઈ પણ કાર્યવાહી ના કરેલ હોય તો પોતાની વગ વાપરી યોગ્ય કાર્યવાહી કરાવડાવે. ઓછામાં ઓછા પોતાના સ્થળેથી પત્ર-વ્યવહાર કરી સરકારશ્રીને અને નર્મદા નિગમને જાગૃત તો કરી જ શકે.

કચ્છના એકેએક જાગૃત નાગરિક કે જાગૃત સંસ્થા પાસેથી રાખવામાં આવતી આ અપેક્ષા અસ્થાને તો નહીં જ ગણાય. ■

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental MADHUBAN • JHARKHAND

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

કચ્છ બ્રાંચ કેનાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જૂન - ૨૦૦૯નો લેખ)

કચ્છ બ્રાંચ કેનાલ વિશે છેલ્લા બે મહિનામાં વિવિધ સમાચારો વર્તમાનપત્રમાં ચમકી ગયા. આનંદ અને ઉદ્વેગ બંને ઉત્પન્ન થાય તેવા મિશ્ર સમાચારો હતા.

આપણે એ સમાચારો સર્વગ્રાહી દૃષ્ટિથી મૂલવીએ.

૧. કચ્છ બ્રાંચ કેનાલના ૬પથી ૮૦ કિ.મી. લંબાઈના ૧૫ કિ.મી. વિસ્તારમાં વાઈલ્ડ એસ. સેન્ક્ચ્યુરી આવતી હોવાથી અને તેમાંથી આ કેનાલ પસાર થતી હોવાથી, તેના માટે જરૂરી પરમિશન માટે સુપ્રીમ કોર્ટે લીલી ઝંડી આપી દીધેલ છે. મતલબ એ કે નર્મદા નિગમ આ વિસ્તારમાં પણ કેનાલ બાંધવાની પોતાની કાર્યવાહી બેરોકટોક કરી શકશે.

૨. કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ કચ્છને વધુ પાણી ફાળવવા ગુજરાત રાજ્ય સામે અને નર્મદા નિગમ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરેલ હતી. ગત મહિને સુપ્રીમ કોર્ટનો એ ચુકાદો આવ્યો કે ભારતના બીજા અછતગ્રસ્ત વિસ્તારોની જેમ કચ્છ પણ એક અસરગ્રસ્ત વિસ્તાર હોવાથી, ભારતભરના આ વિસ્તારો માટે સુપ્રીમ કોર્ટમાં જે કાર્યવાહી ચાલે છે તેમાં કચ્છનો પ્રશ્ન પણ ભેળવી દેવો અને કચ્છની કાર્યવાહી બીજા વિસ્તારોની માફક એ દાવા હેઠળ ચાલે. પરિણામ સ્વરૂપે નર્મદા નિગમ પોતાના પ્લાનિંગ પ્રમાણે 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કાર્યો માટે કોઈ રૂકાવટ વગર પોતાની કાર્યવાહી ચાલુ રાખી શકે.

૩. આજથી ૪ વર્ષ અગાઉ કચ્છ બ્રાંચ કેનાલના-૩૩ થી ૪૫ કિ.મી.ની લાઈનના વિસ્તારના - ૧૨ કિ.મી. કેનાલની લંબાઈના, રૂા. ૪૩ કરોડની કિંમતના કામ બેંગ્લોરની મેસર્સ એસ.આર.જે.વી. કંપનીને આપવામાં આવેલ હતા. એ કાર્યો સંબંધિત કંપનીએ પૂરા ના કરેલ હોવાથી થોડા દિવસ અગાઉ આ વિભાગના બાકી રહેતા કામ પૂરા કરવા નર્મદા નિગમ દ્વારા ફરીથી ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

૪. લોકસભાની ગત ચૂંટણીથી લગભગ એક મહિના અગાઉ કચ્છ બ્રાંચ કેનાલની લંબાઈ પર ૧૯૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી. વિસ્તારના ૧૭૦ કિ.મી. લંબાઈના ટેન્ડરની નોટીસ ઈપીસી (એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કમિશનિંગ) પદ્ધતિથી, બીજી વખત બહાર પાડવામાં આવેલ. આ માત્ર ટેન્ડર નોટીસ હતી. ટેન્ડર તૈયાર કરવામાં આવેલ ન હતા. આજે પણ એ ટેન્ડર તૈયાર થઈ શકેલ નથી. આ ટેન્ડર નોટીસને લગતા સમાચારો કચ્છના વર્તમાનપત્રોમાં વિસ્તૃત રીતે એ સમયે પ્રસારિત થયેલ હતા.

ઉપરોક્ત ચાર સમાચાર સિવાય 'કચ્છ બ્રાંચ કેનાલ' પર કોઈજ પ્રકારની હલચલ ચાલુ હોય તેવા સમાચાર કોઈપણ સ્થળે પ્રસારિત થયેલ નથી. મતલબ કે એ પ્રકારના કોઈજ સમાચાર નથી.

ઉપરોક્ત દરેક સમાચારોના હવે આપણે વિશ્લેષણ કરીએ.

પ્રથમ સમાચાર પ્રમાણે જે વિસ્તારમાં વાઈલ્ડ એસ સેન્ક્ચ્યુરી આવેલ છે. તેમાંથી કેનાલ પાસ કરવાની સુપ્રીમ કોર્ટની પરમિશન મળી જતાં, નર્મદા નિગમ માટે આ લાઈન પર જે મોટામાં મોટો અવરોધ હતો તે દૂર થયેલ છે. તેના પરિણામે આ કેનાલના કામો સંપૂર્ણ લંબાઈમાં પૂરા કરાવવા માત્ર નર્મદા નિગમની કાર્યવાહી સિવાય કોઈ જ પ્રશ્ન રહેતો નથી. નર્મદા નિગમ જેટલી ઝડપે કાર્યવાહી કરી શકે તેટલું વધુ કચ્છના હિતમાં છે.

દ્વિતીય સમાચારની વાત કરીએ તો કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ સુપ્રીમ કોર્ટમાં જવાથી કચ્છ બ્રાંચ કેનાલ પરની કાર્યવાહીમાં કોઈ રૂકાવટ તો હતી જ નહીં. હવે આ ચુકાદાના પરિણામે આ કોર્ટકેસ અંગે નર્મદા નિગમને જે કંઈ થોડી-ઝાઝી શંકા હોય તે પણ નીકળી ગયેલ છે. નર્મદા નિગમ ધારે તો કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરઝડપે આગળ ધપાવી શકે. અન્ય તરફ કચ્છનો પ્રશ્ન સુપ્રીમ કોર્ટે ભારતના અન્ય અછતગ્રસ્ત વિસ્તારો સાથે જોડી દીધેલ હોવાથી, એ પ્રશ્નનો વહેલા-મોડા ગમે ત્યારે ચુકાદો આવે, તે ચુકાદા માટે કચ્છ સિંચાઈના પાણી પ્રશ્ને કંઈક તો આશા જરૂરથી રાખી શકે.

તૃતીય સમાચારની વાત કરીએ તો નર્મદા નિગમે આજથી ચાર વર્ષ અગાઉ કચ્છ બ્રાંચ કેનાલના ૩૬૦ કિ.મી. લંબાઈમાંથી ૭૫ કિ.મી. લંબાઈના વિવિધ ૬ કોન્ટ્રેક્ટરોને જે કામો સોંપેલ હતા તેમાં ૧૨ કિ.મી. લંબાઈવાળા કોન્ટ્રેક્ટર મેસર્સ એસ.એ.જે.પી. પોતાના કામ પૂરા કરવામાં અસમર્થ રહેલ છે. આપણે આશા રાખીએ કે નર્મદા નિગમ આ વિસ્તારની બાકી રહેતી કાર્યવાહી ઝડપી ગતિએ પૂરી કરાવે. જો કે આ ૭૫ કિ.મી. ની લંબાઈના, ચર્ચાસ્પદ ૧૨ કિ.મી.ની લંબાઈના કાર્યોને બાદ કરતા, બાકી રહેતા ૬૩ કિ.મી. લંબાઈના કામો ચાર વર્ષ પછી આજે પણ પૂરા થઈ શકેલ નથી. નર્મદા નિગમની ગોકળગાયની પદ્ધતિએ કામ કરવાની પ્રથા કચ્છના હિતમાં નથી જ. રસ ધરાવતા સેવાભાવી કચ્છીઓએ આ પ્રશ્ને નર્મદા નિગમ સાથે ચર્ચા-વિચારણા કરી, ઝડપી કાર્યવાહી કરાવવી ઘટે.

ચતુર્થ સમાચારની વાત કરીએ તો જ્યારે ૧૯૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી. એટલે કે માંડવીના મોડકુવા સુધીના ૧૭૦ કિ.મી.ની

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૦૪ ઉપર)

પડેલા પત્થરને પગથિયામાં ફેરવી દે તે સંત.

નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી કોના માટે છે?

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જુલાઈ - ૨૦૦૯નો લેખ)

પ્રશ્ન એ છે કે સરદાર સરોવર ડેમ અને નર્મદાના પાણી માટેની મુખ્ય કેનાલ જેવા વિશાળકાય કામો શા માટે કરવામાં આવે છે? શરૂઆતમાં રૂા. ૬૪,૦૦ કરોડની આ યોજનાના કામો પૂરાં થતાં થતાં રૂા. ૫૦,૦૦૦ કરોડના ખર્ચને પણ વટાવી જશે. આ ખર્ચ ગુજરાત સરકાર શા માટે કરે છે અને કોના માટે કરે છે? ગુજરાતના છતવાળા વિસ્તાર માટે કે અછતગ્રસ્ત વિસ્તાર માટે? આ યોજના પાછળની પરિકલ્પના શું હતી? અત્યારની પરિસ્થિતિ શું છે?

જ્યાં સરદાર સરોવર ડેમના બાંધકામનો સવાલ છે ત્યાં કરવામાં આવેલ ખર્ચ જરૂરી છે અને બિનવિવાદાસ્પદ છે. જ્યાં ૪૫૮ કિ.મી. લાંબી મુખ્ય કેનાલના બાંધકામનો સવાલ છે ત્યાં કરવામાં આવેલ ખર્ચ પણ જરૂરી અને બિનવિવાદાસ્પદ છે. પણ બ્રાંચ કેનાલ, સબસીડિયરી કેનાલ, માઈનોર કેનાલ વગેરેના બાંધકામનો સવાલ છે ત્યાં પ્રશ્ન જરૂર ઊભો થાય કે આ પ્રકારનાં કામોને કયા ધોરણે અગ્રતાક્રમ આપવામાં આવે છે? જ્યાં પાણીની પુષ્કળ છત છે તેવા વિસ્તારનાં કામો પ્રથમ હાથ પર લેવાવાં જોઈએ કે જ્યાં હંમેશાં પાણી વગર પ્રજા તલસી રહી છે, જ્યાં અવારનવાર દુષ્કાળ પડે છે, જ્યાં વરસાદ અપૂરતો છે, તેવા વિસ્તારોનાં કામો પ્રથમ હાથ પર લેવાવાં જોઈએ?

સ્વાભાવિક વાત એ આવે કે જે વિસ્તારો અછતગ્રસ્ત છે, ત્યાં પ્રથમ પાણી પહોંચવું જોઈએ કે જેથી ત્યાંની પ્રજાને કંઈક રાહત થાય.

નર્મદા નદીના પાણી ખેતરો સુધી પહોંચાડવામાં કયા વિસ્તારને અગ્રતાક્રમ આપવામાં આવેલ છે તેનો નીચેની વિગતો દ્વારા ખ્યાલ આવી શકશે.

ગત વિધાનસભામાં નર્મદામંત્રીશ્રી કે જેઓ ગુજરાતના પણ મુખ્યમંત્રી છે તેઓએ શ્રી ધીરુભાઈ ગજેરાના પ્રશ્નના આપેલ જવાબરૂપે તા. ૩૧-૧-૨૦૦૬ની પોઝિશન નીચે મુજબની હકીકતો રજૂ કરે છે.

અ.નં.	*જિલ્લો*	*આયોજન પ્રમાણે બધાજ પ્રકારની કેનાલની લંબાઈ (કિ.મી.માં)*	*તા. ૩૧-૧-૨૦૦૬ સુધી કરવામાં આવેલાં કેનાલોના કામ (કિ.મી.માં)*	*થયેલ કામના પર્સન્ટેજ*
૧.	નર્મદા	૮૫૬	૪૩૮	૫૧
૨.	વડોદરા	૧૧૧૦૬	૫૨૪૪	૪૬
૩.	ભરૂચ	૬૨૩૪	૧૯૦૭	૩૧
૪.	પંચમહાલ	૨૫૬	૧૩૧	૫૧
૫.	ખેડા	૧૫૧૧	૭૯૨	૫૨
૬.	આણંદ	૪	૪	૧૦૦
૭.	ગાંધીનગર	૫૬૦	૨૮૯	૫૨
૮.	અમદાવાદ	૧૩૮૨૦	૯૯૯	૮
૯.	મહેસાણા	૨૪૪૯	૨૪૮	૧૦
૧૦.	સુરેન્દ્રનગર	૨૨૩૭૬	૨૧૯	૧
૧૧.	પાટણ	૮૪૮૦	૧૦૨	૧.૨૦
૧૨.	બનાસકાંઠા	૭૪૯૫	૩૨	૦.૪૩
૧૩.	ભાવનગર	૪૨૦૩	૨૩	૦.૫૫
૧૪.	રાજકોટ	૧૪૧૮	૪૨	૩
૧૫.	કચ્છ	૫૧૩૦	૦	૦
	કુલ	*૮૫૮૯૮*	*૧૦૪૭૦*	*૧૨*

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૦૪ ઉપર)

વિઘ્નોને વરદાનમાં ફેરવી નાખે તે સંત.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દૃષ્ટિએ
નર્મદા નદીના સિંચાઈના પાણી – મુખ્ય કેનાલ અને કચ્છ બ્રાંચ કેનાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જુલાઈ - ૨૦૦૯નો લેખ)

ગુજરાત સરકારે અત્યાર સુધી નર્મદા યોજનામાં રૂા. ૨૭,૦૦૦ કરોડનો ખર્ચ કરી દીધેલ છે અને હાલના અંદાજ પ્રમાણે રૂા. ૨૦,૦૦૦ કરોડનો ખર્ચ કરવાનો બાકી રહે છે. કચ્છ બ્રાંચ કેનાલ ૩૬૦ કિ.મી. લાંબી છે કે જેની ૧૦૦ કિ.મી. જેટલી લંબાઈ બનાસકાંઠામાંથી પસાર થાય છે અને ૨૬૦ કિ.મી. જેટલી લંબાઈ કચ્છમાંથી પસાર થાય છે.

આજથી ૪ વર્ષ અગાઉ કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત ૭૫ કિ.મી. જેટલી લંબાઈના (૫૫ કિ.મી. લંબાઈના બનાસકાંઠામાં અને ૨૦ કિ.મી. લંબાઈના કચ્છમાં) કામો કે જેની અંદાજિત કિંમત રૂા. ૨૫૦ કરોડ જેટલી થાય છે તે અલગ-અલગ છ કોન્ટ્રેક્ટરોને સુપરત કરવામાં આવેલ હતાં કે જે સામે અત્યાર સુધી રૂા. ૧૫૦ કરોડના કામો માંડ કરવામાં આવેલ હશે. આ રૂા. ૧૫૦ કરોડના કામની સામે કચ્છની ધરતી પર તો કદાચ રૂા. ૧૫ કરોડ જેટલી કિંમતના કામો માંડ થયેલ હશે. આ ૭૫ કિ.મી. જેટલી લંબાઈના કામોમાંથી આજે ચાર વર્ષના ગાળા બાદ એક પણ કિ.મી. લંબાઈનાં કામો પૂર્ણ થયેલ નથી.

કચ્છ બ્રાંચ કેનાલની આ પરિસ્થિતિ હોવા છતાં કચ્છની સ્થાનિક ૧૫ લાખની વસતિમાંથી કોઈએ પણ સરદાર સરોવર નર્મદા નિગમ અથવા નર્મદા મંત્રી (મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી પોતે જ છે) અથવા ગુજરાત સરકાર સાથે કોઈપણ પ્રકારની ચર્ચા અથવા તો વાટાઘાટ કરેલ હોય તેવું અમારા ધ્યાન પર આવેલ નથી.

આ પરિસ્થિતિમાં સુરતના ધારાસભ્ય શ્રી ધીરુભાઈ ગજેરાએ ગત વિધાનસભામાં મુખ્ય મંત્રી (નર્મદા મંત્રી) શ્રી નરેન્દ્ર મોદીને પૂછેલા ૩ પ્રશ્નો અને શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભામાં લેખિતમાં આપેલ તેના જવાબો અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

પ્રશ્ન-૧ : નર્મદા યોજના હેઠળ રાજયમાં કયા કયા જિલ્લામાં કેટલા કિ.મી. કેનાલ બાંધવામાં આવનાર છે?

જવાબ-૧ : ૧૫ જિલ્લાઓ (નર્મદા, વડોદરા, ભરૂચ, પંચમહાલ, ખેડા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, ભાવનગર, રાજકોટ અને કચ્છ)માં ૮૫,૮૯૮ કિ.મી. કેનાલ બાંધવાનું આયોજન છે. (જિલ્લાવાર વિગત પત્રક-૧ મુજબ છે.)

પત્રક-૧

ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લામાં સરદાર સરોવર યોજનાની બાંધવામાં આવનાર નહેરોની કુલ લંબાઇની વિગત દર્શાવતું પત્રક

અ.નં.	જિલ્લો	નહેરોની કુલ લંબાઈ કિ.મી.માં					
		મુખ્ય નહેર	શાખા નહેર	વિશાખા નહેર	પ્ર. શાખા	પ્ર.પ્ર. શાખા	કુલ લંબાઈ
૧.	નર્મદા	૧૦	૧૪	૫૧	૧૫૬	૬૨૫	૮૫૬
૨.	વડોદરા	૭૪	૪૭૫	૫૯૮	૨૬૮૪	૭૨૭૫	૧૧૧૦૬
૩.	ભરૂચ	૦	૧૫૨	૪૩૬	૧૭૯૯	૩૮૪૭	૬૨૩૪
૪.	પંચમહાલ	૫૯	૧૬	૧૩	૪૮	૧૨૦	૨૫૬
૫.	ખેડા	૫૮	૪૫	૫૯	૪૧૦	૯૩૯	૧૫૧૧
૬.	આણંદ	૦	૦	૦	૦	૪	૪
૭.	ગાંધીનગર	૫૭	૨૩	૩૧	૧૧૫	૩૩૪	૫૬૦
૮.	અમદાવાદ	૧૦	૪૦૯	૮૪૯	૩૮૫૯	૮૬૯૩	૧૩૮૨૦
૯.	મહેસાણા	૫૨	૧૧૫	૧૬૫	૬૩૮	૧૪૭૯	૨૪૪૯
૧૦.	સુરેન્દ્રનગર	૦	૪૬૭	૧૧૭૩	૩૪૨૧	૧૭૩૧૫	૨૨૩૭૬
૧૧.	પાટણ	૩૭	૧૯૦	૩૦૨	૨૫૨૮	૫૪૨૩	૮૪૮૦
૧૨.	બનાસકાંઠા	૧૦૧	૧૩૨	૬૦૭	૧૮૫૯	૪૭૯૬	૭૪૯૫
૧૩.	ભાવનગર	૦	૮૪	૧૨૨	૬૩૬	૩૩૬૧	૪૨૦૩
૧૪.	રાજકોટ	૦	૮૫	૧૩૩	૩૦૧	૮૯૯	૧૪૧૮
૧૫.	કચ્છ	૦	૨૫૩	૪૧૦	૧૨૪૭	૩૨૨૦	૫૧૩૦
	કુલ	*૪૫૮*	*૨૪૬૦*	*૪૯૪૯*	*૧૯૭૦૧*	*૫૮૩૩૦*	*૮૫૮૯૮*

ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતાં જણાઈ આવશે કે આ યોજના હેઠળની ટોટલ કેનાલોની લંબાઈ ૮૫૮૯૮ કિ.મી. છે કે જેમાં ૫૧૩૦ કિ.મી. લંબાઈની અલગ-અલગ પ્રકારની કેનાલો કચ્છમાં બાંધવામાં આવનાર છે.

કચ્છમાં બાંધવામાં આવનાર ૫૧૩૦ કિ.મી. જેટલી લંબાઈની કેનાલોમાંથી ૨૫૩ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલ, ૪૧૦ કિ.મી. વિશાખા નહેર (સબ બ્રાંચ કેનાલ), ૧૨૪૭ કિ.મી. પ્રશાખા નહેર (ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ), અને ૩૨૨૦ કિ.મી. પ્ર.પ્રશાખા નહેર (માઈનોર કેનાલ)નો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રશ્ન-૨ : આ પૈકી કેટલા જિલ્લામાં કેટલા કિ.મી.નું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે?

જવાબ-૨ : ૧૪ જિલ્લામાં ૧૦,૪૭૦ કિ.મી.નું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. જિલ્લાવાર વિગત સામેલ પત્રક-૨ મુજબ છે.

પત્રક-૨

ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લામાં સરદાર સરોવર યોજનાની પૂર્ણ થયેલ નહેરોની વિગત દર્શાવતું પત્રક

અ.નં.	*જિલ્લો*	*નહેરોની કુલ લંબાઈ કિ.મી.માં*					
		મુખ્ય નહેર	*શાખા નહેર*	*વિશાખા નહેર*	*પ્ર. શાખા*	*પ્ર.પ્ર. શાખા*	*કુલ લંબાઈ*
૧.	નર્મદા	૧૦	૧૪	૫૧	૧૫૬	૨૦૭	૪૩૮
૨.	વડોદરા	૭૪	૪૭૫	૫૩૯	૨૦૦૮	૨૧૪૮	૫૨૪૪
૩.	ભરૂચ	૦	૧૫૨	૩૧૩	૧૦૪૫	૩૯૭	૧૯૦૭
૪.	પંચમહાલ	૫૯	૧૬	૧૩	૨૭	૧૬	૧૩૧
૫.	ખેડા	૫૮	૪૫	૩૭	૨૭૦	૩૮૨	૭૯૨
૬.	આણંદ	૦	૦	૦	૦	૪	૪
૭.	ગાંધીનગર	૫૭	૨૩	૨૩	૮૭	૯૯	૨૮૯
૮.	અમદાવાદ	૧૦	૩૦૧	૩૯	૨૧૬	૪૩૩	૯૯૯
૯.	મહેસાણા	૫૨	૧૧૦	૩૭	૧૬	૩૩	૨૪૮
૧૦.	સુરેન્દ્રનગર	૦	૨૧૯	૦	૦	૦	૨૧૯
૧૧.	પાટણ	૩૭	૬૫	૦	૦	૦	૧૦૨
૧૨.	બનાસકાંઠા	૨૮	૪	૦	૦	૦	૩૨
૧૩.	ભાવનગર	૦	૨૩	૦	૦	૦	૨૩
૧૪.	રાજકોટ	૦	૪૨	૦	૦	૦	૪૨
૧૫.	કચ્છ	૦	૦	૦	૦	૦	૦
	કુલ	*૩૮૫*	*૧૪૮૯*	*૧૦૫૨*	*૩૮૨૫*	*૩૭૧૯*	*૧૦૪૭૦*

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવશે કે નર્મદા નદીના સિંચાઈના પાણીની યોજના મુજબ આખા ગુજરાત રાજ્યમાં જે ૮૫,૮૯૮ કિ.મી. લંબાઈના કેનાલોના કામો કરવાના છે તેની સામે હજુ સુધી ૧૦૪૭૦ કિ.મી. ની લંબાઈના કેનાલોના કામો થયેલ છે પરંતુ કચ્છમાં એક પણ કિ.મી.ની લંબાઈના કેનાલના કામો પૂરાં થયાં નથી.

આપણામાંના કેટલાકની એવી માન્યતા છે કે કચ્છ બ્રાંચ કેનાલના કામો ધમધોકાર ચાલે છે તે સામે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ગત ગુજરાત વિધાનસભામાં લેખિત સ્વરૂપે ઉપરોક્ત જવાબ આપેલ છે.

આ પરિસ્થિતિ તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિની છે પરંતુ એક બિનસત્તાવાર અહેવાલ મુજબ ત્યારબાદ ૧૦૦૦ કિ.મી. થી વધુ લંબાઈના કામો ગુજરાત ભરમાં થઈ શકેલ નથી અને તેમાં કચ્છના કામોમાં તો બિલકુલ પ્રગતિ થઈ નથી.

આપત્તિને આશીર્વાદમાં ફેરવી દે તે સંત.

પ્રશ્ન-૩ : તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કિ.મી.નું બાંધકામ પૂર્ણ કરેલ છે?

જવાબ-૩ : ૪૨૭૧ કિ.મી.નું બાંધકામ પૂર્ણ કરેલ છે. (જિલ્લાવાર વિગત સામેલ પત્રક-૩ મુજબ છે.)

પત્રક-૩

તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર સરોવર યોજનાની નહેરોના પૂર્ણ થયેલ બાંધકામની વિગત દર્શાવતું પત્રક

અ.નં.	*જિલ્લો*	*નહેરોની કુલ લંબાઈ કિ.મી.માં*					
		મુખ્ય નહેર	*શાખા નહેર*	*વિશાખા નહેર*	*પ્ર. શાખા*	*પ્ર.પ્ર. શાખા*	*કુલ લંબાઈ*
૧.	નર્મદા	૦	૦	૦	૦	૧૯૭	૧૯૭
૨.	વડોદરા	૦	૦	૨૬	૨૯૩	૧૭૩૭	૨૦૫૬
૩.	ભરૂચ	૦	૦	૨	૫૧	૩૫૫	૪૦૮
૪.	પંચમહાલ	૦	૦	૦	૨૦	૧૬	૩૬
૫.	ખેડા	૦	૦	૧૯	૧૬૦	૩૮૨	૫૬૧
૬.	ગાંધીનગર	૦	૦	૨૦	૩૨	૯૦	૧૪૨
૭.	અમદાવાદ	૦	૨૧	૨૮	૧૪૮	૪૨૯	૬૨૬
૮.	મહેસાણા	૦	૧૨	૩૭	૧૬	૩૩	૯૮
૯.	સુરેન્દ્રનગર	૦	૩૨	૧૫	૦	૦	૪૭
૧૦.	પાટણ	૦	૬૫	૦	૦	૦	૬૫
૧૧.	બનાસકાંઠા	૨૮	૪	૦	૦	૦	૩૨
૧૨.	ભાવનગર	૦	૧	૦	૦	૦	૧
૧૩.	રાજકોટ	૦	૨	૦	૦	૦	૨
	કુલ	*૨૮*	*૧૩૭*	*૧૪૭*	*૭૨૦*	*૩૨૩૯*	*૪૨૭૧*

ઉપરોક્ત જવાબના હિસાબે તા. ૩૧-૧-૨૦૦૫થી તા. ૩૧-૧-૨૦૦૬ સુધીના એક વર્ષમાં ૪૨૭૧ કિ.મી.ની લંબાઈના કામો ગુજરાત ભરમાં કરવામાં આવેલ હતા કે જેમાં કચ્છના કામો બિલકુલ કરવામાં આવેલ નથી.

તા. ૩૧-૧-૨૦૦૬ પછી પણ કચ્છના કામોની પરિસ્થિતિ આ જ રહેવા પામેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલના કામો છેલ્લા ત્રીસ વર્ષમાં બિલકુલ ન થવાના અને અન્ય જિલ્લાઓમાં આ કાર્યો વત્તા-ઓછા અંશે પણ ચાલુ રહેવાની જે પરિસ્થિતિ છે તે કચ્છ માટે બિલકુલ યોગ્ય નથી. આ પરિસ્થિતિ કચ્છ માટે હવેના સંજોગોમાં ભયજનક કહી શકાય.

તાજેતરમાં જ જૂન-૨૦૦૯ના અમદવાદથી પ્રસિદ્ધ થતા એક દૈનિકમાં સરદાર સરોવર નર્મદા નિગમની કામગીરી વિશે એક લેખ વાંચવામાં આવેલ અને તેમાં જણાવવામાં આવેલ કે ૧૯૯૦ના દાયકામાં સરદાર સરોવર નર્મદા નિગમમાં જ્યાં ૨૨૦૦૦ કર્મચારીઓ કામ કરતા હતા ત્યાં આજે માત્ર ૩૦૦૦ કર્મચારીઓ કામ પર છે. તેમાંના અનેક તો અન્ય ખાતામાંથી ડેપ્યુટેશન પર લાવવામાં આવેલ છે. જેના પરિણામ સ્વરૂપે નર્મદા કેનાલો બાંધવાની મોટાભાગની કાર્યવાહી ખૂબ જ ધીમી પડી ગયેલ છે.

તા. ૬-૬-૦૯ના 'કચ્છ મિત્ર' દૈનિકમાં એક સમાચાર પ્રસિદ્ધ થયેલ હતા. એ સમાચાર મુજબ શુક્રવાર તા. ૫-૬-૦૯ના ભચાઉના મામલતદાર ભાવેશ પટેલે નર્મદા નિગમની ભચાઉ કચેરીની મુલાકાત લેતા જાણવા મળ્યું કે માસિક રૂા. ૯.૦૦ લાખ જેટલો પગાર લેતા આ કચેરીના ૨૫ કર્મચારીમાંથી કોઈપણ જાતના રજા રિપોર્ટ વિના ૧૮ કર્મચારી ગેરહાજર રહેલ હતા. આ રિપોર્ટમાં એવું જણાવવામાં આવેલ છે કે રાપરની પેટા કચેરીમાં પણ ૭ કર્મચારી નિયમિતપણે ગેરહાજર રહે છે. આ રિપોર્ટમાં એવો પણ આક્ષેપ કરવામાં આવેલ છે કે કચ્છમાં ચાલતા કચ્છ બ્રાંચ કેનાલના ૨૦ કિ.મી.ના કામમાં જે રૂા. ૨૦ કરોડના પેમેન્ટ થયા છે તેમાંથી ૫૦% જેવી રકમ ખવાઈ ગયેલ હોવાની ફરિયાદો પણ આવેલ છે.

ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પર જરૂરિયાત કરતાં ખૂબ જ ઓછો સ્ટાફ મૂકવામાં

આવેલ છે અને જે સ્ટાફ મૂકવામાં આવેલ છે તે કામની જરૂરિયાત સામે બિલકુલ કાર્યક્ષમ નથી. પરિણામ સ્વરૂપે કચ્છ બ્રાંચ કેનાલના કામો નિર્ધારિત સમય પ્રમાણે પૂરા કરી શકાતા નથી અને તેના કારણે સમગ્ર કચ્છની જનતાને સોંસાવું પડે છે.

૦.૫ M.A.F. નિયમિત પાણીના કારણે અંદાજિત ૧,૭૫,૦૦૦ હેકટર એટલે કે લભગ - ૪,૨૫,૦૦૦ એકરમાં સિંચાઈ થઈ શકે અને વધારાના ૧.૦૦ M.A.F. પાણીના કારણે લગભગ બીજા ૩,૦૦,૦૦૦ હેક્ટર એટલે કે લગભગ બીજા ૭,૫૦,૦૦૦ એકરમાં સિંચાઈ થઈ શકે. આ રીતે નિયમિત તથા વધારાના પાણીના કારણે લગભગ ૧૨,૦૦,૦૦૦ એકર જમીન પર સિંચાઈ થઈ શકે. એક એકરે રૂા. ૧૫,૦૦૦/- ના પાકની ગણતરી કરીએ તો દર વર્ષે લગભગ રૂા. ૧૮૦૦ કરોડની કિંમતનો પાક કચ્છ ગુમાવી રહેલ છે કે જે રૂપિયા સીધા કચ્છના ગામડાંના ખેડૂતોની વાર્ષિક ઊપજ થઈ શકે. નર્મદા નદીના સિંચાઈના પાણી કચ્છના ખેતરોમાં જેટલા મોડા પહોંચશે, તેટલી નુકસાની કચ્છના ખેડૂતોને જ થવાની છે.

આ પ્રકારના કચ્છના અગત્યના પ્રશ્ને આપણે જાગૃત થઈ સરદાર સરોવર નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓ પાસે યોગ્ય રજૂઆત કરવી જોઈએ. કચ્છના એકે એક જાગૃત નાગરિક પાસેથી આ પ્રકારની અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય.

આ પ્રશ્ને કચ્છના દરેક પ્રકારના મીડિયા પાસેથી પણ યોગ્ય પ્રકારની રજૂઆતની અપેક્ષા સેવવામાં આવે છે.

આપણે ઉચ્ચારીએ છીએ કે "મુંજી માતૃભૂમિ કે નમન." માત્ર ઉચ્ચારણો અને ભાવના વ્યક્ત કરવાથી યોગ્ય પરિણામ ન આવી શકે. માતૃભૂમિને ખરેખર નમન કરવા લાયક બનાવવી હોય તો યોગ્ય આચરણો દ્વારા પુરુષાર્થ કરવો પણ તેટલો જ જરૂરી બની રહે.■

કચ્છ બ્રાંચ કેનાલ

(અનુસંધાન : પાના નં. - ૯૯ ઉપરથી ચાલુ)

લંબાઈના કેનાલના કામના જ્યારે ટેન્ડરો જ તૈયાર કરવામાં આવેલ નથી ત્યારે બે-બે વખત ટેન્ડર નોટીસ તેની વેબ સાઈટ પર મૂકવાનો નર્મદા નિગમનો શો ઈરાદો હશે? ટેન્ડર તૈયાર કરાવ્યા વગર ટેન્ડર નોટીસ શા માટે બહાર પાડવામાં આવેલ હશે? આ પાછળ એવી તે કઈ મજબૂરી હશે કે જેથી નર્મદા નિગમને ટેન્ડર નોટીસ બહાર પાડવી પડી? આમ નાગરિકને આ પ્રશ્ને રાજકારણની ગંધ દેખાતી હોય તો તે અસ્થાને નથી. નર્મદા નિગમે કોઈ જ પ્રકારના રાજકારણને વશ થયા વગર પોતાની કાર્યવાહી કરવી ઘટે. કચ્છના હિતમાં આ બાબતે કોઈ પણ કચ્છી નર્મદા નિગમ સાથે જરૂરથી વિચાર-વિમર્શ કરી શકે.

સહુથી વધુ ધ્યાન દોરતી હકીકત એ છે કે કચ્છ બ્રાંચ કેનાલ પર અનેક સ્થળેથી કામ ચાલુ થઈ શકે તેવી પરિસ્થિતિ હોવા છતાં, તે કામો ચાલુ ના કરવા - તે કામના ટેન્ડરો બહાર ના પાડવા, નર્મદા નિગમને એવી કઈ મજબૂરી નડી રહી છે તેની ચર્ચા કરવા નર્મદા નિગમની સુપ્રીમ ઓથોરિટી સાથે જરૂરથી વાર્તાલાપ થઈ શકે. કચ્છની કોઈપણ સેવાભાવી સંસ્થા આ બાબતે નર્મદા નિગમ સાથે વાર્તાલાપ કરે એ જરૂરી છે.

કચ્છની સેવાભાવી સંસ્થાઓએ આ પ્રશ્ને ખૂબ જ જાગૃતતા દાખવવી જરૂરી છે. આ એવો તબક્કો છે કે જ્યારે કચ્છ તરફના કાર્યો ખૂબ જ મંદ ગતિએ ચાલે છે અથવા નવા કામો ચાલુ કરવામાં આવતા નથી જ્યારે અન્ય તરફ ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારના કાર્યો ધમધોકાર ચાલે છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, જૂન-૦૯ ના પ્રથમ સમાહમાં આ બાબતે નર્મદા નિગમ સાથે જરૂરી ચર્ચા-વિચારણા કરવાની જ છે. અન્ય સામાજિક સંસ્થાઓ પણ આ પદ્ધતિએ આગળ વધે તેવી અપેક્ષા જરૂરથી રાખવામાં આવે છે.

કચ્છમાં હરિત ક્રાંતિ લાવવી હશે તો અત્યારે આ એક જ પ્રશ્ન અગત્યનો દેખાય છે. એ માટે કચ્છનો નાગરિક અત્યારે જાગૃત નહીં બને તો ભૂતકાળની માફક ભવિષ્યમાં પણ પસ્તાવાનો વારો આવશે.

આ પ્રશ્ને કચ્છના હિતોની રક્ષા કરે એવી જાગૃત સંસ્થાની કાર્યવાહી આજની અનિવાર્ય જરૂરિયાત છે. આ પ્રકારના કાર્યો કરવાની કચ્છના નાગરિકની પણ તેટલી જ અનિવાર્ય જરૂરિયાત છે. ■

નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી કોના માટે છે?

(અનુસંધાન : પાના નં. - ૧૦૦ ઉપરથી ચાલુ)

ઉપરોક્ત ૧ થી ૮ જિલ્લા કે જે અછતવાળા જિલ્લા ન કહેવાય ત્યાં અમદાવાદ જિલ્લાને બાદ કરતાં લગભગ ૫૦% કામ થયેલ છે.

અને ૯ થી ૧૫ જેટલા જિલ્લા કે જે અછતગ્રસ્ત જિલ્લા ગણાય ત્યાં સરેરાશ ૧% જેટલા કામ થયા છે અને કચ્છમાં તો બિલકુલ કામ થયા નથી.

અછતગ્રસ્ત ન હોય તે જિલ્લાના કામ પ્રથમ અને અછતવાળા વિસ્તારના કામ બાદમાં થાય એને/અથવા બંને કામના Executionમાં આટલો મોટો તફાવત હોય તે બરાબર છે?

ઉપરોક્ત હકીકત જોતાં એવો ખ્યાલ આવે છે કે અત્યાર સુધી છતવાળા વિસ્તારો પર વધુ ધ્યાન અપાયેલ છે અને અછતગ્રસ્ત વિસ્તારો પર ખૂબ જ ઓછું ધ્યાન અપાયેલ છે.

સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીશ્રીઓએ આ પોલિસી નિર્ણય માટે જરૂરથી વિચારણા કરવી જોઈએ અને અછતગ્રસ્ત વિસ્તારોના કામો અગ્રતાક્રમે હાથ પર લેવાય તે પ્રમાણેના આયોજનો અમલમાં મૂકવા જોઈએ.

આ પ્રકારના આયોજનો જ આ પ્રોજેક્ટ પાછળના ગંજાવર ખર્ચને ન્યાય આપી શકશે. ■

દોષિત વ્યક્તિ કરતાં દૂષિત વ્યક્તિ વધુ ભયંકર છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ડાયરેક્ટરશ્રી (સિવિલ)ની મુલાકાત

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૦૯નો લેખ)

૧૯૮૮માં સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ની રચના થયા બાદ શરૂમાં રૂા. ૬૦૦૦ કરોડની કિંમતનો પ્રોજેક્ટ, સમયસર કામ પૂરાં ન કરી શકવાની ગુજરાત સરકારશ્રીની તથા નર્મદા નિગમની અસમર્થતાના કારણે આજે તે પ્રોજેક્ટ રૂા. ૫૦,૦૦૦ કરોડની કિંમતે પહોંચેલ છે.

આ પ્રોજેક્ટ પાછળ આજ દિન સુધી રૂા. ૨૭,૦૦૦ કરોડના કામ થયેલ હોવા છતાં અને ગુજરાતમાં આ યોજનાના લાભાર્થી ૧૫ જિલ્લામાંથી ૧૪ જિલ્લામાં તેના કામો વત્તા-ઓછા અંશે થયા બાદ એકમાત્ર કચ્છ જિલ્લાના કામો બિલકુલ થયા નથી. ૩૬૦ કિ.મી. લાંબી 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કામોની એક પણ કિ.મી. લંબાઈની કેનાલના કામો પૂરાં કરવામાં આવેલ નથી. આ લાઈન પરના પમ્પીંગ સ્ટેશનોના કામોના કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ નથી. આ કેનાલની ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ કે સબ-માઈનોર કેનાલના આયોજનો પણ વિચારવામાં આવેલ નથી.

નર્મદા નિગમના આયોજન મુજબ કચ્છ જિલ્લામાં કચ્છ બ્રાંચ કેનાલ ૨૫૩ કિ.મી., ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ ૪૧૦ કિ.મી., માઈનોર કેનાલ ૧૨૪૭ કિ.મી. તથા સબ-માઈનોર કેનાલ ૩૨૨૦ કિ.મી.; એ રીતે કુલ ૫૧૩૦ કિ.મી. લંબાઈનાં કામો કરવામાં આવનાર છે. પરંતુ તેમાંથી એક પણ કિ.મી.ની લંબાઈના કામો આજ દિન સુધી પૂર્ણ કરવામાં આવેલ નથી.

આ પરિસ્થિતિમાં કચ્છની જનતાને, કચ્છના રાજકીય પ્રતિનિધિઓને, કચ્છના સામાજિક સેવકોને તથા કચ્છી ઉદ્યોગપતિશ્રીઓને માહિતગાર કરવા વર્ષ ૨૦૦૯માં 'મંગલ મંદિર'માં નીચે મુજબના વિવિધ લેખો આપવામાં આવેલ છે.

એપ્રિલ-૦૯	તંત્રી લેખ	નર્મદા યોજનાની સમગ્રપણે છણાવટ તથા તેના અનુસંધાને 'કચ્છ બ્રાંચ કેનાલ'ની પરિસ્થિતિ
જૂન-૦૯	લેખ	માર્ચ-૦૯ તથા એપ્રિલ-૦૯ દરમ્યાન 'કચ્છ બ્રાંચ કેનાલ' વિશે આવી ગયેલ અલગ અલગ પ્રકારના ચાર સમાચારો વિશેની છણાવટ
જુલાઈ-૦૯	લેખ	૧. નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી કોના માટે છે? ૨. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દૃષ્ટિએ : નર્મદા નદીના સિંચાઈના પાણી - મુખ્ય કેનાલ અને કચ્છ બ્રાંચ કેનાલ.

કચ્છ બ્રાંચ કેનાલના કામો ત્વરિતપણે કરવામાં આવે તે અંગે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના કેટલાક સભ્યોએ નર્મદા નિગમના ડાયરેક્ટર ઈન્ચાર્જ (સિવિલ) શ્રી એ.એન. મિસ્ત્રીની ગત તા. ૨૩-૬-૦૯ના રોજ ગાંધીનગર ખાતે મુલાકાત લીધેલ હતી અને એ મુલાકાતના અનુસંધાને તેમને એક પત્ર લખવામાં આવેલ હતો કે જે અક્ષરસઃ અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે.

આ પત્રની વિગતો જોતા એ પ્રતિપાદિત થાય છે કે 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કામો પૂરાં કરવાં નર્મદા નિગમ પાસે અત્યારે કોઈ જ પ્રકારના નિશ્ચિત આયોજનો નથી. તેઓ પર કચ્છની જનતાનું આ બાબતે કોઈ જ દબાણ નથી. કચ્છના રાજકીય પ્રતિનિધિશ્રીઓનું પણ કોઈ જ પ્રકારનું દબાણ નથી. આ બાબત ભવિષ્યમાં કચ્છને ખૂબ જ નુકસાનકર્તા સાબિત થશે તેમાં કોઈ જ શક નથી. નર્મદા નિગમના અધિકારીશ્રીઓએ અગાઉ આપેલ હતા એ મુજબ કોઈ પણ જાતના આયોજન વગર ફરી એક વધુ વાયદો વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં આ કામો પૂરા કરવાનો આપી દીધેલ છે કે જે ૧૦૦ ટકા ફેઈલ જવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે. કચ્છની જનતાએ ચેતવું હોય તો અત્યારે ઉત્તમ સમય છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તરફથી લખાયેલ પત્ર અક્ષરસઃ નીચે મુજબ છે :

. . . . . .

પ્રતિ,
શ્રી એ. એન. મિસ્ત્રી
ડાયરેક્ટર ઈન્ચાર્જ - (સિવિલ)
સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
બ્લોક નં. ૧૨, બીજે માળે, નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦

જ્યારે આપણે આ દુનિયામાં પહેલો શ્વાસ લીધો ત્યારે આપણાં માબાપ હાજર હતા. જ્યારે મા-બાપ છેલ્લો શ્વાસ લે ત્યારે આપણે હાજર રહેવું.

માનનીયશ્રી,

વિષય :- કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો

સંદર્ભ :- અમારી તા. ૨૩-૬-૦૯ની આપશ્રીની ઓફિસની મુલાકાત.

કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની ચર્ચા કરવા માટે અમે ગત તા. ૨૩-૬-૦૯ના આપશ્રીની, આપશ્રીની ઓફિસમાં મુલાકાત લીધેલ હતી. આપશ્રીએ અમને સાંભળ્યા. શક્ય હોય ત્યાં આપશ્રીએ અમારા પ્રશ્નોના ખુલાસા કર્યા. અમારી સાથે આપશ્રીના સદ્‌ભાવપૂર્વકના વર્તન તથા નિખાલસતાપૂર્વકની ચર્ચા માટે અમે આપશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

કચ્છ બ્રાંચ કેનાલ અંગે નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ હતી.

૧) આપશ્રીના જણાવ્યા મુજબ ૦.૦ થી ૨૦.૦૧ કિ.મી.ના અંદાજિત રૂા.૫૮.૧૬ કરોડના કામો જે સદ્‌ભાવ એન્જિનિયર્સ - અમદાવાદને સોંપવામાં આવેલ હતા, **તે તરતમાં પૂરા થઈ જશે અને ચાલુ વરસાદ દરમ્યાનની સીઝનમાં તેમાં પાણી વહેવડાવવામાં આવશે.**

૨) આપશ્રીના જણાવ્યા મુજબ ૨૦.૦૧ થી ૩૨.૯૭ કિ.મી.ના અંદાજિત રૂા.૪૪.૨૦ કરોડની કિંમતના કામો જે મે. બી. એ. પટેલ - અમદાવાદ ને સુપરત કરવામાં આવેલ હતાં, **તે તરતમાં પૂરા કરવામાં આવશે અને ચાલુ વરસાદ દરમ્યાનની સીઝનમાં તેમાંથી પાણી વહેવડાવવામાં આવશે.**

૩) આપશ્રીના જણાવ્યા મુજબ ૩૨.૯૭થી ૪૫.૦૦ કિ.મી.ના અંદાજિત રૂા.૪૩.૦૨ કરોડની કિંમતના કામો કે જે મે. એસ.એસ.જે.વી.-બેંગ્લોરને સોંપવામાં આવેલ હતા, તે કામોની સામે ઓક્ટોબર-૨૦૦૮ સુધીમાં અંદાજિત રૂા. ૨૦.૦૦ કરોડની કિંમતના કામો થયેલ છે. ત્યાર પછી તે કોન્ટ્રેક્ટરને બંધ કરવામાં આવેલ છે. આ કામના ટેન્ડરો ફરીથી બહાર પાડવામાં આવેલ છે અને **આ કામો ક્યારે પૂરા થશે તેના આયોજનો હાલના તબક્કે નક્કી કરી શકાયેલ નથી.**

૪) આપશ્રીના જણાવ્યા મુજબ ૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી.ની લંબાઈના કામોમાં ૪૨.૦૦ થી ૪૬.૦૦ કિ.મી.ની એટલે કે ૪.૦૦ કિ.મી.માં હાઈ બેન્કીંગ - લગભગ ૧૭ મીટર - આવે છે કે જે માટે જોઈતી જરૂરી અંદાજિત ૪.૦૦ લાખ ક્યુ.મી. માટી આજુબાજુના વિસ્તારમાં ઉપલબ્ધ નથી. આ માટે વૈકલ્પિક ડિઝાઈન તરીકે કેનાલ સાઈફોન પણ વિચારવામાં આવેલ છે. હજુ સુધી આ કેનાલની ડિઝાઈન બાબત ફાઈનલ નિર્ણય લેવાયેલ નથી તેથી તે કામ વિચારાધીન છે. આ વિભાગમાં વાઈલ્ડ એસ સેન્ક્ચ્યુઅરી આવેલ હોવાથી, સુપ્રીમ કોર્ટની પરમિશન મળી ગયેલ છે પરંતુ તેને લગતી બાકીની મંજૂરીની રાહ જોવાય છે. તદ્‌ ઉપરાંત આ વિભાગના સ્ટ્રક્ચર તથા કેનાલની ડિઝાઈનના કામો કન્સલ્ટન્ટ કંપની 'રાઈટસ' ને સોંપવામાં આવેલ છે. તેમનો રિપોર્ટ પણ આવવાનો બાકી રહે છે. **આ કામ ક્યારે શરૂ થશે અને ક્યારે પૂરા કરવામાં આવશે તે હાલના તબક્કે કહી શકાય તેમ નથી.**

૫) આપશ્રીના જણાવ્યા મુજબ ૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી.ના અંદાજિત રૂા.૩૧.૫૦ કરોડની કિંમતના કામો જે મે. કેતન કન્સ્ટ્રક્શન - અમદાવાદને સુપરત કરવામાં આવેલ, તેઓએ અંદાજિત રૂા. ૧૧ કરોડની કિંમતના કામો કરેલ છે. આ ઈજારદારે હાલે કામગીરી બંધ કરેલ છે. તેમની સાથે ચર્ચા કરવામાં આવે છે. કદાચ આ કામના ટેન્ડરો પણ ફરીથી મંગાવવા પડશે. **આ કામ ક્યારે પૂરા થશે તે હાલના તબક્કે અનિશ્ચિત છે.**

૬) આપશ્રીના જણાવ્યા મુજબ ૬૫.૦૦ થી ૧૧૨.૫૦ કિ.મી.ની લંબાઈમાં વાઈલ્ડ એસ સેન્ક્ચ્યુઅરી આવતી હોવાથી, જો કે તે સામે સુપ્રીમ કોર્ટની પરમિશન મળી ગયેલ છે, પરંતુ તે અંગેની અન્ય મંજૂરી બાકી રહેલ છે કે જેની કાર્યવાહી ચાલુ છે. કન્સલ્ટન્ટ તરીકે ડિઝાઈનનું કામ કન્સલ્ટન્ટ કંપની રાઈટસને આપવામાં આવેલ છે. તેઓ દ્વારા સ્ટ્રક્ચર પરનું જીઓટેક ઈન્વેસ્ટિગેશન લગભગ પૂરું કરવામાં આવેલ છે પરંતુ નહેરો (કેનાલો) માટેનું જીઓટેક ઈન્વેસ્ટિગેશન ચાલુ છે. તેઓના રિપોર્ટ આવી ગયા બાદ જ જરૂરી ટેન્ડરો તૈયાર થશે અને ત્યારબાદ બહાર પાડવામાં આવશે. **આ તબક્કે આ કામ ક્યારે પૂરા થશે તે કહેવું વહેલું ગણાશે.**

૭) આપશ્રીના જણાવ્યા મુજબ ૧૧૨.૫૦ થી ૧૨૨.૨૧૯ કિ.મી.ના અંદાજિત રૂા.૩૨.૯૧ કરોડની કિંમતના કામો જે મે. મોન્ટેકાર્લો - અમદાવાદને સુપરત કરવામાં આવેલ છે કે જે સામે રૂા. ૧૬.૦૦ કરોડની કિંમતના કામો થયેલ છે. **આ કામો ચાલુ સીઝન દરમિયાન જ પૂરા કરવાની ધારણા છે.**

૮) આપશ્રીના જણાવ્યા મુજબ ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કિ.મી.ના અંદાજિત રૂા.૪૦.૨૩ કરોડની કિંમતના કામો જે મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોરને સુપરત કરવામાં આવેલ હતા કે જેમાંથી ઓક્ટોબર-૨૦૦૮ સુધીમાં માત્ર રૂા. ૮.૦૦ કરોડની કિંમતના કામો થયેલ છે. ધીમા કામના કારણે તથા અન્ય કારણોસર આ કાન્ટ્રેક્ટરને બંધ કરવામાં આવેલ છે. ટેન્ડર ફરીથી મંગાવવામાં આવેલ છે. **આ કામો ક્યારે પૂરા કરવામાં આવશે તે હાલને તબક્કે કહેવું વહેલું ગણાશે.**

ગાડી ભલે નવી ખરીદો, પણ રસ્તા તો જૂના જ વાપરો.

ઉપરોક્ત વિગતની સમરી નીચે મુજબ બનાવી શકાય.

ક્રમ	કેનાલની લંબાઈ	કામની અંદાજિત કિંમત કરોડમાં	થયેલ કામગીરીની કિંમત કરોડમાં	હાલની પોઝિશન	રિમાર્કસ
૧.	૦.૦થી ૨૦.૦૧ કિ.મી.	૫૮.૧૬	લગભગ પૂરા થવા આવ્યા	ચાલુ સીઝન દરમ્યાન પૂરા કરવામાં આવશે.	ધારણા પ્રમાણે પૂરા કરવામાં આવે તો પણ ૨ વર્ષના બદલે ૪ વર્ષનો સમય પસાર થયેલ છે.
૨.	૨૦.૦૧થી ૩૨.૯૭ કિ.મી.	૪૪.૨૦	લગભગ પૂરા થવા આવ્યા	ચાલુ સીઝન દરમ્યાન પૂરા કરવામાં આવશે.	ધારણા પ્રમાણે પૂરા કરવામાં આવે તો પણ ૨ વર્ષના બદલે ૪ વર્ષનો સમય પસાર થયેલ છે.
૩.	૩૨.૯૭થી ૪૫.૦૦ કિ.મી.	૪૩.૦૨	૨૦.૦૦	કોન્ટ્રાક્ટર પાસેથી કામ લઈ લેવામાં આવેલ છે. ફરીથી ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.	ક્યારે પૂરા કરવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી.
૪.	૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી.	અંદાજ બાકી છે	૧૦ કિ.મી.ની લંબાઈના કામના ટેન્ડરો બાકી	ડિઝાઈન વગેરે બાકી છે.	ક્યારે પૂરા કરવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી.
૫.	૫૪.૦૦થી ૬૫.૦૦ કિ.મી.	૩૧.૫૦	૧૧.૦૦	કોન્ટ્રાક્ટરે કામગીરી બંધ કરેલ છે.	ક્યારે પૂરા કરવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી.
૬.	૬૫.૦૦થી ૧૧૨.૫૦ કિ.મી.	અંદાજ બાકી છે	૪૭ કિ.મી.ની લંબાઈના કામના ટેન્ડરો બાકી	સર્વે તથા ડિઝાઈન માટેની પ્રક્રિયા ચાલુ છે.	ક્યારે પૂરા કરવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી.
૭.	૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી.	૩૨.૯૧	૧૬.૦૦	કામ ચાલુ છે.	ક્યારે પૂરા કરવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી.
૮.	૧૨૨.૨૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી.	૪૦.૨૩	૮.૦૦	કોન્ટ્રાક્ટર પાસેથી કામ પરત લઈ લેવામાં આવેલ છે. ફરીથી ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.	ક્યારે પૂરા કરવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી.

(એ) ઉપરોક્ત બાબતોનું નિરીક્ષણ કરતાં એ ફલિત થાય છે કે ચાર વર્ષ અગાઉ અપાયેલ રૂા. ૨૫૦ કરોડના અને ૭૫ કિ.મી.ની લંબાઈના કેનાલના કામ પૈકી આજે ચાર વર્ષ બાદ અંદાજિત રૂા.૧૦૦ કરોડના અને માત્ર ૩૩ કિ.મી.ના લંબાઈના કેનાલોના કામ પૂરા થવાની શક્યતા ઊભી થયેલ છે. બાકી કામો પૂરા કરવાના કોઈપણ અંદાજ ખાતરીપૂર્વક કહી શકાતા નથી. **એ સિવાય બીજા ૫૭ કિ.મી. (૧૦ કિ.મી. + ૪૭ કિ.મી.)ના અંદાજિત રૂા. ૪૦૦ કરોડની કિંમતના કામો શરૂ પણ નથી કરી શકાયા.**

આ હિસાબે ૩૬૦ કિ.મી. લાંબી અને અંદાજિત રૂા. ૨૭૦૦ કરોડની કિંમતની કચ્છ બ્રાંચ કેનાલના કામોની પરિસ્થિતિ કઈ રીતે વિચારી શકાય ? સરદાર સરોવર નર્મદા નિગમના મુખ્ય અધિકારીશ્રીનીઓની ખાસ ઈચ્છા શક્તિ વગર આ કામો કઈ રીતે પૂરા થઈ શકશે?

(બી) ૧૩૩ કિ.મી.થી ૧૯૦ કિ.મી.ની ૫૭ કિ.મી. લંબાઈના અંદાજિત રૂા. ૨૫૦ કરોડની કિંમતના કામો શરૂ કરવાના હજુ પણ બાકી છે. **ફિલ્ડ સર્વે, જમીન સંપાદન, ડિઝાઈનિંગ, ટેન્ડર પ્રકિયા વગર આ કામો હાથ પર લઈ શકાતા નથી.**

(સી) ૧૦૦ કિ.મી., ૧૧૨ કિ.મી. અને ૧૯૦ કિ.મી. પર આવતા ત્રણ પમ્પીંગ સ્ટેશન માટેનો આપશ્રીનો જવાબ એ હતો કે પ્રિકવોલિફિકેશન બીડની સ્કૂટીની ચાલુ છે. **એ પૂરી થયે પ્રાઈસ બીડ ઓપન કરવામાં આવશે.** સાહેબ, આ જવાબ અમે

છેલ્લા બે વર્ષથી સાંભળીએ છીએ. આપશ્રીની સ્કૂટીની કેમ આટલી લાંબી ચાલે છે તે એક પ્રશ્નાર્થ છે. કાર્યશૈલીની ઝડપ વધારવામાં આવે તો સારું.

(ડી) આપશ્રીએ જણાવેલ કે ૧૯૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી. વિભાગની ૧૭૦ કિ.મી. લંબાઈના રૂા. ૭૦૦ કરોડની કિંમતના ટેન્ડરો બહાર પાડી દેવામાં આવેલ છે. જ્યારે અમે આપશ્રીનું ધ્યાન દોર્યું કે આપશ્રીના વિભાગ દ્વારા ટેન્ડરો બહાર પાડવામાં આવેલ નથી, પરંતુ માત્ર બે વખત ટેન્ડર નોટિસ બહાર પાડવામાં આવેલ છે. આ લાઈન પર સર્વે પણ બાકી છે. તેનો રિપોર્ટ હજુ સુધી આવેલ નથી. ટેન્ડર પણ તૈયાર કરવામાં આવેલ નથી. તો ટેન્ડર કઈ રીતે બહાર પડાયેલ છે ? આપશ્રી પાસે આ પ્રશ્નનો કોઈ જવાબ ન હતો. ત્યારબાદ આપશ્રીએ ઉપરોક્ત વિગતોનો સ્વીકાર કરેલ હતો. **તાત્પર્ય એટલું જ કે આ ટેન્ડરો ક્યારે તૈયાર થશે તેની કોઈ ચોક્કસ વિગત જ ન હતી.**

(ઈ) સબ બ્રાંચ કેનાલ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ વગેરે બાબત જાણકારી માંગવામાં આવેલ ત્યારે આપે ૦.૦૦ કિ.મી. થી ૩૦.૦૦ કિ.મી. લંબાઈની કેનાલના આ પ્રકારના ટેન્ડરો બહાર પડી ગયેલ છે તેવું જણાવેલ હતું. જયારે અમે આપશ્રીને કહ્યું કે કચ્છ બ્રાંચ કેનાલનો આ વિભાગ બનાસકાંઠામાં છે પરંતુ કચ્છમાં નથી અને અમારે આ પ્રકારની વિગતોની માહિતી કચ્છ પ્રદેશ માટેની જોઈએ છે ત્યારે આપશ્રીનો જવાબ હતો કે તેનો અભ્યાસ, સર્વે વગેરે ચાલુ છે અને એ વિગતો તૈયાર થયે તેના ટેન્ડર બહાર પાડવામાં આવશે. **મતલબ એ કે આ વિભાગમાં પણ હજુ સુધી નર્મદા નિગમ દ્વારા ઠોસ કાર્યવાહી કરવામાં આવેલ નથી.**

(એફ) અમે જ્યારે આપશ્રીને જણાવેલ કે ગુજરાતના જે જિલ્લાઓ પાણીની અછતવાળા નથી તેવા લગભગ ૭-૮ જિલ્લામાં ૫૦ % ની આજુબાજુ કેનાલના કામો કરવામાં આવેલ છે અને જે વિભાગો અછતગ્રસ્ત છે તેવા ૭ જિલ્લામાં માત્ર ૧ % કામ કરવામાં આવેલ છે. કચ્છમાં થયેલ કામોના ૦.૦ % છે. અમે એ પણ જણાવેલ કે નર્મદા નિગમનો આ બાબત સૈદ્ધાંતિક અભિગમ શું છે? છતવાળા વિસ્તારોના ખેતરોમાં પહેલા પાણી પ્હોંચાડવાનું અને અછતવાળા વિસ્તારમાં મોડેથી પાણી પહોંચાડવું? વળી અછતવાળા ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વધારાના ૩.૦૦ M.A.F. પાણી પહોંચાડવાના છે ત્યારે આ કેનાલોના કામો જ નહીં કરવામાં આવેલ હોય તો આ પાણી પહોંચાડી કઈ રીતે શકાશે? **આ બાબતે આપશ્રીએ જણાવેલ કે સૈદ્ધાંતિક રીતે આપશ્રીની વાત બરાબર છે અને આ દૃષ્ટિથી અમે કાર્યવાહી કરેલ નથી.**

આપશ્રીને વિનંતી કે આ પ્રશ્ને અમે નર્મદા નિગમ તરફથી ન્યાયપૂર્વકના વ્યવહારની અપેક્ષા રાખીએ છીએ. આપશ્રી જરૂરથી યોગ્ય કાર્યવાહીનો આરંભ કરશો તેવી અપેક્ષા.

(જી) અંતમાં આપશ્રીના પ્રત્યુત્તરથી કચ્છ બ્રાંચ કેનાલના કામો બાબત અમને સંતોષ ના થતા અમે આપશ્રીને વિનંતી કરેલ કે અમારી આગામી મિટિંગ મેનેજિંગ ડાયરેક્ટર અથવા તો ચેરમેનશ્રી સાથે ગોઠવી આપો. આપે આ બાબત અમને ધીરજ ધરવાનું જણાવેલ છે.

અંતમાં અમે આપશ્રીને ફરી ફરી વિનંતી કરીએ છીએ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો યોગ્ય ઝડપે હાથ પર લેવા આપશ્રીએ યોગ્ય કાર્યવાહી કરવી ઘટે.

વિશેષમાં જણાવવાનું કે સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીશ્રીઓ તરફથી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ કરવાની અવધિ તા. ૫-૯-૨૦૦૬ના ૨૦૦૯-૧૦ ની જણાવવામાં આવેલ હતી. તા. ૧૦-૭-૨૦૦૬ના ૨૦૦૯-૨૦૧૦ ની જણાવવામાં આવેલ હતી. તા. ૭-૪-૨૦૦૭ના જૂન-૨૦૧૧ ની જણાવવામાં આવેલ હતી અને આજે આપશ્રી ૨૦૧૩-૨૦૧૪ ની જણાવો છો. હવે પછી ઉપરોક્ત તારીખમાં ફેરફાર ના થાય તે પ્રકારની કાર્યવાહી કરવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

એજ લી. આપનો જ વિશ્વાસુ,
અશોક મહેતા
ચેરમેન, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

નકલ રવાના :- ૧) મેનેજિંગ ડાયરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
બ્લોક નં. ૧૨, પ્રથમ માળે, નવા સચિવાલય,ગાંધીનગર-૩૮૨૦૧૦
૨) ચેરમેનશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
બ્લોક નં. ૧૨, પ્રથમ માળે, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

નોંધ :

૧. આ પત્રની એક-એક કોપી નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને તથા ચેરમેનશ્રીને પણ મોકલવામાં આવેલ છે.

૨. આ બાબતની જરૂરી કાર્યવાહી કચ્છની રાજકીય, સામાજિક તથા ઔદ્યોગિક નેતાગીરી ઉપાડી લે તેવી અમે જાહેર અપીલ કરીએ છીએ.

આંખમાં શરમ રાખો ને જીવનમાં ધરમ રાખો.

સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેનશ્રીને કચ્છ બ્રાંચ કેનાલ અંગે લખવામાં આવેલ પત્ર

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૦૯નો લેખ)

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ચેરમેન શ્રી નારાયણભાઈ વી. પટેલે કોઈ કારણસર ગત તા. ૧૧-૭-૦૯ના કચ્છની મુલાકાત લીધેલ હતી કે જ્યારે સ્થાનિક વર્તમાનપત્ર "કચ્છ મિત્ર"ના પ્રતિનિધિએ તેઓની મુલાકાત લીધેલ હતી અને તા. ૧૨-૭-૦૯ના કચ્છમિત્રમાં એ મુલાકાતનો અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો.

કચ્છ બ્રાંચ કેનાલના કામો સંપૂર્ણપણે પૂરા કરવા આ અગાઉ વર્ષ ૨૦૦૬માં નર્મદા નિગમના અધિકારીશ્રીઓ તરફથી ૨૦૦૯-૨૦૧૦નો સમય આપવામાં આવેલ હતો. ત્યારબાદ એપ્રિલ-૨૦૦૭માં જૂન-૨૦૧૧નો સમય આપવામાં આવેલ હતો અને હવે ચેરમેન શ્રી નારાયણભાઈ વી. પટેલ દ્વારા વર્ષ ૨૦૧૩-૨૦૧૪નો સમય 'કચ્છ મિત્ર'ના પ્રતિનિધિશ્રીને આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૩-૨૦૧૪ સુધીમાં આ કાર્યો કઈ રીતે પૂરા કરવામાં આવશે તેના કોઈ જ પ્રકારના આયોજનો નર્મદા નિગમ દ્વારા આપવામાં આવેલ નથી. નિગમ દ્વારા ફરી આપવામાં આવેલ વર્ષ ૨૦૧૩-૨૦૧૪નો વાયદો ફેઈલ ના જાય તે માટે વિગતવાર આયોજનો વિચારવા "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ" તરફથી તેઓશ્રીને ગત તા. ૧૪-૭-૨૦૦૯ના રોજ એક પત્ર મોકલવામાં આવેલ છે કે જેની અક્ષરસઃ વિગત નીચે પ્રસારિત કરવામાં આવેલ છે.

પ્રતિ,

શ્રી નારાયણભાઈ વી. પટેલ
ચેરમેનશ્રી - સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
બ્લોક નં. ૧૨, પ્રથમ માળે, નવા સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

માનનીયશ્રી,

વિષય :- કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો

સંદર્ભ :- આપશ્રીની તા. ૧૧-૭-૦૯ની કચ્છની મુલાકાત અને તેના અનુસંધાને તા. ૧૨-૭-૦૯ના ભુજથી પ્રસારિત થતા "કચ્છ મિત્ર"માં આવેલ અહેવાલ બાબતે.

સવિનય જણાવવાનું કે કચ્છ બ્રાંચ કેનાલ તથા તેના અનુસંધાનના કામો પૂરા કરવા માટે અમને અત્યાર સુધી નર્મદા નિગમના અધિકારીશ્રીઓ પાસેથી અલગ-અલગ સમયે નીચે મુજબની તારીખો આપવામાં આવેલ છે કે જેનો હજુ સુધી કોઈ કારણસર અમલ થઈ શકેલ નથી

વચન આપ્યા તારીખ	કામ પૂરું કરવાની સમય મર્યાદા
તા. ૧૦-૦૭-૨૦૦૬	વર્ષ ૨૦૦૯ - ૨૦૧૦
તા. ૦૫-૦૯-૨૦૦૬	વર્ષ ૨૦૦૯ - ૨૦૧૦
તા. ૦૭-૦૪-૨૦૦૭	જૂન ૨૦૧૧
તા. ૨૩-૦૬-૨૦૦૯	વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪
તા. ૧૧-૦૭-૨૦૦૯	વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪

આ રીતે અલગ અલગ સમયે વર્ષ ૨૦૦૯-૨૦૧૦, જૂન-૨૦૧૧ અને હવે વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ની સમય મર્યાદા **'નર્મદા નિગમ'** તરફથી સત્તાવાર રીતે કહેવામાં આવેલ છે.

અમે ઈચ્છીએ કે આપશ્રીએ ભુજમાં જે રીતે વિશ્વાસપૂર્વક ખાતરી ઉચ્ચારેલ છે કે **"કચ્છ બ્રાંચ કેનાલ"** અને તેના અનુસંધાનના કામો કોઈપણ સંજોગોમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં પૂર્ણ કરવામાં આવશે, એ તારીખો જળવાઈ રહે અને તેના અનુસંધાને

નીચે મુજબના વિભાગીય કાર્યોની વિગતો પણ ઝીણવટપૂર્વક નક્કી કરવી જરૂરી બની રહે છે. જો આ વિભાગીય કાર્યોની વિગતો બાબત ઝીણાવટભરી રીતે અને ચોકસાઈ પૂર્વકના આયોજનો નક્કી કરી શકાશે તો જ આ સમય મર્યાદા જળવાઈ શકશે અને તો જ આપશ્રીએ ઉચ્ચારેલ ખાતરીપૂર્વકના ઉચ્ચારણો જાળવી શકાશે.

આ વિભાગીય કાર્યોની વિગતો નીચે મુજબની છે.

૧) ૦.૦ થી ૨૦.૦૧ કિ.મી.ની લંબાઈની કેનાલના કાર્યો ક્યારે પૂરા કરવામાં આવશે?

૨) ૨૦.૦૧ થી ૩૨.૯૭ કિ.મી.ની લંબાઈની કેનાલના કાર્યો ક્યારે પૂરા કરવામાં આવશે?

૩) ૩૨.૯૭ થી ૪૫.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રિ-ટેન્ડરિંગ ક્યારે કરવામાં આવશે? આ કામો ક્યારે એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?

૪) ૪૫.૦૦ થી ૫૪.૯૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોની ડિઝાઈન ક્યારે પૂરી થશે? ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવશે? ક્યારે કામ એલોટ કરી શકાશે? ક્યારે પૂરા કરાવવામાં આવશે?

૫) ૫૪.૯૦ થી ૬૫.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?

૬) ૬૫.૦૦ થી ૧૧૨.૫૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોની ડિઝાઈન ક્યારે પૂરી થઈ શકશે? ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવશે? ક્યારે કામ આપી શકાશે? ક્યારે કામ પૂરા કરાવવામાં આવશે?

૭) ૧૧૨.૫૦ થી ૧૨૨.૨૧૯ કિ.મી.ની લંબાઈની કેનાલના કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?

૮) ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રી-ટેન્ડરિંગ ક્યારે કરવામાં આવશે? આ કામ ક્યારે આપી શકાશે? ક્યારે પૂરા કરાવવાની ગણના રાખવામાં આવેલ છે?

૯) ૧૩૩.૫૧૯ થી ૧૯૦.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું ફીલ્ડ સર્વે ક્યારે પૂરું કરવામાં આવશે? ક્યારે જમીન સંપાદિત કરવામાં આવશે? ક્યારે ડિઝાઈનિંગ કામ પૂરું થઈ શકશે? ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવશે ? કામ ક્યારે પૂરા કરાવવાની ગણના રાખવામાં આવેલ છે?

૧૦) ૧૯૦.૦૦ થી ૩૬૦.૦૦ કિ.મી.ની કેનાલ લંબાઈના કામોની ટેન્ડર નોટિસ અત્યાર સુધી 3 વખત બહાર પડી ચૂકી છે. ટેન્ડર ક્યારે તૈયાર થઈ શકશે? કામ ક્યારે આપી શકશે? કામ પૂરા કરવાની ગણના ક્યારે રાખવામાં આવેલ છે?

૧૧) ૧૦૦ કિ.મી., ૧૧૨ કિ.મી. તથા ૧૯૦ કિ.મી. ના પમ્પિંગ સ્ટેશનોના કામની પ્રાઈસ બીડ ક્યારે ઓપન કરવામાં આવશે? આ કામો ક્યારે આપવામાં આવશે? આ કામો પૂરા કરવાની ગણના ક્યારની રાખવામાં આવેલ છે?

૧૨) સબ બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ અંગે જમીન ક્યારે સંપાદિત કરવામાં આવશે? તેની ડિઝાઈન ક્યારે કરવામાં આવશે? તેના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે? આ કામો ક્યારે એલોટ કરી શકાશે? આ કામો પૂરા કરવાની ગણના ક્યારે રાખવામાં આવેલ છે?

અમે માનીએ છીએ કે જો ઉપરોક્ત બાબતે ઝીણવટપૂર્વકના આયોજનો નક્કી કરવામાં નહીં આવે તો કદાચ ફરી રીવાઈઝડ સમય-મર્યાદા નક્કી કરવી પડશે કે જે આપે ઉચ્ચારેલ વિશ્વાસપૂર્વકની ખાતરીનો ભંગ થવા સમાન ગણાશે.

આથી અમે આપશ્રીને વિનંતી કરીએ છીએ કે ઉપરોક્ત દરેક બાબતે ઝીણવટપૂર્વકના આયોજનો નક્કી કરવામાં આવે અને તેની વિગતો અમને પૂરી પાડવામાં આવે. આ વિગતો અમને મળેથી અમે આપશ્રીના અધિકારીશ્રીઓ સાથે **"ફોલો-અપ"** કરી શકીએ અને તેથી આપે આપેલ સમય મર્યાદામાં આ કામો પૂરા થઈ શકે.

વિશેષમાં જણાવવાનું કે અમને માહિતી મળ્યા અનુસાર **"કચ્છ બ્રાંચ કેનાલ"** પર જોઈએ તેના પ્રમાણમાં માત્ર ૩૦-૪૦% જેટલો જ સ્ટાફ મૂકવામાં આવેલ છે. જો ખરેખર આવું હોય તો આપશ્રીએ આ વાત પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. આ પ્રશ્નના નિરાકરણ વગર આપશ્રીએ જાહેર કરેલ સમય મર્યાદામાં કામ પૂરું કરવું કઠિન બની રહેશે.

તાજેતરના દિવસોમાં અમદાવાદમાં લઠ્ઠા પ્રકરણનો બનાવ બની ગયો. તેના અનુસંધાને એક જવાબદાર પોલીસ અધિકારીશ્રીની ટ્રાન્સફર કચ્છ ખાતે કરવામાં આવેલ છે, તેવા સમાચારો વર્તમાનપત્રમાં આવી ગયા. આ પ્રકરણના અનુસંધાને જણાવવાનું કે **'કચ્છ બ્રાંચ કેનાલ'** પર નર્મદા નિગમે જે સ્ટાફ મૂકેલ છે તેમાંનો મોટા ભાગનો સ્ટાફ કાર્યરત ના હોય તેવા પ્રકારનો છે.એવું પણ જાણવા મળેલ છે. **"કચ્છ બ્રાંચ કેનાલ"**ના કામો હજુ સુધી જોઈએ તેવા પ્રમાણમાં ન થઈ શકેલ હોય તેનું આ પણ એક કારણ

કોઈના દુઃખે દુઃખી થાય તે દયાળુ. કોઈના સુખે દુઃખી થાય તે ઈર્ષ્યાળુ.

હોઈ શકે. આપશ્રીએ આ બાબતે પણ વિશેષ ધ્યાન આપવું જોઈએ તેવી અમારી માન્યતા છે.

આ બાબતે અમે આપશ્રીના સહકારની અપેક્ષા રાખીએ છીયે.

આપશ્રીના યોગ્ય પ્રત્યુત્તરની અપેક્ષા.

એજ લિ. આપનો જ વિશ્વાસુ,

અશોક મહેતા

ચેરમેન - કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

- **નર્મદા નિગમના ચેરમેનશ્રીની કચ્છ બ્રાંચ કેનાલ બાબતે કરવામાં આવેલ જાહેરાતના અનુસંધાને તેમને લખાયેલ ઉપરોક્ત પત્ર બાબતે તારવણ :**

ઉપરોક્ત પત્રના ક્રમ નં.-૧ થી ૧૨ના દરેક પ્રકારની વિગતોના આયોજનો જો નર્મદા નિગમનાં અધિકારીશ્રીઓ દ્વારા વિગતવાર વિચારવામાં નહીં આવે અને પારદર્શકતાના હેતુથી એ પ્રસારિત કરવામાં નહીં આવે તો વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં કચ્છ બ્રાંચ કેનાલના કામો પૂરા કરવાનો ત્રીજો વાયદો પણ ફેઈલ જવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.

આ કાર્ય પૂરા કરાવવા માત્ર અને માત્ર રાજકીય ઈચ્છાશક્તિ જરૂરી છે અને તે માટે કચ્છની રાજકીય નેતાગીરીએ જ આગળ આવવું જોઈશે. આપણે અનુમાન કરી શકીએ છીએ કે હાલે ગુજરાત વિધાનસભામાં બિરાજમાન કચ્છના છ ધારાસભ્યશ્રીઓ, લોકસભામાં બિરાજમાન કચ્છના લોકસભ્યશ્રી તથા કચ્છના વિવિધ રાજકીય પક્ષોના ઉચ્ચ હોદ્દેદારો આ પ્રશ્ન બાબતે રાજકીય ઈચ્છાશક્તિ નહીં દાખવે તો આવતા વર્ષોમાં કચ્છની જનતા તેઓ માટે શું વિચારશે! **૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપના સમયે જેઓએ ઉદ્યોગમંત્રી તરીકે દીર્ઘદૃષ્ટિ વાપરી, બહારની મૂડી કચ્છમાં ઠાલવવા, ઉદ્યોગોને રાહતના પેકેજની જે પોલિસી જાહેર કરાવડાવી, કચ્છને ફરી બેઠું કરવા પોતાની ફરજ યોગ્યપણે બજાવી એવા ગુજરાત રાજ્યના એક વખતના કચ્છી મુખ્યમંત્રીશ્રી પણ આ બાબતે નિષ્ક્રિય થઈ બેસી રહ્યા છે એ એક અચરજની વાત છે! કચ્છની આનાથી વધુ બદનસીબી શું હોઈ શકે?**

જે રીતે નર્મદા ટ્રિબ્યુનલના ૧૯૬૯થી ૧૯૭૯ના ૧૦ વર્ષના ગાળા દરમ્યાનની કામગીરીના સમયે કચ્છની દરેક ક્ષેત્રની નેતાગીરી નિષ્ક્રિય રહેલ હતી એ જ બાબતનું ફરી પુનરાવર્તન ન થાય તે માટે કચ્છની આમ જનતાએ પણ જાગૃત અને સજાગ રહેવું જરૂરી છે.

આ બાબતની કાર્યવાહી દરેક જાગૃત નાગરિક પોતાના સ્થળેથી કરી શકશે?

સરદાર સરોવર નર્મદા નિગમની કાર્યક્ષમતા

(અનુસંધાન : પાના નં. - ૧૧૨ ઉપરથી ચાલુ)

ઑપન કેનાલના બદલે પાઈપ લાઈન દ્વારા પાણી પહોંચતા કરાવવાની વાત વહેતી કરેલ છે કે જેના કારણે આ પ્રોજેક્ટના બાકી રહેતા કામોની કિંમત જ રૂપિયા એક અબજ કરતા વધુ થાય. આ પ્રકારની વાતો દ્વારા વ્યાપારિક હિત અને પાર્ટીના હિત સિવાય અન્ય કોઈ જ કારણની શક્યતા દેખાતી નથી. અને આ પરિસ્થિતિમાં આવતા ૧૫ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂરો થઈ શકે તેની કોઈ શક્યતા જ રહેતી નથી. આ દીપોત્સવીએ ઉપરોક્ત પ્રશ્ને ભાજપ સરકારનું સરવૈયું નાલેશીજનક જ પુરવાર થાય છે.

હાલની ભાજપ સરકાર છેલ્લાં કેટલાંયે વર્ષોથી ગુજરાત પર શાસન ચલાવી રહેલ છે. જો આ સરકાર નર્મદા પ્રોજેક્ટના કામો આવતા દિવસોમાં પૂરા નહીં કરાવી શકે તો વેઠવાનું તો ગુજરાતની પ્રજાને જ આવશે.

ગુજરાતની પ્રજાએ એક થઈ નર્મદા પ્રોજેક્ટના બાકી રહેતાં કામો સત્વરે પૂરાં કરવાં ગુજરાત સરકાર પર ફરજ પાડવી જોઈએ.

ગુજરાત રાજ્યમાં પાણી પુરવઠા અને જળસિંગાઈ ખાતું પણ વધારાના ૩ M.A.F. પાણી માટેના હજુ સુધી આયોજનો પૂરા કરી શકેલ નથી. જ્યાં આયોજનો જ બાકી હોય ત્યાં તેની કામગીરીનો સવાલ જ પેદા થતો નથી.

ગોકળગાયની ગતિએ ચાલતા આ ખાતાઓને કોઈ પૂછનાર જ નથી.

આઝાદીના ૬૩મા વર્ષે પણ ગુજરાતની લાચાર પ્રજા તેની રાજકીય નેતાગીરી તથા બિનકાર્યક્ષમ અધિકારીઓ સામે હૈયાવરાળ કાઢ્યા સિવાય કશું જ કરી શકતી નથી.

બિનકાર્યક્ષમ વહીવટ બદલ કાયદાકીય રીતે સજા થઈ શકે તેવો ગુનો ઠેરવતી કાયદાકીય કોલમ હોવી જરૂરી છે. સમયની એ માંગ આવીને જ ઊભી રહેશે! ■

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

સરદાર સરોવર નર્મદા નિગમની કાર્યક્ષમતા

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૯નો લેખ)

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ એ નર્મદા મંત્રીશ્રીના ખાતામાં આવે છે. હાલે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નર્મદા મંત્રીશ્રી તરીકે પણ ફરજ બજાવી રહેલ છે.

સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન એ રાજદ્વારી પોસ્ટ છે કે જે પદે હાલ વડોદરાના ભૂતપૂર્વ મેયર અને મૂળ મહેસાણાના શ્રી નારાયણભાઈ પટેલ બિરાજી રહ્યા છે. તેમના હાથ નીચે મેનેજિંગ ડાયરેક્ટરની પોસ્ટ આવે કે જે આઈ.એ.એસ. કક્ષાના ઓફિસર આર.કે. ત્રિપાઠી સંભાળી રહેલ છે.

તેમના હાથ નીચે ટેક્નિકલ ડાયરેક્ટરો આવે કે જેની જગ્યા છેલ્લા લાંબા સમયથી ખાલી છે.

ટેક્નિકલ ડાયરેક્ટરોના પદ નીચે અનેક ચીફ એન્જિનિયરો આવે કે જેમાંની કેટલીક પોસ્ટ છેલ્લા લાંબા સમયથી ભરાયા વગરની રહેવા પામેલ છે.

ચીફ એન્જિનિયરના પદ હેઠળ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ડેપ્યુટી એન્જિનિયર વગેરે ટેક્નિકલ પોસ્ટ આવે કે જેમાંની મોટાભાગની પોસ્ટ પર હાલે કોઈ જ વ્યક્તિ ફરજ બજાવી રહેલ નથી.

એક સમયે ૨૨૦૦૦ની ફોજથી ધમધમતો નર્મદા નિગમનો સ્ટાફ હાલે માત્ર ૩૦૦૦નો રહેવા પામેલ છે કે જેમાંના કેટલાક લોકો વર્ષાંતે નિવૃત્ત થાય છે અથવા તો ઈરિગેશન ખાતા વગેરેમાંથી આવેલ, જે તે ખાતામાં પરત જાય છે. નર્મદા નિગમમાં લાંબા સમયથી ફરજ બજાવતા એક ટેક્નિકલ ડાયરેક્ટર તાજેતરના ભૂતકાળમાં જ પોતાના મૂળ વિભાગ - ઈરિગેશન વિભાગમાં પરત ગયેલ છે.

એક અખબારી અહેવાલ અનુસાર જૂન-૨૦૦૯માં સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીશ્રીઓએ સરકારશ્રીને જણાવેલ છે કે નિગમમાં જરૂરી સ્ટાફ તથા એન્જિનિયરોના અભાવે કેનાલોના કામ થઈ શકતા નથી. આ કામો પૂરા કરાવવા ૮,૦૦૦ નવા એન્જિનિયરોની ભરતી કરવી જરૂરી છે. સરકાર આ પ્રશ્ને શું કરવા વિચારે છે તેના કોઈ અહેવાલો હજુ સુધી પ્રાપ્ત થઈ શકેલ નથી.

છેલ્લા ૧૨ માસથી અખબારોમાં જે અહેવાલો અવારનવાર ઝળક્યા કરે છે તેની પુષ્ટિ નિગમના અધિકારીશ્રીઓએ જ ઉપરોક્ત હકીકતથી આપેલ છે. નવા ૮,૦૦૦ એન્જિનિયરોની ભરતી એ નાની-સૂની વાત ના કહેવાય. આ એક પ્રકારની ખૂબ જ ગંભીર નિષ્કાળજી જ છે. એક તરફ ગુજરાતને ફાળવાયેલા નર્મદાના પાણી, જરૂરી સ્ટાફ ના હોવાના ક્ષુલ્લક કારણોસર ખેડૂતોના ખેતરો સુધી ના પહોંચાડી શકાય. તેના કારણે દર વર્ષે કરોડો રૂપિયાની આવક ખેડૂતો ઉપજાવી ના શકે અને તેના કારણે સમગ્ર ગુજરાતને પણ નુકસાની વેઠવી પડે. અન્ય તરફ કામમાં થતા વિલંબના કારણે પ્રોજેક્ટની કિંમત વધતી જાય. આ માટે ગુનેગાર કોણ? નિગમના ટેક્નિકલ ડાયરેક્ટર, મેનેજિંગ ડાયરેક્ટર, ચેરમેન કે નર્મદા મંત્રીશ્રી? દલીલને ખાતર માની લો કે આ પ્રકારના ગુનેગારોને કાયદાકીય રીતે પૂરી સજા કરી શકાય પરંતુ તેનાથી હાલે ગુજરાતને ફાયદો શું? જે સમય વ્યતીત થઈ ગયો છે તે થઈ જ ગયેલ છે. ગુજરાતના ખેડૂતોની કરોડો રૂપિયાની નીપજ નથી ઉપજી શકી એ નથી જ ઉપજી શકી. વિલંબના કારણે પ્રોજેક્ટની કિંમત વધી ગઈ છે તે વધી જ ગઈ છે.

આ પરિસ્થિતિમાં જે હવે મોટાભાગનું કામ ચારે તરફ વેરાયેલું રહે છે તે પૂરું કરી શકવાની ક્ષમતા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં રહેવા જ પામેલ નથી. આ પરિસ્થિતિમાં પ્રશ્ન એ થાય છે કે અત્યાર સુધી જે યોજના પાછળ ગુજરાતે રૂપિયા ૨૭,૦૦૦ કરોડ ખર્ચી નાંખેલ છે એ પ્રોજેક્ટ પૂરો થવા પામશે કે નહીં? આર્થિક રીતે જોઈએ તો આ પ્રોજેક્ટના ૫૦ ટકા કામ બાકી રહેવા પામેલ છે પરંતુ વિસ્તારની રીતે જોઈએ તો ગુજરાતમાં ચારે તરફ ફેલાયેલા આ પ્રોજેક્ટના ૯૦ ટકા જેટલા કેનાલ વર્ક બાકી રહેવા પામેલ છે.

પ્રથમ પ્રશ્ન એ થાય છે કે આ પરિસ્થિતિમાં સરદાર સરોવર નર્મદા નિગમ આવતા વર્ષોમાં પોતાનું અસ્તિત્વ જાળવી શકશે કે નહીં? દલીલને ખાતર માની લઈએ કે આવતા વર્ષોમાં તેનું અસ્તિત્વ જળવાઈ રહે, તો આવતા ૧૫-૨૦ વર્ષોમાં પણ તેના ભાગે આવેલી કામગીરી પૂરી કરી શકશે કે નહીં?

નર્મદા ટ્રિબ્યુનલનો ચુકાદો ૧૯૭૯માં આવેલ કે જેને આજે ૩૦ વર્ષ પૂરા થવા આવ્યા. આવતા ૧૫ વર્ષોમાં જો ગુજરાત, નર્મદા પ્રોજેક્ટને લગતા બાકીનાં કામો પૂરાં ના કરી શકે તો તે ચુકાદા પછી ૪૫ વર્ષે પણ પોતાને ફાળવાયેલ પાણી વાપરી ના શકે. **નિયમ પ્રમાણે નર્મદા કંટ્રોલ ઓથોરિટી ૪૫ વર્ષ બાદ આ ચુકાદા પર ફેર વિચારણા કરવા હક્કદાર છે અને તેને ૪૫ વર્ષે ખ્યાલ આવે કે ગુજરાત તેને ફાળવાયેલ પાણીનો ૪૫ વર્ષ બાદ પણ ઉપયોગ નથી કરી શક્યું તો આ પાણી અન્ય રાજ્યને ફાળવવાની પૂરેપૂરી શક્યતા રહે છે.** પરિણામે ગુજરાતના ભાગે આવેલ ૯ M.A.F. પાણીમાંથી બાદબાકી થવાની પૂરેપૂરી શક્યતા અત્યારે તો દૃષ્ટિગોચર થાય છે.

ઑપન કેનાલની પદ્ધતિએ બાકી રહેલા કામોનો અંદાજિત ખર્ચ રૂા. ૨૦ કરોડ ગણી શકાય. પરંતુ હાલે નર્મદા નિગમના ચેરમેનશ્રીએ

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૧૧ ઉપર)

ધૂપસળી પોતે બળીને સૌને સુવાસ આપે છે, જ્યારે માણસ કોઈની સુવાસ જોઈને પોતે બળી મરે છે.

કચ્છની પીવાના પાણીની સમસ્યા

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૦૯નો લેખ)

- **આઝાદી પછીના ૬૩મા વર્ષે પણ જો કચ્છના શહેરોની અને ગામડાંઓની પ્રજા દરરોજ પીવાના પાણી માટે તલસતી રહેતી હોય તો આપણે આ કેવી પ્રગતિ સાધી કહેવાય?**
- **કચ્છના છેલ્લા ૬૨ વર્ષના જાહેર જીવનના માધાંતાઓની અને તેમના કાર્યોની શું આ સફળતા કહેવાય?**
- **છેલ્લા ૬૨ વર્ષના ગુજરાતના રાષ્ટ્રીય અગ્રણીઓના કાર્યોના આયોજનનું મૂલ્યાંકન કરવા બેસીએ તો જવાબ શું આવે?**
- **છેલ્લા ૬૨ વર્ષથી ઊંચો પગાર ખાતા આઈ.એ.એસ. અધિકારીઓ અને ઉચ્ચ અમલદારોમાં આમ જનતાની આ હાલાકીનું નિવારણ કરવાની ક્ષમતા નહીં હોય?**

તા. ૨૬-૮-૦૯ના "કચ્છ મિત્ર"માં સમાચાર આવેલ કે માળિયા બ્રાંચ પર ખેડૂતો ડીઝલ પંપ મૂકી ખેતી માટે પાણી ખેંચી રહ્યા છે. તેથી કચ્છની જનતાને પીવાનું પાણી પહોંચી શકતું નથી. આ વિગતે કચ્છના સાંસદ શ્રીમતી પૂનમબહેન જાટે મૌન સેવ્યું અને જણાવ્યું કે કચ્છમાંના જૂના બોર તથા કૂવા ફરી ચાલુ કરાવવા અને નવા બોર બનાવવા તેઓ સાંસદના ફંડમાંથી ગ્રાંટ ફાળવી શકે તેમ છે. **(પ્રશ્ન ક્યાં અને જવાબ ક્યાં!)** કચ્છ ભાજપના પ્રમુખ શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું કે માળિયા બ્રાંચના ખેડૂતો જેટલું પાણી ખેંચી લે, તેટલું વધુ પાણી ઢાંકીથી છોડાવું જોઈએ તેવી અમારી માંગ છે. **(ઢાંકી પાસે ટેક્નિકલી આ શક્ય છે ખરું?)** ધારાસભ્ય ડૉ. નીમાબહેન આચાર્યે જણાવ્યું કે કચ્છનું પાણી બંધ કરતાં પહેલાં કંઈક વૈકલ્પિક વ્યવસ્થા હોવી જોઈએ. **(ધારાસભ્યશ્રી આ વૈકલ્પિક વ્યવસ્થા સૂચવી શકશે અને તેનો અમલ કરાવી શકશે?)** હા, શ્રી બાબુભાઈ મેઘજી શાહે જરૂરથી કંઈક રચનાત્મક સૂચનો કર્યા પરંતુ ટેક્નિકલી એ સૂચનોનો અમલ થઈ શકે કે નહીં તે તેઓશ્રીએ નર્મદા નિગમ અને વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સાથે બેસી તેની વિગતો નક્કી કરવી જોઈએ.

તા. ૨૭-૮-૦૯ના 'કચ્છ મિત્ર'માં સમાચાર આવ્યા કે કચ્છના ઉદ્યોગોના એક પ્રતિનિધિમંડળે તેમના ઉદ્યોગો ચલાવવા જરૂરી પાણી મેળવવા અંગે પાણી પુરવઠા અને જળ સિંચાઈ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની મુલાકાત લીધી અને નિરાશ વદને પરત ફર્યા. છેલ્લા દસ દિવસથી ઉદ્યોગોને બિલકુલ પાણી મળેલ ન હતું. તેમનું ઉત્પાદન ઠપ્પ હતું. લગભગ રૂપિયા ૪૦૦ કરોડનું ઉત્પાદન આ દિવસોમાં ન થઈ શક્યું.

ધરતીકંપ બાદ કચ્છમાં રૂપિયા ૧૮,૦૦૦ કરોડના મૂડી રોકાણથી ૩૮૪ ઔદ્યોગિક એકમો સ્થપાયા છે. સ્ટીલ, શૉ પાઈપ, સાબુ, કોસ્મેટિક પ્રકારના ઉદ્યોગોને પોતાના ઉત્પાદન માટે પાણી વિશાળ માત્રામાં જોઈએ. કચ્છમાં ૨૬ જેટલા તો મહાકાય સ્ટીલ ઉદ્યોગો જ છે. દરેક એકમમાં ૬૦૦થી ૧૦૦૦ કામદારો કામ કરે છે. બધા ઉદ્યોગોને પાણીની જરૂરિયાત તો રહે જ છે. તેમના કામદારોને પણ પાણી તો જોઈએ જ. આ પ્રકારના ઉદ્યોગોના કારણે કદાચ ૨ લાખ લોકો કચ્છ બહારથી આવી આ ઉદ્યોગો સાથે કાર્યરત રહેતા હશે. આ ઉદ્યોગકારો ગુજરાતના અન્ય પ્રદેશમાંથી અથવા તો મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણા અથવા તો ભારતના અન્ય રાજ્યોમાંથી આવેલ હશે. તેઓ કચ્છમાં જ્યારે ઉદ્યોગો સ્થાપી રહ્યા હોય ત્યારે પોતાના આ પ્રદેશમાંથી કચ્છમાં પાણી લાવીને વાપરે એ કહેવું યોગ્ય તો નથી જ અને શક્ય પણ નથી. તેઓને પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કાં તો ગુજરાત સરકારે કરવી જોઈએ અથવા તો તેઓ કચ્છનું ભૂગર્ભ જળ ઉલેચવાના જ. એ સિવાય બીજો કોઈ ચારો જ ન હોઈ શકે. ડી-સેલિનેશન પ્લાન્ટ એક અન્ય વિકલ્પ છે કે જે માટે ગુજરાત સરકારે કાં તો આ પ્રકારના પ્લાન્ટની સ્થાપના કરવી જોઈએ અને કાં તો એ માટે સ્પષ્ટ નીતિ નિયમ નક્કી કરી, કોઈ સાહસિક આ પ્રકારનો પ્લાન્ટ સ્થાપે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ અથવા તો હયાત ઉદ્યોગકારોને એ માટે ફરજ પાડવી જોઈએ. દુઃખ સાથે નોંધવું પડે છે કે ગુજરાત સરકાર આ બાબતે બિલકુલ અનિશ્ચિત છે અને તેથી જ ઉદ્યોગકારો દ્વારા વપરાતા ભૂગર્ભજળ સામે આંખ આડા કાન કરે છે. આ તબક્કે એ પણ નોંધવું જોઈએ કે ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલા ઉદ્યોગોની પાણીની દૈનિક જરૂરિયાત ૩૦૦ MLDની છે કે જેની સામે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા તેમને માત્ર ૫૦ MLD પાણી ફાળવવામાં આવેલ છે. બાકી રહેતું ૨૫૦ MLD પાણી કચ્છનું ભૂગર્ભજળ જ વપરાય છે. અત્રે એ પણ નોંધવું જોઈએ કે પાણી પુરવઠા મંત્રીશ્રીએ આ પ્રતિનિધિ મંડળને જાતે બોર બનાવી, એ પાણી વાપરવા તેઓ પરમિશન આપશે તેવું પણ કચ્છ મિત્રનો અહેવાલ જણાવે છે.

'કચ્છ મિત્ર' દૈનિકનો તા. ૨૮-૮-૦૯નો અહેવાલ જણાવે છે કે રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીરે જાહેર કરેલ છે કે માળિયા

ભગવાનને માનનારા તો ઘણા હોય છે પરંતુ ભગવાનનું માનનારા ઘણા ઓછા હોય છે.


વિસ્તારના ખેડૂતો ખુલ્લી નહેરમાંથી પાણી લઈ જતા હોવાથી કચ્છને અલગથી પાઈપ લાઈન દ્વારા પાણી પૂરું પાડવામાં આવે તેવી દરખાસ્ત તેઓશ્રીએ પાણી પુરવઠા મંત્રીશ્રી સમક્ષ મૂકેલ છે અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બોલાવેલ મિટિંગમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી અમિત શાહ, પાણી પુરવઠા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી વાસણભાઈ આહીરની ઉપસ્થિતિમાં કચ્છ માટે અલગથી પાણીની પાઈપ લાઈન લેવા વિચારણા કરવામાં આવેલ હતી.

'કચ્છ મિત્ર' દૈનિકના રવિવાર, તા. ૩૦-૮-૨૦૦૯ના અંકમાં મુખ્ય તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ આ બાબતે એક અભ્યાસપૂર્ણ અગ્રલેખ લખેલ છે અને જણાવેલ છે કે માળિયા પાસેથી પમ્પિંગ દ્વારા જે પાણી ઉલેચાય છે તે પાણી કચ્છ - સૌરાષ્ટ્રના ૧,૧૮,૦૦,૦૦૦ની જનતા માટે હોય છે. પરંતુ માળિયા પાસેથી દરરોજ એટલું પાણી પમ્પિંગ કરવામાં આવે છે ખરું? આ એક કરોડ ૧૮ લાખની જનતાના અસ્તિત્વનો સવાલ ઊભો થાય તેવા જીવન જરૂરી પાણી ન પહોંચે અને અન્ય તરફ ૨૦૦૦થી ૩૦૦૦ ખેડૂતોને ખેતી માટે પાણી અપાય એ કયા ન્યાયી સિદ્ધાંતની વાત છે? એવો પ્રશ્ન શ્રી કીર્તિભાઈ ખત્રીએ પોતાના અગ્રલેખમાં ઉઠાવેલ છે.

'કચ્છ મિત્ર'ના તા. ૮-૯-૨૦૦૯ના 'આરપાર' વિભાગમાં શ્રી જીલુભા ગોવિંદજી જાડેજાએ જણાવેલ છે કે કચ્છની ૧૫ લાખની જનતા માટે ૧૫૦ MLD પાણી પીવા માટે નિર્ધારિત કરવામાં આવેલ છે એ હિસાબે ૧,૧૮,૦૦,૦૦૦ની જનતાને ૧૧૮૦ MLD પાણી પીવા માટે જોઈએ. ખરેખર આટલું પાણી વિતરણ કરવામાં આવે છે? વળી ૧૧૮૦ MLD પાણી જો માળિયા પાસેથી પમ્પિંગ કરીને લિફ્ટ કરવાનું હોય તો ઢાંકી પાસે ૨૦૦૦થી ૨૫૦૦ MLD પાણી છોડવું પડે. શું એ પ્રમાણે પાણી છોડવામાં આવે છે? અને એ પ્રમાણે ઢાંકી પાસે કેનાલની કેપેસિટી છે? ફરી તેઓએ માળિયા પાસે ૩૦ દિવસ ચાલે એટલા પાણીનો સમ્પ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરે બનાવેલ નથી અને તેના કારણે છેલ્લા ૭ વર્ષમાં માળિયા બ્રાંચ કેનાલને રિપેર કે મેઈન્ટેઈન કરવા બંધ રાખી શકાતી નથી અને કેનાલમાં માટી એકત્રિત થઈ જવાના કારણે કેનાલની કેપેસિટી સારી એવી ઘટી જવા પામેલ છે તેવું પણ ધ્યાન દોરેલ છે.

'કચ્છ મિત્ર'ના મંગળવાર, તા. ૧૫-૯-૨૦૦૯માં સમાચાર આવેલ છે કે ભુજ સુધરાઈ પ્રમુખ દેવરાજ ગઢવીએ જણાવેલ છે કે તા. ૧૧-૯-૨૦૦૯ પછી એટલે કે છેલ્લા ૪ દિવસથી નર્મદાના પાણી આવ્યા જ નથી. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના અધિકારીશ્રી તલવૈયાએ જણાવેલ છે કે માળિયાથી પાણી આવ્યું જ નથી તો તેનું વિતરણ કેમ થાય?

આજથી ૭ વર્ષ અગાઉ સામખિયાળી ખાતે જ્યારે ગુજરાતના



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પીવાના પાણીની પાઇપ લાઈનનું ઉદ્‌ઘાટન કરેલ ત્યારે સારાયે કચ્છમાંથી માનવ મહેરામણ ઉમટેલ અને લોકોને આશા હતી કે હવે તેઓના પીવાના પાણી માટેની હાલાકી દૂર થશે. પરંતુ ઉપરોક્ત અહેવાલો વાંચ્યા પછી એવું લાગે છે કે ૭ વર્ષ પછી પણ કચ્છની પ્રજા ઠેરની ઠેર છે! તેની હાલાકીમાં આ પ્રશ્ને કોઈ જ સુધારો થયેલ નથી. ગુજરાત સરકારનું પ્રધાન મંડળ, કચ્છના રાજકીય આગેવાનો અને ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ જો આ પ્રશ્નનું નિરાકરણ ન લાવી શકતા હોય તો આનાથી વધુ કચ્છની કમનસીબી શું હોઈ શકે?

આ પ્રશ્ને આપણે વિગતોના ઊંડાણમાં ઉતરીએ.

૪૮૫ કિ.મી. લાંબી નર્મદા નદીના સિંચાઈના પાણી માટેની મેઈન કેનાલ સરદાર સરોવર ડેમ સાઈટથી ગુજરાત - રાજસ્થાન બોર્ડર સુધી જાય છે અને તેનું કામ પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે.

આ મેઈન કેનાલમાંથી સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ ૨૬૩ કિલોમીટરે કડી પાસેથી નીકળે છે કે જેનું કામ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. જ્યારે કચ્છ બ્રાંચ કેનાલ ૩૮૫ કિલોમીટરે બનાસકાંઠાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી નીકળે છે અને તેનું લગભગ સંપૂર્ણ કામ બાકી છે.

એ દરમ્યાન કચ્છને પીવાના પાણીની દુષ્કાળના સમયે ખૂબ જ જરૂરિયાત ઊભી થતા સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલમાંથી જે માળિયા બ્રાંચ કેનાલ નીકળે છે તેમાંથી ૨૦૦ MLD (મિલિયન લિટર પર ડે)ની પાઈપ લાઈન દ્વારા વર્ષ ૨૦૦૨થી આ પાણી કચ્છને પહોંચાડવામાં આવે છે.

સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલમાં ઢાંકી પાસે ખૂબ જ વિશાળ પમ્પિંગ સ્ટેશન દ્વારા તે પાણી આગળ ઠલવાય છે કે જેમાંથી અનેક બ્રાંચ કેનાલોમાંથી એક બ્રાંચ કેનાલ માળિયા તરફ જાય છે. તેને માળિયા બ્રાંચ કેનાલ કહેવાય છે. માળિયા બ્રાંચ કેનાલ ઢાંકીથી ખીરઈ સુધી આવે છે અને તેની લંબાઈ ૧૩૫ કિ.મી.ની છે. આ હદ સુધીના ઑપન કેનાલના કામો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના કાર્યક્ષેત્રમાં આવે છે.

ખીરઈમાં એક સમ્પ બનાવી ત્યાંથી પમ્પિંગ દ્વારા એક તરફ પાઈપ લાઈન વાટે રાજકોટ, જામનગર, દ્વારકા તરફના વિસ્તારમાં પીવાના પાણી તરીકે આપવામાં આવે છે અને બીજી પાઈપ લાઈન દ્વારા તે સામખિયાળી થઈ કચ્છના બાકીના પ્રદેશમાં પીવાના પાણી તરીકે પહોંચાડવામાં આવે છે. આ પીવાના પાણીની પાઈપ લાઈનનું કામ ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વોટર લિમિટેડના કાર્યક્ષેત્રમાં આવે છે.

નર્મદા નદીના ઉપરોક્ત પાણીમાંથી કચ્છને દરરોજના ૨૦૦ મિલિયન લિટર પાણી ફાળવવામાં આવેલ છે અને તે પાઈપ લાઈનની કેપેસિટી પણ ૨૦૦ MLD (મિલિયન લિટર પર ડે)ની રાખવામાં આવેલ છે.

કચ્છને ફાળવાયેલ ૨૦૦ MLD પાણીમાંથી ૧૫૦ MLD પાણી કચ્છના ૯૦૦ ગામના ૧૫ લાખની વસતિ માટે પીવાના પાણી તરીકે ફાળવાયેલ છે અને ૫૦ MLD પાણી કચ્છના ઉદ્યોગોને ફાળવાયેલ છે.

વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધી કચ્છના ૯૦૦ ગામોને હજુ સુધી પાઈપલાઈન દ્વારા સાંકળવામાં આવી શકેલ નથી. અબડાસા, લખપત વગેરે વિસ્તાર બાદ કરતાં વધુમાં વધુ ૬૦૦ ગામોને સાંકળવામાં આવેલ છે અને આ ૬૦૦ ગામોના પાણીની પાઈપ લાઈનના કામો પણ હજુ પૂરાં થઈ શકેલ નથી.

પરિણામ સ્વરૂપે જે ગામોને પાણી ફાળવવામાં આવેલ છે તેની જરૂરિયાત કરતાં ખૂબ જ વધુ આ ૧૫૦ MLD પાણીની ગણના થઈ શકે. પરંતુ તેમ છતાં હજુ સુધી દૈનિક ધોરણે એક પણ ગામની પાણીની જરૂરિયાત પૂરી થઈ શકેલ નથી. કચ્છના દરેક શહેર અને ગામમાંથી આ પીવાના પાણીની બૂમ સતત આવ્યા જ કરે છે. પ્રશ્ન એ થાય છે કે તો આ ૧૫૦ MLD પીવાના પાણીનું કરવામાં આવે છે શું?

તપાસ કરતા એ જાણવા મળેલ છે કે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ઢાંકી પાસેથી પમ્પિંગ કરીને માળિયા બ્રાંચ કેનાલમાં ૧૪૦૦ MLD જેટલું પાણી ઠાલવવામાં આવે છે અને ૧૩૫ કિ.મી.નો પ્રવાસ કરી, એ પાણી ૩થી ૪ દિવસે ખીરઈ પહોંચે ત્યારે ત્યાંથી વધુમાં વધુ ૩૦૦ MLD પાણી લિફ્ટ કરી શકાય તેટલો જ જથ્થો બાકી રહે છે. (બાકીના પાણીનો વપરાશ વચ્ચેના ૧૮ આઉટલેટ દ્વારા વચ્ચેના પ્રદેશ દ્વારા કરવામાં આવે છે.) તેનો મતલબ એ થયો કે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ખીરઈથી માત્ર ૩૦૦ MLD પાણી લિફ્ટ કરી શકે છે કે જેનો વપરાશ એક તરફ રાજકોટ, જામનગર, દ્વારકા તરફના પ્રદેશ દ્વારા કરવામાં આવે છે કે જેની દૈનિક જરૂરિયાત ૧,૦૩,૦૦,૦૦૦ વ્યક્તિ માટે હોય છે અને બીજી તરફ કચ્છ પ્રદેશ માટે કરવામાં આવે છે કે જ્યાં દરરોજ ૨૦૦ મિલિયન લિટરના બદલે ૧૦૦ મિલિયન લિટર જેટલા પાણીનો જથ્થો પહોંચાડવામાં આવે છે. આ ૧૦૦ મિલિયન લિટર પાણીમાંથી ઉદ્યોગોને દૈનિક ૫૦ મિલિયન લિટર પાણી આપવામાં આવે છે અને પીવાના પાણી તરીકે બાકી દૈનિક ૫૦ મિલિયન લિટર જ પાણીની બચત રહે છે. સત્ય હકીકત એ છે કે કચ્છને ભલે કાગળ પર ૨૦૦ MLD પાણી ફાળવવામાં આવેલ છે પરંતુ કચ્છની પાઈપ લાઈનમાં ૧૦૦ MLDની આજુબાજુ જ પાણી સપ્લાય કરવામાં આવે છે. આ રીતે કચ્છની જરૂરિયાત કોઈ સંજોગોમાં પૂરી થઈ શકતી નથી. આ બાબત કચ્છની પ્રજાને અત્યાર સુધી અંધારામાં જ રાખવામાં આવેલ છે. હજુ સુધી કચ્છની એક પણ વ્યક્તિએ આ બાબતની ઊંડાણમાં

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

જઈ તપાસ કરેલ જ નથી. જો આ બાબત અત્યાર સુધી તપાસ કરવામાં આવી હોત તો આ પરિસ્થિતિની જાણ વહેલી થઈ શકત.

વિશેષમાં જણાવવાનું કે ખીરઈ પાસે ઓછામાં ઓછા ૩૦ દિવસના પાણીનો સંગ્રહ થઈ શકે તેવો સમ્પ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે કરવાની જરૂરિયાત હતી અને તેને તે પ્રમાણે સૂચના પણ આપવામાં આવેલ હતી કે જેથી જ્યારે જ્યારે માળિયા બ્રાંચ લાઈનને મેઈન્ટેનન્સ માટે બંધ કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે આ પાણીના સપ્લાયમાં તકલીફ ના પડે અને રાજકોટ તથા કચ્છ તરફના પ્રદેશને નિયમિતપણે પાણી પહોંચતું રહે.

દુઃખદાયક હકીકત એ છે કે આ પ્રકારનો સમ્પ બનાવવાના બદલે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ખીરઈ પાસેથી ડાયરેક્ટ પમ્પિંગ કરીને આ પાઈપ લાઈનમાં પાણી સપ્લાય કરવાની પદ્ધતિ ચાલુ રાખેલ છે કે જેના પરિણામ સ્વરૂપે માળિયા બ્રાંચ કેનાલને મેઈન્ટેઈન કરવાની કે તેની મરામત કરવાની કોઈ શક્યતા રહેવા દીધેલ નથી. વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધી આ લાઈનમાં ૧૪ વખત ભંગાણ પડેલ છે અથવા કોઈ કારણસર આજુબાજુના પ્રદેશોના ખેડૂતો દ્વારા ભંગાણ પાડવામાં આવેલ છે કે જેના કારણે આ કેનાલને જે-તે સમયે બંધ રાખવામાં આવેલ છે. વળી આ ભંગાણના કારણે માળિયા બ્રાંચ કેનાલમાં અનેક સ્થળે માટી અને કચરાના થરો જામી ગયેલ છે કે જે છેલ્લા ૭ વર્ષમાં એક પણ વખત સાફ થઈ શકેલ નથી અને આ માટીના ઢગના કારણે આ કેનાલની કેપેસિટી સારા એવા પ્રમાણમાં ઘટી જવા પામેલ છે. દરેક ભંગાણના સમયે કેનાલમાં પાણી આપવાનું બંધ કરવામાં આવતા તેની અસર અનેક શહેરો અને ગામડાંના પીવાના પાણી પર થાય છે અને લોકોને આ પાણી મળી શકતા નથી. ભંગાણના સમયે આ કેનાલને માત્ર રિપેર કરવામાં આવે છે. સફાઈ કરવા જેટલો સમય જ આ કેનાલના રખેવાળોને આપી શકાતો નથી.

ખીરઈ પાસે ૩૦ દિવસના પાણીના સંગ્રહ જેટલો સમ્પ ન બનાવીને ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે ભયંકર ભૂલ કરેલ છે કે જેનો ભોગ આ બધા જ પ્રદેશની પ્રજા બની રહેલ છે. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ પોતાની આ ભૂલ તાત્કાલિક ધોરણે સુધારી લે તેવી ફરજ તેના પર આ પ્રદેશના લોકોએ પાડવી જોઈએ.

માળિયા બ્રાંચ કેનાલ ઢાંકીથી ખીરઈ સુધી ૧૩૫ કિ.મી. લાંબી છે. ખીરઈ તરફના લગભગ ૫૦-૬૦ કિ.મી.ની લંબાઈમાં હળવદ, માળિયા વગેરે પ્રદેશ આવે છે કે જ્યાંના ખેડૂતો આ કેનાલ પર ડીઝલ પંપ મૂકી પાણી ખેંચી રહ્યા છે. પરિણામ સ્વરૂપે આ પાણી જ્યારે ખીરઈ પહોંચે છે ત્યારે ૩૦૦ MLDના બદલે ૨૦૦ કે ૧૫૦ MLD જેટલું જ પાણી ખેંચી શકાય છે. પાણીનું પ્રમાણ તેટલી હદે ઘટી જાય છે. આ હકીકતનો મતલબ એ થયો કે આ પરિસ્થિતિમાં એક તરફ રાજકોટ તરફના પ્રદેશને અને અન્ય તરફ કચ્છ તરફના પ્રદેશને આ પાણી પુષ્કળ માત્રામાં ઓછું જ મળી શકે છે. જો હળવદ - માળિયા પ્રદેશના ખેડૂતોને ડીઝલ પંપ દ્વારા પાણી ખેંચવાની કાયદેસર કે ગેરકાયદેસર પરમિશન હોય તો કચ્છને પીવાના પાણી મળી જ ના શકે. આનો કોઈ જ વિકલ્પ નથી. આ બાબતે આગળ શું કરવું તે કચ્છની બધા જ પક્ષની નેતાગીરીએ કે કચ્છની જનતાએ વિચારવાનું રહે છે.

ટેક્નિકલ હકીકત એ છે કે ઢાંકી પાસેની કેનાલની કેપેસિટીના કારણે ૧૪૦૦ MLDથી વધુ પાણી તેમાં વહાવી શકાતું નથી. આ પાણી ખીરઈ પહોંચે ત્યારે તેમાંથી ૩૦૦ MLDથી વધુ પાણી લઈ શકાતું નથી અને વચ્ચેથી ડીઝલ પંપથી પાણી ઉપાડી લેવામાં આવે તો આ પાણી ૧૫૦ MLDથી વધુ મળી શકતું નથી કે જે રાજકોટ તરફના પ્રદેશને અને કચ્છ તરફના પ્રદેશને ફાળવવાનું હોય છે.

આ પરિસ્થિતિમાં કચ્છે પોતાના પીવાના પાણીના પ્રશ્ને વિચારવાનું રહે છે.

આ પ્રશ્ને નીચે મુજબ નિરાકરણ લાવી શકાય :

૧. ઢાંકી પાસેથી જ પાઈપ લાઈન દ્વારા કચ્છને પાણી પૂરું પાડવામાં આવે.

૨. કચ્છ બ્રાંચ કેનાલના રાધનપુરની આજુબાજુના વિસ્તારમાંથી અન્ય એક પાઈપ લાઈન નવી ખેંચી, કચ્છને પાણી પૂરું પાડવામાં આવે.

૩. કચ્છ બ્રાંચ કેનાલના કામોમાં ઝડપ લાવી, એ કામો સત્વરે પૂરાં કરાવવામાં આવે.

૪. ગુજરાત સરકાર ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપી, કચ્છના ગામડાંઓની વસતિને તથા કચ્છના ઉદ્યોગોને આ પાણી પૂરું પાડવાની પોતાની ફરજ બજાવે.

કચ્છની નેતાગીરીએ આ બાબતે નિરાકરણ લાવવું જરૂરી છે કે જે રાજકીય ઈચ્છાશક્તિ વગર શક્ય નહીં બને. ત્યાં સુધી કચ્છની પ્રજાએ વેઠવું જ રહ્યું. ■

આપણા વડીલોનો વારસો
શુદ્ધ કાંસાના વાસણ
પ્રાપ્તિ સ્થાન :
પારસ મેટલ વર્કસ
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના
મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને કચ્છ બ્રાંચ કેનાલ અંગે લખવામાં આવેલ પત્ર

• અશોક મહેતા •

તા. ૨૬-૧૦-૨૦૦૯

પ્રતિ,
શ્રી આર.કે. ત્રિપાઠી
મેનેજિંગ ડાયરેક્ટરશ્રી,
સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
બ્લોક નં.-૧૨, પહેલો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

માનનીયશ્રી,

વિષય : કચ્છ બ્રાંચ કેનાલ

નીચેના મુદ્દાઓ ધ્યાન પર લેવા વિનંતી.

૧. કચ્છ બ્રાંચ કેનાલના બાંધકામ વિષે માઈક્રો પ્લાનિંગ.

આ બાબતે અમે ચેરમેનશ્રી, નર્મદા નિગમને તા. ૧૪-૭-૨૦૦૯ના એક પત્ર લખેલ છે કે જેની એક કોપી આ સાથે બીડેલ છે.

અગર આપણે કચ્છ બ્રાંચ કેનાલના કામો વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં પૂરા કરવા માંગતા હોઈશું તો આ પ્રમાણે વિગતવાર માઈક્રો પ્લાનિંગ કરેલ હશે, તો જ શક્ય બનશે.

૨. ગત વિધાનસભામાં સુરતના ધારાસભ્ય શ્રી ધીરૂભાઈ ગજેરાએ પૂછેલ પ્રશ્નનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આપેલ એ મુજબ વરસાદની છતવાળા જિલ્લા એટલે કે નર્મદા, વડોદરા, ભરૂચ, પંચમહાલ, ખેડા, આણંદ, ગાંધીનગર અને અમદાવાદ (એમ ટોટલ ૮) જિલ્લામાં સરેરાશ કેનાલોના કામ ૫૦ ટકા થયેલ છે. જ્યારે વરસાદની અછતવાળા જિલ્લા એટલે કે મહેસાણા, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, ભાવનગર, રાજકોટ અને કચ્છ (એમ ટોટલ ૭) જિલ્લાના કેનાલોના કામ સરેરાશ માત્ર ૧ ટકો થયેલ છે. અને કચ્છ જિલ્લાના કામ તો બિલકુલ થયેલ નથી.

છતવાળા જિલ્લામાં કેનાલોના કામ ૫૦ ટકા અને અછતવાળા જિલ્લામાં ૧ ટકો અને કચ્છમાં તો બિલકુલ ૦ ટકો થયેલ છે. નિગમની કામ કરાવવાની આ પોલિસી યોગ્ય છે?

૩. કચ્છ બ્રાંચ કેનાલ પર આવતા ૩ પમ્પિંગ સ્ટેશનો (૧૦૦ કિ.મી., ૧૧૨ કિ.મી. અને ૧૯૦ કિ.મી.)ની ટેકનિકલ બીડનું વિશ્લેષણ - માત્ર બે ટેન્ડર હોવા છતાં - અંદાજિત ૨ વર્ષથી હજુ પણ ચાલુ છે. હજુ પ્રાઈસ બીડ તો ઑપન જ કરવામાં આવેલ નથી. કચ્છના કામની આટલી ધીમી ગતિ શા માટે?

૪. ૧૯૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી.ની કેનાલના કામોની ઈ.પી.સી. પદ્ધતિથી ટેન્ડર નોટિસ ત્રણ વખત બહાર પડી. હજુ ટેન્ડર તૈયાર કરવામાં આવેલ નથી. તો આ ટેન્ડર નોટિસ વખતો વખત બહાર પાડવાનું કારણ શું? આ ટેન્ડર ક્યારે તૈયાર થઈ શકે?

૫. અધિક્ષક ઈજનેર શ્રી કે.વી. સંઘવીના તા. ૦૪-૦૯-૨૦૦૯ના પત્ર અનુસાર નીચેના કામો સપ્ટેમ્બર-૨૦૦૯માં પૂર્ણ કરી દેવામાં આવેલ હશે.

તીર્થ પટ
જૈન ધર્મના કેન્વાસ પેઇન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઇમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

- ૦૦.૦૦ કિ.મી.થી ૨૦.૦૧ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.
- ૨૦.૦૧ કિ.મી.થી ૩૨.૯૭ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.
- ૧૧૨.૭૫ કિ.મી.થી ૧૨૨.૨૧૯ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.

૬. અધિક્ષક ઈજનેર શ્રી કે.વી. સંઘવીના તા. ૦૪-૦૯-૨૦૦૯ના પત્ર અનુસાર નીચેના કામોનું જે રી-ટેન્ડરીંગ કરવામાં આવેલ તેના કોન્ટ્રાક્ટ અપાઈ ગયેલ હશે.

- ૩૨.૯૭ કિ.મી.થી ૪૫.૦૦ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.
- ૧૨૨.૨૧૯ કિ.મી.થી ૧૩૩.૫૧૯ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.

૭. અધિક્ષક ઈજનેર શ્રી કે.વી. સંઘવીના તા. ૦૪-૦૯-૨૦૦૯ના પત્ર અનુસાર નીચેના કામોની કેન્દ્રીય વન વિભાગની રીઝર્વ ફોરેસ્ટ માટેની મંજૂરી તથા ભારત સરકાર તરફથી ક્લિયરન્સની મંજૂરી મળી ગયેલ હશે.

- ૪૫.૦૦ કિ.મી. થી ૫૫.૦૦ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.
- ૮૩.૦૦ કિ.મી.થી ૧૧૨.૦૦ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો.

૮. એક અખબારી અહેવાલ અનુસાર ૧૯૯૦માં નર્મદા નિગમનો સ્ટાફ જે ૨૨,૦૦૦ કર્મચારીઓનો હતો તે ઘટીને હાલે ૩૦૦૦ કર્મચારીઓનો થઈ ગયેલ છે. આ વાત બરાબર છે? જો આ વાત યોગ્ય હોય તો જ્યારે અંદાજિત રૂા. ૨૦,૦૦૦ કરોડની કિંમતના કામો બાકી છે, ત્યારે આવું શાથી થયું? આટલા ઓછા સ્ટાફથી બાકી રહેતા કામો સમયસર પૂરા કઈ રીતે થઈ શકશે?

૯. એક અખબારી અહેવાલ અનુસાર જૂન-૨૦૦૯માં સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીશ્રીઓએ સરકારશ્રીને જણાવેલ છે કે નિગમમાં જરૂરી સ્ટાફ તથા એન્જિનિયરોના અભાવે કેનાલોના કામ થઈ શકતા નથી. આ કામો પૂરા કરાવવા ૮૦૦૦ નવા એન્જિનિયરોની ભરતી કરવી જરૂરી છે. આ અહેવાલ સત્ય છે? જો સત્ય હોય તો આગળની કાર્યવાહીના પરિણામો જણાવવા વિનંતી.

૧૦. એવું કહેવાય છે કે નિગમના કામો જરૂરી અધિકારીઓના અભાવે થઈ શકતા નથી. ટેકનિકલ ડાયરેક્ટરો, ચીફ એન્જિનિયરો, સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયરો, એક્ઝિક્યુટીવ એન્જિનિયરો, ડેપ્યુટી એન્જિનિયરો વગેરે ટેકનિકલ સ્ટાફ જોઈએ તેના પ્રમાણમાં ખૂબ જ ઓછો છો. જો હકીકત સત્ય હોય તો બાકી રહેતા કામો પૂરા કરાવવા શા આયોજનો વિચારાયા છે?

૧૧. અખબારી અહેવાલ અનુસાર નિગમના ચેરમેનશ્રીએ જાહેરાત કરેલ છે કે લેવાયેલ નિર્ણય મુજબ કેનાલોના બાકી રહેતા ૬૬,૦૦૦ કિ.મી.ના કામોમાં ઓપન કેનાલના બદલે પાઈપ લાઈનથી સિંચાઈના પાણી લઈ જવા બાબતે નિર્ણય લેવાયેલ છે. શું આ બાબત સત્ય છે? અને જો તે સત્ય હોય તો બાકી રહેતી ૧૫ વર્ષની અવધિમાં (૪૫ વર્ષે ટ્રીબ્યુનલ પોતાના નિર્ણયની ફેર વિચારણા કરી શકે છે) આ કામો કઈ રીતે પૂરા થઈ શકશે?

સાહેબશ્રી, એવું કહેવાય છે કે સિંચાઈની કોઈ પણ યોજના ૧૦૦ ટકા પૂરી થઈ શકતી નથી. પછી તે ઈજિપ્તની નાઈલ નદી પરનો આથ્વાન ડૅમની યોજના હોય કે ભાકરા નાંગલ ડૅમની યોજના હોય કે ઉકાઈ ડૅમની યોજના હોય! અત્યારના અનુભવ પ્રમાણે અંદાજિત ૫ ટકા કામ તો બાકી રહી જ જાય છે. કચ્છ એ સરદાર સરોવર ડૅમની યોજનામાં છેવાડાનો પ્રદેશ છે. અમને એટલે કે કચ્છીઓને બીક લાગે છે કે આ ૫ ટકામાં કદાચ કચ્છનો નંબર ન લાગી જાય! અને એટલે જ અમને કચ્છ બ્રાંચ કેનાલના કામો માટે સતત ચિંતા રહ્યા કરે છે. આપશ્રી આ બાબતે હમદર્દી રાખી, કચ્છની પ્રજાને જરૂરથી મદદ કરી શકો તેમ છો.

આપશ્રીના સકારાત્મક અને સહકારભર્યા વલણની અપેક્ષા સહ,

આપનો જ વિશ્વાસુ,

અશોક મહેતા

ચેરમેન

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ.

Meera Marketing

Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils

Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના
મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને કચ્છ બ્રાંચ કેનાલ અંગે લખવામાં આવેલ પત્ર

• અશોક મહેતા •

તા. ૦૨-૧૧-૨૦૦૯

પ્રતિ,
શ્રી આર.કે. ત્રિપાઠી
મેનેજિંગ ડાયરેક્ટરશ્રી,
સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
બ્લોક નં.-૧૨, પહેલો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

માનનીયશ્રી,

વિષય : કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોના અનુસંધાને અમારા પ્રતિનિધિ મંડળની તા. ૨૯-૧૦-૨૦૦૯ની આપશ્રી સાથેની મુલાકાત અને મીટિંગ.

અમારા પ્રતિનિધિ મંડળને આપશ્રીએ આપનો અમૂલ્ય સમય ફાળવી, ગુરૂવાર, તા. ૨૯-૧૦-૨૦૦૯ના બપોરના ૩.૦૦થી ૪.૩૦ વાગ્યા સુધી મુલાકાત આપી એ બદલ અમે આપશ્રીના આભારી છીએ.

આપશ્રીએ અમારા પ્રતિનિધિ મંડળને સાંભળ્યા, તેમના પ્રશ્નોના નિખાલસતાપૂર્વકના વાતાવરણમાં શાંતિપૂર્વક જવાબ આપ્યા. શક્ય હોય ત્યાં સુધી માહિતી આપવા કોશિશ કરી, એ બદલ પણ અમે આપશ્રીના આભારી છીએ.

આ મુલાકાતના સમયે નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આપશ્રીએ જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો સંપૂર્ણપણે ક્યારે પૂરા થઈ શકે તેની ચોક્કસ સમય મર્યાદા હું આપને આપી શકું નહીં. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ સુધીની સમય મર્યાદા અંગે પણ કંઈ કહી શકાય નહીં. ત્યાં સુધીમાં અમુક વિભાગ કાર્યરત થઈ શકશે. વર્ષ ૨૦૧૨ સુધીમાં પણ અમુક વિભાગ કાર્યરત થઈ શકશે. કાર્યરત એટલે કે કેનાલનું માટી કામ વગેરે પૂરું કરી દેવામાં આવેલ હોઈ, તેમાંથી પાણી પણ વહાવી શકાય પરંતુ લાઈનિંગ વર્ક કરવામાં આવેલ ન હોઈ, અમુક વર્ષ સુધી લાઈનિંગ વર્ક વગર પાણી વહાવવાથી ક્ષારના પ્રશ્નો દૂર કરી શકાય અને ત્યારબાદ જ લાઈનિંગ વર્ક થઈ શકે.

★ આપશ્રીએ જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલ પર આવતા સ્ટ્રક્ચર્સની ડિઝાઈનના કામો (સ્ટાફ અન્યત્ર ડિઝાઈનના કામે રોકાયેલો હોવાથી) ડિસેમ્બર-૨૦૦૯ પછી જ હાથ પર લઈ શકાશે. ડિઝાઈનિંગનું કામ ૪-૬ મહિના ચાલશે. ત્યારબાદ જ ટેન્ડરિંગની પ્રક્રિયા શરૂ થઈ શકશે. આ અગાઉ કોઈ પણ નવા કામના ટેન્ડર બહાર પાડી શકાશે નહીં. જમીન સંપાદનની પ્રક્રિયા પણ ડિઝાઈન કામ શરૂ કરતા અગાઉ અથવા તે દરમ્યાન પૂરી કરવી પડશે.

★ કચ્છ બ્રાંચ કેનાલ પર આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનના ટેન્ડરની સ્કુટીનીનું કાર્ય કેટલીક અવઢવતાના કારણે, નિષ્ણાત કંપની દ્વારા પણ પૂરું થઈ શકતું નથી. નિષ્ણાત કંપનીને સોંપેલ હોવા છતાં ચોક્કસ સ્કુટીની થઈ શકેલ નથી. સ્કુટીની પૂરી થયા વગર પ્રાઈસ બીડ ઑપન થઈ શકતી નથી. તેના કારણે કોઈને આ કામના ઓર્ડર આપી શકાતા નથી. પરંતુ પમ્પિંગ સ્ટેશન વગર પણ ઑલ્ટરનેર પમ્પિંગ વ્યવસ્થાથી અમે કચ્છમાં પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડી શકીશું. કચ્છમાં પાણી પહોંચાડવા માટે પમ્પિંગ સ્ટેશન કાર્યરત હોવા જોઈએ તે જરૂરી નથી. (સાહેબશ્રી, આ બાબતે આપશ્રીનો જવાબ અમને યોગ્ય જણાઈ શકતો નથી. પૂરતી પમ્પિંગ કેપેસિટી વગર આટલા મોટા જથ્થામાં પાણી કઈ રીતે લીફ્ટ થઈ શકે? અમે માનીએ છીએ કે યોગ્ય કેપેસિટીવાળા પમ્પિંગ સ્ટેશન કાર્યરત ના થાય ત્યાં સુધી જરૂરી માત્રામાં સિંચાઈના પાણી કચ્છની નહેરોમાં પહોંચી શકે નહીં. પમ્પિંગ સ્ટેશન ઈન્સ્ટોલ કરવાની તથા તેને કાર્યરત કરવાની પ્રક્રિયા ખૂબ જ લાંબી હોવાથી, આ કામો તાત્કાલિક શરૂ કરાવવા જોઈએ.)

★ આપશ્રીએ જણાવેલ કે ૧૯૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી.ની કેનાલની લંબાઈના કાર્યો ઈ.પી.સી. પદ્ધતિથી કરી શકાશે નહીં કેમકે

અહંકારી માણસને સલાહ ગમતી નથી તેમ કદરૂપા માણસને અરીસો ગમતો નથી.

નિષ્ણાત કંપની પણ એ પ્રકારના કાર્યોના ટેન્ડર કેટલીક ટેકનિકલ મુશ્કેલીના કારણે તૈયાર કરી શકેલ નથી. અમારો આ પ્રકારનો અનુભવ અન્ય બ્રાંચ કેનાલ પર પણ યોગ્ય ન જણાતા, ઈ.પી.સી. પદ્ધતિ કેન્સલ કરવામાં આવેલ છે અને તેના બદલે રૂટીન પ્રક્રિયા દ્વારા જ આ લાઈનના ટેન્ડરો પણ તૈયાર કરવામાં આવશે.

★ કચ્છ બ્રાંચ કેનાલના ૦.૦થી ૪૫.૦ કિ.મી. લંબાઈના કેનાલોના કાર્યો પૂરા થઈ ગયેલ છે અને તેમાં પાણી વહેવડાવવાનું પણ શરૂ કરી દેવામાં આવેલ છે. (સાહેબશ્રી, આ વાત અમને યોગ્ય જણાતી નથી. અમને મળેલ સમાચાર મુજબ માત્ર ૦.૦થી ૧૦.૦ કિ.મી.ની લંબાઈની કેનાલમાં જ પાણી વહેવડાવી શકાયેલ છે.)

★ કેનાલની લાઈનમાં વચ્ચે આવતા અભયારણ્યના અમુક વિભાગ માટે વન વિભાગે ડિઝાઈન માંગેલ છે કે જે હજુ તૈયાર થયેલ નથી. ડિઝાઈન તૈયાર થયા બાદ તે વન વિભાગને સુપરત કરવામાં આવશે. અને ત્યારબાદ જ અભયારણ્યમાંથી પસાર થતી કેનાલની પરમિશન આપવામાં આવશે. તેની પરમિશન મળ્યા બાદ ડિઝાઈનિંગ, ટેન્ડરિંગ વગેરે પ્રક્રિયા હાથ પર લઈ શકાશે. આ પ્રક્રિયાને હવે બહુ સમય લાગશે નહીં.

★ આપશ્રીએ જણાવેલ કે નિગમ પાસે કેનાલના કાર્યો માટે ટેકનિકલ કે અન્ય સ્ટાફ પૂરતી માત્રામાં છે. તેના વગર કોઈ પણ સ્થળે કામ અટકતું નથી. આ તબક્કે અમે આપશ્રીને જણાવેલ કે ૦.૦થી ૩૬૦.૦ કિ.મી.ની લાઈન પર આવતી આપશ્રીની દરેક ઓફિસમાં અમે કોઈને કોઈ દ્વારા જાત તપાસ કરાવેલછે અને દરેક સ્થળેથી જરૂરી સ્ટાફ પૂરતી માત્રામાં ન હોવાની આપશ્રીના અધિકારીઓએ બૂમ પાડેલ છે. એ સમયે પણ આપે જણાવેલ કે નિગમને જરૂરી અને પૂરતા સ્ટાફ માટે કોઈ જ તકલીફ નથી. જરૂરી સ્ટાફ અમારી પાસે છે જ. સાથે સાથે આપશ્રીએ જણાવેલ કે જરૂરી કામો માટે ફંડની પણ કોઈ જ તકલીફ નથી.

★ ત્યારબાદ અમે આપશ્રીને જણાવેલ કે જૂન-૨૦૦૯માં અમદાવાદમાંથી પ્રસારિત થતા અખબારોના અહેવાલ મુજબ આપશ્રીના અધિકારીશ્રીઓએ સરકાર સમક્ષ જરૂરી એવા ૮૦૦૦ ટેકનિકલ સ્ટાફની માંગણી કરેલ છે. તે અહેવાલના અનુસંધાને આપે જણાવેલ કે અખબારી અહેવાલો સત્ય નથી. એ અહેવાલો પર કોઈ પણ જાતનો વિશ્વાસ રાખી શકાય નહીં.

★ અમે આપશ્રીનું અન્ય એક અખબારી અહેવાલ બાબતે ધ્યાન દોરેલ કે આ અહેવાલ અનુસાર નિગમના ચેરમેનશ્રીએ જાહેરાત કરેલ છે કે બાકી રહેતી ૬૬,૦૦૦ કિ.મી.ના કેનાલના કામ અંગે સરકારશ્રીએ નિર્ણય લઈ લીધેલ છે કે જે અનુસાર આ કામો ઑપન કેનાલના બદલે પાઈપલાઈન દ્વારા પૂરા કરવામાં આવશે. આ તબક્કે આપશ્રીએ જણાવેલ કે આ શક્ય નથી. ઑપન કેનાલ પદ્ધતિથી જ બાકી રહેતી કેનાલોના કામો પૂરા કરવામાં આવશે. હા, સબ માઈનર કેનાલ બાબતે અથવા તો સ્પ્રિંક્લર પદ્ધતિ માટે પાઈપ લાઈન વિચારી શકાય.

★ આ તબક્કે આવતા ચારેક માસ બાદ જરૂરી સમીક્ષી કરવા, ફરી મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ કચ્છના પીવાના પાણીના પ્રશ્ને આપશ્રીએ જણાવેલ કે ભચાઉ બાદ અમુક કિ.મી.ની લંબાઈ સુધી પાણીની પાઈપ લાઈનની કેપેસિટી ૧૫૦ MLDની છે અને ત્યારબાદ ફરી ૨૦૦ MLDની છે. તેથી કચ્છને ૨૦૦ MLD પાણી આપવાનું શક્ય જ નથી. (આ હકીકત અમારા માટે નવાઈ ઉપજાવે તેવી હતી.)

★ માળિયા બ્રાંચ કેનાલ દ્વારા ખીરઈ પાસેથી કચ્છ - સૌરાષ્ટ્રને પીવાના પાણી પહોંચાડવામાં તકલીફ આવી રહેલ હોવાથી એ વિભાગની અન્ય એક કેનાલ સંલગ્ન માત્ર ૮ કિ.મી.ની લંબાઈની એક નવી કેનાલ બનાવવાથી રાજકોટની પાઈપ લાઈન અલગ થઈ શકે છે અને ખીરઈથી માત્ર કચ્છને જ પીવાના પાણી પહોંચાડવાના આયોજનો થઈ શકે. આ બાબતે જરૂરી વિચારણાની પ્રક્રિયા ચાલુ છે.

★ આપશ્રીએ જણાવેલ કે માળિયા બ્રાંચના ૧૮ આઉટલેટમાંથી સબ બ્રાંચ કેનાલો બનાવવામાં આવેલ છે પરંતુ માઈનોર, ડિસ્ટ્રીબ્યુટરી વગેરે પ્રકારની કેનાલોના કામો થયેલ ન હોવાથી એ વિભાગના ખેતરોમાં પાણી પહોંચાડી શકાતા નથી અને તેથી ખેડૂતો જરૂરિયાતના સમયે ડીઝલ પંપ દ્વારા અથવા તો બકનળી દ્વારા આ પાણી ખેંચીને પોતાના ખેતરોમાં લઈ જાય છે.

★ આ તબક્કે અમે આપશ્રીને જણાવેલ કે અમને માત્ર કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાં જ રસ હોવાથી અને આ કામો પૂરા કરી કચ્છના ખેતરોમાં પાણી વહેવડાવવામાં આવે તો કચ્છના ખેડૂતોના હાથમાં દર વર્ષે રૂા. ૧૮૦૦ કરોડ જેટલી ઉપજ આવે અને તેથી આ કાર્યો શક્ય જલદી પૂરા થાય એ માટે અમે આપશ્રીની આ મુલાકાત લીધેલ છે. આપશ્રી આ બાબતે અમારી સાથે સહમત થયેલ હતા.

★ આ તબક્કે અન્ય કોઈ પ્રશ્નો ના રહેતા આ મીટિંગ પૂરી કરવામાં આવેલ હતી.

★ સાહેબશ્રી, અમે સમજેલ છીએ એ રીતે તા. ૨૯-૧૦-૨૦૦૯ની મીટિંગનો વૃત્તાંત લખીને અમે આપશ્રી પર મોકલી રહ્યા છી. કોઈ ગેરસમજ હોય તો તે પત્ર દ્વારા જણાવી દૂર કરવા વિનંતી.

આપનો જ વિશ્વાસુ,

અશોક મહેતા

ચેરમેન, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ.

બ્રેકને કારણે જ ગાડી અકસ્માતથી બચી જાય છે ને બીજાને પણ ઉગારી શકે છે. નિયમો બ્રેક જેવા છે....

કચ્છ બ્રાંચ કેનાલના પ્રશ્ને
નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની મુલાકાત – એક અહેવાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ડિસેમ્બર - ૨૦૦૯નો લેખ)

નિગમની વિરોધાભાસી રજૂઆતો :-

★ ચેરમેનશ્રીએ અગાઉ જણાવેલ છે કે આ કાર્યો વર્ષ ૨૦૧૩-૧૪માં પૂરા કરવામાં આવશે.
મેનેજિંગ ડાયરેક્ટરશ્રી કહે છે કે આ શક્ય નથી. ક્યારે પૂરા કરવામાં આવશે તે હું કહી શકું નહીં.

★ મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જણાવે છે કે પમ્પિંગ સ્ટેશનો કાર્યરત કર્યા વગર પણ ઓલ્ટરનેટિવ પમ્પિંગ વ્યવસ્થાથી આ પાણી કચ્છમાં પહોંચાડી શકાશે.
આ કઈ રીતે શક્ય બની શકશે?

★ મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જણાવે છે કે. ૦.૦ થી ૪૫.૦ કિ.મી. લંબાઈની કેનાલમાં પાણી પહોંચાડવાનું ચાલુ થઈ ગયેલ છે.
અન્ય અધિકારીશ્રીઓ જણાવે છે કે માત્ર ૦.૦ થી ૧૦.૦ કિ.મી. લંબાઈની કેનાલમાં પાણી ચાલુ થઈ શકેલ છે.

★ નિગમના અધિકારીશ્રીઓ જણાવે છે કે અપૂરતા સ્ટાફને કારણે કામો થઈ શકતા નથી.
મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જણાવે છે કે સ્ટાફ પૂરતો છે.

★ નિગમના અધિકારીશ્રીઓએ ૮૦૦૦ એન્જિનિયરોની ભરતી કરવા સરકારશ્રીને જણાવેલ છે એવા અહેવાલો ન્યૂઝ પેપર્સમાં આવી ગયેલ છે.
મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જણાવે છે કે અખબારી અહેવાલો વજૂદ વગરના છે.

★ અખબારી અહેવાલો અનુસાર ચેરમેનશ્રીએ જણાવેલ છે કે બાકી રહેતી ૬૬૦૦૦ કિ.મી.ની ઓપન કેનાલનાં કામો પાઇપ લાઇન દ્વારા કરાવવાનો નિર્ણય લઇ લીધેલ છે.
મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જણાવે છે કે આ શક્ય નથી. ઓપન કેનાલો દ્વારા જ આ કામ કરાવવામાં આવશે.

★ મેનેજિંગ ડાયરેક્ટરશ્રી જણાવે છે કે કચ્છમાં જતી પીવાના પાણીની પાઇપ લાઇનનો અમુક ભાગ માત્ર ૧૫૦ MLDનો છે. કચ્છમાં ૨૦૦ MLD પીવાના પાણી જઈ શકે જ નહીં.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના એક પ્રતિનિધિમંડળે ગત તા. ૨૯-૧૦-૨૦૦૯ના સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની કચ્છ બ્રાંચ કેનાલના પ્રશ્ને ગાંધીનગરમાં રૂબરૂ મુલાકાત લીધેલ હતી. પ્રતિનિધિ મંડળમાં શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી દિનેશ આર. મહેતા તથા શ્રી મહેન્દ્રભાઇ દોશીનો સમાવેશ કરવામાં આવેલ હતો.

★ પ્રતિનિધિ મંડળે તેમને જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલનાં કામો ખૂબ જ ધીમી ગતિથી ચાલે છે. ૪ વર્ષ આગાઉ આપવામાં આવેલ કોન્ટ્રાક્ટના કામો હજુ પૂરાં થયાં નથી. નવા કોઇપણ ટેન્ડરો હજુ સુધી બહાર પાડવામાં આવેલ નથી. આ પરિસ્થિતિમાં કચ્છ બ્રાંચ કેનાલનાં કામો પૂરાં કરાવી, કચ્છના ખેતરોમાં આ પાણી ક્યારે વહાવવામાં આવશે? આ બાબતે અમે કચ્છીઓ ખૂબ જ ચિંતીત છીએ. મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જવાબમાં સ્પષ્ટ જણાવેલ કે આ કાર્યો ક્યારે પૂરા કરવામાં આવશે તેની હું કોઇ ચોક્કસ સમય મર્યાદા આપી શકું નહીં. પરંતુ વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં પૂરા કરાવવા શક્ય નથી. હા, કેનાલનો અમુક ભાગ જરૂરથી કાર્યરત થઇ શકશે. કાર્યરતનો મતલબ એ થાય કે કેનાલનું માટી કામ વગેરે પૂરું થઇ ગયેલ હોય, પરંતુ લાઇનિંગ વર્ક બાકી રહે.

પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવી નાખવાનો કીમિયો શોધી કાઢે તે સુખી.

આ પ્રકારની કેનાલમાં શરૂમાં કેટલાંક વર્ષો સુધી પાણી વહેવડાવામાં આવશે. ત્યારબાદ લાઇનિંગ વર્ક કરવામાં આવશે.

આ જવાબથી એ સ્પષ્ટ થાય છે કે થોડા સમય અગાઉ નિગમના ચેરમેનશ્રીએ જે જાહેરાત કરેલ હતી કે કચ્છ બ્રાંચ કેનાલનાં કાર્યો વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં પૂરા કરાવવામાં આવશે તે રાજકીય જાહેરાત હતી અને નિગમ તરફથી કચ્છની જનતાને વધુ એક વાયદો આપવામાં આવેલ હતો. કચ્છીઓએ આ પાણી કચ્છના ખેતરોમાં વહે અને તેનાથી પાક ઉત્પન્ન થાય તેની વધુ રાહ જોવી પડશે. કચ્છના સંગઠનો પોતાની રીતે આ બાબતે નિગમના અધિકારીશ્રીઓની મુલાકાત લઈ જ્યાં લગી જોરદાર દબાણ નહીં કરે ત્યાં સુધી આવતાં અનેક વર્ષો સુધી કચ્છના ખેતરોમાં સિંચાઈ માટેના આ પાણી પહોંચે તેવી કોઈ જ શક્યતા હાલે તો દેખાતી નથી.

★ ત્યારબાદ કચ્છ બ્રાંચ કેનાલને લગતા અન્ય ટેન્ડરો શક્ય જલદી બહાર પાડવા પ્રતિનિધિ મંડળ દ્વારા મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને અનુરોધ કરવામાં આવેલ. ત્યારે તેમણે જણાવેલ કે આ કેનાલની લાઇન પર આવતા બધા જ સ્ટ્રક્ચરોની ડિઝાઇન હવે પછી પ્રથમ કરાવવામાં આવશે અને ત્યારબાદ જ નવા ટેન્ડરો બહાર પાડવામાં આવશે કે જેથી એક વખત કામ શરૂ થયા બાદ તેમાં કોઇ રૂકાવટ ન આવે. આ બાબતે નિગમનો અગાઉનો અનુભવ-ડિઝાઇન તૈયાર ન હોવાના કારણે- સારો નથી તેથી પ્રથમ ડિઝાઇનિંગ કામ પૂરા કરાવવાનો ઇરાદો છે. હાલે નિગમનો ડિઝાઇન સ્ટાફ અન્યત્ર રોકાયેલ છે. ડિસેમ્બર-૨૦૦૯ બાદ જ કચ્છ કેનાલ પર આવતા સ્ટ્રક્ચરોના ડિઝાઇનનાં કામો હાથ પર લઇ શકાશે. ત્યારબાદ ડિઝાઇન કામ પૂરા કરતા ૪-૬ મહિના લાગશે. ત્યારબાદ એસ્ટિમેટ, ટેન્ડરિંગ, જમીન સંપાદન વગેરે પ્રક્રિયા ચાલશે. આ વિગતનો અર્થ એ થયો કે આ રીતે અન્ય ટેન્ડરો બહાર પાડવા હજુ એકાદ વર્ષનો સમયગાળો નીકળી જશે.

આ જવાબનો મતલબ એ થયો કે વર્ષ ૨૦૦૪માં નિગમ દ્વારા કચ્છ બ્રાંચ કેનાલના પ્રથમ ટેન્ડરો બહાર પાડવામાં આવેલ. ત્યારબાદ કચ્છ બ્રાંચ કેનાલ પર આવતા સ્ટ્રક્ચરોના ડિઝાઇન કામ છેલ્લા પાંચ વર્ષમાં બેકાળજીના કારણે નિગમ દ્વારા હાથ પર લેવામાં આવેલ નથી અથવા તો પૂરતા ડિઝાઇન સ્ટાફના અભાવે આ કામો નિગમ દ્વારા હાથ પર લઈ શકાયા નથી. બંને કેસમાં સોસાવાનું કચ્છની જનતાને જ આવવાનું છે. અહીં પણ એ બાબતનો ખ્યાલ આવે છે કે કચ્છની જનતાની બિનજાગૃતતાના કારણે અને નિગમ પર જરૂરી દબાણ ન કરવાના કારણે કચ્છ બ્રાંચ કેનાલના કામો સાઇડ પર ધકેલાઇ ગયેલ છે.

★ પમ્પિંગ સ્ટેશન તૈયાર કરવા એ ૩ થી ૫ વર્ષની પ્રક્રિયા હોવાથી કચ્છ બ્રાંચ કેનાલ પર આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનોના કામ શક્ય જલદી શરૂ કરાવવા, પ્રતિનિધિ મંડળે મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને જ્યારે અનુરોધ કરેલ ત્યારે તેમણે જણાવેલ કે અમુક અવઢવતાના કારણે ટેક્નિકલ બીડની સ્કુટિની કન્સલ્ટિંગ કંપની (લગભગ છેલ્લા બે વર્ષથી આ પ્રક્રિયા ચાલુ છે) દ્વારા પણ યોગ્ય રીતે થઇ શકેલ નથી. પરિણામ સ્વરૂપે પ્રાઇસબીડ ઓપન કરી શકાયેલ નથી અને યોગ્ય કોન્ટ્રાક્ટરને કામ સોંપી શકાયેલ નથી. તેઓશ્રીએ વધુમાં જણાવેલ કે આ બાબતે કોઇ ગંભીર પ્રશ્ન નથી કેમકે નિગમે ઓલ્ટરનેટ પમ્પિંગ વ્યવસ્થાથી કચ્છ બ્રાંચ કેનાલમાં પાણી વહેવડાવવાનું વિચારી રાખેલ છે.

કચ્છીઓએ આ વાત ખૂબ જ ગંભીરતાપૂર્વક લેવી જરૂરી છે. ઓલ્ટરનેટ પમ્પિંગ વ્યવસ્થા શક્ય જ નથી. પમ્પિંગ સ્ટેશનોના કામ જે તે કોન્ટ્રાક્ટરોને ન આપી શકવાના કારણે આ એક બહાનું ધરવામાં આવેલ છે. વળી આ કામ અપાયા પછી જે તે કોન્ટ્રાક્ટર એ કામ પૂરું કરવા ઓછામાં ઓછા ૫ વર્ષ લગાડશે (સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પરનો દાખલો મોજૂદ છે.) જ્યાં લગી આ કામ માટે નર્મદા નિગમ પર પ્રેશર નહીં મૂકવામાં આવે ત્યાં લગી આ બધા અધિકારીશ્રીઓની ઊંઘ ઊડવાની નથી. લિફ્ટ અને ફૉલ પદ્ધતિથી કચ્છમાં પાણી પહોંચતું કરવાનું નક્કી થયા પછી અને વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી આ બ્રાંચ કેનાલના કામ શરૂ થયા પછી અને સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર આ પ્રકારના પમ્પિંગ સ્ટેશન કાર્યરત થયા પછી પણ જો નર્મદા નિગમ અવઢવમાં હોય તો આ તેમની બિનકાર્યક્ષમતા જ ગણાવી જોઈએ અથવા તો કચ્છ બ્રાંચ કેનાલ પ્રત્યેના ઈરાદાઓ સ્પષ્ટ ન હોય તેવું બની શકે. કચ્છીઓએ આ પ્રશ્ને નર્મદા નિગમ પાસે સામૂહિક રજૂઆત કર્યા વગર અને દબાણ લાવવા સિવાય બીજો કોઈ ઉપાય હાલે તો દેખાતો નથી.

★ પ્રતિનિધિ મંડળે જણાવેલ કે ૧૮૦ કિ.મી. થી ૩૬૦ કિ.મી. કેનાલની લંબાઇના કામોના EPC પદ્ધતિથી અત્યાર સુધી ત્રણ વખત ટેન્ડર નોટિસ બહાર પાડી દેવામાં આવેલ છે. કચ્છના વર્તમાન પત્રોમાં પણ રૂા. ૭૦૦ કરોડના આ કામો હવે તરતમાં શરૂ થવાના છે તેવા સમાચારો પણ ગત લોકસભાની ચૂંટણી અગાઉ ચમકી ગયેલ હતા. તેમ છતાં આ બાબતના ટેન્ડર હજુ સુધી શા માટે તૈયાર કરવામાં આવતા નથી અને એ કામો શા માટે હાથ પર લેવામાં આવતા નથી? પ્રત્યુત્તરમાં મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જણાવેલ કે આ પ્રકારના ટેન્ડરો તૈયાર કરવામાં કેટલીક ટેક્નિકલ મુશ્કેલી આવે છે અને અન્ય બ્રાંચ પર અમે કરેલ આ અખતરામાં અમને સફળતા પ્રાપ્ત થયેલ નથી. તેથી EPC પદ્ધતિથી ટેન્ડર બહાર પાડવાનું અમે મુલત્વી રાખવા માગીએ છીએ અને આ કામનાં ટેન્ડરો પણ રૂટિન ટેન્ડરોની માફક બહાર પાડવામાં આવશે.

આ જવાબનો મતલબ એ થાય છે કે નર્મદા નિગમના એન્જિનિયરોએ અહીં પણ લાઇન દોરી, સર્વે, ડિઝાઇનિંગ,ટેક્નિકલ પ્રાઇસ બીડ, કમર્શિયલ પ્રાઇસ બીડ વગેરે તૈયાર કરવા પડશે. જમીન સંપાદિત કરવાના પ્રશ્નો તો ખરા જ. એક તરફ અન્ય કામોમાં નિગમ પહોંચી શકતું નથી ત્યાં

આ બીજી વધુ જવાબદારી તેમના પર આવશે અને સરવાળે કચ્છ બ્રાંચ કેનાલના કામો આ પ્રક્રિયાના કારણે પ્રમાણમાં ઝડપી થવાના હતા તે આશા પર પાણી ફરી વળશે અને આ કામો પૂરાં કરાવવાં વધુ ને વધુ સમય લાગી જશે.

★ પ્રતિનિધિ મંડળે જાણવા માંગ્યું કે ૦.૦થી ૩૨.૯૭ કિ.મી.ની લંબાઇના કેનાલના કામો અગાઉ જણાવવામાં આવ્યા પ્રમાણે હવે પૂરાં થઇ ગયાં હશે. ત્યારે મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જણાવેલ કે ૦.૦ થી ૪૫.૦૦ કેનાલની લંબાઇનાં કામો પૂરાં થઇ ગયાં છે અને તેમાં પાણી પણ ચાલુ કરી દેવામાં આવેલ છે. આ બાબતે વિશ્વાસ ના આવતા ફરીથી ભારપૂર્વક પૂછવામાં આવ્યું છતાં તેઓશ્રીનો જવાબ આ જ પ્રકારનો રહેવા પામેલ.

આ બાબતે જણાવવાનું કે મેનેજિંગ ડાયરેક્ટરશ્રીનો પ્રત્યુત્તર પૂર્ણપણે ભૂલ ભરેલ હતો. ૩૨.૯૭ કિ.મી.થી ૪૫.૦૦ કિ.મી.ની લંબાઇના કેનાલના કામો અગાઉના કોન્ટ્રેક્ટરે અધૂરા છોડી દીધેલ હોવાથી તેના રિ-ટેન્ડરિંગની પ્રક્રિયા હજુ ચાલુ જ છે. તો તે કામ કઇ રીતે પૂરાં થયાં અને તેમાં કઇ રીતે પાણી વહેવડાવવામાં આવ્યું? હા, ૦.૦૦થી ૩૨.૯૭ કિ.મી.ના વિભાગમાં પાણી વહાવી શકવાની શક્યતા રહેલ હતી, પરંતુ પાછળથી નિગમના એક અન્ય અધિકારીશ્રી દ્વારા જાણવા મળ્યું કે માત્ર ૧૦ કિ.મી.ની લંબાઇની કેનાલમાં જ પાણી વહાવી શકાયું છે. ત્યારબાદ રેલવે બ્રિજ આવતો હોવાથી આગળ પાણી પહોંચાડવું શક્ય નથી. આ બાબતે તાત્પર્ય એટલું જ કે જવાબ આપવામાં નિગમના ડાયરેક્ટરશ્રીની ક્ષતિ રહી જવા પામેલ છે અથવા તો ઇરાદાપૂર્વક પ્રતિનિધિ મંડળને ખોટી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

★ ઘુડખર અભયારણ્ય બાબત સુપ્રીમ કોર્ટનો હકારાત્મક ચુકાદો આવી ગયા પછી આ વિભાગમાં હવે કોઇ નડતર રહેતી નથી અને આ બ્રાંચ કેનાલના કામો હવે ઝડપી થવા જોઇએ તેવું પ્રતિનિધિ મંડળે જણાવ્યું ત્યારે ડિરેક્ટરશ્રીએ જણાવેલ કે વનવિભાગે અમુક લંબાઇની કેનાલની ડિઝાઇન મંગાવેલ છે કે જે તેઓને આપ્યા બાદ અને તેની એપ્રૂવલ મળ્યા બાદ જ અભયારણ્યમાં કામ કરવા વન વિભાગ તરફથી પરમિશન મળી શકશે.

આ બાબતે કચ્છીઓએ નોંધ લેવી રહી કે જ્યાં નિગમનો સ્ટાફ અન્યત્ર ડિઝાઇન કરવા રોકાયેલ હોવાથી વન વિભાગની જરૂરિયાત પ્રમાણેની ડિઝાઇનનું કામ ક્યારે હાથ પર લેવામાં આવે, ક્યારે એ ડિઝાઇન વન વિભાગને સુપરત કરવામાં આવે, ક્યારે તેની એપ્રૂવલ મળે, ક્યારે આ કેનાલની લાઇન દોરી નક્કી થાય, ક્યારે તેની ડિઝાઇન તૈયાર કરવામાં આવે, ક્યારે એસ્ટિમેટ બને, ક્યારે ટેન્ડરિંગ પ્રક્રિયા પૂરી થાય, ક્યારે કામ શરૂ કરવામાં આવે અને તે ક્યારે પૂરાં થાય એ બાબતે નિગમની દયા પર જ છોડવાની રહી. કચ્છીઓમાં આ બાબતે દબાણ લાવવાની તાકાત હોય તો જ આ કામો ઝડપી કરાવી શકાય. આ બાબત અનેક સંસ્થાઓએ હાથ પર લેવી જરૂરી બની રહે છે. કચ્છની નેતાગીરીએ પણ આ બાબતે સામેલ થવું જરૂરી છે.

★ ત્યારબાદ પ્રતિનિધિ મંડળે જણાવ્યું કે અમે ૦.૦થી ૩૬૦.૦ કિ.મી. સુધીની કેનાલ લંબાઇની આવતી આપશ્રીની દરેક ઓફિસમાં કોઇને મોકલીને તપાસ કરાવેલ છે અને દરેક સ્થળેથી આપના અધિકારીશ્રીઓએ એક જ જવાબ આપેલ છે કે સ્ટાફના અભાવે કામો ઝડપી થઇ શકતા નથી. અમદાવાદના અખબારોમાં સમાચાર આવી ગયેલ છે કે કેનાલના કામો પૂરા કરાવવા નિગમના અધિકારીશ્રીઓએ સરકાર પાસેથી ૮૦૦૦ નવા એન્જિનિયરો ભરતી કરાવવા માટે જણાવેલ છે. ત્યારે મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જણાવ્યું કે નિગમમાં સ્ટાફની બિલકુલ તંગી નથી. નિગમ પાસે પૂરતા સ્ટાફ વગર કોઇ જ કામ અટકેલ નથી. અખબારમાં આવેલ સમાચાર બરાબર નથી.

મેનેજિંગ ડાયરેક્ટરશ્રીના આ જ પ્રત્યુત્તરને આપણે સાચો માનીએ તો નિગમની વિભાગીય અધિકારીશ્રીઓની વાત બરાબર નથી, અખબારમાં આવેલ સમાચાર પણ ખોટા છે અને નિગમ પાસે અત્યારે જે સ્ટાફ છે તેનાથી જ નિગમ, કેનાલોના બાકી રહેતા કામો પૂરા કરાવવા માંગે છે. તેનો મતલબ આપણે એવો કરી શકીએ કે નિગમ પાસેથી ઝડપી કામની કોઇપણ ઇચ્છા આપણે રાખવી નહીં. જૂના જમાનાની બાપુની રેલગાડીની જેમ નિગમ કામ કરતું રહેશે. કચ્છના ખેડૂતોએ નિગમની દયા પર જીવવાનું સ્વીકારી લેવું જોઇએ. આ પ્રક્રિયા અનુસાર વર્ષ ૨૦૦૪માં કચ્છ બ્રાંચ કેનાલના ૭૫ કિ.મી. ના લંબાઇના કામો નિગમે વિવિધ કોન્ટ્રોક્ટરોને સુપરત કરેલ હતા તે આજે પાંચ વર્ષ બાદ પણ પૂરા થયા નથી. ટોટલ ૩૬૦ કિ.મી. ની કચ્છ બ્રાંચ કેનાલના કામો આ હિસાબે ક્યારે પૂરા કરવામાં આવશે? ગુજરાતની હાલની લોકશાહી પ્રક્રિયામાં નિગમ પાસે કોઇ જવાબ માંગનાર જ નથી! શક્ય છે કે નિગમ રાજકીય નેતાગીરીને પણ ઘોળીને પી જાય!

★ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રતિનિધિ મંડળે નિગમના મેનેજિંગ ડાયરેક્ટશ્રીનું તાજેતરમાં જ ગુજરાતના અખબારોમાં પ્રકાશિત થયેલ એક અહેવાલ બાબત ધ્યાન દોરેલ. આ અહેવાલ અનુસાર નિગમના ચેરમેનશ્રીએ અખબારોને જણાવેલ છે કે બાકી રહેતા ૬૬,૦૦૦ કિ.મી. ઓપન કેનાલના કામો હવે વિવિધ પાઇપ લાઇન દ્વારા પૂરા કરવામાં આવશે, તેવો નિર્ણય સરકારશ્રીમાં લેવાઇ ગયેલ છે. પ્રત્યુત્તરમાં મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ જણાવેલ કે આ અહેવાલ બરાબર નથી. વર્તમાનપત્રોની વાતો માનવી જોઇએ નહીં. આ પ્રકારનો કોઇ નિર્ણય લેવાયેલ નથી. હા, સબ-માઇનોર અથવા સ્પ્રીંકલરને લગતા કામો પાઇપ લાઇન દ્વારા થઇ શકે.

જનતાએ કઇ બાબત પર વિશ્વાસ મૂકવો? ચેરમેનશ્રીના અખબારી અહેવાલ પર કે મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની વાતો પર? નિગમના ઉચ્ચ હોદ્દેદારોના કામો અને કથનીમાં એકરૂપતા નથી તે આ વાત પરથી સિદ્ધ થાય છે. આ પરિસ્થિતિમાં નિગમના કયા હોદ્દેદારની

એક ક્ષણનો ગુસ્સો ઘણીવાર આખી જિંદગીનો પસ્તાવો મૂકતો જાય છે.

વાત માનવી અને કયા હોદ્દેદારની વાત ન માનવી તે આમ-જનતા માટે તો એક કોયડો જ બની રહેવા પામેલ છે.

★ ત્યારબાદ નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ ખૂબ જ આશ્ચર્ય પમાડે તેવું એક વિધાન કર્યું. તેઓએ જણાવેલ કે કચ્છને ખીરઈ પાસેથી ૨૦૦ MLD પીવાના પાણી સપ્લાય કરવાનો નિર્ણય લેવામાં જ આવેલ નથી. તેની સાબિતીરૂપે ખીરાઈથી ભચાઉ સુધીની પીવાના પાણીની પાઈપ લાઈન ૨૦૦ MLDની છે. ત્યારબાદ ભચાઉથી આગળ ૨૦ કિ.મી. તે લાઈન ૧૫૦ MLD કેપેસિટીની છે અને ત્યારબાદ ફરી ૨૦૦ MLDની પાઈપ લાઈન છે, તેવું તેમણે જણાવ્યું. આ પરિસ્થિતિમાં કચ્છને ૨૦૦ MLD પાણી પહોંચાડી જ કઈ રીતે શકાય?

*આ હકીકત સાંભળીને પ્રતિનિધિ મંડળને ખૂબ જ આશ્ચર્ય પેદા થયેલ. કચ્છને દૈનિક ૨૦૦ **MLD** પાણી પહોંચાડી શકાય છે કે નહીં એ એક અલગ વાત છે પરંતુ પાઈપ લાઈનની કેપેસિટી જ ૧૫૦ **MLD**ની છે તે હકીકત કચ્છમાં કોઈ જ જાણતું નથી. આ બાબતે લાગતા-વળગતાએ જરૂરથી તપાસ કરવી જોઈએ અને સત્ય હકીકત જનતા સમક્ષ રજૂ કરવી જોઈએ.*

★ નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ એ પણ જણાવ્યું કે માળિયા બ્રાંચ સિવાય અન્ય એક બ્રાંચ કેનાલમાંથી એક ૮.૦ કિ.મી. લાંબી ઓપન કેનાલ બનાવવામાં આવે તો રાજકોટ (સૌરાષ્ટ્ર) તરફની પીવાના પાણીની પાઈપ લાઈન ત્યાંથી શરૂ કરી શકાય. ત્યારબાદ ખીરઈ પાસેથી માત્ર કચ્છમાં જ પાણી આપવાની જરૂરિયાત રહે. નિગમ આ પ્રકારના આયોજન માટે હકારાત્મકપણે હાલે વિચારી રહેલ છે.

મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની આ રજૂઆત જાહેર જનતાનો સવાલ છે ત્યાં લગી ખૂબ જ હકારાત્મક જણાઈ આવે છે. અગર આ પ્રકારના આયોજનો આવતા દિવસોમાં નિગમ અમલમાં મૂકી શકશે તો કચ્છ અને સૌરાષ્ટ્ર એમ બંને પ્રદેશના પીવાના પાણીનો પ્રશ્ન હળવો થઈ શકશે.

★ મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ એ પણ જણાવેલ કે માળિયા બ્રાંચમાં ૧૮ આઉટલેટ મૂકવામાં આવેલ છે. આ ૧૮ આઉટલેટમાંથી બ્રાંચ કેનાલો પણ બનાવવામાં આવેલ છે. પરંતુ આગળ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, સબ-ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ વગેરે બનાવવામાં આવેલ ન હોવાથી એ વિભાગના ખેતરોમાં પાણી પહોંચાડી શકાતું નથી. અને તેથી ખેડૂતો આ કેનાલ પર ડીઝલ પમ્પ મૂકીને અથવા બક નળી મૂકીને કેનાલના આ પાણી પોતાના ખેતરોમાં લઈ જઈ સિંચાઈની ખેતી કરી, પોતાના પાકો ઉત્પન્ન કરે છે.

આ નિગમના વહીવટનો એક નમૂનો છે. માત્ર મેઈન કેનાલ કે બ્રાંચ કેનાલ બનાવવાથી ખેતરો સુધી પાણી પહોંચાડી શકાતા નથી. તે માટે ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, સબ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ અને છેવટે ફિલ્ડ કેનાલ બને ત્યારે જ ખેતરોમાં પાણી પહોંચાડી શકાય છે. રૂા. ૬૦૦૦ કરોડની મૂળ યોજનાના સ્થાને અત્યાર સુધી રૂા. ૨૭૦૦૦ કરોડ વપરાઈ ગયા છે, છતાં જ્યાં સમગ્ર ગુજરાતમાં ૧૮ લાખ હેક્ટરની સિંચાઈની જમીનમાં પાણી પહોંચાડવાના હતા, ત્યાં માત્ર એક લાખ હેક્ટર પાક પકવતી જમીન સુધી જ પાણી પહોંચાડી શકાયા છે. બાકી જમીન સુધી પાણી પહોંચાડવાના આયોજનો સામે આજના અંદાજ મુજબ રૂા. ૨૦,૦૦૦ કરોડના કામો કરવાના બાકી રહે છે. ગોકળગાયની ગતિએ ચાલતા નિગમના કામની ગતિ એટલી ધીમી છે કે બાકીના કામો રૂા. ૨૦,૦૦૦ કરોડમાં પૂરા થવાના બદલે તેની કિંમત રૂા. ૫૦,૦૦૦ કરોડે પહોંચશે ત્યારે પૂરા થશે તેવું માનવામાં આવે તો તે બિલકુલ અસ્થાને ગણી શકાશે નહીં! ભારતની લોકશાહીમાં છે કોઈ સરકારી અધિકારીશ્રીઓને પૂછવા તૈયાર! આ બાબતે સરકારી અધિકારીશ્રીઓ માટે કોઈ કાયદાની જરૂરિયાત લાગતી નથી! તે સામે પ્રાઈવેટ સેક્ટરનો દાખલો લો. જામનગર ખાતેનું રિલાયન્સ રૂા. ૨૭,૦૦૦ કરોડના ખર્ચે ચારેક વર્ષમાં જ તૈયાર થઈ ગયું! કચ્છ ખાતે ધરતીકંપ બાદ આવેલ ઉદ્યોગો જંગી ખર્ચે એક-બે વર્ષમાં જ કાર્યરત થઈ ગયા! અમદાવાદ નજીક ટાટાનું મોટર બનાવવાનું કારખાનું રૂા. ૧૦૦૦ કરોડની આસપાસના ખર્ચે એકાદ વર્ષમાં જ શરૂ થઈ જશે! સરકારી તંત્રની બલિહારી દેશને ભરખી ન જાય તો સારું!

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રતિનિધિ મંડળે અંતમાં નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રીને જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલનો હાલના આયોજન પ્રમાણે અંદાજિત ખર્ચ રૂા. ૨૮૦૦ કરોડનો છે. વધારાના પાણીના આયોજનોનો અંદાજ જળસિંચાઈ વિભાગ દ્વારા રૂા. ૩૩૦૦ કરોડનો આકારવામાં આવેલ છે. આ સામે કચ્છના ખેતરોમાં પાણી પહોંચાડવામાં આવે તો હાલની કિંમત પ્રમાણે કચ્છના ગામડાના ખેડૂતોના હાથમાં દર વર્ષે રૂા. ૧૮૦૦ કરોડના પાકોની ઊપજ પહોંચે. તેથી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો જલદીથી પૂરા કરવામાં આવે તે અંગે અમે ચિંતિત છીએ. આ હકીકતના અનુસંધાને ૪ મહિના બાદ, થયેલ કામોના રિવ્યૂ માટે ફરી મળવાનું નક્કી કરી આ મિટિંગ પૂરી કરવામાં આવેલ હતી.

***<u>નોંધ</u> :-** નવેમ્બર '૦૯ની શરૂઆતમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર.કે. ત્રિપાઠીની બદલી કરી દેવામાં આવેલ છે. તેમની જગ્યાએ મેનેજિંગ ડાયરેક્ટર તરીકે એસ. જગદીશનની અને જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર (નર્મદા, પાણી પુરવઠા અને કલ્પસર) તરીકે જી.આર.અલોરિયાની તેમજ અન્ય જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર (નર્મદા નિગમ) તરીકે કે. શ્રીનિવાસની નિમણૂક કરવામાં આવેલ છે.*

સ્વચ્છ પ્રતિભા તથા યોગ્ય કાર્યશાળી આ ત્રણ પ્રતિભાઓના કારણે એવું માનવામાં આવે છે કે નર્મદા નિગમના કાર્યો હવે વેગ પકડી શકશે. કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પણ વેગ પકડી શકશે. આપણે થોડી પ્રતીક્ષા કરવાની રહી. ■

વિશુદ્ધ વિચાર અને પવિત્ર આચાર હોય તેની જ પૂજા થાય.

માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫ અન્વયે ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી મેળવવામાં આવેલ માહિતી

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ડિસેમ્બર - ૨૦૦૯નો લેખ)

૧. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ :

સરનામું : ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.-૧, પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦. *ફોન* : ૦૭૯-૨૩૨૩૯૫૩૭, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૨૩૯૬

માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ પાસેથી માળિયા બ્રાંચમાંથી કચ્છને જે પીવાનું પાણી ૨૦૦ MLDની પાઈપ લાઈન દ્વારા આપવામાં આવે છે તે અંગે કેટલાક પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. આ પ્રશ્નોના જવાબો તા. ૧૮-૧૧-૨૦૦૯ના રોજ મળી ગયેલ છે કે જેની વિગત નીચે મુજબ છે :

પ્રશ્ન નં.-એ : માળિયા બ્રાંચના બીજા છેડે એટલે 'ખીરઈ'થી પીવા માટેના પાણી ખેંચવાની મૂકેલ પંપોની ક્ષમતા શું મૂકવામાં આવેલ છે? આ ક્ષમતા પ્રમાણે સામાન્ય રીતે પાણી ખેંચાય છે?

ઉત્તર-એ : માળિયા બ્રાંચના છેડે એટલે 'ખીરઈ' ખાતે બે પમ્પિંગ સ્ટેશન આવેલા છે. એક પમ્પિંગ સ્ટેશનથી કચ્છ જિલ્લા તરફ પાણી પમ્પિંગ કરવામાં આવે છે. જેના પંપની ક્ષમતા ૧૭૧૦ મી^{3}/કલાક છે તથા બીજા પમ્પિંગ સ્ટેશનથી રાજકોટ/જામનગર જિલ્લા તરફ પાણી પમ્પિંગ કરવામાં આવે છે. જેના પંપની ક્ષમતા ૩૦૬૦ મી^{3}/કલાક છે. આ ક્ષમતા પ્રમાણે સામાન્ય રીતે પાણી પમ્પિંગ કરવામાં આવે છે.

પ્રશ્ન-બી : ઉપરોક્ત પાણીમાંથી દૈનિક ધોરણે રાજકોટ તરફથી તથા કચ્છ તરફની પાઈપલાઈનમાં સામાન્યપણે કેટલું પાણી વહેવડાવવામાં આવે છે? પીવાના પાણી માટેના આ લાભાર્થી પ્રદેશો કયા કયા? તેઓની દૈનિક જરૂરિયાત શું આકારવામાં આવેલ છે?

ઉત્તર-બી : ઉપરોક્ત પાણીમાંથી દૈનિક ધોરણે રાજકોટ તરફની પાઈપ લાઈનમાં સામાન્ય રીતે ૧૮૦થી ૧૯૦ એમ.એલ.ડી. તથા કચ્છ તરફની પાઈપ લાઈનમાં ૧૩૦થી ૧૮૦ એમ.એલ.ડી. પાણી વહેવડાવવામાં આવે છે.

રાજકોટ / જામનગર તથા કચ્છ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તાર, શહેરી વિસ્તાર તથા ઔદ્યોગિક વિસ્તારોને પાણી પહોંચાડવામાં આવે છે. સામાન્ય રીતે તેઓની દૈનિક જરૂરિયાત આશરે નીચે મુજબ રહેલ છે :

ગ્રામ્ય વિસ્તાર	:	૧૯૦	થી	૨૦૦	એમ.એલ.ડી.
શહેરી વિસ્તાર	:	૫૦	થી	૫૫	એમ.એલ.ડી.
ઔદ્યોગિક વિસ્તાર	:	૭૦	થી	૭૫	એમ.એલ.ડી.
કુલ		**૩૧૦**	**થી**	**૩૩૦**	**એમ.એલ.ડી.**

પ્રશ્ન-સી : માળિયા બ્રાંચ કેનાલમાં કોઈ સમયે ભંગાણ પડે ત્યારે અથવા તો તેની જાળવણી અંગે તેને બંધ કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે અથવા લાભાર્થી પ્રદેશોની જનતાને પીવાના પાણીનો જથ્થો નિયમિત મળી રહે તે માટે ખીરઈ પાસે ૪૫ દિવસ જેટલા પાણીની જરૂરિયાતનો 'સમ્પ' આપશ્રીના વિભાગ દ્વારા બનાવડાવવામાં આવેલ છે કે નહીં? જો ના બનાવડાવવામાં આવેલ હોય તો શા માટે નથી બનાવડાવવામાં આવેલ?

ઉત્તર-સી : માળિયા બ્રાંચ કેનાલમાં કોઈ સમયે ભંગાણ પડે ત્યારે અથવા તો તેની જાળવણી અંગે બંધ કરવાની જરૂરિયાત ઊભી થાય તો ખીરઈ પાસે હાલમાં ૪૫ દિવસ જેટલા પાણીની જરૂરિયાતનો સમ્પ આ વિભાગ દ્વારા બનાવડાવવામાં આવેલ નથી. પરંતુ હાલમાં ખીરઈ હેડવર્કસથી કેનાલના ઉપરવાસમાં આશરે ૪ કિ.મી. દૂર વાધરવાની સીમમાં આશરે ૧૧૨૦ એમ.એલ.ડી. (૩ દિવસ સ્ટોરેજ) એક બેલેન્સિંગ રીઝરવોયર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે ૫૩.૫૬ હેક્ટર જમીનનો આગોતરો કબજો ગુ.વો.ઈ.લિ. દ્વારા લેવામાં આવેલ છે.

પ્રશ્ન-ડી : માળિયા બ્રાંચમાં ભંગાણ પડે ત્યારે અથવા તો તેની જાળવણીના કાર્ય માટે બંધ રાખવામાં આવે ત્યારે લાભાર્થી પ્રદેશની જનતાને તેમની જરૂરિયાત મુજબના દૈનિક પાણીનો જથ્થો મળી રહે તે માટે હાલે આપશ્રીના વિભાગ તરફથી શું કાર્યવાહી કરવામાં આવે છે?

ઉત્તર-ડી : આ પરિસ્થિતિમાં અત્રેની કચેરી દ્વારા હાલમાં લાભાર્થી પ્રદેશની જનતાને તેમની જરૂરિયાત મુજબના દૈનિક પાણીનો જથ્થો મળી રહે તેવી વ્યવસ્થા નથી. ઉપર ઉત્તર-સી માં જણાવ્યા મુજબ ખીરઈ ખાતે બેલેન્સિંગ રીઝરવોયરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત જવાબો દ્વારા કચ્છ તથા રાજકોટ તરફની લાઈનમાં જે પીવાના પાણી આપવામાં આવે છે તેના ગ્રામ્ય વિસ્તારના, શહેરી વિસ્તારના અને ઔદ્યોગિક વિસ્તારના આંકડા સંયુક્તપણે આપવામાં આવેલ છે. કચ્છ અને રાજકોટ તરફના આંકડા ઈરાદાપૂર્વક અલગ અલગ આપવામાં આવેલ નથી. (આ માટે જરૂરી વિગતો અલગથી માગવામાં આવી રહેલ છે.)

આપણે અંદાજ લગાવી શકીએ કે કચ્છ તરફ દૈનિક સરેરાશ ૧૫૦ MLD પાણી વહેવડાવવામાં આવે છે કે જેમાંથી ઉદ્યોગોને આપવામાં આવતા ૬૦ MLD બાદ કરીએ તો બાકી કચ્છના ગ્રામ્ય વિસ્તારને તથા શહેરી વિસ્તારને પીવાના પાણી તરીકે દૈનિક માત્ર

૯૦ MLD પાણી મળે છે. જે ૧૫૦ MLDની જરૂરિયાત સામે ખૂબ જ ઓછું પાણી કહેવાય. આ પરિસ્થિતિ પેપર પરની થઈ. વ્યવહારમાં તો માળિયા બ્રાંચમાંથી ખેડૂતો જ્યારે ડીઝલ પંપ મૂકીને પાણી ખેંચી લે ત્યારે આ પાણી પણ કચ્છમાં ના પહોંચી શકતા હોય. વળી કેનાલમાં જ્યારે ભંગાણ પડે અથવા તો મેઈન્ટેનન્સ માટે બંધ રાખવામાં આવે ત્યારે કચ્છમાં બિલકુલ પાણી પહોંચી જ ના શકે.

ખરેખર તો માળિયા પાસે ૪૫ દિવસના પાણીના સંગ્રહનો સમ્પ બનાવવામાં આવે તો જ કચ્છમાં નિયમિતપણે પાણી પહોંચતુ રહે અને નિષ્ણાતોના મત પ્રમાણે તે જરૂરી પણ છે. તેમ છતાં હાલે પણ જે આયોજનો વિચારાઈ રહેલ છે તે માત્ર ૩ દિવસના સ્ટોરેજ પૂરતા જ સમ્પના આયોજનો છે. સરકારશ્રીના વિભાગની આ પણ એક મોટી ભૂલ કહેવાશે. કે જેના કારણે ભવિષ્યમાં પણ કચ્છ અને રાજકોટની જનતાએ રીબાવાનું રહેશે. ૩ દિવસના સ્ટોરેજ જેટલો સમ્પ બનાવવાના બદલે ૪૫ દિવસના સ્ટોરેજ જેટલો સમ્પ બનાવવા માટે વર્તમાન ધારાસભ્યશ્રીઓ જ આ પરિસ્થિતિમાં બદલાવ લાવી શકે. આ સરકારમાં સામાન્ય માણસનું સાંભળે છે કોણ?

વિશેષમાં એક અન્ય હકીકત પણ નોંધવા લાયક છે.

કચ્છ તરફના પમ્પિંગ સ્ટેશનમાં ૧૭૧૦ મી^{3}/કલાકની ક્ષમતાવાળા કેટલા પંપ મૂકવામાં આવેલ છે તેની વિગત આપવામાં આવેલ નથી.

એક પંપ ૧૭૧૦ મી^{3}/કલાક પાણી ખેંચીને કચ્છ તરફની પાઈપ લાઈનમાં તે પાણીને વહેવડાવી શકે છે તેમ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના જાહેર માહિતી અધિકારીશ્રીનું કહેવું છે.

આ પંપ સતત ૨૪ કલાક ચાલુ રાખવામાં આવે તો ૧૭૧૦ x ૨૪ = ૪૧૦૪૦ મી^{3} પાણી વહેવડાવી શકે.

૧ મી^{3} પાણી એટલે ૧૦૦૦ લિટર પાણી થાય.

૪૧,૦૪૦ મી^{3} પાણી = ૪૧,૦૪૦ x ૧૦૦૦ = ૪,૧૦,૪૦,૦૦૦ લિટર પાણી કહેવાય. એટલે કે ૪ કરોડ ૧૦ લાખ ૪૦,૦૦૦ લિટર પાણી કહેવાય.

અન્ય તરફ ૧૫૦ MLD પાણી એટલે ૧૫૦ મિલિયન લિટર દૈનિક પાણી ગણાય.

એક મિલિયન લિટર પાણી એટલે ૧૦,૦૦,૦૦૦ લિટર પાણી થાય.

તેથી ૧૫૦ મિલિયન લિટર = ૧૫૦ x ૧૦,૦૦,૦૦૦ = ૧૫ કરોડ લિટર પાણી થાય.

આ રીતે એક પંપ સતત ૨૪ કલાક ચાલુ રાખવામાં આવે તો ૪,૧૦,૪૦,૦૦૦ લિટર પાણી વહેવડાવી શકે. તેથી ૧૫ કરોડ લિટર પાણી વહાવવા ઓછામાં ઓછા ૪ પંપ જોઈએ અને ૨૦ કરોડ (એટલે કે ૨૦૦ MLD) લિટર પાણી વહાવવા ૫ પંપની જરૂરિયાત રહે.

કચ્છ તરફના પમ્પિંગ સ્ટેશનમાં ૧૭૧૦ મી^{3}/કલાકની ક્ષમતાવાળા કેટલા પંપ બેસાડવામાં આવેલ છે અને સતતપણે કેટલા પંપ ચાલુ રાખવામાં આવે છે તેની વિગત જાણવાની બાકી રહે છે.

૨. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ :

સરનામું : બ્લોક નં.-૧૨, પહેલો માળ, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

ફોન/ફેક્સ : ૦૭૯-૨૩૨૨૩૦૫૬

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ચેરમેનશ્રી નારાયણભાઈ પટેલે સપ્ટેમ્બર-૦૯માં અખબાર જોગ એક નિવેદન કરેલ કે બાકી રહેતા અંદાજિત ૬૬,૦૦૦ કિ.મી.ની નર્મદા યોજનાના ઑપન કેનાલના કામો હવે પાઈપલાઈન દ્વારા કરવામાં આવશે અને તે અંગે સરકારશ્રીએ જરૂરી નિર્ણય લઈ લીધેલ છે. બિનસત્તાવાર રીતે એવી વિગતો પણ બહાર આવેલ કે અલગ અલગ સાઈઝની પાઈપ લાઈનના ક્વોટેશન્સ, સરકારશ્રીએ કોઈ એક પાઈપ મેન્યુફેક્ચરિંગ કરતી કંપની પાસેથી મેળવી લીધેલ છે અને તે અંગે વાટાઘાટો પણ ચાલુ છે.

ઉપરોક્ત વિગતના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને જાહેર માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે નીચે મુજબ પ્રશ્ન પૂછવામાં આવેલ અને તેનો જવાબ પણ મેળવી લેવામાં આવેલ છે કે જેની વિગતો નીચે મુજબ છે.

પ્રશ્ન : નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી બાકી રહેતી ઑપન કેનાલના બદલે પાઈપલાઈન દ્વારા લઈ જવાની વિચારણા ચાલે છે? આ માટે ગુજરાત સરકારશ્રીએ નિર્ણય લઈ લીધેલ છે? જો નિર્ણય લેવાઈ ગયેલ હોય તો તેના અમલીકરણની શરૂઆત ક્યારથી છે?

ઉત્તર : નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી ઑપન કેનાલના બદલે પાઈપ લાઈન દ્વારા લઈ જવા બાબતે કોઈ જ નીતિ વિષયક નિર્ણય લેવામાં આવેલ નથી. જ્યાં માઈક્રો ઈરિગેશન શક્ય હોય અથવા વિવિધ કારણોસર જરૂર જણાય તેવા વિસ્તારમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે હાથ ધરવાનું સૂચન છે.

સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેનશ્રી નારાયણભાઈ પટેલનું અખબાર જોગ નિવેદન અને તેના અનુસંધાને ગુજરાતના બધા જ મુખ્ય દૈનિકોમાં પ્રસારિત કરવામાં આવેલ અહેવાલો અને તેની સામે નિગમના જાહેર માહિતી અધિકારીશ્રીનો લેખિતમાં આવેલ

GLOBAL MERCANTILE PVT. LTD.
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

જવાબ, એમ બંને વાતો વચ્ચે કોઈ જ મેળ પડતો નથી. જાહેર જનતાએ શું માનવું? રાજકીય પૃષ્ઠતા ધરાવતા ચેરમેનશ્રીની વાતો, કે એક જવાબદાર અધિકારીશ્રીનો લેખિતમાં જવાબ? બધી રીતે વિચારીએ તો અધિકારીશ્રીનો જવાબ યોગ્ય લાગે છે પરંતુ આવતીકાલે રાજકીય નેતાગીરી પોતાનું ધાર્યું કરી જાય તો નવાઈ નહીં કહેવાય!

૩. ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ :

સરનામું : બ્લોક નં.-૧૮, ૮મે માળે, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૭.

ફોન : ૦૭૯-૨૩૨૩૨૭૦૧, ૨૩૨૩૨૭૦૪

ફેક્સ : ૦૭૯-૨૩૨૨૨૪૮૧

ધરતીકંપ બાદ કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોની પાણીની જરૂરિયાત મોટા કોયડા સમાન છે. કચ્છમાં સરેરાશ વરસાદ ખૂબ ઓછો હોવાથી ત્યાંના મોટાભાગના વિસ્તારોમાં પાણીની અછત રહે છે. ઉદ્યોગોની ૩૫૦ MLD પાણીની જરૂરિયાત સામે ગુજરાત સરકારશ્રી દ્વારા નર્મદાની પાઈપ લાઈન દ્વારા માત્ર ૫૦ MLD પાણી પૂરું પાડવામાં આવે છે. જરૂરી પાણીની અવેજીમાં ઉદ્યોગો ગેરકાયદેસર રીતે કચ્છના ભૂગર્ભનું પાણી વાપરી પોતાની જરૂરિયાત પૂરી પાડે છે. આ પરિસ્થિતિ કચ્છના સ્થાનિક લોકો માટે કે ઉદ્યોગો માટે હિતાવહ તો નથી જ. તેના અનુસંધાને ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ, ગાંધીનગરને જાહેર માહિતી અધિનિયમ, ૨૦૦૫ના નેજા હેઠળ પ્રશ્ન પૂછવામાં આવેલ કે જેની વિગત નીચે મુજબ છે.

પ્રશ્ન : કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોને પાણી પૂરું પાડવા આપશ્રીના હિસાબે ડી-સેલિનેશન પ્લાન્ટની જરૂરિયાત ખરી? જો હા, તો તે માટે કેટલા MLDના પ્લાન્ટની આવશ્યકતા રહે? એ માટે આપશ્રીના વિભાગે અત્યાર સુધી શું આયોજનો કરેલ છે?

જવાબ : આ અંગે આપને જણાવવાનું કે કચ્છ ખાતે પાણીની જરૂરિયાત તથા પાણી પુરવઠાને ધ્યાને લેતાં કચ્છ ખાતેના ઉદ્યોગોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા ૧૫૦ MLDની ક્ષમતાવાળો ડી-સેલિનેશન પ્લાન્ટનો વિકાસ કરવા બિડિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. પરંતુ બિડિંગ પ્રક્રિયામાં અનુકૂળ પ્રતિસાદ મળેલ ન હતો. આથી તાજેતરમાં આ પ્રોજેક્ટ માટે સ્થાપવામાં આવેલ ખાસ કંપની "કચ્છ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ" ૫૦ MLDની ક્ષમતાવાળો ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપે તેવો નિર્ણય લેવાયેલ છે. અને સમયાંતરે જરૂરિયાત મુજબ તેની ક્ષમતા વધારવા જે તે વખતે નિર્ણય લેવાશે.

ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ નીચેના પ્રશ્નના જવાબ આપવાનું ટાળેલ છે કે જે જાહેર જનતાએ માંગેલ વિગત પૂરી ન પાડવા બરાબર છે.

કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોને પાણી પૂરું પાડવા આપશ્રીના હિસાબે ડી-સેલિનેશન પ્લાન્ટની જરૂરિયાત ખરી? જો હા, તો તે માટે કેટલા MLDના પ્લાન્ટની આવશ્યકતા રહે છે?

જાહેર માહિતી અધિકારીએ ઉપરોક્ત પ્રશ્નનો જવાબ આપવાનું ટાળેલ છે. જો સાચા જવાબ આપવામાં આવે તો ભયંકર હોબાળો થવાની પૂરેપૂરી શક્યતા રહે છે. ઉદ્યોગોને ૩૫૦ MLD પાણી જોઈએ છે એ હકીકત છે. તે સામે નર્મદાની પાઈપ લાઈન દ્વારા ૫૦ MLD પાણી પૂરું પાડવામાં આવે છે. બાકી ૩૦૦ MLD પાણી આ ઉદ્યોગો કચ્છના ભૂગર્ભનું જ જળ વાપરે છે. આ બાબતે એકાદ નબળું ચોમાસુ ન ધાર્યા પ્રશ્નો ઊભા કરશે એ હકીકત છે.

અન્ય તરફની વાત કરીએ તો ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડે ૧૫૦ MLDના પ્લાન્ટ માટેની પ્રક્રિયા શરૂ કરી, તેનો મતલબ જ એ થયો કે તેઓના હિસાબે કચ્છમાં ૧૫૦ MLDના પ્લાન્ટની જરૂરિયાત તો છે જ. કોન્ટ્રાક્ટરો દ્વારા બિડિંગ પ્રક્રિયામાં અનુકૂળ પ્રતિસાદ ના મળે તો કચ્છ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે ૧૫૦ MLDનો પ્લાન્ટ જાતે સ્થાપિત કરવો જોઈએ. તેના બદલે ૫૦ MLDના પ્લાન્ટથી કેમ ચાલે? સરકારશ્રી પોતે લીધેલા નિર્ણયને જ ફેરવી તોળે છે કે જેના કોઈ જ વાજબી કારણ નથી. પરિણામ સ્વરૂપે કચ્છના ભૂગર્ભ જળને સ્થાનિક ખેતીમાં વપરાવાને બદલે આ ઉદ્યોગો વાપરે તેવા પરિણામો જ આવે!

સરકારશ્રી ડી-સેલિનેશન પ્લાન્ટ માટે માત્ર નીતિ-વિષયક નિયમો બનાવી, પ્રાઈવેટ સેક્ટરને પ્રોત્સાહિત કરતા નિર્ણયો જાહેર કરે તો પ્રાઈવેટ સેક્ટરમાંથી અનેક લોકો આ ક્ષેત્રે ધંધાકીય રીતે રોકાણ કરવા આગળ આવી શકે અને તે દ્વારા સહુને કનડતા આ પ્રશ્નનું નિરાકરણ આવી શકે. સરકારશ્રી આ સીધી સાદી વાત માટે આટલી હદે અનિર્ણાયક બની ગયેલ છે તે એક આશ્ચર્ય પમાડે તેવી હકીકત છે.

નોંધ : *કચ્છના પાણી પ્રશ્ને જાહેર માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયેના સરકારશ્રીના વિવિધ વિભાગોમાં પ્રશ્નો પૂછવામાં આવેલ છે. આ પ્રશ્નોના જવાબ સ્વરૂપે આવતી માહિતી અમે 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે રજૂ કરતા રહીશું.* ■

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294
PRIYANKA ROADLINES
15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.
PRAVIN ROADLINES
109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

વર્ષ ૨૦૧૦માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

વિધાનસભામાં પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય નર્મદામંત્રીશ્રી (મુખ્ય મંત્રીશ્રીએ) તા. ૩૧-૧૨-૨૦૦૭ની પરિસ્થિતિએ ગુજરાતના ૧૫ જિલ્લામાં થયેલ કેનાલના કાર્યવાહીની જે વિગત આપેલ તેમાં કચ્છમાં માત્ર ૧.૦૦ કિ.મી.ના કામ થયેલ છે તેવું જણાવેલ હતું.

- સરદાર સરોવર નર્મદા નિગમના કાર્યો માટે તથા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો માટે માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫ અન્વયે મેળવેલ / ન મેળવી શકાયેલ માહિતીની વિગતો રજૂ કરતો લેખ.
- વિસ્થાપિતોના પુનર્વસનના આયોજન અને તેના અમલીકરણની વિગતો રજૂ કરતો લેખ.
- TISS Report – યોજનાના અમલીકરણમાં ક્ષતિઓ દર્શાવતી માહિતી.
- પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ.
- તા. ૫-૫-૨૦૧૦ના રોજ શ્રી મૂકેશભાઈ ઝવેરીની સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટરશ્રી તરીકે નિમણૂક કરવામાં આવી. તેના પરિણામે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાં ગતિ આવશે તેવી આશા વ્યક્ત કરતો લેખ.
- અનેક સમયે ખ્યાલ આવે છે કે સરકારશ્રીના બે ખાતા (૧) સ.સ.ન.નિ.લિ. અને (૨) જળસિંચાઈ વિભાગ વચ્ચે તાલમેલનો અભાવ રહે છે. પરિણામે ગૂંચવણ જેવી પરિસ્થિતિ દર્શાવતો લેખ.
- ઓગસ્ટ - ૨૦૧૦ની પરિસ્થિતિએ કચ્છ બ્રાંચ કેનાલની કાર્યવાહીની સંપૂર્ણ માહિતી આપતો લેખ.
- કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની કાર્યવાહી દર્શાવતો લેખ.
- કચ્છમાં પીવાના પાણીની જરૂરિયાત અને તેની સમસ્યા નિવારવાના અગ્રીમ ઉપાયો દર્શાવતો લેખ.
- નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણી તથા વધારાના પાણીની કાર્યવાહીનો આજ દિવસ સુધીની પરિસ્થિતિ દર્શાવતો લેખ.
- નર્મદા નદીના નિયમિત પાણીથી કચ્છના કયા તાલુકાના, કયા ગામના, કેટલા હેક્ટર જમીનમાં સિંચાઈ થઈ શકશે તેની આંકડાકીય માહિતી દર્શાવતો લેખ.
- રૂકમાવતી નદી પરના પાણી સંગ્રહના આયોજનો અને તેના અમલીકરણની વિગત દર્શાવતો લેખ.

કચ્છ બ્રાંચ કેનાલના કામો માત્ર ૧ કિલોમીટર જેટલા થયેલ છે

(તા. ૩૧-૧૨-૨૦૦૭ મુજબ)

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જાન્યુઆરી - ૨૦૧૦નો લેખ)

ગત તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૮ના ગુજરાત વિધાનસભામાં તારાંકિત પ્રશ્નોત્તરીના સમયે પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માનનીય નર્મદામંત્રીશ્રી (મુખ્ય મંત્રીશ્રી)ને એક પ્રશ્ન પૂછેલ હતો અને મુખ્ય મંત્રીશ્રીએ વિધાનસભામાં તેનો જે જવાબ આપેલ હતો તે અક્ષરસહ અત્રે રજૂ કરવામાં આવેલ છે.

પ્રશ્ન : તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલની કુલ લંબાઈમાંથી જિલ્લાવાર કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે?

જવાબ : તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલની કુલ લંબાઈ ૯૦૩૮૯.૩૨૩ કિ.મી. માંથી જિલ્લાવાર નહેરની લંબાઈ અને પૂર્ણ થયેલ નહેરની લંબાઈ નીચે મુજબ છે :

અનુક્રમ	*જિલ્લો*	*નહેરની કુલ લંબાઈ (કિ.મી.માં)*	*તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પૂર્ણ થયેલી નહેરની લંબાઈ (કિ.મી.માં)*	*મંગલ મંદિરની દૃષ્ટિએ ટકાવારી*
૧.	નર્મદા	૮૪૯.૦૦૦	૭૫૭.૦૦૦	૮૯.૧૬ ટકા
૨.	વડોદરા	૧૧૪૩૪.૦૦૦	૮૮૫૩.૦૦૦	૭૭.૪૩ ટકા
૩.	ભરૂચ	૬૦૪૫.૦૦૦	૩૨૫૩.૦૦૦	૫૩.૮૧ ટકા
૪.	પંચમહાલ	૨૨૧.૯૦૦	૨૨૧.૯૦૦	૧૦૦.૦૦ ટકા
૫.	ખેડા	૧૪૭૧.૩૪૦	૧૧૦૭.૩૦૦	૭૫.૨૬ ટકા
૬.	આણંદ	૩.૦૦૦	૦.૦૦૦	૦.૦૦ ટકા
૭.	ગાંધીનગર	૫૮૧.૨૮૦	૪૪૯.૨૮૦	૭૭.૨૯ ટકા
૮.	અમદાવાદ	૧૩૮૨૬.૮૭૯	૧૯૭૯.૨૧૪	૧૪.૩૧ ટકા
૯.	મહેસાણા	૨૪૭૩.૩૫૬	૪૪૫.૩૫૬	૧૮.૦૧ ટકા
૧૦.	સુરેન્દ્રનગર	૨૨૪૦૪.૦૦૦	૨૪૯.૦૦૦	૧.૧૧ ટકા
૧૧.	પાટણ	૮૯૯૨.૪૪૬	૧૬૨.૪૪૬	૧.૮૧ ટકા
૧૨.	બનાસકાંઠા	૭૬૭૫.૧૨૨	૧૦૩.૪૬૫	૨.૪૬ ટકા
૧૩.	ભાવનગર	૪૨૦૩.૦૦૦	૨૩.૦૦૦	૦.૫૫ ટકા
૧૪.	રાજકોટ	૧૪૧૮.૦૦૦	૪૨.૦૦૦	૨.૯૬ ટકા
૧૫.	કચ્છ	૮૭૯૧.૦૦૦	૧.૦૦૦	૦.૦૧ ટકા
		૯૦૩૮૯.૩૨૩	**૧૦૬૭૬.૯૬૧**	

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી કચ્છની વારંવાર મુલાકાત લે છે. રણોત્સવ જેવા પ્રસંગો યોજે છે. કચ્છને તે પોતાનું માને છે. પરંતુ કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચાડવા, એ કચ્છ માટે ખૂબ જ અગત્યનો પ્રશ્ન - પ્રાણપ્રશ્ન હોવા છતાં કચ્છના કામ માત્ર ૦.૦૧ ટકા એટલે કે નહિંવત્ થયેલ છે. બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ, માઈનોર કેનાલ, ફિલ્ડ કેનાલ વગેરે મળીને કચ્છમાં ટોટલ

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૩૫ ઉપર)

ધાર્મિક વ્યક્તિ સાપથી નહિ પરંતુ શાપથી બીએ છે.

માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી મેળવવામાં આવેલ / ન મેળવી શકાયેલ માહિતીની વિગતો

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જાન્યુઆરી - ૨૦૧૦નો લેખ)

'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૦૯ના અંકમાં કચ્છ બ્રાંચ કેનાલના પ્રશ્ને નર્મદા નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રીની મુલાકાત અંગેનો અહેવાલ તથા માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે ગુજરાત સરકારશ્રીના વિવધ વિભાગો એટલે કે : (૧) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, (૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ અને (૩) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડને પૂછેલ પ્રશ્નો અન્વયે મેળવેલ જવાબો અને તેના તારવણ રજૂ કરેલ હતા.

મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૧૦ના આ અંકમાં માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે મેળવેલ માહિતી અને જે-તે ડિપાર્ટમેન્ટની માહિતી આપવામાં આડોડાઈના કારણે ન મેળવી શકાયેલ માહિતીની વિગતો નિહાળીએ અને તેનું વિશ્લેષણ પણ કરીએ.

૧. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ - ગાંધીનગર

ગત તા. ૨૨-૧૦-૨૦૦૯ના માહિતી અધિકારીશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને કેટલાક પ્રશ્નો પૂછવામાં આવેલ હતા કે જેમના જવાબો તેઓએ તા. ૨૬-૧૧-૨૦૦૯ના આપેલ હતા. આ જવાબો સ્પષ્ટ ન હોતાં, વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને તા. ૩૦-૧૧-૨૦૦૯ના અપીલ કરવામાં આવેલ છે. આ અપીલ અન્વયે, પૂછેલ પ્રશ્નો, માહિતી અધિકારીશ્રીના આવેલ જવાબો અને તેના પર જે કંઈ રિમાર્ક હોય તે તેઓશ્રીને રજૂ કરેલ છે. વિગત નીચે મુજબ છે.

પ્રશ્ન ક્રમાંક	માંગવામાં આવેલ માહિતી	આપવામાં આવેલ માહિતી	રિમાર્ક
૪-એ	સરદાર સરોવર ડેમમાંથી નીકળતી સિંચાઈની મેઈન કેનાલમાંથી જે બ્રાંચ કેનાલો અને તેને આનુષંગિક બધા જ પ્રકારની કેનાલોના કામ પૂરા કરવાની સમયમર્યાદા શું નક્કી કરવામાં આવેલ છે?	સરદાર સરોવર નર્મદા યોજનાની નર્મદા મુખ્ય નહેરમાંથી નીકળતી બ્રાંચ કેનાલો અને તેને આનુષંગિક બધા જ પ્રકારની કેનાલોના કામો તબક્કાવાર ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫માં પૂરા કરવાનું આયોજન છે.	જવાબ, જવાબની રીતે યોગ્ય છે.
૪-બી	દરેક પ્રકારની બ્રાંચ કેનાલ અને તેમાંથી નીકળતી બધા જ પ્રકારની અન્ય કેનાલોના કામ સમય મર્યાદામાં પૂરા કરવા માઈક્રો પ્લાનિંગ વિચારાયેલ છે કે નહીં? એ માઈક્રો પ્લાનિંગની વિગતો જોઈએ છે.	વિતરણ પદ્ધતિના નહેરોના કામો તબક્કાવાર હાથ ધરી સમય મર્યાદામાં કામો પૂરા કરવાનું આયોજન છે.	• પ્રશ્નોના જવાબ યોગ્ય નથી. • પ્રથમ પ્રશ્નનો જવાબ નથી. • માંગેલ વિગતો આપવામાં આવેલ નથી. • કોન્ટ્રાક્ટરને કામ આપ્યા પછી પૂરા કરવા બાર-ચાર્ટ બનાવવામાં આવે છે અને એ ચાર્ટ પ્રમાણે કામ પૂરા કરાવવામાં આવે છે. આ વિગતો એટલે માઈક્રો પ્લાનિંગ. તે વગર કામ આયોજન પ્રમાણે ચાલે છે કે નહીં તેની ખબર જ ના પડે. આ પ્રકારના આયોજન વગર માત્ર ધારણા કરીને તો એવું કહી જ શકાય નહીં કે કામો ૨૦૧૪-૧૫માં

મૂર્ખ માણસ એ જ કહેવાય જે દરેકને પોતાના જેટલો જ હોંશિયાર સમજે.

પૂરા કરવામાં આવશે. દર વર્ષે કરવાના ખર્ચના પણ તેના આધારે જ આયોજનો થઈ શકે.
અમને દરેક બ્રાંચ કેનાલ અને અન્ય કેનાલોના આ પ્રકારના આયોજનોની વિગત જોઈએ છે. એ આયોજનો વગર તો આપ કયા આધારે કહી શકો કે વર્ષ ૨૦૧૪-૧૫માં કામ પૂરા કરવામાં આવશે. અમારી માંગણી છે કે આ પ્રકારની વિગતો અમને સત્વરે પૂરી પાડવામાં આવે.

૪-સી

ઉપરોક્ત કાર્યો નક્કી કરેલ સમય મર્યાદામાં પૂરા કરાવવા નિગમ પાસે જરૂરી ટેક્નિકલ સ્ટાફ છે કે નહીં? જો ના હોય તો તે અંગે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

નિગમમાં તાંત્રિક તેમજ બિન તાંત્રિક મહેકમ સરકારશ્રીમાંથી પ્રતિનિયુક્તિથી ફાળવવામાં આવે છે. સમયાંતરે સરકારશ્રીને ખાલી જગ્યાઓ ભરવા જણાવવામાં આવે છે. સરકારશ્રીમાંથી સ્ટાફ ફાળવવામાં આવતા જગ્યાઓ ભરવામાં આવે છે.

- પ્રશ્ન ક્યાં અને જવાબ ક્યાં?
- નિગમમાં સ્ટાફ ક્યાંથી લાવવામાં આવે છે તેની વિગત અમે માંગેલ જ નથી.
- અમારો પ્રશ્ન એ છે કે હાલના કાર્યો, સમય મર્યાદામાં પૂરા કરવા, નિગમ પાસે જરૂરી ટેક્નિકલ સ્ટાફ છે કે નહીં? તેનો જવાબ 'હા' અથવા 'ના'માં જ હોઈ શકે. અન્ય કોઈ રીતે નહીં. અમને સ્પષ્ટ જવાબ જોઈએ છે.
- બીજો પ્રશ્ન છે કે સ્ટાફ પૂરતો ના હોય તો અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી? સ્ટાફ ક્યાંથી આવે છે અને તે મેળવવા શું પદ્ધતિ હોય તે અમારો પ્રશ્ન નથી. અમારો પ્રશ્ન જરૂરી સ્ટાફ મેળવવા શું કાર્યવાહી કરવામાં આવી તેની વિગતવાર માહિતી આપવા અંગેનો છે.
- બંને પ્રશ્નના માગ્યા પ્રમાણેના ઉત્તર નથી. અમે માંગેલ માહિતી અમને આપવામાં આવે તેવી અમારી વિનંતી છે.

૪-ડી

ઉપરોક્ત કાર્યો નક્કી કરેલ સમય મર્યાદામાં પૂરા કરાવવા કયા પ્રકારનો ટેક્નિકલ સ્ટાફ જોઈએ? (દા.ત. ડાયરેક્ટર, ચીફ એન્જિનિયર, સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ડેપ્યુટી એન્જિનિયર વગેરે વગેરે) તે માટે હાલે

ક્રમ	*જગ્યાનું નામ*	*ભરાયેલ જગ્યા*	*ખાલી જગ્યા*
૧.	સંચાલકશ્રી (નહેરો)	૦૦	૦૧
૨.	સંચાલકશ્રી (સિવિલ)	૦૦	૦૧
૩.	મુખ્ય ઈજનેરશ્રી	૦૫	૦૪
૪.	અધિક્ષક ઈજનેરશ્રી	૧૯	૦૪

- અમારા પ્રથમ પ્રશ્નનો જવાબ માહિતી અધિકારીશ્રીએ આપેલ નથી.
  નક્કી કરેલ સમય મર્યાદામાં કાર્યો પૂરા કરાવવા કયા પ્રકારનો કેટલો ટેક્નિકલ સ્ટાફ જોઈએ

દુનિયા આપણને મૂર્ખ માને તો વાંધો નહિ પરંતુ દુષ્ટ માને તે જરા પણ ચલાવી ન લેવાય.

કેટલો સ્ટાફ છે? કેટલી જગ્યા ખાલી છે?	૫.	કાર્યપાલક ઈજનેરશ્રી	૪૬	૩૦
	૬.	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી	૨૯૦	૧૦૨
		ટોટલ	*૩૬૦*	*૧૪૨*

તેની વિગત જ આપેલ નથી. હાલે કેટલો સ્ટાફ છે અને કેટલી જગ્યા ખાલી છે તેનો જ માત્ર જવાબ આપેલ છે. અમે પ્રથમ પ્રશ્નના જવાબની અપેક્ષા રાખીએ છીએ.

• **તારણ :**

ઉપરોક્ત પ્રશ્નોનો અભ્યાસ કરીએ તો પ્રશ્ન-૪બી માં પૂછેલ પ્રશ્નનો સ્પષ્ટ જવાબ નથી. એ જવાબ ગોળગોળ ભાષામાં છે. જ્યાં લગી દરેક બ્રાંચ કેનાલના ઝીણવટભર્યા (માઈક્રો) પ્લાનિંગ કરવામાં ન આવે ત્યાં લગી ખ્યાલ જ ન આવે કે એ બ્રાંચ કેનાલનું કામ ક્યારે પૂરું થશે. કોઈ પણ જાતની ગણતરી વગર અને માત્ર ભાવનાના ધોરણે કાર્ય પૂર્ણ કરવાનું વર્ષ ૨૦૧૩-૨૦૧૪ નિરધારાયેલ હોય તો તે ચોક્કસ ફેઈલ જઈ શકે છે. અને તેવા સંજોગોમાં નિગમ રિવાઈઝ્ડ વર્ષ જાહેર કરે તેવી શક્યતા પૂરેપૂરી રહેલ છે. મતલબ એ થાય કે દરેક બ્રાંચ કેનાલના કામો વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં પૂરા કરવા નિગમ ગંભીર નથી.

પ્રશ્ન ૪-સી ચોક્કસ છે પરંતુ નિગમે તેનો જવાબ ઉડાઉ આપેલ છે. નિગમને પૂછવામાં આવેલ છે કે બ્રાંચ કેનાલોના કાર્યો નક્કી રેલ સમય મર્યાદામાં પૂરા કરવા નિગમ પાસે જરૂરી ટેક્નિકલ સ્ટાફ છે કે નહીં? આ પ્રશ્નનો જવાબ 'હા' અથવા 'ના'માં હોઈ શકે. નિગમે ભળતો જ જવાબ આપેલ છે. આ વિભાગમાં બીજો પ્રશ્ન પૂછવામાં આવેલ છે કે નિગમ પાસે જો પૂરતો સ્ટાફ ના હોય તો તે અંગે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી? આ પ્રશ્નનો પણ નિગમે સીધેસીધી રીતે જવાબ આપવાના બદલે ભળતાસળતા જવાબ આપેલ છે. મતલબ એ થાય છે કે નિગમ આ બાબતે સકંજામાં હોઈ, તેના અધિકારીશ્રીઓ વિગતો છુપાવવા માંગે છે.

નિગમ પાસે પૂરતો સ્ટાફ નથી તેવું વારંવાર કહેવામાં આવે છે, જ્યારે તેના મેનેજિંગ ડાયરેક્ટરે અગાઉ જણાવેલ કે નિગમ પાસે પૂરતો સ્ટાફ છે. તેના અનુસંધાને પ્રશ્ન ૪-ડી પૂછવામાં આવેલ હતો. નિગમને આ કાર્યો સમય મર્યાદામાં પૂરો કરવા કેટલો સ્ટાફ જોઈએ? તે માટે હાલે કેટલો સ્ટાફ છે? કેટલી જગ્યા ખાલી છે? નિગમના માહિતી અધિકારીશ્રીએ પ્રથમ પ્રશ્નનો જવાબ આપવાનું ટાળેલ છે. નિગમ પાસે હાલે કેટલો સ્ટાફ છે અને કેટલી જગ્યા ખાલી છે તે પ્રશ્નના જવાબથી ખ્યાલ આવે છે કે નિગમ પાસે એટલો ઓછો સ્ટાફ છે કે નિગમ સમય મર્યાદામાં કામ પૂરા કરી જ શકે નહીં. બધા જ પ્રકારના ટેક્નિકલ સ્ટાફને કાર્યરત રાખે તેવી બે મુખ્ય જગ્યાઓ અને ખૂબ જ અગત્યની જગ્યાઓ ખાલી છે. આ જગ્યા છે સંચાલકશ્રી (નહેરો) અને સંચાલકશ્રી (સિવિલ). સમજો કે નિગમ એ કમાન્ડર વગરની સેના છે. ત્યારબાદ મુખ્ય ઈજનેરની ૪ જગ્યા, અધિક્ષક ઈજનેરશ્રીની ૪ જગ્યા, કાર્યપાલક ઈજનેરશ્રીની ૩૦ જગ્યા અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની ૧૦૨ જગ્યા એમ કુલ ટેક્નિકલ સ્ટાફની ૧૪૨ જગ્યા ખાલી છે. આ સામે ૩૬૦ જગ્યા ભરેલી છે. એટલે કે લગભગ ૩૦ ટકા જગ્યા ખાલી છે. આ જવાબ નિગમના માહિતી અધિકારીશ્રીનો સત્તાવાર છે. ૩૦ ટકા ઓછા સ્ટાફથી સરદાર સરોવર નર્મદા નિગમ નિયત કરેલ સમય મર્યાદામાં (સરદાર સરોવર ડેમ લગભગ પૂરો થવા આવ્યો હોવા છતાં) જરૂરી કેનાલના નેટવર્કના અભાવે ગુજરાતના ખેતરો સુધી પાણી પહોંચાડી શકતી નથી. આ તો માત્ર નિયત જગ્યા પર સ્ટાફ છે કે નહીં તેની વાત થઈ. પરંતુ હજુ બીજો કેટલો સ્ટાફ જોઈએ તેનો તો નિગમે જવાબ આપેલ જ નથી. કામ સમયસર પૂરા કરવા કેટલો ટેક્નિકલ સ્ટાફ જોઈએ તે જો નિગમના અધિકારીશ્રીઓ સ્પષ્ટપણે જણાવે તો મળતા સમાચાર મુજબ હાલે નિગમ પાસે ૨૫ ટકા જ સ્ટાફ છે. ***નિગમના જવાબદાર અધિકારીશ્રીઓનો આ ગુનો દેશદ્રોહથી ઓછો કઈ રીતે આંકી શકાશે?*** ગુજરાત અને કચ્છના કયા રાજકારણી આ પરિસ્થિતિમાં નિગમનો બચાવ કરી શકશે? કોણ કહી શકશે કે ગુજરાતની કેનાલોના કામ ધમધોકાર ચાલે છે? કચ્છ બ્રાંચ કેનાલોના કામ ધમધોકાર ચાલે છે!

(૨) કચ્છ બ્રાંચ કેનાલ

કચ્છ બ્રાંચ કેનાલ ૩૬૦ કિ.મી. લાંબી છે. તે બનાસકાંઠાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી (૦.૦ કિ.મી.) ચાલુ થઈ માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધી (૩૬૦.૦ કિ.મી.) લાંબી છે.

આ ૩૬૦ કિ.મી. લંબાઈમાં પ્રથમ ૧૦૦ કિ.મી. બનાસકાંઠા જિલ્લામાં આવેલ છે, જ્યારે બાકીના ૨૬૦ કિ.મી. તે કચ્છમાંથી પસાર થાય છે.

આ કચ્છ બ્રાંચ કેનાલને ૦.૦થી ૩૬૦.૦ કિ.મી.ની લંબાઈ અને તેના આનુષંગિક કામોને ૧૩ વિભાગમાં વહેંચી તેના વિગતવાર જવાબ માહિતી અધિકારીશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ પાસેથી માંગવામાં આવેલ. તેનો સત્તાવાર જવાબ તેઓશ્રીની આદિપુર ઓફિસેથી અમને મળેલ છે.

આ જવાબ મુજબ અનુક્રમ-૧ અને ૨ માં એટલે કે ૦.૦થી ૨૦.૦૧ કિ.મી.માં અને ૨૦.૦૧થી ૩૨.૯૭ કિ.મી.માં એટલે કે ૦.૦થી ૩૨.૯૭ કિ.મી.ની લંબાઈના કામો મહદ્ અંશે પૂર્ણ થયેલ છે. આ વિભાગ કચ્છમાં નહીં પરંતુ બનાસકાંઠામાં આવેલ છે. બાકી

૩ થી ૧૧ ક્રમના કામો એક યા બીજા કારણે અધૂરા છે અથવા તો હાથ પર લેવાયેલ જ નથી. છતાં આપણને એમ કહેવામાં આવે છે કે આ કામો વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં પૂરા થઈ જશે. અને અન્ય તરફ નિગમની આદિપુર ઓફિસે અત્યારથી જ કહેવાનું શરૂ કરી દીધેલ છે કે, ના, આ કામો ૨૦૧૩-૨૦૧૪માં નહીં પરંતુ ૨૦૧૪-૨૦૧૫માં પૂરા થશે.

સરદાર સરોવર નર્મદા નિગમના કચ્છ બ્રાંચ કેનાલના ૩૬૦ કિ.મી.ની લંબાઈના કામનું ૧૩ વિભાગમાં વિભાજન કરી નિગમને દરેક વિભાગ માટે વિગતવાર પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. નિગમે દરેક વિભાગના સત્તાવાર જવાબો આપેલ છે, કે જે નીચે મુજબ છે.

અનુ.નં.	મુદ્દો	પ્રત્યુત્તર
૧.	૦.૦થી ૨૦.૦૧ કિ.મી.ની લંબાઈની કેનાલના કાર્યો આપશ્રીના વિભાગ દ્વારા ક્યારે પૂરા કરવામાં આવશે?	કચ્છ શાખા નહેરની ૦ થી ૪૫ કિ.મી.ની કામગીરી હવે કચ્છ શાખા નહેર વર્તુળ નં.-૧ રાધનપુર હસ્તક તાજેતરમાં જ સોંપવામાં આવેલ છે. તેથી આ માહિતી તેમના સ્તરેથી આપવાની થાય પરંતુ આ કચેરી પાસે અત્યાર સુધી આ કામગીરી હતી. તેથી માહિતી આપવામાં આવી રહેલ છે. હવે પછી આ લંબાઈની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાનો રહે છે. ૦.૦થી ૨૦.૦૧ કિ.મી.ની લંબાઈની કેનાલના કાર્યો મહદ્અંશે પૂર્ણ થયેલ છે. સામાન્ય કામગીરી બાકી રહેલ છે તે સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. આ લંબાઈમાં પ્રાયોગિક ધોરણે પાણી વહેવડાવવામાં આવે છે.
૨.	૨૦.૦૧થી ૩૨.૯૭ કિ.મી.ની લંબાઈની કેનાલના કાર્યો આપશ્રીના વિભાગ દ્વારા ક્યારે પૂરા કરવામાં આવશે?	– ઉપર મુજબ –
૩.	૩૨.૯૭થી ૪૫.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રિ-ટેન્ડરિંગ ક્યારે કરવામાં આવશે? આ કામો ક્યારે એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	૩૨.૯૭થી ૪૫.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રિ-ટેન્ડરિંગ પૂર્ણ થયેલ છે અને તા. ૧૨-૧૧-૨૦૦૯ના રોજ ટેન્ડર ખોલવામાં આવેલ છે. ટેક્નિકલ ઈવેલ્યુએશન પ્રગતિમાં છે. ત્યારબાદ જાન્યુઆરી-૨૦૧૦ સુધીમાં આ કામ એલોટ કરવાનું આયોજન છે. ૧૮ મહિનામાં આ કામ પૂર્ણ કરવાનું આયોજન છે.
૪.	૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી.ની લંબાઈના કેનાલના કામોની ડિઝાઈન ક્યારે પૂરી થશે? ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવશે? ક્યારે કામ એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી.ની લંબાઈમાં ઉદ્ભવતા કેટલાક તાંત્રિક પ્રશ્નોના નિરાકરણ માટેની કામગીરી તજજ્ઞ ઈજનેરોના બનેલા બોર્ડ ઓફ કન્સલ્ટન્ટને સોંપવામાં આવેલ છે. તેમના નિર્ણય બાદ આલેખન, ટેન્ડર, બાંધકામ વગેરેની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે હાલ કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ નથી. પરંતુ શક્ય તેટલા જલદી નિર્ણયો લઈ વર્ષ ૨૦૧૦-૧૧માં ચાલુ કરી ૨૦૧૨-૧૩માં કામ પૂર્ણ કરવાનું વિચારવામાં આવેલ છે.
૫.	૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રિ-ટેન્ડરિંગ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. છ મહિના દરમ્યાન આ કામગીરી પૂર્ણ કરી તે બાદ આ કામને એલોટ કરવાનું આયોજન છે. ત્યારબાદ ૧૮ મહિનામાં આ કામ પૂર્ણ કરવાનું આયોજન છે.
૬.	૬૫.૦૦થી ૧૧૨.૫૦ કિ.મી.લંબાઈના કેનાલના કામોની ડિઝાઈન ક્યારે પૂરી થશે? ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવશે? ક્યારે કામ એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	આ લંબાઈમાં આવેલ કેનાલ અને સ્ટ્રક્ચર્સની આલેખનની કામગીરી વિવિધ તબક્કાઓમાં છે. વાઈલ્ડ એસ સેન્ક્ચ્યુઅરીમાં કેનાલ બાંધવાની મંજૂરી મળી ગયેલ છે. જંગલની જમીનના પઝેશન માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગને કરવામાં આવેલ છે. આ મંજૂરી મળ્યા બાદ અને જરૂરી આલેખન કામગીરી

ચિંતા કરવા કરતાં હરિચિંતન કરવું સારું.

		પૂર્ણ થયે ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ લંબાઈ પૈકી ૬૫થી ૮૨ કિ.મી.ના કામો વર્ષ ૨૦૦૯-૧૦માં બહાર પાડી વર્ષ ૨૦૧૧-૧૨માં અને ૮૨થી ૧૧૨ કિ.મી.ના કામો વર્ષ ૨૦૧૧-૧૨માં બહાર પાડી વર્ષ ૨૦૧૩-૧૪માં પૂરા કરાવવાનું આયોજન છે.
૭.	૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી.ની લંબાઈની કેનાલના કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી.ની લંબાઈની કેનાલના કાર્યો માર્ચ-૨૦૧૦ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે.
૮.	૧૨૨.૨૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રિ-ટેન્ડરિંગ ક્યારે કરવામાં આવશે? આ કામો ક્યારે એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	૧૨૨.૨૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોનું રિ-ટેન્ડરિંગ કરી દેવામાં આવેલ છે. તા. ૨૪-૧૨-૨૦૦૯ના રોજ ટેન્ડર ખોલવામાં આવશે. ત્યારબાદ સંલગ્ન કામગીરી પૂર્ણ કરી માર્ચ-૨૦૧૦ દરમ્યાન આ કામ એલોટ કરવાનું આયોજન છે. ૧૮ મહિનામાં આ કામ પૂર્ણ કરવાનું આયોજન છે.
૯.	૧૩૩.૫૧૯થી ૧૯૦.૦૦ કિ.મી.ની લંબાઈના કેનાલના કામોનું ફિલ્ડ સર્વે ક્યારે પૂરું કરવામાં આવશે? ક્યારે જમીન સંપાદિત કરવામાં આવશે? ક્યારે ડિઝાઈનિંગનું કામ પૂરું કરાવવામાં આવશે? ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવશે? ક્યારે કામ એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	આ લંબાઈની કેનાલના સર્વે પૂર્ણ કરવામાં આવેલ છે. જમીન સંપાદનને લગતી કાર્યવાહી પ્રગતિમાં છે. ડિઝાઈનિંગનું કામ પણ પ્રગતિમાં છે. આ કામના ટેન્ડર વર્ષ ૨૦૧૦-૧૧માં આપી વર્ષ ૨૦૧૨-૧૩માં પૂર્ણ કરવાનું આયોજન છે.
૧૦.	૧૯૦.૦૦થી ૩૬૦.૦૦ કિ.મી.ની લંબાઈની કેનાલના કામોની ટેન્ડર નોટિસ અત્યાર સુધી ૩ વખત બહાર પડી ચૂકેલ છે. આ કામના ટેન્ડર ક્યારે તૈયાર કરવામાં આવશે? આ કામ ક્યારે એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	કચ્છ બ્રાંચ કેનાલના ૧૯૦.૦૦થી ૩૬૦.૦૦ કિ.મી.ની કેનાલની લંબાઈના કામો ઝડપથી પૂર્ણ થઈ શકે તે અર્થે ઈ.પી.સી. પદ્ધતિથી કામો કરવા માટે ટેન્ડર નોટિસ બહાર પાડવામાં આવેલ. આ કામોના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ તૈયાર કરવા માટેની કામગીરી આઉટસોર્સ કરવાનું નક્કી કરવામાં આવેલ. પરંતુ તે તૈયાર ન થતાં ઈ.પી.સી. ટેન્ડરની તારીખો લંબાવવામાં આવેલ છે. કેનાલના બાંધકામની કામગીરી આ પ્રકારે કરવા માટેના ટેન્ડર પ્રથમ વખત જ બહાર પાડવામાં આવેલ છે. આ માટે કેટલાક સૈદ્ધાંતિક નિર્ણયો લેતા પહેલાં આવું કામ કરેલ હોય તેવા INTENDING BIDDERS પાસેથી EXPRESSION OF INTERESTની ટૂંકી મુદતની નોટિસ આપી તેમના સજેશન્સ અને મંતવ્યો જાણવાનું નક્કી કરવામાં આવેલ છે. તે બાદ ટેન્ડર અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ કામો તેમજ તેની બ્રાંચ કેનાલો વગેરે પ્રકારની અન્ય કેનાલોને વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે.
૧૧.	૧૦૦ કિ.મી., ૧૧૨ કિ.મી. તથા ૧૯૦ કિ.મી. પર આવતા પમ્પિંગ સ્ટેશનોના કામની ટેક્નિકલ બીડની સ્કૂટીની ક્યારે પૂરી કરવામાં આવશે? પ્રાઈસ બીડ ક્યારે ઑપન કરવામાં આવશે? આ કામો ક્યારે એલોટ કરવામાં આવશે? આ કામો ક્યારે પૂરા કરાવવામાં આવશે?	૧૦૦ કિ.મી., ૧૧૨ કિ.મી. તથા ૧૯૦ કિ.મી. પર આવતા પંપિંગ સ્ટેશનોના કામની ટેક્નિકલ બીડનું સ્કૂટીની પ્રગતિમાં છે જે સત્વરે પૂરી કરવાનું આયોજન છે. ટેક્નિકલ બીડનું સ્કૂટીની પૂરું થયા બાદ તરત પ્રાઈસ બીડ ઑપન કરવાનું આયોજન છે. ત્યારબાદ જરૂરી ઈવેલ્યુએશન બાદ આ કામો એલોટ કરવાનું આયોજન છે. આ કામો એલોટ થયા બાદ ત્રણ વર્ષમાં પૂરા કરાવવાનું આયોજન છે.

ચિતા મરેલાને બાળે, ચિંતા જીવતાને બાળે.

૧૨.	સબ બ્રાંચ કેનાલ, ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ અંગે જમીન ક્યારે સંપાદિત કરવામાં આવશે? તેના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે? આ કામો ક્યારે એલોટ કરવામાં આવશે? આ કામો પૂરા ક્યારે કરવામાં આવશે?	કચ્છ શાખા નહેરની સાંકળ ૦થી ૩૦ કિ.મી. લંબાઈની કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ માટેના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જે મંજૂરી અર્થે નિગમ કચેરીએ સાદર કરવામાં આવેલ છે. મંજૂરી મળ્યા બાદ આ કામો એલોટ કરવામાં આવશે અને ૧૮ મહિનામાં આ કામો પૂરા કરાવવામાં આવશે. કચ્છ બ્રાંચ કેનાલની ૦થી ૮૨ કિ.મી. સુધીની લંબાઈમાં આવતી ડિસ્ટ્રિબ્યૂટરી, માઈનોર વગેરેની કામગીરી કચ્છ શાખા નહેર વર્તુળ નં.-૧ રાધનપુર હસ્તક તાજેતરમાં જ સોંપવામાં આવેલ છે. જે જાણ સારું. ડિસ્ટ્રિબ્યૂટરી, માઈનોર વગેરે અંગે સર્વેક્ષણની અને આલેખનની કામગીરી વાપકોસ દ્વારા કરવામાં આવી રહેલ છે. જે પ્રાથમિક તબક્કામાં છે. આ કામો વર્ષ ૨૦૧૨-૧૩માં ચાલુ કરી વર્ષ ૨૦૧૪-૧૫માં પૂર્ણ કરવાનું આયોજન છે.
૧૩.	કચ્છમાં ખેડૂત મંડળીઓની રચના ક્યારે કરવામાં આવશે? કચ્છના ખેતરોમાં પાણી ક્યારે પહોંચાડવામાં આવશે?	ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમના કામોની સાથે સાથે કચ્છમાં ખેડૂત મંડળીઓની રચનાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કચ્છના ખેતરોમાં પાણી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન પહોંચાડવાનું આયોજન છે.

- **તારણ :**

ઉપરોક્ત અનુક્રમ-૧થી ૧૩નો અભ્યાસ કરતા તારવણ નીચે મુજબ નીકળે છે.

૧. અનુક્રમ-૧ અને ૨ મુજબ બનાસકાંઠા વિભાગમાં ૦.૦થી ૩૨.૯૭ કિ.મી.ની લંબાઈના કામો મહદ્ અંશે પૂરા થયેલ છે.

૨. અનુક્રમ-૭ મુજબ ૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી.ની લંબાઈના કામો – કે જે કચ્છ વિસ્તારમાં આવેલ છે તે માર્ચ-૨૦૧૦માં પૂરા કરવાના નિગમના આયોજન છે.

૩. ક્રમ-૧, ૨ અને ૭ બાદ કરતા કોઈ પણ સ્થળે કામ ચાલુ નથી.

આ પરિસ્થિતિમાં નર્મદા નદીના નિયમિત પાણી કચ્છમાં શક્ય જલદી પહોંચાડવા કચ્છની જનતા અને કચ્છના આગેવાનો જાતે રસ નહીં દાખવે તો આ કાર્યો ખૂબ જ લંબાઈ જશે. જ્યાં નિયમિત પાણી માટેની કેનાલોના કામ કરવામાં નહીં આવે ત્યાં વધારાના પાણી માટેના કામો અંગે કઈ રીતે દબાણ કરી શકાશે?

આ બાબતે વિચારવાનું કચ્છની પ્રજાએ છે! ■

કચ્છ બ્રાંચ કેનાલના કામો માત્ર ૧ કિલોમીટર જેટલા થયેલ છે

(અનુસંધાન : પાના નં. - ૧૨૯ ઉપરથી ચાલુ)

કેનાલના કામો ૮૭૯૧.૦૦ કિ.મી. કરવાના નર્મદા નિગમના આયોજનમાંથી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધી કચ્છમાં માત્ર ૦.૦૧ ટકા કામ થયેલ છે. ૮૭૯૭ કિ.મી. માંથી માત્ર ૧ કિ.મી. લંબાઈના કામો થયેલ છે. આ સત્તાવાર જવાબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભામાં આપેલ છે.

તા. ૩૧-૧૨-૨૦૦૭ પછી એટલે કે તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી કચ્છ જિલ્લામાં એક પણ કિ.મી.ના કામ ત્યારબાદ થયેલ નથી તેવી માહિતી અમારી પાસે છે.

સાથે સાથે સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, ભાવનગર અને રાજકોટ જેવા દુષ્કાળગ્રસ્ત પ્રદેશોની સ્થિતિ પણ આ જ પ્રકારની રહેવા પામેલ છે. પરંતુ તા. ૩૧-૧૨-૨૦૦૭ પછી આ પ્રદેશોમાં સારા એવાં કામો થયેલ છે, જ્યારે કચ્છમાં બિલકુલ કામો થયેલ નથી.

આ બાબતે આજ દિવસ સુધી ઘણું બધું કહેવાઈ ગયેલ છે. તેથી અમે અત્રે વધુ ટીકા-ટીપ્પણ કરતા નથી પરંતુ આ બાબતે કોઈપણ જાગૃત કચ્છીએ ગાંધીનગરમાં પહેલ કરવી જરૂરી છે. પછી ભલે તે રાજકીય નેતા પણ હોઈ શકે અથવા તો પોતાને કચ્છની હિતેચ્છુ માનતી કોઈપણ વ્યક્તિ હોઈ શકે.

આ બાબતે નિષ્ક્રિય બેસી રહેનાર અને કચ્છ જિલ્લામાં કોઈપણ જાહેર કામમાં કોઈ પણ પ્રકારની સેવા આપનાર કચ્છની કોઈ પણ વ્યક્તિ એટલી જ ગુનેગાર છે, જેટલા ગુનેગાર આ ખાતું જેઓ સંભાળી રહેલ છે તે દરેક અધિકારી. ■

લોન લીધા પહેલા વ્યાજના હપ્તા ભરવાની શરૂઆત કરવી તેનું નામ ચિંતા.

નર્મદા - સરદાર સરોવર TISS REPORT સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૪

વિસ્થાપિતોના પુનર્વસનના આયોજન / અમલમાં પારાવાર અરાજકતા

• પ્રવીણચંદ્ર શાહ •

(મંગલ મંદિર, ફેબ્રુઆરી - ૨૦૧૦નો લેખ)

અત્યાર પહેલાના લેખોમાં જેનો સવિસ્તર ઉલ્લેખ થઈ ચૂક્યો છે અને જે રિપોર્ટ આ લેખશ્રેણીનો મૂળ પાયો અને પિઠીકા છે તે 'તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝ, મુંબઈ' ટૂંકા નામે 'TISS'ના અંગ્રેજી ૧૦૨-પૃષ્ઠના અભ્યાસ તપાસ-પૃથક્કરણીય-સરવૈયા-રિપોર્ટને કુલ્લે ૯ (નવ) વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. તે ૯ વિભાગો આ પ્રમાણે છે :

(૧) પ્રસ્તાવના, (૨) એક્ઝિક્યુટિવ સમરી, સારાંશ, (૩) પ્રકરણ ૧: સરદાર સરોવર પ્રકલ્પ; સામાજિક, પર્યાવરણીય અને નાણાંકીય મૂડી રોકાણ-ખર્ચની ચકાસણી; (૪) પ્રકરણ-૨ : સરદાર સરોવર પ્રકલ્પ; શું અપેક્ષિત લાભો હાથવગાં કરી શકાયા છે? (૫) પ્રકરણ-૩, આખરી નિરીક્ષણો, (૬) એપેન્ડિક્સ-જોડાણો, ૧: ઘટનાક્રમ, (૭) એપેન્ડિક્સ જોડાણો ૨. ડૂબાણ, જમીન-પ્રાપ્તિ અને વિસ્થાપિતોના પુનર્વસવાટ અંગેના સૂચના-આદેશો, (૮) એપેન્ડિક્સ જોડાણો. ૩. વિવિધ કિસ્સા (કેસ)ના અભ્યાસ, અને અંતના વિભાગ (૯)માં ગ્રાફ્સ, નક્શા વગેરે.

આ અંગ્રેજી 'TISS' રિપોર્ટનું નર્યું ગુજરાતી ભાષાંતર અહીં આપવાનો મૂળ ઉદ્દેશ નથી. આ સંશોધન લેખ શ્રેણીનો બહોળો હેતુ વાચકો અને ગુજરાતની જાહેર જનતા સમક્ષ સરદાર સરોવર પ્રોજેક્ટ - 'SSP'ના વાસ્તવિક તથ્યોની રજૂઆત, પૃથક્કરણ અને સરવૈયા રજૂ કરવાનો છે. કેમકે, કચ્છ, સૌરાષ્ટ્ર અને તળ ગુજરાતની પાંચ - સાડા પાંચ કરોડની પ્રજાના વર્તમાન અને ભવિષ્યના કલ્યાણ સાથે આ બાબતને ગાઢ નિસ્બત છે.

આ યોજનાને આરંભાયાને બે અઢી દાયકાથી વધુ વર્ષો વીતી ચૂક્યાં છે. આ યોજના ૪ રાજ્યો સાથે-મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન-સાથે સંકળાયેલી યોજના છે. **સાથે સાથે નર્મદા નદી પર માત્ર સરદાર સરોવર એક જ ડેમ નથી બંધાઇ રહ્યો પણ નદી પર ૩૦ મોટા ડેમ, ૧૩૫ મધ્યમ કદના ડેમ અને ૩૦૦૦ (હા, ત્રણ હજાર) નાના ડેમ બાંધવાની પ્રક્રિયા ચાલે છે.**

નર્મદા નદી મધ્ય પ્રદેશના અમરકંટક પાસેથી નીકળી પશ્ચિમ તરફ વહેતી મહારાષ્ટ્ર, ગુજરાતમાંથી પસાર થઈને અરબી સમુદ્રના ખંભાતના અખાતમાં વીલિન થાય છે. નદીની લંબાઇ કુલ ૧૩૧૨ કિ.મી. છે. દેશની લાંબી નદીઓમાં તેનું સ્થાન પાંચમું છે. નર્મદા ખીણ (વેલી)નું કુલ ક્ષેત્રફળ ૯૭૪૧૦ (સત્તાણું હજાર ચારસો દસ) ચો.કિ.મી. છે અને ગુજરાતમાં ૯૮૯૪ (નવ હજાર આઠસો ચોરાણુ) ચો. કિ.મી. છે. સરકારી આંકડા પ્રમાણે સરદાર સરોવર ડેમ પાસે નદીના પાણીનો વાર્ષિક પ્રવાહ ૨૮.૦૦ 'MAF' મિલિયન એકર ફીટ છે. એક મિલિયન એકર ફીટમાં ૧૦ લાખ એકર જમીન ઉપર ૧ (એક) ફૂટ જેટલી ઊંચાઇના પાણીના જથ્થાનો સમાવેશ થાય.

- **પાણી :**

આવી યોજનાનું વિશ્લેષણ કરવામાં ટેક્નિકલ, સામાજિક, આર્થિક, પર્યાવરણીય જેવા ઘણા બધા પાસાંનો વિચાર કરવો પડે. આ રિપોર્ટમાં આમેજ કરાયેલા ઘણા બધા તારણોને સરળતાથી સમજવા ડેમ અંગેની કેટલીક પાયાની માહિતીનો અહીં સમાવેશ કર્યો છે. નર્મદા નદીના પાણીના કુલ જથ્થાની વહેંચણી આ પ્રમાણે છે :

મધ્ય પ્રદેશ	૧૮.૨૫	MAF
ગુજરાત	૯.૦૦	MAF
મહારાષ્ટ્ર	૦૦.૨૫	MAF
રાજસ્થાન	૦૦.૫૦	MAF

વીજળી : સરદાર સરોવર ડેમ દ્વારા પેદા થતી વીજળીની વહેંચણી આ પ્રમાણે છે:

મધ્યપ્રદેશ ૫૭%, મહારાષ્ટ્ર ૨૭% ગુજરાત ૧૬%

સરદાર સરોવર પ્રોજેક્ટ (SSP) દ્વારા ૨ સ્થાને વીજળીનું ઉત્પાદન થાય છે. ડેમની તળેટીમાં આવેલા જલવિદ્યુત મથકમાં ૨૦૦ (બસ્સો) મેગાવોટના ૬ (છ) એકમે કુલ ૧૨૦૦ (બારસો) મેગાવોટ પેદા કરી શકે તેમજ ડેમમાંથી નીકળતી કેનાલના માર્ગમાં આવેલા ૫૦ (પચાસ) મેગાવોટના ૫ (પાંચ) ટર્બાઈન યુનિટ છે, જે કુલ ૨૫૦ (અઢીસો) મેગાવોટ પાવર પેદા કરી શકે. ડેમ જ્યારે પૂરો ભરાય ત્યારના ફૂલ રિઝર્વોયર લેવલ (FRL) ૧૩૮.૬૪ (એકસો આડત્રીસ પોઇન્ટ ચોસઠ) મીટર થાય ત્યારે ડેમના સરોવરમાં ૩૭૦૦૦ (સાડત્રીસ હજાર) હેકટર જમીન ડૂબમાં જાય. જેનાથી ૨૪૫ (બસો પીસ્તાલીસ) ગામોને અસર થાય. આ ઉપરાંત કેનાલ નેટવર્કની લંબાઇ ૭૫૦૦૦ (પંચોતેર હજાર) કિ.મી. છે. આ નેટવર્કમાં કુલ ૮૦,૦૦૦ (એંસી હજાર) હેકટર જમીન વપરાશે.

ડેમના કારણે વિસ્થાપિત થનારા માટે પહેલાં કોઇ સુવ્યવસ્થિત નીતિ-નિયમો ન હતા. પરંતુ ૧૮ ઓક્ટોબર ૨૦૦૦ ના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે ચોક્કસ નિયમો નક્કી કરવામાં આવ્યા છે. નર્મદા વોટર ડિસ્પ્યુટસ ટ્રિબ્યુનલ-(NWDTA) એ પેકેજ જાહેર કર્યું છે. આ જાહેરાત પ્રમાણે દરેક વિસ્થાપિતને સિંચાઇની સગવડવાળી ખેતીલાયક જમીન તેમજ ઘર માટેનો પ્લોટ

કેવું આશ્ચર્ય છે કે, જ્યારે આંખો મીંચાવાનો સમય આવે ત્યારે જ ઘણાની આંખ ઉઘડતી હોય છે.

આપવાનું નક્કી થયું છે. ગુજરાત સરકાર જેમ જેમ ડેમનું કામ આગળ ચલાવે તેમ વધુને વધુ વિસ્તાર ડૂબમાં જાય. આ અંગે એવું નક્કી કરવામાં આવ્યું કે જમીન ડુબાણમાં જાય તે પહેલાં ૧૮ (અઢાર) મહિના અગાઉથી જે રાજ્યની જમીન ડૂબમાં જવાની હોય, મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્ર, તેને જાણ કરવી તેમજ વિસ્થાપન કરવું પડે તેના ૬ મહિના અગાઉથી પુનર્વસનનું કામ પૂરું કરવામાં આવે. TISS રિપોર્ટની નોંધ પ્રમાણે આ વ્યવસ્થા બરાબર જળવાઈ નથી. આ વાત નર્મદા કંટ્રોલ ઓથોરિટી અને સુપ્રીમ કોર્ટના ધ્યાન પર લાવતાં વિસ્થાપન માટે નક્કી કરેલા નીતિ-નિર્ધારોનો અમલ ન થયો તે અંગે પગલાં લેવાના સ્થાને Grievance Redressal Authority (GRA)ની રચના કરવામાં આવી. આ ફરિયાદ નિવારણ કેન્દ્રને ૭ (સાત) વર્ષ કામ કરવું પડ્યું. મતલબ કે વિસ્થાપનની જટિલ પ્રક્રિયા બરાબર ચાલી નથી. આ કેન્દ્ર-(GRA) વિસ્થાપનના પ્રશ્નને વ્યક્તિગત ધોરણે ઉકેલવા પ્રયત્ન કરતું હતું.

વિસ્થાપિતની સંખ્યાની ગણતરીનો પ્રશ્ન પેચીદો રહ્યો છે.

વર્ષ ૧૯૭૯માં ૬૪૧૭ (છ હજાર ચારસો સત્તર) પરિવારો ગણ્યા હતા. ૧૯૮૬માં ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયરનમેન્ટ એન્ડ ફોરેસ્ટની ગણતરી પ્રમાણે પરિવારોની સંખ્યા ૧૩૩૩૫ (તેર હજાર ત્રણસો પાંત્રીસ) અને પરિવારજનોની સંખ્યા ૬૬૬૭૫ (છાસઠ હજાર છસો પંચોતેર)ની હતી. ૧૯૯૪માં પાંચ-મેમ્બરના જૂથે તૈયાર કરેલા અહેવાલ પ્રમાણે ૪૦૨૪૫ (ચાલીસ હજાર બસો પીસ્તાલીસ) પરિવારોની સંખ્યા ડૂબમાં જશે તેમ ગણતરી થઈ. વર્ષ ૨૦૦૬માં ભારત સરકારે (Union of India) સુપ્રીમ કોર્ટમાં કરેલા સોગંદનામામાં ૪૩૦૦૦ (તેંતાલીસ હજાર) પરિવારો ડૂબમાં જશે તેવું જણાવ્યું છે. વર્ષ ૨૦૦૨ પછી રાજ્યોનું વલણ વિસ્થાપિતોની સંખ્યા ઓછી દર્શાવવા તરફનું રહ્યું છે. હવે તો આવી સંખ્યા નહિવત્ જ બતાવાય છે.

આમ આદિવાસીઓ કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાઈ શકે છે, તેનો ખ્યાલ આવે છે. **સરદાર સરોવરના કારણે સૌથી વધુ વિસ્થાપન મધ્ય પ્રદેશમાં થશે. તેના ૧૯૩ (એકસો ત્રાણુ) ગામોને અસર થશે.** વર્લ્ડ બેંક, CAG તેમજ અન્ય કમિટીઓના અહેવાલો પ્રમાણે મધ્ય પ્રદેશમાં વિસ્થાપનના પ્રશ્ને લેવાવી જોઈતી કાળજી લેવાઈ નથી. ૧૯૮૫માં મધ્યપ્રદેશની સરકારે વર્લ્ડ બેંક સમક્ષ જણાવ્યું હતું કે મધ્યપ્રદેશના બધાજ વિસ્થાપિતો ગુજરાતમાં જશે. ૧૯૯૮માં રિવ્યૂ મિશનની નજરમાં આવ્યું કે મધ્યપ્રદેશે ગુજરાતમાં વિસ્થાપિતોના પુનર્વસનની દિશામાં કાંઇ જ કામ કર્યું નથી. ૧૯૮૯ એપ્રિલ, મે અને ૧૯૯૦ એપ્રિલ, મે માં મધ્યપ્રદેશની સરકારે રિવ્યૂ મિશનને જણાવ્યું હતું ડુબાણ વિસ્તારમાં જવા જેવું નથી કારણ કે ત્યાં ડેમનો વિરોધ થઈ રહ્યો છે. વર્ષ ૧૯૯૨માં વિસ્થાપન અંગેનો રિવ્યૂ રિપોર્ટ જણાવે છે કે ગુજરાતમાં જ્યાં મધ્યપ્રદેશના વિસ્થાપિતો આવીને વસ્યા હતા તેમને નવી જગ્યાના પ્રશ્નો સતાવતા હતા. મધ્યપ્રદેશની સરકાર પોતાના વિસ્થાપિતોને વસાવવા માટે માત્ર ૧૦% જમીન જ ખરીદી શકી હતી ૩૩૦૧૪ (તેત્રીસ હજાર ચૌદ) પરિવારોમાંથી માત્ર ૭૪૬ (સાતસો છેતાલીસ) પરિવારોને જ વસાવી શકાયા છે. **સુપ્રીમ કોર્ટના જસ્ટીસ કિરપાલને કહેવું પડ્યું કે મધ્ય પ્રદેશની સરકારને ડૂબમાં જનારા પરિવારોને પોતાના રાજ્યમાં જ યોગ્ય જગ્યાએ વસાવવા માટેના કામમાં કોઇ ઉતાવળ દેખાતી નથી.** કોર્ટે ત્રણેય રાજ્યોની સરકારોને ચાર અઠવાડિયામાં પુનર્વસન અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કરી નાખવા જણાવ્યું હતું. મધ્ય પ્રદેશની સરકાર પર કોઇ ખાસ અસર થઇ નહોતી. ડૂબમાં જનારા પરિવારોને મધ્યપ્રદેશની સરકાર જાણે એવા સંકેત આપતી લાગતી હતી કે તમારા માટે હવે મધ્યપ્રદેશમાં કોઇ સ્થાન નથી. તમે ગુજરાતમાં જ જઇને વસો.

નર્મદા વૉટર ડિસ્પ્યુટસ ટ્રિબ્યુનલે વિસ્થાપિત પરિવારોને એમના પોતાના મૂળ રાજ્યમાં વસવા માટે હક્ક આપેલો છે. છતાં મધ્ય પ્રદેશ સરકારે વિસ્થાપિતોને એવા પત્રો મોકલ્યા કે તમારા માટે ગુજરાતમાં જમીનો ફાળવાઈ છે. આવા પત્રો દ્વારા ત્યાંના વિસ્થાપિતોને એમનું મૂળ રાજ્ય-પ્રદેશ છોડવા મજબૂર કરાયા હતા. આવા પત્રો, સરદાર સરોવર પુનર્વસન એજન્સી દ્વારા મોકલવામાં આવતા હતા. **સામાન્યજનની ભાષામાં જો બોલીએ તો આ એક પ્રકારની અસહાય આદિવાસીઓ સામેની સાંગામલબારી હતી.** સાંગામલબારી વિવિધ રીતોથી અમલી બનાવાતી હતી. સરદાર સરોવર પુનઃવસન એજન્સીની ૩૧ ડિસેમ્બર, ૨૦૦૭ની વેબસાઈટમાં જણાવાયું હતું કે મધ્યપ્રદેશના ૧૪૧૨૪ (ચૌદ હજાર એકસો ચોવીસ) ડુબાણમાં જતા પરિવારો ગુજરાતમાં મોટે ભાગે વસવા માટે જશે; જ્યારે ૨૦૦૮માં નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરિટી (NVDA)ના જણાવ્યા પ્રમાણે મધ્ય પ્રદેશના (માત્ર) ૫૮૧૫ (પાંચ હજાર આઠસો પંદર) પરિવારોએ ગુજરાતમાં વસવા જવાની તૈયારી બતાવી છે.

છેલ્લા ૫૭ વર્ષોથી પ્રકાશિત થતા ગુજરાતના સુપ્રસિદ્ધ પાક્ષિક 'ભૂમિપુત્ર'માં આ વિષયે વિસ્તૃત છણાવટમાં લેખક-પત્રકાર-એક્ટિવીસ્ટ રજનીભાઇ દવેએ પોતાનો ઉગ્ર અજંપો વ્યક્ત કરતાં નોંધ્યું છે કે આના પરથી ખ્યાલ આવી શકે છે કે. ''ગુજરાતમાં સરદાર સરોવર અંગેની ચર્ચા થાય છે ત્યારે કહેવામાં આવે છે કે પાણી વિહોણા લોકોને લાભ અપાવવા કોઈકે તો ભોગ આપવો પડે ને! અને તેમને (વિસ્થાપિતોને) અન્ય સ્થળે વસવાની સારી વ્યવસ્થા તો કરી આપીએ છીએ. પછી પ્રશ્ન ક્યાં છે? ઉપરની નોંધ પરથી સ્પષ્ટ બને છે કે વિસ્થાપિતોની સંખ્યાની ગણતરી હોય કે જમીનની ફાળવણી હોય, કામ તો ગોકળગાયની ગતિથી ચાલે છે..''

(હવે પછી, ગુજરાતમાં ખાતર પર દિવેલ)

(ક્રમશઃ)

મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨

Aristo™
STAINLESS STEEL

Mfrs. of Aristo Brand Stainless Steel Utensils

ARISTO PLUS
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

નર્મદા - સરદાર સરોવર TISS REPORT સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૫


યોજના - અમલીકરણમાં તેજ-ગતિ આણવા કેંદ્ર પાસેથી રૂા. ૫,૦૦૦ કરોડ ઉલેચાવાયા, પણ – ગતિમાં ડીંગો!

• પ્રવીણચંદ્ર શાહ •

(મંગલ મંદિર, માર્ચ - ૨૦૧૦નો લેખ)

સાધારણ સરેરાશ બોલવામાં કે લખવામાં 'નર્મદા યોજના' તરીકે જેને ગુજરાતમાં સંબોધાય છે, તે 'સરદાર સરોવર યોજના' છે. 'નર્મદા' તરીકે સંબોધાય છે એમાં થોડીઘણી પ્રાદેશિક સંબોધન અને મૂળ પ્રાયોજનની ભેળસેળ છે.

મૂળ વિરાટ પ્રાયોજનનું અંગ્રેજી નામ Narmada Valley Development Project છે; ગુજરાતીમાં 'નર્મદા ખીણ વિકાસ પ્રાયોજન' છે. ગુજરાતની 'સરદાર સરોવર યોજના' મુખ્ય એક ડેમની છે. નર્મદા ખીણ વિકાસ પ્રાયોજનનો એ એક ભાગ છે અને વિભાગીય રીતે ૩૦મો (ત્રીસમો) ભાગ ગણાય કારણકે 'નર્મદા વૅલી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ'માં તો નર્મદા મહાનદી પર ૩૦ મોટા ડેમો અને ૩૦૦૦ નાના બંધ - ડેમ બાંધવાનું વિરાટ આયોજન છે.



• પાયાના મૂળ સંકલ્પો :

ગુજરાતની સરદાર સરોવર યોજના હેઠળ ૩ ખાસ મહત્ત્વના લાભો ગુજરાતને થાય તેવા સંકલ્પનું આયોજન છે. તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ – ટૂંકમાં TISSનો સંશોધન અને વિશ્લેષણ અહેવાલ, જેની પરિચય માહિતી અત્યાર પહેલાના, આ લેખ શ્રેણીના ૪ લેખોમાં અપાઈ ચૂકી છે, તે 'તીસ સંશોધન અહેલવામાં ત્રણ ભાગે જુદી જુદી દર્શાવાઈ છે : (૧) સિંચાઈ (ઈરિગેશન), (૨) પીવાનું પાણી (ડ્રિન્કિંગ વોટર) અને (૩) વીજળી (પાવર).

આ લેખમાં સિંચાઈ (ઈરિગેશન) ક્ષેત્રના જે લાભો હાંસલ કરવાનું આયોજાયું છે તેની અને વાસ્તવિક હકીકતમાં આ પ્રાયોજને શું પ્રગતિ કરી છે કે શું હાંસલ કર્યું છે તેની ટૂંક વિગતોનો સમાવેશ છે.

સરદાર સરોવર પ્રોજેક્ટ, ટૂંકમાં એસ.એસ.પી.ના મૂળ આયોજનની સંકલ્પ - ડિઝાઈનમાં આ ડેમથી ૧૭.૯૨ લાખ હેક્ટરની ભૂમિને અને રાજસ્થાનની ૭૩,૦૦૦ હેક્ટરની જમીનને સિંચાઈ માટેનું પાણી પૂરું પાડવાનો ઉદ્દેશ રખાયો છે. લાભાન્વિત કરાનારી જમીનના વિસ્તારને 'કમાન્ડ એરિયા', પિયત થનારી જમીનની યોજનાઓને તબક્કાઓમાં મુકાઈ છે. જે બે રાજ્યો – ગુજરાત અને રાજસ્થાન – લાભાન્વિત થનાર છે તે બે રાજ્યોએ એવો દાવો કરેલો હતો કે ૨.૪૬ લાખ હેક્ટરને સિંચિત કરાશે, એટલે કે પિયત બનાવાશે. જ્યારે આ ડેમની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટરે લઈ જવાઈ ત્યારે એવી ગણતરી જાહેર કરાઈ હતી કે વધારાના ૩.૫ લાખ હેક્ટર જમીનને પણ સિંચિત કરી પિયત બનાવાશે. એટલે કે મૂળ આયોજનવાળી ૨.૪૬ લાખે હેક્ટર + ૩.૫ લાખ હેક્ટર એમ બંને મળીને ૬ લાખ હેક્ટર જમીનને સિંચિત કરી, પિયત બનાવાશે.

'તીસ રિપોર્ટ' નોંધે છે (પૃષ્ઠ-૭) કે આ દાવાઓ પ્રમાણેની જમીનના મોટા ભાગનાને સિંચાઈ હેઠળ લાવી શકાઈ નથી; કેમકે ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક - પાણી પ્રસારણની વ્યવસ્થા ગોઠવવામાં વિલંબ થતો રહ્યો છે. પ્રારંભમાં એવું જણાવાયું હતું કે ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક ૭૫,૦૦૦ કિલોમીટરનું થશે. પ્રારંભમાં એટલે ૧૯૯૦ વાળા દાયકાની શરૂઆતમાં હમણાં થોડા સમય પહેલાં ૨૦૦૮ દરમ્યાન ગુજરાતના મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પ્રસારણની લંબાઈ લગભગ ૯૦ હજાર કિલોમીટરની થશે.

પરંતુ હકીકતી વાસ્તવમાં આ ઉદ્દેશ અને ગણતરી અમલી બની શકી નથી.

• વાસ્તવિક હકીકત :

હકીકતી વાસ્તવમાં સ્થિતિ - પરિસ્થિતિ 'તીસ રિપોર્ટ'માં નોંધાયા (પૃષ્ઠ ૭-૮) પ્રમાણે, તે આ મુજબ છે :

અનીતિ દ્વારા મેળવેલી સોનાની બંગડી એક દિવસ જરૂર બેડી જેવી લાગશે.

★ ઈ.સ. ૧૯૯૬થી ૨૦૦૮ની વચ્ચે કેન્દ્ર સરકારની (એક્સિલરેટેડ ઈરિગેશન બેનિફિટ પ્રોગ્રામ) સિંચાઈના લાભો તેજ ગતિથી મેળવવા માટેની ઝુંબેશ - કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યને રૂા. ૪,૮૮૭ કરોડ આપવામાં આવ્યા અને આ જ કાર્યક્રમ અન્વયે રાજસ્થાન રાજ્યને રૂા. ૬૨૫ કરોડ આપવામાં આવ્યા. તેમ છતાંય, કેનાલ-નેટવર્ક, કેનાલો બનાવવાની કામગીરી લંગડાતી અને વિલંબાતી રહી છે. ગુજરાતના મુખ્ય પ્રધાને વિધાનસભાના ફ્લોર પર જે જવાબો આપ્યા છે,તે અનુસાર ૩૧ ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં માત્ર ૧૯% કામ આટોપાઈ શક્યું છે.

★ બંધ (ડેમ) આધારિત સિંચાઈની યોજનામાં માઈનોર અને સબ-માઈનોર કેનાલોનું બાંધકામ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. એસ.એસ.પી. - સરદાર સરોવર યોજના અન્વયે સિંચાઈ ક્ષેત્ર, કમાન્ડ એરિયા ડેવલપમેન્ટની કામગીરી ગંભીર રીતે વિલંબાતી રહી છે. ગુજરાતના કુલ્લે આયોજનના ૪૧ ટકા બ્રાંચ કેનાલોનું કામ અને ૭૬% સબ બ્રાંચ કેનાલોના કામો, ગુજરાત રાજ્યે પૂરા કરવાના બાકી છે. (આ આંકડા ૨૦૦૭ સુધીના છે. તે પછીના સમયગાળામાં, વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ દરમ્યાન કેનાલોનું કામ અંદાજે માત્ર ૧૦૦૦ કિલોમીટરનું જ વધારાનું થઈ શક્યું છે તેવું 'માહિતી હક્ક કાયદા' હેઠળ પૂછાયેલા પ્રશ્નના જવાબમાં 'નર્મદા-નિગમ' દ્વારા સત્તાવાર રીતે અને જનહિતની દૃષ્ટિએ બેશરમપણે જણાવ્યું છે.

★ સૌથી પહેલા તબક્કામાં જ (માઈનર અને ફીલ્ડ ચેનલ્સ)ના કામો અધૂરાં થયાં છે અને રહ્યા છે.

• **આઘાતજનક વાસ્તવિકતા :**

★ ગુજરાતનો કૃષિ વિકાસ અને કૃષિ વિકાસ મારફતે આર્થિક - સામાજિક વિકાસની ખ્વાહિશ ધરાવનારી ગુજરાતી પ્રજાને જાણીને આઘાત લાગે તેવી કઠોર વાસ્તવિકતા 'તીસ રિપોર્ટ'માં નોંધવામાં આવી છે અને તે ગુજરાત સરકારના પો—તા—ના ખુદ દ્વારા કરાયેલી કબૂલાતોના આધારે નોંધાઈ છે. ગુજરાત રાજ્યના ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ના 'સોશિયો ઈકોનોમિક રિવ્યૂ' — સામાજિક આર્થિક અહેવાલમાંની વિગતોથી એમ જાહેર થાય છે કે ગુજરાતમાં મહત્તમ ઈરિગેશન યુટિલાઈઝેશન - સિંચાઈ - સંચિત વિસ્તાર ૧.૫૩ લાખ હેક્ટરે સ્થગિત થયેલો પડ્યો છે. છેક માર્ચ, ૨૦૦૨માં જ્યારે ૯મી પંચવર્ષીય યોજના પૂરી થઈ ત્યારે ગુજરાતમાં લગભગ ૧,૩૦,૦૭૫ હેક્ટર સુધીનો સિંચિત - જમીન વિસ્તાર હતો. આનો અર્થ એ કે ૨૦૦૨ પછીના ૨૦૦૮-'૦૯ સુધીના લાંબા સમયગાળામાં ગુજરાતના સિંચિત - ભૂમિ ઉપયોગના વિસ્તારમાં સાવ જ નજીવો, લગભગ ૨૩૦૦૦ હેક્ટરનો જ ઉમેરો થયો છે, જે ગુજરાત સરકારના પોતાના જ દાવા પ્રમાણે, સરદાર સરોવર ડેમની ઊંચાઈ ૧૨૨ મીટર પર પહોંચેલી અને કેન્દ્ર સરકાર તરફથી સિંચાઈ તેજ ગતિથી વધારવા માટે રૂા. ૪,૮૮૭ કરોડ કેન્દ્ર સરકાર પાસેથી ગુજરાત સરકારે પોતાની તિજોરીમાં ઠાલવેલા. તેના પછી રૂપિયા હોવા છતાં અને વર્ષો વીત્યા હોવા છતાંય ગુજરાત રાજ્યના સિંચાઈ બળદ ગાડાંના પૈડાં ઠેરના ઠેર જ છે.

• **વપરાશકારોની મંડળીઓ :**

★ એક વધારાની કઠોર વાસ્તવિકતા પણ 'તીસ સંશોધન / વિશ્લેષણ રિપોર્ટ'માં (પૃષ્ઠ-૮) નોંધવામાં આવી છે. તે છે, ખેડૂતોના ડીઝલ પંપો દ્વારા મુખ્ય કેનાલમાંથી ખેંચવામાં આવતા પાણી સંબંધેની. ગુજરાતના ગ્રામ્ય પ્રદેશોમાં સિંચાઈના પાણીના ઉપયોગ કરનારાઓના (એટલે કે ખેડૂતોના) વોટર યુઝર્સ એસોસિએશનો, જળ ઉપભોક્તાઓની મંડળીઓ પાણીના નાળા અને છેલા પોતે બનાવશે એવી ખાસ મકસદ અને ધારણા એસ.એસ.પી.ના મૂળ આયોજનમાં રખાયેલી.

આમાં ચિત્ર વિચિત્ર અને રંજપાત્ર વાસ્તવિકતા એવી ખડી થઈ છે કે સિંચાઈ જળના ઉપભોક્તા - વાપરનારા ખેડૂતોનાં ૧૧૮૬ જેટલી મંડળીઓ ૨૦૦૬ સુધીમાં રજિસ્ટર થયેલી છે, સ્થપાયેલી છે પણ તેના ૯૦ ટકા મૃતપ્રાય દશામાં છે, સાવ જ નિષ્ક્રિય છે. જે ૧૦ ટકા થોડી ઘણી પણ સક્રિય છે, તેમાંથી મોટા ભાગની મંડળીએ પોતાના માટેના નાળા / છેલા બનાવ્યા જ નથી! આનું દુષ્પરિણામ એ આવેલું છે કે હમણાંના નર્મદાના ઉપલબ્ધ સિંચાઈ જળ મેળવનારાઓ, ખેડૂતો ડીઝલ પંપ અને પાઈપોનો વ્યાપકપણે ઉપયોગ કરે છે. મુખ્ય કેનાલમાંથી ડીઝલ પંપો દ્વારા પાણી ખેંચાય છે અને પાઈપો દ્વારા ખેતરો સુધી પહોંચે છે. ગુજરાતના ૫૭,૯૧૯ એકર પિયત જમીનના ૨૬,૫૨૫ હેક્ટર એટલે ૫૪ ટકા જમીનની ખેતી કેનાલમાંથી આ રીતે પાણી ઉઠાવીને કરાઈ રહી છે.

ગુજરાતના સુ-પ્રતિષ્ઠિત પાક્ષિક 'ભૂમિપુત્ર'માંની 'તીસ રિપોર્ટ' વિષયક શ્રી રજની દવેની અભ્યાસપૂર્વકની છણાવટમાં (૧૬ જૂન, ૨૦૦૯)માં નોંધાયું છે કે ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈ પૂરી પાડવાના સેવાયેલા સ્વપ્નમાંથી હાલ તો માત્ર ૧ લાખ હેક્ટર કરતાં પણ ઓછી જમીનને પાણી પહોંચે છે. નજીકના ભવિષ્યમાં કેનાલ નેટવર્ક પૂરું થવાના એંધાણ દેખાતા નથી. ગુજરાત સરકાર હવે ખાતર પર દીવેલનો ખર્ચ કરવાનો વિચાર કરી રહી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મુખ્ય કેનાલ અને બ્રાંચ કેનાલના વિસ્તારમાં ૩૫૦૦ ઊંડા કૂવા ખોદાવવાનું આયોજન કરી રહી છે. આ કૂવામાં નહેરમાંથી પાણી નાંખવામાં આવશે. દરેક કૂવામાંથી આશરે ૧૦-૧૨ ખેડૂતો પંપ દ્વારા પાણી ઉલેચીને ખેતરમાં વાપરશે. આનાથી ૩.૫ લાખ હેક્ટરને સિંચાઈ મળશે તેમ માનવામાં આવે છે. ખેડૂતોને પંપ, પાઈપ-લાઈનનો ખર્ચ મોટાપાયે ભોગવવો પડશે. ટૂંકમાં, હાલમાં સ્થિતિ એવી છે કે પાણી છે પણ કેનાલ વ્યવસ્થાના અભાવે ખેતરો સુધી પાણી પહોંચતું નથી.

'સરદાર સરોવર ડેમ'ના સિંચાઈ સંબંધિત પાણીની 'ખાટલે મોટી ખોટ'નું નિરીક્ષણ કરવા પછી હવે પીવાના પાણીની વાસ્તવિકતા તપાસીએ.

(ક્રમશઃ)

નવરંગ જનરલ સ્ટોર્સ,
ઓ.એન.જી.સી. કોલોની, પનવેલ-૪૧૦ ૨૨૧.


પાપ અને સાપ બંને લપાઈને આવે છે પરંતુ તેમનો ડંખ છાનો રહેતો નથી.

નર્મદા - સરદાર સરોવર TISS REPORT સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૬

પ્રજાને પીવાના પાણી આયોજન નામે ૭૪૭૧ કરોડ ખર્ચી નખાયા – પણ પ્રજાને પાણી - ૪થો ભાગ, ઉદ્યોગોને - ૭૫%

• પ્રવીણચંદ્ર શાહ •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૧૦નો લેખ)



સરદાર સરોવર ડૅમના સિંચાઈ સંબંધિત પાણીના વિતરણ ડિસ્ટ્રિબ્યૂશનની ભયાવહ વિકલાંગતાની વિગતો આ પહેલાંના રિપોર્ટોમાં, ખાસ કરીને ક્રમાંક-૫ માં આપણે તપાસી છે. આ છઠ્ઠા અહેવાલમાં, પીવાના પાણી સંબંધેના મૂળ આયોજન, અમલીકરણ અને અત્યંત કડવી વાસ્તવિકતાઓને તપાસીએ.

જ્યારે જ્યારે આ યોજનાના વિવિધ પાસાઓ સંબંધે ભારે ઉગ્ર જાહેર વાદવિવાદો ઉભર્યા છે ત્યારે ત્યારે આ યોજનાના અમલથી **પીવાના પાણીના કેટલા બધા લાભ અને ફાયદા સાંપડશે** તેની દલીલોની મજબૂત ઢાલ આડી ધરાતી રહી છે.

તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝ - ટૂંકમાં TISSના તપાસ અહેવાલમાં પીવાના પાણીના થનારા લાભોના જે વચનો અપાતાં રહ્યાં છે, તેમાંના કેટલાકની નોંધ (પૃષ્ઠ-૮) પર મૂકવામાં આવી છે.

★ ગુજરાતને નર્મદાનું કુલ્લે ૯૦ લાખ એકર ફૂટ પાણી ફાળવાયેલું. આમાંથી મ્યુનિસિપાલિટીઓ અને ઔદ્યોગિક વપરાશ એ બન્નેના સંયુક્ત ઉપયોગ માટે ગુજરાતના સત્તાવાળાઓએ ૧૦ લાખ ૬૦ હજાર એકર ફૂટ પાણીનો જથ્થો અલગ તારવેલો. **૧૯૭૯માં કોઇ જ ગામ-ગામડાં માટે પાણીનો જથ્થો અલગ પાડવામાં આવ્યો નહોતો.**

★ જે ગામોને પીવાનું પાણી મળશે જ તેની જે ફાળવણી કરાયેલી તેમાં વધારો કરતા જવાનું જરૂરી બનતું ગયું કારણકે ગુજરાતના વિવિધ આંતરિક પ્રદેશોમાંથી પીવાના પાણી માટેની માંગ વધુને વધુ ઉગ્ર થતી રહેલી. પરિણામે, **૧૯૮૪ સુધીમાં ગુજરાતના ૪૭૨૦ ગામોના નામો નક્કી કરાયાં,** જેને પાણી પૂરું પાડવાનાં વચન અને આશ્વાસનો અપાયાં. ધીમે ધીમે આમાં વધારો થતો રહ્યો અને **૧૯૯૦માં પાણી પૂરું પાડવાની ખાતરીવાળાં ગામોની સંખ્યા ૭૨૩૫ ગામોએ પહોંચી.** આ સંખ્યામાંય ગુજરાત સરકાર વધારો કરતી ગઈ અને **૧૯૯૦-૨૦૦૦ વાળા દાયકા દરમ્યાન વચન અપાયેલાં ગામડાંઓની સંખ્યા ૮,૨૧૫ થઇ. શહેરોની સંખ્યા વધારીને ૧૩૫ની કરાઇ** અને ૬ મ્યુનિસિપલ કોર્પોરેશનોનો તેમાં સમાવેશ સરકારે કર્યો. **૨૦૦૫ આસપાસ ગુજરાત વૉટર સપ્લાય એન્ડ સીવરેજ**

કોઈ વાર પ્રાર્થના માટે જોડાયેલા હાથ કરતાં મદદ માટે લંબાયેલા હાથ વધુ સુંદર શોભે છે.

બોર્ડ - ટૂંકમાં 'પાણી-બોર્ડ' જે રિવાઇઝ્ડ (ફેર સુધારણાઓ વાળો) પ્લાન તૈયાર કર્યો ત્યારે તેમાં ૯,૬૩૩ ગામડાંઓને અને ૧૩૯ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે, તેવું જાહેર કર્યું. આના ઉપરાંત, રાજસ્થાનના જાલોર અને બારમેર જિલ્લાઓના ૧,૧૦૭ ગામડાંઓને અને (બે) શહેરોને પણ પીવાનું પાણી પૂરું પડાશે, તેવું જાહેર કર્યું.



કચ્છમિત્ર ■ રવિવાર ■ તા. ૭-૫-૨૦૦૦

સત્તાભૂખ્યા શાસકોના પાપે પ્રજાને પાણી માટે વલખાં

પ્રણામ પુંજવભાઈ રબારીને

• હકીકતી પરિણામ શું છે?

આ પ્રશ્નનો જવાબ શોધવા માટેની સત્તાવાર તપાસ અને ચકાસણી 'કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ' - ટૂંકમાં જેને CAG, 'કેગ'ના ટૂંકાક્ષરી નામે બોલાય છે - અને જે આવી સત્તાવાર તપાસ - ચકાસણી માટેની બંધારણીય જોગવાઇવાળી સત્તાધારી સંસ્થાઓ છે, તેણે કરી. 'કેગ'ની ચકાસણીના ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૬ એમ ત્રણ હકીકતી પરિણામોના જે અહેવાલો તૈયાર કરાયા છે, તેમાંથી ઘણાં ભોપાળાં, પ્રકાશમાં આવ્યાં છે. **'કેગ'ના તપાસનીશોએ 'કેપેસિટી યુટિલાઇઝેશન' (ક્ષમતાનો ઉપયોગ) અને 'પરફોર્મન્સ' (કામગીરી રિઝલ્ટ) ની તપાસ જે જિલ્લાઓમાં કરી તો વાસ્તવિકતા - કડવી વાસ્તવિકતા- એવી પાઘરી થઇ કે જ્યાં ૧૦૦ ટકા ક્ષમતા હતી, છતાંય પરિણામ માત્ર ૨૯થી ૩૩ ટકા જ, સરકાર - ઉર્ફે નર્મદા નિગમ - લાવી શક્યું છે.**



કચ્છ નર્મદા કેનાલ ઠેલાતી જ જાય છે

ભુજ, તા. ૨ : સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કચ્છ

- ★ ગુજરાતમાં 'પ્રવાહ' નામની એક બિનસરકારી સેવા-સંસ્થા, NGO, આ ક્ષેત્રમાં સક્રિય કામ કરે છે. **આ સંસ્થાએ જૂન, ૨૦૦૪ અને મે, ૨૦૦૫ વચ્ચે સરદાર સરોવરની પીવાના પાણીની પાઇપલાઇન આધારિત ૭ જિલ્લાનાં ૧૦૭૪ (એક હજાર ચુમ્મોતેર) ગામડાંઓનો નાગરિકી-સર્વે કર્યો. તેના અહેવાલોમાંથી ૨૦૦૪ એપ્રિલ સુધીમાં તપાસાયેલાં ૧૧૨૨ ગામડાંઓમાં ૨૩ ટકા અને ૨૦૪૪ ગામડાંઓમાં ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં ૪૨ ટકા ગામડાંઓ સુધી જ પાણી પહોંચી શક્યું હતું.**
- ★ સૌરાષ્ટ્રનાં ગામડાંઓ સુધી પીવાનું પાણી પહોંચાડવા 'મહી-કેનાલ સૌરાષ્ટ્ર પાઇપલાઇન પ્રોજેક્ટ' અમલી બનાવાયો છે પણ પૂરું પાડવા માટે ઠરાવાયેલા જળ-જથ્થાના માત્ર ૨૦% (વીસ ટકા) જ પાણી પીવાના હેતુએ છોડાયું છે, જ્યારે બાકીના ૮૦% એંસી ટકા પાણીનો જથ્થો ૨૦૦૩માં પાવર પ્રોજેક્ટો / પ્લાન્ટો, ઉદ્યોગો અને મોટાં નગરના મ્યુનિસિપલ કોર્પોરેશનોના ઉપયોગ માટે વાળી નંખાયો હતો. આમાંના કોઇ ઉપભોક્તાઓ પાસેથી એમને આપી દેવાયલાં પાણી માટેના રિકવરી ચાર્જ તરીકે એક પણ પૈસો વસૂલ કરાયો નહોતો. આનું પરિણામ? **આનું પરિણામ એ આવ્યું કે રૂા. ૪૮ કરોડનો બોજો 'ગુજરાત વૉટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડે' ખમવો પડ્યો હતો.**
- ★ 'કેગ'ની જાંચ-પડતાલમાંથી કચ્છ સંબંધે પણ કેટલીક બાબતોના પર્દાફાશ થયા હતા. કચ્છમાંના ઉદ્યોગોને પ્રત્યેક દિવસે ૪૫ મિલિયન લીટર, એટલે કે સાડા ચાર કરોડ લીટર પાણી આપવાનું ઠરાવાયું હોવા છતાં, ૬૧.૯૧ મિલિયન લીટર, એટલે છ કરોડ ૯૧ લાખ લીટર પાણી, ૨૦૦૩માં પ્રત્યેક દિવસે આપી દેવાયું હતું.
- ★ આખાંય ગુજરાતના બધા જ ઉદ્યોગોને ૦.૨૦ MAFથી માંડી (એટલે કે ૨ લાખ એકર ફૂટ) પાણી આપવાનું મૂળ આયોજન બનાવાયું હતું, તે વધારીને, ૧૦ લાખ એકર ફૂટ ૧ મિલિયન MAF પાણી કરી નંખાયું હતું. આનું સીધું જ પરિણામ આમ જનતાના પાણી ઉપરની સીધી તરાપમાં આવ્યું હતું. ઘર-વપરાશ માટે આમ પ્રજાને ૮ લાખ ૬૦ હજાર એકર ફૂટ પાણી અપાવું જોઇતું હતું, તેને બદલે, માત્ર ૬૦ હજાર એકર ફૂટ પાણી જ અપાયું હતું. એટલે કે પ્રત્યેક દિવસે ૮ લાખ એકર ફૂટ પીવાનાં પાણીની પ્રજાના હિસ્સામાંથી બાદબાકી થઇ ગઇ હતી!
- ★ પીવાના પાણીના આયોજન માટે ૨૦૦૧ની કિંમત પ્રમાણે ૭,૪૭૦ (સાત હજાર ચારસો સિત્તેર) કરોડ રૂપિયાની લાગત-COST રોકાણનો અંદાજ મુકાયો હતો. રોજિંદા ઉપયોગ અને જાળવણી (ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ)ના ખર્ચનો અંદાજ ૫૪૧ કરોડ વસૂલીમાં પણ મોટી ખાધ પડતી રહી છે.

TISS અહેવાલમાં બીજી પણ કેટલીક ગંભીર ક્ષતિઓ (પૃષ્ઠ ૯માં) ચીંધવામાં આવી છે. નર્મદાના પીવાના પાણીની કેનાલના ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખડા કરવામાં, વિલંબને કારણે વધી જતાં ખર્ચની મહત્ત્વની બાબતની ગણતરી ડેમની ઊંચાઇની સાથે સંયોજાવી જોઇતી હતી તે નથી થઇ. ઉદ્યોગો માટે જરૂરી પાણીનો જથ્થો અને નગરોનો મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે જરૂરી પાણીનો જથ્થો તો ૨૦૦૨માં જ્યારે ડેમની ઊંચાઇ (હાઇટ) ૧૦૦ મીટરે પહોંચવા ઉપર હતી ત્યારે જ પર્યાપ્ત થઇ શકે, પૂરું પડી શકે તેમ હતું. આમ છતાં, હવે કે જ્યારે ડેમની ઊંચાઇ (હાઇટ) તેના લક્ષ પ્રમાણે પહોંચી ચૂકી છે, તે છતાં પીવાના પાણી માટેનું લક્ષ તો અદ્ધરતાલ લટકતું ને લટકતું જ રહ્યું છે.

સરકાર ઔદ્યોગિક વિકાસના નામે ખેડૂતોને પણ હડધૂત કરી રહી છે.

(હવે પછીના લેખમાં : પાણીની આ નહેરો ખેડૂતો માટે નથી, કારખાનાવાળાઓ માટે છે. વાગરા તાલુકાના ખેડૂતોના પ્રત્યક્ષ અનુભવ અને પીપલ્સ ઇન્કવાયરી કમિટીના રિપોર્ટમાંની વિગતો)

(ક્રમશઃ)

નવરંગ જનરલ સ્ટોર્સ, ઓએનજીસી કોલોની, પનવેલ, પીન-૪૧૦૨૨૧

(મો.) ૦૯૯૩૦૬૬૦૨૪૨

પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, એપ્રિલ - ૨૦૧૦નો લેખ)

ગુજરાતના મોટા વિસ્તારમાં અનિયમિત ચોમાસુ અને પાણીની તંગીના કારણે નર્મદા નદીની આડે બંધ બાંધીને તેના પાણી ગુજરાતના નિયમિત વિસ્તારો ઉપરાંત સૂકા વિસ્તારોમાં પણ પહોંચાડવાનું એક સ્વપ્નું સેવવામાં આવ્યું. અને તેના કારણે ૧ મે, ૧૯૬૦ના ગુજરાત રાજ્યની સ્થાપના પછી તરતમાં જ એટલે કે ૫ એપ્રિલ, ૧૯૬૧ના તે વખતના ભારતના પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુના વરદ્ હસ્તે આ પ્રોજેક્ટની શિલારોપણ વિધિ કરવામાં આવી. એ સમયે ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા હતા.

મધ્ય પ્રદેશના છેક પૂર્વ વિસ્તારમાંથી એટલે કે જ્યાં ઉત્તર પ્રદેશની બોર્ડર મળે છે તે અમરકંટક પર્વતમાળામાંથી નર્મદા નદીનું અવતરણ થઈ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી પાસ થઈ ૧૩૧૨ કિ.મી. લાંબી નર્મદા નદી ગુજરાતમાં ખંભાતના આખાતને મળે છે.

નર્મદા નદીના આડે ભરૂચથી આગળ એક બંધ બાંધી તેના પાણીથી ગુજરાતના ૧૬ જિલ્લાના ૩૩૦૦ ગામની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈના પાણી પહોંચાડવાના અને એ ૧૬ જિલ્લાના ૧૩૫ શહેર તથા ૮૨૧૫ ગામડાની અંદાજિત ૨૦ લાખની વસતિને પીવાના પાણી પહોંચાડવાના અંદાજિત રૂા. ૬૦૦૦ કરોડની પ્રોજેક્ટ કિંમતથી જરૂરી આયોજનો નક્કી કરવામાં આવેલ હતા.

કેટલાક ચડાવ-ઉતાર પછી આ યોજનાનું ખરેખર કામ ૧૯૮૭માં શરૂ થઈ શક્યું અને વર્ષ ૧૯૮૮માં ગુજરાત સરકાર દ્વારા 'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ'ની સ્થાપના કરી તેને આ પ્રોજેક્ટનો સંપૂર્ણ કારોબાર સોંપવામાં આવ્યો.

વિશાળ રાષ્ટ્રીય હિત જેમાં રહેલ છે તે રાષ્ટ્રીય હિત વાળી રૂા. ૬૦૦૦/- કરોડના શરૂઆતના અંદાજની યોજના કે જે દસેક વર્ષમાં પૂરી થઈ જવી જોઈતી હતી તે આજે ૨૨ વર્ષ બાદ રૂા. ૨૭૦૦૦ કરોડના ખર્ચ બાદ પણ ૧૮ લાખ હેક્ટરમાં સિંચાઈના પાણી પહોંચાડવાના બદલે માત્ર અંદાજિત એક લાખ હેક્ટરમાં સિંચાઈના પાણી પહોંચાડી શકેલ છે અને તેની અનેક અક્ષમતાઓ બહાર આવતા જાહેર જનતામાં સારો એવો ઉહાપોહ શરૂ થયેલ. એ વાત પણ બહાર આવી કે ટોટલ ૮૫,૮૯૮ કિલોમીટરની લંબાઈના કેનાલના નેટવર્કમાંથી અત્યાર સુધી માત્ર ૧૯,૮૩૬ કિલોમીટરની લંબાઈના કેનાલના કામો થયેલ છે અને હજુ પણ આજની કિંમતે બીજા રૂા. ૨૨૦૦૦/- કરોડના ખર્ચે બાકી યોજના પૂરી થઈ શકે તેમ છે.

જાહેર જનતામાં ઉહાપોહ વધતા અનેક લોકોને આ પ્રોજેક્ટના ઊંડાણમાં જવાની જરૂરિયાત લાગી. 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ' - ટીઆઈએસએસ (TISS) આ પ્રોજેક્ટના ઊંડાણમાં ગઈ અને તેનો સમગ્રતયા અભ્યાસ કરી, ૨૦૦ પાનાનો એક રિપોર્ટ તૈયાર કર્યો. આ રિપોર્ટના કારણે આ પ્રોજેક્ટમાં આચરવામાં આવેલ અનેક ગેરરીતિઓ બહાર આવી. આ ગેરરીતિઓનું વિવરણ આજ સામયિકમાં 'સંશોધન લેખશ્રેણી'ના નેજા હેઠળ છેલ્લા છ હમાથી શ્રી પ્રવીણચંદ્ર શાહ દ્વારા આલેખવામાં આવે છે. ટી.આઈ.એસ.એસ.ના સમગ્રતયા અભ્યાસ બાદ પ્રસારિત કરવામાં આવેલ રિપોર્ટના આધારે મંગલ મંદિરમાં જે વિગતો છપાઈ રહેલ છે તેનાથી જાહેર જનતાને આચરાયેલી ગેરરીતિઓની માહિતી મળતી રહેલ છે.

એજ રીતે ગુજરાતની જાહેર હિત સાથે સંકળાયેલ (૧) **પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ,** (૨) **ગુજરાત સર્વોદય મંડળ,** (૩) **ઓલ ઇન્ડિયા સીક્યુલર ફોરમ-ગુજરાત,** (૪) **જનપથ,** (૫) **મોઝાદા પરિવાર,** (૬) **પીપલ્સ મુવમેન્ટ ઓફ ઇન્ડિયા** અને (૭) **સૌરાષ્ટ્ર-કચ્છ લોકહિત સંઘર્ષ સમિતિ** નામની સાત સંસ્થાઓએ એકત્રિત થઈ આ પ્રોજેક્ટમાં આચરવામાં આવેલ ગેરરીતિઓના ઊંડાણમાં જવા અને વિશાળ રાષ્ટ્રીય હિત ધરાવતી આ મહાયોજના આટલા વર્ષો પછી પણ પૂરી ન થઈ શકવાના કારણો તપાસવા ૯ સભ્યની એક 'પીપલ્સ ઈન્કવાયરી કમિટી' નીમી કે જેમાં નીચે મુજબના વિવિધ ક્ષેત્રના તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવેલ.

(૧) રિટાયર્ડ જસ્ટીસ શ્રી ડી.જી. કારિયા (ચેરમેન), (૨) શ્રી અશ્વિન ઝીંઝુવાડિયા (જર્નાલિસ્ટ-મુંદ્રા), (૩) શ્રી અમી માંકડ (પર્વાહ), (૪) શ્રી બાલેન્દ્ર વાઘેલા (સામાજિક કાર્યકર-રાજકોટ), (૫) શ્રી દિગંત ઓઝા (મેમ્બર સેક્રેટરી), (૬) શ્રી ગૌતમ ઠાકર (પીપલ્સ યુનિયન), (૭) શ્રી હરીનેસ પંડ્યા (જનપથ), (૮) શ્રી રજની દવે (ગુજરાત સર્વોદય મંડળ) અને (૯) શ્રીમતી સ્વાતિ (મોઝાદા પરિવાર).

આ સમિતિની આઠ મહિના ચાલેલી પ્રક્રિયામાં ૮ જેટલી જનસુનવાઇઓ કરેલ હતી કે જેમાં અંદાજિત ૩૦૦૦ જેટલા ખેડૂતો તથા પાણી વાપરનારાઓએ પોતાની વિગતો રજૂ કરેલ હતી. તેઓએ માહિતી અધિકાર હેઠળ કેટલીક વિગતો મેળવેલ હતી. પાણી વાપરનારા અને ખેડૂતો પાસેથી સોગંદનામા મેળવેલ હતા. અને ત્યારબાદ તૈયાર કરેલ ૧૩૬ પાનાનો રિપોર્ટ કેન્દ્ર સરકારના જલસંશાધન મંત્રી શ્રી પવનકુમાર બંસલ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો અને કેન્દ્ર સરકારના પ્રધાનમંડળના ૫ ગુજરાતી પ્રધાનોને પણ આ અહેવાલ સુપરત કરવામાં આવેલ હતો.

આ રિપોર્ટ પર નજર ફેરવતા તેના પાને પાને આ પ્રોજેક્ટમાં આચરવામાં આવેલ ગેરરીતિઓ અને ક્ષતિઓનું વર્ણન કરવામાં આવેલ છે. વિશાળ જનહિતના પ્રોજેક્ટની થયેલ દુર્દશાના ચિતાર આપવામાં આવેલ છે.

જેને નકલી નકાબની જરૂર પડે તે નીચ ગણાય.

સમિતિના રિપોર્ટ પ્રમાણે આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા નર્મદા નિગમના અધિકારીશ્રીઓ તરફથી ગંભીર બેદરકારી દાખવવામાં આવેલ છે અને આ એકમાત્ર કારણના કારણે આ પ્રોજેક્ટનો સમયગાળો લંબાઈ રહેલ છે. કોઈપણ મજબૂત કારણ વગર વારંવાર એક્સ્ટેન્શન માટે માંગણી કરવામાં આવેલ છે. આયોજન પંચ સમક્ષ ગુજરાત સરકારે છેવટે ૨૦૦૭માં પ્રોજેક્ટ પૂરો કરવાની મુદત માંગેલ પરંતુ તે સમયગાળા દરમ્યાન પણ તેને પરિપૂર્ણ કરવામાં આવેલ નથી. હાલે વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં પૂરો કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલ છે. રૂા. ૬,૦૦૦ કરોડના મૂળ અંદાજની સામે અત્યાર સુધી રૂા. ૨૯,૦૦૦ કરોડ ખર્ચાઈ ચૂકેલ છે. રૂા. ૨૨,૦૦૦ કરોડના કામ બાકી છે. ૮૫,૮૯૮ કિ.મી. લાંબી કેનાલો બાંધવાની સામે માત્ર ૧૯,૮૩૬ કિ.મી.ની જ કેનાલો બંધાઈ છે. ૧૮ લાખ હેક્ટરમાં સિંચાઈના પાણી પહોંચવાના બદલે માત્ર ૧ લાખ હેક્ટરમાં સિંચાઈના પાણી પહોંચેલ છે. ૧૯૯૦ના દાયકામાં જ્યાં ૧૧૦૦૦ એન્જિનિયર્સ કામ કરતા હતા ત્યાં ૨૦૦૯માં માત્ર ૩૦૦૦ એન્જિનિયરો કામ કરે છે. કૅગના રિપોર્ટ પ્રમાણે કોન્ટ્રાક્ટર્સ જયપ્રકાશ એસોસિએટ્સ તથા હરિશ્ચંદ્ર લિમિટેડની અકારણ તરફેણ કરી મોટા એમાઉન્ટની રકમ ચૂકવવામાં આવેલ છે. **માઈનોર, સબ માઈનોર તથા ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલો મોટાભાગે બાંધવામાં જ આવેલ નથી.** તેથી ખેતરો સુધી પાણી પહોંચાડવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. ૧૧૯૨ "પાણી મંડળી" રચવામાં આવેલ છે પરંતુ એક પણ મંડળીએ ફિલ્ડ કેનાલો બાંધેલ જ નથી. આ બધી મંડળીઓ સુષુપ્ત અવસ્થામાં છે. પરિણામ એ આવેલ છે કે મેઈન કેનાલ તથા બ્રાંચ કેનાલો પર ૭૫,૦૦૦ જેટલા ડીઝલ પંપો મૂકી, ખેડૂતો ગેરકાયદેસર રીતે પોતાના ખેતરોમાં સિંચાઈના આ પાણી લઈ જવા મજબૂર થયેલ છે. **વર્ષ ૨૦૦૧ પછી કોઈપણ પ્રકારના અવરોધ ન હોવા છતાં કેનાલોના કામોની ઝડપ માત્ર ૩ ટકા જેટલી જ રહેવા પામેલ છે.**

કેનાલોના બાંધકામ એટલા હલકા પ્રકારના કરવામાં આવેલ છે કે છેલ્લા ૮ વર્ષમાં આ કેનાલોમાં ૩૦૮ વખત ભંગાણ પડેલ છે. વર્ષ ૨૦૦૮માં મહેસાણા જિલ્લાના કડી તાલુકાના સુજાણપુર ગામ પાસે ૨૧ મીટર લાંબું ભંગાણ પડ્યું કે જેના કારણે આજુબાજુના ૧૬ ગામડાંઓને ગંભીર અસર થયેલ હતી. વર્ષ ૨૦૦૯માં માળિયા બ્રાંચમાં ૩૫ મીટર લાંબું ભંગાણ પડેલ કે જેના કારણે કેટલાયે દિવસો સુધી રાજકોટ, જામનગર તથા કચ્છને પીવાના પાણીનો સપ્લાય પહોંચાડી શકાયેલ ન હતો.

મૂળ પ્લાનિંગ પ્રમાણે માત્ર સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ તથા કચ્છ બ્રાંચ કેનાલમાં પમ્પિંગ દ્વારા પાણી પહોંચાડવાના આયોજનો હતા. બાકી કેનાલો ગ્રેવિટીના ધોરણે કામ કરવાની હતી. આ પ્લાનિંગમાં ફેરફાર કરી ઈલેક્ટ્રિસિટીના ધોરણે અને પાઈપ લાઈનના ધોરણે પાણી પહોંચાડવાના આયોજનો કરવામાં આવી રહેલ છે. પીવાના પાણીની, ઔદ્યોગિક વપરાશના પાણીની તથા સિંચાઈના પાણીની જે વોટર ડિસ્ટ્રિબ્યૂશન પદ્ધતિ નક્કી કરવામાં આવેલ તેમાં મૂળભૂત રીતે ફેરફાર કરી નાંખવામાં આવેલ છે. અલગ અલગ પ્રકારના ઉદ્યોગોને અલગ અલગ ભાવથી પાણી આપવામાં આવે છે જે ન્યાયી ડિસ્ટ્રિબ્યૂશન પદ્ધતિ રહેવા પામેલ નથી.

મૂળ પ્રક્રિયામાં ૧.૦૬ M.A.F. પાણી ડોમેસ્ટિક વપરાશ માટે ફાળવવામાં આવેલ કે જેમાં ૦.૮૬ M.A.F. પાણી શહેર તથા ગામડાંમાં પીવાના પાણી તરીકે અને ૦.૨ M.A.F. પાણી ઉદ્યોગોના વપરાશ માટે ફાળવવામાં આવેલ. **હવે ઉદ્યોગોના પાણીનો ક્વોટા પાંચ ગણો વધારીને ૧.૦ M.A.F. કરવામાં આવેલ છે.** તેનો મતલબ એ થાય છે કે કાં તો પીવાના પાણીમાં અને નહિં તો સિંચાઈના પાણીમાં કાપ આવશે.

નાણાકીય શિસ્તની ગેરહાજરીની પણ નોંધ લેવામાં આવેલ છે. તેના અનુસંધાને સુજલામ્ સુફલામ્ જેવા અનેક દાખલા ટાંકવામાં આવેલ છે. ફેબ્રુઆરી-૨૦૦૪માં મુખ્ય મંત્રીશ્રીએ રૂા. ૬૦૮૮ કરોડના બજેટવાળી સુજલામ્ સુફલામ્ યોજના જાહેર કરી (જે ઓરીજિનલ પ્લાનિંગમાં ન હતી.) આ યોજના પ્રમાણે ૨૮૦ કિ.મી. લાંબી કેનાલ બાંધી, તેમાં ૭૦૦ મિલિયન ક્યુબિક મીટર ફ્લડ વોટર વહેવડાવી તેને બનાસ નદીના બેઝીનમાં ઠાલવવામાં આવે કે જેના કારણે ૨૧ સૂકી નદીઓને રિચાર્જ કરવામાં આવે તથા હજારો તળાવમાં પાણી ઠાલવવામાં આવે. આ પ્રોજેક્ટમાં મોટા પાયે ગેરરીતિઓ આચરાયાની ચારેબાજુથી બૂમ ઊઠી. પરિણામે ૧૫ ધારાસભ્યોની એક પબ્લિક એકાઉન્ટ કમિટી નીમવામાં આવી કે જેમાં શાસક બી.જે.પી. પક્ષના ૧૦ ધારાસભ્યો અને વિરોધપક્ષના ૫ ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવેલ. **આ કમિટીએ જે રિપોર્ટ રજૂ કરેલ તેને આજ દિવસ સુધી ગૃહના ટેબલ પર મૂકવામાં જ આવેલ નથી.**

કચ્છ બાબત આ સમિતિએ જણાવેલ છે કે કચ્છની પ્રજાની માન્યતા છે કે આ ડૅમની ઊંચાઈ એટલે વધારવામાં આવેલ કે જેના કારણે કચ્છ જેવા સૂકા પ્રદેશને પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડી શકાય. અન્ય તરફ કચ્છ માટે માત્ર ૧,૧૨,૭૭૮ હેક્ટરમાં જ ૦.૫ M.A.F. પાણી પહોંચાડવાના આયોજનો વિચારાયેલ છે. બીજી તરફ કચ્છમાં ૨,૮૭,૯૪૮ હેક્ટર ફોરેસ્ટ લેન્ડ, ૭૦,૦૫૮ હેક્ટર ઘાસિયા જમીન, ૬,૪૪,૯૬૬ હેક્ટર ફાર્મિંગ લેન્ડ અને ૩,૪૮,૧૭૯ હેક્ટર ફર્ટાઈલ પણ બૅરન લેન્ડ છે. ફર્ટાઈલ બૅરન લેન્ડ સમગ્ર ગુજરાતના ૮૦ ટકા માત્ર કચ્છમાં જ છે. આટલા પ્રકારની જમીન સામે જે પાણી ફાળવવામાં આવેલ છે, તે ખૂબ જ ઓછા છે. કચ્છીઓએ પ્રથમ વાટાઘાટ દ્વારા અને ત્યારબાદ કોર્ટ કેસ દ્વારા આ પ્રશ્નને સુલઝાવવા પ્રયાસ કરેલ છે. સરકારે સહાનુભૂતિપૂર્વક વર્તન કરી કચ્છીઓની માંગને અનુકૂળ થવા પ્રયાસ કરવો જોઈએ.

ગુજરાત રાજ્યમાં નર્મદાના પાણી ફાળવાયેલ ૧૬ જિલ્લામાંથી ૧૫ જિલ્લામાં કેનાલોના કામ વધતા-ઓછા અંશે કરવામાં આવેલ છે. એકમાત્ર કચ્છ જિલ્લો એવો છે કે જ્યાં ૫૧૩૦ કિ.મી.ની કેનાલના આયોજનો સામે એક પણ કિ.મી.ની કેનાલના કામો પૂરા કરવામાં આવેલ નથી.

સ્વચ્છંદપણે ઊડનાર પક્ષી કરતાં પાંજરાનું પક્ષી વધુ સલામત હોય છે.

અહીંની પ્રજાની માંગ છે કે જો અન્ય છેડેથી કામ શરૂ કરવામાં આવે તો જ કચ્છને પાણી પૂરું પાડવાના સરકારશ્રીના આયોજનોમાં વિશ્વાસ બેસી શકે.

અત્યાર સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરા કરવાની ચારેક અવધિ નર્મદા નિગમ તરફથી અપાઈ ગયેલ છે. કામ પૂરું કરવાના તો બાજુ પર રહ્યા પરંતુ નર્મદા નિગમ યોગ્ય રીતે કચ્છમાં કેનાલના કામોની શરૂઆત જ કરાવી શકેલ નથી. છેલ્લા વચન પ્રમાણે આ અવધિ ૨૦૧૪-૨૦૧૫ની આપવામાં આવેલ છે. પરંતુ હજુ સુધી કોઈપણ પ્રકારના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ નથી. **પમ્પિંગ સ્ટેશનોના માત્ર આવેલ બે ટેન્ડરોની સ્કુટિની છેલ્લા ૩-૪ વર્ષથી ચાલુ છે. આ સ્કુટિની ક્યારે પૂરી થશે તે તો નર્મદા નિગમના અધિકારીઓ જ કહી શકે.**

કચ્છના ૯૪૮ ગામ તથા ૧૦ શહેરોને ૧૫૦ MLD પાણી તથા ઉદ્યોગોને ૫૦ MLD એમ ટોટલ ૨૦૦ MLD પાણી ફાળવવામાં આવેલ છે. **આ પાણી હાલે માળિયા બ્રાંચ કેનાલમાંથી આપવામાં આવે છે. પરંતુ કોઈપણ સમયે ૧૩૦ MLDથી વધુ પાણી કચ્છને પહોંચાડવામાં આવેલ નથી. ઉપરોક્ત પાણીમાંથી ૯૦ MLD પાણી ઉદ્યોગોને આપવામાં આવે છે. બાકી ૪૦ MLD જેટલા પાણી કચ્છના શહેરો અને ગામડાંમાં આપવામાં આવે છે કે જે ખૂબ જ અપૂરતા પ્રમાણમાં છે.** આ પાણી પણ ખૂબજ અનિયમિત છે. કચ્છની ૨૦૦ MLDની પાઈપ લાઈનમાં વચ્ચે ભચાઉ પાસે અંદાજિત ૨૦ કિ.મી.માં ૧૫૦ MLDની પાઈપ લાઈન છે. તેથી કચ્છને કોઈપણ સંજોગોમાં ૧૫૦ MLDથી વધુ પાણી પહોંચાડી શકાય તેમ જ નથી. કચ્છના ગામડાની પ્રજા પીવાના પાણી વિના વલખા મારે છે. અન્ય તરફ કચ્છના ઉદ્યોગોને ૩૫૦ MLD પાણી જોઈએ છે. તે સામે ૯૦ MLD પાણી નર્મદા પાઈપ લાઈનમાંથી ફાળવવામાં આવે છે. બાકી પાણી કચ્છના ભૂગર્ભનું વપરાય છે કે જે કાયદાની વિરુદ્ધ છે. કાયદાના ભંગ સામે કોઈ પગલા લેવામાં આવેલ નથી.

કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ M.A.F. પાણીમાંથી ખરીફ સીઝનમાં ૩,૩૦,૯૮૦ હેક્ટર જમીનમાં સિંચાઈ કરવાના અને રવી સીઝનમાં ૪૬,૯૪૦ હેક્ટર જમીનમાં સિંચાઈ કરવાના આયોજનો વિચારાયેલ છે **પરંતુ જ્યારે જળસિંચાઈ વિભાગમાં પૂછવામાં આવે છે ત્યારે છેલ્લા બે વર્ષથી એક જ પ્રકારનો જવાબ મળે છે કે કેનાલોના કામોના સર્વે તથા ડિઝાઈન કરવાના ટેન્ડરોના ખર્ચના અંદાજ મંજૂરી અર્થે મૂકવામાં આવેલ છે. એ મંજૂરી હજુ મળવાની બાકી છે.** સરકારશ્રી આ ખર્ચ મંજૂર કરે. ત્યારબાદ સર્વે તથા ડિઝાઈન અંગેના ટેન્ડરો મંગાવવામાં આવે, ટેન્ડર ભરાઈ ગયે કોઈ એક એજન્સીને કામ સોંપવામાં આવે. એ એજન્સી સરકારને પોતાનો રિપોર્ટ આપે. ત્યારબાદ કામોના આયોજનો વિચારવામાં આવે. ત્યારબાદ કેનાલ બાંધકામના ટેન્ડરો બહાર પાડવામાં આવે. કોન્ટ્રાક્ટરોને કામ સોંપવામાં આવે. બધા જ કામ પૂરા થયે, એ કેનાલોમાં વધારાના પાણી કચ્છ માટે વહાવવામાં આવે. આનો અર્થ એ થાય કે આ લેખ વાંચનાર પેઢી, આ પાણી કચ્છમાં વહેતા જોઈ ના શકે. અન્ય પેઢીને તે કામ આવે – એ સમયે જો નર્મદા નદીમાં વધારાના પાણી હોય તો.

ઉપરોક્ત રિપોર્ટ તૈયાર કરવામાં પીપલ્સ ઈન્ક્વાયરી કમિટીએ ખૂબ જહેમત ઉઠાવેલ છે. તેઓએ માત્ર ગેરરીતિ સામે આંગળી ચીંધેલ નથી પરંતુ તેની સામે શું પગલાં લેવાં તેનું પણ સૂચન કરેલ છે.

મુખ્ય સૂચનો નીચે મુજબ છે :

૧. સરકારે કામ પૂરા કરવાની અવધિની ફાઈનલ તારીખ જાહેર કરવી જોઈએ અને કોઈ પણ સંજોગોમાં તેનો અમલ કરાવવો જોઈએ.

૨. નાગરિકોની એક મોનીટરિંગ કમિટીની નિમણૂક કરવી જોઈએ કે જેમાં ચૂંટાયેલા પદાધિકારીઓ, નર્મદા નિગમના ભૂતપૂર્વ અધિકારીઓ તથા સામાજિક સંસ્થાના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવે અને તેઓ સમયાંતરે કામનું નિરીક્ષણ કરી, જરૂરી પગલાં સૂચવે કે જે સરકારશ્રીને બંધનકર્તા હોય.

૩. CAGના રિપોર્ટનો નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી ચુસ્તપણે અમલ કરાવડાવે.

૪. છેલ્લા આઠ વર્ષમાં કેનાલોમાં જે ૩૦૮ વખત ગાબડા પડેલ છે તે ખૂબ જ ગંભીર પ્રકાર છે. કામની ક્વોલિટી જાળવવી ખૂબ જ જરૂરી છે. તેના માટે યોગ્ય પગલાં ભરવામાં આવે.

૫. સરકારશ્રીએ નાણાકીય શિસ્ત સંપૂર્ણપણે જાળવવી જોઈએ.

૬. ચાલુ કેનાલોના મેઈન્ટેનન્સ સમયે - સમયે થવા જોઈએ. લાઈનિંગ વર્ક સંપૂર્ણપણે પૂરું કર્યા બાદ જ તે કેનાલોનો ઉપયોગ કરવામાં આવે. ડ્રેઈનેજની સગવડ પણ પૂરતા પ્રમાણમાં કરવામાં આવે.

૭. ઉંદરોના કારણે કેનાલોમાં ભંગાણ પડે છે તેવા મનઘડંત કારણો બતાવવાથી નર્મદા નિગમે દૂર રહેવું જોઈએ અને વધુ ભંગાણ ના પડે તે પ્રકારના કામની ગુણવત્તા જળવાવી જોઈએ.

૮. નર્મદા, સાબરમતી અને સરસ્વતીના પાણીના સંગમ કરવા જેવી લાગણીવેડાની વાતથી સરકારે દૂર રહેવું જોઈએ. તેનાથી કોઈના ખોટા હક્કો ઉત્પન્ન થઈ શકે છે કે જે કોઈપણ સંજોગોમાં ઈચ્છવા યોગ્ય નથી.

૯. પાણી સમિતિઓને કાર્યરત કરવાની તાતી જરૂરિયાત છે.

આ પ્રકારનાં અન્ય અનેક સૂચનો સમિતિએ પોતાના રિપોર્ટમાં કરેલ છે.

સમિતિની મહેનત દાદ માંગી લે તેવા પ્રકારની છે. સમિતિએ અનેક ગેરરીતિઓને બહાર કાઢેલ છે. આપણે ઈચ્છીએ કે સરકારશ્રી આ સમિતિના રિપોર્ટ પર કોઈપણ જાતના ભેદભાવ દાખવ્યા વગર પગલા ભરે કે જે ગુજરાતની જનતાના અને સરકારના પોતાના પણ હિતમાં હશે. ■

સૌને નમતા રહો અને સૌને ગમતા રહો.

નર્મદા - સરદાર સરોવર TISS REPORT સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૭

'નર્મદા'નું મૂ-ળ આયોજન
સિંચાઈ - વિકાસનું હતું કે ઉદ્યોગો માટેનું?

• પ્રવીણચંદ્ર શાહ •

(મંગલ મંદિર, મે - ૨૦૧૦નો લેખ)

નર્મદા બંધની ઊંચાઇ વધારવા લીલીઝંડી

03:04:10

ગાંધીનગર, તા. ૨ (અમારા પ્રતિનિધિ તરફથી) : ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાની ઊંચાઇ ૧૨૧.૯૨થી વધારી ૧૩૮.૬૪ કરવાની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ સબ ગ્રુપે મંજૂરી આપી દીધી છે. આ વધારાની ઊંચાઇનું બાંધકામ આગામી ૩૦ માસમાં પૂર્ણ કરવા જણાવ્યું છે પરંતુ (એનસીએ)ની અંતિમ મંજૂરી મેળવતા પહેલાં રાજ્ય સરકારે ઓથોરિટીની પુનર્વસવાટ અને પુનર્વસન કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

નર્મદા ડેમ યોજનાના ઊંચાઇના મામલે લાંબા સમયથી દરખાસ્ત કેન્દ્રમાં પડતર હતી અને જ્યાં સુધી એનસીએ મંજૂરી આપે ત્યાં સુધી નર્મદા ડેમની ઊંચાઇનું બાંધકામ હાથ ધરી શકાય તેમ ન હતું. ગઇકાલે નવી દિલ્હી ખાતે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પર્યાવરણીય સબ કમિટીની બેઠક મળી હતી. પર્યાવરણીય અને વન વિભાગ સચિવ વિનય શર્માની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નર્મદા ડેમની હાલની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૪ મીટર સુધી લઇ જવા મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂરીના પગલે નર્મદા ડેમ ઉપર ૩૦ પિલરોનું બાંધકામ થશે અને તેની વચ્ચે રેડિયલ ગેટ્સ મૂકવામાં આવશે તેમજ તેની સમગ્ર બાંધકામ પાછળ અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે.

હાલના ૧૨૧.૯૨ મીટરથી ડેમને ૧૩૮.૬૪ મીટરે લઇ જવાશે : એનસીએની પર્યાવરણ સમિતિની બેઠકના નિર્ણયથી વિરોધીઓને લપડાક

એનસીએના સબ ગ્રુપે ડેમની ઊંચાઇ વધારવા આપેલી મંજૂરીના પગલે સમગ્ર બાંધકામ ચોમાસાના સમયને બાદ કરતાં ૩૦ માસના સમયગાળામાં બાંધકામ પૂર્ણ કરાશે. ડેમ ઊંચાઇની આ મંજૂરી ડેમ વિરોધી તાકાતો સામે ગુજરાત માટે લાભદાયી રહેશે તેમ ઉચ્ચ અધિકારીઓ માની રહ્યા છે. બેઠકમાં હાજર રહેલા ગુજરાતના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, નર્મદા ડેમની ઊંચાઇને મંજૂરી આપવામાં આવે તો સેન્ટ્રલ વોટર કમિશને જે ગણતરી કરી છે તેના (જુઓ પાનું ૨)

નર્મદા-સરદાર સરોવર TISS REPORT સંશોધન લેખ શ્રેણીનો આ આર્ટિકલ નંબર ૭નો છે. છેલ્લા આર્ટિકલ નં. ૬ એપ્રિલ ૨૦૧૦ ના અંતમાં નોંધ્યું હતું કે ઉદ્યોગો માટે જરૂરી પાણીનો જથ્થો અને નગરોનો મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે જરૂરી પાણીનો જથ્થો તો ૨૦૦૨ માં જ્યારે ડેમની ઊંચાઇ (હાઇટ) ૧૦૦ મીટરે પહોંચવા ઉપર હતી ત્યારે જ પર્યાપ્ત થઇ શકે તેમ હતું, પૂરું પડી શકે તેમ હતું. આમ છતાં હવે કે જ્યારે ડેમની ઊંચાઇ (હાઇટ) તેના લક્ષ પ્રમાણે પહોંચી ચૂકી છે, તે છતાં પીવાના પાણી માટેનું લક્ષ તો અદ્ધરતાલ લટકતું ને લટકતું જ રહ્યું છે.

આમ છતાં ૩ એપ્રિલ, ૨૦૧૦ના અખબારોમાં નર્મદા બંધની ઊંચાઇ હજુય વધારે ઊંચી કરવા માટેની મંજૂરી મળી હોવાના વિસ્તૃત અહેવાલો પ્રકાશિત થયા છે. તેનો સારાંશ એવો છે કે નર્મદા યોજનાની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરથી વધારી ૧૩૮.૬૪ મીટર કરવાની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ સબ ગ્રૂપે મંજૂરી આપી દીધી છે. આ વધારાની ઊંચાઇનું બાંધકામ આગામી ૩૦ માસમાં પૂર્ણ કરવા જણાવાયું છે પરંતુ એન.સી.એ. (નર્મદા કંટ્રોલ ઓથોરિટી)ની અંતિમ મંજૂરી મેળવતાં પહેલાં રાજ્ય સરકારે ઓથોરિટીની પુનર્વસવાટ અને પુનર્વસન કમિટીની મંજૂરી મેળવવાની રહેશે. નર્મદા ડેમ ઊંચાઇના મામલે લાંબા સમયથી દરખાસ્ત કેન્દ્રમાં પડતર હતી અને જ્યાં સુધી એનસીએ મંજૂરી ન આપે ત્યાં સુધી નર્મદા ડેમની ઊંચાઇનું બાંધકામ હાથ ધરી શકાય તેમ નહોતું. ૧-૨ એપ્રિલ, ૨૦૧૦ના નવી દિલ્હી ખાતે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પર્યાવરણીય-સબ કમિટીની બેઠકમાં હાલની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૪ મીટર સુધી લઇ જવા મંજૂરી અપાઇ હતી. આ મંજૂરીના પગલે નર્મદા ડેમ ઉપર ૩૦ પીલ્લરોનું બાંધકામ થશે અને તેની વચ્ચે રેડિયલ ગેઇટ્સ મૂકવામાં આવશે અને તેની ઉપર પુલ બાંધવામાં આવશે. આ સમગ્ર બાંધકામ પાછળ અંદાજિત ૧૫૦ કરોડનો ખર્ચ થાય તેવી શક્યતા છે. રાબેતા મુજબના નવા આશ્વાસનો પણ સમગ્ર બાંધકામ ચોમાસાનાં સમયને બાદ કરતાં ૩૦ માસના સમયગાળામાં પૂર્ણ કરાશે. ડેમ ઊંચાઇની આ મંજૂરી "ડેમ વિરોધી તાકાતો સામે ગુજરાત માટે લાભદાયી રહેશે" તેમ ઉચ્ચ અધિકારીઓ માની રહ્યા છે. એક અતિ ઉત્સાહી અને વાસ્તવિક્તાઓથી બેખબર પ્રાદેશિક જિલ્લા સ્તરના અખબારે ફ્રન્ટ પેઇજ- પરના આ અહેવાલ (૩ એપ્રિલ, ૨૦૧૦) ના શીર્ષકમાં એમ પણ છાપી માર્યું હતું કે ઊંચાઇ વધારવાના આ નિર્ણયથી (જે હકીકતમાં આખરી નથી) નર્મદા-વિરોધીઓને 'લપડાક' મળી છે!

• વધતી ઊંચાઇથી લાભ કોને?

વર્ષો પહેલાં મળી ચૂકેલી મંજૂરીઓ પ્રમાણે થયેલા બાંધકામો માટેના મૂળ આશયો અને હેતુઓ બર આવ્યા નથી. દલા તરવાડીની પ્રચલિત કહેવત નર્મદાની ઊંચાઇના બારામાં ખરી પડતી રહી છે. ઊંચાઇની મંજૂરીઓ તો ક્રમે ક્રમે વધુને વધુ મેળવાતી રહી છે. પણ તેથી ગ્રાઉન્ડ લેવલ, મૂળભૂત ગ્રામ પ્રદેશોના વિસ્તારોની જરૂરિયાતો

પૂરી પડાઈ છે, ખરી? ખેડૂતો માટે ખરેખરી જરૂરિયાતો વાળી કેનાલ-વ્યવસ્થા ગોઠવાઈ છે ખરી? હકીકતમાં આ અંગેની વાસ્તવિક્તા નર્મદા-આયોજનની પારાવાર અરાજકતાના નક્કર પ્રમાણો છે. TISS REPORT અને 'ભૂમિપુત્ર' જેવાં જનતાલક્ષી સામયિકોએ સતત આવી અસહ્ય અરાજકતાને કોઈની પણ શેહ-શરમમાં આવ્યા વગર પ્રકાશમાં આણી છે. નર્મદા-યોજના અને તેના અમલીકરણમાં તબક્કાવાર સન્નિષ્ઠ અભ્યાસી અને તટસ્થ આલોચક શ્રી રજની દવેએ 'ભૂમિપુત્ર'માં (૧૬ જૂન, ૨૦૦૯) ગુજરાતના વાગરા તાલુકાની દુર્દશાની આપેલી વિગતો, માત્ર પ્રતીક-દૃષ્ટાંતરૂપે જ નહીં, પણ લગભગ સમગ્ર અરાજકતા પર સમયસરનો પ્રકાશ પાડનારી છે.

વાગરા તાલુકાનો અનુભવ પારાવાર દુઃખદ નીવડ્યો છે. નર્મદાના પાણી કચ્છના નાના રણમાં લઈ જઈને જમીન સુધારણા કરીને ગુજરાતને અન્ન સ્વાવલંબનની દિશામાં આગળ લઈ જવાનું પ્લાનિંગ થયું હતું. વર્ષોના ઈંતજાર પછી વાગરા તાલુકામાં નહેરો આવી. પરંતુ આજે ત્યાં ચિત્ર બદલાઈ ચૂક્યું છે. સરકાર ઔદ્યોગિક વિકાસના નામે ખેડૂતોને હડધૂત કરી રહી છે. વાગરા તાલુકામાં ખેડૂતો સાથેની રજની દવેની પ્રત્યક્ષ વાતચીતો દરમ્યાન જાણવા મળ્યું કે આ જે નહેરો દેખાઈ રહી છે, તે ખેડૂતો માટે નથી. આ તો કારખાનાવાળાઓ માટે છે. ખેડૂતોના કહેવા પ્રમાણે અહીંના ઘણાં બધાં ગામો ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC)ના હવાલે કરવાના છે. આ વિસ્તારને ઉદ્યોગો માટે 'નોટિફાય' (નિશ્ચિત) કરેલો છે માટે ખેડૂતોને નહેરના પાણી આપવામાં નહીં આવે. ગુજરાતની કહેવાતી જીવાદોરી-લાઈફલાઈન વાગરા તાલુકાનાં ગામો માટે કપાઈ ચૂકી છે. ગ્રામજનો પાસેથી જમીનો પડાવી લેવાનો આ અધમોઅધમ માર્ગ છે. ગામોના લોકોએ લાચારીથી જમીનો આપવા માંડી છે. આ જમીનો વેચીને જે પૈસા આવશે તે પૈસામાંથી ગુજરાતમાં અન્ય સ્થળે સિંચાઈવાળી જમીન મળવાની નથી. આ ખેડૂતોના ગામ આવાસો કારખાનાઓથી ઘેરાઈ જશે. જમીનથી હાથ ધોઈ નાખેલા ખેડૂતોને રહેઠાણમાંથી પણ ખસવું પડશે. મને કમને તેઓ વિસ્થાપિત થશે. ડેમના ડૂબતા વિસ્તારમાંથી વિસ્થાપન, ડેમનાં પાણી નહેરો દ્વારા જ્યાં પહોંચ્યા છે ત્યાં પણ વિસ્થાપન! આ ગામોમાં નર્મદાના પાણીને ફિલ્ટર કરીને પીવા માટે આપવાને બદલે, અમેરિકન DOW ડોવ કેમિકલ કંપનીએ લગાવી આપેલા રિવર્સ ઓસ્મોસીસ (R.O.) પ્લાન્ટનું પાણી મળે છે. ડોવ કેમિકલ કંપનીએ આ વિસ્તારમાં પ્રવેશ પામવા માટે કદાચ 'સેવા'નો આ માર્ગ પકડ્યો લાગે છે. નર્મદા યોજના મૂળમાં કોના માટે હતી અને આજે તે કોના માટેની થઈ રહી છે?

• વિસ્થાપન નીતિમાં કપટી-બદલાવ

ડૂબતા વિસ્તારમાંના લોકોના વિસ્થાપનના પ્રશ્નને સત્તાધારીઓએ બેહદ પ્રમાણમાં ગૂંચવાવી નાંખ્યો છે. નર્મદા વોટર ડિસ્પ્યુટસ ટ્રિબ્યૂનલ એક્ટ (NWDTA)ના ધારાધોરણ પ્રમાણે ડૂબમાં આવતા લોકોને જમીનને બદલે જમીન ફાળવવાની નીતિ નક્કી કરવામાં આવી હતી. પરંતુ ૧૫ મે, ૨૦૦૧ના રોજ નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરિટી (NVDA) એ જમીન ફાળવવાની નીતિમાં સુધારો (Amendment) સૂચવ્યો, જેને રૂપાળું નામ સ્પેશિયલ રિહેબિલિટેશન પેકેજ (SRP) આપ્યું. આ પેકેજ પ્રમાણે કાયદાની રુએ જમીન સામે જમીન મેળવવાના જમીન માલિક-ખેડૂતના હક્કને જતો કરવામાં આવે અને અન્ય સ્થળે પોતાની પસંદગી પ્રમાણે જમીન ખરીદવા માટે જે પૈસા આપવામાં આવે તે સ્વીકારી લેવામાં આવે- એવી ભૂલભૂલામણીવાળી જોગવાઈઓના સમાવેશ કરવામાં આવ્યા.

હકીકતમાં અને નૈતિકતાની કસોટીએ સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાનો આ ભંગ હતો અને છે. તે ચુકાદા પ્રમાણે ૨૦૨૪ સુધી વિસ્થાપન માટે નક્કી કરાયેલી નીતિમાં ફેરફાર કરી શકાતો નથી. નર્મદા કંટ્રોલ ઓથોરિટીની ૨૦ નવેમ્બર, ૨૦૦૧ની મિટિંગમાં મિનિસ્ટ્રી ઓફ સોશિયલ જસ્ટીસના સેક્રેટરીએ આ વાતનો વિરોધ કરેલો, અને જણાવ્યું હતું કે લૉ (કાયદા કાનૂન)ની મિનિસ્ટ્રી સમક્ષ સઘળી વિગતો રજૂ કરીને આવો સુધારો કરાય કે નહીં, તે જાણવું જોઈએ.

મધ્ય પ્રદેશ સરકારે યેનકેન પ્રકારે થોડી શબ્દોની રમત રમીને જમીનની સામે જમીન આપવાને બદલે પૈસા આપવાની વાત ચલાવ્યે રાખી.

જે રીતે જમીનને બદલે જમીન આપવાની નીતિમાં ઢીલાશ લાવવામાં આવી તે રીતે ડૂબના અસરગ્રસ્ત પરિવારોને આવાસ માટે પ્લોટથી જમીન અને અન્ય સેવાઓ પૂરી પાડવાની નીતિમાં પણ ઢીલાશ અખત્યાર કરાતી રહી. **પ્રતિ પરિવાર એક જ સભ્યને રૂા. ૫૦,૦૦૦ (પચાસ હજાર) તે માટે આપવામાં આવ્યા, જે પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાની અવગણના હતી અને છે.**

• સરકારી ચાલાકીઓ અને લુચ્ચાઇઓ :

જ્યાં જ્યાં સામાન્ય સીધા સરળ ખેડૂતો સાથે કે ગ્રામ્યજનો સાથે સત્તાધારીઓએ સતત ચાલાકીઓ અને લુચ્ચાઈ જ અમલી બનાવ્યા છે. આવી ચાલાકી અને લુચ્ચાઈમાંની એક વિસ્થાપિતોને ઓછા બતાવતા રહેવાની છે. તેને અમલી એ રીતે બનાવાઈ કે 'કાયમી ડૂબમાં જનારા અને ક્વચિત ડૂબમાં જનારા' એવા બે કૃત્રિમ વિભાગો ખડા કરવામાં આવ્યા.

ગુજરાતને ડેમની ઊંચાઈ તબક્કાવાર વધારતા જવાની ઉતાવળ હતી. બીજી બાજુ, મધ્યપ્રદેશમાં ડૂબમાં જનારાઓને યોગ્ય સ્થળે વસાવવાની પ્રક્રિયા ન્યાયી અને સુચારુ રીતે આગળ ધપાવવામાં જરા પણ રસ દાખવતું નહતું. ધીરે ધીરે ચાલાકી એવી કરવામાં આવી કે ઝીણવટથી ન જોનારાને ખબર પણ ન પડે કે વિસ્થાપનનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે, યા નહીં! મધ્યપ્રદેશની સરકારે વિસ્થાપિતોના બે પ્રકાર ગણાવ્યા : (૧) કાયમી ડૂબમાં જનારાઓ કે જેમની ખેતીની જમીન પર કાયમી સ્વરૂપે ડેમના પાણી ફરી વળવાનાં છે, (૨) જેમના રહેઠાણની જગ્યા ૧૦૦ વર્ષે એક વખત ડૂબમાં જવાની છે, અથવા ડેમની ઊંચાઈ જ્યારે આગળ ઉપર વધારવામાં આવે ત્યારે તે ડૂબમાં જશે.

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૪૮ ઉપર)

ફૂલ ખીલીને જગમાં સુવાસ આપે છે, દીપક બળીને જગમાં ઉજાસ આપે છે. પરંતુ કેટલાક લોકો પોતે જીવવા ખાતર બીજાને ત્રાસ આપે છે.

મૂકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જૂન - ૨૦૧૦નો લેખ)

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના એક પ્રતિનિધિ મંડળે માર્ચ-૨૦૧૦ના અંતભાગે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી એસ. જગદીશનની મુલાકાત લીધેલ હતી અને આવતા દિવસોમાં "કચ્છ બ્રાંચ કેનાલ"ના કરવામાં આવનાર કાર્યોની વિગત મેળવેલ હતી.

"મંગલ મંદિર"ના એપ્રિલ-૨૦૧૦ના અંકના તંત્રીલેખમાં "શુકનવંતા સમાચાર : કચ્છ બ્રાંચ કેનાલના કામો ચાલુ થવા પર"ના મથાળા હેઠળ વિગતવાર સમાચાર આપવામાં આવેલ હતા અને આ બાબતે નર્મદા નિગમમાં શરૂ થયેલ ગતિવિધિની માહિતી આપવામાં આવેલ હતી.

ત્યારબાદ "મંગલ મંદિર"ના મે-૨૦૧૦ના અંકના મુખ્ય લેખમાં "કચ્છ બ્રાંચ કેનાલે ફરી કચ્છીઓમાં આશા જગવી"ના મથાળા હેઠળ અનેકવિધ માહિતીઓ આપવામાં આવેલ હતી. સાથે સાથે એ જ અંકમાં કચ્છ બ્રાંચ કેનાલનું કાર્ય પૂર્ણ કરવા આવતા દિવસોમાં અંદાજિત રૂા. ૩૫૦૦ કરોડની જરૂરિયાત રહેશે તેની વિગતવાર અને વિભાગવાર માહિતી પણ આપવામાં આવેલ હતી.

કચ્છીઓ માટે ફરી એક વધુ સારા સમાચાર આવેલ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ, ભૂતકાળમાં કચ્છના હીર સમાન સાબિત થયેલ શ્રી મૂકેશભાઈ ઝવેરીની પહેલી મે ના ગુજરાત દિન પછી તરતમાં એટલે કે ૫ (પાંચ) મે, ૨૦૧૦ના દિવસે નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરાયાની જાહેરાત કરેલ છે અને આવતા બે-ત્રણ વર્ષોમાં સમગ્ર ગુજરાતની નર્મદા કેનાલોના કામ પૂરા કરાવવાની જવાબદારી સોંપેલ છે. જે યોજના ગુજરાત રાજ્યના પ્રાણ સમાન છે એ યોજનાના સંચાલક મંડળમાં એક કચ્છી અગ્રતાક્રમે જવાબદારી નિભાવે તેનાથી વધુ રૂડું કચ્છીઓ માટે શું હોઈ શકે?

અનેકવિધ સંભાવનાઓ અને વિવિધ પંચોના તારણ બાદ ૧૯૭૯માં જળપંચનો ચુકાદો આવ્યા બાદ અને વર્ષ ૧૯૮૮માં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની રચના થયા અગાઉ આ યોજનાના કાર્યોની શરૂઆત ગુજરાત સરકારે આરંભી દીધેલ હતી. જળપંચના ચુકાદા બાદ, કચ્છને જરૂરિયાત કરતાં ખૂબજ ઓછા પ્રમાણમાં પાણીનો જથ્થો ગુજરાત સરકારે ફાળવેલ હોવાથી, વીસમી સદીના છેલ્લા દાયકામાં કચ્છીઓનો અસંતોષ અગ્રીમ સીમાએ પહોંચેલ હતો. એકવીસમી સદીના પ્રથમ દાયકામાં પણ આ અસંતોષે માજા મૂકેલ હતી. પરિણામસ્વરૂપે કચ્છને ફાળવવામાં આવેલ સિંચાઈ માટેના ૦.૨ M.A.F. નિયમિત પાણીમાં વધારો કરીને ૦.૫ M.A.F. કરવામાં આવ્યા અને વધારાના પાણીમાંથી કચ્છ માટે ૧.૦૦ M.A.F. પાણીની જાહેરાત કરવામાં આવેલ હતી.

કેટલાક શાણા કચ્છીઓએ ઉપરોક્ત હકીકત સ્વીકારી, જે પાણી કચ્છને ફાળવવામાં આવેલ છે તે પાણી નર્મદા નિગમે નક્કી કરેલ પદ્ધતિથી કચ્છના ખેતરોમાં જલદીથી પહોંચતા થાય અને તેના દ્વારા જે ઉપજ નીપજે તે ગામડાંના ખેડૂતોના હાથમાં સીધી પહોંચે તેવું સ્વીકારી, કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો જલદીથી શરૂ થાય તેવી ઝુંબેશ આદરેલ હતી.

ઉપરોક્ત ઝુંબેશના પરિણામે વર્ષ ૨૦૦૫માં કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શરૂ કરવામાં આવ્યા અને લોકોને ધરપત બેઠી કે હવે કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના પાણી જલદીથી પહોંચી શકશે. પરંતુ આ કામોની મંથર ગતિથી ફરી કચ્છીઓમાં ઉહાપોહ સર્જાયો અને સમગ્ર કચ્છમાં ફરી નિરાશાનું મોજું ફરી વળ્યું. તેમ છતાં આ જાગૃત કચ્છીઓએ હિંમત હાર્યા વગર પોતાના પ્રયાસો જારી રાખ્યા અને તેના શુભ પરિણામો હવે દૃષ્ટિગોચર થવા લાગ્યા છે.

શ્રી મૂકેશભાઈ ઝવેરીની સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટર તરીકે નિમણૂક થતાં કચ્છીઓમાં આશા ઉત્પન્ન થયેલ છે કે આવતા બે-ત્રણ વર્ષમાં કચ્છના ખેતરોમાં આ પાણીથી ખેતી થઈ શકશે અને અવારનવાર આવતા દુષ્કાળ સામે કચ્છને પૂરતી રાહત મળી શકશે.

શ્રી મૂકેશભાઈ ઝવેરીએ 'મંગલ મંદિર'ને આપેલ એક મુલાકાતમાં જણાવેલ છે કે આ કાર્યો પાર પાડવામાં તેમના તરફથી કોઈ જ પ્રકારની કચાશ રહેવા દેવામાં આવશે નહીં. જરૂરિયાત મુજબના કોઈ પણ પ્રકારના સ્ટાફની નિમણૂક તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જરૂરત રહેશે તો આઉટ સોર્સિંગ દ્વારા પણ કાર્યનો વેગ જાળવી રાખવામાં આવશે. કેનાલો માટે જરૂરી જમીન સંપાદન કરવાની પ્રક્રિયા જે-તે વિભાગના ડેપ્યુટી કલેક્ટર કે કલેક્ટર મારફતે આદરી દેવામાં આવેલ છે. જંત્રી પ્રમાણે જમીનના ભાવ ચૂકવવાના ગુજરાત સરકારના નિર્ણયથી, પોતાની જમીન ઉમદા કાર્ય માટે સુપરત કરવામાં ખેડૂતોને કોઈ જ પ્રકારનો હિચકિચાટ રહેશે નહીં. જમીનના મોટાભાગનું પેમેન્ટ જમીન માલિકને સ્થળ પર જ તરતમાં ચૂકવી દેવામાં આવશે. જરૂરી ડિઝાઈન કામ તથા ટેન્ડર પ્રક્રિયા સારી એવી ઝડપે આગળ વધી રહેલ છે. ટેન્ડર બહાર પાડ્યા બાદ તરતમાં જ કોન્ટ્રાક્ટરોની નિમણૂક કરવામાં આવશે. આ રીતે કામ શરૂ થયા બાદ ગુજરાતના અછતવાળા પ્રદેશો એટલે કે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, ભાવનગર વગેરે પ્રદેશો પર સવિશેષ ધ્યાન આપવાનું રહેશે અને આ પ્રદેશોના આયોજનોને અગ્રતાક્રમે લેવાના રહેશે.

કોઈની ઉપર હાથ ઉઠાવે તે દુર્જન, કોઈને હાથ ઉપર ઉઠાવે તે સજ્જન.

તદુપરાંત શ્રી મૂકેશભાઈએ જણાવેલ છે કે તેઓએ કચ્છ બ્રાંચ કેનાલનું ૦.૦થી ૩૬૦.૦ કિ.મી.નું નિરીક્ષણ પરિક્રમા કરી પૂરું કરેલ છે અને હવે પછીના સમયમાં દરેક સ્થળોએ વિભાગવાર ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને અન્ય સામાજિક આગેવાનો સાથે મિટિંગ કરી, આ કાર્ય કઈ રીતે ઝડપી પ્રક્રિયા દ્વારા પૂરું થાય અને કોઈ પણ પ્રકારના હવે પછી વિઘ્ન ન આવે તેની ચર્ચા-વિચારણા કરી, તેના પર ખાસ નજર રાખશે.

'મંગલ મંદિર'ને આપેલ મુલાકાતમાં શ્રી મૂકેશભાઈએ જણાવેલ કે ગુજરાત સરકારે આ કાર્યો ઝડપી પ્રક્રિયા દ્વારા પાર પાડવા, પ્રથમ તબક્કે રૂા. ૪૦૦૦ કરોડની ફાળવણી કરેલ છે. જેમાંથી રૂા. ૯૦૦ કરોડની ફાળવણી તો 'કચ્છ બ્રાંચ કેનાલ' માટે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકતથી વિશ્વાસ બેસે છે કે હવે પછી કચ્છીઓએ નર્મદા નદીના સિંચાઈના પાણી માટે વધુ રાહ જોવી નહીં પડે.

શ્રી મૂકેશભાઈ ઝવેરી અગાઉ વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૨ દરમ્યાન જી.એમ.ડી.સી.ના ચેરમેનપદે બિરાજમાન રહેલ હતા ત્યારે જી.એમ.ડી.સી.ને થયેલ નફામાંથી કરોડો રૂપિયાના દાનો આપી કચ્છમાં અને કચ્છ બહાર અનેક સવલતો ઊભી કરેલ હતી કે જેની યાદગીરી કચ્છીઓના મગજમાં આજે પણ રહેવા પામેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિર્મિત અને સંચાલિત શાહીબાગ - અમદાવાદ ખાતેનું "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" આ પ્રક્રિયાનું જ પરિણામ છે કે જેના કારણે બહારગામથી સારવાર અર્થે અથવા અન્ય રીતે અમદાવાદ પધારતા દરેક કચ્છી માટે તથા અન્યો માટે પણ એક રાહતરૂપ સગવડ બની રહેલ છે.

આપણે આશા રાખીએ કે શ્રી મૂકેશભાઈના નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકેના કાર્યકાળ દરમ્યાન માત્ર નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી નહીં પરંતુ વધારાના ૧.૦ M.A.F. પાણી કે જે કચ્છને ફાળવાયેલ છે, તેના પર પણ નજર રાખી અને પોતાની વગનો ઉપયોગ કરી, એ પાણીના આયોજનો પણ શક્ય ત્વરાએ કરાવવામાં કામિયાબ રહેશે.

અગર કચ્છની જનતા આ અમૂલ્ય પાણીનો ઉપયોગ ડ્રીપ ઈરિગેશન કે સ્પ્રિંક્લર પદ્ધતિથી કરવાનું સ્વીકારશે તો અત્યારે અંદાજ છે તેના કરતાં બે કે ત્રણ ગણા વધુ વિસ્તારમાં ખેતીનો પાક લઈ શકાશે. આ પ્રકારના ડ્રીપ ઈરિગેશનના અંદાજ મુજબ લગભગ ૮ લાખ હેક્ટર અથવા તો ૨૦ લાખ એકરમાં ખેતી થઈ શકે.

એક તરફ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત તથા વધારાના પાણી અને અન્ય તરફ "સરદાર સરોવર સહભાગી યોજનાનાં અધ્યક્ષ તરીકે શ્રી અનંતભાઈ દવેની કામગીરીથી કચ્છમાં વિશાળ માત્રામાં ચેક-ડેમો, બંધારા, તળાવોને ઊંડા કરાવવા વગેરે પ્રકારની જળસંચય યોજનાની કામગીરીથી આવતા પાંચેક વર્ષમાં કચ્છમાં ખેતીના ક્ષેત્રે કાયાપલટ થઈ શકશે, કચ્છને નંદનવન બનાવી શકાશે અને દુષ્કાળને સદાયને માટે તિલાંજલિ આપી શકાશે. ધરતીકંપ પછીના ઔદ્યોગિકીકરણ બાદ ખેતીના ક્ષેત્રે પણ કચ્છીઓને ખુશી ઉપજે તેવા દિવસો આવી રહેલ છે. ■

'નર્મદા'નું મૂ—ળ આયોજન સિંચાઈ વિકાસનું હતું કે ઉદ્યોગો માટેનું?

(અનુસંધાન : પાના નં. - ૧૪૬ ઉપરથી ચાલુ)

આ બે પ્રકારના ભાગ પાડીને ડૂબમાં જનારાઓની સંખ્યાની વાતને એટલી બધી ગૂંચવી નખાઈ કે વિસ્થાપનનું કામ કેટલું બાકી છે તેનું ચિત્ર સ્પષ્ટ જ બને નહીં. જ્યારે ડેમની ઊંચાઈ વધારવા માટે સમિતિની મિટિંગ મળે ત્યારે આંકડાઓની માયાજાળ રજૂ કરવામાં આવે. ૧૪ નવેમ્બર, ૨૦૦૨ ના વિસ્થાપિતોની સંખ્યાના આવા એક કોષ્ટક (વિગતોનું ચોકઠું) નીચે આવી નોંધ મૂકવામાં આવેલી :

This number may change after declaration of land Acquisition awards. (આ આંકડા, સંખ્યા એવી છે જે લેન્ડ અક્વિઝિશનના નિર્ણયો પછી બદલાઈ શકશે, તેમાં ફેરફાર થવાનું શક્ય છે.) Project Affected Families (PAF) whose lands are temporarily submerged due to 1 in 100 years flood have not been considered for resettlement and re-habilitation (R & R) (સો વર્ષ દરમ્યાનમાં એકાદ વખત આવી શકનારા પૂરને કારણે કામચલાઉ થોડા સમય માટે ડૂબેલા પરિવારોના પુનર્વસવાટ માટેની ગણતરી આ આંકડાઓમાં ધ્યાનમાં લેવામાં આવી નથી.)

મતલબ? મતલબ એ કે ઉપરના કોષ્ટકમાં દર્શાવાયેલી સંખ્યામાં તેમની વ્યાખ્યા પ્રમાણેના ટેમ્પરરી ડૂબમાં જનારાઓની સંખ્યા ગણતરીમાં લેવામાં આવી નથી.

હવે આ બાબતમાં સુપ્રીમ કોર્ટના ૧૫ માર્ચ, ૨૦૦૫ વાળા ચુકાદામાં સ્પષ્ટપણે આવા ડૂબમાં જનારાઓની સંખ્યાના પ્રકાર કે વર્ગીકરણનો સાફ ઈન્કાર કરાયો છે. કાયમી કે હંગામી, પરમેનન્ટ કે ટેમ્પરરી એવા કોઈ ભાગ-વિભાગને સુપ્રીમ કોર્ટ માન્ય જ કરતી નથી. વિસ્થાપિતો એટલે વિસ્થાપિતો, બસ! સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે બધાયને એકસરખા વિસ્થાપિતો ગણીને તેમને ન્યાય અપાવો જોઈએ.

- પણ વાસ્તવમાં આમ થાય છે ખરું?

(નિઃસહાય વનવાસીઓને, આદિવાસીઓને, અંતરિયાળ ગ્રામ્ય પ્રદેશોને ઉજાડીને, રફે દફે કરીને, ખેતી વગરના, જમીન વગરના, ઝૂંપડા વગરના કે કાચાં ઘર વગરના આપણે બનાવતા જઈએ, સરકારો એમની સાથે ધરાર બેઈમાનીથી વર્તે, સુપ્રીમ કોર્ટમાંથી પણ સા-ચો, પૂ-રો, અસરકારક ન્યાય એમને મળે નહીં. એમાંના કેટલાક ન છૂટકે નક્સલવાદીઓ ન બને તો શું બને?)

(ક્રમશઃ)

નવરંગ જનરલ સ્ટોર્સ
ઓ.એન.જી.સી. કોલોની, પનવેલ-૪૧૦ ૨૨૧.
ફોન : ૦૨૧૪૩-૨૨૦૦૮૦, મો. ૦૯૯૩૦૬૬૦૨૪૨

લગ્નજીવન સાઈકલ જેવું છે. એના બંને ચક્રો જો બરાબર હોય તો તે ચાલે. એક ચક્રમાં પંક્ચર પડ્યું હોય તો બીજું ચક્ર સારું હોવા છતાં પણ નકામું છે.

જેવું અન્ન તેવું મન, જેવું મન તેવું જીવન, જેવું પાણી તેવી વાણી.

સરકારશ્રીના બે ખાતાઓ વચ્ચે તાલમેલનો અભાવ – શોષાવાનું કચ્છની જનતાએ!

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૦નો લેખ)

ગુજરાત સરકારશ્રીના વિવિધ વિભાગો, એકબીજાના સંપર્કમાં રહી, યોગ્ય કામગીરી પાર પાડી પરિણામ લાવી શકતા નથી તેનો એક દાખલો તાજેતરમાં જ બહાર આવવા પામેલ છે. કે જેના કારણે પ્રજામાં આ વિભાગ હાંસીપાત્ર બનેલ છે. તેટલું જ નહીં પરંતુ આ વિભાગની કોઈ મેલી મુરાદ હોય તેવી શંકા પણ સેવાઈ રહેલ છે. સમન્વયના અભાવે યોગ્ય કામગીરી ન થઈ શકવાના કારણે, પ્રજાને કરોડો રૂપિયાનો માર સહન કરવો પડે છે કે જેનો જવાબ લેનાર હાલની પરિસ્થિતિમાં તો ગુજરાતમાં કોઈ જ દેખાતું નથી!

આજે આપણે વાત કરવાની છે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નર્મદા વિભાગની – નર્મદા નિગમની અને અન્ય તરફ જળસિંચાઈ મંત્રી શ્રી નીતિન પટેલના જળસિંચાઈ વિભાગની.

• મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી નર્મદાના ખાતાનું નર્મદા નિગમ :

વર્ષ ૨૦૦૫ના માર્ચ મહિનાથી કચ્છ બ્રાંચ કેનાલનાં કામો શરૂ કરાવવામાં આવ્યાં. એ સમયે ૩૫૦ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલની ૭૬ કિ.મી. લંબાઈના અને રૂા. ૨૫૦ કરોડના અંદાજિત ખર્ચના વિવિધ ૬ કોન્ટ્રાક્ટરોને આ કામ ૩ વર્ષમાં પૂરા કરવાની ગણનાએ સુપરત કરવામાં આવ્યા. આ ૬ પૈકી બે કોન્ટ્રાક્ટરોએ તેમના ભાગે આવતા અંદાજિત રૂા. ૧૦૦ કરોડની કિંમતના અને ૩૩ કિ.મી.ની કેનાલ લંબાઈના કામો માર્ચ-૨૦૧૦માં એટલે કે ૩ વર્ષના બદલે ૫ વર્ષે પૂરા કર્યા. જ્યારે અન્ય ૪ કોન્ટ્રાક્ટરોએ તેમના ભાગે આવતા અંદાજિત રૂા. ૧૫૦ કરોડની કિંમતના કામોમાંથી ટુકડે ટુકડે રૂા. પચાસેક કરોડના કામો પૂરા કરી, બાકી કામો પૂરા કરવા અસમર્થતા દાખવી. આ કામો આજ દિન લગી પૂરા થઈ શકેલ નથી.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી આર. કે. ત્રિપાઠીના સ્થાને શ્રી એસ. જગદીશન આવતા અને ચેરમેન તરીકે શ્રી નારાયણભાઈ પટેલના સ્થાને શ્રી ડી. રાજગોપાલન આવતા આ ખાતામાં સળવળાટ શરૂ થયો અને અન્ય બ્રાંચ કેનાલોના કામોની માફક 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કામોમાં પણ ગતિવિધિ આવવા લાગી. કેન્દ્ર સરકારે અને ગુજરાત સરકારે પણ આ ખાતા માટે પોતાના બજેટમાં સારી એવી રકમની ફાળવણી કરી. (આ ગતિવિધિ સરકારશ્રીની મંજૂરીને અધીન હોવાથી, તેના રાજકીય કારણ પણ હોઈ શકે.) આજે ૪ મહિનાના સમયગાળા દરમ્યાન કચ્છ બ્રાંચ કેનાલના

સામાન્ય રીતે એવું જાણવા મળેલ છે કે 'નર્મદા નિગમ' કે 'જળસિંચાઈ' વિભાગના અધિકારીઓ તેમને સોંપવામાં આવેલ કાર્ય યોગ્ય રીતે કરવા કોશિશ કરે છે.

કચ્છ બ્રાંચ કેનાલ જ્યાંથી શરૂ થાય છે તે હમીરપર ગામ પાસેથી શરૂ કરીને ભુજ સુધીની બધી જ જળસિંચાઈ વિભાગની ઓફિસનો એક જ જવાબ હતો કે સરકારશ્રી એટલે કે જળ મંત્રાલય પર ટેન્ડર મંજૂર કરાવવા અંગેની ફાઈલ મોકલી આપવામાં આવેલ છે. જ્યાં લગી કન્સલ્ટિંગ કંપની અંગેના ટેન્ડરની ફાઈલ મંજૂર કરી પરત નહીં આવે ત્યાં લગી કન્સલ્ટન્ટ કંપનીની નિમણૂકની કાર્યવાહી આગળ નહીં વધી શકે. જળસિંચાઈ વિભાગની ગાંધીનગર એટલે કે સચિવાલય ઓફિસનો પણ આ જ પ્રતિભાવ રહેવા પામેલ હતો.

કન્સલ્ટન્ટની નિમણૂક થયા બાદ જ કચ્છમાં ફિલ્ડ સર્વે થઈ શકે અને ત્યારબાદ જ કન્સલ્ટિંગ કંપની પોતાના આયોજનો અને એસ્ટિમેટ નક્કી કરી શકશે.

ગુરુવાર, તા. ૧૫-૭-૨૦૧૦ના 'કચ્છ મિત્ર'ના અંકમાં ચોથા પાને 'નર્મદાના વધારાના પાણીનું આયોજન કેટલે?'ના મથાળા હેઠળ એક સમાચાર પ્રસિદ્ધ થયેલ છે.

આ અહેવાલમાં જણાવવામાં આવેલ છે કે 'રાજ્યના પાણી પુરવઠા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો સંપર્ક સાધતાં તેમણે 'કચ્છમિત્ર'ને જણાવ્યું હતું કે, સર્વે માટે કન્સલ્ટન્સી કંપનીની નિમણૂક થઈ ગઈ છે અને વધારાના પાણીનો ક્યાં સંગ્રહ કરવો, કેનાલમાં કઈ રીતે પાણી નાખવું એ બધાનો સર્વે ચાલી રહ્યો છે અને છ થી આઠ મહિનામાં આ સર્વે પૂરો થઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કચ્છના હયાત બધા ડેમો છલકાવી દઈએ તો પણ દસ લાખ એકર ફીટ પાણીમાંથી માત્ર ૨૫ ટકા જ પાણી વપરાશે. બાકીની જળરાશિ માટે શું વ્યવસ્થા કરી શકાય એનોય સર્વે થઈ રહ્યો છે.'

પરંતુ એમનું જળસિંચાઈ ખાતું જણાવે છે કે કન્સલ્ટન્સી કંપનીની નિમણૂક કરવાની બાકી છે. આ સંજોગોમાં મંત્રીશ્રીએ જે કન્સલ્ટન્સી કંપનીની નિમણૂક કરેલ છે તે કંપનીનું નામ અને એ કંપનીએ કચ્છના કયા વિસ્તારમાં ફિલ્ડ સર્વે કરેલ છે તે વિસ્તાર વિશેની વિગતો આપવા કૃપા કરશે?

પગમાં ખંજવાળ આવે તો બૂટને ખંજવાળવાથી શો લાભ?

અંદાજિત રૂા. ૪૫૦૦ કરોડની કિંમતના કામો સામે રૂા. ૩૦૦૦ કરોડની કિંમતના કામોના ટેન્ડર બહાર પાડી દેવામાં આવેલ છે. બાકી રહેતા અંદાજિત રૂા. ૧૫૦૦ કરોડની કિંમતના કામોના ટેન્ડરની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ છે. ("કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિ અને પરિસ્થિતિ"ની આંકડાકીય વિગત તંત્રીલેખ પછીના પૃષ્ઠ પરના લેખમાં આપવામાં આવેલ છે.) કચ્છની જનતાને આથી પ્રતીતિ થવા લાગી કે નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી આવતા બે-ત્રણ વર્ષોમાં કચ્છના ખેતરોમાં પહોંચી શકશે. મંગલ મંદિરે પણ અગાઉના અંકમાં તેનો પ્રતિભાવ વ્યક્ત કરેલ જ છે.

હાલે ઉત્તર ગુજરાતના વધારાના પાણીના આયોજનો અને કાર્યો પૂરા કરી દેવામાં આવેલ છે. એક યા બીજા કારણે અગર કચ્છના આયોજનો પર રોક લાગી શકે તો દર વર્ષે કચ્છના ભાગે આવતું પાણી યા તો દરિયામાં વહેવડાવી દેવાય, અથવા આ ફાજલ પાણી જે પ્રદેશોના કામો થઈ ગયા છે ત્યાં વપરાશ માટે પણ આપી દેવાય. અને જો આમ થાય તો એક વખત ૫ કે ૧૦ વર્ષ સુધી મૂળ યોજનાની ગણનામાં ન હોય તેવા પ્રદેશને આ પાણી આપવામાં આવે તો ૫-૧૦ વર્ષ પછી તે પાછા મેળવવા મુશ્કેલ બને. એ સમયે ત્યાંની પ્રજામાં અસંતોષ જાગી ઊઠે!

આ રીતે કચ્છને ફાળવાયેલ વધારાનું પાણી ઉત્તર ગુજરાત તરફ ખેંચી જવા વ્યવસ્થિતપણે પ્રયાસો થઈ રહ્યા હોય તેવું દેખા છે કારણકે, ઉત્તર ગુજરાતના ધારાસભ્યો અને આગેવાનો જ્યારે નર્મદા નિગમ કે જળસિંચાઈ વિભાગની ઓફિસની મુલાકાત લે ત્યારે એવું અચૂકપણે અધિકારીશ્રોને ગુમાનપણે જણાવે છે કે જેમનામાં પાણી હશે તે આ પાણી પોતાના પ્રદેશમાં ખેંચી જશે!

• જળસિંચાઈ મંત્રીશ્રી નીતિન પટેલનું જળસિંચાઈ ખાતું:

કચ્છને સિંચાઈ માટે નર્મદા નદીના નિયમિત પાણીમાંથી ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને વધારાના પાણીમાંથી ૧.૦ એમ.એ.એફ. વધારાના પાણી ગુજરાત સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે. કચ્છના ખેતરો સુધી નિયમિત પાણી પહોંચાડવાનું આયોજન સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કરવામાં આવી રહેલ છે. જ્યારે વધારાનું પાણી કચ્છના ખેતરો સુધી પહોંચાડવાનું આયોજન જળસિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે. પરંતુ બંને પ્રકારના પાણી, નર્મદા નદીની મુખ્ય નહેરમાંથી, બનાસકાંઠા જિલ્લાના હમીરપર ગામ પાસેથી કચ્છ સુધી પહોંચાડવાની જવાબદારી નર્મદા નિગમને સુપરત કરવામાં આવેલ છે. એ પાણી કચ્છમાં પહોંચ્યા બાદ, જ્યાં જ્યાંથી જરૂર પડે ત્યાં ત્યાંથી અને પોતાના આયોજન મુજબના જોઈતા પાણી, જળસિંચાઈ વિભાગ નર્મદા નિગમની કેનાલમાંથી મેળવી, પોતાના આયોજનો મુજબની કેનાલો બનાવી કચ્છના ખેતરોમાં પહોંચાડાશે. આ યોજનાને પૂર્ણપણે કારગત કરવાની હોય તો બંને વિભાગ વચ્ચે સમન્વય હોવો જરૂરી છે. સાથે સાથે બંને વિભાગની કાર્યવાહી પણ સમાંતર ધોરણે ચાલે એ પણ એટલી જ જરૂરી છે.

કચ્છના હાલના મંત્રી શ્રી, ભૂતપૂર્વ મંત્રીશ્રીઓ, સત્તાપક્ષના હાલના ધારાસભ્યશ્રીઓ તથા ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિરોધ પક્ષના હાલના અને ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ, હાલના તથા ભૂતપૂર્વ સંસદ સભ્યશ્રીઓ તથા રાજકીય તેમજ સામાજિક આગેવાનશ્રીઓને અપીલ કરવામાં આવે છે કે તેઓ કચ્છને ફાળવાયેલ વધારાના પાણીનો પ્રશ્ન પાણી પુરવઠા મંત્રીશ્રી, જળ મંત્રાલય તથા જળ સિંચાઈ વિભાગ સાથે ચર્ચા કરી, તે અંગેના આયોજનો સત્વરે કરાવડાવે અને નર્મદા નિગમના કાર્યો સાથે સમન્વય સાધી જળસિંચાઈ વિભાગ પણ પોતાના ભાગે આવતા કાર્યો સત્વરે શરૂ કરી દે તેવા પ્રયાસો આદરે.

જળસિંચાઈ વિભાગે વધારાના પાણીના વ્યવસ્થિત અને યોગ્ય આયોજનો માટે પ્રથમ તો કચ્છમાં ઠેર ઠેર ફિલ્ડ સર્વે કરાવવું જોઈએ અને એ માટે બહારની કોઈ કન્સલ્ટિંગ કંપનીને સર્વે, આયોજન તથા એસ્ટિમેટ તૈયાર કરવાનું કામ સુપરત કરવું જોઈએ. આ કન્સલ્ટિંગ કંપનીની કાર્યવાહી અંદાજિત રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની અંદાજવામાં આવેલ છે.

જળસિંગાઈ વિભાગે રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની મંજૂરીની ફાઈલ જળ મંત્રાલય (સરકારશ્રી) પર મોકલી આપેલ. જળસિંચાઈ વિભાગ એટલે ગાંધીનગરના સચિવાલય કેમ્પસનું બિલ્ડિંગ નં.-૯ અને જળ મંત્રાલય (સરકારશ્રી) એટલે એ જ કેમ્પસનું બિલ્ડિંગ નં.-૧. બંને બિલ્ડિંગ વચ્ચે કદાચ ૫૦૦ મીટરનું અંતર હશે. આ ૫૦૦ મીટરના અંતરને કાપીને આ ફાઈલને પરત આવતા ૩ વર્ષ લાગી ગયા અને એ પણ કચ્છની પ્રજાના ભયંકર હોબાળા અને ઉધામા પછી.

પરંતુ ફાઈલમાં જળ મંત્રાલયે રિમાર્ક મૂકેલ કે જળસિંચાઈ વિભાગ આ ટેન્ડર તૈયાર કરી, તેની મંજૂરી અર્થે ફરી જળમંત્રાલય (એટલે કે જળસિંચાઈ મંત્રી શ્રી નીતિન પટેલ એમ વાંચવું) પર મોકલી આપવું. આ પ્રકારની નોંધનો કદાચ આ પ્રથમ દાખલો હશે! આ અગાઉ ક્યારેય પણ આટલી પાબંદીવાળી મંજૂરી આપવામાં આવેલ નથી. જળસિંચાઈ મંત્રાલયનો આ પાછળ શું ઉદ્દેશ હશે તે કોઈ પણ કચ્છી સ્વાભાવિકપણે કલ્પી શકે તેમ છે!

જળસિંચાઈ વિભાગના અધિકારીશ્રીઓ લાચાર હતા. તેઓએ તો તરતમાં જ ટેન્ડર તૈયાર કરીને મંત્રાલયમાં એ ફાઈલ મોકલી આપી. આ હકીકતને આજે ૧૦ માસ જેટલો સમય પસાર થઈ ગયો. હજુ સુધી જળસિંચાઈ મંત્રાલયને એ ટેન્ડરનો અભ્યાસ કરી, તેને મંજૂર કરી, ફરી એ ફાઈલ જળસિંચાઈ વિભાગ પર મોકલી આપવા સમય મળેલ નથી!

રસ્તે ચાલતાં બળદ ગાડું ઊભું રહી જાય તો ચાબુક બળદને મરાય, ગાડાને નહિ.

માની લો કે ટેન્ડર સરકારશ્રીના મંત્રાલયમાંથી મંજૂર થઈને પરત આવે, ત્યારબાદ એ ટેન્ડરની નોટિસ જળસિંચાઈ વિભાગ તરફથી પ્રસારિત કરવામાં આવે, વિવિધ તજજ્ઞ કંપનીઓ તે ટેન્ડર મંગાવી, તેને ભરી, પરત મોકલી આપે. ત્યારબાદ તેને ચકાસવામાં આવે, ટેન્ડર ભરનાર તજજ્ઞ કંપની સાથે વાટાઘાટો કરવામાં આવે અને કોઈ યોગ્ય કન્સલ્ટિંગ તજજ્ઞ કંપનીને કામ સુપરત કરવામાં આવે, તેને સહેજે ૪ મહિના જેટલો સમયગાળો લાગે. ત્યારબાદ કન્સલ્ટિંગ કંપની સમગ્ર કચ્છમાં ફરી ફિલ્ડ સર્વે કરે અને ત્યારબાદ યોગ્ય યોજના બનાવી, તેના એસ્ટિમેટ સાથે જળસિંચાઈ વિભાગને સુપરત કરે. આ પ્રક્રિયામાં ૮ થી ૧૨ મહિનાનો સમય સહેજે પસાર થઈ જાય. કન્સલ્ટિંગ કંપનીની યોજના અને એસ્ટિમેટને મંજૂરી આપતાં જળસિંચાઈ વિભાગને સહેજે બે મહિના લાગી જાય. ત્યારબાદ આયોજન મુજબના વિવિધ કામોની કાર્યવાહી કરવાના ટેન્ડરો વિવિધ કોન્ટ્રાક્ટરોને આપવામાં આવે. અંદાજિત રૂા. ૩૫૦૦ કરોડની કિંમતના આ કામો થઈ શકે. બધા જ કામો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરતાં સ્વાભાવિકપણે ૪-૬ મહિનાનો સમયગાળો પસાર થઈ જાય અને ત્યારબાદ જ આ વિભાગના કામો શરૂ થઈ શકે. મતલબ એ કે જળસિંચાઈ વિભાગ આજથી આ પ્રક્રિયા શરૂ કરે તો તેને કામો શરૂ કરાવતા સહેજે બે વર્ષનો સમયગાળો તો જોઈએ જ. અન્ય તરફ 'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ' કચ્છ બ્રાંચ કેનાલના કામો આવતા બે મહિનામાં શરૂ કરાવી શકે તેવી પરિસ્થિતિમાં તો આવીજ ગયેલ છે. સરદાર સરોવર નર્મદા નિગમ આવતા બે કે અઢી વર્ષમાં એટલે કે ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કામો પૂરા કરાવવાની ગણના રાખે છે.

• સંપૂર્ણ બીના પાછળની યોગ્ય જાણકારી :

આ સંપૂર્ણ બીના પાછળની યોગ્ય જાણકારી નીચે મુજબની કરી શકાય.

'કચ્છ બ્રાંચ કેનાલ' જ્યાંથી શરૂ થાય છે તે હમીરપર ગામ પાસે કેનાલની કેપેસિટી ૨૨૦ ક્યુમેક્સની રાખવામાં આવેલ છે. આ કેનાલની તેની લંબાઈના પ્રથમ ૮૨ કિલોમીટર બનાસકાંઠામાંથી પસાર થાય છે. બનાસકાંઠાના ૮૨ કિ.મી.ના વિસ્તારમાં તેના ભાગે આવતા પાણીના વપરાશ બાદ આ કેનાલ જે સ્થળે કચ્છમાં દાખલ થાય છે ત્યાંથી તેની કેપેસિટી ૧૭૦ ક્યુમેક્સ જેટલી રાખવામાં આવેલ છે. કેનાલ જેમ જેમ કચ્છના પ્રદેશોમાં આગળ વધતી જાય તેમ તેમ આજુબાજુના લાભાર્થી પ્રદેશોમાં પાણીનો વપરાશ થતા કેનાલની સાઈઝ નાની થતી જાય. જરૂરત કરતા મોટી સાઈઝની કેનાલ રાખવામાં આવતી નથી.

સરદાર સરોવર નર્મદા નિગમના ટેક્નિકલ વિભાગે જળસિંચાઈ વિભાગ પાસેથી જાણવા માગ્યું કે જળસિંચાઈ વિભાગ, કચ્છ બ્રાંચ કેનાલમાંથી કયા સ્થળેથી કેટલું પાણી પોતાની કેનાલોમાં વહાવવા લઈ જશે કે જેથી કચ્છ બ્રાંચ કેનાલમાં જે તે સ્થળે નર્મદા નિગમ દ્વારા આઉટલેટ મૂકી શકાય અને પોતાની આગળની કેનાલ જરૂરિયાત મુજબ નાની બનાવી શકાય.

કોઈ પણ જાતના આયોજનો તૈયાર ન હોવાથી જળસિંચાઈ વિભાગે આ પ્રશ્નનો શું જવાબ આપેલ હશે તે કોઈ પણ વ્યક્તિ કલ્પી શકે છે. જળસિંચાઈ વિભાગના આયોજનની વિગત જાણ્યા વગર નર્મદા નિગમ કચ્છની કેનાલો કઈ સાઈઝની બનાવશે અને જળસિંચાઈ વિભાગ માટે કયા સ્થળે, કઈ કેપેસિટીના આઉટલેટ મૂકશે?

પરિણામ એ આવશે કે સરદાર સરોવર નર્મદા નિગમની ગમે તેટલી ઈચ્છા અને તૈયારી હશે તો પણ કચ્છની કેનાલો બાંધી શકશે નહીં. જળસિંચાઈ વિભાગ નર્મદા નિગમ સાથે તાલમેલ નહીં સાધે તો નર્મદા નિગમે પણ કચ્છના કામો પર રોક લાવી દેવો પડશે. કચ્છના પ્રજાકીય પ્રતિનિધિઓ પણ લાચાર બનીને પરિસ્થિતિ નિહાળ્યા કરશે. તેમની પાસે પણ કોઈ સુલઝાવ રહેશે નહીં.

કચ્છનું હિત જોનાર એકે એક કચ્છના જાગૃત નાગરિકની અથવા તો એકે એક કચ્છના આગેવાનશ્રીની ફરજ થઈ પડે છે કે તેઓ જળસિંચાઈ મંત્રાલય પાસે દરમિયાનગીરી કરી, જળસિંચાઈ વિભાગના કાર્યો પણ નર્મદા નિગમના કાર્યો સાથે તાલમેલ મેળવી શરૂ કરાવડાવે. જળસિંચાઈ મંત્રાલયની કોઈ મેલી મુરાદ હોય તો તે બર ન આવવા દે! જરૂર જણાય તો આ બાબતે મુખ્ય મંત્રીશ્રીનો સંપર્ક સાધવો પણ જરૂરી બની શકે છે!

કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણીથી લગભગ ૧,૧૨,૦૦૦ હેક્ટરમાં અને વધારાના પાણીથી લગભગ ૩ લાખ હેક્ટરમાં ચોમાસુ સીઝનનો એક પાક લઈ શકાય તેવું વિચારાયેલ છે. ટોટલ ૪ લાખ હેક્ટર એટલે કે લગભગ ૧૦ લાખ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે. અગર આ પાણી કચ્છની પ્રજા સ્વૈચ્છિકપણે ડ્રીપ ઈરિગેશન પદ્ધતિથી (જે તેના હિતમાં છે) વાપરે તો લગભગ ડબલ એટલે કે ૨૦ લાખ એકર જમીન પર એક પાક લઈ શકાય.

કચ્છની પ્રજાએ તો જાગૃત બનીને "સરદાર સરોવર નર્મદા નિગમ" પાસેથી નિયમિત પાણીના કાર્યો શરૂ કરાવ્યા પરંતુ હવે તે જળસિંચાઈ વિભાગ અને જળ મંત્રાલય વિભાગ પાસેથી વધારાના પાણી માટેના કાર્યો શરૂ કરાવી શકે તો જ આવતા દિવસ કચ્છ માટે સોનેરી સાબિત થઈ શકશે. ■

દીપકની વાટમાં જ્યારે જ્યોતિ જલે છે ત્યારે તે જ્યોત
કોડિયું સોનાનું છે કે માટીનું તે જોવા માટે નીચી નજર નથી કરતી.

TEJ WALA

નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ સિંચાઈ માટેના પાણીની કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિ અને પરિસ્થિતિ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૦નો લેખ)

'કચ્છ બ્રાંચ કેનાલ'ના કાર્યોમાં ગતિવિધિ આવેલ છે. છેલ્લા બે મહિનામાં તેનાં કામોને લગતા સારા એવા પ્રમાણમાં ટેન્ડરો 'નર્મદા નિગમ' દ્વારા બહાર પાડવામાં આવેલ છે. તેની આંકડાકીય માહિતી જાણવી કોઈ પણ અભ્યાસપ્રદ કચ્છીને ગમશે, એ ગણનાએ અત્રે એ વિગતો પ્રસ્તુત છે.

સાંકળ – કિ.મી.	લંબાઈ – કિ.મી.	અંદાજિત કિંમત	કામની પરિસ્થિતિ
૦.૦૦ થી ૨૦.૦૧	૨૦.૦૧	રૂા. ૫૮.૧૬ કરોડ	• વર્ષ ૨૦૦૫માં સદ્‌ભાવ એન્જિનિયર્સ - અમદાવાદને આપવામાં આવેલ કામ વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થયેલ છે.
૨૦.૦૧ થી ૩૨.૯૭	૧૨.૯૬	રૂા. ૪૪.૨૦ કરોડ	• વર્ષ ૨૦૦૫માં મે. બી.એ. પટેલ - અમદાવાદને આપવામાં આવેલ કામ વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થયેલ છે.
૩૨.૯૭ થી ૪૫.૦૦	૧૨.૦૩	રૂા. ૪૩.૦૨ કરોડ	• વર્ષ ૨૦૦૫માં મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોરને આપવામાં આવેલ કામ બાકી છે. • રિ-ટેન્ડરિંગની વિધિ ચાલુ છે. કામ પૂરા થયેલ નથી.
૪૫.૦૦ થી ૫૪.૯૦	૯.૯૦	રૂા. ૨૭૭.૯૭ કરોડ	• તા. ૨૭-૬-૨૦૧૦ના ટેન્ડર બહાર પડેલ છે. • કોઈ યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી. • ટેક્નિકલ કારણોથી કિંમત વધુ આવે છે.
૫૪.૯૦ થી ૬૫.૦૦	૧૦.૧૦	રૂા. ૩૨.૦૦ કરોડ	• વર્ષ ૨૦૦૫માં કેતન કન્સ્ટ્રક્શન - અમદાવાદને આપવામાં આવેલ કામ અધૂરું છે.
૬૫.૦૦ થી ૮૨.૩૦	૧૭.૩૦	રૂા. ૨૩૭.૦૦ કરોડ	• તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. • યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી. • ટેક્નિકલ કારણોસર કિંમત વધુ આવે છે. • બનાસકાંઠાની હદ અહીં પૂરી થાય છે.
૮૨.૩૦ થી ૧૧૨.૫૦	૩૦.૨૦	રૂા. ૪૩૪.૭૧ કરોડ	• તા. ૨૦-૬-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. • યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી. • ટેક્નિકલ કારણસર કિંમત વધુ આવે છે. • ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે સાથેનું ટેન્ડર હશે. • ૮૨.૩૦ કિ.મી.થી આ કેનાલ કચ્છ (રણ વિસ્તાર)માં પ્રવેશે છે.
૧૧૨.૫૦ થી ૧૨૨.૨૧૯	૯.૭૧૯	રૂા. ૩૨.૯૧ કરોડ	• વર્ષ ૨૦૦૫માં મે. મોન્ટે કાર્લો - અમદાવાદને આપવામાં આવેલ કામ બાકી છે. • રિ-ટેન્ડરિંગથી અન્યને કામ અપાશે. • કામો પૂરા થયેલ નથી.
૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯	૧૧.૩૦૦	રૂા. ૪૦.૨૩ કરોડ	• વર્ષ ૨૦૦૫માં મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોરને આપવામાં આવેલ કામ બાકી છે. • રિ-ટેન્ડરિંગની વિધિ ચાલુ છે. કામ પૂરા થયેલ નથી.

સાવધ રહો, નહિતર વધ થઈ જશે.

૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭	૫૬.૪૫૧	રૂા. ૩૭૫.૭૪ કરોડ	• તા. ૨૭-૬-૨૦૧૦ ટેન્ડર બહાર પડેલ છે. • યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી છે.
૧૮૯.૯૭ થી ૨૭૩.૦૦	૮૩.૦૩૦	રૂા. ૩૬૦.૦૦ કરોડ	• તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. • યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી છે.
ટોટલ	*૨૭૩.૦૦*	*રૂા.૨૪૫૧.૭૪ કરોડ*	
૨૭૩.૦૦ થી ૩૬૦.૦૦	૮૭.૦૦	રૂા. ૩૮૮.૦૦ કરોડ	• ટેન્ડરો બહાર પાડવાના બાકી છે. • ફિલ્ડ સર્વે કરાયેલ ન હોવાથી ટેન્ડરો બહાર પડી શકેલ નથી.
ટોટલ	*૩૬૦.૦૦*	*રૂા.૨૮૩૯.૭૪ કરોડ*	

નોંધ : રૂા. ૨૮૩૯.૭૪ કરોડની કિંમતના અને ૩૬૦.૦૦ કિ.મી. લંબાઈમાંથી રૂા. ૨૪૫૧.૭૪ કરોડની કિંમતના અને ૨૭૩.૦૦ કિ.મી. લંબાઈની કેનાલના કામોના ટેન્ડર બહાર પડી ગયેલ છે અથવા તે કામો પ્રગતિમાં છે. જ્યારે રૂા. ૩૮૮.૦૦ કરોડની કિંમતના અને ૮૭.૦૦ કિ.મી. (ગુંદાલાથી માંડવી)ની લંબાઈના કામોના ટેન્ડર બહાર પાડવાના બાકી છે.

	અંદાજિત કિંમત	**કામની પરિસ્થિતિ**
<u>પમ્પિંગ સ્ટેશન</u>		
• ૧૦૦.૯૭કિ.મી. સાંકળ પર	રૂા. ૧૮૭.૩૦ કરોડ	તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
• ૧૧૧.૭૫કિ.મી. સાંકળ પર	રૂા. ૧૮૭.૩૦ કરોડ	તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
• ૧૮૯.૯૭કિ.મી. સાંકળ પર	રૂા. ૧૪૧.૨૦ કરોડ	તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
	રૂા. ૫૧૫.૮૦ કરોડ	
<u>પાવર સ્ટેશન</u>		
• ૧૦૦.૯૭કિ.મી. સાંકળ પર	રૂા. ૧૦૦.૦૦ કરોડ (અંદાજિત)	ટેન્ડર બહાર પાડવાના બાકી
• ૧૧૧.૭૫કિ.મી. સાંકળ પર	રૂા. ૧૦૦.૦૦ કરોડ (અંદાજિત)	ટેન્ડર બહાર પાડવાના બાકી
• ૧૮૯.૯૭કિ.મી. સાંકળ પર	રૂા. ૧૦૦.૦૦ કરોડ (અંદાજિત)	ટેન્ડર બહાર પાડવાના બાકી
	રૂા. ૩૦૦.૦૦ કરોડ	

<u>ડિસ્ટ્રિબ્યૂટરી, સબ બ્રાંચ કેનાલ વગેરે</u> :

• ૧૧૨.૫થી ૧૮૯.૯૭૭ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ વગેરેના કામો	રૂા. ૧૬૮.૬૪ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• ૧૮૯.૯૭૭થી ૨૭૩.૦૦ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ વગેરેના કામો	રૂા. ૧૫૮.૦૦ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• ૨૭૩.૦૦થી ૩૬૦.૦૦ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ વગેરેના કામો	રૂા. ૧૫૬.૦૦ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• ગાગોદર સબ બ્રાંચ કેનાલના કામો સાંકળ ૧૧૩.૭ કિ.મી.થી શરૂ થતી	રૂા. ૧૨૮.૦૦ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી

સજ્જન માણસ સિંહથી નથી ડરતો પરંતુ શરાબથી ડરે છે.

• ગાગોદર સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે કેનાલોના કામો	રૂા. ૧૨૮.૫૬ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• વાંઢિયા સબ બ્રાંચ કેનાલના કામો સાંકળ ૧૮૮.૦૪૯ કિ.મી.થી શરૂ થતી	રૂા. ૩૦.૦૦ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• વાંઢિયા સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે કેનાલોના કામો	રૂા. ૫૧.૬૨ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• દૂધઈ સબ બ્રાંચ કેનાલના કામો – સાંકળ ૧૯૨.૦૮ કિ.મી.થી શરૂ થતી	રૂા. ૭૫.૦૦ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
• દૂધઈ સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે કેનાલોના કામો	રૂા. ૧૮.૯૧ કરોડ	ટેન્ડર બહાર પાડવાના બાકી
	રૂા. ૯૧૪.૭૩ કરોડ	

નોંધ : કચ્છ બ્રાંચ કેનાલની સમગ્રતયા વાત કરીએ તો અંદાજિત રૂા. ૩૦૦૦ કરોડની કિંમતના કામોના ટેન્ડર બહાર પડી ગયેલ છે જ્યારે અંદાજિત રૂા. ૧૫૦૦ કરોડની કિંમતના ટેન્ડરો હજુ બહાર પાડવાના બાકી રહે છે. એટલે કે અંદાજિત ૨/૩ ની કિંમતના ટેન્ડરો બહાર પડી ગયેલ છે, જ્યારે ૧/૩ જેટલી કિંમતના ટેન્ડરો બહાર પાડવાના બાકી રહે છે. ■

વડનગરનો વડો! ગુજરાતનો ઘડવૈયો!

અમદાવાદથી લગભગ ૧૧૨ કિલોમીટર અને ઉત્તર ગુજરાતના મહેસાણાથી માત્ર ૩૪ કિ.મી. દૂર વડનગર નામનું અને પૌરાણિક - ઐતિહાસિક નગર.

વડનગરની શાળામાં એક છોકરો ભણે.

છોકરો ખુલ્લા દિલનો સ્પષ્ટ વક્તા. નીડર અને દલીલ કરવાની આગવી કળા. નામ એનું નરેન્દ્ર!

આગવી સૂઝ અને ચતુરાઈ.

એક વાર ચાર-પાંચ છોકરાઓએ એક નિર્દોષ અને ગરીબ છોકરાને ઝૂડી નાખ્યો. વગર વાંકે માર્યો.

નરેન્દ્રએ આ દૃશ્ય જોયું. પરંતુ વચ્ચે પડાય તેમ નહોતું, કારણકે પેલા ચાર-પાંચ છોકરા બળવાન અને ભારે તોફાની હતા.

નરેન્દ્રએ બુદ્ધિપૂર્વક કામ કર્યું. એણે ખિસ્સામાંથી ઈન્ડીપેન કાઢી અને પેલા છોકરાઓના ખમીસ પર ઝડપથી શાહી ફેંકી!

હેડમાસ્તરે મારામારીની તપાસ કરી. કોઈ સાચું બોલ્યું નહિ. ડરને કારણે બધા છોકરા મૌન બની ગયા. પરંતુ નરેન્દ્ર ઊભો થયો અને મક્કમતાથી કહી દીધું : 'સર, જે છોકરાઓએ મારામારી કરી છે તેમના ખમીસ પર શાહીના છાંટા છે.'

– અને દાદાગીરી કરનાર પકડાઈ ગયા!

એ છોકરો એટલે ગૌરવવંતા ગુજરાતને વિશ્વફલક પર મૂકવાના સંનિષ્ઠ પ્રયત્ન કરનાર આપણા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી! નરેન્દ્ર મોદી વડનગરનો વડો જ નહિ, ગુજરાતનો પણ વડો!

બોધ વાક્યો :

- અન્યાયનો સામનો કરવો એ જ ખરી મર્દાનગી ગણાય.
- બુધ્ધિપૂર્વક કાર્ય કરનારને સફળતા મળે.
- અન્યનું દુઃખ જોઈને આપણું હૃદય સંવેદનશીલ બનવું જોઈએ.
- સત્ય માટે સહન કરવાની તૈયારી રાખવી જોઈએ.
- નીડરતા, આગવી સૂઝ અને મક્કમતાના ગુણો ગ્રહણ કરો.

"સફળતાના સ્વાતિબિંદુ"માંથી

"આરોપીએ કાંકરિયા ઝૂ ના માણસખાઉ મગરના ખાડામાં એમની સાસુને ધક્કો મારી ફેંકવાનો ગુનો કબૂલ કર્યો છે. ઝૂમાં મુલાકાતીઓને જાનવરોને ખોરાક નાખવાની મનાઈ હોવા છતાં આવું કરવા બદલ આરોપીને દસ રૂપિયા દંડ કરવામાં આવે છે."

"બિરજુદાદા, જિંદગી આખી અહીં કાઢવાની સજા ભોગવવાની છે. પણ કોઈ તમને મળવા આવતું નથી. સગાવહાલાં દોસ્તોમાં કોઈ નથી?"

"વૉર્ડન સાહેબ, ઘણાબધાં છે અને એ બધા અહીં જ છે."

ભલે મોટા બંગલામાં વસો પરંતુ સમજણ વિના વસવસો નહિ મટે.

કચ્છમાં ડિસેલિનેશન પ્લાન્ટ

• લાહિરી શાહ •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૦નો લેખ)

ભૂ-વિસ્તારના હિસાબે ગુજરાત રાજ્યનો સહુથી મોટો જિલ્લો કચ્છ, અપૂરતા અને અનિયમિત વરસાદથી પીડાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી સંતોષકારક વરસાદ થયો હોતાં, અછત કે અર્ધઅછતની વિકટ પરિસ્થિતિ સર્જાઈ નથી. અસલમાં કચ્છ ખેતી અને પશુપાલન પર નભતો પ્રદેશ હતો. પીવાલાયક શુદ્ધ-સ્વચ્છ પાણીની ઘણા વિસ્તારોમાં અછત વર્તાતી રહી છે. ખાસ કરીને પશ્ચિમે કચ્છના છેવાડાના લખપત અને અબડાસા તાલુકાના ગામોમાં પીવાના પાણીની તંગી નિવારવા, કચ્છમાં ૧૦૦ કરોડની લાગતે ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવાની જાહેરાત ઓક્ટોબર ૧૯૯૯માં તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે કરી હતી. પ્રસંગ હતો, લખપત તાલુકાના નાની છેર ગામે, કોરી ક્રીકના કાંઠા પર રૂા. ૧૩૮૦ કરોડના ખર્ચે સ્થપાનારા લિગ્નાઈટ આધારિત વીજ મથકના ભૂમિપૂજનનો. પણ માનનીય કેશુભાઈ કચ્છથી ગયા કે આ વાત જ ભુલાઈ ગઈ! મારા જેવા કચ્છ પ્રેમીઓએ અનેકવાર આ બાબતની યાદ ગુજરાત સરકારને અપાવી પણ વ્યર્થ. રાત ગઈ ને વાત ગઈ નું ઉત્કૃષ્ટ ઉદાહરણ. મારા ખ્યાલથી આ ભૂમિપૂજન પ્રસંગે માંડવીના સુરેશ મહેતા, (જે બાદમાં ટૂંકી મુદત માટે ગુજરાતના મુખ્યમંત્રી પણ બનેલા) પણ ઉપસ્થિત હતા. એમણે પણ જાહેરાત કર્યા પ્રમાણેનો ડિસેલિનેશન પ્લાંટ કચ્છમાં સ્થાપાય તે માટે કોઈ પ્રયાસ કર્યો હોવાની જાણ નથી.

જાન્યુઆરી ૨૦૦૧માં મહાવિનાશક ભૂકંપના કારણે કચ્છમાં ભયંકર તારાજી સર્જાઈ. કચ્છના પુનરુત્થાન માટે ગુજરાત સરકારે ખેતી અને પશુપાલનને પ્રોત્સાહિત કરવાને બદલે કચ્છમાં ઉદ્યોગોને આવકારવાની નીતિ અપનાવી. કચ્છમાં જમીન તો પુષ્કળ ઉપલબ્ધ હતી જ. કચ્છની ધરતીમાં અનેક ખનીજો ધરબાયેલા પડ્યા હતા. **કચ્છમાં કાર્યરત અન્ય ઉદ્યોગોને કેન્દ્ર સરકારે આયકર અને એક્સાઇઝ ડ્યુટીમાંથી રાહત આપી. તો ગુજરાત સરકારે ઉદ્યોગોને સેલ્સ ટેક્ષમાંથી મુક્તિ આપી.** આ રાહતોનો લાભ ખાટવા ઘણા 'બારાતુ' (બિન કચ્છી) ઉદ્યોગપતિઓએ કચ્છમાં ઉદ્યોગો સ્થાપ્યા. ઉદ્યોગોને પાણી, વીજળી અને સારા રસ્તા વગર ન ચાલે. કચ્છમાં ઘણા વિસ્તારોમાં પાણીની તીવ્ર તંગી હતી (આજે પણ છે) સરદાર સરોવર બંધને કારણે, ગુજરાતને ઉપલબ્ધ થયેલ 9 MAF પાણીની ફાળવણી, પાણીની સહુથી વધુ જરૂરિયાત વાળા કચ્છને, અતિ અલ્પ માત્રામાં જ પાણી ફાળવાયું હતું. મારી સમજ અને જાણકારી પ્રમાણે ૧૯૭૯માં નર્મદાના નીરની ફાળવણી વખતે કેશુભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી હતા. નર્મદાના નીરની કચ્છને થયેલ ફાળવણીમાં બુચ સમિતિએ ૨૦૦૦માં થોડો વધારો કરી આપ્યો હતો. આ સુધારા અન્વયે કચ્છમાં કાર્યરત ઉદ્યોગો માટે ફક્ત ૦.૦૫ MAF પાણી આવવાની દરખાસ્ત હતી કારણકે ત્યારે કચ્છમાં ખાસ કોઈ ઉદ્યોગો હતા જ નહીં. પણ ૨૦૦૧ના ભૂકંપ બાદ પરિસ્થિતિમાં બદલાવ આવ્યો. કરવેરામાં અપાયેલી ભારે અને આકર્ષક છૂટછાટોને કારણે અનેકવિધ ઉદ્યોગોએ કચ્છમાં પદાર્પણ કર્યું. શરૂઆતમાં આ બધા ઉદ્યોગો પોતાની પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે પોતે 'બોર' બનાવી લેતા અથવા તો નજીકના બોર-ધારકો પાસેથી પાણી વેચાતું લઈ લેતા. પણ વધતા ઉદ્યોગોની વધતી જરૂરિયાતના કારણે ખૂબ જ મોટી માત્રામાં ઉલેચાતા ભૂગર્ભ જળના કારણે વિકટ પરિસ્થિતિ સર્જાશે તેવા એંધાણ સ્પષ્ટ થવા માંડ્યા. પરિણામે ઉદ્યોગોની પાણીની જરૂરિયાતને અંશતઃપણે પહોંચી વળવા G.I.D.B. (ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલેપ બોર્ડે) કચ્છમાં ₹૦૦/૭૦૦ કરોડની લાગતે એક ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવાનો નિર્ણય જાહેર કર્યો અને તેના માટે વૈશ્વિક કક્ષાના ટેન્ડર બહાર પાડવાનું નક્કી કર્યું. ત્યારે આ પ્રોજેક્ટની બહુ મોટા ઉપાડે જાહેરાત કરાઈ. કચ્છના ઉદ્યોગોના કમનસીબે આ પ્રોજેક્ટમાં કાંઈ પ્રગતિ થઈ નહીં અને કચ્છમાં કાર્યરત થયેલા ઉદ્યોગોએ કચ્છમાં મળતા-પેયજળ તરીકે નર્મદાના પાણીમાંથી મળી શકે તેટલું વધુ પાણી મેળવવા માંડ્યું. સાથે જ, યેનકેન પ્રકારેણ ભૂગર્ભ જળ પણ ઉલેચાતું રહ્યું.

હવે કચ્છમાં વિકસતા ઉદ્યોગોની પાણીની જરૂરિયાત પૂરી કરવાના સરકારના પ્રયાસોમાં રસપ્રદ વળાંક આવ્યો છે. **ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ, ખાનગી ઉદ્યોગ ગૃહ સાથે PPP (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ)ના ધોરણે ૧૦૦૦ કરોડની લાગતવાળો ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવા ઇચ્છુક છે.** કચ્છમાં કાર્યરત ૧૧ જેટલા ઉદ્યોગ ગૃહોએ 'કચ્છ વોટર ડિસ્ટ્રિબ્યુશન (KWD)ની સ્થાપના કરી છે. જેમાંથી 'વેલસ્પન' કંપનીએ, ઉદ્યોગોને રૂા. ૪૫ ના ભાવે ૧૦૦૦ લિટર પાણી પૂરું પાડવાની બીડ કરતાં, સરકારે આ કંપનીની ઓફર સ્વીકારી હોવાનો અહેવાલ છે. જો કે આ યોજના માટે સરકારના કેટલા વિભાગોમાંથી કેવા પ્રકારની મંજૂરી-ગ્રીન સિગ્નલની જરૂર રહેશે, તે સ્પષ્ટ નથી. આ મહત્વાકાંક્ષી પ્લાંટ માંડવી અને મુંદ્રા વચ્ચે સ્થાપાય એવી સંભાવના છે. એટલે તેનો મહત્તમ લાભ અદાણી અને તાતાના મેગા પાવર પ્રોજેક્ટ્સ (આયાતી કોલસા આધારિત) ને મળે તેવી શક્યતા નકારી ન શકાય. આ પ્રોજેક્ટને કાર્યરત કરવાની કામગીરી G.I.D.B. ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ટર ડેવલપમેન્ટ બોર્ડ સંભાળશે મતલબ જી.આઈ.ડી.બી. નોડલ એજન્સીની જવાબદારી નિભાવશે.

ડિસેલિનેશનનો આ મેગા પ્રોજેક્ટ તબક્કાવાર શરૂ કરાશે. પ્રાથમિક સ્ટેજમાં 50 MLD અર્થાત ૫૦૦ લાખ લિટર પાણીનું

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૭૨ ઉપર)

એકબીજા સામે જોઈ રહેવું તે પ્રેમ નથી પરંતુ બંનેએ એક જ દિશામાં જોવું તે સાચો પ્રેમ છે.

આપણી જળસમસ્યા નિવારવાના અગ્રીમ ઉપાયો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

(મંગલ મંદિર, ઓક્ટોબર - ૨૦૧૦નો લેખ)

આજે સમગ્ર વિશ્વમાં પીવાના પાણીની સમસ્યાએ માથું ઊંચક્યું છે. પાણીની અછત સમયે જ 'જળ એ જીવન છે' એ સૂત્ર સમજવામાં આવે. પૃથ્વીનો ૭૧ ટકા ભાગ પાણીથી ભરાયેલો છે જેમાં મહદ્ અંશે સમુદ્રો છે. ૨૯ ટકા ભાગમાં જમીન છે. જેમાં જંગલો, ખડકો, પર્વતો સાથે વસવાટ માટે અને ખેતી અને ઉદ્યોગ માટે તથા રેલ રસ્તા માટે જમીન છે. પૃથ્વીના માત્ર એક ટકા ભાગમાં નદીઓ, તળાવો, સરોવરો અને કૂવાઓમાં પેય જળ છે.

છેલ્લા લગભગ ચાર પાંચ દાયકાથી જે નાની મોટી નદીઓમાં વહેતા પાણી અને ઝરણાઓનું સાતત્ય હતું તે લગભગ બંધ થઈ ગયું છે. ગ્લોબલ વોર્મિંગને આ માટે જવાબદાર માનવામાં આવે છે. પાંચ દાયકા પહેલાં સ્નાન કરવા, વાસણ સાફ કરવા અને કપડાં ધોવા માટે સરેરાશ ૧૫ લીટર પાણીનો ઉપયોગ થતો. **પરંતુ આજે માત્ર કપડાં ધોવા અને સ્નાન ક્રિયા માટે સરેરાશ દૈનિક પચાસથી પંચોતેર લીટર જેટલું પાણી વપરાય છે.** વિશ્વના વિકાસશીલ દેશોની લગભગ બાર કરોડ વ્યક્તિઓને પીવાનું સ્વચ્છ પાણી પ્રાપ્ત થતું નથી. શુદ્ધ પીવાના પાણીની મોજણી મુજબ ઈ.સ. ૧૯૯૧ના આંકડા અન્વયે શુદ્ધ પીવાના પાણીની પ્રાપ્તિના ક્રમમાં આ દેશોમાં ભારતનો ૪૨મો ક્રમ છે. માત્ર દિલ્હીમાં પ્રતિદિન ૧૧૦૦ કરોડ ગેલન પીવાના પાણીની માંગ છે. જેમાંથી ૮૦૦ કરોડ ગેલનની માંગ સંતોષાય છે.

ભારતમાં પેયજળની વિકટ સમસ્યા ઉદ્ભવવાના કારણોમાં દેશની વધતી જનસંખ્યા, શહેરી વિસ્તારોનો વધતો વ્યાપ, જળ વ્યવસ્થાપનની ખામી, ભૂગર્ભ જળ વપરાશ, વૃક્ષો તથા વનોનો વિનાશ, વધતા જતા ઔદ્યોગિક એકમોનો જળ વપરાશ આદિ સમાવિષ્ટ છે.જ્યાં જ્યાં ફેક્ટરીઓ કે ઔદ્યોગિક એકમો આવેલા છે ત્યાં, તેના ૫૦ મીટરમાં પ્રદૂષિત પાણી નીકળે છે. એક અહેવાલ મુજબ ઓછા વરસાદી વિસ્તારો કે ઓછા વરસાદને કારણે લોકોને ફલોરાઈડવાળું પાણી પીવું પડે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પીવાલાયક પાણી માટે ટી.ડી.એસ.નું પ્રમાણ નક્કી કર્યું છે, જે લગભગ ૬૦૦થી ૧૨૦૦ વચ્ચે હોવું જોઈએ. **જો ટી.ડી.એસ. ૧૨૦૦થી વધું હોય તો શરીરને હાનિ પહોંચાડે છે. વરસાદના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ ૬૦૦ હોય છે.**

ભૂગર્ભમાંથી જળ ખેંચવામાં ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, કર્ણાટક, તામિલનાડુ અને આંધ્રપ્રદેશ અગ્ર સ્થાને રહ્યા છે. પરિણામે ભૂગર્ભ જળસ્તર નીચા ગયા છે. નવમી પંચવર્ષીય યોજના સુધી આપણી તમામ યોજનાઓમાં આપણી જળરાશિ વધારવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. આઠમી યોજનામાં આ માટે કેન્દ્રશાસિત પ્રદેશો માટે રૂા. ૧૦,૯૬૬.૭૪ કરોડ જેવી ધનરાશિનું આયોજન કરવામાં આવ્યું.

પાણીના પ્રશ્નને નિવારવા રાષ્ટ્રીય પેયજળ પંચ, રાજીવ ગાંધી પેયજળ મિશન, રાષ્ટ્રીય જળ વ્યવસ્થાપન જેવા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. પેયજળની વિકટ સમસ્યા નિવારવા હવે તો આપણે સહુએ સહિયારા પ્રયત્નો કરવા એ જ ઉત્તમ માર્ગ છે. સૌપ્રથમ તો વસતિ વધારાનું નિયંત્રણ કરવા પરિવાર નિયોજનના કાર્યક્રમો અપનાવવા પડશે. દૂષિત પાણી અને શબો તથા મૃત જાનવરોને નદીમાં ઠાલવવાનું અટકાવવું અને આવા શબો માટે નદી કિનારે ઈલેક્ટ્રિક સ્મશાનઘરો બાંધવા. વન સંવર્ધન અને વન સંરક્ષણ વરસાદ લાવવા ઉપયોગી છે. પર્વતોના શિખરો પરથી વહેતા પાણીને, ઝરણાઓને કૃત્રિમ માર્ગ આપી, મોટા તળાવો અને ખેત તલાવડીઓ કે ચેક ડેમોમાં સંગ્રહી શકાય. પડતર જમીન વિસ્તારમાં પાણી રોકવા કોંઝવે કે પાળા બાંધવા, મધ્યમ ડેમો અને નાના ડેમો વધુ બાંધી વરસાદી પાણીને સંગ્રહવું જરૂરી છે.

આપણા ઘરના ધાબા કે અગાસી પર પડતા વરસાદી પાણીનું ટીપે ટીપું બચાવી શકાય અને તે પાણીને ઢાળઆપી ઘર પાસે જ સૂર્યપ્રકાશ ન આવે તેવા ચુસ્ત ઢાંકણવાળા સિમેન્ટના ટાંકા બનાવી, આ પાણીનો સંગ્રહ કરવો જોઈએ. પરિણામે વર્ષભર આ પાણી ઉપયોગી બની શકે. ખેતરોમાં નીકો પર ઘાસચારો ઉગાડી શકાય. પાણી બચાવવાના સાધનો અને અનેક લાભની માહિતી શાળામાં બાળકોને અચૂક આપવી જોઈએ. **ચાલુ વર્ષે 'જલમણિ' કાર્યક્રમ અંતર્ગત દેશમાં એક લાખ શાળાઓને 'ડ્રિન્કિંગ વોટર પ્યોરિફિકેશન સીસ્ટમ'ની સુવિધાથી આવરી લેવામાં આવશે.** આ કાર્યક્રમમાં પરિણામલક્ષી સફળ અમલીકરણ 'વાસ્મો' દ્વારા ગ્રામ્ય પાણી સમિતિની મદદથી શાળા સમિતિઓ મારફત થઈ રહ્યું છે. ગુજરાતમાં મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર તથા કચ્છ તથા વલસાડને આવરી લેવાયા છે.

જળ સંરક્ષણ માટે થોડી જાગૃતિ આવી છે. સૌરાષ્ટ્રમાં લોકમંચે વોટર હાર્વેસ્ટિંગ અને વોટર મેનેજમેન્ટનું સુંદર કાર્ય કર્યું છે. ગુજરાતમાં દાહોદ જિલ્લામાં 'સદ્‌ગુરુ જળ અને વિકાસ પ્રતિષ્ઠાન' જેવી સ્વૈચ્છિક સંસ્થાએ જળ સંગ્રહ માટે નવી પદ્ધતિ વિકસાવી છે. ૪,૫૩,૦૭૦ ઘન મીટરનું એક મોટી ક્ષમતાવાળું જળાશય બનાવવામાં આ સંસ્થા સફળ રહી છે. જો આપણે જળને બચાવીશું તો જળ આપણને બચાવશે.

૬/એ લીમડા લાઇન, સંસ્કારનગર, ભુજ (કચ્છ)
મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬

જવાબદારી, ઈમાનદારી, સમજદારી તથા વફાદારીથી જ માણસ પ્રગતિ સાધી શકે છે.

નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ સિંચાઈના પાણીના આયોજનો અને અમલીકરણ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, નવેમ્બર - ૨૦૧૦નો લેખ)

'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ'ની રચના, ગુજરાતમાં નર્મદા નદીને નાથવા માટે (૧) નવાગામ પાસે સરદાર સરોવર ડેમના બાંધકામ માટે તથા (૨) નર્મદા નદીના સિંચાઈના પાણી નહેરો દ્વારા ગુજરાત રાજ્યના ૧૫ જિલ્લાઓમાં પહોંચાડવા માટે કરવામાં આવેલ હતી. ગુજરાતને ફાળવવામાં આવેલ ૯.૦૦ એમ.એ.એફ. પાણી ગુજરાતના ૧૫ જિલ્લાઓમાં ટેક્નિકલ ગ્રાઉન્ડ પર ફાળવવાનું એ સમયે ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ હતું. વર્ષ ૧૯૭૯માં કેન્દ્રીય જળપંચ દ્વારા ચુકાદો આવી ગયા બાદ, આજ દિવસ સુધી ૧૫ જિલ્લામાંથી ૧૪ જિલ્લામાં ઓછેવત્તે અંશે નહેરોના બાંધકામના કામો થયેલ છે પરંતુ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભામાં જણાવ્યા અનુસાર, એ દિવસે અને ત્યાર પછી આજે પણ એકમાત્ર કચ્છ જિલ્લો એવો છે કે જ્યાં એક પણ કિ.મી.ના કામ પરિપૂર્ણ થયેલ નથી.

ગુજરાતનો સહુથી અછતગ્રસ્ત અને દુષ્કાળગ્રસ્ત જિલ્લો કચ્છ હોવા છતાં આમ કેમ બન્યું?

એ સમયે કચ્છના લોકોએ ગ્રેવિટી દ્વારા કચ્છને સિંચાઈના પાણી આપવા આંદોલન શરૂ કરેલ હતું. આ આંદોલને એ સમયે સારું એવું જોર પકડેલ. લગભગ સમગ્ર કચ્છની આ વાત હતી. પાછળથી કેટલાક લોકો આ પ્રશ્ને હાઈકોર્ટ અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં પણ ગયેલ હતા.

અન્ય તરફ નર્મદા નિગમના ટેક્નિકલ નિષ્ણાતો, અલગ અલગ પરિબળોને નજર સમક્ષ રાખીને કચ્છને ગ્રેવિટીના બદલે 'લિફ્ટ અને ફોલ' પદ્ધતિથી પાણી આપવામાં આવે એજ યોગ્ય અને સારો રસ્તો છે એવું મક્કમપણે માનતા હતા અને તેથી કચ્છને ગ્રેવિટીથી પાણી આપવાની વાતો માન્ય રાખતા ન હતા.

રાજકીય નેતાગીરી અવઢવમાં હતી. એક તરફ પોતાની લોકપ્રિયતા ચાલી ન જાય તે માટે તેઓ કચ્છની જનતાની વાત ઉવેખી શકતા ન હતા, જ્યારે અન્ય તરફ નિગમના અધિકારીશ્રીઓ તેઓને ટેક્નિકલ કારણોની વિગત સમજાવી ગ્રેવિટી પદ્ધતિના ગેરફાયદા જણાવતા હતા. આ પરિસ્થિતિમાં ગુજરાત રાજ્યની રાજકીય નેતાગીરી કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવામાં પ્રવાહી પરિસ્થિતિમાં હતી. પરંતુ તેઓ ગ્રેવિટીની તરફેણનો નિર્ણય લઈ શકેલ ન હતા.

આ પરિસ્થિતિમાં નિગમના અધિકારીશ્રીઓ દ્વિધામાં હતા અને તેથી કચ્છના કામોને કોરાણે મૂકેલ હતા. પરિણામ સ્વરૂપે બાકીના ૧૪ જિલ્લાઓમાં ઓછાવત્તા અંશે કામો શરૂ થઈ શક્યા પરંતુ કચ્છના કામો સમગ્રતયા સ્થગિત રહ્યા. અન્ય બ્રાંચ કેનાલોના કામો હાથ પર લેવામાં આવ્યા પરંતુ કચ્છ બ્રાંચ કેનાલના કામો હાથ પર લેવાની નિગમનો કોઈ પણ અધિકારી હિંમત ના કરી શક્યો.

એ સમયે કેટલાક કચ્છી રાજકીય આગેવાનોને આ પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. તેઓએ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" પર એક સામાજિક સંસ્થા તરીકે વિશ્વાસ મૂક્યો અને વર્ષ ૨૦૦૩માં આ બાબતે ઊંડાણમાં ઊતરી પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાની વિનંતી કરી. આ બાબતે અભ્યાસ કરી કચ્છ માટે યોગ્ય હકીકત શું છે તે શોધી કાઢવા જણાવ્યું. આ માટે તેઓએ જરૂરી સાહિત્ય પૂરું પાડ્યું. તેટલું જ નહીં, પરંતુ નિગમના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને ટેક્નિકલ નિષ્ણાતો સાથે વારંવારની મુલાકાતો પણ ગોઠવી આપી.

ત્યારબાદ સમાજના આગેવાનોએ નિગમના અધિકારીશ્રીઓ સાથે અનેક મિટિંગો કરી. અલગ અલગ દૃષ્ટિકોણથી હકીકતો સમજવા કોશિશ કરી. અનેક અહેવાલો અને રિપોર્ટો ચકાસ્યા. અલગ અલગ મત ધરાવતા કચ્છી નિષ્ણાતો તથા કચ્છી આગેવાનોની પણ મુલાકાત લઈ આ પ્રશ્ને ચર્ચા કરી. **તારવણ એ આવ્યું કે કચ્છને કઈ પદ્ધતિથી પાણી આપવામાં આવે એ અગત્યનું નથી પરંતુ કચ્છમાં શક્ય જલદી સિંચાઈના પાણી પહોંચાડવામાં આવે એ જરૂરી છે.** અને તોજ અછતગ્રસ્ત કચ્છના અમુક વિસ્તારોના ખેડૂતો (જ્યાં સિંચાઈના પાણી પહોંચવાના છે એ વિસ્તારના ખેડૂતો)ની પરિસ્થિતિ સુધરી શકશે. સિંચાઈના પાકથી પેદા થયેલ સંપત્તિ ગામડાંના ખેડૂતોના હાથમાં પહોંચશે. (ઔદ્યોગિકીકરણમાં આ શક્ય નથી). ત્યારબાદ કચ્છી જૈન સમાજના આગેવાનોએ પોતાના તારવણો એ સમયની કચ્છી નેતાગીરી સમક્ષ રજૂ કર્યા. સમગ્ર કચ્છી સમાજના અન્ય આગેવાનોને પણ હકીકતો સમજાવવા પ્રયાસ કર્યા અને ત્યારબાદ નિગમના અધિકારીશ્રીઓ પર કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરવા દબાણ કર્યું. આ પ્રક્રિયામાં લગભગ બે વર્ષ જેટલો સમય પસાર થયો.

પરિણામ એ આવ્યું કે વર્ષ ૨૦૦૫માં ૩૬૦ કિ.મી. લાંબી અને અંદાજિત રૂા. ૨૮૦૦ કરોડના પ્રોજેક્ટવાળી કચ્છ બ્રાંચ કેનાલના ૭૫ કિ.મી. (૫૫ કિ.મી. બનાસકાંઠામાં અને ૨૦ કિ.મી. કચ્છમાં) લંબાઈના અને અંદાજિત રૂા. ૨૫૦ કરોડ (રૂા. ૧૭૫ કરોડના બનાસકાંઠામાં અને રૂા. ૭૫ કરોડની કિંમતના કચ્છમાં)ની કિંમતના ૬ ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા કે જેના કામો અલગ અલગ કોન્ટ્રાક્ટરોને સુપરત કરવામાં આવ્યા. એ સમયે એવો વિશ્વાસ પ્રવર્તી રહ્યો કે આવતા પાંચેક વર્ષમાં કચ્છના ખેતરોમાં નર્મદા નદીના પાણીથી સિંચાઈ કરી શકવાનું શક્ય બનશે.

આંખો ઘણા પાસે હોય પરંતુ દૃષ્ટિ બહુ થોડા પાસે હોય છે.

નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી કયા તાલુકામાં કેટલા ગામમાં અને કેટલા હેક્ટરમાં સિંચાઈ થઈ શકશે તેના આયોજનો – નર્મદા નિગમની દૃષ્ટિએ

કમ	તાલુકો	લાભિત ગામો	સિંચાઈ વિસ્તાર (હેક્ટરમાં)	રિમાર્ક
૧.	રાપર	૪૭	૩૮,૫૬૧	વાગડ વિસ્તારના ૮૦ ગામમાં ૬૪,૪૯૬ હેક્ટરમાં સિંચાઈ થઈ શકશે.
૨.	ભચાઉ	૩૩	૨૫,૯૩૫	
૩.	ગાંધીધામ	૮	૪,૧૩૪	અન્ય ૫ તાલુકાના ૧૦૨ ગામમાં ૪૮,૨૮૨ હેક્ટરમાં સિંચાઈ થઈ શકશે.
૪.	અંજાર	૨૪	૧૩,૩૬૭	
૫.	મુંદ્રા	૩૪	૧૮,૨૪૦	
૬.	માંડવી	૩૦	૧૧,૧૯૮	
૭.	ભુજ	૬	૧,૩૪૩	
		૧૮૨ ગામ	*૧,૧૨,૭૭૮ હેક્ટર*	
			= ૨,૮૫,૦૦૦ એકર	

પરંતુ આગળ જતાં કામમાં ઢીલાશ આવવા લાગી. આ ઢીલાશના કારણોમાં ક્યાંક કોન્ટ્રાક્ટરોની ઢીલાશ હશે તો ક્યાંક નર્મદા નિગમનો અપૂરતો સ્ટાફ હશે. ક્યાંક વચ્ચે આવતા સ્ટ્રક્ચરોની ડિઝાઈન તૈયાર નહીં હોય તો ક્યાંક જરૂરી નિર્ણયો સમયસર આપવામાં આવતા નહીં હોય. ક્યાંક પૈસાની તંગદિલી (મોડું પેમેન્ટ) હશે તો ક્યાંક નેગેટિવ ફેક્ટર કામ કરતા હશે. બે વર્ષમાં પૂરા કરવાની જવાબદારીથી સુપરત કરવામાં આવેલ કામો ૪-૫ વર્ષ સુધી લંબાયા અને તેમ છતાં પણ પૂરા ના થઈ શક્યા. વર્ષ ૨૦૦૯ સુધીમાં રૂા. ૨૫૦ કરોડની કિંમતના કામો સામે અંદાજિત માત્ર રૂા.૧૫૦ કરોડની કિંમતના (અને તેમાં કચ્છમાં તો માત્ર રૂા. ૧૫ કરોડની કિંમતના) કામો થઈ શક્યા.

આ સમય દરમ્યાન 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ' અસ્તિત્વમાં આવી ગયેલ હતી અને તેણે એકધારી રીતે નિગમના અધિકારીશ્રીઓ, ગુજરાત સરકારના જવાબદાર વિભાગના મંત્રીશ્રીઓ તથા મુખ્યમંત્રીશ્રી સમક્ષ પત્ર વ્યવહાર જારી રાખી, આ પ્રશ્ને દબાણ કરવાનું ચાલુ રાખ્યું.

અન્ય તરફ વર્ષ ૨૦૧૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવનાર હોવાથી તેના અનુસંધાને હોય કે 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના દબાણને કારણે હોય પરંતુ નવેમ્બર-૨૦૦૯થી નર્મદા નિગમના ઉચ્ચ હોદ્દા પર આઈ.એ.એસ.કક્ષાના કાર્યક્ષમ અધિકારીશ્રીઓની નિમણૂક કરવાની ગુજરાત સરકારશ્રી દ્વારા શરૂઆત થઈ ગઈ. ચેરમેનશ્રીના પદે શ્રી ડી. રાજગોપાલન, મેનેજિંગ ડાયરેક્ટરશ્રીના પદે શ્રી એસ. જગદીશન, જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટરશ્રીના પદે શ્રી કે. શ્રીનિવાસ, ઈન્ચાર્જ ડાયરેક્ટર - સિવિલ તરીકે શ્રી કે.એસ. શ્રીનિવાસ વગેરેની નિમણૂક મુખ્યત્વે ગણી શકાય. નવનિયુક્ત મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જગદીશને હકારાત્મક અભિગમ દાખવી સમગ્ર ગુજરાતની કેનાલોના કામ પર સવિશેષ ધ્યાન આપ્યું અને કેનાલોના કામો સમગ્રતયા હાથ પર લેવાના પગલાં શરૂ કર્યા કે જેમાં કચ્છ બ્રાંચ કેનાલોના કામોનો પણ સમાવેશ થયેલ હતો. એ દરમ્યાન વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યની નર્મદાની કેનાલોના કામો માટે રૂા. ૧૧,૦૦૦ કરોડ જેવી રકમ ફાળવી. સમગ્ર કામોમાં ગરમાટો આવી ગયો.

તા. ૩૦-૩-૨૦૧૦ના 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના પ્રતિનિધિ મંડળે નિગમના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી એસ. જગદીશન તથા અન્ય ઉચ્ચ હોદ્દેદારોની રૂબરૂ મુલાકાત લીધેલ અને કચ્છ બ્રાંચ કેનાલોના કામો માટે પોતાની ચિંતા વ્યક્ત કરેલ હતી. આવતા ૪-૬ મહિનામાં સમગ્ર કચ્છ બ્રાંચ કેનાલના બાકી રહેતા ટેન્ડરો બહાર પાડી દેવાનું એ સમયે શ્રી જગદીશને સ્વીકાર્યું.

ઉપરોક્ત આયોજનના અનુસંધાને બનાસકાંઠાના હમીરપર ગામ એટલે કે ચેનલ ૦.૦થી કચ્છના ગુંદારા ગામ એટલે કે ચેનલ ૨૭૩.૦ કિ.મી. સુધીના અંદાજિત રૂા. ૨૨૦૦ કરોડની કિંમતના ટેન્ડરો બહાર પાડી દેવામાં આવેલ છે કે જેના ટેક્નિકલ બીડની સ્ક્રૂટીની હાલે ચાલુ છે. આવતા દિવસોમાં આ બધાં કામો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરી, એ કામો શરૂ કરાવવામાં આવશે. હજુ અંદાજિત રૂા. ૮૦૦ કરોડની કિંમતના કામો (૨૭૩.૦ કિ.મી.થી ૩૬૦ કિ.મી., દૂધઈ બ્રાંચ કેનાલ, ગાગોદર બ્રાંચ કેનાલ, વાંઢિયા બ્રાંચ કેનાલ, પાવર સ્ટેશન વગેરે)ની ટેન્ડર પ્રક્રિયા બાકી રહે છે કે જે આવતા દિવસોમાં પૂરી થાય તેવી ગણના રાખવામાં આવેલ છે. અન્ય તરફ નિગમના નવનિયુક્ત ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરી તથા અન્ય અધિકારીશ્રીઓના પ્રયાસોના કારણે રાપર તથા ભચાઉ તાલુકાના વિસ્તારમાં મોટા ભાગની જરૂરી જમીન સંપાદિત કરી લેવામાં આવેલ છે. હાલે તો એવું ચિત્ર ઉપસી રહેલ છે કે અગર કોઈ અણધારી અડચણ ન આવે તો આવતા ૨-૩ વર્ષોમાં નિગમના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીની કેનાલો માટેના કાર્યો પૂરા થઈ શકશે

પગ ઘણા પાસે હોય પરંતુ દિશા બહુ થોડા પાસે હોય છે.

અને આ પાણીથી કચ્છના ૨,૮૫,૦૦૦ એકર જેટલી જમીનના વિસ્તારમાં ખેતી થઈ શકશે.

ઉપરોક્ત રજૂઆત હતી કચ્છને ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણીની.

અન્ય તરફ કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ એમ.એ.એફ. પાણીથી કચ્છમાં કઈ રીતે સિંચાઈ થવાની છે તેની વિગતો પર પણ ધ્યાન રાખવું તેટલું જ જરૂરી છે. વધારાના પાણીના આયોજનો અને અમલીકરણ ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગને હસ્તક રાખવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાતની 'સુજલામ્ સુફલામ્' યોજનાના એસ્ટિમેટમાં (શરૂઆતમાં સાઈટ પર સર્વે કરાવ્યા વગર નિર્ધારિત કરવામાં આવેલ ખર્ચ અને ત્યારબાદ તેના અમલીકરણના સમયે સાઈટ પોઝિશનનો જે અનુભવ થયો તેના આધારે નક્કી કરેલ આયોજનો મુજબના કામો પૂરા કરવા માટે કરવામાં આવેલ ખર્ચ) કડવો અનુભવ થયા પછી જળસિંચાઈ વિભાગ કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ એમ.એ.એફ. જેટલા વધારાના પાણીના આયોજનો ફાઈનલ કરવા અગાઉ સાઈટ પર ફીલ્ડ સર્વે કરાવવા માંગતું હતું કે જે સરકાર બહારની કોઈ સ્વતંત્ર અને ભરોસાપાત્ર કન્સલ્ટન્સી કંપની કરે તેવી વિચારણા કરવામાં આવેલ હતી. આ ફીલ્ડ સર્વે કરાવવાનો અંદાજિત ખર્ચ રૂા. ૩.૦૦ કરોડ જેટલો થવા જશે તેવી ગણના કરવામાં આવેલ હતી. રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની મંજૂરી માટે જળસિંચાઈ વિભાગે વર્ષ ૨૦૦૬માં જળસિંચાઈ વિભાગના સચિવશ્રી (અથવા તો તે વિભાગના મંત્રીશ્રી)ની મંજૂરી માંગેલ હતી કે જે મંજૂરી સતત ત્રણ વર્ષ સુધી જળસિંચાઈ સચિવશ્રીએ કોઈ અગમ્ય કારણસર (જળસિંચાઈ મંત્રીશ્રીના કદાચ રાજકીય કારણસર અથવા તો નિમ્ન સ્તરની સ્વાર્થવૃત્તિની શક્યતા પણ નકારી ન શકાય) આપેલ ન હતી. આ બાબતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદે અને અન્ય લોકોએ ઉહાપોહ સર્જતા આ મંજૂરી વર્ષ ૨૦૦૯ના અંત ભાગે આપવામાં આવેલ હતી. ત્યારબાદ એકાદ બે મહિનામાં જ એટલે કે વર્ષ ૨૦૦૯માં જ વિવિધ કન્સલ્ટન્સી કંપનીના ટેન્ડરો મંગાવી તેની મંજૂરી અર્થે ફરી જળસિંચાઈ સચિવશ્રીને જળસિંચાઈ વિભાગ તરફથી મોકલી આપવામાં આવ્યા કે જે છેલ્લા દસ મહિનાથી કોઈપણ જાતની કાર્યવાહી કર્યા વગર જળસિંચાઈ મંત્રાલયમાં પડી રહેલ હતા. ફરી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આ પ્રશ્ન હાથ પર લીધો. ભુજથી પ્રસારિત થતા દૈનિક પત્ર 'કચ્છ મિત્રે' પણ આ પ્રશ્નને યોગ્ય પ્રસિદ્ધિ આપી. આ બાબતે કચ્છમાં જબ્બર ઉહાપોહ જાગ્યો. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પણ માહિતી માંગવામાં આવી. ત્યારબાદ તરતમાં આ ટેન્ડરોની વિગત મંજૂર થઈને જળસિંચાઈ મંત્રાલયમાંથી જળસિંચાઈ વિભાગમાં આવી ગઈ કે જેના પરિણામે સપ્ટેમ્બર-૨૦૧૦ની શરૂઆતમાં અમદાવાદ સ્થિત 'મલ્ટી મેનટેક ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ'ને કચ્છમાં યોગ્ય ફીલ્ડ સર્વે કરી વધારાના પાણીના વપરાશના આયોજનો રજૂ કરવાની કામગીરી અંદાજિત રૂા.૨.૪૪ કરોડના ખર્ચ સાથે સુપરત કરવામાં આવેલ છે કે જેનો રિપોર્ટ આ કન્સલ્ટન્સી કંપનીએ આવતા બાર મહિનામાં એટલે કે સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં આપવાનો રહેશે.

ત્યારબાદ આ રિપોર્ટ મંજૂર કરવાની જે-તે વિભાગમાં પ્રક્રિયા ચાલશે. રિપોર્ટ મંજૂર થયે તેના ટેન્ડરો બહાર પાડવામાં આવશે અને ત્યારબાદ જે તે કોન્ટ્રાક્ટરોને વિવિધ કામો સુપરત કરવામાં આવશે કે જે માટે બીજા એકાદ વર્ષનો સમયગાળો સહેજે ગણી શકાય. એ મુજબ વર્ષ ૨૦૧૨ના અંત ભાગમાં કદાચ આ પ્રક્રિયા પૂરી થઈ શકે – જો તેમાં અન્ય કોઈ આડખીલીઓ ન આવે તો.

ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયાના કાર્યોના અમલીકરણની શરૂઆત થાય અને કોઈ અણધારી રૂકાવટ ન આવે તો આ કાર્યો પૂરા કરતા ત્રણેક વર્ષનો સમયગાળો તો સહેજે પસાર થઈ જાય. વર્ષ ૨૦૧૫ના અંત ભાગમાં આ કાર્યો પૂરા થઈ શકવાની શક્યતા રહે છે.

આ રીતે ઉપરોક્ત ગણનાએ કચ્છમાં નર્મદા નદીના વધારાના પાણીથી સિંચાઈની ખેતી થતા સહેજે પાંચ વર્ષનો સમયગાળો પસાર થઈ જશે તેવી ધારણા હાલની પરિસ્થિતિમાં રાખી શકાય. આ પરિસ્થિતિ કચ્છ માટે ખૂબજ અક્ષમ્ય ગણાય. યોગ્ય હકીકત તો એ કહેવાય કે નર્મદા નિગમના કાર્યોની સાથે સાથે જળસંપત્તિ વિભાગના કાર્યો પણ પૂરા થઈ જવા જોઈતા હતા. આ માટે કોઈને દોષી ઠરાવવામાં આવે તો તે કચ્છની અત્યારની રાજકીય અને સામાજિક નેતાગીરીને જ દોષપાત્ર ગણી શકાય. રાજકીય નેતાગીરી પોતાની નોકરીની સલામતીમાં કચ્છના હિતોને કોરાણે મૂકતી આવેલ છે, જ્યારે સામાજિક નેતાગીરી આ પ્રશ્ને અક્ષમ્ય ઉદાસી દાખવી રહેલ છે. કચ્છનો બુદ્ધિજીવી વર્ગ પણ કચ્છના આ પ્રાણપ્રશ્ને બિલકુલ નિઃસ્પૃહી બની મૌન જાળવી રહેલ છે. અન્ય તરફ ઉત્તર ગુજરાત આ બાબતે ખૂબ જ સજાગ છે. તેઓએ માત્ર તેમના કામો પૂરા નથી કરાવ્યા પરંતુ વધારાના પાણીનો વપરાશ પણ શરૂ કરી દીધેલ છે! કચ્છના રાજકીય આગેવાનો કે જેઓ સરકારશ્રી સાથે એક યા બીજી રીતે જોડાયેલા છે, જેઓ સરકારશ્રીનું કોઈને કોઈ સ્થળે પ્રતિનિધિત્વ કરે છે, તેઓ આ બાબતે સજાગ નહીં રહે, પોતે જે વિસ્તારમાંથી આવે છે તે વિસ્તારની જનતાની અડચણો પર દૃષ્ટિ નહીં રાખે તો કચ્છ હજુ પણ વધુ ખરાબ પરિસ્થિતિમાં મૂકાય તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે.

એક વધુ બાબતની આપણે નોંધ લઈએ. જળસંપત્તિ વિભાગની હાલની ગણના પ્રમાણે કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીથી કચ્છમાં ચોમાસુ (ખરીફ) પાક ૩,૧૦,૧૩૦ હેક્ટરમાં અને શિયાળુ (રવિ) પાક ૫૮,૧૧૦ હેક્ટરમાં લઈ શકાશે. એટલે કે આ વધારાના પાણીથી કચ્છના હયાત નાના કે મધ્યમ કક્ષાના ડેમો ભરીને ટોટલ ૩,૬૮,૨૪૦ હેક્ટર (૯,૨૦,૬૦૦ એકર) જમીનમાં પાકો લઈ શકાશે. આ ગણના વધુ પડતી લાગે છે પરંતુ જ્યારે સરકારશ્રીના કોઈ વિભાગે આ પ્રકારના આયોજન કરેલ હોય તો એમ માનવાનું રહે છે કે વધારાના પાણીના ઉપયોગથી થતી ખેતીની ગણનામાં એ વિસ્તારના વરસાદના પાણીના સંગ્રહની પણ ગણના કરવામાં આવેલ હોય. કોઈ એક પાકને વ્યવસ્થિત રીતે પાકવા માટે ધૂરિયા પદ્ધતિથી ૨૦"થી ૨૧" ડેલ્ટાથી પાણીની જરૂરિયાત રહેતી હોય છે. હા, ડ્રીપ ઈરિગેશન અથવા સ્પ્રિંક્લર પદ્ધતિથી ખેતી કરવામાં આવે તો જરૂરી પરિણામો ૧/૩ જેટલા પાણીથી જ મેળવી શકાય છે.

જળસિંચાઈ વિભાગ વધારાના પાણીનો ઉપયોગ કચ્છમાં કઈ

રીતે અને કયા વિસ્તારમાં કરવા માંગે છે અને તેઓ કચ્છ બ્રાંચ કેનાલમાંથી ક્યાંથી કેટલા પાણી મેળવવા માગે છે તેની વિગત તેઓએ તેમના તા. ૧૫-૭-૨૦૧૦ના પત્રથી નર્મદા નિગમને જણાવેલ છે અને તે મુજબ નર્મદા નિગમે પોતાની કેનાલની ડિઝાઈન ફાઈનલ કરેલ છે. વધારાના પાણીના આયોજન અંગે જે કન્સલ્ટન્ટ કંપની નિમવામાં આવેલ છે તેઓને પણ આ વિગત આપવામાં આવેલ છે કે જેથી કન્સલ્ટન્ટ કંપની આ ધોરણે આગળના સર્વે કરી શકે.

આ વિગત નીચે મુજબ છે.

કચ્છ બ્રાંચ કેનાલમાંથી ઑફ ટેઈક પોઈન્ટ	*લોકેશન*	*વિસ્તાર*	*ડિસ્ટાર્ચ ક્યુસેક્સમાં*	*જથ્થો એમ.એ.એફ.માં (૧૦૦ દિવસ)*	*રિમાર્ક*
• સારણ પોન્ડ	૧૦૦.૮ કિ.મી. કચ્છ બ્રાંચ કેનાલ	ફતેહગઢ	૧૦.૦૦	૦.૧૦	• રાપર તાલુકાના ઉત્તર વિસ્તારમાં આ પાણીનો ઉપયોગ થઈ શકે.
• બન્ની રિઝર્વોયેર માટે	૧૦૦.૦ કિ.મી. દુધઈ બ્રાંચના છેડેથી	બીબર	૧૦.૦૦	૦.૧૦	• બન્ની વિસ્તારના ઘાસિયા પ્રદેશમાં આ પાણીનો ઉપયોગ થઈ શકે.
• ટપ્પર રિઝર્વોયેરમાંથી	ટપ્પર રિઝર્વોયેર	ટપ્પર	૩૭.૦૦	૦.૩૭	• લીંક કેનાલ દ્વારા ટપ્પર રિઝર્વોયેર, સત્તાપર (રાતા ડેમ), ધાણેટી, રુદ્રમાતા, કૈલા, નીરોણા, ભૂકરી, મથલ, ગજનસર, નારા ડેમ. • લીંક કેનાલ દ્વારા ટપ્પર રિઝર્વોયેર, સત્તાપર (રાતા ડેમ), સુરખાણ, ગજોડ, વિજયસાગર, ખરોડ, કંકાવટી, જાંગડિયા, સાનન્દ્રો ડેમ. • હાઈ કન્ટુર સ્ટોરેજ કેનાલ દ્વારા ધાણેટી, લેર, રોહા-મોટા, ભારાપર, એડમાડ લેઈક સુધી.
• કચ્છ બ્રાંચ કેનાલના મોડકૂવા ગામના છેડેથી	કચ્છ બ્રાંચ કેનાલનો મોડકૂવા છેડો (૩૫૨.૦ કિ.મી.)		૩૩.૦૦	૦.૩૩	• કચ્છ બ્રાંચ કેનાલના એક્સ્ટેન્શન દ્વારા મોડકૂવાથી કોટાય, ભનાડા, મીઠી ડેમ, બુટા, બેર, ગોલાય, પીપર થઈ નારાયણ સરોવર. • સેન્ટ્રલ કચ્છ માટે લીંક કેનાલ. મીઠી ડેમથી કુઆપધ્ધર, ઉસ્તીઆ, ભદ્રા, ગોરવાળી વાંઢ, ડેરાણી, ગુગારિયન (એક ફાંટો મેઘપર તરફ), દયાપર, ધારેસી, ફુલરા, કોરીઆની, કનોજ સુધી.
• હાઈ કન્ટુર કેનાલ	૨૫૪.૦૦	કુંભારિયા	૧૦.૦૦	૦.૧૦	• કુંભારિયા, ભુવડ, બગડા, કાંડાગરા, ફરાદી, ગોધરા.
			૧૦૦.૦૦	*૧.૦૦*	

અત્યારે તો એવું લાગે છે કે અગર ઉપરોક્ત આયોજનો અમલમાં મૂકી શકાય તો કચ્છના સારા એવા વિસ્તારમાં નર્મદા નદીના સિંચાઈના પાણી પહોંચી શકશે અને તેનાથી કચ્છના ખેડૂતો અનિયમિત વરસાદની ચિંતા કર્યા વગર વર્ષમાં એક કે બે પાક સારા એવા પ્રમાણમાં લઈ શકશે. પરંતુ આ બધી હકીકતોનો આધાર કચ્છની સામાજિક અને રાજકીય નેતાગીરી આ પ્રશ્ને કેવો અભિગમ દાખવે છે તેના પર રહેવા પામેલ છે. જો હજી પણ આપણે આ બાબતે નિષ્ક્રિય રહીશું તો કચ્છના વિકાસની હાથમાં આવેલ ઉત્તમ તક આપણે ગુમાવી બેસીશું અને ભવિષ્યના કચ્છના ઈતિહાસની દૃષ્ટિએ આપણું નામ કચ્છના હિતચિંતકોની યાદીમાં નોંધાયેલું નહીં રહેવા પામેલ હોય. ■

નાનું કે મોટું કોઈપણ ખરાબ કાર્ય કરતી વખતે અથવા તો એ કાર્ય પૂરું થઈ ગયા પછી આત્મા જાણે ઉજાગરો અનુભવતો હોય એવું લાગ્યા કરે છે. અને આત્માનો ઉજાગરો એટલે જીવનમાં અશાંતિ સિવાય બીજું કંઈ નહીં.

જરા હસતાં રમતાં જીવો, જગત શરમાઈ જશે. શિરે ભાર લઈને ફરશો તો જીવન કરમાઈ જશે.

નર્મદાના પાણીથી કચ્છના કયા ગામમાં કેટલી જમીનને લાભ?

• અશોક મહેતા •

(મંગલ મંદિર, નવેમ્બર - ૨૦૧૦નો લેખ)

નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામની ૧,૧૨,૭૭૮ હેક્ટર જમીનમાં એટલે કે ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈનો લાભ થવાનો છે કે જેની વિગત અમે 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૦૫ના અંકમાં આપી ચૂકેલ છીએ. કયા તાલુકાના કયા ગામની કેટલી જમીનને આ સિંચાઈના પાણીનો લાભ મળશે તેની વિગત અત્રે ફરીથી પ્રસ્તુત કરવામાં આવેલ છે. શક્ય છે કે અત્યારની પરિસ્થિતિમાં આ ગામોની કેટલીયે જમીન એન.એ. થયેલ હોવાથી આ આંકડાઓમાં ફેરફાર થવાની પૂરેપૂરી શક્યતા રહેવા પામે છે પરંતુ એકંદરે કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં આ પાણીથી ખેતી થઈ શકશે તે નિર્વિવાદ હકીકત રહેવા પામશે.

વિગતવાર માહિતી નીચે મુજબ છે.

તાલુકો : રાપર

ગામ	*લાભિત વિસ્તાર (હેક્ટરમાં)*
હમીરપર નાની	૨૦૧.૮૫
ફતેહગઢ	૩૦૦૩.૫૬
સાનગઢ	૧૭૯.૦૮
ગેડી	૬૮૫૬.૪૯
સેલારી	૨૩૫.૫૫
દેશલપર / નાગલપર	૧૭૭૧.૬૯
ધાનપર / કલ્યાણપર	૭૪૧.૭૩
કાવરી / શાનપર	૧૯૬૬.૨૬
નંદાસર	૫૩૦.૧૪
રવ મોટી	૨૯૬૦.૪૮
જેસડા	૫૫૪.૧૦
ત્રંબૌ	૧૮૭.૮૧
સૂવઈ / ખેંગારપર	૧૦૪૯.૦૦
સમવાવ	૪૩.૭૯
લાકડીવાંઢ	૧૬.૬૨
સુદાણાવાંઢ	૫૭૯.૯૮
નારણપર	૧૫૦.૦૮
ગવરીપર	૨૧૫.૦૭
વણોઈવાંઢ	૭૫૭.૧૭
ખાંડેક	૧૨૩.૯૮
મંજુવાસ	૩૨૭.૮૩
મોમાય મોટા	૯૪૮.૦૦
સણવા	૧૩૮૪.૦૭
લખપત - બામણસર	૩૦૧.૩૫
આડેસર	૧૧૭૫.૪૩
ટગા	૨૬૪.૬૯
વરણું	૫૨૪.૮૪
સુખપર	૫૬૨.૧૯
વિજાપર	૬૪૧.૫૮
માખેલ	૩૭૭.૩૩
પલાસવા	૩૭૬૦.૯૭
ધાણીયલ	૩૪૨.૩૨
કાનમેર	૧૭૬૫.૮૬
ગાગોદર	૯૫૫.૦૩
ભીમદેવડા	૬૨૪.૦૩
થોરીયાળી	૩૭૧.૦૩
પેથાપર	૩૮૧.૭૯
કુંભારિયા	૧૪૪.૪૧
માણાબા	૬૧૦.૧૬
પંડ્યાનો ગઢ	૩૪૬.૨૩
સાંય	૩૨.૯૪
વકેરા	૨૯૮.૪૫
કુલપરા	૨૯૫.૦૮
	૩૮,૫૬૧.૦૦ હેક્ટર

તાલુકો : ભચાઉ

ગામ	*લાભિત વિસ્તાર (હેક્ટરમાં)*
ભરૂડિયા	૮૩૩.૬૦
ખણખોઈ	૩૮૫.૭૫
ચૌબારી	૧૮૬૨.૬૮
મનફરા	૧૪૫.૫૨
ખારોઈ	૪૮૨.૪૬
કડોલ	૫૯૨.૬૧
નેર	૬૩૩.૨૯
બંધડી	૧૬૩૦.૬૪
માય	૩૮.૪૦
મેઘપર/કુંજીસર	૩૬૦.૦૩
કરમરીયા	૩૧૫.૭૩
શિકાર	૩૪૨.૦૦
લુણવા	૧૧૬.૧૫
ચોપડવા	૩૪૮.૬૩
ભચાઉ	૧૫૩૩.૦૦
વોંધ	૧૫૬૧.૫૪
છાડવાડા	૧૨૫૫.૮૫
આંબલીયારા	૧૫૬૩.૪૩
જંગી	૨૧૯૦.૨૨
સામખિયાળી	૫૦.૦૦
લલિયાણા	૨૪.૬૦
વાંટિયા	૨૦૪૬.૯૦
શિકારપુર	૧૮૮૫.૮૮
નારણસરી	૩૫૩.૦૨
ચાંદરોડી	૧૧૦.૩૮
રાજસ્થલી	૫૩૬.૭૨
મોટી ચીરઈ	૨૫૨૩.૭૧
નાની ચીરઈ	૧૨૧૭.૭૧
સુખપર	૧૦૯.૦૫
કુંભારડી	૫૫.૫૮
પોરગર	૪૮૦.૩૩
બાનીઆરી	૩૪૯.૫૬
	૨૫૯૩૪.૯૭
	= ૨૫૯૩૫.૦૦ હેક્ટર

તાલુકો : ગાંધીધામ

ચુડવા	૫૪૪.૫૬
પડાણા	૬૮૧.૬૯

ભાગ્યના ભરોસે રહેવા કરતાં ભગવાનના ભરોસે રહેવામાં સુખ છે.

મીઠી રોહર	૧૪૦૩.૦૨
ગળપાદર	૧૮૭.૪૪
કિડાણા	૩૧૩.૦૨
ભારાપર	૪૭૮.૪૨
અંતરજાળ	૨૪.૩૯
શીણાય	૫૦૨.૧૮
	૪૧૩૪.૭૨
	= ૪૧૩૪.૦૦ હેક્ટર

તાલુકો : અંજાર

બુઢારમોરા	૩૩.૮૪
ધમડકા	૭૨.૭૭
અમરાપર	૫૯.૦૩
દેવીસર	૪૫.૭૦
ખીરસરા	૭૮.૮૫
ચંદ્રાપર	૭૨.૮૧
બીટા વલાડિયા	૭૪૩.૩૭
નાગા વલાડિયા	૯૫૦.૭૯
માડેવદર	૩૭૩.૩૯
વરસાણા	૫૯૪.૧૬
તુણા	૫૨૭.૮૧
રામપર	૪૫૮.૨૬
સંઘડ	૧૦૭૭.૧૩
વીરા	૯૭૩.૧૫
ભીમાસર	૨૨૨૩.૪૫
ટપર	૩૯૬.૧૪
અજાપર	૬૭૯.૯૯
લાખાપર	૫૧.૪૬
વરસામેડી	૧૬૦૨.૦૪
મેઘપર	૨૫૭.૩૪
અંજાર	૧૮૬.૦૦
મથક	૮૪૦.૯૪
પશુડા	૯૪૫.૭૨
ખારી પસવાડિયા	૧૨૩.૦૨
	૧૩૩૬૭.૧૬
	= ૧૩૩૬૭.૦૦ હેક્ટર

આપણા બંને માટે સુખી થવાનો માર્ગ એક જ છે કે તમે અને હું જ્યારે મળીએ ત્યારે કોઈ ત્રીજાને સુખી કરવાનો વિચાર કરીએ.

તાલુકો : મુંદ્રા

કુકડસર	૮૩૦.૩૨
ગોએરસમા	૧૩૭.૦૭
ઝરપરા	૧૬૫૨.૫૮
ધ્રબ	૪૫૩.૬૯
નવી નાળ	૪૪૫.૯૧
નાના કપાયા	૪૫૪.૯૬
પાવડિયારા	૨૧૪.૪૨
બારોઈ	૫૫૫.૨૯
ભોરાણા	૩૮.૭૨
ભદ્રેશ્વર	૧૬૦૮.૧૨
રાગા	૨૧૧.૫૧
મુંદ્રા	૫૫૯.૦૭
કાંડાગરા મોટા	૭૩૫.૮૧
ગુંધલા	૭૩૫.૮૧
ટુંડા	૩૯૧.૯૫
નાની ભુજપર	૨૬૪.૧૫
ભરૂડિયા	૨૫૮.૩૪
મોખા	૩૨૦.૭૦
મોટા કપાયા	૪૫૭.૩૫
મંગરા	૧૯૩.૫૮
લુણી	૧૧૨૭.૨૧
વડાલા	૧૯૫૭.૬૩
સિરાયા	૬૪૨.૪૨
સેખડિયા	૨૭૮.૦૭
સમાગોગા	૬૨૯.૩૨
સાડાઉ	૪૦૭.૫૯
હટડી	૫૮૪.૨૮
મોટી ભુજપર	૧૧૪૮.૪૯
પ્રતાપપર	૧૪૭.૬૬
ભોસરા	૩૫૭.૫૯
ખાખર મોટી	૧૯૧.૯૫
વોવાર	૫૫.૬૯
છસરા	૬૬.૫૩
દેશલપર	૧૨૫.૯૨
	૧૮૨૩૯.૭૦
	= ૧૮૨૪૦.૦૦ હેક્ટર

તાલુકો : માંડવી

નાની ખાખર	૮૬.૯૨
નાના ભાડિયા	૮૧૩.૩૨
મોટા ભાડિયા	૧૯૪.૨૨
પીંપરી	૯૯.૩૯
ગુંદિયાળી	૧૨૪૮.૩૨
ત્રગડી	૪૫૮.૧૦
કોડાય	૧૬૩.૩૫
મોટી રાયણ	૧૮૮.૭૦
નાની રાયણ	૧૦૧.૪૯
નવાવાસ (દુર્ગાપુર)	૪૮૧.૪૫
નાગલપર	૨૯.૩૫
ભારાપર	૧૧૬.૦૬
મેરાઉ	૬૦૩.૫૧
શીરવા	૧૨૦.૦૯
કાઠરા	૭૪.૧૮
વાડા	૩૬૬.૪૨
નાના લાયજા	૨૭૭.૫૦
મોટા લાયજા	૧૦૦૦.૮૨
ભાડા	૧૧૬.૬૯
પોંચટિયા	૪૫૦.૬૩
ભીંસરી	૬૨૬.૭૬
વાંઢ	૩૬૮.૭૩
ચાંગડાઈ	૬૨૩.૩૦
બાંભરાઈ	૯૪૯.૬૯
માપર	૧૩૭.૮૪
મોડકૂવા	૬૮૫.૬૦
મસ્કા	૩૫૮.૪૩
કોકલિયા	૬૯.૩૬
બિદડા	૨૭૪.૩૯
માંડવી	૧૨૩.૩૦
	૧૧૧૯૭.૯૧
	= ૧૧૧૯૮.૦૦ હેક્ટર

તાલુકો : ભુજ

જવાહરનગર	૨૯૫.૯૮
વાત્રા	૧૦૮.૯૬
લોડાઈ	૨૫૯.૩૨
ધ્રંગ	૫૪.૩૧
ધોરી	૩૮૮.૩૫
સુમરાસર	૨૩૬.૪૧
	૧૩૪૩.૩૩
	= ૧૩૪૩.૦૦ હેક્ટર

અમાસની રાતને પૂનમની રાત થતાં પંદર દિવસની રાહ જોવી પડે છે અને દિવાળીની રાત થતાં વરસની રાહ જોવી પડે છે.

આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રિવર બેઝીન) પર નિર્માણ

રુકમાવતી રિવર બેઝિન કેસ સ્ટડી

• કાંતિસેન શ્રોફ •

(મંગલ મંદિર, નવેમ્બર - ૨૦૧૦નો લેખ)

કચ્છને નર્મદા નદીના સિંચાઇના નિયમિત પાણી ૦.૫ એમ.એ.એફ અને વધારાના પાણી ૧.૦ એમ.એ.એફ ફાળવવામાં આવેલ છે. ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીના પ્રોજેક્ટની કિંમત અંદાજિત રૂા. ૩૦૦૦ કરોડ થવા જાય છે. જ્યારે ૧.૦ એમ.એ.એફ વધારાના પાણીના પ્રોજેક્ટની કિંમત અંદાજિત રૂા. ૩૫૦૦ કરોડ જેટલી થવા જાય છે. ટોટલ ૧.૫ એમ.એ.એફ. પાણી કચ્છના ખેતરે ખેતરે પહોંચાડવાના હોય તો તે માત્ર ૧૨ લાખ એકર જેટલી જમીનમાં પહોંચી શકે અને તે પ્રોજેક્ટની ટોટલ કિંમત રૂા. ૬૫૦૦/- કરોડ જેટલી થવા જાય.

તેની સામે મુરબ્બી શ્રી કાંતિસેનભાઇ શ્રોફની વાત એવી છે કે કચ્છમાં જે સરેરાશ ૧૪" વરસાદ પડે છે તે પાણીનું ટીપેટીપું ભેગું કરી જમીનની ઉપર સંગ્રહવામાં આવે અથવા તો જમીનની અંદર ઉતારી દેવામાં આવે તો તે પાણીનો જથ્થો ૫.૫ એમ.એ.એફ જેટલો થઇ શકે.

આ પાણી સંગ્રહવાનો કે જમીનમાં ઉતારી દેવાનો ખર્ચ રૂા. ૬૫૦૦/- કરોડ કરતાં ઘણો જ ઓછો થાય અને તે કચ્છની મોટાભાગની જમીનને આવરી લે. તો પછી આપણે નર્મદાના ૧.૫ એમ.એ.એફ. પાણી પર આધાર રાખવાના બદલે આપણા પોતાના ૫.૫ એમ.એ.એફ. પાણી પર આધાર કેમ ન રાખીએ?

તેઓશ્રી એટલું કહીને બેસી નથી રહ્યા. આ માટે જાતે આયોજન શરૂ કરી દીધેલ છે. "તારી જો હાક સુણી કોઇ ના આવે તો એકલો જાને રે" વાળી કાવ્ય પંક્તિનો અમલ માત્ર અને માત્ર પોતાના ગ્રૂપને સાથે રાખીને શરૂ કરેલ છે.

કચ્છમાં હાલે ૯૨ નદીઓ અસ્તિત્વ ધરાવે છે. તેમાંની એક રુકમાવતી નદીનો પ્રોજેક્ટ તેઓશ્રીએ હાથ પર લીધેલ છે અને રુકમાવતી વોટર બેસિનમાં પોતાની કાર્યવાહી શરૂ કરીને ૧,૫૦,૦૦૦ એકર જેટલી જમીનના વિસ્તારને આવરી લેવામાં આવેલ છે કે જેની પાછળ ટોટલ અંદાજિત રૂા. ૨૦ કરોડના ખર્ચની ધારણા છે. આ પાણીથી આ જમીનમાં પાક લઇ શકાય છે.

'મંગલ મંદિર' તેના તમામ વાચક વર્ગને અપીલ કરે છે કે આપણે સહુ તન, મન અને ધનથી મુરબ્બી શ્રી કાંતિસેનભાઇ શ્રોફને તેમના કાર્યોમાં પૂરેપૂરો સહયોગ આપીએ કે જેથી આપણે આપણી માતૃભૂમિ કચ્છને શક્ય જલદી નવપલ્લવિત થતી જોઇ શકીએ. કચ્છને નંદનવન બનાવી શકીએ. કચ્છની મોટાભાગની પ્રજા ગરીબીમાંથી બહાર આવી શકે.

અગર કચ્છની પ્રજા આ કાર્યમાં સફળતા હાંસલ કરી શકશે તો તે સમગ્ર ગુજરાત, ભારત અને સમગ્ર દુનિયા સમક્ષ એક દૃષ્ટાંત બની શકશે.

– મુખ્ય તંત્રી

આ દાયકાની સળગતી સમસ્યાઓની વાત કરીએ તો આજે વરસાદ અનિયમિત અને અનિશ્ચિત બનતો જાય છે. પરિણામે ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પૂર જેવી સ્થિતિ સર્જાઇ છે. ખેતી ઉપરના જોખમો વધતાં જાય છે. નાના ખેડૂતો વધુને વધુ ગરીબ બનતા જાય છે, જમીનની ગુણવત્તા બગડતી જાય છે, જૈવિક વિવિધતા જોખમાઇ રહી છે. ભૂગર્ભ જળની સપાટી સતત નીચે જતી રહે છે. દરિયાની સપાટી વધી રહી છે.

મનુષ્યના જીવન ધોરણને લઇને સમસ્યાઓ જોવા મળી રહી છે. ખાવા પીવાની વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે અને જેના પરિણામે ફુગાવો સતત વધતો જાય છે. કુપોષણ અને સ્વાસ્થ્યની સમસ્યા ગંભીર બની છે. આજના વિકાસનો અંદાજ માત્ર જી.ડી.પી.નો આધાર લેવાય છે જેમાં કેટલીક પાયાની બાબતો છૂટી જાય છે. સામાજિક અને પરિસ્થિતિકીય મૂલ્યોને વિકાસની બાબત ધ્યાને લેવાતી નથી. ચારિત્ર્ય અને સંસ્કારિકતાના મૂલ્યોની અવગણના થઇ રહી છે.

આ બધી સમસ્યાઓનું સમાધાન ક્યાં મળશે? સમાધાન આપણને માત્ર અને માત્ર ગ્રામીણ વિસ્તાર, વરસાદ આધારિત વિશાળ ખેત વિસ્તાર, નાના ખેડૂતો, જમીન અને પાણીનો વ્યવસ્થાપન તથા પાક, ઘાસ અને વૃક્ષો જેની બારેમાસની પેદાશોમાંથી મળશે.

હે મારી પૃથ્વી માતા :

"મનુષ્યની ઉત્પત્તિ તારી ઉપર થઈ છે. મનુષ્ય અને પ્રાણીઓને

તેં સહયોગ આપ્યો છે. વૃક્ષો અને નાના છોડ તારી ઉપર મજબૂત રીતે ઊભા છે. સમુદ્ર, નદીઓ અને અન્ય પાણીનો સંગ્રહ તારી સપાટી ઉપર મળે છે. જંગલી પશુ તારી ઉપર વિચરણ કરી રહ્યા છે. પક્ષીઓ તારી ઉપર મુક્ત રીતે ઊડી રહ્યા છે. ડુંગરો, ટેકરીઓ અને ઘનઘોર જંગલો તારી ઉપર ઊભા છે. ઘઉં અને જવ તારી ઉપર મળી આવે છે. સોના જેવી મૂલ્યવાન ધાતુઓ અને કિંમતી ખનીજ તારી પાસેથી મળે છે. શિયાળા, ઉનાળા અને ચોમાસા જેવી ઋતુઓ તારી ઉપર થઈ જાય છે. પરાગરજનો છંટકાવ કરતા પતંગિયાઓ એક વૃક્ષથી અન્ય વૃક્ષ પર ભમી રહ્યા છે. હે પૃથ્વી, તું મારી માતા છો હું તારો બાળક છું." ***- અથર્વવેદ***


આ રીતે પૃથ્વી આપણી માતા છે અને આ માતાની ગોદમાં વિચરતી આ જીવસૃષ્ટિ માટે દરેક જીવને પોતાની જરૂરિયાતનું બધું જ મળી રહે છે પરંતુ વિકાસની દોડમાં માનવી દિવસે દિવસે કુદરતી સંસાધનોને વાપરતો જાય છે. પરિણામે કેટલીક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. અનિયમિત વરસાદ, દુષ્કાળોની પરંપરા, ખેતી ઉપર વધતાં જોખમો, જમીનનો બગાડ, પર્યાવરણનો નાશ, આવી અનેક માનવસર્જિત આપત્તિઓ વધી રહી છે અને આની વિપરીત અસરથી તંદુરસ્ત અને ટકાઉ સમાજ વ્યવસ્થા ખોરવાઈ રહી છે.

પૃથ્વીનું વાતાવરણ સતત પ્રદૂષિત થતું જાય છે. આજે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૨૮૦ P.P.M.થી વધીને ૩૮૦ P.P.M. ઉપર પહોંચ્યું છે. આપણી માતા પૃથ્વીને બચાવવા અને સમગ્ર જીવસૃષ્ટિની સુખાકારી માટે પ્રકાશ સંશ્લેષણ (ફોટો સિન્થેસીસ)ની પ્રક્રિયાથી આ વધતા જતા CO_2ના પ્રમાણને મૂળ સ્થિતિમાં લાવવું પડશે. જેમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાને ઉદ્યોગના સ્વરૂપે લેવું પડશે. પરંતુ આ બધી બાબતોના પાયામાં શુદ્ધ જળની ઉપલબ્ધિ અનિવાર્ય છે જે માટે હાથવગો અને સક્ષમ ઉપાય છે નદીઓ તરફ પાછા વળવાનો પ્રકલ્પ.

કુદરત વરસાદ દ્વારા જે પાણી આપે છે તે પાણીનું ટીપે ટીપું સંગ્રહીને તેના મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જળક્રાંતિ રેલાવીને નદીઓ અને તેની આસપાસના વિસ્તારોને નવપલ્લવિત કરવાની આ એક વિશાળ અને લાંબાગાળાની ક્રાંતિકારી કામગીરી છે. **આ ખૂબ જ આશાસ્પદ અને મહત્વાકાંક્ષી કાર્યક્રમને વ્યાપક બનાવતા પહેલાં પ્રારંભિક ધોરણે કચ્છની રુકમાવતી નદીને પુનઃજીવિત કરવાનું આયોજન હાથ ધરાયું છે, જેમાં કચ્છના નનામા ડુંગરથી નીકળીને માંડવીના સાગરમાં મળતી આ નદીના બન્ને કાંઠાના વિસ્તારમાં ૪૬ જેટલાં ગામો આવરી લેવાયા છે.**

અહીં આપણે વાત કરીએ છીએ નદી પરિવાહ (રિવર બેઝિન)ની જે પૃથ્વી સપાટી ઉપરનો એક વિસ્તાર છે કે જ્યાં વરસાદ સ્વરૂપે આવતા પાણી નાના વોકળાઓ રચીને એ નદીનું સ્વરૂપ લે છે અને છેલ્લે એક મોટી નદી બનીને સમુદ્રમાં મળી જાય છે. ટૂંકમાં એક નદી ઉપર આવતા નાના નાના વોટરશેડના સરવાળાને નદી જળ પરિવાહ (રિવર બેઝિન) કહી શકાય. ઈન્ટિગ્રેટેડ રિવર બેઝિન મેનેજમેન્ટ (IRBM)ના નામે કાર્યરત આ પ્રકલ્પના જળ પરિવાહ વિસ્તારનાં લોકો સ્વાવલંબી બનીને વિકાસ સાધી શકે તે પ્રકારની જળ, જમીન, જાનવર, જન અને જંગલોના વિકાસ માટે સંકલન, સંરક્ષણ અને વ્યવસ્થાપનની પ્રક્રિયા હાથ ધરવાની પ્રક્રિયા તેના પાયામાં છે.

આ કાર્ય માટે વી.આર.ટી.આઇ. માંડવી છેલ્લા એક વર્ષથી ભુજ અને માંડવી તાલુકાના ૪૬ ગામોનો વિસ્તાર ધરાવતા રુકમાવતી નદીનાં જળ પરિવાહને મોડેલ તરીકે લઇને છેલ્લા એક વર્ષથી વૈજ્ઞાનિક ઢબે પદ્ધતિસરના આયોજનની પ્રક્રિયા શરૂ કરેલ છે. સમગ્ર યોજનાની વિગતે માહિતી જોઈએ તો આ પ્રમાણે છે :



આજના સૂર્યને આવતીકાલના વાદળમાં સંતાડી દેવો તેનું નામ ચિંતા.

રુકમાવતી નદી જળ પરિવાહની સામાન્ય માહિતી :

- ★ કુલ ગામ : ૪૬
- ★ વિસ્તાર : ૫૯૦૭૫ હેક્ટર
- ★ વસતિ : ૧,૦૮,૦૩૩
- ★ કૃષિ વિસ્તાર : ૩૩,૪૭૩ હેક્ટર
- ★ પિયત વિસ્તાર : ૧૦,૨૬૮ હેક્ટર
- ★ ખેતીલાયક પડતર વિસ્તાર : ૫,૬૪૯ હેક્ટર
- ★ જંગલ ખાતાની જમીન : ૪,૨૮૨ હેક્ટર
- ★ અન્ય પડતર, રોડ અને ગામતળ જમીન : ૧૫,૬૭૧ હેક્ટર

• યોજનાનો ઉદ્દેશ્ય અને હેતુઓ :


ભૌગોલિક અને ભૂગર્ભની દૃષ્ટિએ વૈવિધ્ય ધરાવતા કચ્છ જેવા સૂકા અને અર્ધસૂકા વિસ્તારમાં રિવર બેઝિન મેનેજમેન્ટનું નીચેની બાબતોને લક્ષમાં રાખીને નમૂનારૂપ કાર્ય કરી રહ્યા છીએ.

- ❑ બેઝિન વિસ્તારના જળ, જમીન અને ઝાડ જેવા કુદરતી સંશાધનની ક્ષમતા અંગે સમજ મેળવીને એ વિસ્તારના લોકોને તેની સમજણ આપી રહ્યા છીએ.
- ❑ બેઝિન વ્યવસ્થાપનની સમસ્યાઓ અને પડકારોને સમજી રહ્યા છીએ.
- ❑ બેઝિનની સમસ્યાઓને ધ્યાનમાં લઈને હાલની સામાજિક-આર્થિક પરિસ્થિતિની સમજણ કેળવી રહ્યા છીએ.
- ❑ સંશાધનોના વ્યવસ્થાપન માટે લોકો દ્વારા ચાલતી એક વિકેન્દ્રિત વ્યવસ્થાતંત્ર ઊભું થઈ રહ્યું છે.

• બેઝિનની લાક્ષણિકતાઓ અને સમસ્યાઓ :

- ❑ બેઝિન વિસ્તારમાં વચ્ચેના (મધ્યમ) ભાગમાં મધ્યમ સિંચાઈ યોજના હેઠળ વિજયસાગર સિંચાઈ ડેમ અને અન્ય નાના નાના તળાવો આવેલા છે જેમાંથી લિફ્ટ ઈરિગેશન થાય છે. પરંતુ મોટા ભાગનો વિસ્તાર ભૂગર્ભ જળ આધારિત છે અને મોટાભાગના પિયત વિસ્તારમાં ખેડૂતો પોતાના બોરવેલ ધરાવે છે.
- ❑ આ વિસ્તારમાં વધુ પડતા ભૂગર્ભ જળના ખેંચાણથી પાણીના સ્તરો સતત નીચે જાય છે જેના પરિણામે સિંચાઈના કાંઠાળ વિસ્તારમાં ખારાશ વધતી જાય છે. પીવાના પાણીની ગુણવત્તા સતત બગડતી જાય છે, જમીનની ગુણવત્તા બગડી રહી છે તથા પાકની ઉત્પાદકતા સતત ઘટતી જાય છે.
- ❑ આ ઉપરાંત માનવીય રીતે પણ કેટલીક સમસ્યાઓ છે. તેમાં ભૂગર્ભ જળની ક્ષમતા અંગે સમજણનો અભાવ, વધુને વધુ પાણી ખેંચવાનો અભિગમ, અસમાન જમીન વહેંચણી તથા સંગઠનનો અભાવ જોવા મળે છે.
- ❑ આ સમસ્યાઓના સમાધાન માટે રુકમાવતીના બેઝિન વિસ્તારમાં એટલે કે ૧.૫ લાખ એકર વિસ્તારમાં ૧૨ ઈંચ વરસાદ (૧ ફૂટ) ગણીએ તો પણ ૧.૫ લાખ એકર ફૂટ પાણી આ બેઝિન વિસ્તારમાં ચોમાસામાં મળે છે. તેને વ્યવસ્થિત રીતે સાચવીએ તો કુદરત તરફથી મળતી આ મૂલ્યવાન ભેટ (વરસાદી પાણી)ને સાચવીને વિસ્તારના લોકોની સુખાકારી વધારી શકાય તે હેતુસર વી.આર.ટી.આઈ દ્વારા આ કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

રુકમાવતી નદી જળ પરિવાહ



• અભિગમ અને પદ્ધતિ :

❑ આ કાર્યક્રમના મુખ્ય ત્રણ તબક્કા છે : (૧) આયોજન, (૨) અમલીકરણ અને (૩) વ્યવસ્થાપન.

❑ સંકલન અને સહભાગિતા, એ આ કાર્યક્રમનો મુખ્ય અભિગમ છે.

❑ આ વિસ્તારના લોકોને તાલીમ આપીને તેની ક્ષમતામાં વધારો કરીને વ્યવસ્થાપન માટે ગ્રામ્ય સ્તરે સંગઠનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે ભવિષ્યના વિકાસનાં કાર્યો અને વ્યવસ્થાપન માટે સજ્જ થશે.

• આયોજન તબક્કો :

❑ વિસ્તારના વિકાસ માટેના આયોજન માટે ૧૬ જેટલા સ્થાનિક યુવાનો પસંદ કરીને તેમને સઘન તાલીમ આપવામાં આવી.

એક માતાના ખોળામાં પાંચ દીકરા સમાઈ શકે પરંતુ આજે, પાંચ દીકરાના ખોરડે એક માતા ન સમાઈ શકે, એ કરુણા છે.

- ❑ સમગ્ર વિસ્તારના નકશા તૈયાર કર્યા (બેઝમેપ, લેન્ડયુઝ મેપ, વોટર રિસોર્સ મેપ, જિયોલોજિકલ મેપ વગેરે)
- ❑ જુદા જુદા ગ્રૂપો તૈયાર કર્યા. જેમાં સ્વસહાય જૂથો, વોટર યુઝર ગ્રૂપ, ઉત્પાદક અને વપરાશ કર્તાના જૂથો, કિચન ગાર્ડન જૂથો, યુવાનોના જૂથો, પશુપાલકોના ગ્રૂપો, ખેડૂત ગ્રૂપો વગેરેનો સમાવેશ થાય છે.
- ❑ આ વિસ્તારમાં જમીન, પાણી, ખેતી, પશુપાલન, ફૂડ અને ફોડર વિશે સર્વે કરવામાં આવ્યો. જેનું પૃથક્કરણ કરીને ગામ પ્રમાણે માંગ અને પુરવઠાનો અભ્યાસ હાથ ધરેલ છે.
- ❑ સમગ્ર બેઝિનમાં આવેલ સપાટી જળસ્રોતોનો અભ્યાસ કરીને દરેક સ્ટ્રક્ચરની હાલની સ્થિતિ જાણીને તેના વ્યવસ્થાપન અને વિકાસ માટેનું આયોજન થઈ રહ્યું છે. જેના પરિણામે ૨૮,૦૦૦ મિલિયન ઘનફૂટ જેટલા સપાટી જળસ્રોતોનું પદ્ધતિસરનું વ્યવસ્થાપન લોકો દ્વારા થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે.

- **અમલીકરણ તબક્કો:**

- ❑ આયોજનની સાથે સાથે જ્યાં શક્ય બન્યું ત્યાં અમલીકરણની પ્રક્રિયા પણ શરૂ કરેલ છે, જેમાં સરકારશ્રીની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ અન્ય સ્થાનિક સંસ્થાઓનો સહકાર લઈને બેઝિન વિસ્તારમાં કુલ ૫૧ ચેકડેમ તૈયાર કરવાનું આયોજન થયું. જે માટે સર્વે અને એસ્ટિમેટનું કામ પૂર્ણ કરીને સરકારશ્રીની મંજૂરી પણ મેળવી લેવામાં આવી. જેનાથી આ વર્ષના ચોમાસા પહેલાં ૧૮ ચેકડેમનું કાર્ય પૂર્ણ થયું. સદનસીબે સારા વરસાદના પરિણામે ૨૫ ઘનફૂટ જેટલું પાણી સંગ્રહ થયું. અન્ય ચેકડેમોનું કામ પણ શરૂ થઈ ગયેલ છે જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.

- **પ્રકલ્પની લાંબાગાળાની સંભવિત અસરો અને દેખાઇ રહેલાં પરિણામો :**

- ❑ બેઝિન વિસ્તારમાં પાણી સંગ્રહ માટેના ચેકડેમ બનવાથી આજુબાજુના વિસ્તારમાં ૧ મીટર થી ૮ મીટર સુધી પાણીના સ્તરો ઉપર આવ્યા છે તથા ૧૯૦ થી લઈને ૬૦૦૦ જેટલા ટી.ડી.એસ.માં ઘટાડો થયો છે જેનાથી સારું પાણી મળતાં ખેત ઉત્પાદનમાં વધારો થશે. આ ઉપરાંત જમીનમાં ભેજ વધતાં બેઝિન વિસ્તાર લીલોછમ બન્યો છે અને આવતા વર્ષ સુધી લીલોતર જળવાઇ રહેશે.
- ❑ **બેઝિન વિસ્તારમાં દુષ્કાળ નિવારણ કાર્યક્રમ હેઠળ કેટલાક ગામોમાં પશુપાલકોના જૂથો બનાવીને તેને નેશનલ ડેવલપમેન્ટ બોર્ડની ડેરી સાથે જોડવામાં આવેલ છે જેનાથી તેમને દૂધના ભાવ ૧૨ થી ૧૩ રૂા. ને બદલે રૂા. ૨૦ થી ૨૨ મળતો થયો છે.** હાલે ૧૫,૦૦૦ લીટર જેટલું દૂધ લોકો ભરાવે છે અને તેની આવકમાં વધારો થયો છે. સાથોસાથ લોકોની ભાગીદારીથી ખાણદાણ કેન્દ્રો પણ શરૂ થયા છે અને પશુ સારવારની સગવડ પણ મળતી થઈ છે પરિણામે પશુપાલનનો વ્યવસાય દિવસે દિવસે સમૃદ્ધ થતો જોવા મળે છે.
- ❑ એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ (આત્મા) અંતર્ગત દરેક ગામમાં ખેડૂત જૂથ રચવાની કામગીરી શરૂ થયેલ છે જેમાં ખેડૂતોને તાલીમ, ડેમોન્સ્ટ્રેશન પ્લોટ, પ્રેરણા પ્રવાસો વગેરે હાથ ધરીને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ ખેતીને વધુ ઉત્પાદક બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.
- ❑ યુનિસેફના કાર્યક્રમ હેઠળ આ વિસ્તારના બાળકો ભણતા થાય, બાળ મજૂરી અટકે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે આ વિસ્તારના યુવાનોમાંથી સ્વયંસેવકો તૈયાર થઈ રહ્યા છે તથા કિશોરી જૂથો બનાવીને તેની તાલીમો પણ શરૂ કરેલ છે જેનાથી ભવિષ્યમાં દરેક કામમાં મહિલાઓની ભાગીદારી મળી રહે.
- ❑ વી.આર.ટી.આઇ. અને એગ્રોસેલ દ્વારા આ વિસ્તારના ખેડૂતોને પોતાની ખેત પેદાશોનું વધુ ઉત્પાદન મળે, ખેતીના ઇનપુટ સસ્તા ભાવે મળી રહે અને ઉત્પાદનના વેચાણની વ્યવસ્થા મળી રહે જેથી ખેડૂતને સારા ભાવ મળે તે માટે આ વિસ્તારના ૫૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને આયોજન થઈ રહ્યું છે.

- **વ્યવસ્થાપન તબક્કો :**

રુકમાવતી રિવર બેઝિન વિસ્તારમાં ગામ પ્રમાણે લોકોની જરૂરિયાત સમજીને પદ્ધતિસરનું સૂક્ષ્મસ્તરે આયોજન કરીને તેનું અસરકારક રીતે અમલીકરણ કરવાની સાથોસાથ આ વિસ્તારના લોકોમાંથી એવી સમિતિઓ તૈયાર થશે જે ભવિષ્યના આયોજન અને વિકાસ માટે વ્યવસ્થાપકની ભૂમિકા ભજવશે તથા સંયુક્ત રીતે ઊભી થયેલી મિલકતો (દા.ત. ચેકડેમ, તળાવ)ની જાળવણી અને મરામતની જવાબદારી પોતે લેશે.

- **સારાંશ :**

આમ, રુકમાવતી રિવર બેઝિનના ૪૬ ગામોનો વિસ્તાર પીવાનું પાણી, ખેતી માટેનું પાણી, ખોરાક માટે પૂરતું અનાજ, પશુપાલન માટે સારવાર, ખાણદાણ, ઘાસચારો, પાણી વગેરે બાબતે સંપૂર્ણ સ્વાવલંબી બને. બાળકોનો શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુખાકારીની સગવડો સ્થાનિકે ઊભી થાય અને લોકો ગામડામાં સમૃદ્ધ જીવન જીવતા થાય જેથી શહેરો તરફની દોડ ઘટે અને ઝૂંપડપટ્ટીથી ઊભરાતા શહેરોમાં ધસારો ઓછો થાય અને સાથે સાથે પર્યાવરણને સ્વચ્છ બનાવતું હરિયાળું વાતાવરણ બને તે માટે માંડવીની રુકમાવતી નદી ઉપર ઇન્ટિગ્રેટેડ રિવર બેઝિન મેનેજમેન્ટ (સંકલિત નદી જળ પરિવાહ વ્યવસ્થાપન) કાર્યક્રમ વી.આર.ટી.આઇ. દ્વારા 'સહવિર્યમ કરવા વહે'ની ભાવનાથી શરૂ થયેલ છે.

સંકલિત અને ટકાઉ વિકાસ માટેના આ પાયાનું કાર્ય માત્ર માનવ જ નહીં, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના પર્યાવરણના અસ્તિત્વની સાથોસાથ ટકાઉ સમાજ વ્યવસ્થાની દિશામાં ભવિષ્યમાં અન્યત્ર પ્રેરણારૂપ બની રહેશે તેવી શ્રદ્ધા છે. જે આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રિવર બેઝિન) પરનું વૈશ્વિક મોડેલ બની રહેશે. જે માટે આપણે બધાએ સાથે મળીને મિશન ઉપાડવું પડશે.

સૃજન, ભુજોડી (કચ્છ)

માતા-પિતાને આંસુ બે વાર આવે છે : એક તો દીકરી સાસરે વિદાય લે ત્યારે અને દીકરો મોં ફેરવી લે ત્યારે.

વર્ષ ૨૦૧૧માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

કચ્છ બ્રાંચ કેનાલની વિગતવાર માહિતી, બાંધકામની માહિતી અને પિયત વિસ્તારની માહિતી – શ્રી મૂકેશ ઝવેરી

રાપર મધ્યે કચ્છ શાખા નહેરનું તથા ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું તા. ૯-૪-૨૦૧૧ના રોજ કરવામાં આવેલ ખાત મુહૂર્ત.

- ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ અંગે કરવામાં આવેલ કાર્યવાહી.
- પાકિસ્તાનમાં સિંધુ નદીના કિનારાના કાંપનું ધોવાણ થવાના કારણે સિંધુ નદીના વહેણ છેલ્લા બે વર્ષથી પૂર્વ તરફ વહેવા લાગે છે એટલે કે તેનો કચ્છમાં પ્રવેશ થવા લાગે છે.



અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તે ગુરૂ. પ્રકાશમાંથી અંધકારમાં લઈ જાય તે વરૂ.

પાઈપલાઈન આવી, હવે નહેર પણ આવશે

• મૂકેશ ઝવેરી •

(મંગલ મંદિર, ફેબ્રુઆરી - ૨૦૧૧નો લેખ)

કચ્છના ઐતિહાસિક દાયકામાં ઔદ્યોગિક વિકાસની શરૂઆત થઇ ચૂકી છે પણ આ સરહદી પ્રદેશના લોકો જેની ચાતક નજરે રાહ જોઇ રહ્યા છે એ નર્મદાના સિંચાઇના નીર બે-ત્રણ વરસ બાદ પહોંચતાં નવી ક્રાંતિના મંડાણ થશે. ખેતી માટેનો એ સુવર્ણ ગાળો હશે. ૬૦૦ કિ.મી. દૂર પાઇપલાઇન વાટે નર્મદાના પેયજળ કચ્છ ખેંચી લાવવાનું કાર્ય ઉલ્લેખનીય ઘટના છે.

નર્મદાનાં નીર કચ્છ માટે અત્યાર સુધી સપનાંની વાત લેખાતી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સંકલ્પબદ્ધ થયા અને છેક ૬૦૦ કિ.મી. દૂરથી પાઇપલાઇન મારફત પીવાનું પાણી લાવીને સૂકા પ્રદેશના કચ્છ પ્રદેશની તરસ છીપાવી ત્યારથી લોકોને ખાતરી થઇ ચૂકી છે કે નર્મદા હવે વાસ્તવિકતા છે અને આવનાર બેથી ત્રણ વર્ષમાં આ સંભાવના હવે નક્કર હકીકતમાં પલટાવાની છે.

૨૦૦૧ના ધરતીકંપમાં કચ્છ તારાજ થયા પછી ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું થયું. વિકાસના ધોરીમાર્ગે દોડ લગાવવાની શરૂ કરી છે એ વિકાસ ભવિષ્યમાં વધુ સંગીન બનાવવા માટે નર્મદા યોજના ચાવીરૂપ પુરવાર થશે. રાજ્ય સરકાર અને નર્મદા નિગમ અત્યારે એ દિશામાં આગળ વધી રહ્યા છે. લક્ષ્ય એક જ છે. ૨૦૧૦ના આખર સુધી કચ્છની ધરતી પર નહેર વાટે નર્મદાનાં પાણી વહેવડાવાનું.

એક વાત હું જવાબદારીપૂર્વક કહી દઉં કે આ માત્ર વાતો નથી, પોકળ વચન નથી. કેમ કે કચ્છ શાખા નહેર અને નર્મદાના જુદા જુદા કામો માટે ૪૪૦૦ કરોડના ટેન્ડર જાહેર થઇ ગયા છે. ૨૨૦૦ કરોડના ટેન્ડર ખુલી ગયા છે અને મોટાભાગના કામ અપાઇ ગયા છે.

કચ્છના લોકોને એ જાણીને આનંદ થશે કે અત્યારે કચ્છ ઔદ્યોગિક રીતે વિકસી રહ્યું છે. આગામી બે વર્ષ બાદ નર્મદાની નહેર કૃષિ વિકાસની વાહક બનીને આવશે. કચ્છના ૧૦ તાલુકામાંથી ૭ તાલુકાને ચોમાસા દરમ્યાન મળનારા વધારાના પાણી સહિત નર્મદાનાં નીર સિંચાઇ માટે આપવાનું આયોજન છે. એ જોતાં મોટી ક્રાંતિનું નિર્માણ થઇ રહ્યું છે એની ખાતરી રાખજો.

વિકાસના છેલ્લા દાયકા પર દૃષ્ટિપાત કરીએ તો નર્મદા પેયજળનું અવતરણ ઐતિહાસિક ઘટના હતી. ૧૮મી મે, ૨૦૦૩ના દિવસે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ સામખિયાળી હેડવર્કસ ખાતે પાઇપલાઇનથી આવેલાં નર્મદાના પેયજળના વધામણાં કર્યા. એ રીતે પીવા માટે ફક્ત વરસાદ પર આધારિત કચ્છ માટે એક નવો વિકલ્પ ખૂલ્યો. કચ્છ માટે આ બહુ મોટી વાત કહી શકાય. કેમકે અહીં અપૂરતા વરસાદને લીધે જમીનના પાણી સતત નીચે ઉતરતાં રહ્યાં છે. નર્મદાનાં નીરને લીધે એકતરફ ઉદ્યોગોની આંશિક જરૂરિયાત સંતોષાણી, બીજી તરફ લોકોને પીવાનાં પાણીની ચિંતા હળવી થઇ. આજે બન્ની પંથક અને ખાવડા સુધી નર્મદાની પાઇપલાઇનના પાણી પહોંચી ચૂક્યાં છે અને દેશના છેવાડાના સરહદી લખપત તાલુકા સુધી પહોંચવાની તૈયારીમાં છે.

કચ્છ માટે નર્મદાના વર્તમાન આયોજનની વિગતો જોઇએ એ પહેલાં એક-બે મહત્ત્વની વાત. એક વાત છે જમીન સંપાદનની. કેનાલો બાંધવા માટે જમીન સંપાદનના કાર્યમાં લોકોએ સ્વયંભૂ સહકાર આપ્યો છે. જંત્રી ભાવથી જમીન ખરીદવાના સરકારના હકારાત્મક નિર્ણયે પણ ભાગ ભજવ્યો છે. લોકોની નર્મદા માટેની ઇંતેઝારીનો ખ્યાલ એક વાત પરથી આવશે કે સુવઇના દલિત ભાઇઓએ વળતર લીધા વિના પોતાની જમીન નર્મદાના યજ્ઞમાં આપી દીધી છે.

મુખ્યમંત્રી કચ્છની કેટલી કાળજી રાખે છે એ વાત હવે કહેવાની જરૂર નથી. કચ્છના લોકોને તેનો અહેસાસ થઇ ચૂક્યો છે.

નર્મદાનું સપનું પરિપૂર્ણ કરવા માટે મહેસૂલમંત્રી આનંદીબહેન પટેલ અને શહેરી વિકાસમંત્રી નીતિનભાઇ પટેલની ઉચ્ચ કક્ષાની સમિતિ જમીન સંપાદનથી લઇને કેનાલોના કામ ઝડપથી આગળ ધપાવવાની કામગીરી પર દેખરેખ રાખી રહી છે. તેવી જ રીતે નર્મદા નિગમના અધ્યક્ષ રાજગોપાલન, એમ.ડી. જગદીશન તથા કચ્છ શાખા નહેરનો હવાલો સંભાળતા જોઇન્ટ એમ.ડી. શ્રીનિવાસન વચ્ચે ઉમદા સંકલન છે. સૌનો આશય એક જ છે કચ્છ સુધી વહેલી તકે નર્મદાનાં નીર પહોંચાડવા.

કચ્છ શાખા નહેર નર્મદા યોજના મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. પરથી નીકળે છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૭૫ કિ.મી. છે. કચ્છ શાખા નહેર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ કચ્છના રણને ઓળંગીને કચ્છ જિલ્લામાં પ્રવેશ કરે છે. કચ્છ શાખા નહેરની શરૂઆતની લંબાઇમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૬૭ કિ.મી. (બનાસકાંઠા જિલ્લાના ભાભર ગામે), ૪૦.૩૦ કિ.મી. (પાટણ જિલ્લાના કિલાણા ગામે) અને ૮૨.૩૦ કિ.મી. (પાટણ જિલ્લાના મઢુત્રા ગામે) પર અનુક્રમે ૧૧.૨૫ મી., ૭.૮૦ મી. અને ૮.૮૨૫ મી. ઉંચાઇના ફૉલ બાંધવાનું આયોજન કર્યું છે. કચ્છ જિલ્લામાં સાંકળ ૧૦૦.૭૯ કિ.મી. (રાપર તાલુકાના માંજુવાસ ગામે) અને ૧૧૧.૭૫૦ કિ.મી. (રાપર તાલુકાના હમીરપુરા ગામે) ઉપર

આપણે સુખી થવું હોય તો ક્યારનાયે થઈ ગયા હોત, પરંતુ આપણે તો બીજા કરતાં વધારે સુખી થવું છે.... જે શક્ય નથી.

પમ્પિંગ સ્ટેશન મૂકી બંને જગ્યાએ ૧૮.૨૧ મી. ઊંચાઈમાં તથા ભચાઉ પાસે સાંકળ ૧૮૯.૯૭ કિ.મી. પાસે ત્રીજું પમ્પિંગ સ્ટેશન મૂકી ૧૮.૭૨ મીટર ઊંચાઈમાં પાણી ઉદવહન કરવાનું આયોજન છે.

- **કચ્છ શાખા નહેરના પિયત વિસ્તારની વિગત :**

મૂળ આયોજન મુજબ કચ્છ જિલ્લાના ૪૨,૮૦૦ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ હતો. નર્મદા આયોજન જૂથ દ્વારા વિગતવાર સર્વેક્ષણ આધારે કચ્છ જિલ્લાનો પિયત વિસ્તાર ૫૭,૩૦૦ હેક્ટર નક્કી કરવામાં આવેલો. કચ્છ જિલ્લાને વધુ પાણી ફાળવવા જિલ્લાના પ્રતિનિધિઓની અવાર-નવારની રજૂઆતોને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લાનો પિયત વિસ્તાર ૫૭,૩૦૦ હેક્ટરથી વધારી ૧,૧૨,૭૭૮ હેક્ટર કરવામાં આવેલો છે. જે બાબતે પાણીની ફાળવણી ૦.૨૦૩ મી.એ. ફૂટથી વધારીને ૦.૪૯૬ મી.એ. ફૂટ કરવામાં આવેલી અને તે મુજબ કચ્છ શાખા નહેરની વહનક્ષમતા વધારીને ૧૭૦ ઘ.મી./સેકન્ડ કરવામાં આવેલી છે. વધુમાં ચોમાસા દરમ્યાન પુરના ઉપલબ્ધ વધારાનાં પાણીમાંથી ૧.૦ મિલિયન એકર ફૂટ પાણી કચ્છ જિલ્લાને આપવાનું આયોજન સિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તે માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતા પણ વધારવામાં આવી છે.

- **બાંધકામના ચાલુ કામોની સ્થિતિ:**

કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦ થી ૩૨.૯૭ કિ.મી. ના કામો પૂર્ણ થઈ ગયેલા છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭ થી ૪૫ કિ.મી.ની લંબાઈમાં બાકી રહેલા કામ મૂળ ઈજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે અને નવેમ્બર-૨૦૧૧ માં પૂર્ણ કરવાનું આયોજન છે. ક.શા.ન.ની સાં ૪૫ થી ૫૫ કિ.મી.ના કામો (૨૯૭.૯૭ કરોડ) ઈપીસી ટેન્ડર ધોરણ બહાર પાડવામાં આવેલ છે અને જે મંજૂરી હેઠળ છે. કચ્છ શાખા નહેરની લંબાઈમાં સાંકળ ૫૫ થી ૬૫ કિ.મી.ની લંબાઈમાં બાકી રહેલા કામો (૨૧.૧૮ કરોડ) પણ ઈજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫ થી ૮૨.૩૦ કિ.મી.ના કામો તથા સાંકળ ૩૦.૦ થી ૮૨.૩૦ કિ.મી. ના નેટવર્કના કામોનું (૨૨૩.૪૯ કરોડ) ઈપીસી ધોરણે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે, જે મંજૂરી અર્થે ચકાસણી હેઠળ છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦ થી ૩૦.૦ કિ.મી.ની લંબાઈમાંથી નીકળી ડિસ્ટ્રીબ્યુટરીના કામો પ્રગતિમાં છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૧૧૨.૫૦૦ થી ૧૩૩.૫૧૯ કિ.મી.(કુલ ૨૧ કિ.મી.)ની લંબાઈમાં બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેર સાંકળ ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે-૨) નું કામ મૂળ ઈજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. જે જાન્યુઆરી-૨૦૧૨ માં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે કચ્છ શાખાના નહેર સાંકળ ૧૧૨.૫૦૦ થી ૧૨૨.૨૧૯ કિ.મી. (પેકેજ કે-૧)નું કામ પ્રગતિમાં છે અને જૂન-૨૦૧૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

- **પમ્પિંગ સ્ટેશન :**

કચ્છ શાખા નહેર પર આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનના કામો માટેના ટેન્ડરો મંગાવવામાં આવેલા, જે ચકાસણી હેઠળ છે અને ઈજારદાર નક્કી થયા બાદ ટોચ અગ્રતાના ધોરણે કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૭૧ ઉપર)

કચ્છ શાખા નહેર હેઠળના આયોજન મુજબ પિયત વિસ્તારની જિલ્લાવાર, તાલુકાવાર અને ગામની સંખ્યાવાર વિગતો નીચે મુજબ છે.

અનુ નં.	*જિલ્લો*	*તાલુકો*	*લાભિત ગામોની સંખ્યા*	*પિયત વિસ્તાર હેક્ટરમાં*
૧	૨	૩	૪	૫
૧	બનાસકાંઠા	કાંકરેજ	૨	૨૦૯૮
		દિયોદર	૨૬	૧૮૪૯૪
		ભાભર	૧	૨૨૫
		વાવ	૯	૭૫૦૧
		કુલ	**૩૮**	**૨૮૩૧૮**
૨	પાટણ	રાધનપુર	૨	૮૫૦
		સાંતલપુર	૩૯	૩૩૯૪૩
		કુલ	**૪૧**	**૩૪૭૯૩**
૩	કચ્છ	રાપર	૪૭	૩૮૫૬૧
		ભચાઉ	૩૩	૨૫૯૩૫
		ગાંધીધામ	૮	૪૧૩૪
		અંજાર	૨૪	૧૩૩૬૭
		મુંદરા	૩૪	૧૮૨૪૦
		માંડવી	૩૦	૧૧૧૯૮
		ભુજ	૬	૧૩૪૩
		કુલ	**૧૮૨**	**૧,૧૨,૭૭૮**
		કુલ સરવાળો	**૨૬૧**	**૧,૭૫,૮૮૯**

શક્તિ હોય ત્યાં શાંતિ નથી હોતી પરંતુ જ્યાં શાંતિ હોય ત્યાં શક્તિ જરૂર હોય છે...

ઐતિહાસિક અવસર

• દિનેશ આર. મહેતા •

(મંગલ મંદિર, મે - ૨૦૧૧નો લેખ)

સરદાર સરોવર પ્રોજેક્ટ નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ખાત મુહૂર્ત

કચ્છ જિલ્લાના રાપર મધ્યે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે ૮૬ કિ.મી. લાંબી નર્મદા બ્રાન્ચ કેનાલના કામનું તેમજ ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું તા. ૯-૪-૨૦૧૧ ના રોજ ખાત મુહૂર્ત કર્યું હતું. કેનાલના કામ સાથે મોટાભાગના ખેતરોને પાણી પહોંચી શકે તે રીતે ઈજનેરી કૌશલ્યના બેનમૂન કામથી ૬૦ ફૂટ પાણી ફેંકવાની ક્ષમતાવાળા ત્રણ પમ્પિંગ સ્ટેશનો ઊભા કરવાની આ યોજના છે. તે ઉપરાંત, સરદાર સરોવર પ્રોજેક્ટ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રતીક રૂપે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સહુથી ઊંચી એક પ્રતિમા પણ ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં લિફ્ટ દ્વારા ૬૦ માળ જેટલી ઉંચાઈએ જઈ શકાશે અને સરદાર પટેલની આંખોમાંથી બહારની દુનિયા જોઈ શકાશે.

રાપર તાલુકામાં નર્મદા શાખા નહેરનું ખાતમુહૂર્ત એ કચ્છ જિલ્લા માટે એક ઐતિહાસિક દિવસ બની ગયો છે. કચ્છવાસીઓની આંખો જે દશ્ય જોવા તલપાપડ બની હતી તે 'નમામિ દેવી નર્મદે'ની સાક્ષીવાળી જનમેદનીમાં આનંદનો માહોલ સર્જાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૫૦ વર્ષથી ખોરંભે પડેલી કચ્છની નર્મદા કેનાલ યોજના આ રીતે કાર્યરત થઈ છે. અને તેના પરિણામે કચ્છના રણ વિસ્તારને લીલુંછમ કરવાના અભિયાનનું સ્વપ્ન સાકાર થશે તેવી અપેક્ષા છે.

વધુમાં, સરદાર સરોવર ડેમ ઉપર મોટા કદના દરવાજાનું નિર્માણ કરવાનું પણ આ યોજનામાં આયોજન છે. સિંચાઈ કામ માટે ૯૦ ટકાની કેન્દ્રિય સહાય ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળનાં વિસ્તાર માટે મંજૂર કરવાની માંગણી પણ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.

સરદાર સરોવર પ્રોજેક્ટની નર્મદા કેનાલ કચ્છ શાખાના રૂા. ૪૬૦૦ કરોડના વિરાટ જળસંચય કામોનું પ્રારંભ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે કચ્છ શાખા નહેર અને ત્રણ પમ્પિંગ સ્ટેશનોના બાંધકામથી થયું છે. આ યોજના હેઠળ કચ્છનાં ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૭૮,૫૬૧ એકર જમીનને પિયત જળ ઉપલબ્ધ થશે તેમજ જિલ્લાના મોટાભાગના ગામડાં અને નગરોને નિશ્ચિત ધોરણે પીવાના પાણીનો પુરવઠો પ્રાપ્ત થશે.

ઉપરોક્ત કામ પૈકી રૂા. ૪૦૨ કરોડના ખર્ચે કચ્છ શાખા નહેરની ૩૦ કિ.મી. લંબાઈ (સાંતલપુર તાલુકામાં મોમાઈમોરાથી રાપર તાલુકાનાં નાની હમીરપુર ગામ સુધી), રૂા. ૩૪૫ કરોડના ખર્ચે ૫૬ કિ.મી. લંબાઈ (રાપર તાલુકામાં નંદાસર ગામથી ભચાઉ સુધી) તેમજ રૂા. ૫૧૮ કરોડના ખર્ચે ત્રણ પમ્પિંગ સ્ટેશનો (મંજુવાસ, હમીરપુર અને ભચાઉ)ના કામોનો સમાવેશ થાય છે.

અત્રે યાદ રહે કે ૧૨૧૦ મી. લાંબો, ૧૬૩ મી. પાયાથી ઊંચાઈ ધરાવતો સરદાર યોજના બંધ વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો કોંક્રીટ ગ્રેવિટી બંધ છે અને હાલ ૧૨૧.૯૨ મી. ઊંચાઈ સાથે ૯૭ ટકા કોંક્રીટ બાંધકામ પૂર્ણ હોતાં પાણી સંગ્રહ ક્ષમતા ૧૫૫ કરોડ ઘનમીટર છે.

ઉપરોક્ત ખાતમુહૂર્તના પ્રસંગે અને સમારંભના સ્થળે સિંચાઈમંત્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલમંત્રી આનંદીબહેન પટેલ, રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, રાધનપુરના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી, સરદાર સરોવર નર્મદા નિગમના શ્રી નિવાસ, શ્રી રાજગોપાલન, શ્રી એસ. જગદીશન, શ્રી મુકેશભાઈ ઝવેરી વગેરે અધિકારીઓ, સાંસદ, ધારાસભ્યો સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત હતા.

નર્મદા નિગમના ડિરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરીએ સમારંભના અંતે આભાર દર્શન કર્યું હતું.

આ પ્રસંગે મુંબઈ સ્થિત કચ્છીઓ માટે ખાસ ટ્રેઈનની વ્યવસ્થા થતાં, ત્યાંથી કચ્છી આગેવાનો સહિત સારી માત્રામાં કચ્છી પરિવારજનો સમારંભના સ્થળે ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલના ખાતમુહૂર્ત પ્રસંગના કાર્યક્રમમાં અંદાજે ત્રીસેક હજારની માનવમેદની એકત્ર થઈ હતી. ■

પાઈપલાઈન આવી, હવે નહેર પણ આવશે

(અનુસંધાન : પાના નં. - ૧૭૦ ઉપરથી ચાલુ)

• **નવાં કામોની વિગત :**

કચ્છ શાખા નહેર સાંકળ ૮૨ થી ૧૧૨.૫ કિ.મી.ના કામ ઈપીસી કરારના ધોરણે રૂા. ૪૩૪.૭૧ કરોડ, કચ્છ શાખા નહેર સાંકળ ૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭૭ કિ.મી. ના કામ ઈપીસી કરારના ધોરણના રૂા. ૩૭૫.૭૪ કરોડ માટે ટેન્ડરો મંગાવવામાં આવેલ છે, જે મંજૂરીના આખરી તબક્કામાં છે. સદર બંને કામો ઈજારદાર નક્કી થયા બાદ આગામી ૨૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૧૮૯.૯૭૭ થી ૨૭૩.૨૯૫ કિ.મી.ના કામ ઈપીસી કરારના ધોરણના કુલ રૂા. ૫૮૧.૩૬ કરોડના ટેન્ડર બે ભાગમાં ફરીથી માગવામાં આવનાર છે. કચ્છ શાખા નહેર સાંકળ ૨૭૩ થી ૩૫૭ કિ.મી.ના કામોમાં બાંધકામ પૂર્વેની કામગીરી અંતિમ તબક્કામાં છે અને તેના ટેન્ડરો પણ અગ્રતાના ધોરણે બહાર પાડવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેરની પેટા શાખા નહેર જેવી કે ગાગોદર અને વાંઢિયા પેટા શાખા નહેરો તથા તેના પિયત વિસ્તારના કામોના બાંધકામ પૂર્વેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરેલી છે જે પૂર્ણ કરી ટેન્ડરો મંગાવવામાં આવનારા છે.

(તા. ૨૦-૧-૨૦૧૧ના 'કચ્છ મિત્ર'માંથી સાભાર)

નમામિ દેવી નર્મદે – અમ આંગણે અવનવો અવસર

• દિનેશ આર. મહેતા •

(મંગલ મંદિર, મે - ૨૦૧૧નો લેખ)

સરદાર પ્રોજેક્ટ, નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ખાત મુહૂર્તના ઐતિહાસિક અવસરે ઉપસ્થિત રહેવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપક્રમે એક ખાસ બસ દ્વારા સમાજના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિના સભ્યો, સમાજ પરિવારના સભ્યો તેમજ અન્ય અગ્રણીઓ ૮-૪-૨૦૧૧ ના સાંજે રવાના થઈ, શ્રી મનુભાઈ શાહના પ્રયત્નથી કટારિયા તીર્થમાં રાત્રિ રોકાણ કર્યા બાદ ૯-૪-૨૦૧૧ના વહેલી સવારે રાપર સમારંભના સ્થળે આગમન કર્યું હતું. જ્યાં વિશાળ માત્રામાં જનમેદની એકત્ર થઈ હતી.

કચ્છના સ્વપ્ન સમી નર્મદા શાખા નહેર તથા ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું ભૂમિપૂજન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ત્રંબૌ જેસડા ગામ વચ્ચે શાસ્ત્રોક્ત વિધિથી કર્યું હતું. ત્યારબાદ રાપર ખાતે ખીચોખીચ ઉપસ્થિત મેદની સમક્ષ સ્વીચ દબાવીને કચ્છની નર્મદા યોજનાના કામોનો શુભારંભ કરાવ્યો હતો.

સમારંભના સ્થળે સમાજના હોદ્દેદારો, આગેવાનો અને પરિવારજનોની ઉપસ્થિતિ માટે નર્મદા નિગમના ડિરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરીએ સમાજના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા અને અન્ય સાથે રૂબરૂ વાતચીત દરમિયાન આનંદ વ્યક્ત કર્યો હતો.

શિલાન્યાસના સમારંભ કાર્યક્રમમાં કેટલાક દાનવીરો અને અમુક સંસ્થાઓએ સરકારશ્રીના કન્યા કેળવણી નિધિમાં દાન આપવાની જાહેરાત કરી હતી. જેમાં જાણીતા દાતા અને ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલા મુખ્ય હતા. તે સિવાય, સરદાર સરોવર પ્રોજેક્ટના બાંધકામના સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના બાંધકામ માટે સુવઈ ગ્રામવાસીઓએ ૧૦૦ કિલો ચાંદી જમા કરાવીને અન્ય ગામડાંઓને એક નવી દિશા બતાવી હતી.

કાર્યક્રમના અંતે શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી અનંતભાઈ દવે, શ્રી પંકજભાઈ મહેતા, શ્રી ભરતભાઈ શાહ, શ્રી વાડીલાલ સાવલા વગેરેને રૂબરૂ મળવાની તક પ્રાપ્ત થઈ હતી.

ઉપરોક્ત કાર્યક્રમ સમાપ્ત થતાં, સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપીને સમાજના સભ્યો વળતી વેળાએ શંખેશ્વર મહાતીર્થમાં ભવ્ય દર્શનનો લાભ લઈને મોડી રાત્રિના અમદાવાદ પરત ફર્યા હતા.

સમગ્ર પ્રવાસ દરમિયાન ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી બંસીલાલભાઈ ગડા (મુંબઈ) તેમજ શ્રી રજનીકાંતભાઈ પારેખે પ્રસંગોપાત વિવિધ વાર્તાલાપ, જોક્સ અને ગીત દ્વારા રંગત જમાવીને પ્રત્યેક ઘડી આહ્લાદક બનાવી હતી. પ્રવાસ સંગાથી પૈકી અમુક દિલાવર વ્યક્તિઓ દ્વારા પ્રવાસખર્ચના સૌજન્યની જાહેરાત થતાં, તેઓશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી જયસુખભાઈ સંઘવીએ બસમાં નાસ્તા-પાણીની તેમજ અન્ય વ્યવસ્થા સારી રીતે સંભાળીને દરેકને ખુશ કર્યા હતા.

કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ

(અનુસંધાન : પાના નં. - ૧૫૫ ઉપરથી ચાલુ)

શુદ્ધીકરણ થશે અને પછી જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન ક્ષમતા વધારાશે. **આ બાબત સહેલાઇથી સમજાય તેવી નથી. G.I.D.B. આ બાબતે ખુલાસો સ્પષ્ટતા કરશે?** આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ક્યાં અને ક્યારે હાથ ધરાશે તે હજી નક્કી નથી ત્યાં તો ગુજરાત સરકારે પીપાવાવ, પોરબંદર અને ભાવનગરના વિસ્તારોમાં પણ આવા ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

આશા રાખીએ કે ડિસેલિનેશન પ્લાંટ શક્ય તેટલો વહેલો સાકાર થાય જેથી કચ્છના ઉદ્યોગોને અપાતા નર્મદાના પાણીનું પ્રમાણ ઘટવા પામે અને તે પેયજળ તરીકે કચ્છના વધુ વિસ્તારમાં અથવા હાલના વિસ્તારોમાં વધુ માત્રામાં મળતું થાય.

તા.ક. : કચ્છમાં વરસાદ ખેંચાતા પીવાના પાણીની તંગી સર્જાવાની દહેશત સામે, સાવચેતીના પગલાંરૂપે કચ્છમાં કાર્યરત ઉદ્યોગો પર ૫૦% પચાસ ટકા પાણી કાપ મુકાયો છે. આ માહોલમાં ડિસેલિનેશનનો આ પ્રોજેક્ટ શક્ય તેટલો વહેલો કાર્યરત થાય તે જરૂરી જ નહીં અતિ જરૂરી ગણાવું જોઈએ.

૩૦૫, અરિહંત આશિયાના, ભૂમરાજા લેન, બરકતપુરા, હૈદ્રાબાદ.

કચ્છમાં સિંધુ નદીના પાણીનો ફરી પ્રવેશ

(અનુસંધાન : પાના નં. - ૧૭૮ ઉપરથી ચાલુ)

ખડીર, ખાવડા, વાગડ વિસ્તાર, ઝીંઝુવાડા બંદર વગેરે હરિયાળા બની શકે. જૂની જાહોજલાલી ફરી પ્રાપ્ત થઇ શકે.

આ સમાચારે એક હકીકત ફરી સહુની નજરમાં ઉપસ્થિત કરી દીધેલ છે કે કચ્છ, એ સિંધુ તટનો પ્રદેશ ગણાય અને તેને સિંધુના પાણીનો લાભ મળવો જોઇએ. નર્મદા નદીના પાણી કે ભાકરા નાંગલ ડેમના પાણી પર રાજસ્થાનનો જે હક્ક લાગે તેના કરતાં અનેક ઘણો હક્ક સિંધુ નદીના પાણી પર કચ્છનો બની શકે છે. **આંતરરાષ્ટ્રીય સંધિના કારણે સિંધુ નદીના પાણીનો હક્ક કચ્છ ગુમાવતું હોય તો ભારત સરકારે તેના વિકલ્પો કચ્છ માટે ઊભા કરવા જોઇએ.** તા. ૧૯-૯-૧૯૬૦ના પંડિત જવાહરલાલ નહેરૂ અને પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અયુબખાન વચ્ચે વિશ્વ બેંકની મધ્યસ્થી દ્વારા સિંધુના જળ કરારની કરાંચીમાં જે અધિકૃત જાહેરાત કરવામાં આવી અને જેનાથી સિંધુ નદીના પાણી કચ્છને મળે તેવી કોઇ શક્યતા જ ન રહેવા પામી તેની સામે આ પ્રશ્ને ફેર વિચારણાનો પ્રશ્ન લોકોના દિલો-દિમાગમાં આવતા દિવસોમાં જડબેસલાક બેસી જવાનો અને સમગ્ર કચ્છના વાતાવરણમાં આ પ્રશ્ન ચર્ચાતો રહેવાનો. ■

કચ્છમાં પાણીની જરૂરિયાત

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૧નો લેખ)

• નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી :

અગાઉ સિંધુ નદીના પાણી સૂકા ભઠ્ઠ કચ્છને ફાળવવાની વાત હતી કે જે શક્ય ના બની.

ત્યારબાદ રાજસ્થાનમાંથી ઈન્દિરા કેનાલ દ્વારા કચ્છમાં પાણી લાવવાની વાત હતી કે જે પણ શક્ય ના બની.

છેલ્લે એક માત્ર જીવંત આશા નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી કચ્છમાં લાવવાની વાત હતી કે જેની ઈંતેજારી કચ્છીઓએ વર્ષો લગી મનમાં સેવેલ હતી, પરંતુ એ આશા પણ વર્ષ ૨૦૦૩ લગી તો નિરાશામાં ફેરવાઈ જતી લાગેલ હતી.

પરંતુ એ આશામાં સંચાર થયો માર્ચ-૨૦૦૫માં કે જ્યારે ૩૬૦ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત ૭૫ કિ.મી.ના લંબાઈના અને રૂા. ૨૫૦ કરોડની કિંમતના કાર્યો અલગ-અલગ ૫ ટેન્ડરો દ્વારા, ત્રણ વર્ષમાં પૂરા કરવાની શરતે, વિવિધ કોન્ટ્રેક્ટરોને આપવાની જાહેરાત કરવામાં આવી. પરંતુ આ આશા પણ નિરાશામાં ફેરવાવા લાગી, જ્યારે એ હકીકત સામે આવી કે કામો સુપરત કર્યા બાદ ચાર વર્ષે પણ માત્ર રૂા. ૧૫૦ કરોડના કામો જ કરવામાં આવેલ છે અને આ કામો પૂરેપૂરા ઠપ્પ છે. આ કાર્યમાં ક્યાંક ગરબડ ઊભી થયાનો સહુને ભાસ થયો.

એ દરમ્યાન નવેમ્બર-૨૦૦૯માં ગુજરાત સરકારશ્રી દ્વારા એક જાહેરાત કરવામાં આવી કે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે એક કાર્યદક્ષ અધિકારી શ્રી એસ. જગદીશનની નિમણૂક કરવામાં આવેલ છે. ત્યારબાદ એક જાહેરાત દ્વારા અન્ય એક કાર્યદક્ષ અધિકારી શ્રી ડી. રાજગોપાલનની નિગમના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી. ત્યારબાદ શ્રી જગદીશનના ઉચ્ચારણો પરથી એ અનુમાન બાંધી શકાયું કે હવે પછી નર્મદાની કેનાલના કાર્યોમાં ગતિ આવી શકશે.

ફેબ્રુઆરી-૨૦૧૦માં જાહેર કરવામાં આવ્યું કે નર્મદા નદીની બાકી રહેતી સિંચાઈની કેનાલોના કામો પૂરાં કરવા કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૧૧,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવણીમાં ૯૦ ટકા ગ્રાન્ટના ધોરણે રૂા. ૧૪૨૨ કરોડ કચ્છ બ્રાંચ કેનાલ માટે અલગથી ફાળવવામાં આવેલ છે.

ફેબ્રુઆરી-૨૦૧૦ના અંત ભાગે એ જાહેરાત પણ આવી કે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના બજેટમાં કચ્છ બ્રાંચ કેનાલ માટે રૂા. ૯૪૦ કરોડની ફાળવણી કરેલ છે.

ત્યારબાદ મે-૨૦૧૦માં જાહેર કરવામાં આવ્યું કે શ્રી મૂકેશભાઇ ઝવેરીની સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

ઉપરોક્ત નવેમ્બર-૨૦૦૯થી મે-૨૦૧૦ દરમ્યાન લેવાયેલ પગલાંના હિસાબે કચ્છીઓને ખાતરી થઇ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો હવે જરૂરથી હાથ પર લેવામાં આવશે અને કચ્છમાં નર્મદા નદીના સિંચાઇના પાણી આવતા વર્ષોમાં જરૂરથી પહોંચી શકશે.

ત્યારબાદ કચ્છ બ્રાંચ કેનાલના એક પછી એક ટેન્ડર બહાર પડતા ગયા, કામો જે-તે કોન્ટ્રેક્ટરને સુપરત કરાતા ગયા અને એ કામો શરૂ પણ કરાવવામાં આવ્યા. ૦-૦ કિ.મી.થી ૧૯૦.૦ કિ.મી. સુધીના એટલે કે ભચાઉ સુધીના રૂા. ૨૨૦૦ કરોડની કિંમતના કામો આજ દિન સુધી વિવિધ કોન્ટ્રેક્ટરોને સુપરત થઇ ચૂકેલ છે અને એ કામો શરૂ કરવામાં પણ આવી ગયેલ છે. ૧૯૦.૦ કિ.મી.થી ૨૭૩.૦ કિ.મી. સુધીના એટલે કે ગુંદાલા સુધીના રૂા. ૫૮૧ કરોડના કામોના ટેન્ડર બે ભાગમાં મંગાવી લેવામાં આવેલ છે. માત્ર ૨૭૩.૦ કિ.મી. એટલે કે ગુંદાલાથી માંડવીના મોડકૂવા સુધીના કામના ટેન્ડરો જરૂરી સર્વે કામના અભાવે બહાર પાડી શકાયેલ નથી. ત્રણ પમ્પિંગ સ્ટેશનોના કામ પણ જે-તે કોન્ટ્રેક્ટરને સુપરત કરી દેવામાં આવેલ છે અને એ કામોની શરૂઆત પણ કરી દેવામાં આવેલ છે.

અન્ય તરફ નિગમના શ્રી મૂકેશભાઇ ઝવેરી વાગડ વિભાગમાં જાતે પ્રવાસ કરી, ગામડે ગામડે ખેડૂતો સાથે મિટિંગ કરી, કેનાલના કામો માટે જોઇતી મોટા ભાગની જમીન જંત્રીના ભાવે સંપાદિત કરવાની પ્રક્રિયા પૂર્ણતા તરફ લઇ જવામાં સિદ્ધહસ્ત પુરવાર થયેલ છે.

અત્રે એ વાતની નોંધ લેવી જરૂરી બની રહેશે કે શ્રી મુકેશભાઇનું કાર્ય ગાંધીધામ, અંજાર, મુન્દ્રા, માંડવી કે ભુજ તાલુકાની જમીન સંપાદિત કરવાનું એટલું સરળ નહીં બની રહે. કેમકે આ વિસ્તારમાં જમીનના ભાવો જંત્રી કરતાં અનેકઘણાં હોવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે. આપણે આશા રાખીએ કે શ્રી મૂકેશભાઇની કામગીરી આ વિસ્તારમાં પણ સિદ્ધિએ પહોંચે.

અત્યારે તો ચોક્કસપણે ધારણા રાખી શકાય કે આવતા ત્રણેક વર્ષના સમયગાળામાં નર્મદા નદીના સિંચાઇના પાણીથી કચ્છના ખેતરોમાં પાક લઇ શકાશે. જો કે હજુ નર્મદા ડેમની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરે ગેઇટ બેસાડીને ૧૩૮.૬૪ મીટર સુધી પહોંચાડવાની બાકી રહે છે. સરદાર સરોવર ડેમની ઊંચાઇ જ્યારે ૧૨૧.૯૨ મીટર હોય ત્યારે તેમાં ૧.૨૭ M.A.F. પાણીનો સંગ્રહ થઇ શકે. આટલા પાણીનો સંગ્રહ હોય તોજ તે પાણી કચ્છ સુધી પહોંચી શકે.

સરદાર સરોવર ડેમથી રાજસ્થાનની હદ સુધી મેઇન કેનાલ

૪૮૫ કિ.મી. લાંબી છે. એ મેઈન કેનાલમાં ૩૮૫.૮૧ કિ.મી.ના સાંકળ પર બનાસકાંઠાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી ૨૨૦ ક્યુમેક્સ કેપેસિટીની કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે. ૮૨.૩ કિ.મી.ના પ્રવાસ બાદ આ કેનાલ કચ્છમાં ફતેહગઢ ગામ પાસેથી પ્રવેશ કરે છે ત્યારે તેની કેપેસિટી ઘટીને ૧૭૮ ક્યુમેક્સની કરી દેવામાં આવેલ છે. માંડવીના મોડકૂવા પાસે તેની કેપેસિટી ૬૦ ક્યુમેક્સની રાખવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલના સિંચાઈના પાણીના કારણે કચ્છમાં નીચે મુજબની જમીનમાં ખેતી થઈ શકશે.

તાલુકા	ગામ	સિંચાઇનો વિસ્તાર (હેક્ટરમાં)
રાપર	૪૭	૩૮,૫૬૧
ભચાઉ	૩૩	૨૫,૯૩૫
પૂર્વ કચ્છ ટોટલ	**૮૦**	**૬૪,૪૯૬**
ગાંધીધામ	૮	૪,૧૩૪
અંજાર	૨૪	૧૩,૩૬૭
મુન્દ્રા	૩૪	૧૮,૨૪૦
માંડવી	૩૦	૧૧,૧૯૮
ભુજ	૬	૧,૩૪૩
પશ્ચિમ કચ્છ ટોટલ	**૧૦૨**	**૪૮,૨૮૨**
ટોટલ	**૧૮૨**	**૧,૧૨,૭૭૮ હેક્ટર = ૨,૮૫,૦૦૦ એકર**

વિવિધ સિંચાઇ મંડળીઓ દ્વારા આ પાણી વિતરણ કરવાના આયોજનો વિચારાયેલ હોવાથી હવે સિંચાઇ મંડળીઓની રચના કરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે.

કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ M.A.F. પાણીના આયોજનો પણ હવે પ્રગતિમાં આવી ગયેલ હોવાનું જણાય છે. વધારાના પાણીના વિતરણ અને સિંચાઇ માટેના કરવામાં આવેલ આયોજનોના સર્વે કરવાનું કામ રૂા. ૨.૪૪ કરોડના ખર્ચે "મલ્ટી મેનટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ." ને જળ સિંચાઇ વિભાગ દ્વારા સુપરત કરી દેવામાં આવેલ છે. આ કંપની દ્વારા તેનો સર્વે અહેવાલ સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં જળ સિંચાઇ વિભાગને સુપરત કરી દેવામાં આવશે તેવી ધારણા રાખવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલમાંથી અલગ અલગ ૮ સ્થળેથી આ પાણી જળ સિંચાઇ વિભાગ દ્વારા મેળવવામાં આવશે અને તેનાથી કચ્છના લગભગ તમામ તાલુકા આવરી લઇ, જે-તે સ્થળના વરસાદી પાણી સાથે વિવિધ જળાશયોમાં સંગ્રહવામાં આવશે. તેમાંથી ચોમાસુ પાક ૩,૧૦,૧૩૦ હેક્ટર જમીનના વિસ્તારમાં અને શિયાળુ (રવિ) પાક ૫૮,૧૧૦ હેક્ટર જમીનના વિસ્તારમાં લેવાની ગણના રાખવામાં આવેલ છે. ટોટલ ૩,૬૮,૨૪૦ હેક્ટર એટલે કે ૯,૨૦,૬૦૦ એકર જમીનમાં આ પાણીથી ખેતી કરવાની ધારણા રાખવામાં આવે છે.

૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ૦.૫ M.A.F. નિયમિત પાણીથી અને ૯,૨૦,૬૦૦ એકર જમીનમાં ૧.૦ M.A.F. વધારાના પાણી તથા વરસાદી પાણીના સંગ્રહથી આવતા વર્ષોમાં ખેતી થઇ શકવાની પૂરેપૂરી શક્યતા ઊભી થયેલ છે.

કચ્છનો ખેડૂત હવે વૈજ્ઞાનિક અભિનવથી ખેતી કરતો થયેલ હોવાથી હોવાથી જો તે ડ્રીપ કે સ્પ્રિંક્લર પદ્ધતિનો ઉપયોગ કરતો થશે તો આટલા પાણીથી નિયત જમીન કરતાં વધુ વિસ્તારમાં ખેતી થવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.

ખેતીના ક્ષેત્રે આવતા વર્ષો કચ્છ માટે લાભદાયી બની રહેવાની પૂરેપૂરી શક્યતા રાખવામાં આવે છે.

વર્ષ ૧૯૯૫-૯૬માં વિચારાયેલ આયોજન પ્રમાણે કચ્છના ૯૪૮ ગામ અને ૧૦ શહેરી વિસ્તારમાં પીવાના પાણીના આયોજનો અને એ સમયના ઉદ્યોગોને ફાળવવામાં આવનાર પાણીના આયોજનો વિચારાયેલ હતા.

એ આયોજનો મુજબ ૯૪૮ ગામ તથા ૧૦ શહેરી વિસ્તારને પીવાના પાણીની જરૂરિયાત ૨૪૦ MLD આકારવામાં આવેલ હતી.

ઉપરોક્ત આયોજનના પ્રથમ સ્વરૂપે ૬૭૬ ગામોને આવરી લેવામાં આવેલ હતા અને એ આયોજન મુજબ ૧૫૫ MLD પાણીની જરૂરિયાત વિચારાયેલ હતી. ધરતીકંપ અગાઉના ઉદ્યોગો માટે ૪૫ MLD પાણી ફાળવવાનું વિચારાયેલ હતું. એ રીતે પ્રથમ તબક્કામાં ટોટલ ૨૦૦ MLD પાણીના આયોજનો વિચારાયેલ હતા.

ધરતીકંપ બાદ જે ઉદ્યોગો કચ્છમાં સ્થપાયા તેની જરૂરિયાત એક અંદાજ મુજબ ૩૦૦ MLD પાણીની આકારાવામાં આવી હતી. આ રીતે કચ્છમાં ટોટલ ૫૦૦ MLD પાણીની માંગ રહેવા પામેલ.

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના તા. ૩૦-૭-૨૦૦૫ના પત્ર મુજબ તેઓ દ્વારા ધરતીકંપ બાદના ૨૧ ઉદ્યોગોને ૩૭ MLD પાણી ફાળવવામાં આવેલ હતા જ્યારે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ૩૮ ઉદ્યોગોને ૧૦ MLD પાણી ફાળવવામાં આવેલ હતા. આ રીતે ટોટલ ૨૧ + ૩૮ = ૫૯ ઉદ્યોગોને ૩૭ + ૧૦ = ૪૭ MLD પાણી ફાળવવામાં આવેલ.

ઉપરોક્ત હકીકત મુજબ નવા સ્થપાયેલ એ સમયના ૧૮૫ ઔદ્યોગિક એકમમાંથી ૫૯ એકમોને ૪૭ MLD પાણી ફાળવવામાં આવેલ. જ્યારે બાકી રહેતા ૧૨૬ ઉદ્યોગો તથા ૭૦૦ જેટલા લઘુ ઉદ્યોગોની પાણીની જરૂરિયાત માટે કોઇ પણ પ્રકારની વિચારણા કરવામાં આવેલ ન હતી. સ્વાભાવિક છે કે બાકી રહેતા આ બધાજ ઉદ્યોગો કચ્છના ભૂગર્ભ જળનું પાણી ગેરકાયદેસર રીતે વાપરતા હોય.

તા. ૧૮-૫-૨૦૦૩ના મુખ્યમંત્રીશ્રીએ સામખિયાળી ખાતે પાઇપ લાઇન દ્વારા કચ્છમાં આવેલ નર્મદા નદીના પીવાના પાણીના વધામણા કરેલ હતા. આ પાણી ૨૦૦ MLD જેટલું રહેવા પામશે તેવી જાહેરાત કરવામાં આવેલ હતી. ૨૦૦ MLD પાણીની પાઇપ લાઇનની શરૂઆત માળિયા પાસેના ખીરઈ ગામથી કરવામાં આવેલ અને તે દ્વારા કચ્છના વિવિધ ગામોને પીવાના આ પાણી પહોંચાડવાના આયોજનો અમલમાં મૂકવામાં આવેલ.

નર્મદા નિગમની સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલમાં ઢાંકી પાસેથી પમ્પિંગ કરીને માળિયા બ્રાંચમાં ૧૪૦૦ MLD પાણી ઠાલવવામાં આવે છે. આ પાણી ૧૩૫ કિ.મી. લાંબી માળિયા બ્રાંચમાંથી પસાર થઈને ૩-૪ દિવસે જ્યારે ખીરઈ પહોંચે ત્યારે તેમાંથી વધુમાં વધુ ૩૦૦ MLD પાણી લિફ્ટ કરી શકાય તેટલુંજ રહેવા પામે છે. બાકીનું પાણી આ કેનાલના વચ્ચેના આઉટલેટ દ્વારા વાપરવામાં આવે છે.

ખીરઈ પાસેથી રાજકોટ, જામનગર, દ્વારકા તરફ એક પાઇપ લાઇન દ્વારા પીવાનું પાણી લઇ જવામાં આવે છે, જ્યારે અન્ય લાઇન દ્વારા તે કચ્છ તરફ લઇ જવામાં આવે છે. કોઇ પણ સમયે કચ્છ તરફની પાઇપ લાઇન માંથી ૧૨૦ MLDથી ૧૬૦ MLD સુધી પાણી કચ્છ તરફ મોકલવામાં આવે છે. મોટાભાગે ૧૨૦ MLDથી વધુ પાણી ક્યારે પણ કચ્છ તરફ જતું હોવાની શક્યતા રહેવા પામતી નથી.

ઉપરોક્ત ૧૨૦ MLD પાણીમાંથી ધરતીકંપ બાદ કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોને સત્તાવાર રીતે ૪૭ MLD પાણી પૂરું પાડવામાં આવે છે જ્યારે એક બિનસત્તાવાર અહેવાલ મુજબ આ પાણી ૯૦ MLD સુધીનું પણ હોઇ શકે. બાકી રહેતું પાણી કચ્છની જનતાને પીવાના પાણીના વપરાશ તરીકે આપવામાં આવે છે. આ રીતે ૩૦ MLD થી ૭૦ MLD પાણી માત્ર કચ્છની જનતા વાપરી શકે છે. જે કોઇ પણ સંજોગોમાં પૂરતું હોવાની શક્યતા રહેતી નથી.

મૂળ આયોજન પ્રમાણે કચ્છના ૯૪૮ ગામ અને ૧૦ શહેરોને ૨૪૦ MLD પાણી પૂરુ પાડવાના આયોજનો વિચારાયેલ હતા.

તેમાંથી ૬૭૪ ગામ અને ૩૦૮ વાંઢને અત્યારના તબક્કે પાઇપ લાઇન દ્વારા સાંકળવાનું વિચારાયેલ હતું કે જેની જરૂરિયાત ૧૫૫ MLD પાણીની આકારાયેલ હતી.

હાલે માત્ર ૧૯૦ ગામ તથા ૧૬૯ વાંઢને આ પાણી પૂરું પાડવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત હકીકત અનુસાર કચ્છને નર્મદા નદીના જે પીવાના પાણી ફાળવવામાં આવેલ છે તે ખૂબજ અપૂરતા રહેવા પામેલ છે અને તેનાથી કચ્છની પ્રજા ત્રાહિમામ પોકારી ગયેલ છે. ગાંધીધામ, અંજાર, ભુજ, વગેરે સ્થળોએ તો માંડ ૩-૪ દિવસે એક વખત (એક કલાક માત્ર) જ આ પાણી પૂરું પાડવામાં આવી રહેલ છે.

ધરતીકંપ અગાઉના આયોજન મુજબ કચ્છને ૨૦૦ MLD પાણીની જરૂરિયાત આકારાયેલી હતી અને ધરતીકંપ બાદના ઉદ્યોગોની ૩૦૦ MLD પાણીની ગણના કરતા ટોટલ ૫૦૦ MLD પાણીના બદલે જ્યારે માત્ર ૧૨૦ MLD પાણી પૂરું પાડવામાં આવે ત્યારે કચ્છના ભૂગર્ભ જળની શી પરિસ્થિતિ થઇ શકે તેની કલ્પના થઇ શકે તેમ છે. આજે અનેક સ્થળે ૧૦૦૦ ફૂટથી નીચેના સ્તરે પાણીના લેવલ ગયેલ છે અને અનેક વિસ્તાર ડાર્ક ઝોનમાં ફેરવાઇ ગયેલ છે.

આ પરિસ્થિતિના ઉકેલ સ્વરૂપે નર્મદા નદીના પીવાના પાણીમાંથી કચ્છને વધુને વધુ પાણી ફાળવવામાં આવે અને કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો માટે ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરવામાં આવે એજ એક યોગ્ય ઉકેલ દેખાય છે. ■

નર્મદા યોજના
જીવાદોરીને ટૂંપો દેવાનો કારસો

(અનુસંધાન : પાના નં. - ૧૯૪ ઉપરથી ચાલુ)

ખેડૂત કે ગ્રામપંચાયતને જાણ કરાઈ છે કે નહીં? તો લેખિત જવાબ મળ્યો છે કે - 'આ બાબતે અધિક્ષક ઈજનેર શ્રી સૌરાષ્ટ્ર શાખા વર્તુળ-૧ ભાવનગર દ્વારા તાબા હેઠળની ક્ષેત્રીય કચેરીને જરૂરી સૂચના આપવામાં આવી છે.'

આ ખુલાસો સ્પષ્ટ કરે છે કે વલ્લભીપુર શાખામાંથી ૧૯ જેટલી વિતરણ શાખાઓ (ડિસ્ટ્રીબ્યુટરી) મારપત ધંધુકાનાં ઓગણીસ ગામોની ૨૧,૧૮૭ હેક્ટર, બરવાળા તાલુકાની ૭૦૧૬ હેક્ટર જમીન તેમજ વખતપુર અને ફેદરા ગામની ૭૬ હેક્ટર મળી કુલ ૨૮૨૭૯ હેક્ટર એટલે ૭૧૦૦૦ એકર જમીનને નર્મદાના પાણી નહીં મળે. આમાં ધોલેરા સર તેમજ સેઝ હેઠળની જમીનનો સમાવેશ થાય છે. નવાઈની વાત એ છે કે - આજ સૂચનાઓમાં નિગમના અધિકારીઓ અને કર્મચારીએ કરવાની કાર્યવાહીના પેરામાં પિયત વિસ્તારના ખેડૂતને લેખિતમાં જાણ કરવાની, તે સ્વેચ્છાએ પિયત વિસ્તારમાંથી બાકાત થવા માંગે છે તે અંગેના એની ઓળખ સહ હસ્તાક્ષર સાથેના પત્રની જોગવાઈ છે જેમાં મંજૂરી માટે ૬૫ ટકા ખેડૂતોની સંમતિની જોગવાઈ છે.

ભાલની બાબતમાં થઈ ચૂક્યું છે. શી ખાતરી કે આવતાં દિવસોમાં હવે આ ઢબની નવી નવી ખેતી સિવાયની યોજનાઓ માટે નોટિફિકેશન આધાર ગણી માગણી થતાં બીજા ખેડૂતોની જમીનો નર્મદાના પાણી બાકાત નહીં કરાય? આથી આગળ વધી ગુજરાતમાં ચોમેર પથરાયેલા સેઝ હેઠળની જમીનમાં નર્મદાનાં પાણી આપવાનું આયોજન થયું હશે તો કલમના એક ઝાટકે એને બાકાત કરી શકાશે.

તો શું ચોવીસ વરસથી થયેલ નર્મદાનું આયોજન નિરર્થક બનાવી શકાશે? ધોલેરા સરમાં વેપાર-ધંધા માટે વસવાટોની મોટી યોજનાઓ માટે, ઉદ્યોગો માટે, રમતગમત અને કેસીનો જેવા મોજશોખ માટે અને પ્રવાસન માટે ઝોન નક્કી કરાયાં છે. માત્ર નથી કરવું કોઈ ઝોન જે બને ખેતી માટે!

ટૂંકમાં, ગુજરાતની જીવાદોરી ટૂંપાવાઈ રહી છે. વધુ મોડું થશે તો યોજના માત્ર નામની રહેશે.

"દિવ્ય ભાસ્કર",
તા. ૧૯-૭-૨૦૧૨ના સૌજન્યથી

જેની આંખમાં અમી એને આખી દુનિયા ગમી.

કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૧નો લેખ)

- **કચ્છમાં ઉદ્યોગોની જરૂરિયાત મુજબના પાણીનો એકમાત્ર ઉકેલ ડી-સેલિનેશન પ્લાન્ટ છે.**
- **ડી-સેલિનેશન પ્લાન્ટનું પાણી ૦.૦ ટી.ડી.એસ.નું ઉત્પાદિત થઈ શકે.**
- **ઉદ્યોગોને તેની જરૂરિયાત મુજબ ૦.૦થી ૩૦૦ કે ૪૦૦ ટી.ડી.એસ.નું પાણી વપરાશલાયક ગણી શકાય.**
- **ડી-સેલાઈન કરેલ પાણીમાં ઊંચા ટી.ડી.એસ. વાળું પાણી ઉમેરવામાં આવે તો એ પાણીની કિંમતમાં ઘટાડો કરી શકાય.**
- **ડી-સેલાઈન થયેલ પાણીના રેસીડ્યુને દરિયામાં પરત છોડવાના બદલે તેમાંથી કોઈ બાય પ્રોડક્ટ અથવા મીઠું બનાવવામાં આવે તો પણ પાણીની કિંમતમાં ઘટાડો થઈ શકે અથવા ઉદ્યોગના નફામાં વધારો થઈ શકે.**

વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છમાં 'ટેક્ષ હોલી ડે'ની યોજનાને અમલમાં મૂકવામાં આવતા કચ્છમાં અનેક મહાકાય ઉદ્યોગો સ્થપાયા. સાથે સાથે મધ્યમ કક્ષાના ઉદ્યોગોનું પણ સેંકડોની સંખ્યામાં કચ્છમાં આગમન થયું. વાઈબ્રન્ટ ગુજરાતના કારણે પણ કચ્છમાં નવા નવા ઉદ્યોગોનું આગમન થઈ રહેલ છે.

એક અંદાજ પ્રમાણે કચ્છમાં ધરતીકંપ બાદ સ્થાપિત થયેલ ઉદ્યોગોની પાણીની જરૂરિયાત ઓછામાં ઓછા ૩૦૦ MLD (મિલિયન લિટર પર ડે)ની આકારવામાં આવે છે. (અન્ય અંદાજ મુજબ તે ૩૫૦ MLDની છે.) એ સામે કચ્છની નર્મદા નદીની પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી GWIL (ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ) દ્વારા, અને તેઓશ્રી દ્વારા કાયદેસર જાહેર થયેલ આંકડાઓ અનુસાર કચ્છના ઉદ્યોગોને ૪૭.૧ MLD પાણી પૂરું પાડવામાં આવે છે. આ રીતે અંદાજિત ૨૫૩ M.L.D. પાણી આ ઉદ્યોગો કચ્છનું ભૂગર્ભજળ ગેરકાયદેસર રીતે વાપરે છે અને ગુજરાત સરકારને, તે સામે આંખ આડા કાન કરવાની ફરજિયાત જરૂર પડે છે.

ઉપરોક્ત સમસ્યાનો સારામાં સારો ઉકેલ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપનાનો છે. એટલે કે દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં પરિવર્તન કરવાના ઉદ્યોગનો છે. આ પ્રશ્નની ચર્ચા સરકારશ્રી દ્વારા, કોર્પોરેટ ક્ષેત્રે અથવા તો વિવિધ એન.જી.ઓ. દ્વારા વર્ષ ૨૦૦૫થી થતી આવેલ છે. પરંતુ હજુ સુધી આ બાબતે યોગ્ય નિર્ણય આવી શકેલ નથી.

આ પ્રશ્ન ગુજરાત સરકાર વતી 'ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ' – GIDB સંભાળી રહેલ છે પરંતુ તેના અધિકારીશ્રીઓ હજુ સુધી ન તો બોર્ડ દ્વારા કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરી શકેલ કે ન તો કોઈ ઉદ્યોગગૃહ પાસે તેની સ્થાપના કરાવી શકેલ છે.

તા. ૨૧-૬-૨૦૦૬ના યોજવામાં આવેલ એક મીટિંગમાં તત્કાલીન ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન દ્વારા એક યોજનાની જાહેરાત કરવામાં આવેલ હતી, કે જે દ્વારા પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશિપમાં રૂા. ૬૦૦ કરોડના ખર્ચે ૧૫૦ MLDનો ડી-સેલિનેશન પ્લાન્ટ તેના લિગ્નાઈટ આધારિત પાવર પ્રોજેક્ટ સહિત કચ્છના દરિયાકાંઠે સ્થાપવાનો નિર્ણય લેવાઈ ગયેલ છે. વધુમાં તેમણે જણાવેલ કે આ પ્રોજેક્ટ માટે રૂા. ૪૦૦ કરોડ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન પાસેથી અને રૂા. ૨૦૦ કરોડ ઈક્વિટી મૂડી રોકાણ દ્વારા એકત્રિત કરવાની ધારણા રાખવામાં આવેલ છે. તેઓશ્રીએ જણાવેલ કે રૂા. ૨૦૦ કરોડની ટોટલ ઈક્વિટીના ૧૦ ટકા એટલે કે રૂા. ૨૦ કરોડ કચ્છના ઉદ્યોગોએ રોકવા તેવું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ તરીકે મે. આઈ.એસ.એલ.વી.ની નિમણૂક પણ કરી દેવામાં આવેલ છે.

આટલી સ્પષ્ટ જાહેરાત થયા બાદ પણ આજ દિન સુધી આ પ્રોજેક્ટ અમલમાં આવી શકેલ નથી. આ બાબતે તપાસ કરતાં એવું જાણવા મળેલ કે જે ઉદ્યોગગૃહો ડી-સેલિનેશન પ્લાન્ટના પાણીનો વપરાશ કરવા માંગતા હોય તે ઉદ્યોગ ગૃહો તરફથી આજ દિન સુધી તેમની જરૂરિયાતના પાણીની બાંયધરી લેખિત સ્વરૂપે જી.આઈ.ડી.બી.ને આપવામાં આવેલ નથી. જ્યારે ઉદ્યોગગૃહ પાસે તપાસ કરતા જાણવા મળ્યું કે હાલે અમને નર્મદાના પાણી દર હજાર લિટરે રૂા. ૧૫/-ના ભાવે મળે છે. એ સામે આ પ્લાન્ટનું પાણી કયા ભાવથી આપવામાં આવશે તેની માહિતી વગર અમે પાણીની જરૂરિયાત લેખિત સ્વરૂપે આપીને કઈ રીતે બંધાઈ શકીએ? આ બાબતે વિચારતા એવું લાગે છે કે પ્રશ્ન યોગ્ય મધ્યસ્થીનો હતો. પ્રશ્ન ક્ષુલ્લક હતો. તેનું નિરાકરણ યોગ્ય કિંમતની જાહેરાત કરવાથી થઈ શકત. પરંતુ યોગ્ય મધ્યસ્થી વગર આ સમજૂતી સંપૂર્ણપણે પડી ભાંગી. સરકારશ્રી, ઉદ્યોગગૃહો અને કચ્છની પ્રજાના વિશાળ હિતો જે

પ્રશ્ને અટવાયેલા હોય તે પ્રશ્નનું નિરાકરણ માત્ર એક મામૂલી બાબતના કારણે લાવી ના શકાય તે કોઈ પણ પક્ષકાર માટે યોગ્ય તો ના જ ગણાય.

છેલ્લા સમાચાર મળ્યા મુજબ કચ્છના ઉદ્યોગો, કચ્છનું ભૂગર્ભજળ, કોઈપણ જાતના અવરોધ વગર ઉલેચી પોતાનું પ્રોડક્શન ચાલુ રાખી રહેલ હોવાથી, તેઓ તરફથી ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની કોઈપણ ઉતાવળ હોય તેવું જણાતું નથી. કચ્છના ભૂગર્ભજળને ગેરકાયદેસર રીતે ઉલેચવાની આ પ્રક્રિયા તરફ સરકારશ્રી તરફથી ફરજિયાતપણે 'આંખ આડા કાન' કરવામાં આવે છે, કેમકે તે સામે પગલાં ભરવામાં આવે તો કાં તો ઉદ્યોગ આલમમાં હો-હા થઈ જાય અથવા તો ઉદ્યોગોમાં પ્રોડક્શન થતું જ બંધ થઈ જાય. તેથી ગુજરાત રાજ્યનો GDP રેશિયો પણ કદાચ નીચે આવી શકે. ઉદ્યોગોમાં હો-હા થાય, ઉદ્યોગ ગૃહોનું પ્રોડક્શન ઓછું થાય, હયાત ઉદ્યોગો બંધ થાય અને ગુજરાતનો GDP રેશિયો ઉતરતો જાય તો નવા નવા મહાકાય ઉદ્યોગો ગુજરાતમાં આવતા બે વખત વિચાર કરે, એ પરિસ્થિતિથી ગુજરાત સરકાર પૂરેપૂરી વાકેફ છે અને તેથી જ ફરજિયાતપણે ગુજરાત સરકાર આ ઉદ્યોગોની ગેરકાયદેસર પ્રવૃત્તિ ફરજિયાતપણે ચલાવી રહેલ છે. પરિણામ સ્વરૂપે કચ્છના ભૂગર્ભજળ ઊંડા ઊતરતા જવાથી તેનું નુકસાન કચ્છના ખેડૂતોને અને કચ્છની પ્રજાને જ ભોગવવાનું આવે છે. આ સામે કચ્છની રાજકીય નેતાગીરી બિલકુલ નિષ્ક્રિય છે તે જાણી કોઈને પણ દુઃખ થાય તે સ્વાભાવિક છે.

આ પ્રશ્નના નિરાકરણ સ્વરૂપે એવી માહિતી જાણવા મળેલ છે કે સરકાર જાતે જ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપે અથવા તો કોઈ ઉદ્યોગગૃહ પાસે તેની સ્થાપના કરાવે. આ બાબતે હાલે સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ યોગ્ય વિચારણા આગળ વધી રહેલ છે. ૧૦૦ MLD ના પ્લાન્ટ સ્થાપવાની કિંમત પ્રતિ ૧ MLD ના હિસાબે રૂા. ૫ કરોડની ગણના કરતા અંદાજિત રૂા. ૫૦૦ કરોડ થઈ શકે. આ પ્રકારે પેદા થયેલ પાણીની કિંમત તેના પેદાશના સ્થળે રૂા. ૫૦/- પ્રતિ ૧૦૦૦ લિટરની ગણના રાખવામાં આવે છે. પાણી પેદા કરનાર યુનિટ એ ભાવથી પાણી તેના સ્થળે આપી શકે.

જાણવા મળ્યા મુજબ આ પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી ગુજરાત સરકાર કદાચ GWIL પર મૂકવાનું વિચારી રહેલ છે. GWIL હાલે નર્મદા નદીના પીવાના પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી અદા કરે જ છે. ડી-સેલિનેશનના પાણીની ડિસ્ટ્રિબ્યુશનની કિંમત કદાચ રૂા. ૭/- પ્રતિ હજાર લિટરની ગણના કરવામાં આવે છે. આથી આ પાણી રૂા. ૫૭/- પ્રતિ હજાર લિટરના ભાવથી ઉદ્યોગોને આપી શકાય. અન્ય તરફ નર્મદાનું પાણી પ્રતિ હજાર લિટર, રૂા. ૧૫/-ના ભાવે ઉદ્યોગોને આપવામાં આવે છે. સરેરાશ રૂા. ૩૬/- મૂકી શકાય. તેથી GWIL દ્વારા પ્રતિ લિટરે રૂા. ૩૬/- અથવા રૂા. ૪૦/- સુધી ઉદ્યોગગૃહોને આ પાણી આપવામાં આવે તેવી વિચારણા આયોજન સ્વરૂપે કદાચ મૂકવામાં આવે.

ભદ્રેશ્વરની આજુબાજુના દરિયા કિનારાનો વિસ્તાર ડી-સેલિનેશન પ્લાન્ટ માટે યોગ્ય સ્થળ ગણાય તેવું પિક્ચર વર્ષોની જહેમત બાદ અલગ અલગ વિસ્તારના અભ્યાસ બાદ ઉપસી આવેલ છે. અહીં શરૂમાં ૧૦૦ અથવા તો ૧૫૦ MLD ના પ્લાન્ટની સ્થાપના થઈ શકે કે જેની કેપેસિટી સમયાંતરે વધારતા ૩૦૦ MLD સુધીની કરી શકાય. અંદાજિત ૫ કિ.મી. દૂરના દરિયામાંથી લાવવાનું થતું પાણી અને રેસિડ્યુ પરત લઈ જવા પાઈપ લાઈનની સાઈઝ ૩૦૦ MLD ના પ્લાન્ટ માટેની શરૂથી જ નક્કી કરી શકાય. કદાચ રેસિડ્યુ આધારિત બાય પ્રોડક્ટ (મુખ્યત્વે મીઠા)નો પ્લાન્ટ નાખવામાં આવે તો પાણીની પ્રોડક્શન કિંમતમાં ઘટાડો થઈ શકે. પાણીના ડિસ્ટ્રિબ્યુશન માટે પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશિપ કંપનીની પણ ગણના રાખી શકાય. અગર કચ્છના ઉદ્યોગગૃહો સરકારશ્રીની સાથે રહી આ પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી સ્વીકારે તો તે કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોના હિતમાં વધુ યોગ્ય ગણાશે. આ માટે ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાએ આગળ આવવું ખૂબ જ જરૂરી છે. આ તબક્કે એ ના ભૂલવું જોઈએ કે કચ્છના ઉદ્યોગો પોતાનું પ્રોડક્શન જારી રાખવા રૂા. ૭૦૦/- પ્રતિ ટેન્કર (૧૦,૦૦૦ લિટર) ચૂકવી રહેલ છે. કે જે તેમને પ્રતિ હજાર લિટરે રૂા. ૭૦/-ની કિંમતમાં પડે છે.

આ યોજના અમલમાં આવવાથી કચ્છના ભૂગર્ભજળ જે ઊંડા ઊતરી રહેલ છે તેના પર રોક આવી શકશે કે જેનો ફાયદો કચ્છની જનતાને અને કચ્છના ખેડૂતોને થઈ શકશે.

અન્ય એક સમાચાર મુજબ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્વતંત્રપણે સ્થાપવા ૪-૫ ઉદ્યોગગૃહો હાલે સરકારશ્રી સાથે વિચારણા કરી રહેલ છે કે જેમાં મુખ્યત્વે અદાણી, વેલસ્પન, દોશી આયન અને અન્યો પણ છે. એવું પણ જાણવા મળેલ છે કે અગર કોઈ ઉદ્યોગ આ માટે નક્કરપણે આગળ આવે તો સરકાર તેમને જોઈતી જમીન ફાળવવામાં પૂરેપૂરી મદદરૂપ થઈ શકશે. તેટલું જ નહીં, પરંતુ તેમના ડોર સ્ટેપ પરથી અથવા અન્ય કોઈ એક સ્થળેથી કે જ્યાં સરકારશ્રીએ આ માટેનો અગાઉ સમ્પ બનાવેલ હોય, તે સ્થળેથી પ્રોડક્ટ થયેલ પૂરેપૂરું પાણી ખરીદી લેવાના કરાર કરવા તૈયાર થઈ શકે.

એવું પણ વિચારી શકાય કે હાલે કચ્છમાં બાગાયતી તથા અન્ય રોકડિયા પાકો તરફ કચ્છના ખેડૂતોનું સારું એવું ધ્યાન ગયેલ છે અને તેનું ઉત્પાદન પણ સારા એવા પ્રમાણમાં વધી શકેલ છે. અગર આ ખેતી માટે સ્પ્રિંક્લર કે ડ્રીપ ઈરિગેશન દ્વારા ઉપરોક્ત પાણી વાપરવામાં આવે તો કદાચ એ પાણી ખેતી માટે પણ મોંઘું નહીં પડી શકે. આ પ્રશ્ને સવિશેષપણે કાળજીપૂર્વકની વિચારણા કરી શકાય.

આપણે ઈચ્છીએ કે લાગતા વળગતા સહુના હિતમાં કચ્છમાં ૧૦૦ અથવા તો ૧૫૦ MLD કેપેસિટીના ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપનાના શ્રીગણેશ વહેલી તકે મંડાય. ■

Shree Simandhar Shipping Services
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

કચ્છમાં સિંધુ નદીના પાણીનો ફરી પ્રવેશ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, ડિસેમ્બર - ૨૦૧૧નો લેખ)

૩ નવેમ્બર, ૨૦૧૧ના અમદાવાદથી પ્રસારિત થતા અંગ્રેજી દૈનિક 'અમદાવાદ મિરર' માં અને ૮ નવેમ્બર, ૨૦૧૧ના ભુજથી પ્રસારિત થતા દૈનિક 'કચ્છ મિત્ર'માં કચ્છ માટે ખૂબજ લાભદાયક કહી શકાય તેવા સમાચાર પ્રસિદ્ધ થયેલ. જેમાં એવું જણાવવામાં આવેલ હતું કે સદીઓ (બારમી સદીના ભૂકંપ) બાદ સિંધુ નદીના વહેણ ફરી બદલાઈ રહ્યા છે અને તે વિઘોકોટ નજીકથી કચ્છના મોટા રણમાં પ્રવેશી, ત્યાંથી નાના રણમાંથી પસાર થઈ, નળ સરોવર તથા ભાલ પ્રદેશમાં પ્રવેશી રહ્યા છે. સાથે સાથે એવા સમાચાર પણ પ્રસિદ્ધ થયેલ છે કે ઈ.સ. ૧૮૧૯ના ભૂકંપ અગાઉ 'નરાકા' વહેણમાંથી કચ્છના રણમાં પ્રવેશી જે ફાંટો લખપત તરફ જતો હતો તે નરાકા વહેણમાંથી પણ સિંધુ નદીના પાણી કચ્છના રણમાં પ્રવેશ્યા છે.

ગુજરાતના જળ સંસાધનો પર સંશોધનની કામગીરી કરી રહેલા અને "વાતાવરણના બદલાવ"ના વિષય સાથે અનુસ્નાતક થયેલા ૨૬ વર્ષીય યુવાન રોહન ઠક્કરે કેટલીક તાજી ઉપગ્રહીય તસવીરોનો અભ્યાસ કરીને આ તારણ કાઢેલ છે. ઈસરો સાથે જોડાયેલા અને સેટેલાઈટ આર્કિયોલોજિસ્ટ તરીકે કામ કરતા રોહનના પિતા ડૉ. પી.એસ. ઠક્કરે પણ આ તસવીરોનું નિરીક્ષણ કર્યા બાદ નિવેદન આપેલ છે કે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૦ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ના લીધેલ સેટેલાઈટ તસવીરોના અભ્યાસ કર્યા બાદ જાણવા મળે છે કે છેલ્લા બે વર્ષથી સિંધુ નદીના પાણી કચ્છના રણમાં પ્રવેશી રહ્યા છે.

કચ્છની દૃષ્ટિએ ૨૧મી સદીના આ સમાચારને અત્યાર સુધીના સમાચારોમાં ખૂબજ અગત્યના અને ખૂબજ લાભકારક પુરવાર થઇ શકે તે શ્રેણીમાં મૂકી શકાય.

બારમી સદીના ધરતીકંપ અગાઉ સિંધુ નદી હિમાલયની ગિરિમાળામાંથી નીકળી, વિવિધ પ્રદેશોમાંથી પસાર થઈને કચ્છના મોટા રણમાં પ્રવેશતી. ત્યાંથી નાના રણમાં થઈને વાગડની ઉત્તરેથી ઝીંઝુવાડા અને નળ સરોવર તથા ભાલ પ્રદેશ થઈને ધોલેરા બંદર પાસે ખંભાતના અખાતને મળતી હતી. સંશોધન ત્યાં સુધી કહે છે કે કચ્છના રણના અત્યારના સમગ્ર પ્રદેશને પણ સપ્તસિંધુનો પ્રદેશ કહેવાતો હતો કારણ કે સિંધુ નદી ઉપરાંત સરસ્વતી, જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજના પાણી પણ અહીં ઠલવાતા અને અહીં સાગર જેવું વિશાળ દૃશ્ય સર્જાતુ હતું. **ધોળાવીરાનો વિકાસ આ સંસ્કૃતિનુંજ પરિણામ હતું.** સંશોધન દ્વારા એવી પણ જાણકારી મેળવવામાં આવેલ છે કે બાદશાહ સિકંદર હિન્દુસ્તાન પરની ચડાઈ બાદ ઝીંઝુવાડા બંદરેથી વહાણ દ્વારા કચ્છની ઉત્તરે થઈને પરત ફરેલ હતો.

બારમી સદીના ધરતીકંપે આ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલી નાંખી. સિંધુ નદી પશ્ચિમ તરફ સરકી ગઈ. સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ. અન્ય નદીઓના વહેણ પણ પશ્ચિમ તરફ ખસી ગયા. કાળાંતરે સપ્ત સિંધુનો પ્રદેશ સૂકો ભટ પ્રદેશ બની ગયો. ધોળાવીરાના અવશેષ માત્ર રહી ગયા. ઝીંઝુવાડા બંદર નષ્ટ થઈ ગયું. સમગ્ર પ્રદેશ પર વેરાનતા ફરી વળી.

બારમી સદીના ધરતીકંપ બાદ સિંધુ નદીનો એક માત્ર ફાંટો 'નરાકા'ની વાટે થઈ લખપત તરફ વહેતો રહ્યો કે જે પણ ૧૮૧૯ ના ભૂકંપ બાદ અલ્લાહબંધના કુદરતી નિર્માણના કારણે બંધ થઈ ગયો. સમગ્ર કચ્છ પ્રદેશ આજ દિન સુધી સમગ્રતયા વેરાન મુલક તરીકે પ્રસ્થાપિત થયો.

અત્યારના વાતાવરણના બદલાવ (ક્લાઇમેન્ટ ચેન્જ)નો અભ્યાસ કરતા નીચેના બે મુદ્દા મુખ્યત્વે ઉપસી આવે છે.

૧. છેલ્લા નવ વર્ષથી ચોમાસા દરમ્યાન કચ્છમાં સતતપણે વરસાદ વરસી રહેલ છે અને દુષ્કાળની પરિસ્થિતિ ઉત્પન્ન થયેલ નથી.

૨. પાકિસ્તાનમાં સિંધુ નદીના કિનારાના કાંપનું ધોવાણ થવાના કારણે છેલ્લા બે વર્ષથી સિંધુ નદીના વહેણ પૂર્વ તરફ વહેતા થયા છે અને સિંધુ નદીના પાણી કચ્છના રણમાં ઠલવાતા થયા છે.

આ બંને મુદ્દાઓ આવનારા વર્ષોમાં કચ્છ માટે ખૂબ જ લાભદાયક પુરવાર થાય તેવા અણસાર અત્યારથી વર્તાઈ રહેલ છે. પ્રથમ મુદ્દા પ્રમાણે અગાઉ કચ્છમાં ૧૦ વર્ષમાંથી ૭ વર્ષ દુષ્કાળના પસાર થતા ત્યારે તે સામે હાલે કચ્છમાં સતતપણે ૯ વર્ષ સારા પસાર થયા છે તેના વૈજ્ઞાનિક કારણો તો આ વિષયના તજજ્ઞો જ આપી શકે. બીજા મુદ્દા બાબત **આપણે ઇચ્છીએ કે સિંધુ નદીના કાંઠા પરના કાંપમાં વધુને વધુ ધોવાણ થતું રહે અને સિંધુ નદી વધુને વધુ પૂર્વ તરફ વહેતી રહે. નરાકા ક્રીક અગાઉની માફક સક્રિય થાય તો કચ્છનો પશ્ચિમ વિભાગ લીલોછમ બની શકે. મોટા-નાના રણમાં વધુને વધુ પ્રમાણમાં નદીના મીઠા પાણી ઠલવાય તો આ તરફનો સમગ્ર વિસ્તાર હરિયાળો બની શકે.**

પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે સિંધુ નદીના વહેણ પર આવતા દિવસોમાં જો માનવીય પ્રભુત્વ રહેશે તો પાકિસ્તાન પોતાના પ્રદેશના પાણીનો લાભ પાકિસ્તાનના બદલે ભારતને મળે તો તેમ થતું કદાચ અટકાવે. સિવાય કે કુદરત પાસે મનુષ્ય લાચાર બની જાય. **આપણે ઇચ્છીએ કે સિંધુ નદીના પાણી મોટા રણ દ્વારા ભારતમાં પ્રવેશે કે જેથી ધોળાવીરા સંસ્કૃતિને જીવંત કરી શકાય. બક્ષી,**


(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૭૨ ઉપર)

માણસો તો જેટલા જોઈએ એટલા મળે પરંતુ જેવા જોઈએ તેવા નથી મળતા એ જ સમસ્યા છે.

વર્ષ ૨૦૧૨માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

ગુજરાતની નર્મદા યોજના રળિયામણા સ્વપ્ન સમાન લાગે છે.

- વૃક્ષોરાપણના કારણે કચ્છ જિલ્લામાં વધુ વરસાદ પડી શકે છે.
- કચ્છ શાખા નહેર અંગે નોંધ.
- કચ્છ શાખા નહેર માટે જમીન સંપાદનની પ્રક્રિયા.
- ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી.
- ટપક સિંચાઈમાં મુંદ્રા તાલુકો મોખરે.
- 'ધોલેરા સર'ના કારણે નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી ૨૮૨૦૩ હેક્ટર જમીન રદ્દ.
- કચ્છ બ્રાંચ કેનાલ - પ્રગતિનો અહેવાલ.



પોતાની જાતને પૂર્ણ માની લેવી તે અપૂર્ણતાનું ઉઘાડું સર્ટિફિકેટ છે.



અફવાઓના ઘરમાં બાંધ્યો એક ચકલીએ માળો, અટકળના દરવાજા ઉઘડ્યા મળ્યો ન એકે તાળો.

નર્મદા યોજના : માત્ર રળિયામણું સ્વપ્ન?

• ડૉ. વિદ્યુત જોષી •

(મંગલ મંદિર, માર્ચ - ૨૦૧૨નો લેખ)

હાલના તબક્કે નર્મદા યોજનાની અફસોસજનક અવદશા પ્રત્યે અમે ખૂબ ચિંતિત છીએ. બંધનું કામ આગળ ચલાવવા અને નહેરો બનાવવાના કામમાં શું અડચણ છે તે સમજાતું નથી. પેટા નહેરના કાર્યોમાં લગભગ શૂન્ય પ્રગતિ છે. આ એક દુ:ખદ પરિસ્થિતિ છે. છ દાયકા જૂનો પ્રોજેક્ટ ક્યારે પૂરો થશે તે અત્યારે કહેવું અશક્ય છે.

નહેરો, પાણીની ન્યાયિક વહેંચણી તથા તેનું યોગ્ય વ્યવસ્થાપન, ગ્રામસ્તરે મંડળીઓની રચના વગેરે જેવા અનેક મોટાં કામો બાકી છે. ભવિષ્યની જરૂરી જળનીતિ સરકારે બનાવી નથી. અસંખ્ય લોકો પાણી વગર જે તકલીફ ભોગવી રહ્યા છે તેમાં મુખ્યત્વે ખેડૂતોને ગણાવી શકાય. પ્રશ્નો અનેક છે પણ સરદાર સરોવર નર્મદા નિગમના હોદ્દેદારો અને વહીવટદારો મૌન છે. તેથી યોજનાને મદદ કરનારા વિવિધ સંગઠનો અને યોજનાને પ્રતિબદ્ધ એવા નાગરિકો વિમાસણમાં છે.

પ્રજાનો અવાજ ઊભો કરવાની તાતી જરૂરિયાત દેખાઇ રહી છે. નિગમ સૌનો સાથ લે અને સાચી વાતથી માહિતગાર કરે તો માર્ગ મોકળો થાય.

આ વિગતના સંદર્ભમાં ડૉ. વિદ્યુત જોષીનો માહિતીસભર લેખ "નર્મદા યોજના : માત્ર રળિયામણું સ્વપ્ન" અત્રે પ્રસ્તુત છે.

ગૌતમ ઠાકર : મંત્રી, નર્મદા અભિયાન

તાજેતરમાં કલ્પસર શરૂ કરવાના સમાચાર આવ્યા ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતના નાગરિકોએ-લોકોએ (પ્રજાએ નહીં-પ્રજા તો રાજાશાહીમાં હોય, લોકશાહીમાં તો સમાન અધિકારો ધરાવતા નાગરિકો હોય) જોયેલાં સહિયારાં સ્વપ્નની વાતો યાદ આવી ગઇ. કેવડિયા પાસે ૧૩૮ મીટર ઊંચા અને ૧૬૦૦ મીટર લાંબા નર્મદા બંધથી રચાનારા સરદાર સરોવરમાં ૭.૭ મિલિયન એકર ફીટ પાણીનો સંગ્રહ થશે. ૪૬૦ કિ.મી. લાંબી મુખ્ય નહેરમાં એકી સમયે ૪૦,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. કેનાલ બેડ પાવર હાઉસમાં ૧૫૦૦ મે.વો. વીજળી પેદા થશે. ગુજરાતના બાર જિલ્લાઓમાં ૧.૯૨ લાખ હેક્ટર જમીનને સિંચાઇ મળશે. ગુજરાતના આઠ હજાર બિનસ્રોત (નો સોર્સ) ગામો અને ૧૩૫ નગરોને પીવાનું પાણી મળશે. જેમની જમીન ડુબાણમાં ગઇ તે બધા આદિવાસીઓનું સુંદર પુનર્વસન અને વિકાસ થશે. જગતનું મોટામાં મોટું એટલે કે ૭૫,૦૦૦ કિ.મી.નું કેનાલ નેટવર્ક થશે. ૩૩૦૦ ગામોમાં પાણી મંડળી બનશે અને લોકભાગીદારીવાળી સિંચાઇ વ્યવસ્થાનું નિર્માણ થશે.

આવું સ્વપ્ન સાકાર કરવા માટે બાબુભાઇથી માંડીને નરેન્દ્ર મોદી સુધીની તમામ સરકારોએ પ્રયત્નો કર્યા. એટલું જ નહીં, સરકારને જ્યાં જ્યાં ગુજરાતના લોકોના ટેકાની જરૂર પડી ત્યાં પક્ષાપક્ષીથી પર રહીને ગુજરાતના લોકોએ અને નાગરિક સમાજની સંસ્થાઓએ ટેકો કર્યો. એ પછી મેધા પાટકર હોય, બાબા આમ્टે હોય, વર્લ્ડ બેંક હોય, જગતભરના પર્યાવરણવાદીઓ હોય, કોર્ટના કેસ હોય કે સૈફુદ્દીન સોઝ હોય-જેણે જેણે જ્યારે નર્મદા યોજનાનો આંશિક કે સમગ્રતયા વિરોધ કર્યો હોય ત્યારે ત્યારે ગુજરાતના લોકોએ સફળતાથી આ લોકો સામેની લડાઇ જીતીને નર્મદા યોજનાનું સ્વપ્ન સાકાર કરવામાં મદદ કરી છે.

તો પછી શું થયું એ સુનહરા સ્વપ્નનું? આજથી સાતેક વર્ષ પહેલાં કેન્દ્રીય જળમંત્રી સૈફુદ્દીન સોઝે તપાસ સમિતિ નીમવાનું નાટક કર્યું ત્યારે પણ ગુજરાતના કેટલાક પ્રબુદ્ધ નાગરિકોએ વડાપ્રધાન મનમોહન સિંઘને મળીને આ નાટક બંધ કરાવ્યું હતું. ત્યારબાદ સુપ્રીમ કોર્ટ તરફથી આપણને ૧૨૨.૯૨ મીટરની ઊંચાઇ સુધી જવાની પરવાનગી મળતાં ગુજરાતે વિજયોત્સવ પણ મનાવ્યો હતો. પછી માત્ર ૧૫.૮ મીટરનું બાંધકામ બાકી હતું, જેમાં ચણતર ઓછું અને દરવાજાનું કામ વધું હતું. આ કામ ચપટી વગાડવામાં પૂરું થશે તેમ લાગતું હતું. સાત વર્ષથી ચપટી વગાડ્યા કરીએ છીએ, હજી સ્વપ્ન સાકાર થયું નથી.

મૂળ કિંમત ૬,૦૦૦ કરોડ હતી. કેશુભાઇના સમયમાં આ અંદાજ ૨૫,૦૦૦ કરોડ પર પહોંચ્યો હતો. આજે તેનાથી બમણા એટલે કે ૪૮,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાઇ ગયા હોવા છતાં 'રાધનપુરની તરસી કન્યા' અને સુરેન્દ્રનગરનો સિંચાઇથી હજી વંચિત ખેડૂત નિરાશ થઇને ઊભા છે. પ્રજામાં નર્મદાનું સ્વપ્ન વિસરાઇ ગયું છે. આજના વાઇબ્રન્ટ યુવાન ગુજરાતીઓમાંથી મોટા ભાગનાને ગુજરાતની પ્રજાના

ખુદને ખરાબ કહેવાની હિંમત નથી એટલે બધા જમાનાને ખરાબ કહે છે.

પ્રયાસોની કે નર્મદા યોજનાની વિગતોની ખબર જ નથી. આજે આ યોજના તેના ૧/૩ ભાગ જેટલી પણ કાર્યાન્વિત થઈ નથી. ક્યાં અટક્યું છે કામ?

૧૨૨.૯૨ મીટરથી આગળ ૧૩૮ મીટર સુધીના ઊંચાઈ સુધીના બાંધકામે પહોંચવા માટે મહારાષ્ટ્ર સરકાર સાથેનો ગુજરાત સરકારનો મતભેદ કારણભૂત છે. જ્યારે ૪૦,૦૦૦ થી વધારે અસરગ્રસ્તોનું પુનર્વસન એંસી ટકા જેટલી સફળતાથી કરી શક્યા છીએ, અને તેમ કરવામાં નર્મદા અભિયાન, સંપૂર્ણ પુનર્વસન સમિતિ, આનંદ નિકેતન આશ્રમ, આર્યવાહિની જેવી અનેક નાગરિક સંસ્થાઓએ સક્રિય કામગીરી બજાવી છે, ત્યારે માત્ર ૩૦૦ કુટુંબોના પુનર્વસન માટે વાત કેમ અટકી છે તે બાબત આ સક્રિય સંસ્થાઓ કે નાગરિકોને જણાવવામાં સત્તાવાળાઓ કેમ ચૂપકીદી સેવે છે તે સમજાતું નથી. આ તો હવે પૂંછડે આવીને અટક્યું છે ત્યારે પ્રજાનો ફરી એક વાર સાથ લેવામાં શું વાંધો પડે છે?

બંધની ઊંચાઈની વાત બાજુએ રાખીએ તો પણ નહેરોના નિર્માણમાં પણ અક્ષમ્ય વિલંબ થયો છે. આ કામમાં તો મહારાષ્ટ્ર સરકાર કે અસરગ્રસ્તો પણ નડતા નથી. આ બધાં વર્ષો દરમિયાન નહેર યોજનાની કુલ લંબાઈ (૭૫,૦૦૦ કિ.મી.)ના દસ ટકા જેટલું કામ પણ થયું નથી. એવું લાગે છે કે સિંચાઈ ક્ષેત્રના સત્તાવાળાઓમાં બાકીનું કામ પાઈપ લાઈન નાખીને કરવું કે ખુલ્લા ઢાળિયા બનાવીને કરવું તે અંગેની અનિર્ણાયકતા કારણભૂત છે. બંને વિકલ્પોના લાભાલાભની ગણતરી કરીને, જ્યાં પાઈપલાઈન અનુકૂળ હોય ત્યાં તેનો અને ખુલ્લા ઢાળિયા વધુ અનુકૂળ હોય ત્યાં તેનો અમલ કરવામાં ગુજરાત બહાર કે ગુજરાતમાં કોઈ વિરોધ નથી. જે કંઈ છે તે આંતરવિરોધ છે, સ્થાપિત હિતો છે. પ્રજા પાસે ખુલ્લા થઈને આ વાત રજૂ કરવાથી કાયમની જેમ આ બાબતમાં પણ પ્રજાનો ટેકો મળી રહેશે તે બાબત નિર્વિવાદ છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે ખેતરના ઢાળિયા અનુકૂળતા મુજબ બદલી શકાશે. જ્યારે ભૂગર્ભમાં પાઈપલાઈન નાખવાથી તે પાણી ખેંચવા માટે ૨૪ કલાક ૭ દિવસના ધોરણે ઓછામાં ઓછા ૨૬,૦૦૦ પંપ ચલાવવા પડશે. વળી અત્યારે ગામડાં-ખેતરને આઠ કલાક પણ વીજળી પૂરી પાડી શકાતી નથી ત્યાં ૨૬,૦૦૦ પંપને નિરંતર વીજળી પૂરી પાડવાનું કામ હાલના સંજોગોમાં શક્ય નથી. ખેડૂતો માથે પંપોની ખરીદી અને જાળવણીનો ખર્ચ પણ આમાં વધશે.

અગાઉની સરકારોના વખતમાં આવા પ્રશ્નોની ખુલ્લી ચર્ચા પણ થતી અને નર્મદા આયોજન જૂથ દ્વારા નિષ્ણાતોને બોલાવીને પણ ચર્ચા થતી. સરકારનું નર્મદા આયોજન જૂથ આજે મૃતપ્રાયઃ અવસ્થામાં છે અને નર્મદાના અધિકારીઓ આ બાબતમાં ચૂપકીદી સેવે છે.

અત્યારે ભલે બંધ પૂરો ન બંધાતા ૭ મિલિયન એકર ફીટની પાણીની આવક નથી. તેમ છતાં જે પાંચેક મિલિયન એકર ફીટ પાણી ભરાય છે તેની વહેંચણી ત્રણ લાભાર્થીઓ, (૧) ખેડૂતો (સિંચાઈ), (૨) આમજનતા (વપરાશ) તથા (૩) ઉદ્યોગો (ઉત્પાદન) વચ્ચે કેટલું વહેંચવામાં આવે છે અને આ વહેંચણી મૂળ નક્કી કરેલી વહેંચણીથી કેટલી જુદી પડે છે તે વાત જાહેર કરવી જોઈએ. ઉદ્યોગોને પાણી જરૂર આપો, પરંતુ સિંચાઈના ભોગે નહીં.

'નર્મદા અભિયાન' ગુજરાતના લોકોની પોતાની સંસ્થા છે. જ્યારે જ્યારે નર્મદા યોજના વળાંક પર આવીને ઊભી છે ત્યારે ત્યારે 'નર્મદા અભિયાન'એ તેને સાચી દિશામાં વાળવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ૧૯૯૦ની દિલ્હીની ઐતિહાસિક રેલી, ફેરકૂવાનો સત્યાગ્રહ, વિસ્થાપિતોના સ્થળાંતર બાબતમાં વારંવારની કટોકટી, મોર્સ કમિશન સામેનો વિરોધ, વિશ્વબેંકની અવટવ, શૂલપાણીશ્વર મંદિરનું સ્થળાંતર અને પુનઃસ્થાપન, પરવેટાવાસીઓનાં ઘરોનું સ્થળાંતર, નર્મદા વિરોધીઓ સામે પ્રતિધરણાં, કેન્દ્ર દ્વારા છાશવારે સમીક્ષા સમિતિઓની નિમણૂક, રેલી ફોર ધ વેલી, વાડીનાર-બીના પાઈપલાઈન, નર્મદા સમર્થક શ્રી શરદ જોશીની 'કરસેવા', સત્યશોધક સમિતિ, વિસ્થાપિતોનું પુનર્વસન અને પુનઃ સ્થાપન, વિરોધીઓના અપ-પ્રચાર સામે સત્યપ્રચાર, હાઈકોર્ટ - સુપ્રીમ કોર્ટમાં રિટ કે પ્રતિ રિટ, કેન્દ્રીય પ્રધાન અને યોજના વિરોધીઓની બેઠક પર દિલ્હીમાં હલ્લો, 'માનવ અધિકાર યાત્રા'નો વિરોધ – કંઈ કેટલાયે મહત્ત્વના પ્રસંગોએ 'નર્મદા અભિયાન'એ નેતૃત્વ લઈ, વિરોધીઓને હંફાવ્યા છે.

જેને માટે લડત કરી તે હેતુ પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી લડત અધૂરી છે એમ અમારું માનવું છે. ગુજરાતની ત્રણ - ત્રણ પેઢીઓ નર્મદાનાં જળ માટે ઝૂરતી ઝૂરતી મહાકાળમાં વિલીન થઈ ગઈ. ચોથી પેઢી નસીબવંતી છે કે તેને નર્મદાના જળ પ્રાપ્ત થયાં, પરંતુ લડત ત્યારે જ લેખે લાગે જ્યારે તેની ફળશ્રુતિ પરિપૂર્ણ થાય. અર્થાત્ યોગ્ય જળ વિતરણ અને જળ વ્યવસ્થાપન તથા નર્મદા જળનો કરકસરભર્યો મહત્તમ ઉપયોગ થાય, ગુજરાતમાંથી કાયમ માટે દુષ્કાળને દેશવટો મળે, લોકોની પાણી અંગેની હાડમારીઓ, યાતનાઓ એક ભૂતકાળ બની જાય. ખેડૂતો પ્રતિવર્ષ એક કરતાં વધુ ફસલ લઈ દેવાંમાંથી મુક્ત થાય અને બે પાંદડે થાય. 'નર્મદા અભિયાન' એ આ ક્ષેત્રોમાં પણ પદાર્પણ કરીને નર્મદા જળના મહત્તમ લાભ, મહત્તમ લોકોને, મહત્તમ સમય માટે મળી રહે એ દિશામાં પણ યોગદાન આપ્યું અને હજુ પણ આપવા તત્પર છે. આ લડત ત્યારે જ પૂર્ણ થઈ ગણાય, જ્યારે બંધ તેની પૂર્ણ ઊંચાઈએ પહોંચી, આયોજન મુજબનું કામ આપતો થાય, નર્મદાના નિર્ધારિત પિયત વિસ્તારોને સઘળાને સિંચાઈ પ્રાપ્ત થાય, ગુજરાત માટે નર્મદા યોજના સાચા અર્થમાં જીવાદોરી બને, નર્મદા ગુજરાતની કામધેનુ બની રહે, 'નર્મદે સર્વદે'નું સૂત્ર યથાર્થ ઠરે.

– કૃષ્ણપ્રસાદ ઝ. પટેલ

લોકો ઉઘાડી આંખે પણ ઊંઘતા હોય છે અને સંતો બંધ આંખે પણ જાગતા હોય છે.

કુલ ૩૩૦૦ પાણી મંડળી બનાવી સિંચાઇ માટે પાણી આપવાનું હતું. તેમાંથી કેટલી મંડળીઓ બની અને કેટલી કાર્યાન્વિત થઈ? એક અંદાજ પ્રમાણે હાલ ૧૨૦૦ મંડળીઓ બની છે, પરંતુ તેમાંની મોટા ભાગની કાગળ ઉપર બની હોવાથી એક પણ મંડળી પૂર્ણ સ્વરુપે કાર્યરત નથી થઇ તેવી દહેશત છે. આથી ખેડૂતોને તોલમાપ (વોલ્યુમેટ્રિક) પદ્ધતિથી પાણી આપવાની અને મંડળીના સભાસદોને ચક અને સબચકમાં વહેંચી તેમની ભાગીદારી સાથે ઢાળિયા બનાવવાની અને સિંચાઇજળનું વ્યવસ્થાપન કરવાની વાત બાજુમાં રહી ગઇ છે તેવી દહેશત નિગમ બહારના નિષ્ણાતો સેવી રહ્યા છે.

ઉપર દર્શાવ્યા ઉપરાંત એવા ઘણા મુદ્દાઓ છે, જેમાં નર્મદા નિગમની કામગીરી પ્રશંસનીય રહી નથી. આ જોતાં એમ લાગે છે કે અત્યાર સુધી નર્મદા યોજના બાબત ગુજરાતની પ્રજાએ સેવતા સુવર્ણ સ્વપ્નો કદાચ દુ:સ્વપ્ન બની રહે. ત્યારે હવે શું કરવું? મહાભગીરથ કામમાં નર્મદા નિગમ અને સરકાર જો નિષ્ફળ જતાં હોય, પોતાની નિષ્ફળતા પ્રત્યે ચૂપકીદી સેવતાં હોય અને લોકોનો વિશ્વાસ અને ટેકો લેવામાં પાછાં પડતાં હોય તો નાગરિકો અને વિવિધ સંસ્થાઓએ આપમેળે આ પ્રશ્ન હલ કરવા આગળ આવી આ પ્રશ્ને મૌન સરકારને ટેકો કરવો જોઈએ.

નર્મદા અભિયાન સંસ્થા સુયોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા પીઢ નાગરિકો અને યુવાન સંગઠકોની બનેલી છે અને તેમાંના કેટલાંક તો નિવૃત્ત ટેક્નિકલ અધિકારીઓ છે કે જેમણે નર્મદા બંધ સહિત રાજ્યની જાણીતી સિંચાઇ યોજનાઓના ખાસ કરીને આયોજન અને ડિઝાઇનથી માંડી સમયસર પૂર્ણ કરવામાં ૩૫ વર્ષ ઉપરાંતની સક્રિય સેવાઓ બજાવેલ છે. આ ઉપરાંત પણ નર્મદા અભિયાનમાં કાર્યરત લોકો નામાંકિત અને સામાજિક સેવા ભાવનાવાળા છે કે જેમણે સ્વૈચ્છિકપણે સમયસર જમીન સંપાદન, વિવાદોનું સમાધાન અને જમીનવિહોણા અસરગ્રસ્ત ગ્રામ્ય પરિવારોના સુયોજિત આધુનિક સુખ-સુવિધા સાથેના પુનર્વસવાટ જેવી સંવેદનશીલ ગણાતી સમાજસેવી કામગીરીમાં યોગદાન આપેલ છે. આ સંસ્થાએ પોતાના જેવા અન્ય સામુદાયિક જુથો સાથે મળીને કેન્દ્ર અને લાભાર્થી રાજ્યો, પરિયોજના અમલીકરણ એજન્સી, ટ્રિબ્યુનલ તેમજ પરિયોજના નિર્માણમાં નીતિવિષયક ભૂમિકા ભજવનાર અન્ય સંસ્થાઓ સમક્ષ (પોતાની) સામાજિક જવાબદારીના ભાગરૂપે રજૂઆતો કરેલ છે. ગુજરાત રાજ્ય અને સામાજિક સંસ્થાઓના સહિયારા પ્રયાસોથી આજદિન સુધીની નર્મદા યોજનાની ભગીરથ કામગીરીને માનવીય અભિગમ સાથે વિક્રમજનક સફળતા સાથે પરિપૂર્ણ કરવાનું શક્ય બન્યું છે અને આ હકીકત ટ્રિબ્યુનલ, રાજ્ય સરકાર અને ખુદ અદાલતોના દફ્તરે વિદ્યમાન છે.

૧. સર્વપ્રથમ તો માહિતી અધિકારના કાયદા હેઠળ ઉપરોક્ત પ્રશ્ન વિશે સાચી માહિતી માંગી શકાય.

૨. અગાઉ પુનર્વસનના પ્રશ્ન પરત્વે પક્ષીય રાજકારણથી ઉપર ઊઠીને કામ થયું છે. સરકારે વિપક્ષો અને પોતાના જ પક્ષનાં પેટા જૂથો પરત્વેથી આભડછેટ છોડીને તેમનો સક્રિય ટેકો માગીને પુનર્વસનનો પ્રશ્ન હલ કરવો જોઇએ.

૩. લાભાર્થી ખેડૂતોની સક્રિય ભાગીદારી લઇ, તેમનાં તેમનાં હિતો અને જરૂરોને માન આપી, સ્થાનિક સિંચાઇ નેતાગીરી (દાદાગીરી નહીં) ઊભી કરી ઢાળિયા તથા બીજા અનેક પ્રશ્નો હલ કરી શકાશે. ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ આ માટે તૈયાર છે પણ નિગમ મૌન છે.

૪. નર્મદા આયોજન જૂથને પુનઃ સક્રિય કરી, નિષ્ણાતોની ભાગીદારી મેળવી ઘણા પ્રશ્નો હલ કરી શકાશે.

૫. ખુદ સરકાર તરફી કિસાન સંઘને તથા અન્ય ખેડૂત મંડળોને આ બાબતમાં વિશ્વાસમાં લેવા જરૂરી છે.

અધ્યક્ષ : નર્મદા અભિયાન
'આત્મન' બંગલોઝ, સન્મિત્ર સોસાયટી,
મલાવ તળાવની સામે, જીવરાજ પાર્ક,
અમદાવાદ-૩૮૦ ૦૫૧.

સફળતાની ગુરુચાવી

એક યુવાને અમેરિકાની જાણીતી યુનિવર્સિટીમાંથી ઈજનેરની પદવી પ્રાપ્ત કરી. તેનો વિચાર ખાણના એન્જિનિયર થવાનો હતો.

એક દિવસે તે ખાણના માલિકની પાસે નોકરી માટે ગયો.

માલિકે કહ્યું, 'અમારે તો એક ટાઈપીસ્ટની જરૂર છે. તમે એ કામ માટે તૈયાર હો તો આવો.'

થોડી ક્ષણો વિચાર કરી યુવાને સંમતિ આપી. પછી કહ્યું : 'એકાદ અઠવાડિયા પછી નોકરી પર આવું તો ચાલશે?'

'હા, જરૂર આવજો.'

એ યુવાન ખંતીલો હતો. સમયની કિંમત જાણતો હતો. નવું નવું શીખવાની જિજ્ઞાસા હતી. તકને ઝડપી લેવાના સ્વભાવવાળો હતો.

તેણે ટાઈપ મશીન ભાડે લાવી એક જ અઠવાડિયામાં ટાઈપિસ્ટનું કામ શીખી લીધું.

અને એ નોકરીમાં જોડાઈ ગયો – ટાઈપિસ્ટ તરીકે.

ખાણના માલિકે જાણ્યું કે ઈજનેરની પદવી પ્રાપ્ત કરનાર એન્જિનિયર ટાઈપિસ્ટની તાલીમ લઈ ખંતથી - ઉમંગથી નોકરીએ લાગી ગયો છે... ત્યારે એ યુવાન માટે તેને માન ઉપજ્યું.

એ યુવાન આગળ જતાં ખંત, શ્રમ, બુધ્ધિ, જ્ઞાન અને આવડતને કારણે યુનાઈટેડ સ્ટેટ્સનો રાષ્ટ્રપતિ બન્યો. એમનું નામ હતું – હુર્બર્ટ હૂવર!

બોધ વાક્યો :

- કોઈ કામને નાનું સમજવું નહિ.
- નાનાં નાનાં કાર્યોથી જ મોટાં કાર્યો કરી શકાય.
- કોઈ કામ અઘરું હોતું નથી, જો ખંતથી કરીએ તો!
- તક ઝડપી લેનારની પ્રગતિ થાય છે.

'સફળતાના સ્વાતિબિંદુ'માંથી

કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધી શકે

• એલ. ડી. શાહ •

(મંગલ મંદિર, મે - ૨૦૧૨નો લેખ)

આપણે સૌ જાણીએ છીએ કે જ્યાં વૃક્ષોનું પ્રમાણ વધુ છે, ત્યાં સારા પ્રમાણમાં વરસાદ પડે છે.

માથેરાન, મહાબળેશ્વર તેમજ લોનાવાલા વિસ્તારમાં સરેરાશ ૨૫૦ ઇંચ વરસાદ પડે છે. મુંબઇ - દક્ષિણ ગુજરાત જેવા વિસ્તારમાં પણ ૧૦૦થી ૧૫૦ ઇંચ જેટલો વરસાદ પડે છે.

વધુ વરસાદવાળા વિસ્તારની જનતા સૂકા પ્રદેશની જનતા કરતાં બધી જ રીતે સુખી જ હોય છે.

કુદરતે સમગ્ર વિશ્વને સમતોલ અને પ્રમાણસર જંગલ વિસ્તાર આપ્યો છે. **પણ પ્રજાની અજ્ઞાનતાને કારણે ઘણાં વિસ્તારમાં જંગલોનો આડેધડ નાશ થવાથી વૃક્ષોનો વિનાશ થયો છે. એને કારણે જ આપણાં કચ્છ જેવા વિસ્તારો વર્ષોથી દુષ્કાળો અને અછતનો સામનો કરી રહ્યા છે.**

આથી આવા વિસ્તારની પ્રજા, ખેડૂતો અને પશુધન પાયમાલ થાય છે. જંગલોનાં આધારે જીવતા રાની પશુઓ તેમજ પક્ષીઓ પણ નાશ પામે છે.

આપણે અનુભવી ચૂક્યા છીએ કે કચ્છ જિલ્લામાં જંગલોનો સર્વનાશ થતાં આપણે ઘણાં વર્ષોથી દુષ્કાળ અને અછતનો સામનો કરી રહ્યા હતા. આથી કચ્છની બે ગણી વસતિ રોજીરોટી માટે કચ્છની બહાર સ્થળાંતર કરી ગઇ છે. કચ્છની પ્રજા વતન પ્રેમી હોવાથી દુષ્કાળ અને અછતનાં સમયમાં કચ્છને લાખો - કરોડોની મદદ કરતી હતી.

ધાર્મિક, આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે કરોડોનાં દાન કરતા દાનવીરોને કચ્છ જિલ્લામાં દુષ્કાળને દૂર કરવાના વિચારો બહુ મોડેથી આવ્યા અને તેઓએ પ્રત્યક્ષ અનુભવ્યું કે ચોમાસામાં વરસાદી વાદળાંઓને તોફાની પવન કચ્છની ધરતી પરથી દૂર ખેંચી જાય છે, જેથી કચ્છની ધરતી વરસાદને અભાવે કાયમની તરસી રહી જાય છે. ઇલેક્ટ્રીક મોટરથી ભૂગર્ભમાંથી પાણી ખેંચાવાથી ભૂગર્ભ જળ અતિશય ઊંડાં અને ક્ષારયુક્ત થઇ જાય છે, જેને કારણે કચ્છની પ્રજા અને પશુધનને અનેક બીમારીઓનો સામનો કરવો પડે છે.

આવી વિષમ પરિસ્થિતિઓમાંથી નીકળવા એક જ ઉપાય છે, કે કચ્છની ધરતી પર અસંખ્ય વૃક્ષો વાવીને લીલુછમ બનાવી દેવું.

આ વાત કચ્છ જિલ્લાના પર્યાવરણ પ્રેમી લોકોના મગજમાં ધીરે ધીરે ઉતરતાં આજે આપણે જોઇ શકીએ છીએ કે છેલ્લાં કેટલાંક વર્ષોથી કચ્છમાં વૃક્ષારોપણનું કાર્ય ધીરે ધીરે વધતું જતાં વૃક્ષોનું પ્રમાણ વધતું જતું દેખાય છે, જેને કારણે છેલ્લાં આઠ વર્ષથી આપણે દુષ્કાળને વિદાય આપી શક્યા છીએ. છેલ્લા આઠ વર્ષોથી પડતા વરસાદને કારણે કચ્છની પ્રજા, ખેડૂતો અને આપણું પશુધન પાયમાલીમાંથી બચી શક્યું છે અને દુષ્કાળમાં ખર્ચાતા કરોડો રૂપિયા તેમજ આપણાં મૂલ્યવાન પશુધનને બચાવી શકાયા છે.

આપણે અનુભવી રહ્યા છીએ કે છેલ્લાં બે-ત્રણ વર્ષથી જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધતું દેખાય છે. મારું માનવું છે, કે આ કારણ કચ્છમાં વધતા જતા વૃક્ષોનાં પ્રમાણને કારણે હોઇ શકે. વિજ્ઞાનીઓ પણ આ વાતને ટેકો આપી રહ્યા છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકોમાં આવેલી જાગૃતિને કારણે આપણે દુષ્કાળને દૂર રાખી શક્યા છીએ, પણ હવે કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધારવા, કચ્છમાં ચાલી રહેલી વૃક્ષારોપણની પ્રવૃત્તિને વધુ જોરદાર બનાવીએ તો આપણે પાણીની અછતને કાયમની દૂર કરી શકીએ. હાલમાં કચ્છમાં પડતો ૧૨-૧૪ ઇંચ વરસાદ કચ્છ માટે અપૂરતો છે. ખેડૂતોના મોલ છેલ્લા વરસાદની રાહ જોઇને સૂકાઇ જાય છે. આપણાં નદી, નાળાં, તળાવો અને કૂવાઓ ચોમાસાના અંતે સુક્કાભઠ થઇ જાય છે. એટલે જો વરસાદનું પ્રમાણ વધે તો જ આપણે પાણીની અછતથી દૂર રહી શકીએ. આ વર્ષે પડેલા પાછોતરા વરસાદે રંગ રાખી દીધો. આપણે ત્યાં પડેલા છેલ્લા વરસાદે આપણાં તળાવો, ડેમો અને નદીનાળાં છલોછલ ભરી દીધાં જેથી ઘણાં મોટા પ્રમાણમાં ભૂગર્ભ જળ સંગ્રહ થઇ શક્યો અને પાણીની ગુણવત્તા પણ સુધરી છે.

હવે આપણે પર્યાવરણ ક્ષેત્રે જાગ્યા છીએ, ત્યારે આ જાગૃતિનો પૂરેપૂરો લાભ મેળવીએ.

હજી પણ કચ્છની સ્થાનિક પ્રજા જે ફક્ત રોટી, કપડાં અને મકાનમાં વ્યસ્ત છે, તેમને પણ જાગૃત કરવાની જરૂર છે. જેથી તેમનાં જોડાવાથી વૃક્ષારોપણની પ્રવૃત્તિ બેવડાઇ જતાં, કચ્છની ધરતી પરથી વરસ્યા વગર વહી જતાં વાદળોને વરસવાની ફરજ પાડી શકાય અને જંગલ પ્રમાણ વધારી માથેરાન અને મહાબળેશ્વર જેવું બનાવવા વરસાદનું પ્રમાણ વધારવા અન્ય પ્રયત્નો નહિ કરવા પડે.

જલારામ બાગ, ભિદડા,
કચ્છ-૩૭૦ ૪૩૫.

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, વ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

કચ્છ શાખા નહેર અંગે નોંધ

• મૂકેશ ઝવેરી, ડાયરેક્ટર - સરદાર સરોવર નર્મદા નિગમ લિ. •

(મંગલ મંદિર, જૂન - ૨૦૧૨નો લેખ)

૧.૦ સામાન્ય :

કચ્છ શાખા નહેર નર્મદા યોજના મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. પરથી નીકળે છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઈ ૩૬૦ કિ.મી. છે. કચ્છ શાખા નહેર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઈ કચ્છના નાના રણને ઓળંગીને કચ્છ જિલ્લામાં સાંકળ ૯૪ કિ.મી.થી પ્રવેશ કરે છે. કચ્છ શાખા નહેરની શરૂઆતની લંબાઈમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૬૭ કિ.મી., ૪૦.૩૦ કિ.મી. અને ૮૨.૩૦ કિ.મી. પર અનુક્રમે ૧૧.૨૫ મી., ૮.૪૫૪ મી. અને ૮.૮૨૫ મી. ઊંચાઈના ફૉલ બાંધવાનું આયોજન કરેલ છે. કચ્છ જિલ્લામાં સાંકળ ૧૦૦.૭૯ કિ.મી., ૧૧૧.૭૫૦ કિ.મી. અને ૧૮૯.૯૭ કિ.મી. ઉપર પંપીંગ સ્ટેશન મૂકી અનુક્રમે ૧૮.૨૧ મી., ૧૮.૨૧ મી. અને ૧૮.૭૨ મી. ઊંચાઈમાં પાણી ઉદ્વહન કરવાનું આયોજન છે.

૨.૦ કચ્છ શાખા નહેરના પિયત વિસ્તારની વિગત :

હાલના આયોજન મુજબ કચ્છ જિલ્લાના ૧,૧૨,૭૭૮ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે.

કચ્છ જિલ્લાના કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવા કચ્છ શાખા નહેરની વહનક્ષમતા ૧૨૦ ઘ.મી. / સેકન્ડ રાખવામાં આવેલ. વધુમાં ચોમાસા દરમ્યાન ઉપલબ્ધ થનાર વધારાના ૧ મિલિયન ઘન ફૂટ પાણી વહેવડાવવા માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતા ઉદ્ગમ સ્થાને ૧૨૦ ઘ.મી./સેકન્ડથી વધારી ૨૨૦ ઘ.મી./સેકન્ડ કરવામાં આવેલ છે.

પિયત વિસ્તારની જિલ્લાવાર, તાલુકાવાર અને ગામની સંખ્યાવાર વિગત નીચે મુજબ છે.

અનુ.નં.	જિલ્લો	તાલુકો	લાભિત ગામોની સંખ્યા	પિયત વિસ્તાર હેક્ટરમાં
૧	૨	૩	૪	૫
૧	કચ્છ	રાપર	૪૭	૩૮૫૬૧
		ભચાઉ	૩૩	૨૫૯૩૫
		ગાંધીધામ	૮	૪૧૩૪
		અંજાર	૨૪	૧૩૩૬૭
		મુંદ્રા	૩૪	૧૮૨૪૦
		માંડવી	૩૦	૧૧૧૯૮
		ભુજ	૬	૧૩૪૩
		કુલ	**૧૮૨**	**૧,૧૨,૭૭૮**

૩.૦ બાંધકામની વર્તમાન સ્થિતિ તથા નવા બધા જ કામોનું આયોજન :

શાખા નહેરની કુલ ૩૬૦ કિ.મી. લંબાઈના શરૂઆતની સાંકળ ૧૯૪ કિ.મી. સુધીમાં સ્થળ મોજણી, આયોજન, આલેખન અને અંદાજની કામગીરી ભારતીય રેલવેના ઉપક્રમ રાઈટ્સ ઈન્ડિયાને સોંપવામાં આવેલ હતી. શરૂઆતની ૧૯૪ કિ.મી. લંબાઈમાં સ્થળ મોજણી અને ભૂમિ અન્વેષણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સાંકળ ૧૯૪થી ૩૬૦ કિ.મી.ની લંબાઈમાં સ્થળ મોજણીની કામગીરી વાપકોસ (ભારત સરકારના ઉપક્રમ) દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે એપ્રિલ - ૨૦૧૨માં પૂર્ણ કરવાનું આયોજન છે.

આંખો આવે તો પણ નકામું, આંખો જાય તો પણ નકામું. આંખો ઉછળે તો પણ નકામું પણ આંખો ઉઘડે તો કામનું.

કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી. (પે–કે–૧)નું કામ પૂર્ણ થયેલ છે. જ્યારે સાંકળ ૧૨૨.૨૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પે–કે–૨, ખર્ચે અને જોખમે)નું કામ હાલ પ્રગતિમાં છે. સાંકળ ૮૨.૩થી ૧૧૨.૫ કિ.મી. (ઈપીસી-૧) અને ૧૩૩થી ૧૮૯.૯૭ કિ.મી. (ઈપીસી-૨)નાં કામો તથા ત્રણ પંપીંગ સ્ટેશનોનાં કામો ઈપીસી ધોરણે ઈજારદારોને આપવામાં આવેલ છે અને આ કામો પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭થી ૨૧૮ કિ.મી.નું ટેન્ડર તા. ૧૯-૩-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવેલ છે. કચ્છ શાખા નહેરની બાકી રહેતી કામગીરી માટે પણ ટૂંક સમયમાં ટેન્ડરો બહાર પાડી આગામી ત્રણ વર્ષમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેરના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ચાલુ કામોની વિગત

અનુ. નં.	કામની વિગત	એજન્સીનું નામ	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)	વર્ક ઓર્ડરની તારીખ	સંભવિત પૂર્ણ થવાની તારીખ	પ્રગતિ (રૂા. કરોડમાં)
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦થી ૮.૮૨ કિ.મી.	સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ	૩૦.૭૦	૧-૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે.	—
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૮.૮૨થી ૨૦.૦૮ કિ.મી.	સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ	૩૦.૯૧	૧-૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે.	—
૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૦૮થી ૩૨.૯૭ કિ.મી.	બી. કે. પટેલ એન્ડ કું., અમદાવાદ	૪૨.૭૭	૨-૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે.	—
૪.	કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭થી ૪૫.૦ કિ.મી.	વાલજી પુના એન્ડ કું., આદિપુર	૨૨.૦૭	૨૧-૧૦-૨૦૧૦	૩૧-૧૨-૨૦૧૨	૮.૦
૫.	કચ્છ શાખા નહેરની સાંકળ ૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી. (ઈપીસી)	ગેગન ડંકર્લી, અમદાવાદ	૨૫૧.૦૦	૦૭-૦૨-૨૦૧૧	૦૬-૦૨-૨૦૧૩	૨૩.૦
૬.	કચ્છ શાખા નહેરની સાંકળ ૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી.	ગેગન ડંકર્લી, અમદાવાદ	૨૫.૫૪	૧૩-૧-૨૦૧૧	૧૨-૭-૨૦૧૨	૪.૦
૭.	કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫.૦૦થી ૮૨.૩ કિ.મી. (ઈપીસી)	એસ.ઈ.ડબલ્યુ. એન્ડ એમ.ઈ.આઈ.એલ. જે.વી. હૈદ્રાબાદ	૨૨૪.૩	૦૭-૨-૨૦૧૧	૬-૨-૨૦૧૩	૯.૦

કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં ચાલુ કામોની વિગત

અનુ. નં.	કામની વિગત	એજન્સીનું નામ	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)	વર્ક ઓર્ડરની તારીખ	સંભવિત પૂર્ણ થવાની તારીખ	પ્રગતિ (રૂા. કરોડમાં)
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૮૨.૩થી ૧૧૨.૫ કિ.મી.	નાગાર્જુન કન્સ્ટ્રક્શન લિ. હૈદ્રાબાદ	૪૦૨.૪૫	૨૭-૧-૨૦૧૧	૦૧/૨૦૧૩	૨૨.૦
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫થી ૧૨૨.૩૧૯ કિ.મી. (પેકેજ કે.૧)	મોન્ટેકાર્લો કન્સ્ટ્રક્શન પ્રા.લિ., અમદાવાદ	૩૨.૩૬	૧૧-૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે. ૧૨/૨૦૧૧	—

એક કલાક વહેલા હોવું સારું પણ એક મિનિટ પણ મોડા પડવું ખોટું...

૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૨૨.૩૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે.૨)	કિશાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., રાજકોટ	૩૩.૫૦	૧૫-૭-૨૦૧૦	૧૨/૨૦૧૨	૧૧.૦
૪.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૩૩ થી ૧૮૯.૯ કિ.મી.	હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કું. લિ., મુંબઈ	૩૪૫.૩૧	૨૭-૧-૨૦૧૧	૦૧/૨૦૧૩	૩૮
૫.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯ થી ૨૧૮ કિ.મી.	ટેન્ડર તા. ૧૯-૩-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવેલ છે.				
૬.	કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન નં.-૧	આઈ.વી.આર.સી.એલ.-ડબ્લ્યુ.યુ.એક્ષ.આઈ.-જેવી, હૈદ્રાબાદ	૧૮૩.૪૭	૭-૩-૨૦૧૧	૦૩/૨૦૧૩	૧૪.૨૧
૭.	કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન નં.-૨	એમ.આઈ.આઈ.એલ.-આઈ.ટી.ટી.-જે.વી. હૈદ્રાબાદ	૧૮૩.૦૦	૭-૩-૨૦૧૧	૦૩/૨૦૧૩	૧૪.૬૫
૮.	કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન નં.-૩	એમ.આઈ.આઈ.એલ.-આઈ.ટી.ટી.-જે.વી. હૈદ્રાબાદ	૧૪૮.૨૬	૭-૩-૨૦૧૧	૦૩/૨૦૧૩	૧૭.૮૧

૪.૦ પિયત વિસ્તાર :

ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ માઈનોર વગેરેના આયોજન તથા મોજણીની કામગીરી તથા ટેન્ડરની કામગીરી કેન્દ્ર સરકારના જાહેર ઉપક્રમ ધબ.હફ્ક દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. કચ્છ શાખા નહેરની ૧૧૨.૫થી ૩૬૦ કિ.મી.માં નેટવર્ક પ્લાનીંગ માટેની મોજણી વાપકોસ દ્વારા પ્રગતિમાં છે.

નોંધ : *પ્રગતિના આંકડા ફેબ્રુઆરી-૨૦૧૨ સુધીના છે. ત્યારબાદના ત્રણ મહિનાના પ્રગતિના આંકડાનો આ લેખમાં સમાવેશ કરવામાં આવેલ નથી.*

"ત્રિશલા", હિંમતલાલ પાર્ક સ્ટ્રીટ, જીજસ કોલોની સામે, જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી

(અનુસંધાન : પાના નં. - ૨૧૨ ઉપરથી ચાલુ)

જરૂરિયાત જોઈને અધધધ.... થઈ જવાય. આ સામે ગુજરાત સરકારશ્રી દ્વારા પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી તેઓને દરરોજના ૫૦ એમ.એલ.ડી. પાણી ફાળવવામાં આવે છે. બાકીનું ખૂટતું ૨૫૦ એમ.એલ.ડી. પાણી તેઓ કચ્છના ભૂ-તળનું વાપરે છે. પરિણામે કચ્છના ભૂગર્ભના પાણીની સપાટી નીચે જાય છે અને ખેડૂતોનો પાણી માટે અથવા ગામડાઓમાં ઘર-વપરાશ માટે જોઈતા પાણી ખૂબ ઊંડેથી ખેંચવા પડે છે. આપણે જાણીએ છીએ કે આ ઉદ્યોગો પોતાની વપરાશના જરૂરી પાણી કચ્છ બહારથી લાવી શકવાના નથી અને આપણે આ ઉદ્યોગોના વિરોધી પણ નથી. પરંતુ કચ્છમાં યોગ્ય સ્થળે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપીને દરિયાનું ખારું પાણી મીઠું બનાવી આ ઉદ્યોગોને તે પાણી પહોંચતું કરી શકાય. આ પાણી થોડું મોંઘું પડે પરંતુ ઉદ્યોગની પડતર કિંમતમાં તે વધારો નજીવો ગણાય. ગુજરાત સરકાર આ જરૂરિયાતને પહોંચી વળવા આજ દિન સુધી નિષ્ફળ ગયેલ છે. રાજકીય સેવાભાવી વ્યક્તિઓએ આ કાર્ય પણ ત્વરીત રીતે હાથ પર લેવું જરૂરી છે. કચ્છના ખેડૂતોના હિતમાં અને કચ્છના ગામડાની પ્રજાના હિતમાં પણ ઉદ્યોગોને જોઈતા પાણી માટે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થપાય એ આજની તાતી જરૂરિયાત છે.

• ઉત્તમ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ :

અન્ય કોઈ પણ સેવાકીય પ્રવૃત્તિઓ કરતાં નિયમિત પાણી, વધારાના પાણી તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણીના આયોજનો પરિપૂર્ણ કરાવવાની સેવા અતિ ઉત્તમ કક્ષાની સેવા છે. કોઈ પણ પ્રકારના રાજકીય ક્ષેત્રે કાર્યરત રહેતી વ્યક્તિઓના ખાંખત, ખંત અને ખમીરના દર્શન કરાવવાનો આ અવસર છે. ■

જાગતાં જાગતાં સૂવે તેનું જાગરણ પડ્યું કૂવે, ઊંઘતાં ઊંઘતાં જાગે તેનું ઊંઘવું લેખે લાગે.

કચ્છ શાખા નહેર માટે જમીન સંપાદનની છેલ્લી સ્થિતિ

• રજૂઆત : મૂકેશ ઝવેરી, ડાયરેક્ટર - સરદાર સરોવર નર્મદા નિગમ લિ. •

(મંગલ મંદિર, જૂન - ૨૦૧૨નો લેખ)

(૧) કચ્છ શાખા નહેર, કચ્છ જિલ્લામાં રાપર તાલુકામાંથી પ્રવેશ કરે છે. ત્યારબાદ ભચાઉ, અંજાર, ગાંધીધામ, મુંદ્રા, માંડવી તથા ભુજ તાલુકામાંથી પસાર થાય છે. હાલમાં ભચાઉ તાલુકાના ભચાઉ મુકામે આવેલ પંમ્પિંગ સ્ટેશન – ૩ સુધી વર્ક ઓર્ડર અપાયેલ છે. આમ ભચાઉ તથા રાપર તાલુકામાં ખાનગી જમીનો સંપાદન કરી નહેરના કામ માટે ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે.

(૨) રાપર તથા ભચાઉ તાલુકામાં નીચે મુજબનાં ગામોમાં ખાનગી જમીનો સંપાદન કરવી જરૂરી હતી.

અનુ.નં.	તાલુકો	ગામ	હેતુ	કુલ ખાતેદારો	કુલ ક્ષેત્રફળ
૧.	રાપર	માંજુવાસ	પંપીંગ-૧	૨	૨.૫૬૬૦
૨.		મોમાયમોરા	નહેર	૭	૧૧.૫૧૨૩
૩.		ફતેહગઢ	નહેર	૧૨૧	૭૩.૯૨૯૧
૪.		હમીરપર નાની	નહેર	૨૬	૨૨.૮૯૨૧
			પંપીંગ-૨	૨૭	૨૦.૩૪૦૦
૫.		નંદાસર	નહેર	૩૪	૩૪.૯૦૦૯
૬.		જેસડા	નહેર	૩૩	૨૯.૭૧૬૦
૭.		ત્રંબૌ	નહેર	૩૭	૩૩.૨૪૦૬
૮.		સૂવઈ	નહેર	૬	૭.૯૯૭૭
૯.		ખેંગારપર	નહેર	૪૫	૪૨.૦૪૬૫
૧૦.		ગવરીપર	નહેર	૧	૧.૧૭૯૫
૧૧.		વજેપર	નહેર	૧	૧.૫૦૧૩
૧૨.		રવ નાની	નહેર	૧૫	૧૫.૯૬૮૨
૧૩.		કલ્યાણપર (થાનપર)	એપ્રોચ રોડ	૩	૦.૧૫૮૦
૧૪.		કલ્યાણપર	એપ્રોચ રોડ	૪	૦.૩૭૭૦
૧૫.	ભચાઉ	ભરૂડિયા	નહેર	૪૪	૫૩.૩૭૭૩
૧૬.		કણખોઈ	નહેર	૫	૬.૨૧૮૦
૧૭.		ચોબારી	નહેર	૮૫	૭૬.૧૦૬૦
૧૮.		મનફરા	નહેર	૨૦	૧૭.૩૭૯૬
૧૯.		ખારોઈ	નહેર	૩૭	૪૩.૯૩૦૬
૨૦.		માય	નહેર	૪૧	૪૨.૦૧૪૧
૨૧.		મેઘપર - કુંજીસર	નહેર	૧૩	૨૨.૪૧૪૯
૨૨.		કરમરીયા	નહેર	૪૮	૫૫.૨૭૭૦
૨૩.		ભચાઉ	નહેર	૩૭	૩૨.૨૭૭૬
			પંપીંગ-૩	૫૧	૨૭.૨૫૨૪
		કુલ		**૭૪૩**	**૬૭૪.૫૭૨૭**

ઘડિયાળને પકડી રાખો તો પણ સમય તો ચાલ્યો જ જાય છે.

(૩) આ એક ભગીરથ કાર્ય હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને જમીનોનું યોગ્ય વળતર મળી રહે તથા જમીન સંપાદનની પ્રક્રિયા વેળાસર પૂર્ણ થાય તે હેતુથી જે પણ કોઈ ખેડૂત પ્રવર્તમાન જંત્રી ભાવથી જમીન આપવા સંમત થાય તો તે મુજબ જમીન સંપાદન કરવાનું નક્કી કર્યું. આ ઉપરાંત બીજા ૩૦% પણ આપવાનું ઠરાવ્યું. આ માટે રાજ્ય સરકાર દ્વારા દર સોમવારે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠકો કરી જ્યાં પણ મહેસૂલ ખાતા હસ્તક રેકર્ડના પ્રશ્નો હોય તે ત્વરિત દૂર કર્યા. વારસાઈ, વહેંચણી, વેચાણ, હક્ક કમી જેવી બાબતોનો કલેક્ટરશ્રી એમ. થેન્નારસન દ્વારા તત્કાલ નિકાલ કરાયો. માનનીય મહેસૂલ મંત્રીશ્રી આનંદીબહેન પટેલ દ્વારા પણ જિલ્લાની મુલાકાતો લઈ સમીક્ષા કરાઈ. સૂવઈ ખાતે માનનીય મંત્રીશ્રી દ્વારા જે ખેડૂતોએ જંત્રી ભાવથી સંમતિ આપી હતી તેઓનું જાહેર સન્માન કરી તેઓને બિરદાવ્યા. સરદાર સરોવર નર્મદા નિગમના માનનીય વહીવટી સંચાલક શ્રી એસ. જગદીશન દ્વારા જિલ્લાનાં ગામોની મુલાકાત લઈ ખેડૂતોને જંત્રી ભાવથી સંમત થવાના ફાયદા સમજાવવામાં આવ્યા. આ મુલાકાતો દરમ્યાન કચ્છ જિલ્લાના વતની, માજી ધારાસભ્ય શ્રી તથા હાલમાં નિગમના સંચાલકશ્રી મૂકેશભાઈ ઝવેરી અવિરતપણે હાજર રહ્યા. તેઓશ્રીએ તમામ ગામોમાં ખેડૂતો સાથે અંગત રીતે ગોષ્ઠિ કરી. જરૂર જણાયે અગ્રણીઓની મુલાકાત બાદ ફરીથી ગામોની મુલાકાત લઈ ખેડૂતોના પ્રશ્નો દૂર કર્યા. રાપર તથા ભચાઉ વિસ્તાર જે સામાન્ય રીતે વાગડ તરીકે ઓળખાય છે, તે વિસ્તારના ઘણા ખેડૂતો ધંધાર્થે મુંબઈ મુકામે સ્થાયી થયેલ હોઈ તેઓની અનુકૂળતા સચવાય તે માટે સરદાર સરોવર નર્મદા નિગમના માનનીય વહીવટી સંચાલકશ્રી એસ. જગદીશન, સંચાલકશ્રી મૂકેશભાઈ ઝવેરી તથા કચ્છ શાખાના મુખ્ય ઈજનેર શ્રી એસ.ડી. મિસ્ત્રી મુંબઈ મુકામે જઈ વાગડના વિરલાઓને જમીન સંમતિથી આપવા સંમત કર્યા. આ ઉપરાંત સંયુક્ત વહીવટી સંચાલક અને કચ્છ જિલ્લાના પ્રભારી સચિવશ્રી કે. શ્રીનિવાસન, મુખ્ય જનરલ મેનેજર શ્રી એસ.કે. પંડ્યા કે જેઓ પણ ગાંધીનગર મુકામે કાર્યરત છે તેમના દ્વારા પણ ગામોની મુલાકાત લેવાઈ. કે. શ્રીનિવાસન દ્વારા ચોબારી ગામે જ્યાં ખેડૂતો સંમતિ આપવા અવઢવમાં હતા ત્યાં મોડી રાત સુધી રોકાઈ અમુક ખેડૂતોની સંમતિ મેળવવામાં આવી. આ તમામ મુલાકાતો તથા ત્યારબાદ કરવાની કાર્યવાહી જમીન સંપાદન અધિકારીશ્રી એન.વી. ઉપાધ્યાય તથા કાર્યપાલક ઈજનેર શ્રી કચ્છ શાખા નહેરના અધિકારીઓ દ્વારા પૂર્ણ કરવામાં આવી. આમ આ તમામ પ્રયત્નો બાદ હાલમાં આ બે તાલુકામાં સંપાદનની સ્થિતિ ગામવાર નીચે મુજબ છે.

(૪) સંપાદનની છેલ્લી સ્થિતિ :

અનુ. નં.	ગામ	હેતુ	કુલ ખેડૂતો	કુલ ક્ષેત્રફળ	સંમતિથી સંપાદન		કાયદાથી સંપાદન	
					કુલ ખેડૂતો	કુલ ક્ષેત્રફળ	કુલ ખેડૂતો	કુલ ક્ષેત્રફળ
૧.	માંજુવાસ	પંપીંગ-૧	૨	૨.૫૬૬	૨	૨.૫૬૬	૦	૦
૨.	મોમાય મોરા	નહેર	૭	૧૧.૫૧૨૩	૭	૧૧.૫૧૨૩	૦	૦
૩.	ફતેહગઢ	નહેર	૧૨૧	૭૩.૯૨૯૧	૧૧૮	૭૧.૯૩૪૮	૩	૧.૯૯૪૦
૪.	હમીરપર નાની	નહેર	૨૬	૨૨.૮૯૨૧	૨૫	૨૦.૮૪૧૧	૧	૨.૦૫૧૦
		પંપીંગ-૨	૨૭	૨૦.૩૪૦૦	૧૫	૧૦.૫૬૪૭	૧૭	૯.૭૭૫૩
૫.	નંદાસર	નહેર	૩૪	૩૪.૯૦૦૯	૩૧	૩૦.૩૫૧૬	૩	૪.૫૪૯૩
૬.	જેસડા	નહેર	૩૩	૨૯.૭૧૬૦	૨૯	૨૬.૮૫૨૩	૪	૨.૮૬૩૭
૭.	ત્રંબૌ	નહેર	૩૭	૩૩.૨૪૦૬	૩૩	૩૨.૦૭૮૫	૪	૧.૧૬૨૧
૮.	સૂવઈ	નહેર	૬	૭.૯૯૭૭	૪	૩.૧૬૪૦	૨	૪.૮૩૩૭
૯.	ખેંગારપર	નહેર	૪૫	૪૨.૦૪૬૫	૧૩	૧૦.૦૮૩૧	૩૨	૩૧.૯૬૩૪
૧૦.	ગવરીપર	નહેર	૧	૧.૧૭૯૫	૧	૧.૧૭૯૫	૦	૦
૧૧.	વજેપર	નહેર	૧	૧.૫૦૧૩	૧	૧.૫૦૧૩	૦	૦
૧૨.	રવ નાની	નહેર	૧૫	૧૫.૯૬૮૨	૧૫	૧૫.૯૬૮૨	૦	૦
૧૩.	કલ્યાણપર (થાનપર)	રોડ	૩	૦.૧૫૮૦	૦	૦	૩	૦.૧૫૮૦
૧૪.	કલ્યાણપર	રોડ	૪	૦.૩૭૭૦	૦	૦	૪	૦.૩૭૭૦

શરીર એ આત્માનો પોષાક છે. પોષાકને એના પહેરનાર કરતાં વધુ પ્યાર ન કરો.

અનુ. નં.	ગામ	હેતુ	કુલ ખેડૂતો	કુલ ક્ષેત્રફળ	સંમતિથી સંપાદન		કાયદાથી સંપાદન	
					કુલ ખેડૂતો	કુલ ક્ષેત્રફળ	કુલ ખેડૂતો	કુલ ક્ષેત્રફળ
૧૫.	ભરૂડિયા	નહેર	૪૪	૫૩.૩૭૭૩	૨૯	૩૫.૪૯૦૦	૧૫	૧૭.૮૮૭૩
૧૬.	કણખોઈ	નહેર	૫	૬.૨૧૮૦	૫	૬.૨૧૮૦	૦	૦
૧૭.	ચોબારી	નહેર	૮૫	૭૬.૧૦૬૦	૨૯	૨૨.૭૫૫૦	૫૬	૫૩.૩૫૧૦
૧૮.	મનફરા	નહેર	૨૦	૧૭.૩૭૯૬	૮	૬.૩૭૭૨	૧૨	૧૧.૦૦૩૪
૧૯.	ખારોઈ	નહેર	૩૭	૪૩.૯૩૦૬	૩૩	૩૮.૨૯૨૬	૪	૫.૬૩૮૦
૨૦.	માય	નહેર	૪૧	૪૨.૦૧૪૧	૩૫	૩૬.૨૭૭૬	૬	૫.૭૩૬૫
૨૧.	મેઘપર-કુંજીસર	નહેર	૧૩	૨૨.૪૧૪૯	૧૩	૨૨.૪૧૪૯	૦	૦
૨૨.	કરમરિયા	નહેર	૪૮	૫૫.૨૭૭૦	૩૭	૩૩.૫૮૩૫	૧૧	૨૧.૬૯૩૫
૨૩.	ભચાઉ	નહેર	૩૭	૩૨.૨૭૭૬	૩૬	૩૧.૪૩૯૩	૧	૦.૮૩૮૩
		પંપીંગ-૩	૫૧	૨૭.૨૫૨૪	૪૧	૨૫.૨૨૮૨	૩	૨.૦૨૪૨
	કુલ		૭૪૩	૬૭૪.૫૭૨૭	૫૬૦	૪૯૬.૬૭૩૭	૧૮૧	૧૭૭.૮૯૯૭

ઉપરોક્ત પત્રમાં ફતેહગઢ તથા હમીપર નાની (નહેર)માં કાયદાકીય કાર્યવાહી પ્રગતિમાં છે. અન્ય તમામ કિસ્સામાં કાર્યવાહી પૂર્ણ થયેલ છે. વિગતો જોતાં લગભગ ૭૪% સંપાદનની કાર્યવાહી ખેડૂતોની સંમતિથી કરવામાં આવેલ છે. સંમતિથી કરવામાં આવેલ ઍવોર્ડમાં ખેડૂતોને કુલ રૂા. ૧૬,૩૧,૨૬,૮૫૫/- વળતર જાહેર કરાયેલ છે. આમાં ઉપરોક્ત બે ગામોનો સમાવેશ કરેલ નથી. આમ, સરેરાશ વળતર ખેડૂત દીઠ રૂા. ૩,૮૬,૫૫૬/- મળેલ છે અને સરેરાશ વળતર હેક્ટર દીઠ રૂા. ૪,૦૩,૮૮૫/- જાહેર થયેલ છે. જે કિસ્સામાં સંમતિ ના મળતાં કાયદા મુજબ સંપાદન કરેલ છે. તેમાં કુલ રૂા. ૮૨,૪૧,૪૩૬/- વળતર કાયદાકીય જોગવાઈ મુજબ જાહેર કરાયેલ છે. આમ, સરેરાશ વળતર ખેડૂત દીઠ રૂા. ૪૬,૮૮૩/- મળેલ છે અને સરેરાશ વળતર હેક્ટર દીઠ રૂા. ૪૭,૫૬૭/- જાહેર થયેલ છે. આમ જોઈએ તો સંમતિથી જાહેર કરાયેલ સરેરાશ વળતર કાયદા મુજબ જાહેર કરાયેલ સરેરાશ વળતર કરતાં લગભગ આઠ ગણું છે. સરકારશ્રી દ્વારા ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે આ એક પ્રશંસનીય પગલું ગણી શકાય અને મોટાભાગના ખેડૂતોએ લાભ લીધેલ છે. જે કિસ્સામાં સંમતિથી જમીન ના મળે તેવા કિસ્સામાં સરકારશ્રી કાયદા મુજબ સંપાદન કરવાની જ છે, જે ઉપરોક્ત માહિતીથી સ્પષ્ટ છે. આમ, સરદાર સરોવર નર્મદા નિગમ હસ્તકની કચ્છ શાખા નહેરની સંપાદનની પ્રક્રિયા ભચાઉ સુધી પૂર્ણ થયેલ છે. ભચાઉ સુધી નહેરનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. વાગડ વિસ્તાર નર્મદાના પાણીથી રેલમછેલ થાય તે દિવસો હવે દૂર નથી. જાણે કે ૫૦ વર્ષ જૂનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આ તમામ યશ ગુજરાત સરકારશ્રીને જ આપવો રહ્યો.

નોંધ : *ઉપરોક્ત અહેવાલમાં જમીન સંપાદનના આંકડા ફેબ્રુઆરી-૨૦૧૨ના છે. ત્યારબાદની માહિતી પ્રમાણે આ વિભાગની કેનાલ માટે ૧૦૦ ટકા જમીન સંપાદિત થઈ ચૂકેલ છે.*

"ત્રિશલા", હિંમતલાલ પાર્ક સ્ટ્રીટ, જ્યુસ કોલોની સામે, જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

★ **મકાન સાથે જીવનારો માણસ મકાન માટે નથી જ જીવતો. ભોજન સાથે જીવનારો માણસ ભોજન માટે નથી જ જીવતો. પણ કરુણતા માણસના જીવનમાં એ સર્જાઈ છે કે એ પૈસા સાથે જીવન નથી જીવતો પણ પૈસા માટે જ જીવન જીવી રહ્યો છે.**

'સાથે'નું સ્થાન જ્યારે 'માટે' લઈ લે ત્યારે જીવનમાં કેવી અરાજકતા વ્યાપી જાય એ જોવું હોય તો આજના ધનલંપટોને જોઈ લેવા જેવા છે.

★ **રસ્તા પર ધૂળ ઊડતી હોય છે, હું આંખો બંધ કરી દઉં છું.**

ગટરની દુર્ગંધ ફેલાતી હોય છે, હું નાક આડે રૂમાલ લગાવી દઉં છું.

વાતાવરણમાં ધુમાડો ઊડતો હોય છે, હું મોઢું બંધ કરી દઉં છું. પણ, કોકની હલકી વાતો સાંભળવાનો મોકો મળે છે, હું મારા બંને કાન ખુલ્લા મૂકી દઉં છું!

કરુણતા જ છે ને?

ઠોકર વાગે ત્યારે જ માણસને 'ઠાકર' યાદ આવે છે.

ગુજરાત વિધાનસભાના દ્વારેથી
કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી બાબતે

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જૂન - ૨૦૧૨ નો લેખ)

ગુજરાત વિધાનસભાના ગત સેશનમાં રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે નર્મદા નદીના વધારાના પાણીનાં કાર્યો માટે નીચે મુજબના પ્રશ્નો પૂછેલ હતા કે જેના તેઓને મળેલ સત્તાવાર જવાબની પણ અત્રે રજૂઆત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત જવાબો પરથી એ સ્પષ્ટ થાય છે કે કચ્છ તથા સૌરાષ્ટ્રને ફાળવવામાં આવેલ વધારાના પાણી માટે હજુ સુધી માત્ર રૂા. ૭૩.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે જ્યારે અન્ય તરફ ઉત્તર ગુજરાતમાં અત્યાર સુધી રૂા. ૨,૨૩,૭૪૨.૬૩ લાખનાં કામ થઈ ચૂકેલ છે. એટલે કે રૂા. ૨૨૩૭ કરોડનાં કામ થઈ ચૂકેલ છે.

વધારાના પાણીનાં કાર્યો સરદાર સરોવર નર્મદા નિગમ હસ્તક નહીં પરંતુ રાજ્ય સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના હાથમાં સોંપવામાં આવેલ છે.

લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શનવાળા શ્રી લક્ષ્મણભાઈ (નૈરોબી સ્થિત) આ બાબતે અવારનવાર પ્રયાસ કરતા હોય છે. જે કન્સલ્ટિંગ કંપની મલ્ટી મીડિયાને આ કામના સર્વેનું કામ સોંપાયું છે તેમની તથા જળસંપત્તિ વિભાગના ચીફ એન્જિનિયર શ્રી ઓ.ટી. ગુલાટીની તેઓશ્રી અવારનવાર મુલાકાત લેતા રહે છે. પરંતુ તેનાથી વિશેષ કોઈ ફેરફાર થયેલ હોય તેવું લાગતું નથી. મલ્ટી મીડિયાનું સર્વેનું કામ ખૂબ જ ધીમું એટલે કે ગોકળગાયની પદ્ધતિથી ચાલે છે. શ્રી બાબુભાઈ પણ આ બાબતે અવારનવાર પોતાનો રોષ વ્યક્ત કરતા હોય છે પરંતુ તેઓ તો વિરોધપક્ષના નેતા છે. તેથી તેમની કોઈ પણ વાત ગણકારવામાં આવતી નથી. આ સિવાય કચ્છમાંથી કોઈએ આ બાબતે ગુજરાત સરકાર કે જળસંપત્તિ વિભાગ પાસે પ્રયાસ કર્યા હોય તેવું દેખાતું નથી.

કચ્છમાં રહેતા કચ્છીઓ અને ભારતમાં અન્યત્ર વસવાટ કરતા કચ્છીઓ આ પ્રશ્ને ગુજરાત સરકાર સમક્ષ રૂબરૂમાં અથવા તો પત્રવ્યવહાર દ્વારા રજૂઆત નહીં કરે અને પોતાનો પક્ષ મજબૂત નહીં બનાવે ત્યાં સુધી આ કાર્યો ગોકળગાયની પદ્ધતિથી જ ચાલતાં રહેશે.

દરેક કચ્છીએ પોતાના સ્થળેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવી તે તેઓની નૈતિક જવાબદારી છે તેવું સમજીને આ અપીલ કરવામાં આવી રહેલ છે.

માનનીય શ્રી બાબુભાઈ શાહે પૂછેલા પ્રશ્નો અને તેઓને મળેલા જવાબ અત્રે અક્ષરશઃ રજૂ કરવામાં આવેલ છે.

પ્રશ્ન	જવાબ
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે, કે –	
(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા ડેમના ઓવરફ્લો કે ચોમાસામાં દરિયામાં જતું ૩ મિલિયન એકર ફૂટ પાણી પૈકી ૧ મિલિયન એકર ફીટ પાણી કચ્છ અને ૧ મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં સાચવવાની વ્યવસ્થા / જવાબદારી સિંચાઈ વિભાગ હસ્તક છે તે હકીકત સાચી છે.	(૧) હા, જી.
(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી પહોંચાડવા અને સાચવવા માટેનો વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨) છેલ્લા ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી પહોંચાડવા અને સાચવવા માટે વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

ક્રમ	વર્ષ	થયેલ ખર્ચ (રૂા. લાખમાં)
૧.	૨૦૦૯	૦.૦૦
૨.	૨૦૧૦	૨૧.૩૧
૩.	૨૦૧૧	૫૨.૪૩

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૯૨ ઉપર)

મન ઉપર માનવીનો કાબૂ એટલે વિકાસ, માનવી ઉપર મનનો કાબૂ એટલે વિનાશ.

નર્મદા યોજના માટે ગુજરાતને વધુ રકમ

• સંકલન : દિનેશ આર. મહેતા •

(મંગલ મંદિર, જુલાઈ - ૨૦૧૨નો લેખ)

ગુજરાત માટે મોટા આનંદના સમાચાર છે. કેન્દ્ર સરકારે ગુજરાત સરકારની માંગણી સ્વીકારી લઈને કચ્છના રણ વિસ્તારને દુષ્કાણગ્રસ્ત ઝોન તરીકે ગણવાનું નક્કી કર્યું છે. આને કારણે ગુજરાતને નર્મદા યોજના માટે રૂપિયા ૨,૧૬૯ કરોડ વધારે મળશે.

નર્મદા વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના ભાવોએ સરદાર સરોવર પ્રોજેક્ટની કિંમત રૂપિયા ૩૯,૨૪૦ કરોડ આંકવામાં આવી છે. જે પૈકી ૩૧મી માર્ચ, ૨૦૧૨ની સ્થિતિએ યોજનામાં રૂપિયા ૨૩,૫૩૫ કરોડ ખર્ચાઈ ચૂક્યા છે. હવે ખર્ચનારા રૂપિયા ૧૫,૮૦૫ કરોડમાંથી અડધા એટલે કે રૂપિયા ૭,૨૧૯ કરોડ કેન્દ્ર સરકાર આપશે. એટલે ગુજરાત સરકારે યોજના પાછળ પોતાના માત્ર રૂપિયા ૮,૫૮૬ કરોડ ખર્ચવાના રહેશે.

ગુજરાત સરકારને કેન્દ્ર તરફથી જે રૂા. ૭,૨૧૯ કરોડ મળશે, તેનાથી કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ૮૫૦૦ હેક્ટર જેટલી જમીનમાં સિંચાઈની સગવડ ઊભી થશે. ■

ગુજરાત વિધાનસભાના દ્વારેથી

(અનુસંધાન : પાના નં. - ૧૯૧ ઉપરથી ચાલુ)

(૩) નર્મદા ડેમના ઑવરફ્લો કે / અને દરિયામાં વહી જતાં ત્રણ મિલિયન એકર ફીટ પાણી પૈકી ઉત્તર ગુજરાતમાં એક મિલિયન એકર ફૂટ પાણી પહોંચાડવા / સાચવવાના ભાગરૂપે તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં કયા કયા હેડે કેટલો ખર્ચ થયો?

(૩) તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં હેડવાઈઝ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

હેડ (ખર્ચનું સદર) (માંગણી ક્રમાંક : ૬૬)	થયેલ ખર્ચ (રૂા. લાખમાં)
૨૭૦૧	૨૬૧.૭૭
૨૭૦૨	૪૨,૪૪૮.૪૭
૪૭૦૧	૧,૬૪,૮૭૬.૧૩
૪૭૦૨	૧૬,૧૫૬.૨૪

ઉપરોક્ત ત્રણ વર્ષના આંકડા એ રજૂઆત કરે છે કે વર્ષ ૨૦૧૧ના અંત ભાગ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છ, જ્યાં દરેક સ્થળે એક-એક મિલિયન એકર ફૂટ પાણી પહોંચાડવાનું છે ત્યાં માત્ર રૂા. ૭૩.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં એક મિલિયન એકર ફૂટ પાણી પહોંચાડવાનું છે ત્યાં રૂા. ૨૨૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

પાણી, એ કચ્છનો પ્રાણ પ્રશ્ન છે. ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી અને અન્ય મંત્રીશ્રીઓ વારંવાર કચ્છમાં પધારે છે અને કચ્છ પ્રત્યે તેઓશ્રીને વિશેષ લગાવ હોય તેવી વાતો પણ થતી હોય છે. અરે, કચ્છના એક પ્રભારી, ગુજરાત સરકારમાં મંત્રીશ્રી તરીકે બિરાજમાન પણ છે. કચ્છ ભાજપના અનેક અગ્રિમ (અગ્રણી) કાર્યકરો ગુજરાત સરકારશ્રી સાથે નજદીકી ઘરોબો પણ જાળવી શકેલ છે. તેમ છતાં કચ્છના પ્રાણપ્રશ્ને જે કાર્યવાહી અત્યારે ચાલે છે, તે અફસોસ સાથે કહેવું પડે છે કે તેની ઝડપ ગોકળગાય કરતાં પણ ધીમી છે.

વધારાના એક મિલિયન એકર ફૂટ પાણીથી ૬ લાખ એકર જમીનમાં એક પાક લઈ શકાય. એક એકરે ચોખ્ખો નફો રૂા. ૧૫,૦૦૦/- ગણીએ તો દર વર્ષે રૂા. ૯૦૦ કરોડ કચ્છના ખેડૂતોના હાથમાં વધારાના આવે. આ વિભાજિત ઈન્કમ ગણાય. જ્યારે ઉદ્યોગની આવક એક જ વ્યક્તિના હાથમાં આવે. ખેતી એ સમાજવાદ તરફનું પગલું છે જ્યારે મૂડીવાદથી એક જ શહેરમાં એક તરફ ૪ વ્યક્તિના કુટુંબને રહેવા ૨૭ માળનો બંગલો બની શકે જ્યારે બીજી તરફ એજ શહેરમાં એશિયાની મોટામાં મોટી ઝૂંપડપટ્ટી વિકસી શકે.

આપણે મૂડીવાદનો આંધળો વિરોધ ના કરીએ પરંતુ તેનો મતલબ એ તો ન જ થાય કે ખેતી તરફ બિલકુલ દુર્લક્ષ્ય સેવવામાં આવે.

જો આપણે સમજી શકીએ તો માનનીય શ્રી બાબુભાઈના પ્રશ્નોમાં અનેકગણું ઊંડાણ રહેલું દેખાય છે. કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીનાં કાર્યો સત્વરે શરૂ કરવામાં આવે એ દરેક કચ્છીએ – પછી ભલે તે ચાહે કોઈ પણ પક્ષનો હોય – ભારપૂર્વક રજૂઆત કરવી જોઈએ અને તેનાં કાર્યો સત્વરે શરૂ કરાવવાં જોઈએ. ■

તમે અંધારામાં ને એકાંતમાં (એકલા હો ત્યારે) કેવી રીતે વર્તો છો તે પરથી તમારું ચારિત્ર્ય મપાય છે.

ટપક સિંચાઈના સથવારે ખેતીમાં મુંદ્રા મોખરે

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૨નો લેખ)

એક તરફ ઔદ્યોગિકરણના ધમધમાટથી જમીનના ઊંચકાયેલા ભાવોના પગલે એકસામટો રૂપિયાનો દલ્લો મેળવી લેવાની લાલચમાં જમીનો બિનખેતીમાં ફેરવીને વેચી મારવાની વટાળ પ્રવૃત્તિ થઈ રહી છે તો બીજી તરફ દરિયાકાંઠે આવેલી ખારાશવાળી જમીનમાં પાણીની તંગી સામેય સામા પૂરે તરવાની તૈયારી સાથે ધીંગા ધરતીપુત્રો ટપક સિંચાઈના સથવારે 'મબલખ મોલ'નું સ્વપ્ન સાકાર કરી રહ્યા છે. ટપક સિંચાઈના ક્ષેત્રે મુંદ્રા મોખરાનું સ્થાન મેળવી રહ્યો છે.

આ કાંઠાળ તાલુકાની જમીન ગોરાડુ અને રેતાળ છે. સરેરાશ ૪૦૦ મિ.મી. વરસાદ વચ્ચેય ભૂગર્ભજળ ૫૦૦થી ૬૦૦ ફૂટ ઊંડા ગયા છે, ત્યારે ઓછા પાણીએ સારી ખેતી માટે ચાવીરૂપ પરંતુ મધ્યમવર્ગીય કિસાનના ગજવાં માટે ભારી ટપક સિંચાઈ માટે ૨૫ ટકા સરકારી સબસિડી ઉપરાંત અદાણી ફાઉન્ડેશન તરફથી મળતી વધુ ૨૫ ટકા સહાય આશીર્વાદરૂપ બની છે.

એકબાજુ નવી ટેકનિક વિશેની સમજણનો અભાવ અને બીજી બાજુ આર્થિક મર્યાદાને કારણે ખેડૂતો ખોટા અભિપ્રાય બાંધી બેસતા હોય છે. સામાન્ય રીતે ટપક સિંચાઈ બેસાડવા માટે હેક્ટરદીઠ રૂા. ૧,૦૭,૦૦૦/- ખર્ચ થતો હોય છે. સરકાર તરફથી ટપક સિંચાઈ માટે ૫૦ ટકાની આર્થિક સબસિડી જાહેર કરવામાં આવી જે ખેડૂતો માટે વરદાનરૂપ બની. આમ છતાં કેટલાય ખેડૂતો એવા હોય છે, જેમના માટે બાકી રહેતી રકમ ચૂકવવા માટેની નાણાકીય સગવડ નથી હોતી.

તાલુકામાં આ સમસ્યાના નિવારણ સમાન વિકલ્પ અદાણી ફાઉન્ડેશને ખેડૂત વર્ગને આપ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિકાસમાં હંમેશાં સહભાગી બનતાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સૌ પ્રથમ મુશ્કેલીનો તાગ મેળવવા માટે ખેડૂતો સાથે સંવાદ કરી ટપક સિંચાઈથી થતા લાભ, ઉત્પાદન, આર્થિક વૃદ્ધિની સમજ અને તાલીમ આપવામાં આવી. સિંચાઈ બેસાડવામાં થતાં ખર્ચને પહોંચી વળવા માટે સરકાર તરફથી આપવામાં આવતી સબસિડીના ૫૦ ટકા જેટલી જ રકમ અદાણી ફાઉન્ડેશન તરફથી લાભાર્થી ખેડૂત પરિવારને ૩ હેક્ટર સુધીની જમીનમાં ટપક પિયત માટે આપવામાં આવે તેવું નક્કી કરાયું.

જૂન ૨૦૧૦થી શરૂ થયેલી આ યોજના તળે મુંદ્રા તાલુકાના ૫૫૦ ખેડૂત પરિવારોએ ટપક સિંચાઈ માટે થતા ખર્ચની આશરે ૨૫ ટકા જેટલી રકમ અદાણી ફાઉન્ડેશન તરફથી મેળવી છે. આથી ખેડૂતોને માત્ર ૨૫ ટકા રકમ ચૂકવ્યેથી ટપક પિયત મેળવી ખેત ઉત્પાદનમાં વૃદ્ધિ અને વધુ આર્થિક વળતર મળવા લાગ્યું છે.

હાલ તાલુકાના ૪૩ ગામોમાં અદાણી ફાઉન્ડેશન તરફથી આર્થિક લાભ અપાયો હોય તેવા કુલ ૧૪૫૦ હેક્ટરમાં ટપક સિંચાઈ બેસાડવામાં આવી છે. ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ઓફિસર જયરામભાઈ રબારી ખેડૂતોની વાડીએ જઈ ડ્રીપ ઈરિગેશન સિસ્ટમ કેવી રીતે બેસાડવી, તેની માવજત કેવી રીતે કરવી એ માટે સમયાંતરે માર્ગદર્શન આપે છે. આજે ૫૫૦ જેટલા ખેડૂતોએ ૧૪૫૦ હેક્ટર જમીનમાં ટપક સિંચાઈ મેળવી ખેતીમાં જમીનની ફળદ્રુપતામાં અને પોતાની આર્થિક સ્થિતિમાં સુધારાની સિદ્ધિ મેળવી છે.

ટપક સિંચાઈના એક કે બે નહીં પરંતુ અનેક ફાયદાઓ ખેડૂતોને મળી રહ્યા છે. અત્યારે ખેતીમાં ખેતમજૂરોની ભારે તંગી સર્જાઈ છે. જમીનમાં પાણીના તળ દિવસે દિવસે ઊંડા જવા લાગ્યા છે. પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરવા અને આધુનિક ખેતી તરફ વાળવા ટપક સિંચાઈ જાણે એકમાત્ર વિકલ્પ રહ્યો છે.

કણઝરા ગામના પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ ચાવડા ૬ એકર જમીનમાં એરંડાનો પાક વાવે છે. સરકાર અને અદાણી ફાઉન્ડેશન તરફથી ટપક સિંચાઈમાં મળતી આર્થિક સહાયનો લાભ મેળવી તેમણે તેમની વાડીમાં ટપક પદ્ધતિ અપનાવી, ખેતમજૂરોને ચૂકવવી પડતી રકમ જેટલી જ રકમ ખર્ચતાં સંપૂર્ણ ટપક પદ્ધતિનો ખર્ચ એક જ વર્ષમાં વસૂલ થઈ ગયો. વાંકી ગામના જાગૃત ખેડૂત વાલજીભાઈ વેકરિયાએ ૩ એકરમાં ટપક પદ્ધતિથી ઘઉંની ખેતી કરીને ૭૪ મણ ઘઉંનું ઉત્પાદન કર્યું છે. અગાઉ તેઓને ત્યાં માત્ર દોઢ કલાક ચાલે તેટલાં પાણી માટે મોટરની સગવડ હતી, જ્યારે ટપક સિંચાઈ દ્વારા જમીનનો વ્યાપ પણ વધારી શકાયો અને માત્ર એક કલાક માટે પાણી શરૂ કરી દરેક છોડવા સુધી પૂરતા પ્રમાણમાં પાણી અને ભેજની માત્રા પહોંચતાં આમ કરવાથી પાણીનો બચાવ પણ થયો.

ઉપરાંત ખેતીમાં ગૌમૂત્રના ઉપયોગ દ્વારા જમીનને વધુ ફળદ્રુપ બનાવવાની નવી દિશા બતાવી. અદાણી ફાઉન્ડેશનના આ નવીન વિચાર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને અન્ય સંસ્થાઓના સહકાર અને પ્રેરણા પ્રવાસ અને શિબિરોના અંતે ખેતીવાડીમાં ટપક સિંચાઈના પાણી સાથે થોડી માત્રામાં ગૌમૂત્રનો પણ ઉપયોગ કરવાનો આરંભ થયો છે.

ગૌમૂત્ર એકઠું કરી અને ડ્રીપમાં તેનો ઉપયોગ કરવાને એક નવું નામ સજીવ ગમાણ આપવામાં આવ્યું. જેનો અર્થ થાય સજીવ ખેતી તરફનું પ્રથમ પગલું. અત્યાર સુધી ૪ ખેડૂતોએ આવા મોડેલ સજીવ ગમાણનું નિર્માણ કરી મહત્તમ ઉપજ મેળવી છે.

વર્ષ ૨૦૧૦-૧૧માં થયેલી ગણતરી મુજબ કચ્છ જિલ્લામાં ટપક પદ્ધતિથી ખેતી કરનાર લાભાર્થીઓ પૈકી ૩૦૧ ખેડૂતો સાથે મુંદ્રા તાલુકો પ્રથમ ક્રમાંકે હતો. જ્યારે સરકારના વર્તમાન આંકડાઓ બહાર પડવાના બાકી છે, તેવામાં મુંદ્રા તાલુકામાં સરકાર તરફથી મળતા લાભ ઉપરાંત અદાણી ફાઉન્ડેશનની ૨૫ ટકા સબસિડીનો ઉપયોગ કરી ટપક સિંચાઈનો ઉપયોગ કરનારનાની જ સંખ્યા માર્ચ ૨૦૧૨ સુધીમાં ૫૫૦ જેટલી પહોંચી છે.

"કચ્છમિત્ર", તા. ૨૨-૪-૨૦૧૨ના સૌજન્યથી

લક્ષણ વગરનું શિક્ષણ આપણું ભક્ષણ કરે, ને લક્ષણવાળું શિક્ષણ આપણું રક્ષણ કરે.

નર્મદા યોજના

જીવાદોરીને ટૂંપો દેવાનો કારસો

• સનત મહેતા (ગુજરાત રાજ્યના પૂર્વ નાણાંપ્રધાન) •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૨ નો લેખ)

'ધોલેરા સર' નામની યોજનાના નકશામાં સમાવાયેલા ધંધૂકો, બરવાળા અને ભાવનગર વિસ્તારની ૨૮૨૦૩ હેક્ટર જમીન નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી રદ કરવામાં આવી છે.

ભારતની પાંચ મોટી નદીઓમાંની નર્મદાના વિશાળ જળરાશિ વણવપરાયા સમંદરમાં વરસોથી ઠલવાતા હતા અને બીજી તરફ કચ્છ - સૌરાષ્ટ્રના વિસ્તારો દર બીજે વરસે અછત કે દુષ્કાળના ભોગ બનતા હતા. ભારતના ભાગલા પછી સિંધુનાં પાણી કચ્છ તરફ આવવાની આશા કાયમ માટે ભાંગી ગઈ હતી. એવી પરિસ્થિતિમાં નર્મદા નદી પર બંધ બાંધી એના પાણી પછાત ભરૂચમાં અને વખત જતાં કચ્છ - સૌરાષ્ટ્રને મળે એવી દૂરગામી દૃષ્ટિથી નર્મદા યોજનાનું સપનું સરદાર પટેલે સેવ્યું હતું. સ્વરાજ્ય પછી એમની આ ઈચ્છા પ્રબળ બની ગઈ હતી. વળી નર્મદા નદીનું મુખ અને છેડો ગુજરાતમાં આવતાં હતાં એટલે ગુજરાત એને મળતા પાણી વાપરવાનો હક્ક ધરાવતું હતું. ગુજરાતનું અલગ રાજ્ય થતાં જ એના પરની નાની યોજનાના હક્કને બળવત્તર બનાવવાનું મુનાસીબ માની એનું નામ 'સરદાર સરોવર નર્મદા યોજના' રાખી દીધું હતું. આ વાતને બાવન વરસ થવા આવ્યા છે પણ કોણ જાણે નર્મદા યોજના જે ગુજરાત માટે જીવાદોરી છે તેની સામે સંકટ આવતા જ રહ્યાં છે. પહેલાં રાજ્યો વચ્ચે ઈન્દિરા ગાંધીની દરમિયાનગીરી છતાં પાણીની વહેંચણી માટે સમજૂતી ન થતાં વિવાદ ટ્રિબ્યુનલ પાસે ગયો. જેમાં એક દાયકો વીતી ગયો. પછી યોજનાનાં નાણાં માટે વિશ્વ બેંક મદદે આવી તો આદિવાસી વિસ્થાપિતોના પુનઃ વસવાટ અને પર્યાવરણ રક્ષાના બહાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્યાવરણવાદીઓએ (પર્યાવરણવિદ્ નહીં) વિવાદ જગાડી વિશ્વ બેંક પર દબાણ અને સુપ્રીમ કોર્ટનો રસ્તો લીધો. કેન્દ્ર સરકારે વિશ્વ બેંકની મદદ લેવાનું બંધ કર્યું અને નિગમે નાણાંની તંગી નિવારવા બોન્ડ બહાર પાડી ૩૬૦ કરોડ મેળવ્યા તો સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ આપ્યો. એમાં વરસો ગયાં. બંધની ઊંચાઈના આ વિવાદમાં કોઈક કારણસર નહેરોનાં કામ વિસરાતાં રહ્યાં.

યોજના સચિવાલયની તુમારશાહીમાં ન અટવાય અને કામ ઝડપી ગતિએ થાય એટલે ૧૯૮૮માં રચાયેલા સરદાર સરોવર નિગમને પણ ચોવીસ વરસ થયા છે. યોજનાનો ખર્ચ રૂા. ૪૦,૦૦૦ કરોડને વટાવી જશે એવી પાકી ગણતરી મુકાઈ છે. આ બધા પછી ગુજરાતને ટ્રિબ્યુનલે ફાળવેલા નેવું લાખ એકર પાણી મુખ્ય નહેરમાં વહે છે પણ પછી ક્યાં, કેટલા વપરાય છે એની સાચી વિગતો બહાર આવી નથી. હવે બાકી રહેલાં કામો ૨૦૧૫માં પૂરા કરવાનો વાયદો કરાયો છે. આવા અનેક વિવાદોમાં અટવાયેલી યોજનાને અટકાવવા કે વીંખી નાખવામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બળો જે આજ સુધી નથી કરી શક્યા તે હવે ચોવીસ વરસ પછી રાજ્ય સરકાર અને ખુદ નિગમ કરવા માગતું હોય એવી માહિતી આર.ટી.આઈ. કાનૂન નીચે મળેલી અધિકૃત માહિતીમાંથી બહાર આવી છે.

આ માહિતી બોલે છે કે 'ધોલેરા સર' નામની સરકારની મહત્ત્વાકાંક્ષી યોજનાના નકશામાં સમાવાયેલા ધંધુકા, બરવાળા અને ભાવનગર વિસ્તારની ૨૮૨૦૩ જમીન નર્મદાના કમાન્ડ વિસ્તારમાંથી રદ એટલે ડી-કમાન્ડ કરવામાં આવી છે. આ વિસ્તારના ખેડૂતો સવાલ પૂછે છે કે એકવાર જેનાં પાણીની વહેંચણી અંગે ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો હોય, આ ચુકાદાના આધારે નિગમે નર્મદા પ્લાનિંગ જૂથ દ્વારા લાંબા સર્વેક્ષણ, ટોપોગ્રાફી, જમીનનું ઉપજાઉપણું વગેરે પાસાઓનો અભ્યાસ કરાવી આ વિસ્તારમાં નર્મદાનાં પાણી પહોંચાડવાનો અભ્યાસ કરાવી આ વિસ્તારમાં નર્મદાના પાણી પહોંચાડવા નહેરો, પેટાનહેરો, શાખા, પ્રશાખાનું આયોજન પૂર્ણ કરાઈ કામ શરૂ કરાયું હોય એવા વિસ્તારો આટલા વરસે આમ ડી-કમાન્ડ એટલે પિયત વિસ્તારમાંથી રદ કેવી રીતે કરી શકાય? આના ઊંડાણમાં જતાં જાણવા મળ્યું છે કે નિગમે એના ૯ જૂન, ૨૦૦૮ના પરિપત્ર નંબર સીએડી-૨/૨૦૦૮/ડી-કમાન્ડ/૭૯ નહેરોથી પિયત વિસ્તારને બાકાત કરવાની કાર્યપદ્ધતિ મંજૂર કરી છે. ખેડૂતોને જાણ કર્યા વગર આ કાર્યવાહી કયા આધારે કરાઈ એવું પૂછતાં નિગમે લેખિતમાં જણાવ્યું કે –

'સદરહુ વિસ્તારમાં ગુજરાત સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડી 'ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન તરીકે જાહેર કરવામાં આવવાના કારણે સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગરની મંજૂરી દ્વારા ડી-કમાન્ડ કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. વધુમાં પૂછ્યું કે આ ડી-કમાન્ડ કરવામાં આવેલી જમીનની અસરગ્રસ્ત

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૭૫ ઉપર)

પાણીને ચાવો ને ખોરાકને પીઓ. ચાવીને જમો. દાંત મોંઢામાં છે, પેટમાં નહિ.

કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિનો અહેવાલ

• અશોક મહેતા •

(મંગલ મંદિર, સપ્ટેમ્બર - ૨૦૧૨નો લેખ)

નર્મદા નદીના સિંચાઈના પાણીના વિતરણ માટે સંબંધિત રાજ્યો વર્ષો અગાઉ એક મત પર ન આવી શકવાથી વર્ષ ૧૯૬૯માં સેન્ટ્રલ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી. ૧૦ વર્ષ બાદ એટલે કે ૧૯૭૯માં આ ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો કે જે મુજબ મધ્ય પ્રદેશને નર્મદા નદીના પાણીમાંથી ૧૮ એમ.એ.એફ. પાણી ફાળવાયા. ગુજરાતને ૯.૦૦ એમ.એ.એફ., મહારાષ્ટ્રને ૦.૫ એમ.એ.એફ. અને રાજસ્થાનને પણ ૦.૫ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યા. આ રીતે નર્મદા નદીના અંદાજિત ૨૮.૦૦ એમ.એ.એફ. પાણીના જથ્થાની ફાળવણી સંબંધિત રાજ્યો વચ્ચે કરવામાં આવી હતી. ગુજરાતે તેના ૯.૦૦ એમ.એ.એફ. પાણીના જથ્થામાંથી ૦.૫ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવેલ હતું.

ગુજરાત રાજ્યના સરદાર સરોવર ડેમના ઓવર ફ્લોના પાણી તથા હાઈડ્રોલિક પાવરથી ઉત્પન્ન થતી વીજળીના વપરાશમાં લેવાયેલ પાણીનો ટોટલ જથ્થો ૩.૦૦ એમ.એ.એફ. એ સમયે આકારવામાં આવેલ અને મોટા ભાગે ચોમાસાની સીઝનના આ પાણીનો વપરાશ થઈ શકે તેવા વધારાના આ પાણીનો લાભ ગુજરાત લઈ શકે તેવું પણ ઠરાવવામાં આવેલ હતું. વધારાના ૩ એમ.એ.એફ. પાણીમાંથી ગુજરાત સરકારે ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાનું ઠરાવેલ છે.

૧૯૭૯ના જળપંચના ચુકાદાને આજે ૩૩ વર્ષ થયા, તેમ છતાં તેને ફાળવવામાં આવેલ ૯.૦૦ એમ.એ.એફ. પાણીથી જેટલા હેક્ટરમાં ખેતી થવી જોઈએ તેના ૧૦મા ભાગના ખેતરમાં હજુ સુધી પાણી માંડ પહોંચ્યા છે. ૪૫ લાખ હેક્ટરમાં સિંચાઈ થવાની સામે ૫ લાખ હેક્ટર જમીનમાં પાણી માંડ પહોંચી શકેલ છે. કેનાલ નેટવર્કના અભાવે બાકીની ખેતીની જમીન પર પાણી પહોંચાડી શકાયા નથી એ હકીકત છે. છેલ્લા ૩૯ વર્ષમાં ગુજરાતમાં દરેક પક્ષોની સરકાર આવી ગઈ છતાં હજુ સુધી એવી એક પણ સરકાર ગાંધીનગરની ગાદી પર આવેલ નથી કે જેના નર્મદા વિશેના કાર્યોથી ગુજરાતની આમ પ્રજા ખુશ થઈ હોય, આમ પ્રજાના આશીર્વાદ મળેલ હોય.

જ્યાં લગી કચ્છનો સવાલ છે ત્યાં લગી આ પ્રશ્ન ૧૯૮૬થી જ પેચીદો રહેવા પામેલ છે. કચ્છની જનતાએ આ માટે અગાઉ અનેક મુદ્દે લડત ઉપાડેલ હતી પરંતુ તેના ધાર્યા પરિણામ આજ દિવસ સુધી આવી શકેલ નથી એ હકીકત છે. નર્મદાના પાણીના પ્રશ્ને લડત આદરનારા કચ્છીઓ નિષ્ફળ જઈને હાલે તો અન્યત્ર કાર્યરત થઈ ગયેલ છે.

અન્ય તરફ સરદાર સરોવર નર્મદા નિગમે આજ દિન લગી એટલે કે વર્ષ ૨૦૦૫ લગી કચ્છ પ્રત્યે જોઈએ તેવી કાળજી લીધેલ નથી. પરિણામે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેનાલોના કાર્યની સરખામણીએ વર્ષ ૨૦૦૫ પછી પણ ખૂબ જ ધીમી ગતિથી ચાલી રહેલ હતા. આ પરિસ્થિતિમાં કચ્છના કેનાલોના કાર્યો પરિપૂર્ણ થશે કે નહીં? કચ્છને સિંચાઈના પાણી મળશે તો ક્યારે મળશે? વગેરે પ્રશ્નો કચ્છીઓના મગજમાં ઘૂમરાતા રહેલ હતા અને છેલ્લે છેલ્લે તો અનેક કચ્છીઓએ નર્મદાના સિંચાઈના પાણીની આશા પણ છોડી દીધેલ હતી.

આ પરિસ્થિતિમાં વર્ષ ૨૦૦૨થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સતતપણે આ પ્રશ્નોની ચર્ચા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના અધિકારીશ્રીઓ સાથે કરતું રહી, વર્ષ ૨૦૦૫માં રૂા. ૨૫૦ કરોડની કિંમતના કાર્યો શરૂ કરાવડાવી શકેલ. વર્ષ ૨૦૦૫માં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના થતાં, આ જવાબદારી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે ઉપાડી લીધી પરંતુ કોઈ મોટા રાજકીય નેતાની ઓથ વગર આ કાર્યો પાર પાડવા સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીઓ પર પૂરતું પ્રેસર લાવી શકાયેલ ન હતું. તદુપરાંત વર્ષ ૨૦૦૫માં શરૂ કરવામાં આવેલ કામો પણ મંદ ગતિમાં અટવાઈ ગયેલ હતા.

ત્યારબાદ સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે વર્ષ ૨૦૧૦માં શ્રી મૂકેશભાઈ ઝવેરીની નિમણૂકની જાહેરાત ગુજરાત સરકારશ્રી દ્વારા કરવામાં આવી. આથી સારાયે કચ્છની જનતામાં આનંદ વ્યાપી ગયો. ભુજ વિભાગના ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી મૂકેશભાઈ ઝવેરીની કાર્યપદ્ધતિથી કચ્છના એકેએક નાગરિક પરીચિત છે. વર્ષો અગાઉ શ્રી મૂકેશભાઈ ઝવેરીની નિમણૂક જી.એમ.ડી.સી.ના ચેરમેન તરીકે કરવામાં આવેલ હતી. એ દિવસોમાં જી.એમ.ડી.સી.નો વાર્ષિક નફો ખૂબ જ સારા પ્રમાણમાં રહેતો હતો. આ નફામાંથી અમુક ભાગ જાહેર હિતના કાર્યો માટે વાપરવા ફરજિયાત હોવાથી એ સમયે જી.એમ.ડી.સી.ના અધિકારીશ્રીઓ આ એમાઉન્ટ કચ્છ બહાર, ગુજરાતમાં અન્યત્ર વાપરતા હતા. આ લેખના લેખકને એ પણ યાદ છે કે વડોદરાના એક નવરાત્રી મંડળીને પણ આ નફાના ભાગમાંથી અમુક પૈસા અપાયેલ હતા. શ્રી મૂકેશભાઈએ જી.એમ.ડી.સી.નું ચેરમેનપદ સ્વીકાર્યા બાદ તેઓએ આ અઢળક એમાઉન્ટ કચ્છની સેવાભાવી શૈક્ષણિક, તબીબી સારવાર વગેરે ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓને દાન સ્વરૂપે ફાળવેલ હતા. જ્યાં લગી કચ્છની સંસ્થાઓને મળતા દાનનો સવાલ છે ત્યાં લગી તેઓ માટે આ સોનેરી સમય હતો. આ પરિસ્થિતિ નજીકના જ ભૂતકાળની હોવાથી અને તે પ્રજા માનસ પર સારી રીતે છવાયેલ હોવાથી શ્રી મૂકેશભાઈની સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક થતાં કચ્છના અનેક લોકોમાં આનંદ વ્યાપી ગયેલ હતો.

પ્રેમ અને ધુમાડો ઢાંક્યો ઢંકાતો નથી. પ્રેમમાં પાગલ થવું પોસાય પણ મૂરખ થવું ન પોસાય.

પરંતુ એક વાતની આપણે નોંધ લેવી ઘટે કે **તેઓ બોલે ઓછું છે. પોતાની પ્રવૃત્તિઓના નગારા પીટાવતા નથી. માત્ર મૂકપણે અને શાંતિપૂર્ણ રીતે પરંતુ એક સરખા સાતત્યપણે પોતાનું કામ કર્યે જાય છે.** આ સમય દરમ્યાન નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનો બહુ પ્રચાર થતો ન હોવાથી જે નકારાત્મક તત્ત્વો છે તેઓનો અસંતોષ ચાલુ જ રહ્યો અને નર્મદાના પાણી કચ્છમાં પહોંચશે કે નહીં તેવો ભ્રામક પ્રચાર અવારનવાર વાંચવા - સાંભળવા મળતો.

અન્ય તરફ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વ્યવસ્થિતપણે હાથમાં લેવામાં આવ્યા. જે કોન્ટ્રાક્ટો અપાઈ ગયેલ હતા, તે કોન્ટ્રાક્ટરો પર સમયસર કામ કરવા માટેનું દબાણ વધારી દેવામાં આવ્યું. કાર્ય દરમ્યાન ઉદ્‌ભવતા પ્રશ્નોનો ત્વરીત નિકાલ કરવામાં આવ્યો. જે કામના કોન્ટ્રાક્ટો અપાયા ન હતા તે કામના ટેન્ડરો બહાર પાડી, કોન્ટ્રાક્ટો અપાવી એ કામ ચાલુ કરાવી દેવામાં આવ્યા. જરૂરી જમીન સંપાદનના કાર્યો ગામડે ગામડે ખેડૂતો સાથે મિટિંગ કરી, જમીન સંપાદિત કરવામાં આવી કે જેના કારણે કેનાલના કામમાં રૂકાવટ ન આવે. હયાત પરિસ્થિતિને અનુરૂપ જમીનના જંત્રી દરમાં વધારો કરવામાં આવ્યો. જે - તે જમીનના જંત્રી દર કરતાં પણ અમુક ટકાનો વધારો કરી સંપાદન થતી જમીનના ખેડૂતોને એ વધારાની એમાઉન્ટ પણ આપવામાં આવી. જ્યાં સર્વે નહોતા થયા, તે જમીનોના સર્વે કરાવી, ત્યાંથી પસાર થતી કેનાલની લાઈન દોરી નક્કી કરી, એ કેનાલોના એસ્ટીમેટ તૈયાર કર્યા બાદ તેના પણ ટેન્ડરો બહાર પાડી, જે તે કોન્ટ્રાક્ટરોને કામ એલોટ કરવામાં આવ્યા. **છેલ્લા બે વર્ષથી આ પ્રક્રિયા શાંતિપૂર્વક અને સતતપણે ચાલતી રહી. પરિણામે ચેનલ ૦.૦થી ૧૮૯.૯ કિ.મી. સુધીનો પ્રદેશ એટલે કે ભચાઉ સુધીના કાર્યો ધમધમવા લાગ્યા અને આજે આશા બાંધી શકાઈ કે વર્ષ ૨૦૧૩ના અંત સુધીમાં નર્મદા કેનાલના ભચાઉ સુધીના કાર્યો પૂરા થઈ શકશે. સાથે સાથે તેની બ્રાંચ કેનાલોના કાર્યો પણ હાથ પર લેવામાં આવી રહેલ છે એ પણ કચ્છના ખેડૂતો માટે અને તેમાં પણ ખાસ કરીને વાગડ વિભાગના ખેડૂતો માટે આનંદના સમાચાર કહી શકાય.**

ભચાઉથી ભચાઉ તાલુકાના સુખપર ગામ (સાંકળ ૧૮૯.૯ કિ.મી.થી સાંકળ ૨૦૧.૨૦૬ કિ.મી.) સુધીના ટેન્ડરો બહાર પાડવાના બાકી છે. સુખપર ગામ (સાંકળ ૨૦૧.૨૦૬ કિ.મી.)થી ટપ્પર (સાંકળ ૨૭૧.૨૨૪ કિ.મી.) સુધીના (સાંકળ ૨૪૩.૮૩૯ કિ.મી.થી સાંકળ ૨૫૦.૪૨૩ કિ.મી. સિવાયના) ટેન્ડરો ખૂલી ગયેલ છે કે જેના કામો આવતા મહિનાઓમાં જે તે કોન્ટ્રાક્ટરોને ફાળવવામાં આવશે.

ટપ્પર (સાંકળ ૨૭૧.૨૨૪થી ૨૭૬.૮૫૭ બાદ કરતાં)થી મોખા (સાંકળ ૨૮૪.૪૮૬ કિ.મી.) સુધીના ટેન્ડરો ઑનલાઈન મુકાઈ ગયેલ છે. મોખાથી માંડવી સુધીના ટેન્ડરો બાકી રહે છે.

એ દરમ્યાન કેનાલના બીજા છેડેથી કામ શરૂ કરવા માટે મોડકૂવાથી માંડવી સુધીના એટલે કે સાંકળ ૩૫૭.૧૫૮ કિ.મી.થી સાંકળ ૩૫૪.૫૭૪ કિ.મી.ના ટેન્ડરો કોમ્પ્યુટર પર ઑનલાઈન આવી ગયેલ છે.

આ પરિસ્થિતિમાં કચ્છ બ્રાંચ કેનાલના સાતત્યપૂર્વક જે કામો થઈ રહેલ છે તે કચ્છના હિતમાં છે અને આવતા ત્રણ-ચાર વર્ષમાં સિંચાઈના આ પાણી મોડકુવા સુધી પહોંચી આવે તેવી ગણના રાખી શકાય. સાથે સાથે કચ્છ બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, સબસિડિયરી કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ એટલે કે ખેતરના નાકા સુધીની કેનાલના કાર્યો હાથ પર લેવાય તેવા પ્રયાસો કચ્છની પ્રજાએ કરવા જોઈએ. નર્મદા નિગમના ડાયરેક્ટર અને અધિકારીશ્રીઓ પર આ પ્રકારના દબાણ કચ્છના હિતને જ પ્રોત્સાહિત કરશે.

અન્ય તરફ મોખાથી માંડવી સુધીની લાઈન દોરી બદલાવવાની વાત ત્યાંની પ્રજા તરફથી આવી રહ્યાની વાત કચ્છના વર્તમાનપત્રોમાં વાંચેલ હતી. આ લાઈન દોરી બદલવી એ સીધી સાદી વાત નથી. તેના ફરી સર્વે કરાવવા અને તેની મંજૂરી મેળવવી એ લાંબી પ્રક્રિયા છે. અન્ય તરફ વધારાના પાણીના ફાળવણીના સર્વે કરી દેવામાં આવ્યા છે અને તેના રીપોર્ટ કન્સલ્ટિંગ કંપની તરફથી સરકારને સુપરત કરી દેવામાં આવ્યાની વાત પણ વર્તમાનપત્રમાં આવી ગયેલ છે. મોખાથી માંડવી સુધીની મેઈન કેનાલ શીફ્ટ કરવાની જે વાત છે તેથી ત્યાંના વિસ્તારમાં કદાચ આ વધારાના પાણી આવે તેવી શક્યતા પણ રહેલ છે. **નિયમિત પાણીની કેનાલનો નકશો તથા વધારાના પાણીના કેનાલનો નકશો સરખાવવાથી આ હકીકત સ્પષ્ટ થઈ શકે.**

એક વિશેષ વાત અત્રે રજૂ કરી શકાય કે કદાચ એન.એ. થયેલ જમીનને ખેતીના પાણીની જરૂરીયાત ના રહે તો એ પાણી મોડકુવાથી પણ આગળ કેનાલને લંબાવી, ત્યાંના ખેતરોને આપી શકાય. આ બધી અલગ અલગ શક્યતાઓવાળી વાત થઈ. દરેક શક્યતાને એક-બીજા સાથે સરખાવી, તેની પૂરી ચકાસણી કર્યા વગરનો નિર્ણય કદાચ પરિપક્વ નિર્ણય નહીં ગણી શકાય.

અત્રે કચ્છ બ્રાંચ કેનાલની વિવિધ સાંકળની પરિસ્થિતિ, સાથેના અલગ-અલગ કોઠાઓ દ્વારા સમજાવવામાં આવેલ છે, કે જે આ લેખને અંતે છાપવામાં આવેલ છે.

આપણે ઈચ્છીએ કે હવે પછી કોઈ પણ જાતની રૂકાવટ વગર કચ્છ બ્રાંચ કેનાલના માત્ર નહીં પરંતુ સાથે સાથે કચ્છના ખેતરોમાં આ પાણી પહોંચે ત્યાં સુધીની વિવિધ કેનાલોના કાર્યો પણ સાતત્યપૂર્વક, કચ્છની પ્રજાના હિતમાં ચાલતા રહે કે **જેથી કચ્છની હજારો એકર જમીનમાં ચોમાસુ ફેઈલ જાય તો પણ એટલે કે દુષ્કાળના સમયમાં પણ ચોમાસુ પાક સારી રીતે લઈ શકાય.**

કચ્છની પાણી મંડળીઓની કાર્યવાહી ચાલુ થયાના હજી સુધી કોઈ સમાચાર આવેલ નથી. આ કાર્ય પણ તેટલું જ અગત્યનું બની રહે છે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા (ગઢશીશા)
L.I.C. એજન્ટ
સાયન, મુંબઈ. • ફોન : 24023429, મો. 9819861440

કચ્છ શાખા નહેરના ચાલુ તથા હવે પછી ચાલુ થનાર કામોની વિગત

કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦થી ૩૬૦ કિ.મી. પૈકી ચાલુ તથા નજીકમાં ચાલુ થનાર કામો અને શાખા નહેર પરના પમ્પિંગ સ્ટેશનના કામોની વિગત નીચે મુજબ છે.

કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં ચાલુ કામોની વિગત

અનુ. નં.	કામની વિગત	એજન્સીનું નામ	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)	વર્ક ઓર્ડરની તારીખ	વિશેષ નોંધ
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦થી ૮.૮૨ કિ.મી.	સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ	૩૦.૭૦	૦૧-૦૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે.
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૮.૮૨થી ૨૦.૦૮ કિ.મી.	સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ	૩૦.૯૧	૦૧-૦૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે.
૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૦૮થી ૩૨.૯૭ કિ.મી.	બી. એ. પટેલ એન્ડ કું., અમદાવાદ	૪૨.૭૭	૦૨-૦૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે.
૪.	કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭થી ૪૫.૦ કિ.મી.	વાલજી પુના એન્ડ કું., આદિપુર	૨૨.૦૭	૨૧-૧૦-૨૦૧૦	કામ પ્રગતિમાં છે.
૫.	કચ્છ શાખા નહેરની સાંકળ ૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી. (ઈપીસી)	ગેનન ડંકર્લી, અમદાવાદ	૨૫૧.૦૦	૦૭-૦૨-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૬.	કચ્છ શાખા નહેરની સાંકળ ૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી.	ગેનન ડંકર્લી, અમદાવાદ	૨૫.૫૪	૧૩-૦૧-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૭.	કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫.૦૦થી ૮૨.૩ કિ.મી. (ઈપીસી)	એસ.ઈ.ડબલ્યુ. એન્ડ એમ.ઈ.આઈ.એલ. જે.વી., હૈદ્રાબાદ	૨૨૪.૩	૦૭-૦૨-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૮.	કચ્છ શાખા નહેરની સાંકળ ૮૨.૩થી ૧૧૨.૫ કિ.મી.	નાગાર્જુન કન્સ્ટ્રક્શન લિ., હૈદ્રાબાદ	૪૦૨.૪૫	૨૭-૦૧-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૯.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫થી ૧૨૨.૩૧૯ કિ.મી. (પેકેજ કે-૧)	મોન્ટેકાર્લો કન્સ્ટ્રક્શન પ્રા.લિ., અમદાવાદ	૩૨.૩૬	૧૧-૦૩-૨૦૦૫	કામ પૂર્ણ થયેલ છે. (૧૨/૨૦૧૧)
૧૦.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૨૨.૩૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે-૨)	કિશાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., રાજકોટ	૩૩.૫૦	૧૫-૦૭-૨૦૧૦	કામ પ્રગતિમાં છે.
૧૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૧૩૩થી ૧૮૯.૯ કિ.મી.	હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કું. લિ., મુંબઈ	૩૪૫.૩૧	૨૭-૦૧-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૧૨.	કચ્છ શાખા નહેર પમ્પિંગ સ્ટેશન-૧	આઈ.વી.આર.સી.એલ., ડબલ્યુ.યુ.એક્ષ.આઈ. જેવી, હૈદ્રાબાદ	૧૮૩.૪૭	૦૭-૦૩-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૧૩.	કચ્છ શાખા નહેર પમ્પિંગ સ્ટેશન-૨	એમ.ઈ.આઈ.એલ. - આઈ.ટી.ટી. - જેવી, હૈદ્રાબાદ	૧૮૩.૦૦	૦૭-૦૩-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.
૧૪.	કચ્છ શાખા નહેર પમ્પિંગ સ્ટેશન-૩	એમ.ઈ.આઈ.એલ. - આઈ.ટી.ટી. - જેવી, હૈદ્રાબાદ	૧૪૮.૨૬	૦૭-૦૩-૨૦૧૧	કામ પ્રગતિમાં છે.

ઉતાવળે જે લગ્ન કરે છે, તે નિરાંતે પસ્તાય છે.

કચ્છ શાખા નહેરના નીચે મુજબના ટેન્ડરો ખૂલી ગયેલ છે

અનુ.	કામની વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦૧.૨૦૬ થી ૨૧૪.૭૪ કિ.મી. (પેકેજ આઈ.આર.-૧)	૧૧૫.૫૨
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૧૪.૭૪ થી ૨૨૨.૭૨૮ કિ.મી. (પેકેજ આઈ.આર.-૨)	૧૦૨.૬૩
૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૨૨.૭૨૮ થી ૨૩૧.૦૨૨ કિ.મી. (પેકેજ આઈ.આર.-૩)	૫૧.૩૩
૪.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૩૧.૦૨૨ થી ૨૪૩.૮૩૯ કિ.મી. (પેકેજ આઈ.આર.-૪)	૧૦૫.૯૧
૫.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૫૦.૪૨૩ થી ૨૫૭.૯૫૬ કિ.મી. (પેકેજ આઈ.આર.-૬)	૫૦.૯૨
૬.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૫૭.૯૫૬ થી ૨૬૩.૬૨૦ કિ.મી. (પેકેજ આઈ.આર.-૭)	૪૧.૧૩
૭.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૬૩.૬૨૦ થી ૨૭૧.૨૨૪ કિ.મી. (પેકેજ આઈ.આર.-૮)	૮૮.૩૦
	કુલ...	**૫૫૫.૭૪**

કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં નીચે મુજબના ટેન્ડરો ખૂલવાની તૈયારીમાં છે

અનુ.	કામની વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)
૧.	વાંઢિયા પેટા શાખા નહેર ૦.૦થી ૨૩.૭૪ કિ.મી.	૪૦.૭૯

કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં નીચેના ટેન્ડરો અપલોડ થઈ ગયેલ છે.

અનુ.	કામની વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)
૧.	ગાગોદર પેટા શાખા નહેર સાંકળ ૦.૦થી ૩.૧૪ કિ.મી., ૩.૪૮થી ૧૩.૯૩૨ કિ.મી. ૧૪.૫૮૪થી ૧૭.૩૭૭ કિ.મી. અને ૨૬.૬૧૧થી ૪૯.૭૬ કિ.મી. (જી.આઈ.આર.-૧)	૧૧૬.૯૨
૨.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૭૬.૮૫૭થી ૨૮૪.૪૮૬ કિ.મી. (પેકેજ આઈ.આર.-૧૦)	૯૦.૭૮
૩.	કચ્છ શાખા નહેરની સાંકળ ૩૫૪.૫૭૪થી ૩૫૭.૧૫૮ કિ.મી. (પેકેજ આઈ.આર.-૨૨)	૪૪.૪૫
	કુલ...	**૨૫૨.૧૫**

કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં નીચેનું ટેન્ડર હવે પછીથી અપલોડ થશે

અનુ.	કામની વિગત	ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં)
૧.	કચ્છ શાખા નહેરની સાંકળ ૨૪૩.૮૩૯થી ૨૫૦.૪૨૩ કિ.મી. (પેકેજ આઈ.આર.-૫)	૬૭.૦૩

એક વાત અરબસ્તાનની. એક માણસની આંખમાં દર્દ ઊપડ્યું અને એ ગયો જાનવરોના પ્રસિદ્ધ હકીમ પાસે. હકીમે જાનવરોની આંખમાં આંજવાની દવા દર્દીની આંખમાં આંજી દીધી. એની આંખોની રોશની ચાલી ગઈ.

કાજીની દરબારમાં એ ફરિયાદ લઈ ગયો. કાજીએ ફરિયાદ કાઢી નાખતા જણાવ્યું કે, 'ફરિયાદી જો ગધેડો ન હોત તો જાનવરના હકીમ પાસે જાત નહીં.'

નિષ્ફળતા બે જ પ્રકારની વ્યક્તિને મળે છે : (૧) વિચાર કર્યા પછી પણ આચારમાં ન મૂકે, (૨) વિચાર કર્યા વગર આચારમાં મૂકી દે.

વર્ષ ૨૦૧૩માં રજૂ કરવામાં આવેલ લેખોના મુખ્ય મુદ્દા.....

કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણીનો સત્તાવાર અહેવાલ.

- કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના ૧ મિ.એ.ફૂટ પાણી અંગેનો સત્તાવાર અહેવાલ.
- ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલ પાણીની માગને પહોંચી વળવાની વિગતો.
- નદી આધારિત જળસંચય વ્યવસ્થાપન અંગેનો લેખ.
- કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી, વધારાના પાણી, ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી અંગેની વિસ્તૃત માહિતી.
- કચ્છને ફાળવાયેલ વધારાના પાણીની યોજનાના કાર્યો અટકી ગયેલ છે.
- નર્મદા ડેમની ઊંચાઈ જરૂરિયાત અનુસાર પહોંચી ગયા પછી પણ આ પાણી ખેતી માટે પહોંચી શકતા નથી.
- નર્મદા ડેમની ઊંચાઈ ૧૨૧ મીટરે પહોંચ્યા પછી પણ ખેતી માટે પાણી પહોંચી ના શકવાથી ચિંતાની અસર ફેલાયેલ છે.



ફક્ત વિચારો કરવાથી જ સફળતા મળતી હોય તો દરેક સભા લિંકનોથી અને દરેક પ્રયોગશાળા ન્યૂટનોથી ભરાઈ જાય.

કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ વિષય પરના સેમિનારના વક્તવ્યો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના ભુજ ખાતેના રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના સેમિનારમાં જે વિષયો પર વક્તવ્યોનું આયોજન કરેલ હતું એ વક્તવ્યો અગાઉથી જે તે તજજ્ઞો પાસેથી મેળવી લેવામાં આવેલ હતા.

આ શ્રેણીના ૮ વક્તવ્યો પેપર સ્વરૂપે તે સમયે રજૂ કરવાના હતા પરંતુ સેમિનારની મોકૂફીના કારણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર લોકો આ શૃંખલાથી વંચિત રહ્યા.

આ બધા જ – ૮ લેખો ખૂબજ વિદ્વતાપૂર્વકના અને અલગ અલગ વિષયના હોવાથી તેને અત્રે પ્રકાશિત કરવામાં આવ્યા છે. તેની સાથે જે તે વક્તાઓના - લેખકોના નામ પણ જોડવામાં આવેલ છે.

અમને આશા છે કે "મંગલ મંદિર"ના વાચકવર્ગને આ અભ્યાસપ્રદ લેખો સારી એવી માહિતી આપી શકશે.

– તંત્રી મંડળ

કચ્છને ફાળવવામાં આવેલા નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી

● **એસ. જગદીશન, I.A.S.** – વહીવટી સંચાલક, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ●

(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૩નો લેખ)

કચ્છની પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ એવા ઉપસ્થિત ભાઈઓ તથા બહેનો,

આજે આપણે સૌ "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" એ વિષય પર ચિંતન કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે યોજવામાં આવેલા આ સેમિનાર અંતર્ગત એકત્ર થયા છીએ ત્યારે મને એ વાતનો ઉલ્લેખ કરતાં બહુ આનંદ થાય છે કે ૨૦૦૧માં આવેલા ભયાનક ભૂકંપ પછી કચ્છની ખમીરવંતી પ્રજાએ જે ઝડપથી અને જે રીતનો વિકાસ સાધ્યો છે, તે સમગ્ર દુનિયા માટે એક ઉદાહરણરૂપ બની ગયો છે. જાપાનમાં બીજા વિશ્વયુદ્ધ વખતે બે અણુબોંબ ફેંકવામાં આવ્યા ત્યારે સર્જાયેલી તબાહી પછી જાપાને સાધેલા વિકાસનો આજે આશરે ૬૭ વર્ષ પછી પણ સમગ્ર દુનિયામાં વખાણ કરવામાં આવે છે, ત્યારે મને વિશ્વાસ છે કે આગામી વર્ષોમાં જ્યારે વિનાશ પછી વિચલિત થયા વગર કોઈ એક ચોક્કસ પ્રદેશે કરેલા વિકાસની વાત કરવામાં આવશે ત્યારે સમગ્ર દુનિયામાં કચ્છને ચોક્કસપણે યાદ કરવામાં આવશે.

૨૧મી સદીનો પ્રથમ દસકો કચ્છના વિકાસને નવા પરિમાણો આપવામાં ચોક્કસપણે સફળ રહ્યો છે એમાં કોઈ બેમત નથી. માત્ર ઔદ્યોગિક ઉત્પાદનના ક્ષેત્રે જ નહીં, પરંતુ કૃષિક્ષેત્રે પણ આ દસકામાં અભૂતપૂર્વ પ્રગતિ નોંધાઈ છે. લઘુ તથા મધ્યમ કદના ઉદ્યોગોથી લઈને બહુરાષ્ટ્રીય કંપનીઓએ પણ કચ્છની ધરતી પર પોતાના એકમો સ્થાપવામાં રસ દાખવ્યો છે, ત્યારે આ ઘટનાક્રમના પગલે મુંબઈ તથા દિલ્હી જેવા મહાનગરોની જેમ દેશના અનેક રાજ્યના લોકો રોજગારી માટે કચ્છ તરફ નજર દોડાવી રહ્યા છે. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે કચ્છમાં રોજગારીનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં વધ્યું છે અને હજી આગળ જતાં પણ આ પ્રવાહ ચાલુ જ રહેશે. અગાઉ કચ્છની ધરતી પર કૃષિ ઉપજ બહુ સીમિત રહેતી હતી, એ પરિસ્થિતિમાં પણ પલટો લાવીને આ જિલ્લાના ખેડૂતોએ ક્રાંતિ લાવી છે અને ઉપલબ્ધ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીને આ ખેડૂતો કેરી તથા ખારેક જેવા પાકો ઉગાડવામાં તો સફળ રહ્યા જ છે, પરંતુ સાથે સાથે તેની નિકાસ પણ કરતાં થયા છે.

આપ સૌ જાણો છો તે મુજબ પાણીની કારમી તંગી એ કચ્છમાં કાયમ માટે એક સમસ્યા રહી છે. આવા સંજોગોમાં "કચ્છને ફાળવવામાં આવેલા નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી" અંગે આ સેમિનાર અંતર્ગત મને આ વક્તવ્ય આપવાની તક મળી છે, ત્યારે મને એ વાત કહેવાનું ગમશે કે હજી તો નર્મદા યોજનાનો લાભ કચ્છ જિલ્લાને મળે તેની માત્ર શરૂઆત જ થઈ છે, ત્યારે જ આ જિલ્લાની આટલી સરસ કાયાપલટ થઈ ગઈ છે તો આ યોજનાનો સંપૂર્ણ લાભ મળશે, ત્યારે આ જિલ્લો તે વિકાસના કેવા શિખરો સર કરશે તેની કલ્પના માત્ર આનંદ અપાવી જાય છે.

જો કે હવે આ કલ્પના હકીકતમાં પરિવર્તિત થાય તે માટે બહુ રાહ જોવી પડે એમ નથી કારણકે યોજના અંતર્ગતના કચ્છ જિલ્લા માટે કેનાલ નેટવર્કના તમામ કામો ડિસેમ્બર ૨૦૧૪માં ચોક્કસપણે પૂર્ણ થઈ જાય એવું સમયબદ્ધ આયોજન નર્મદા નિગમે કર્યું છે અને ૨૦૧૧માં નિગમ દ્વારા ચાલુ કરવામાં આવેલા કામો આયોજન મુજબ જ પ્રગતિ કરી રહ્યા છે એ જોતાં તમામ કામો નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ થઈ જશે એવો મને વિશ્વાસ છે. નર્મદા યોજના દ્વારા કચ્છ જિલ્લાને મળનારા સિંચાઈના લાભની વાત કરીએ તે પહેલા આ યોજના થકી જિલ્લાને

પીવાનું જે પાણી ઉપલબ્ધ કરવામાં આવ્યું છે તેની વાત કરીએ તો હાલમાં નર્મદાનું પાણી જિલ્લાના ૭૯૨ ગામો અને ૮ શહેરોની ઘર વપરાશની જરૂરિયાત સંતોષી રહ્યું છે અને સમગ્ર યોજના પૂર્ણ થયેથી આ આંકડો વધીને અનુક્રમે ૮૮૬ અને ૮ પર પહોંચી જશે.

આવી જ રીતે કેનાલ નેટવર્કના તમામ કામો પૂર્ણ થતાં જિલ્લાના ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૭૮,૫૬૧ એકર જમીનને સિંચાઈનો લાભ પ્રાપ્ત થશે. સિંચાઈના આ લાભ માટે મુખ્ય આધારસ્તંભ સમાન કચ્છ શાખા નહેરની કુલ લંબાઈ ૩૬૦ કિલોમીટર છે અને તેમાંથી ૩૩ કિલોમીટરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે, જેમાં પાણી વહી રહ્યું છે. સિંચાઈનો લાભ યોજના અનુસાર પ્રાપ્ત થાય તે માટે કુલ રૂા. ૪,૬૦૦ કરોડના ખર્ચે વિવિધ કામ હાથ ધરવાનું આયોજન છે, જેમાંથી રૂા. ૨,૯૭૦ કરોડ કચ્છ શાખા નહેર માટે, રૂા. ૫૧૫ કરોડ ત્રણ પમ્પિંગ સ્ટેશન માટે તથા રૂા. ૧,૧૧૫ કરોડ ત્રણ સબ-બ્રાંચ તથા વિતરણના માળખા માટે ખર્ચવામાં આવશે. આ કામોમાંથી રૂા. ૨,૨૭૬ કરોડના ત્રણ પમ્પિંગ સ્ટેશન સહિતના કામો પ્રગતિ હેઠળ છે. બાકીના કામોમાંથી રૂા. ૫૭૦ કરોડના કામો ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે, જ્યારે રૂા. ૧,૭૫૪ કરોડના કામોના અંદાજો તૈયાર કરવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રગતિ હેઠળના કામો અંતર્ગત રૂા. ૬૦૦ કરોડના કામો પૂર્ણ થઈ ગયેલ છે.

કચ્છ જિલ્લા સહિતના નર્મદા યોજનાના તમામ કામો ઝડપથી પૂર્ણ કરી શકાય તે હેતુથી આ માટેના કોન્ટ્રાક્ટ્સમાં નિગમે ઈ.પી.સી. પદ્ધતિ અપનાવી છે. તેના કારણે હવે કેટલીક મોટી કંપનીઓ પણ કામ હાથ ધરવા માટે આગળ આવી રહી છે. જેના કારણે સમગ્ર કામ નિર્ધારીત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું શક્ય બનશે. કચ્છ જિલ્લામાં તમામ કામો માટેની સમય મર્યાદા ૧૮થી ૨૪ મહિના છે. જેથી નર્મદા નિગમના આયોજન મુજબ કચ્છ જિલ્લાને ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં નિરધાર્યા મુજબ સિંચાઈનો સંપૂર્ણ લાભ મળતો થઈ જશે. વધુમાં, કેનાલના કોન્ટ્રાક્ટરોએ કામ પૂર્ણ થયેથી પાંચ વર્ષ માટે કેનાલની મરામતની જવાબદારી પણ સંભાળવી પડશે. આના કારણે કામ ગુણવત્તાયુક્ત તો થશે જ પરંતુ તે ઉપરાંત સિંચાઈ અંતર્ગત આવરી લેવામાં આવેલા તમામ ખેતરોમાં પાણી સરળતાથી પહોંચે તે જોવાની જવાબદારી પણ જે તે કોન્ટ્રાક્ટર સંભાળશે.

મિત્રો, કચ્છમાં નર્મદાના નીરનું અવતરણ કરાવવું એટલું સહેલું નથી. આ કાર્ય કેટલું મુશ્કેલ છે તે સમજાવવા માટે મને એક ઉદાહરણ આપવાનું ગમશે. રાજા ભગીરથે દેશના ઉત્તરીય ભાગમાં સ્વર્ગમાંથી ગંગાનું અવતરણ કરાવી આ પ્રદેશમાં પાણીને વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ બનાવ્યું. તેના કારણે આજે પણ આ પ્રકારના મહા પ્રયત્નને ભગીરથ પ્રયત્ન તરીકે ઓળખવામાં આવે છે. જોકે કચ્છની વેરાન અને સૂકી જમીનને નંદનવનમાં ફેરવવા માટે નર્મદાના નીરનું સિંચન કરવું એ કદાચ રાજા ભગીરથના પ્રયત્ન કરતાં પણ વધુ મુશ્કેલ કાર્ય ગણી શકાય એમ છે કારણકે રાજા ભગીરથે ગંગાને સ્વર્ગમાંથી નીચે ઉતારી હતી, જે કાર્યમાં ગુરુત્વાકર્ષણ બળનો સાથ મળે છે, પરંતુ નર્મદાના નીરને કચ્છ લઈ જવા હોય તો તેમને ૬૦ મીટર એટલે કે ૨૦ માળ જેટલા ઉપર ચડાવવા પડે એમ છે.

જોકે ગમે એવી મુશ્કેલી આવે તો પણ સરદાર સરોવર યોજનાને ઝડપભેર પૂર્ણ કરવા કટિબદ્ધ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે પાણીને આટલા ઊંચા લઈ જવા માટે પણ આયોજન કર્યું છે અને કચ્છ જિલ્લાના પ્રત્યેક ભાગમાં ગ્રેવિટીના આધારે પાણી ઉપલબ્ધ બની રહે તે માટે નર્મદા મુખ્ય નહેરમાંથી પાણીને ૬૦ મીટર એટલે કે ૨૦ માળના મકાનની ઊંચાઈ જેટલું ઊંચું ચડાવી શકાય તે માટે જિલ્લામાં રૂા. ૫૧૫ કરોડના ખર્ચે ત્રણ પમ્પિંગ સ્ટેશનના નિર્માણનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ પમ્પિંગ સ્ટેશનોની પાણીને ઉપર ચડાવવાની વ્યક્તિગત ક્ષમતા પ્રતિ સેકન્ડ ૨૦,૦૦૦ લીટરની છે અને કાર્યાન્વિત થતા આ ત્રણે પમ્પિંગ સ્ટેશન રોજના ૧,૮૪૮ કરોડ લીટર પાણીનું ઉદવહન કરશે.

૩૬૦ કિલોમીટર લાંબી અને માનવસર્જિત નદી સમાન કચ્છ શાખા નહેર પૂર્ણ થયેથી કચ્છમાંથી પસાર થતી તમામ ૯૬ નદીઓમાં સૌથી મોટી નહેર બની રહેશે અને વધુ મહત્ત્વની વાત એ છે કે તે જિલ્લાની એકમાત્ર બારમાસી નદી સમાન બની રહેશે. આ નહેર કચ્છના ઘૂડખર અભયારણ્યમાંથી પસાર થતી હોવાથી નર્મદા યોજનાનો અમલ કરી રહેલી એજન્સી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે આ વિસ્તારમાં વસતા ઘૂડખરના અસ્તિત્વ પર કોઈ અસર ન પડે તે માટે વધારાનો રૂા. ૨૦૦ કરોડનો ખર્ચ કરવો પડશે. આ વિસ્તારમાં ઘૂડખરની રોજિંદી હરફરમાં કોઈ રૂકાવટ ઊભી ન થાય અને તેઓ કેનાલની બંને બાજુ કોઈ પણ અડચણ વગર ફરી શકે તે માટે ખાસ સુવિધા ઊભી કરવા અને સાથે સાથે તેમની સલામતી જળવાઈ રહે એવી વ્યવસ્થા કરવા માટે આટલી મોટી રકમનો ખર્ચ કરવામાં આવશે. પ્રત્યેક ઘૂડખર દીઠ ગણીએ તો નિગમ પ્રતિ પ્રાણી દીઠ રૂા. ૭ લાખનો ખર્ચ કરશે. આ અભયારણ્યમાંથી શાખા નહેર પસાર થઈ શકે તે માટે કેન્દ્રિય પર્યાવરણ મંત્રાલયની મંજૂરી લેવામાં પણ આશરે ૨ વર્ષ જેટલો સમય નીકળી ગયો હતો.

વિરમતા પહેલાં મારે કચ્છની પ્રજા વિશે એક વાત કરવી છે. સામાન્ય રીતે ગુજરાતના લોકો પોતાના ઉદ્યમ અને ધંધામાં કાઠું કાઢવા બદલ સમગ્ર દુનિયામાં મશહૂર છે, પરંતુ સમગ્ર ગુજરાતના પ્રમાણમાં કચ્છની વાત કરીએ તો આ જિલ્લામાં આવા ઔદ્યોગિક સાહસિકોની સંખ્યા કદાચ રાજ્ય કરતાં વધારે છે. સમગ્ર દુનિયાના ગમે તે ખૂણે જાવ તો કચ્છી લોકો ધંધો કરતાં જોવા મળે છે. હવે જ્યારે આપણે ૫૦થી પણ વધુ વર્ષના કઠોર પરિશ્રમ, પુરુષાર્થ પછી અને કરોડો રૂપિયાના ખર્ચે નર્મદાના પાણી કચ્છની ધરતી પર લાવવા કટિબદ્ધ છીએ અને નર્મદાના નીર સમગ્ર કચ્છ જિલ્લામાં પહોંચે તેને હવે માત્ર બે વર્ષ જેટલા સમયની જ વાર છે, ત્યારે આ પાણી પહોંચતા જ કચ્છના લોકો જ્યાં જ્યાં વસ્યા છે, તે તે પ્રદેશોને તેમણે જે રીતે સમૃદ્ધ કર્યા છે, કંઈક એવી જ રીતે અને કદાચ તેનાથી પણ વધારે સારી રીતે કચ્છને સમૃદ્ધ બનાવવાની જવાબદારી પણ કચ્છના લોકોએ નિભાવવાની છે અને મને વિશ્વાસ છે કે તેઓ આ જવાબદારી નિભાવવામાં ક્યારેય પાછા નહીં પડે. આ ઉપરાંત કચ્છની પ્રજાએ નર્મદાના પાણીનો શક્ય એટલો કાર્યક્ષમ ઉપયોગ કરીને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કઈ રીતે થઈ શકે તે માટે એક ઉદાહરણ પૂરું પાડવાનું છે કે જેથી રાજ્યના અન્ય વિસ્તારો અને બાકીના દેશ - વિશ્વ માટે પણ તે પ્રેરણારૂપ બની રહે. છેલ્લે છેલ્લે હું આપને એ વાતની ખાતરી પણ આપવા માંગું છું કે ગુજરાત સરકાર અને નર્મદા નિગમ આયોજન મુજબ જ કચ્છ જિલ્લામાં નર્મદા કેનાલ નેટવર્કનું કામ સંપૂર્ણ કરવા પ્રતિબદ્ધ છે.

જય જય ગરવી ગુજરાત, નમામિ દેવી નર્મદે.... ■

સૂર્યાસ્ત થાય ત્યારે આખો દિવસ સાથે રહેનારો પડછાયો પણ સાથ છોડી દે છે... પડતી આવે ત્યારે મિત્રો પણ ખસી જાય છે.

કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના ૧ મી.એ. ફૂટ પાણી અંગેની નોંધ

• ડી. કે. પટેલ – સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, કચ્છ સિંચાઈ વર્તુળ - ભુજ •

(મંગલ મંદિર, ફેબ્રુઆરી - ૨૦૧૩નો લેખ)

નર્મદાના પૂરના વધારાના પાણીની સૌરાષ્ટ્ર તેમજ કચ્છ વિસ્તાર માટેની ફાળવણી ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પરસ/૨૦૦૩/એમ/૧૦૫/ (૨૩)/ક-૨, તા. ૨૬-૬-૨૦૦૬ વાળા આદેશથી, પુરના વધારાના પાણી પૈકી ૧૦૦ મી. એકર ફીટ પાણી કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવી આપવાની સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે. તદુપરાંત આ વધારાના પાણીના વપરાશ અંગે યોગ્ય તાંત્રિક અને આંશિક વિકલ્પની ચકાસણી તથા મંજૂરી, મંજૂર થયેલ વિકલ્પ અનુસાર અન્વેષણ, આલેખન, આયોજન અને અમલીકરણની કામગીરી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ કરશે તેવું સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : નસય-૧૦૨૦૦૪-૩૪-૩૫૯ (૧૦)-આઈ, તા. ૧-૬-૨૦૦૭થી ઠરાવવામાં આવેલ છે.

સરકારશ્રીના સૈધ્ધાંતિક સ્વીકાર બાદ વિવિધ તબક્કે થયેલ સૂચનોને ધ્યાનમાં રાખી, કચ્છ જિલ્લાને ફાળવાયેલ ૧.૦૦ મી. એકર ફીટ પાણીના સંગ્રહ અને વપરાશ માટે વિભાગ દ્વારા તદ્દન પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ પ્રાથમિક અહેવાલમાં વાપકોસ-દિલ્હી, કચ્છના એન.આર.આઈ. શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી તથા માનનીય માજી સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીના સૂચનોને ધ્યાને લેવામાં આવેલ હતા. જે મુજબ કચ્છ જિલ્લાને ફાળવાયેલ ૧ મી.એકર ફીટ પાણીને વિવિધ ૭ (સાત) અંગોમાં વહન કરી સંગ્રહ અને વિતરણ કામગીરીનું આયોજન સૂચવાયેલ હતું. વર્ષ ૨૦૦૬-૦૭ની ભાવ સપાટીએ તૈયાર થયેલ રૂા. ૩૩૪૮.૦૦ કરોડના અંદાજિત ખર્ચવાળો આ અહેવાલ તા. ૧૩-૭-૨૦૦૭થી સરકારશ્રીમાં રજૂ થયેલ હતો પરંતુ આ ૧ મી.એ. ફીટ પાણી અંગે વિગતવાર અન્વેષણ, આલેખન, આયોજન અને અમલીકરણ માટે વિશેષ તજજ્ઞ કન્સલ્ટન્ટની સેવાઓ લેવાનું ઉચિત જણાતાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : નસય-૧૦૨૦૦૪-૩૪-૩૫૯-(૧૦)-પાર્ટ-ફાઈલ-આઈ, તા. ૨૦-૧૧-૨૦૦૮થી કન્સલ્ટન્ટના કામના રૂા. ૨.૬૧ કરોડના અંદાજને વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

ત્યારબાદ સરકારશ્રીના તા. ૨૪-૨-૨૦૦૯વાળા આદેશથી વિગતવાર સુધારેલ તાંત્રિક મંજૂરી તથા તા. ૩૦-૮-૨૦૧૦વાળા આદેશથી આ કામના ટેન્ડર મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ., અમદાવાદના મંજૂર કરી આપવામાં આવેલ. આથી જળસંપત્તિ સંશોધન વિભાગ - ભુજના તા. ૩-૯-૨૦૧૦ના આદેશથી આ કામગીરી મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા. લિ. અમદાવાદને રૂા. ૨.૫૯ કરોડ (૦.૮૩% નીચે ભાવનું) ૧૨ માસમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે.

કન્સલ્ટન્ટ દ્વારા આ કામગીરી હાલ પ્રગતિમાં છે. સરકારશ્રી દ્વારા તૈયાર થયેલ પ્રાથમિક અહેવાલના સૂચનોને ધ્યાનમાં રાખી, કન્સલ્ટન્ટ દ્વારા તબક્કાવાર એક-એક અંગની પથરેખાઓ ત્રણ વિકલ્પમાં તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ હતી. કન્સલ્ટન્ટ દ્વારા રજૂ થતા દરેક અંગના વિકલ્પોનો અભ્યાસ કરી મંજૂરી આપવા માટે સરકારશ્રી દ્વારા ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવામાં આવેલ તથા કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર થતા દરેક અંગના પ્રાથમિક અહેવાલ આ સમિતિ સમક્ષ રજૂ કરીને મંજૂર કરવામાં આવેલ છે, તેની વિગતો નીચે મુજબ છે.

(૧) માસ વોટર બેલેન્સ અભ્યાસ :

૧ મી.એ. ફીટની કુલ જળરાશિને જે વિવિધ અંગોમાં સમાવવામાં આવશે તેના અભ્યાસ અહેવાલને ઉચ્ચ સ્તરીય સમિતિની તા. ૭-૨-૨૦૧૧ની મીટિંગમાં મંજુરી આપવામાં આવેલ. તે મુજબ જે વિવિધ ૮ રીતે જળ ફાળવણી આખરી થયેલ, તેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	*વિગત*	*અંદાજિત જળ ફાળવણી (એમ.એ.એફ.)*
૧.	સારણ જળાશય	૦.૧૧૬
૨.	બન્ની જળાશય	૦.૧૩૪
૩.	સધર્ન લીન્ક કેનાલ	૦.૧૫૨
૪.	નોર્ધન લીન્ક કેનાલ	૦.૧૭૩
૫.	હાઈ કન્ટુર સ્ટોરેજ	૦.૦૪૧
૬.	હાઈ કન્ટુર કેનાલ	૦.૧૧૪
૭.	એક્સ્ટેન્શન ઑફ કે.બી.સી.	૦.૧૮૨
૮.	ડાયરેક્ટ ફિલીંગ ફ્રોમ કે.બી.સી.	૦.૦૨૪
	કુલ	**૦.૯૩૬ (એમ.એ.એફ.)**

આપણી આબાદીના સમયમાં આપણા મિત્રો આપણને ઓળખતા હોય છે, જ્યારે આપણી બરબાદીના સમયમાં આપણે મિત્રોને ઓળખી જઈએ છીએ.

(૨) સારણ જળાશય :

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૧૦૫.૦૦ કિ.મી. પાસેથી ૧૧.૦૨૨ કિ.મી. લંબાઈની ઑફટેક કેનાલ દ્વારા રાપર તાલુકાના ફતેહગઢ ગામની ઉત્તર દિશામાં આવેલા "સારણ" નામે ઓળખાતા કુદરતી ડિપ્રેશનનો ઉપયોગ કરીને બનતા સારણ જળાશયમાં કુલ ૦.૦૭૩ એમ.એ.એફ. પાણી સંગ્રહ કરવાનું આયોજન છે. ખરીફ સીઝનમાં કે.બી.સી.માંથી ગ્રેવિટીથી મળનાર પાણી સીધે સીધું જમણી બાજુની તથા ડાબી બાજુની કેનાલમાંથી આસપાસના ગેડી, વ્રજવાણી, આણંદપર, બેલા, મૌવાણા, શિવગઢ અને ફતેહગઢ ગામની આશરે ૨૦,૦૦૦ હેક્ટર જમીનમાં અને જળાશયમાં સંગ્રહિત થયેલ ૦.૦૭૩ એમ.એ.એફ. પાણીમાંથી લીફ્ટ દ્વારા ૬.૪ કિ.મી.ની પાઈપ કેનાલ દ્વારા ડાબી કેનાલ અને જમણી કેનાલ મારફત ૯,૦૦૦ હેક્ટર જમીન રવિ સીઝનમાં એમ કુલ ૨૯,૦૦૦ હેક્ટર જમીન લાભાન્વિત થવાનું અંદાજવામાં આવેલ છે. આ સંદર્ભે ચકાસાયેલ વિવિધ ૩ વિકલ્પોમાંથી વિકલ્પ-૩ ને આખરી મંજૂરી આપવામાં આવેલ છે. સારણ જળાશય વિભાગમાં ૧ એમ.એ.એફ. પૈકી ૦.૧૧૬ એમ.એ.એફ. પાણીનો ઉપયોગ કરવાનું આયોજન છે. આ જળાશયમાં પાણીના સંગ્રહ અને વિતરણ માટે કુલ ૧૮.૧૭૮ કિ.મી. લંબાઈની પાઈપ લાઈન તથા ૫૬.૩૨૯ કિ.મી. કેનાલના બાંધકામની જરૂરિયાત રહેશે. આ ભાગનો બી.સી. રેશિયો ૩.૫૨૨ અને કુલ ખર્ચ રૂા. ૨૪૭.૯૦ કરોડ અંદાજવામાં આવેલ છે. આ ભાગ માટેના અંદાજિત ખર્ચને વહીવટી મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત સરકારશ્રીને તા. ૨૦-૧૨-૧૨થી થયેલ છે.

(૩) બન્ની જળાશય :

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલમાંથી નીકળતી દૂધઈ બ્રાંચ કેનાલના ટેઈલ ઍન્ડથી પાણી લઈ જઈને ભુજ તાલુકાના ઉત્તરીય બન્ની વિસ્તારમાં નવું જળાશય બનાવી પાણી સંગ્રહ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૦.૧૩૪ એમ.એ.એફ. જળસંગ્રહ કરવામાં આવશે. ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા તા. ૧૭-૧૦-૨૦૧૧ની મીટિંગમાં વિકલ્પ-૩ને મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં અલગ અલગ ક્ષમતાના અને ઈન્ટરલીન્ક કરેલ ૩ જળાશયો બનાવવાના કામનો સમાવેશ થાય છે. આ જળાશયના પાણીથી બન્ની વિસ્તારના ૫૭,૮૫૦ હેક્ટર (આઈ.સી.એ.) જેટલા ઘાસીયા મેદાન લાભાન્વિત થશે. આ માટે કુલ ૭૫.૪૨૮ કિ.મી.નો માટી બંધ અને કુલ ૮૭.૦૦૦ કિ.મી.ની કેનાલ બાંધવાનું આયોજન છે. આ કામનો બી.સી. રેશિયો ૨.૨૦૭ અને અંદાજિત ખર્ચ રૂા. ૨૬૮.૧૪ કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં માટીબંધ, કેનાલ અને તેના સ્ટ્રક્ચર, ગ્રાઉન્ડબાર વેસ્ટવીયર અને ડાયવર્ઝન સ્ટ્રક્ચરના ખર્ચનો સમાવેશ થાય છે. આ કામની વહીવટી મંજૂરી માટેની દરખાસ્ત વર્તુળ ખાતે ચકાસણી હેઠળ છે.

(૪) સધર્ન લીન્ક કેનાલ :

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની ૨૧૪.૫ કિ.મી.ની સાંકળ પાસેથી અંજાર તાલુકાની હયાત ટપ્પર જળાશય યોજનામાં પાણી છોડવામાં આવશે. આ ટપ્પર જળાશયમાંથી દક્ષિણ કચ્છની વિવિધ હયાત સિંચાઈ યોજનાઓને કેનાલ અથવા પાઈપ લાઈન દ્વારા જોડીને પશ્ચિમ કચ્છ જિલ્લાના સાનન્ધ્રો જળાશય સુધી પાણી લઈ જવાનું આયોજન છે. આ ભાગમાં કુલ ૦.૧૫૨ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૩ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૩૦-૮-૨૦૧૧થી મંજૂરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૧૧૪.૧૩ કિ.મી.ની પાઈપ લાઈન, ૧૨૦.૪૯ કિ.મી.ની કેનાલ તથા ૫.૫૦ કિ.મી.ની ટનલ એમ કુલ ૨૪૦.૧૨૩ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ લીન્ક કેનાલથી ૧૦ હયાત મધ્યમ સિંચાઈ યોજના, ૩૪ હયાત નાની સિંચાઈ યોજના અને ૩.૬૦ એમ.સી.એમ. ક્ષમતાના ચેકડેમોમાં જળસંગ્રહ થશે. જેનાથી ૬૫,૬૨૦ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, મુંદ્રા, માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓના કુલ ૫૬ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૨૩૭ અને અંદાજિત ખર્ચ રૂા. ૧૨૬૨.૦૮ કરોડ અંદાજવામાં આવેલ છે.

(૫) નોર્ધન લીન્ક કેનાલ :

સધર્ન લીન્ક કેનાલની જેમ આ લીન્ક કેનાલની શરૂઆત પણ અંજાર તાલુકાના ટપ્પર જળાશયમાંથી શરૂ થઈને ધાણેટી - રૂદ્રમાતા - કાયલા - નિરોણા - ભૂખી - મથલ - ગજણસર થઈને નરા સિંચાઈ યોજના સુધી જશે. જેમાં ઉત્તર કચ્છની વિવિધ હયાત સિંચાઈ યોજનાઓને કેનાલ અથવા પાઈપ લાઈન દ્વારા જોડીને પાણી લઈ જવાનું આયોજન છે. આ ભાગમાં કુલ ૦.૧૭૩ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૧ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૧૭-૧૦-૨૦૧૧થી મંજૂરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૯૭.૯૭૮ કિ.મી.ની પાઈપ લાઈન, ૭૪.૮૭૨ કિ.મી.ની કેનાલ તથા ૩.૩૦ કિ.મી.ની ટનલ એમ કુલ ૧૭૬.૧૫ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ કેનાલથી ૮ હયાત મધ્યમ સિંચાઈ યોજનાઓ, ૧૪ હયાત નાની સિંચાઈ યોજનાઓ અને ૧.૩૬ એમ.સી.એમ. ક્ષમતાના ચેકડેમોમાં જળસંગ્રહ થશે. જેનાથી ૭૪,૬૯૦ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, નખત્રાણા અને લખપત તાલુકાના કુલ ૪૭ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૫૩૬ અને અંદાજિત ખર્ચ રૂા. ૧૧૭૭.૨૫ કરોડ અંદાજવામાં આવેલ છે.

(૬) હાઈ કન્ટુર સ્ટોરેજ :

આ લીન્ક કેનાલ અંજાર તાલુકાની સત્તાપર નાની સિંચાઈ યોજનાથી શરૂ થઈ ભુજ તાલુકાની જામારા નાની સિંચાઈ યોજના સુધી જશે. આ ભાગમાં કુલ ૦.૦૪૧ એમ.એ.એફ. જળ સંગ્રહ થશે.

જે અંગેના વિકલ્પ-૩ ને ઉચ્ચ સ્તરીય સમિતિએ તા. ૧૯-૧૨-૨૦૧૨થી મંજૂરી આપવામાં આવેલ છે. આ લીન્કને કેનાલમાં કુલ ૨૨.૬૦૧ કિ.મી.ની પાઈપ લાઈન અને ૩૪.૦૫૭ કિ.મી.ની કેનાલ એમ કુલ ૫૬.૬૫૮ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ કેનાલથી ૫ હયાત નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ થશે. જેનાથી ૧૦,૮૯૯ હેક્ટરમાં સીધી સિંચાઈ અને ૩,૯૨૪ હેક્ટરમાં જળ સંગ્રહ થકી સિંચાઈ એમ કુલ ૧૪,૮૨૩ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર અને ભુજ તાલુકાના ૧૯ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૬૧ અને અંદાજિત ખર્ચ રૂા. ૨૧૫.૫૯ કરોડ અંદાજવામાં આવેલ છે.

(૭) હાઈ કન્ટુર કેનાલ :

આ ભાગની શરૂઆત નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૨૫૪.૦૦ કિ.મી.થી શરૂ થઈ અબડાસા તાલુકાના ખારોડિયા નાના સુધી જશે. આ ભાગમાં કુલ ૦.૧૧૪ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૨ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૩૦-૮-૨૦૧૧થી મંજુરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૧૨૧.૧૦ કિ.મી.ની પાઈપ લાઈન તથા ૧૦૪.૯૬૩ કિ.મી.ની કેનાલ એમ કુલ ૨૨૬.૦૬૩ કિ.મી.નો સમાવેશ થાય છે. આ કેનાલથી ૧૫ હયાત નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ થશે. જેનાથી ૪૯,૨૧૮ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, મુંદ્રા, માંડવી અને અબડાસા તાલુકાના ૩૫ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૩.૧૫૮ અને અંદાજિત ખર્ચ રૂા. ૩૪૫.૯૬ કરોડ થવાનો અંદાજ છે.

(૮) એક્સ્ટેન્શન ઓફ કેબીસી :

આ ભાગની શરૂઆત નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની લંબાઈ પૂર્ણ થયા બાદ ચેઈનેજ ૩૫૨ કિ.મી. પછી માંડવી તાલુકાના મોડકુવા ગામ પાસેથી થાય છે અને ગોયલા નાની સિંચાઈ યોજના આગળ પૂર્ણ થાય છે.

આ ભાગમાં કુલ ૦.૧૮૨ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૧ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૧૩-૨-૨૦૧૧ના રોજ મંજૂરી આપેલ છે. આ કેનાલમાં કુલ ૧૧.૦૦ કિ.મી.ની પાઈપ લાઈન તથા ૧૨૪.૭૭૨ કિ.મી.ની કેનાલનો એમ કુલ ૧૩૫.૭૭૨ કિ.મી.નો સમાવેશ થાય છે. આ કેનાલથી ૧ મધ્યમ અને ૯ નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ કરવાનું આયોજન છે. આ યોજનાથી કચ્છ જિલ્લાના માંડવી, અબડાસા અને લખપત તાલુકાના કુલ ૪૪ ગામો લાભાન્વિત થશે. આ ભાગ થકી કુલ ૧,૨૬,૪૯૩ હેક્ટર હયાત સિંચાઈ વિસ્તાર સુનિશ્ચિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૨.૦૪ અને કુલ ખર્ચ રૂા. ૬૫૭.૧૫ કરોડ અંદાજવામાં આવેલ છે.

(૯) ડાયરેક્ટ ફિલીંગ ફ્રોમ કેબીસી :

આ ઉપરાંત જિલ્લાના કેટલાક જળાશયોને નર્મદા બ્રાન્ચ કેનાલમાંથી સીધા ભરવાનું પણ આયોજન થયેલ છે. જેનાથી કુલ ૦.૦૨૪ એમ.એ.એફ. જળસંગ્રહ થશે તથા આ સંગ્રહ થકી ૧૪૬૦૯ હેક્ટર સિંચાઈ લાયક વિસ્તાર લાભાન્વિત થશે.

(૧૦) ૩ જળાશયોનું અપગ્રેડેશન :

હાઈકન્ટુર સ્ટોરેજના એક ભાગ તરીકે હયાત નારણપર, એડમંડ અને જામારા નાની સિંચાઈ યોજનાઓની સંગ્રહ ક્ષમતા વધારવાના કામોનો સમાવેશ પણ આ યોજનામાં કરવામાં આવેલ છે. આમ થવાથી ૦.૦૨૩૮ એમ.એ.એફ.ની વધારાની ક્ષમતા ઊભી થશે અને ૬૩૯ હેક્ટર વધારાનો વિસ્તાર લાભાન્વિત થશે. આ કામનો ખર્ચ રૂા. ૧૭૪.૩૬ કરોડ અંદાજવામાં આવેલ છે.

આમ, એકંદરે સમગ્ર કામગીરીમાં ૧૩૬.૯૬ કિ.મી.ના અર્ધન બન્ડ, ૩૮૩.૧૯ કિ.મી.ની પાઈપ લાઈન, ૬૪૬.૬૬ કિ.મી.ની કેનાલ, ૮.૮૦ કિ.મી.ની ટનલ મળીને કુલ ૧૧૭૫.૬૧ કિ.મી. લંબાઈની કામગીરી માટે રૂા. ૪૨૪૮.૧૪ કરોડનો ખર્ચ હાલના તબક્કે અંદાજવામાં આવેલ છે.

હાલના તબક્કે બધા જ ભાગોનું પ્રાથમિક સર્વે કામ પૂર્ણ થયેલ છે. સારણ તેમજ બન્ની જળાશયની વહીવટી મંજૂરીની દરખાસ્ત તૈયાર થયેલ છે. જે પૈકી સારણ જળાશય માટેની દરખાસ્ત સરકારશ્રીમાં તથા બન્ની જળાશય માટેની દરખાસ્ત વર્તુળ કક્ષાએ ચકાસણી હેઠળ છે. બાકીના વિભાગો માટે કાર્યવાહી હાથ પર છે.

૧ એમ.એ.એફ.ની સમગ્ર યોજના તેના સર્વે અને અન્વેષણના વિવિધ તબક્કે છે. સમગ્ર યોજનાને સરકારશ્રી તરફથી સ્વીકૃતિ મળવાની રાહમાં છે. આખરી સર્વે, અન્વેષણ અને આલેખન અંતિમ તબક્કે તાંત્રિક કારણોસર કોઈ પણ ભાગમાં તેની સંગ્રહ ક્ષમતા, લાભિત વિસ્તાર તેમજ અંદાજિત ખર્ચમાં ફેરફાર થઈ શકે છે. ■

ઘડો તૈયાર થઈ જવો એ જુદી વાત છે અને ઘડો મજબૂત બની જવો એ જુદી વાત છે. કુંભારના ચાક પર ઘડો તૈયાર તો થઈ જાય છે, પરંતુ એને મજબૂત બનાવવા કુંભારે એ ઘડાને આગમાં નાખવો જ પડે છે.

કોલેજોમાં અને સ્કૂલોમાં ડિગ્રીઓ લઈને વિદ્યાર્થીઓ સાક્ષર તો બની જાય છે પરંતુ સંસ્કારી સાક્ષર બની ગયેલા તેઓ જોવા નથી મળતા કારણકે સંઘર્ષની - તકલીફોની અને કષ્ટોની આગથી તેઓને દૂર જ રાખવામાં આવી રહ્યા છે.

કાટ લોખંડને ખાય, ઊધઈ લાકડાને ખાય, આળસ માણસને ખાય.

ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલી પાણીની માગને કઈ રીતે પહોંચી શકાય?

• સેઝીના ભીમાણી, ડૉ. યોગેશ જાડેજા •
એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજીસ - ભુજ

(મંગલ મંદિર, ફેબ્રુઆરી - ૨૦૧૩નો લેખ)

માનવે જાતિના વિકાસ સાથે સાથે સૃષ્ટિ / પૃથ્વી પર સતત અલગ અલગ તબક્કે ભિન્ન ભિન્ન અભિગમો આધીન વિકાસ સાધ્યો છે. આ વિકાસની સાથે સાથે માનવે વિકાસને સંબંધિત વિવિધ ટેકનોલોજીનો પણ વિકાસ કર્યો છે. આજથી લગભગ બે સદી પહેલાં માનવે ઔદ્યોગિક વિકાસની શરૂઆત કરી હતી. આ પહેલા માનવે પોતાને ટકાવવા માટે ખેતી વ્યવસાયની શરૂઆત કરી હતી. ખેતીના વ્યવસાયનો મુખ્ય આધાર પશુ અને જમીન સ્રોતો હતા, પરંતુ જ્યારે માનવે ઔદ્યોગિક વિકાસ સાધ્યો ત્યારે તેનો આધાર ઉર્જા રહ્યો છે. આ ઉર્જા આધારિત ઔદ્યોગિક વિકાસની સાથે માનવે આજે કેટલાક પ્રશ્નો ઊભા કર્યા છે, જેના જવાબ આપણે નવા બદલાયેલા પરિપ્રેક્ષ્યમાં શોધવાના છે. આવો જ એક પાણીની જરૂરિયાતનો પ્રશ્ન આપણી સામે આવીને ઊભો છે. આજે આપણે જોઈએ તો આપણી પાસે પશુપાલન તથા ખેતી જેવા વ્યવસાયોનો લગભગ ૫૦૦૦થી પણ વધુ વર્ષોનો અનુભવ હતો, જેણે આપણી પરંપરામાં કુદરતી સ્રોતો સાથે તાલમેલપૂર્ણ વર્તવાનું શીખવ્યું હતું. પરંતુ ટેકનોલોજી આધારિત ઔદ્યોગિક વિકાસને લીધે આપણે હજી નવી માંગને પહોંચી વળવા માટેની આવડત કેળવી નથી અને આ તાલમેલમાં વિક્ષેપ ઊભો થયો છે. આ સમયે આ માંગને કેવી રીતે પહોંચી શકાય તેના માટેનો અભ્યાસ એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજી સંસ્થાએ કચ્છના મુંદ્રા તાલુકામાં હાથ ધર્યો હતો, જેના તારણો આજના સેમિનારમાં રજૂ કરવામાં આવે છે.

આ અભ્યાસમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ઔદ્યોગિક વિકાસને પગલે ઊભી થયેલી પાણીની માંગ અને એ માંગને લઈને સ્થાનિક જળસ્રોતો પર ઊભા થયેલા દબાણને કારણે આજે શું પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેનો ચિતાર મેળવવામાં આવ્યો છે. જેમાં વિસ્તારના લગભગ ૧૦૦ કૂવા - બોરવેલના સતત અવલોકન તથા તેમાં આવી રહેલા બદલાવોનો ઝીણવટપૂર્વક પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આગામી વર્ષોમાં વિસ્તારની જરૂરિયાતનો સચોટ અંદાજ મેળવવામાં આવ્યો છે. ઉપરાંત આ માંગને પહોંચી વળવા માટે કેવો અભિગમ હોવો જોઈએ તે ચકાસવામાં આવ્યું છે.

• કોષ્ટક-૧ •

મુંદ્રા વિસ્તારમાં પાણીની જરૂરિયાત અને પુરવઠા વચ્ચેનું સમતોલન

તાલુકામાં ઉપલબ્ધ જળસ્રોત	**જથ્થો (એમ.સી.એમ.)**
ભૂગર્ભજળ રીચાર્જથી	૨૦૫.૮૨
સપાટીય જળસ્રોતો	૭૫.૯૪
બહારથી આવતું પાણી	૪.૦૩
કુલ પુરવઠો	૨૮૫.૭૯
તાલુકામાં પાણીની જરૂરિયાત	
પીવાના તથા ઘરવપરાશ	૧૮.૯૬
પશુને પીવાનું પાણી	૧.૧૫
ખેતીની જરૂરિયાત	૩૧૧.૪૮
ઔદ્યોગિક જરૂરિયાત	૮૫
કુલ જરૂરિયાત	**૪૧૬.૬**
વધ-ઘટ	**—૧૩૦.૮**

આ અભ્યાસના તારણો પ્રમાણે કોષ્ટક નં.-૧ વિસ્તારની સ્થાનિક જળ સમતોલન સૂચવે છે, જે સ્પષ્ટ રીતે જણાવે છે કે જરૂરિયાતની (૪૧૬.૬૦ મિ.ઘ.મી.) સાપક્ષે પુરવઠો (૨૮૫.૭૯ મિ.ઘ.મી.) લગભગ ૧૩૦.૮૦ મિ.ઘ.મી. જેટલો ઓછો છે.

આ જરૂરિયાતને પૂરી કરવા માટે જો સંકલિત અભિગમ અપનાવવામાં આવે તો આ જરૂરિયાતને સ્થાનિકે જ પૂર્ણ કરી શકાય તેમ છે. આ માટે નીચે પ્રમાણેના વિકલ્પો ધ્યાને લેવા જોઈએ.

★ પીવાનું તથા ઘર વપરાશના પાણી માટે જોઈતા ભૂગર્ભજળના જથ્થાને અને સારા ભૂગર્ભજળ વિસ્તારોને રક્ષિત જાહેર કરવા

(અનુસંધાન : જુઓ પાના નં. - ૨૧૦ ઉપર)

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

નદી આધારિત જળસંચય વ્યવસ્થાપન

• માવજીભાઈ એલ. બારૈયા – નિયામક, શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવી, કચ્છ •

(મંગલ મંદિર, ફેબ્રુઆરી - ૨૦૧૩નો લેખ)

હે પૃથ્વી માતા! તું મારી માતા છો, હું તારો બાળક છું....

"મનુષ્યની ઉત્પત્તિ તારી ઉપર થઈ છે. મનુષ્ય અને પ્રાણીઓને તેં સહયોગ આપ્યો છે. વૃક્ષો અને નાના છોડ તારી ઉપર મજબૂત રીતે ઊભા છે. સમુદ્ર, નદીઓ અને અન્ય પાણીનો સંગ્રહ તારી સપાટી ઉપર મળે છે. જંગલી પશુ તારી ઉપર વિચરણ કરી રહ્યા છે. પક્ષીઓ તારી ઉપર મુક્ત રીતે ઊડી રહ્યા છે. ડુંગરો, ટેકરીઓ અને ઘનઘોર જંગલો તારી ઉપર ઊભા છે. ઘઉં અને જવ તારી ઉપર મળી આવે છે. સોના જેવી મૂલ્યવાન ધાતુઓ અને કિંમતી ખનીજ તારી પાસેથી મળે છે. શિયાળા, ઉનાળા અને ચોમાસા જેવી ઋતુઓ તારી ઉપર થાય છે. પરાગરજનો છંટકાવ કરતા પતંગિયાઓ એક વૃક્ષથી બીજા વૃક્ષ પર ભમી રહ્યા છે. માટે હે પૃથ્વી! તું મારી માતા છો, હું તારો બાળક છું."

– અથર્વવેદ

આ રીતે પૃથ્વી આપણી માતા છે. આ માતાની ગોદમાં વિચરતી આ જીવસૃષ્ટિ માટે દરેક જીવને પોતાની જરૂરિયાતનું બધું જ મળી રહે છે. પરંતુ આ દાયકાની સળગતી સમસ્યાઓની વાત કરીએ તો આજે વરસાદ અનિયમિત અને અનિશ્ચિત બનતો જાય છે. પરિણામે ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખેતી ઉપરના જોખમો વધતા જાય છે. નાના ખેડૂતો વધુને વધુ ગરીબ બનતા જાય છે. જમીનની ગુણવત્તા બગડતી જાય છે. જૈવિક વિવિધતા જોખમાઈ રહી છે. ભૂગર્ભ જળની સપાટી સતત નીચે જતી જાય છે. દરિયાની સપાટી વધી રહી છે.

મનુષ્યના જીવન ધોરણને લઈને સમસ્યાઓ જોવા મળી રહી છે. જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. જેના પરિણામે ફુગાવો સતત વધતો જાય છે. કુપોષણ અને સ્વાસ્થ્યની સમસ્યા ગંભીર બની છે. આજના વિકાસનો અંદાજ માત્ર જી.ડી.પી.નો આધાર લેવાય છે. જેમાંથી કેટલીક પાયાની બાબતો છૂટી જાય છે. સામાજિક અને પરિસ્થિતિય મૂલ્યોને વિકાસની બાબતમાં ધ્યાને લેવાતી નથી. ચારિત્ર્ય અને સંસ્કારીતાના મૂલ્યોની અવગણના થઈ રહી છે.

આ બધી સમસ્યાઓનું સમાધાન ક્યાં મળશે? સમાધાન આપણને માત્ર અને માત્ર ગ્રામીણ વિસ્તાર, વરસાદ આધારિત વિશાળ ખેત વિસ્તાર, નાના ખેડૂતો, જમીન અને પાણીનું વ્યવસ્થાપન તથા પાક, ઘાસ અને વૃક્ષો જેના બાયોમાસની પેદાશોમાંથી મળશે. જે નદીના બેઝીન વિસ્તારમાં શક્ય છે.

પરંતુ વિકાસની દોડમાં માનવી દિવસે દિવસે વધારે ને વધારે કુદરતી સંશાધનોને વાપરતો જાય છે. પરિણામે કેટલીક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. અનિયમિત વરસાદ, દુષ્કાળોની પરંપરા, ખેતી ઉપર વધતા જોખમો, જમીનનો બગાડ, પર્યાવરણનો નાશ – આવી અનેક માનવસર્જિત આપત્તિઓ વધી રહી છે. આની વિપરીત અસરથી તંદુરસ્ત અને ટકાઉ સમાજ વ્યવસ્થા ખોરવાઈ રહી છે.

પૃથ્વીનું વાતાવરણ સતત પ્રદૂષિત થતું જાય છે. આજે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૨૮૦ પી.પી.એમ. થી વધીને ૩૮૦ પી.પી.એમ. ઉપર પહોંચ્યું છે. આપણી માતા પૃથ્વીને બચાવવા અને સમગ્ર જીવસૃષ્ટિની સુખાકારી માટે પ્રકાશ સંશ્લેષણ (ફોટો સિન્થેસીસ)ની પ્રક્રિયાથી આ વધતા જતા કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણને મૂળ સ્થિતિમાં લાવવું પડશે. જેમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાને ઉદ્યોગના સ્વરૂપે લેવું પડશે. પરંતુ આ બધી બાબતોના પાયામાં શુધ્ધ જળની ઉપલબ્ધિ અનિવાર્ય છે. જે માટે હાથવગો અને સક્ષમ ઉપાય છે **"નદીઓ તરફ પાછા વળવાનો."**

કુદરત વરસાદ દ્વારા જે પાણી આપે છે તે પાણીનું ટીપે ટીપું સંગ્રહીને તેનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જળક્રાંતિ લાવીને નદીઓ અને તેની આસપાસના વિસ્તારોને નવપલ્લવિત કરવાની. આ એક વિશાળ અને લાંબાગાળાની ક્રાંતિકારી કામગીરી છે. આ ખૂબ જ આશાસ્પદ અને મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમને વ્યાપક બનાવતા પહેલાં પ્રારંભિક ધોરણે કચ્છની રૂકમાવતી નદીને પુનઃજીવિત કરવાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં કચ્છના નનામા ડુંગરથી નીકળીને ૬૦ કિ.મી.નું અંતર કાપી માંડવીના સાગરમાં મળતી આ નદીના બંને કાંઠાના વિસ્તારમાં ૪૬ જેટલા ગામો આવરી લેવાયા છે.

અહીં આપણે વાત કરીએ છીએ "નદી પરિવાહ" (રિવર બેઝીન)ની. જે પૃથ્વીની સપાટી ઉપરનો એક વિસ્તાર છે કે જ્યાં વરસાદ સ્વરૂપે આવતા પાણી નાના વોકળાઓ રચીને એ નદીનું સ્વરૂપ લે છે અને છેલ્લે એક મોટી નદી બનીને સમુદ્રમાં મળી જાય છે. ટૂંકમાં, એક નદી ઉપર આવતા નાના નાના વોટરશેડના સરવાળાને નદી જળ પરિવાહ (રિવર બેઝિન) કહી શકાય. ઈન્ટિગ્રેટેડ રીવર બેઝીન મેનેજમેન્ટ (આઈ.આર.બી.એમ.) દ્વારા જળ પરિવાહ વિસ્તારના લોકો સ્વાવલંબી બનીને વિકાસ સાધી શકે તે પ્રકારની જળ, જમીન, જંગલ, જાનવરના વિકાસ માટે સંકલન, સંરક્ષણ અને સુવ્યવસ્થાપનની પ્રક્રિયા હાથ ધરવી એ તેના પાયામાં છે.

આ કાર્ય માટે વી.આર.ટી.આઈ. - માંડવી છેલ્લા બે વર્ષથી ભુજ અને માંડવી તાલુકાના ૪૬ ગામોનો વિસ્તાર ધરાવતા રૂકમાવતી

ભાગ્યવાદી આકાશના પાણીથી ખેતી પકવવા માંગે છે અને પુરુષાર્થવાદી કૂવો ખોદવા માંડે છે.

નદીનાં જળ પરિવાહને મોડેલ તરીકે લઈને છેલ્લા બે વર્ષથી વૈજ્ઞાનિક ઢબે પધ્ધતિસર આયોજનની પ્રક્રિયા શરૂ કરેલ છે.

- **રૂકમાવતી નદીના જળ પરિવાહની સામાન્ય માહિતી:**

કુલ ગામ : ૪૬

વિસ્તાર : ૫૯,૦૭૫ હેક્ટર

વસ્તી : ૧,૦૮,૦૩૩

કૃષિ વિસ્તાર : ૩૩,૪૭૩ હેક્ટર


પીયત વિસ્તાર : ૧૦,૨૬૮ હેક્ટર


ખેતીલાયક પડતર વિસ્તાર : ૫,૬૪૯ હેક્ટર

જંગલ ખાતાની જમીન : ૪,૨૮૨ હેક્ટર

અન્ય પડતર, રોડ અને ગામતળ જમીન : ૧૫,૬૭૧ હેક્ટર

રૂકમાવતી નદી જળ પરિવાહ





- **યોજનાનો ઉદ્દેશ્ય અને હેતુઓ :**

ભૌગોલિક અને ભૂગર્ભની દૃષ્ટિએ વૈવિધ્ય ધરાવતા કચ્છ જેવા સૂકા અને અર્ધસૂકા વિસ્તારમાં રીવર બેઝીન મેનેજમેન્ટ પાયાની બાબતો લક્ષમાં રાખીને ટકાઉ કાર્ય કરવું જરૂરી છે.

➢ બેઝીન વિસ્તારના જળ, જમીન, જંગલ અને જાનવર જેવા કુદરતી સંશાધનની ક્ષમતા અંગે સમજ મેળવીને વિસ્તારના લોકોને તેની સમજણ આપવી.

➢ બેઝીન વ્યવસ્થાપનની સમસ્યાઓ અને પડકારોને સમજવા.

➢ બેઝીનની સમસ્યાઓને ધ્યાનમાં લઈને હાલની સામાજિક - આર્થિક પરિસ્થિતિની સમજણ કેળવવી.

➢ સંસાધનોના વ્યવસ્થાપન માટે લોકો દ્વારા એક વિકેન્દ્રિત વ્યવસ્થાતંત્ર ઊભું કરવું.

- **બેઝીનની લાક્ષણિકતાઓ અને સમસ્યાઓ:**

➢ બેઝીન વિસ્તારમાં વચ્ચેના (મધ્યમ) ભાગમાં મધ્યમ સિંચાઈ યોજના હેઠળ વિજયસાગર સિંચાઈ ડેમ અને અન્ય નાના નાના તળાવો આવેલા છે. જેમાંથી લીફ્ટ ઈરીગેશન થાય છે. પરંતુ મોટા ભાગનો વિસ્તાર ભૂગર્ભ જળ આધારિત છે. જેમાં મોટાભાગના પીયત વિસ્તારના ખેડૂતો પોતાના બોરવેલ ધરાવે છે.

➢ આ વિસ્તારમાં વધુ પડતા ભૂગર્ભ જળના ખેંચાણથી પાણીના સ્તરો સતત નીચે જાય છે. જેના પરિણામે સિંચાઈના કાંઠાળ વિસ્તારમાં ખારાશ વધતી જાય છે. પીવાના પાણીની ગુણવત્તા સતત બગડતી જાય છે. જમીનની ગુણવત્તા બગડી રહી છે. જેથી પાકની ઉત્પાદકતા સતત ઘટતી જાય છે.

➢ આ ઉપરાંત માનવીય રીતે પણ કેટલીક સમસ્યાઓ છે. તેમાં ભૂગર્ભ જળની ક્ષમતા અંગે સમજણનો અભાવ, વધુને વધુ પાણી ખેંચવાનો અભિગમ, અસમાન જમીન વહેંચણી તથા સંગઠનનો અભાવ જોવા મળે છે.

➢ આ સમસ્યાઓના સમાધાન માટે રૂકમાવતીના બેઝીન વિસ્તારમાં એટલે કે ૧.૫ લાખ એકર ફૂટ વિસ્તારમાં ૧૨ ઈંચ વરસાદ (૧ ફુટ) ગણીએ તો પણ ૧.૫ લાખ એકર ફૂટ પાણી આ બેઝીન વિસ્તારમાં ચોમાસામાં મળે છે. તેને વ્યવસ્થિત રીતે સાચવીએ તો કુદરત તરફથી મળતી આ મૂલ્યવાન ભેટ (વરસાદી પાણી)ને સાચવીને વિસ્તારના લોકોની સુખાકારી વધારી શકાય.

- **અભિગમ અને પધ્ધતિ :**

આ કાર્યક્રમના મુખ્ય ત્રણ તબક્કા છે :

(૧) આયોજન, (૨) અમલીકરણ, (૩) વ્યવસ્થાપન.

યત્નો કર્યા વિના કદાપિ મુકદ્દર બને નહિ, સાહસ કર્યા વિના કદાપિ સિકંદર બને નહિ.

સંકલન અને સહભાગીતા એ આ કાર્યક્રમનો મુખ્ય અભિગમ છે.

આ વિસ્તારના લોકોને તાલીમ આપીને તેની ક્ષમતામાં વધારો કરીને વ્યવસ્થાપન માટે ગ્રામ્ય સ્તરે સંગઠનો તૈયાર કરવા. જે ભવિષ્યના વિકાસના કાર્યો અને વ્યવસ્થાપન માટે સજ્જ બને.

- **આયોજન તબક્કો :**

➢ વિસ્તારના વિકાસ માટેના આયોજન માટે ૨૦ જેટલા સ્થાનિક યુવાનો પસંદ કરીને તેમને સઘન તાલીમ આપવામાં આવી.

➢ સમગ્ર વિસ્તારના નકશા તૈયાર કર્યા (બેઈઝ, લેન્ડ યુઝ, વોટર રીસોર્સ અને જીયોલોજીકલ મેપ વગેરે)

➢ જુદા જુદા ગ્રુપો તૈયાર કર્યા. જેમાં સ્વસહાય, યુઝર ગ્રુપ, ખેડૂત, પશુપાલક યુવાનો વગેરેના ગ્રુપો તૈયાર કર્યા.

➢ આ વિસ્તારમાં જમીન, પાણી, ખેતી, પશુપાલન, ફુડ અને ફોડર વિશે સર્વે કરવામાં આવ્યું. જેનું પૃથ્થક્કરણ કરીને ગામ પ્રમાણે માંગ અને પુરવઠાનો અભ્યાસ કરવામાં આવ્યો.

➢ સમગ્ર બેઝીનમાં આવેલ સપાટી જળસ્રોતોનો અભ્યાસ કરીને દરેક સ્ટ્રક્ચરની હાલની સ્થિતિ જાણી, તેના વ્યવસ્થાપન અને વિકાસ માટેનું આયોજન કરેલ છે. જેના પરિણામે ૨૮,૦૦૦ મિલિયન ઘનફૂટ જેટલા સપાટી જળસ્રોતોનું પધ્ધતિસર વ્યવસ્થાપન લોકો દ્વારા થાય તેવા પ્રયત્નો કરેલ છે.

- **અમલીકરણ તબક્કો :**

➢ આયોજનની સાથે સાથે જયાં શક્ય બન્યું ત્યાં અમલીકરણની પ્રક્રિયા પણ શરૂ કરેલ છે, જેમાં સરકારશ્રીની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ અન્ય સ્થાનિક સંસ્થાઓનો સહકાર લઈને બેઝીન વિસ્તારમાં કુલ ૫૧ ચેક-ડેમ તૈયાર કરવાનું આયોજન થયું. જે માટે સર્વે અને એસ્ટીમેટનું કામ પૂર્ણ કરીને સરકારશ્રીની મંજૂરી પણ મેળવી લેવામાં આવી. જયાંથી કુલ ૪૬ જેટલા ચેક-ડેમ પૂર્ણ થયા. સદ્નસીબે સારા વરસાદનો ફાયદો મળેલ છે.

- **કામગીરીની લાંબાગાળાની સંભવિત અસરો અને દેખાઈ રહેલા પરિણામો :**

➢ બેઝીન વિસ્તારમાં પાણી સંગ્રહ માટેના ચેક-ડેમ બનવાથી આજુબાજુના વિસ્તારમાં ૧ મીટરથી ૮ મીટર સુધી પાણીના સ્તરો ઉપર આવ્યા છે તથા ૧૯૦થી લઈને ૬૦૦ જેટલા ટી.ડી.એસ.માં ઘટાડો થયો છે. જેનાથી સારું પાણી મળતાં ખેત ઉત્પાદનમાં વધારો થશે. આ ઉપરાંત જમીનમાં ભેજ વધતા બેઝીન વિસ્તાર લીલોછમ બનતો જાય છે જે આવતા વર્ષો સુધી જળવાઈ રહેશે, કારણકે ૧૮૫ હેક્ટર જેટલી જમીન પીયત હેઠળ આવી છે. ૧૨ જેટલા નવા કુવાઓ બન્યા છે.

➢ બેઝીન વિસ્તારમાં દુષ્કાળ નિવારણ કાર્યક્રમ હેઠળ કેટલાક ગામોમાં પશુપાલકોના જૂથો બનાવીને તેને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની ડેરી તથા સરહદ ડેરી સાથે જોડવામાં આવેલ છે. જેનાથી તેમને દૂધના ભાવ ૧૨થી ૧૩ રૂા.ને બદલે રૂા. ૨૦થી રૂા. ૨૮ મળતા થયા છે. હાલે દરરોજનું ૫૦,૦૦૦ લીટર જેટલું દૂધ લોકો ભરાવે છે અને તેમની આવકમાં વધારો થયો છે. સાથોસાથ લોકોની ભાગીદારીથી ખાણદાણ કેન્દ્રો પણ શરૂ થયા છે. પશુ સારવારની સગવડ પણ મળતી થઈ છે. પરિણામે પશુપાલનનો વ્યવસાય ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે.

➢ એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ (આત્મા) અંતર્ગત દરેક ગામમાં ખેડૂત જૂથ રચવાની કામગીરી શરૂ થયેલ છે. કુલ ૧૧૦ જેટલા ગ્રુપો બન્યા છે. જેમાં ખેડૂતોને તાલીમ, ડેમોન્સ્ટ્રેશન, પ્લોટ, પ્રેરણા પ્રવાસો વગેરે હાથ ધરીને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ ખેતીને વધુ ઉત્પાદક બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

➢ યુનિસેફના કાર્યક્રમ હેઠળ આ વિસ્તારના બાળકો ભણતા થાય, બાળ મજૂરી અટકે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે વિસ્તારના યુવાનોમાંથી સ્વયંસેવકો તૈયાર કર્યા છે. ઉપરાંત કિશોરી જૂથો બનાવીને તેની તાલીમો પણ શરૂ કરેલ છે, જેનાથી ભવિષ્યમાં દરેક કામમાં મહિલાઓની ભાગીદારી મળી રહે.

➢ વી.આર.ટી.આઈ. અને એગ્રોસેલ દ્વારા આ વિસ્તારના ખેડૂતોને પોતાની ખેત પેદાશોનું વધું ઉત્પાદન મળે, ખેતીના ઈનપુટ સસ્તા ભાવે મળી રહે અને ઉત્પાદનના વેચાણની વ્યવસ્થા મળી રહે જેથી ખેડૂતને સારા ભાવ મળે તે માટે આ વિસ્તારના ૫૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને આયોજન થઈ રહ્યું છે. જેના માટે એક પ્રોડ્યુસર કંપની **"રૂકમાવતી રૂરલ એગ્રો પ્રોડ્યુસર કંપની લિ."** શરૂ કરવામાં આવી છે.

➢ આર.કે.વી.વાય., એન.એફ.એસ.એમ. વગેરે યોજનાના સંકલન દ્વારા ખેડૂતો સુધી લાભ પહોંચાડવામાં આવે છે.

- **વ્યવસ્થાપન તબક્કો :**

➢ લોકોની જરૂરિયાત સમજીને પધ્ધતિસરનું સૂક્ષ્મસ્તરે આયોજન, તેનું અસરકારક અમલીકરણ થશે.

➢ ક્લસ્ટરના આગેવાનોની સમિતિ અને મહાજન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વ્યવસ્થાપક સમિતિઓની અમલીકરણમાં મહત્ત્વની ભૂમિકા રહેશે. ઊભી થનાર મિલ્કતોની જાળવણી, મરામતની જવાબદારી પોતે લેતા થશે.

- **સારાંશ :**

આમ, રૂકમાવતી રીવર બેઝીનના ૪૬ ગામોનો વિસ્તાર પીવા અને ખેતી માટે પાણી, ખોરાક માટે પૂરતું અનાજ, પશુપાલન માટે સારવાર, ખાણદાણ, ઘાસચારો, પાણી વગેરે બાબતે સંપૂર્ણ સ્વાવલંબી બને, બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુખાકારીની સગવડો સ્થાનિકે

આળસુ માણસ કાંટા વિનાની ઘડિયાળ જેવો. મશીન ચાલુ હોવા છતાં ઉપયોગ કંઈ નહિ.

ઊભી થાય, લોકો ગામડામાં સમૃધ્ધ જીવન જીવતા થાય, જેથી શહેરો તરફની દોડ ઘટે અને ઝુંપડપટ્ટીથી ઉભરાતા શહેરોમાં ઘસારો ઓછો થાય. પર્યાવરણને સ્વચ્છ બનાવતું હરિયાળુ વાતાવરણ બને તે માટે માંડવીની રૂકમાવતી નદી પર ઈન્ટીગ્રેટેડ રીવર બેઝીન મેનેજમેન્ટ (સંકલિત નદી જળ પરિવાહ વ્યવસ્થાપન) કાર્યક્રમ વી.આર.ટી.આઈ. દ્વારા "સહવીર્યમ કરવા વહે"ની ભાવનાથી શરૂ થયેલ છે.

આ કાર્યક્રમ સંકલિત અને ટકાઉ વિકાસ માટેના આ પાયાનું કાર્ય માત્ર માનવ જ નહીં પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના પર્યાવરણના અસ્તિત્વની સાથોસાથ ટકાઉ સમાજ વ્યવસ્થાની દિશામાં ભવિષ્યમાં અન્યત્ર પ્રેરણારૂપ બની રહેશે તેવી શ્રધ્ધા છે. જે આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રીવર બેઝીન) પરનું વૈશ્વિક મોડેલ બની રહેશે. તે માટે આપણે બધાએ સાથે મળીને મિશન ઉપાડવું પડશે. કારણકે, કચ્છમાં આવી ૯૭ નદીઓ છે. સમૃધ્ધ ઉદ્યોગગૃહો, સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ, મહાજનો, સરકારની વિવિધ યોજનાઓ, સ્થાનિક મંડળો, ગ્રુપો, મહિલાઓ સૌ સાથે મળી નદી પ્રમાણે આયોજન કરે તો કચ્છનું ભવિષ્ય ઉજળું બનશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. જરૂર છે માત્ર ભેગા મળીને કામ કરવાની. તો આવો, આપણે સૌ સાથે મળી સારા અનુભવને આગળ વધારીએ. ■

ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલી પાણીની માગને કઈ રીતે પહોંચી શકાય?

(અનુસંધાન : પાના નં. - ૨૦૬ ઉપરથી ચાલુ)

જોઈએ. જે માટે ટેકનિકલ પધ્ધતિથી સ્રોત રક્ષણ માર્ગદર્શિકાઓ બનાવવી જોઈએ અને સ્થાનિકે વ્યવસ્થાપન માટે સંસ્થાકીય માળખું ઊભું કરવું જોઈએ.

★ ખેતીમાં ભૂગર્ભજળના વપરાશકારો માટે માઈક્રો ઈરીગેશન ટેકનોલોજી ફરજિયાત કરવી જોઈએ તથા ભૂગર્ભજળ ધારક ખડકોની ટેકનિકલ લાક્ષણિકતા (એક્વિફર મેપિંગ) નક્કી કરી વરસાદી પાણીથી થતા રીચાર્જ આધારે પાક પધ્ધતિ અપનાવવા માટે ફરજ પાડવી. આ માટે સ્થાનિકે એક્વિફર પ્રમાણે ઉપભોક્તા જૂથો બનાવી, તેમનું આ વિષે ક્ષમતાવર્ધન કરી અને સહભાગી વહેંચણીના નિયમો તૈયાર કરવા.

★ ઔદ્યોગિક જરૂરિયાત માટે જે તે ઔદ્યોગિક એકમની પાણીની જરૂરિયાતને ગુણવત્તા આધારિત વર્ગીકૃત કરવું. ત્યારબાદ વિવિધ ગુણવત્તાના પાણી માટે નીચે પ્રમાણે ટેકનોલોજીકલ વિકલ્પો અપનાવવા ફરજ પાડવી.

- ❒ જ્યાં ખરાબ ગુણવત્તાના પાણીની જરૂરિયાત હોય ત્યાં ફરજિયાત દરિયાના પાણીનો જ ઉપયોગ કરવો. આ ઉપયોગ કરવા જતા દરિયાઈ ખારાશનું અતિક્રમણ ભૂગર્ભજળ પર ન થાય તે માટે ચોક્કસ ટેકનીકલ પગલાઓ લેવા. જેવા કે કેનાલથી પાણી આવતું હોય તે કેનાલ લીકેજ પ્રુફ હોવી જોઈએ વગેરે.
- ❒ મધ્યમ ગુણવત્તા તથા પ્રદૂષણ નાથવા માટે ઔદ્યોગિક એકમો દ્વારા કરવામાં આવતા વનીકરણ માટે ફરજિયાતપણે રી-સાઈકલ કરેલ ઘરવપરાશના પાણીનો જ ઉપયોગ કરવામાં આવે. આ માટે વિસ્તારના તમામ નાના મોટા શહેરોના ગટરનું પાણી રી-સાઈકલ માટે ઉપયોગમાં લેવામાં આવે.
- ❒ ખૂબ જ સારી ગુણવત્તાના પાણી એટલે કે ઔદ્યોગિક વસાહતોના પીવાના પાણી માટે જોઈતા જથ્થાને નબળી ગુણવત્તાના ભૂગર્ભજળને રીવર્સ ઓસ્મોસિસ અથવા દરિયાઈ પાણીના ડી-સેલિનેશનની ટેકનોલોજીથી વ્યવસ્થા કરવી.

★ આ ઉપરાંત આ વિસ્તારમાંથી પસાર થતા નદીઓના કેચમેન્ટ પ્રમાણે ફેડરેશન બનાવવામાં આવે અને આ ફેડરેશનને જવાબદાર બનાવવામાં આવે, જે તે બેઝીનના જળ અને જમીન જેવા સ્રોતોના વપરાશ અને વ્યવસ્થાપન માટે કાર્ય કરે. જળ સ્રોતોના વધુ વિકાસ માટેના નાણાંની ફાળવણીમાં તમામ ઉપભોક્તાઓની ભાગીદારી જળરાશિના વપરાશ અનુસાર કરવામાં આવે.

★ દરેક ફેડરેશનની દરિયાઈ ખારાશ અટકાવવા માટેની સમાન જવાબદારી બનાવવી જોઈએ.

★ કેચમેન્ટમાં આવતા તમામ ગામો અને ઔદ્યોગિક એકમોને નાના નાના જૂથમાં વિભાજિત કરી અને તે જૂથ માટેના આયોજન તથા નિર્ણય શક્તિની પ્રક્રિયાઓને ફેડરેશન દ્વારા વિકેન્દ્રિત કરવું જોઈએ. દા.ત. એક બેઝીનમાં ત્રણ ઔદ્યોગિક એકમ અને ૪૫ ગામ હોય તો તેના ઉપવિભાગ તરીકે એક ઔદ્યોગિક એકમ અને ૧૫ ગામોનું જૂથ બનાવવું જોઈએ.

- ❒ આ જૂથની જવાબદારી કેચમેન્ટના સપાટીય તેમજ ભૂગર્ભ જળ સ્રોત વિકાસ તેમજ વ્યવસ્થાપનની રહેશે. જેમાં –
  - ✦ અહીં આવતા સિંચાઈ ડેમનું વ્યવસ્થાપન સહભાગી સિંચાઈ વ્યવસ્થાથી કરવું.
  - ✦ નિયમિત રીતે ડેમનું ડીસિલ્ટિંગ કરવું વગેરે.
  - ✦ એક્વિફરના રીચાર્જનું આયોજન.
  - ✦ એક્વિફરમાંથી કેટલું પાણી ઉલેચવું વગેરે નિર્ણયો લેવા.
  - ✦ સહભાગીથી જંગલ, ગોચર જેવા જમીન સ્રોતોની પણ જાળવણી કરવી.

જો ઉપર પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે તો આગામી સમયમાં ઔદ્યોગિક વિકાસ સાથે કુદરતી સંશાધનોના વપરાશ માટે યોગ્ય તાલમેલ સાધી શકાય. ■

કાંઠે બેઠાં કદી ન મળશે મહાસાગરનાં મોતી રે. મરજીવા નર ડૂબકી દઈને લાવે ગોતી ગોતી રે.

કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જૂન - ૨૦૧૩નો લેખ)

કાળના ચક્રમાં છેલ્લા સેંકડો વર્ષથી કચ્છ એક દુષ્કાળગ્રસ્ત અથવા તો અછતગ્રસ્ત પ્રદેશ રહેવા પામેલ છે. આ સૂકા પ્રદેશમાં થઈને કોઈ બારમાસી નદી પણ પસાર થતી નથી કે જેથી અહીં સુનિશ્ચિત ખેતી થઈ શકે અને તેથી જ સ્થાનિક પ્રજાને રોજી - રોટી રળવા અન્યત્ર વસવાટ કરવો પડે છે. ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છની સ્થાનિક વસતી ૨૦ લાખની થઈ જવા પામી. તો એટલા જ કચ્છીઓએ આ અગાઉ રોજી-રોટી મેળવવા સ્વહસ્તે દેશવટો વહોરી લીધેલ છે.

• કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના પાણી:

અગાઉ કચ્છ સિંધુ તટનો પ્રદેશ ગણાતો હતો. ઉત્તરની નદીઓના ભારત-પાકિસ્તાનના ઝઘડા સામે ૧૯૫૪માં વિશ્વ બેંકે એક પ્રપોઝલ આપી કે જેનો બંને દેશોએ સ્વીકાર કર્યો. આ પ્રપોઝલ મુજબ પશ્ચિમની ત્રણ નદીઓ – સિંધુ, જેલમ અને ચિનાબના પાણી પાકિસ્તાનને ફાળવવામાં આવ્યા અને પૂર્વની ત્રણ નદીઓ – રાવી, બિયાસ અને સતલજના પાણી ભારતને ફાળવવામાં આવ્યા. આ રીતે સિંધુ નદીના સંપૂર્ણ પાણી પર ભારતે પાકિસ્તાનનો હક્ક માન્ય રાખતાં સિંધુના તટ પ્રદેશ તરીકે તેના પાણી માટે કચ્છનો હક્ક પણ જતો રહ્યો. ત્યારબાદ ભાખરા-નાંગલના પાણી રાજસ્થાનથી કેનાલ દ્વારા કચ્છમાં લાવવાની વાતો ચાલી પરંતુ એ પણ કામિયાબ ના રહી. જે-તે સમયે કચ્છનો રાજકીય અવાજ બોદો પુરવાર થયો. છેવટે એકમાત્ર નર્મદા નદીના પાણી પર કચ્છની ખેતીનો આધાર રહ્યો. વર્ષોની કાર્યવાહીના અંતે નર્મદા નદીના નિયમિત પાણીમાંથી ૦.૫ એમ.એ.એફ. અને વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવામાં આવ્યા. (૧ એમ.એ.એફ. એટલે ૧૦ લાખ એકર જમીન પર ૧ ફૂટ પાણીનો જથ્થો)

• કચ્છને ફાળવવામાં આવેલ પાણીના સૂચિતાર્થ :

કચ્છને ફાળવવામાં આવેલ ઉપરોક્ત પાણી નિયમિતપણે કચ્છના ખેતરોમાં પહોંચાડવામાં આવે તો ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકે અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીથી (ચોમાસામાં વરસતા વરસાદના પાણી સહિત) ૧૦,૮૦,૦૦૦ એકરમાં ખેતી સુનિશ્ચિત થઈ શકે. ટોટલ ૧૩,૬૫,૦૦૦ એકરમાં આ પાણીથી ખેતી થઈ શકે. આજની ગણનાએ ખેતી માટે એક એકરે બધા જ પ્રકારના ખર્ચ બાદ કરતાં રૂા. ૧૫,૦૦૦/-ના નફાની ગણનાએ દર વર્ષે રૂા. ૨૦૪૭ કરોડ જેટલી આવક આ ખેતીથી કચ્છના ગામડાના ખેડૂતોની થવા પામે. કચ્છના ગામડાની એક વ્યક્તિનો ખાવા-પીવા-રહેવાનો ખર્ચ મહિને રૂા. ૨,૦૦૦/- ગણીએ તો દર વર્ષે તે ખર્ચ રૂા. ૨૪,૦૦૦/- થાય. **આ હિસાબે અંદાજિત ૮,૫૦,૦૦૦ વ્યક્તિના એક વર્ષના ખર્ચનો નિભાવ આ આવકમાંથી થઈ શકે.** કચ્છ પ્રદેશ માટે નર્મદા નદીના પાણીની આ યોજના અદ્વિતીય અને પ્રભાવકારક ગણી શકાય. કચ્છની સ્થાનિક વસતિમાં અસરકારક બદલાવ આવી શકે. કચ્છમાં જાહેર કાર્યોને સમર્પિત એકેએક વ્યક્તિએ આ યોજના શક્ય ત્વરાએ ચરિતાર્થ થાય તેવા પ્રયાસો આદરવા ઘટે. **૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીના આયોજનો સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કરવામાં આવે છે, જ્યારે ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીના આયોજનો જળસંપત્તિ વિભાગ દ્વારા કરવામાં આવે છે.**

• નિયમિત પાણી :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૦૩થી આ યોજનામાં રસ લેવાનું શરૂ કર્યું. આ યોજનાનો અભ્યાસ કરતા તેને આ યોજનાની વિશિષ્ટતા સમજાઈ. તરત જ તેણે નર્મદા નિગમના અધિકારીશ્રીઓ સાથે શ્રેણીબધ્ધ મીટિંગોના આયોજનો શરૂ કર્યા. છેવટે વર્ષ ૨૦૦૫માં ૩૫૪ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલમાંથી ૭૬ કિ.મી.ના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા. ત્યારબાદ વિભાગ પ્રમાણે જે તે કોન્ટ્રાક્ટરો પાસેથી કામો પણ શરૂ કરાવવામાં આવ્યા. આગળ જતાં આ કાર્યોની ગતિ ધીમી પડી ગઈ. કોઈ સ્થળે કોન્ટ્રાક્ટરને નર્મદા નિગમ પૂરી વિગત પૂરી ન પાડી શક્યું, તો કોઈ સ્થળે કોન્ટ્રાક્ટરની કાર્યવાહી ધીમી પડવા લાગી. વર્ષ ૨૦૦૮માં ફરી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ દ્વારા નર્મદા નિગમ સામે ઝુંબેશ શરૂ કરવામાં આવી. વર્ષ ૨૦૧૦માં નર્મદા નિગમ ફરી સજાગ થયું. જૂના કાર્યો પૂરા કરાવવા તરફ ધ્યાન આપ્યું અને નવી કેનાલો તથા ત્રણે પમ્પિંગ સ્ટેશનોના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા.

આ સમયે ગુજરાત સરકારશ્રીની હકારાત્મક દૃષ્ટિના દર્શન થયા. તેની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના દર્શન થયા. **સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં એક કચ્છી વ્યક્તિ શ્રી મૂકેશભાઈ ઝવેરીની નિમણૂક કરવામાં આવી.** તેઓશ્રીએ શરૂથી જ કચ્છના હિતને નજર સમક્ષ રાખીને કચ્છ બ્રાંચ કેનાલના કામો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ભૂતકાળમાં જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ તરીકે તેઓએ જે રીતે કચ્છના હિતોને લક્ષમાં રાખેલ હતા એજ લક્ષના ફરીથી તેઓશ્રીએ સરસંધાન ધરેલ છે. હાલે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાં પૂરેપૂરી ઝડપ આવેલી દેખાય

છે. તેમ છતાં નીચેની બાબતોની પણ આપણે અવગણના કરવી જોઈએ નહિ.

(૧) કચ્છ બ્રાંચ કેનાલના બાકી રહેતા ૧૧૫ કિ.મી.ના કાર્યોમાંથી અંદાજિત ૩૦ કિ.મી.ના કાર્યો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરવામાં આવેલ છે. પરંતુ હજુ પણ ૮૫ કિ.મી. જેટલી લંબાઈના ટેન્ડરો બહાર પાડવાના બાકી છે.

(૨) ૭૬ કિ.મી. લાંબી દૂધઈ બ્રાંચના બધા જ ટેન્ડરો બહાર પાડવાના બાકી છે.

(૩) ૩૦ કિ.મી. લાંબી વાંઢિયા બ્રાંચના ૨૩.૭૪ કિ.મી.ના કાર્યો શરૂ થયેલ છે પરંતુ બાકી રહેતી ૬.૨૬ કિ.મી. લાંબી કેનાલની કાર્યવાહી બાકી છે.

(૪) ૭૬ કિ.મી. લાંબી ગાંગોદર બ્રાંચના ૩૯.૫૪૨ કિ.મી.ના કામો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરવામાં આવેલ છે પરંતુ બાકી રહેતી ૩૬.૪૬૬ કિ.મી. લાંબી કેનાલના કાર્યો હજુ બાકી છે.

(૫) **ખેતર સુધી પાણી પહોંચાડવા માટે મેઈન કેનાલ બાદ ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ-માઈનોર કેનાલના કાર્યો કરવાના રહે છે કે જેના વગર જે-તે ખેતરમાં પાણી ના પહોંચી શકે.** આ બધા જ કામોની કાર્યવાહી સંપૂર્ણપણે બાકી રહે છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના કચ્છી ડાયરેક્ટરશ્રીના ધ્યાન બહાર ઉપરોક્ત હકીકત ના હોય તેવું ના જ બને. આપણે ઈચ્છીએ કે આવતાં બે-ત્રણ વર્ષમાં નર્મદા નદીના ફાળવાયેલા નિયમિત પાણી કચ્છના ખેતરોમાં સંપૂર્ણપણે પહોંચે અને કચ્છનો ખેડૂત તેનાથી પોતાના પાકો લેવાનું શરૂ કરે.

• વધારાના પાણી :

જે રીતે કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી માટે ગુજરાત સરકારશ્રીની રાજકીય ઈચ્છાશક્તિના દર્શન થયા, એ રીતે કચ્છને ફાળવાયેલ વધારાના પાણી માટે રાજકીય ઈચ્છાશક્તિ દૃષ્ટિગોચર થતી નથી. અહીં કોઈ કચ્છી રાજકીય વ્યક્તિએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલ નથી. વર્ષ ૨૦૦૫માં ગુજરાત સરકારશ્રી દ્વારા નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ફાળવવાની જાહેરાત કરવામાં આવી. વર્ષ ૨૦૦૬માં આ કાર્યોની જવાબદારી જળસિંચાઈ વિભાગને સુપરત કરવામાં આવી. જળસિંચાઈ વિભાગ દ્વારા આ કાર્યના આયોજનો વર્ષ ૨૦૧૨માં પૂરા કરવામાં આવ્યા. આયોજનો માટે છ વર્ષનો ગાળો આજના જમાનામાં અતિ હાસ્યાસ્પદ કહેવાય. **રૂા. ૪૨૦૦ કરોડના આ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં એક પણ પૈસો ફાળવવામાં આવેલ નથી.** આયોજનો ધૂળ ખાતા એમ ને એમ પડી રહ્યા છે. જે પાણીથી કચ્છની ૧૦,૮૦,૦૦૦ એકર જમીન પર ખેતી સુનિશ્ચિત થઈ શકે એ પાણી માટેની કેનાલના કાર્યો તેની જાહેરાતના ૮ વર્ષ બાદ પણ હજુ સુધી હાથ પર લેવાયેલ નથી. ગુજરાત સરકારશ્રીમાં **"બોલે તેના બોર વેચાય"** જેવી પરિસ્થિતિ છે. પરંતુ અહીં કોઈ કચ્છી કે કચ્છની તરફેણમાં બોલવાવાળું જ નથી. કચ્છની પ્રજાએ જે ૬ પ્રતિનિધિઓને કચ્છના વિકાસની જવાબદારી સુપ્રત કરેલ છે એ પ્રતિનિધિઓએ હજુ સુધી આ યોજના તરફ લક્ષ આપેલ હોય તો તેના કોઈ જ સમાચાર નથી. **"કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા"** જેવી જાહેરાતો, રણોત્સવો, શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક કે ઝારાના યુધ્ધની સ્મૃતિ વિના ચાલી શકશે પરંતુ દુષ્કાળગ્રસ્ત પ્રજાને આ પાણી વગર કઈ રીતે ચાલી શકે? તેની પ્રાથમિકતા આ પાણી છે. તે પ્રશ્ન સામે અન્ય દરેક વાત ગૌણ બની જાય છે. માટે જ આ પાણીના કાર્યો માટે એકે એક કચ્છીએ ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જરૂરી બની રહે છે.

• વધારાના પાણી માટે કરવાની રહેતી કાર્યવાહીઃ

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદે હાલે આ પ્રશ્ને પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલ છે અને તે કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો શરૂ કરાવવા પોતાનાથી બનતા પૂરતાં પ્રયાસો કરવાનું ચાલુ જ રાખશે. ઈચ્છીએ કે કચ્છમાંથી અન્ય સંગઠનો પણ આ પ્રશ્ને પોતાની કાર્યવાહી શરૂ કરે.

વર્ષ ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે કચ્છમાંથી અનેક ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો વિવિધ પક્ષના માધ્યમ દ્વારા અથવા તો સ્વતંત્રપણે ભરેલ હતા. આ બધા જ ઉમેદવારોની ઈચ્છાશક્તિ કચ્છની પ્રજાનું ભલું કરવા માટેની હતી. અને તેથી તેઓ વિધાનસભ્ય જેવી મોટી જવાબદારી લેવા તૈયાર થયેલ હતા. આજે તેઓ વિધાનસભ્ય હોય કે ન હોય પરંતુ તેઓ તેમની ફરજ અને જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં. તેઓ સહુ માટે આ એક વિશાળ તક ઊભી થવા પામેલ છે કે જેથી તેઓ કચ્છની પ્રજાનું અદ્વિતીય હિત જાળવી શકે. એજ રીતે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે ગ્રામ પંચાયતના સભ્યોને પણ પોતાની જવાબદારી નિભાવવાનો અવસર પ્રાપ્ત થયેલ છે. કચ્છના દરેક રાજકીય પક્ષના પ્રમુખ તથા કારોબારી સમિતિએ પણ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવી ઘટે. આપણે ઈચ્છીએ કે તેઓ સહુ દ્વારા કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

• ડી-સેલિનેશન પ્લાન્ટ :

કચ્છ માટે ત્રીજો વિરાટ પ્રશ્ન છે ડી-સેલિનેશન પ્લાન્ટનો. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ સરકારશ્રીની **"ટેક્ષ હોલી ડે"** યોજનાના કારણે કચ્છમાં અનેક ઉદ્યોગો સ્થાપિત થયા. એક સર્વે અનુસાર આ ઉદ્યોગોની દૈનિક પાણીની જરૂરિયાત ૩૦૦ એમ.એલ.ડી. જેટલી રહેવા પામેલ છે. (૧ એમ.એલ.ડી. એટલે દરરોજના ૧૦ લાખ લીટર. ૩૦૦ એમ.એલ.ડી. એટલે દરરોજના ૩૦ કરોડ લીટર) આ

(અનુસંધાન : જુઓ પાના નં. - ૧૮૭ ઉપર)

પ્રેમ અને શંકા સાથે ન રહી શકે. ઘી અને ઘાસલેટ ભેગાં રહી શકે ખરાં?

નેતાગીરીની ઉદાસીના કારણે કચ્છને ફાળવાયેલ વધારાના પાણીની યોજનાનું કાર્ય અટકે છે

• અશોક મહેતા •

(મંગલ મંદિર, જૂન - ૨૦૧૩નો લેખ)

નર્મદા નદીના વધારાના ૩.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાનો નિર્ણય ગુજરાત સરકારશ્રીએ જૂન-૨૦૦૬માં લીધેલ હતો. તે નિર્ણય અનુસાર આ પાણીનો કચ્છના સંદર્ભમાં સારી રીતે ઉપયોગ થઈ શકે અને તેનાથી સમગ્ર કચ્છની ખેતીને પ્રોત્સાહન મળે તે માટે તેના કાર્યના સર્વે આયોજન અને અમલીકરણની જવાબદારી જૂન-૨૦૦૭ માં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને સોંપવામાં આવેલ હતી. જળસંપત્તિ વિભાગ દ્વારા આ કાર્યના આયોજન અને સર્વેની જવાબદારી અમદાવાદ સ્થિત એક કન્સલ્ટન્સી કંપની મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા. લિ.ને રૂ. ૨.૫૯ કરોડની કિંમતે અને બાર માસમાં કાર્ય પૂર્ણ કરી આપવાની શરતે સપ્ટેમ્બર-૨૦૧૦ માં સુપરત કરવામાં આવેલ હતી. આ કંપનીએ સમગ્ર યોજનાને ૮ ભાગમાં વિભાજિત કરી પોતાનો ફાઈનલ રિપોર્ટ રજૂ કરી દેતાં, તેના જુદા જુદા વિકલ્પ અનુસાર દરેક વિકલ્પ પણ જળસંપત્તિ વિભાગે ફેબ્રુઆરી-૨૦૧૧ ના ફાઈનલ કરી લીધેલ હતા. ત્યાર બાદ ૮ વિભાગમાંથી બે વિભાગ સારણ જળાશય તથા બન્ની જળાશયના કાર્યો પૂર્ણ કરી તેના ખર્ચની મંજૂરી માટે ડિસેમ્બર-૨૦૧૨ માં સરકારશ્રી પર મોકલી આપવામાં આવેલ હતા. સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪ માં આ યોજના માટે કોઈ પણ નાણા ફાળવેલ ન હોતાં હાલના તબક્કે આ યોજનાનું કામ અટકી જવા પામેલ છે.

ઉત્તર ગુજરાતને વધારાના પાણી ૧.૦૦ એમ.એ.એફ. ફાળવવામાં આવેલ છે તેના સંપૂર્ણ આયોજન ૧૪ પાઈપ લાઈન દ્વારા કરવામાં આવેલ છે. ૧૪ પાઈપ લાઈનમાંથી ૮ પાઈપ લાઈનના કાર્યો રૂ. ૨૨૫૩ કરોડના ખર્ચે વર્ષ ૨૦૦૪ - ૨૦૦૫ માં પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકી રહેતી ૬ પાઈપ લાઈનના કાર્યો રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે હાલે અમલીકરણ હેઠળ છે. સૌરાષ્ટ્રને જે ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ફાળવવામાં આવેલ છે તેના અમલીકરણનો અંદાજ હાલના તબક્કે રૂ. ૧૦,૦૦૦ કરોડનો આવેલ છે અને તેની સામે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન રૂ. ૧૦૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. **જ્યારે કચ્છને જે ૧.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ છે તેના અંદાજિત ખર્ચ રૂ. ૪૨૦૦ કરોડની સામે ચાલુ નાણાંકીય વર્ષમાં એક પણ પૈસો ફાળવવામાં આવેલ નથી.** આ રીતે જ્યાં લગી વધારાના પાણીનો સવાલ છે ત્યાં લગી કચ્છ પ્રત્યે ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરેપૂરો અન્યાય કરવામાં આવી રહેલ છે તેવું જણાય છે. આ ખાતુ કેબિનેટ કક્ષાના મંત્રીશ્રી બાબુભાઈ બોખીરિયા હાલે સંભાળી રહેલ છે.

વિગતોના વધુ ઊંડાણમાં જતાં એ જાણવા મળ્યું કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની સરખામણીએ કચ્છના માત્ર છ જ ધારા સભ્યો છે અને એ છ ધારાસભ્યોમાંથી પણ આજ દિન લગી કોઈએ પણ આ બાબતે એક શબ્દ પણ ઉચ્ચારેલ નથી કે કોઈએ પણ જળસંપત્તિ વિભાગમાં આવી, આ યોજના બાબતે રસ દાખવેલ નથી. એ સામે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ધારાસભ્યો ખૂબજ સક્રિય રહેવા પામેલ છે અને પોતાના વિભાગની યોજનાઓના ખર્ચ વારંવાર મંજૂર કરાવી જાય છે અને તેથી જ કચ્છ પ્રત્યે સરકારશ્રી દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. તેટલું જ નહીં પરંતુ ઉત્તરોત્તર નર્મદા ડેમમાંથી ઑવરફ્લોના પાણીનો ઘટાડો થતો હોવાથી કદાચ કચ્છની યોજનાનો અમલ ના થાય તેવી પણ શક્યતા ઉભરી આવેલ છે. વિગતો અને હકીકતો જાણીને ખૂબજ આઘાત લાગે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું દેખાય છે. તેથી જ્યાં લગી કચ્છના ચાલુ અને પૂર્વ ધારાસભ્યશ્રીઓ આ બાબતે જળસંપત્તિ વિભાગમાંથી યોગ્ય માહિતી મેળવી સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી, કચ્છની યોજના માટે નાણા મંજૂર નહીં કરાવે ત્યાં લગી દુષ્કાળગ્રસ્ત કચ્છની પ્રજા કે જેની ખેતીનો એકમાત્ર આધાર નર્મદા નદીના પાણી પર છે તેને એક ખૂણામાં બેસી રડવાનો સમય આવશે. કચ્છના ભાજપ અને વિવિધ પક્ષની રાજકીય નેતાગીરીએ સફાળા જાગી જઈ આ બાબતને તાત્કાલિક ધોરણે હાથ પર લેવી ઘટે છે.

કચ્છને ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીની યોજના શું છે તેની આપણે વિગતવાર ચકાસણી કરીએ.

આ યોજનાને ૮ ભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે કે જેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	વિભાગ	જળ ફાળવણી (એમ.એ.એફ.માં)	યોજનાના કારણે કેટલા હેક્ટર જમીનમાં ખેતી સુનિશ્ચિત થશે (હેક્ટરમાં)	યોજનાનો અંદાજિત ખર્ચ (કરોડમાં)
૧	સારણ જળાશય	૦.૧૧૬	૨૯૦૦૦	૨૪૭.૯૦
૨	બન્ની જળાશય	૦.૧૩૪	૫૭૮૫૦	૨૬૮.૧૪
૩	સધર્ન લિંક કેનાલ	૦.૧૫૨	૬૫૬૨૦	૧૨૬૨.૦૮

કૂથલી જન્મે છે કાનમાંથી, પરંતુ તેનો ઉછેર જીભ ઉપર થાય છે.

૪	નોધર્ન લિંક કેનાલ	૦.૧૭૩	૭૪૬૯૦	૧૧૭૭.૨૫
૫	હાઈકન્ટુર સ્ટોરેજ	૦.૦૪૧	૧૪૮૨૩	૨૧૫.૫૯
૬	હાઈકન્ટુર કેનાલ	૦.૧૧૪	૪૯૨૧૮	૩૪૫.૯૬
૭	કચ્છ બ્રાંચ કેનાલનું મોડકૂવાથી એક્ષ્ટેન્શન	૦.૧૮૨	૧,૨૬,૪૯૩	૬૫૭.૧૫
૮	ડાયરેક્ટ જળાશયો ભરવાના	૦.૦૨૪	૧૪૬૦૯	૭૪.૦૭
	ટોટલ	**૦.૯૩૬ એમ.એ.એફ.**	**૪,૩૨,૩૦૩ હેક્ટર = ૧૦,૮૦,૭૫૭ એકર**	**૪૨૪૮.૧૪ કરોડ**

આ રીતે ૧.૦૦ એમ.એ.એફ. નર્મદા નદીના વધારાના પાણી કચ્છને ફાળવવામાં આવે તો કચ્છમાં વરસાદના કારણે જે અનિશ્ચિતતા પ્રવર્તે છે તેની સામે જળસંપત્તિ વિભાગના આ આયોજનના કારણે કચ્છની ૧૦,૮૦,૦૦૦ એકર જમીનમાં ગમે તેવા દુષ્કાળની સામે પણ ખેતી સુનિશ્ચિત થઈ શકશે. **એક એકરે દરેક પ્રકારના ખર્ચ બાદ કરતા ખેડૂતને રૂ. ૧૫૦૦૦ નો નફો મળે તેવી ગણનાએ કચ્છના ખેડૂતના ઘરમાં દર વર્ષે રૂ. ૧૬૨૦ કરોડની કમાણી થઈ શકશે.** કચ્છનો ખેડૂત આબાદ થઈ શકશે. (આ તબક્કે એ વાતની નોંધ લઈએ કે નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી જે કચ્છને ફાળવવામાં આવેલ છે અને નર્મદા નિગમ દ્વારા જેના કામો હાલે અમલીકરણ હેઠળ છે. તેનાથી ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થશે તે અલગ વાત છે)

જે યોજનાથી કચ્છના ખેડૂતને દર વર્ષે રૂ. ૧૬૦૦ કરોડની કમાણી થઈ શકતી હોય તે યોજના પ્રત્યે બેદરકારી દાખવવી તે કોઈ પણ જાહેર કાર્યકર માટે ઈચ્છનીય નથી અને વિશેષપણે અગર ચૂંટાયેલા ધારાસભ્યો અને એમ.પી. આ બાબત એક હરફ પણ ના ઉચ્ચારતા હોય અને એ બાબતે સંપૂર્ણપણે અજાણ હોય તો તે બિલકુલ યોગ્ય નથી. તેઓએ આ બાબતે સજાગતા કેળવી કચ્છના હિત માટે આ યોજનાના કાર્યો શક્ય ત્વરાએ અમલીકરણ હેઠળ લાવવા જોઈએ.

જાહેર જનતાના હિત ખાતર આ યોજનાની ટૂંક વિગત પણ અત્રે રજૂ કરેલ છે.

(૧) સારણ જળાશય : રાપર તાલુકાના ફતેહગઢની ઉત્તરે આવેલ આ જળાશયમાં પાણી ભરી અથવા ડાયરેક્ટ કેનાલ દ્વારા ગેડી, વ્રજવાણી, આણંદપર, બેલા, મૌવાણા તથા શિવગઢની આજુબાજુના વિસ્તારમાં આ પાણી જરૂરિયાત અનુસાર પહોંચાડવામાં આવે.

(૨) બન્ની જળાશય : દૂધઈ બ્રાંચ કેનાલના અન્ય તરફના છેડાથી બન્ની વિસ્તારમાં પાણી લઈ જઈ ત્યાં ત્રણ જળાશય બનાવી સંગ્રહવામાં આવે અને એ વિસ્તારની ઘાસીયા જમીનને આ પાણીથી નવપલ્લવીત કરવામાં આવે.

(૩) સધર્ન લિંક કેનાલ : અંજાર તાલુકાના હયાત ટપ્પર જળાશયમાંથી આ કેનાલ દ્વારા દક્ષિણ કચ્છની વિવિધ જળસીંચાઈ યોજનાઓને જોડી પશ્ચિમ કચ્છના છેક સાનન્દ્રો જળાશય સુધી આ પાણી લઈ જવામાં આવશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, મુન્દ્રા, માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાના કુલ ૫૬ ગામોને લાભ મળી શકશે.

(૪) નોર્ધન લિંક કેનાલ : અંજાર તાલુકાના હયાત ટપ્પર જળાશયમાંથી આ કેનાલ ઘાણેટી, રૂદ્રમાતા, કાયલા, નિરોણા, ભૂખી, મથલ, ગજણસર થઈને નરા સીંચાઈ યોજના સુધી જશે. આ યોજનાથી અંજાર, ભુજ, નખત્રાણા અને લખપત તાલુકાના કુલ ૪૭ ગામોમાં ખેતી થઈ શકશે.

(૫) હાઈકન્ટુર સ્ટોરેજ કેનાલ : આ લિંક કેનાલ અંજાર તાલુકાની સત્તાપર નાની યોજનાથી શરૂ થઈ ભુજ તાલુકાની જામારા નાની સિંચાઈ યોજના સુધી જશે. તેનાથી અંજાર અને ભુજ તાલુકાના ૧૯ ગામોમાં ખેતી થઈ શકશે.

(૬) હાઈકન્ટુર કેનાલ : આ કેનાલ કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૨૫૪.૦૦ થી એટલે કે દેવાડિયા અને ભદ્રેશ્વરની વચ્ચેથી શરૂ થઈ અબડાસા તાલુકાના નાના ખરોડિયા સુધી જશે. આ યોજનાથી અંજાર, મુન્દ્રા, માંડવી અને અબડાસા તાલુકાના ૩૫ ગામોમાં ખેતી થઈ શકશે.

(૭) કચ્છ બ્રાંચ કેનાલનું મોડકુવાથી એક્ષ્ટેન્શન : આ કેનાલ મોડકુવાથી શરૂ થઈ ગોયલા નાની સિંચાઈ યોજના આગળ પૂરી થશે. તેનાથી માંડવી, અબડાસા અને લખપત તાલુકાના ૪૪ ગામોને ખેતીનો લાભ મળી શકશે.

(૮) કચ્છ બ્રાંચ કેનાલમાંથી ડાયરેક્ટ જળાશયો ભરવા : આ યોજના દ્વારા કેટલાક હયાત જળાશયો ડાયરેક્ટ ભરવામાં આવશે અને તેના દ્વારા જે-તે જળાશય યોજનાના ગામોની ખેતી સુનિશ્ચિત થશે.

ઉપરોક્ત યોજનાનું અમલીકરણ જેટલું જલ્દી થાય તેટલું કચ્છના હિતમાં છે. તે માટે કચ્છની રાજકીય નેતાગીરીએ ગાંધીનગરમાં પોતાનો અવાજ પહોંચાડવો જરૂરી છે. ■

ભૂગોળ ઈશ્વર બનાવે છે, ઈતિહાસ માણસ બનાવે છે.

નર્મદા યોજનાના અમલ પછી છતે પાણીએ ગુજરાત તરસ્યું : ખેતી પણ પાણી વગરની કેમ?

• સનત મહેતા •

(મંગલ મંદિર, જુલાઈ - ૨૦૧૩નો લેખ)

ગુજરાતની છ કરોડની જનતા ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છની જનતા આજે પણ સિંચાઈના પાણી વગર માત્ર ભૂતળના પાણી મોટા ખર્ચે પંપિંગ કરી પોતાની ખેતી અને જીવન નભાવે છે. એમના માટે નર્મદા પરની યોજના એકમાત્ર આધાર હતો અને હજુય છે.

૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજ્ય રચાયું ત્યારથી શાસકોએ પણ માન્યુ હતું કે, પાણી વગરની ખેતીના આધાર પર રાજ્ય સમૃદ્ધ બની શકશે નહિં. તેમજ ન તો ગુજરાત પાસે છત્તીસગઢ છે કે ઝારખંડ રાજ્યની જેમ મોટી ખનિજ સમૃદ્ધિ છે. એ હકીકત સ્વીકારી ઔદ્યોગિક વિકાસ પર શક્તિ કેન્દ્રિત કરી અને સાથોસાથ નર્મદા યોજનાને કાર્યાન્વિત કરવા પગલા ભરવાનું શરૂ કર્યુ હતું. આ ઐતિહાસિક હકીકત છે.

આમાં કુદરતની મહેર થઈ અને ભારતમાં ક્રુડ તેલ પ્રાપ્ત કરવાની કોઈ શક્યતા નથી એવી અંગ્રેજોએ ફેલાવેલી માન્યતાને ભારતના ક્રુડ તેલ સંશોધનના પિતા કે.ડી. માલવિયાને કુદરતે યારી આપી અને એને ખોટી પાડી કારણ અંકલેશ્વરમાં અને ત્યારબાદ મુંબઈ હાઈમાં તેલ મળી આવ્યું.

ગુજરાતના નેતૃત્વની સમજ અને પ્રયાસના કારણે જોતજોતામાં ગુજરાત ભારતનું પ્રથમ કક્ષાનું કેમિકલ રાજ્ય બની ગયું. મહેસાણા - અમદાવાદ - અંકલેશ્વર વાપી પટ્ટી એ ઉદ્યોગોના વિકાસના કારણે "ગોલ્ડન કોરીડોર" બની ગઈ. આ ગોલ્ડન કોરીડોરની એક શાખા અમદાવાદથી વીરમગામના માર્ગે, બીજી શાખા વડોદરાથી ગોધરાના રસ્તે વિકસી. આયાતી ક્રુડ આધારિત રિફાઈનરી શક્ય બનતા સલાયા બંદરે આયાત થતા ક્રુડનો લાભ લેવા જામનગર રિલાયન્સ અને એસ્સારની રીફાઈનરીઓ ઊભી થતાં સૌરાષ્ટ્રના માત્ર એક ખૂણે ઉદ્યોગો આવ્યા.

દરમિયાનમાં નર્મદા યોજનાનો જળવિવાદ આંતરરાજ્ય જળ વહેંચણીનો વિવાદ હોવાથી ટ્રિબ્યુનલ પાસે ગયો. ટ્રિબ્યુનલે ચુકાદો આપવામાં એક પૂરો દાયકો લીધો.

ચુકાદો આવતા નર્મદા યોજનાનો માર્ગ મોકળો થયો.

ગુજરાતના દ્રઢ મનોબળ અને ઉચ્ચ ટેકનિકલ કાબેલિયત ધરાવતાં કુડીબંધ ઈજનેરોએ, ગાયકવાડી રાજ્યની નાનકડી "ભરૂચ સિંચાઈ યોજના"ને "સરદાર સરોવર યોજના" જેવી બહુલક્ષી વિશાળ યોજનામાં બદલી નાખી.

પણ દરમિયાનમાં વૈશ્વિક અને ભારતીય પર્યાવરણવાદીઓએ (પર્યાવરણવિદ નહિ) મોરચો ખોલ્યો. વિશ્વબેંક પણ દબાણમાં આવી ગઈ. ગુજરાતના નર્મદા તરફી વિચારકોએ મુકાબલો કર્યો અને છેવટે રાજીવ ગાંધીએ રસ્તો કાઢી યોજનાને સાથ આપ્યો.

૧૯૮૮માં રાજ્યની નોકરશાહીમાંથી મુક્ત એવાં અલગ નિગમની રચના થઈ.

આજે ૨૦૧૩ ચાલે છે. ૧૯૯૬ પછી રાજ્યનું સુકાન ભાજપને હાથ ગયું એ વાતનેય ૧૮ વરસ થયા. બંધ ૧૨૧.૯૨ મીટર ઊંચાઈ પહોંચ્યો. હવે બંધ છલકાય છે પણ સૌરાષ્ટ્ર-કચ્છના ખેતરો અને માણસોના ગળા પાણી વગર આજેય તરસથી સુકાય છે. આ ઉનાળાએ સમગ્ર જળ વ્યવસ્થાની નિષ્ફળતા ખુલ્લી કરી છે. હજારો ગામડાં ટેન્કરોથી પાણી મેળવે છે. રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભુજ જેવા શહેરોને રોજ તો નહિં પણ એકાંતરા પૂરતું પાણી મળતું નથી.

આજકાલ કરતા અગિયાર વરસ પહેલાં ૨૦મી મે, ૨૦૦૨ ના રોજ સૌરાષ્ટ્રના બધા અખબારોમાં મોટા મથાળા નીચે સમાચાર પ્રસિદ્ધ થયા હતા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તે દિવસે નર્મદાના પાણી સૌરાષ્ટ્ર પહોંચાડવાના એક દિવસમાં, ટંકારા જામનગર રોડ પર ખીરઈ અને હીરાપર અને રાજકોટમાં ત્રણ ઉદ્‌ઘાટન સમારંભ પૂરા કરી જાહેર કર્યું હતું કે "સૌરાષ્ટ્રમાં પાણીના કારણે હિજરત કરવાના દિવસો ગયા" હાજર રહેલી મેદનીએ "નમામિ દેવી નર્મદે"નો જયઘોષ કર્યો હતો.

સમારંભમાં તત્કાલિન પાણી પુરવઠા મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે જાહેર કર્યું હતું કે "સૌરાષ્ટ્રની તૃષાતુર જનતાને સરકારે ટોપ અગ્રતા આપી છે. રૂ. ૫૦૦ કરોડનું કામ છ માસમાં પૂરું થઈ ગયું છે. રૂ. ૩૩૦૦ કરોડના કામ પાણી પુરવઠા વિભાગે હાથ ધર્યા છે." નર્મદા નિગમના અધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે જૂન ૨૦૦૩ પછી માળિયા કેનાલમાંથી ૪૬૦૦૦ હેક્ટરમાંથી સૌરાષ્ટ્રની ૨૭ ટકા જમીનની સિંચાઈ સુવિધામાં વધારો થશે."

આ સમારંભમાં નર્મદાના નીર ડિસેમ્બર સુધી કચ્છ પહોંચાડવાની જાહેરાત થઈ હતી. પણ આજે, આ બધા વચનો ફોક સાબિત થયા છે. "નમામિ દેવી નર્મદે" શંકરાચાર્યનો મંત્ર શ્રી નરેન્દ્રમોદીએ "નર્મદે સર્વ દે" માં ફેરવી નાખ્યા હતો. પણ સર્વદે થયું નહિ.

પછી આગળ પાછળનો વિચાર કર્યા વગર કચ્છ - સૌરાષ્ટ્રને પીવાનું પાણી પૂરું પાડવા જથ્થાબંધ (બલ્ક) પાણી વહન કરવા ૨૨૪૦ કિલોમીટર અને ગામડે છૂટક પાણી પહોંચાડવા, ૧,૨૦,૦૦૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન, ૧૧૩૬૧ સ્ટોરેજ ટાંકીઓ, ૧૧૫૭૪

ઊંચા લેવલની ટાંકીઓ અને ૧૫૬ જળશુદ્ધિકરણ પ્લાન્ટોવાળી જળગ્રીડ અબજો રૂપિયાના ખર્ચે તૈયાર કરી અને દાવો કરાયો કે કચ્છ સૌરાષ્ટ્રના ૭૫ ટકા ગ્રામ્ય કુટુંબોને આવરી લેવાયા છે.

દસ વરસ વર્ષાઋતુની મહેર રહી એટલે આ યોજનાની ખરાઈની ખબર ન પડી. પણ ૨૦૧૧-૧૨ના એક વરસના ઓછા વરસાદે બધી બાજી ઉઘાડી પાડી. આ ૨૦૧૨-૧૩માં ફરી ટેન્કરો અને સૌરાષ્ટ્ર કચ્છના કેટલાય મોટા શહેરો અને કસબાઓને બે દિવસે કે ચાર દિવસે પાણી મળે છે.

એકજ સવાલ સામે આવ્યો - **"ક્યાં ગયું? નર્મદાનું મુખ્ય નહેરમાં વહેલું કરોડો લિટર પાણી?**

જળ સંચય માટે કરાયેલા આડબંધ, બોરીબંધ મહીપરિએજની પાઈપલાઈન અને "સુજલામ સુફલામ યોજના"ના કરોડોના ખર્ચ પછીય આ હાલત?

આ થઈ નર્મદા આધારિત પીવાના પાણીની યોજનાની કથા વાર્તા!!

- **હવે નર્મદા આધારિત ખેતી માટેના સિંચાઈના પાણીની વાત કરીએ**

રાજીવ ગાંધીએ પર્યાવરણ વિવાદમાં અટવાયેલી સરદાર સરોવર યોજનાનો ઉકેલ કાઢ્યો અને પછી આયોજન પંચે નર્મદા યોજનાની મંજૂરી આપી. આ મંજૂરી અપાઈ અને ઓક્ટોબર ૧૯૮૮માં મૂડી રોકાણની સંમતિ મળી. આ સમયે યોજનાની કુલ અંદાજિત કિંમત રૂા. ૬૪૦૬.૦૪ કરોડ હતી જેમાં જળ વિદ્યુત ભાગનો ખર્ચ રૂા. ૧૫૫૧.૮૬ કરોડ હતો. અને એમાં વીજળીના ગુજરાતના ભાગે ૧૬ ટકા હિસ્સા પ્રમાણે રૂ. ૨૪૮.૩૦ કરોડ આવતા હતા.

અત્યારે યોજનાનો સુધારેલો ખર્ચ રૂ. ૩૯,૨૪૦ કરોડ પહોંચ્યો છે. પણ ઓક્ટોબર ૨૦૧૨માં આ ખર્ચ રૂ. ૩૯૫૭૧ કરોડ થઈ ચૂક્યો છે. મૂળ યોજનામાં ગુજરાતની ૧૫ જિલ્લાની ૧૮ લાખ હેક્ટર એટલે ૪૫ લાખ એકરને સિંચાઈનું પાણી પૂરું પાડવાનો લક્ષ્યાંક હતો.

આ માટે મુખ્ય નહેર, શાખાઓ, પેટાશાખાઓ, માઈનોર વગેરેની માઈનોર સુધીની ૭૫૦૦૦ કિલોમીટર લંબાઈની નહેર ગુંથણી ઊભી કરવાની હતી. હાલના તંત્રનો દાવો છે કે, અગાઉની સરકારોએ કોઈ નક્કર કામ કર્યુ નથી. પણ ૧૯૯૫થી ૨૦૧૩ - કુલ ૧૮ વરસમાં માત્ર ૧૦ હજાર કિલોમીટરનું કામ થયું છે. આવું કેમ કરાયું?

આ સરકારનું લક્ષ્ય ૨૦૦૮ સુધીમાં દસ લાખ હેક્ટરની સિંચાઈ કરવાનું હતું. જેની સામે ૨૦૧૨ સુધીમાં છ લાખ હેક્ટરની સિંચાઈ શક્તિ ઊભી કરી શકાઈ છે.

કચ્છ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આવું થતું ન દેખાયું ત્યારે ઉહાપોહ થયો ત્યારે મુખ્યમંત્રીએ જાહેર કર્યું કે ૨૦૧૦ સુધીમાં નર્મદા યોજના પૂર્ણ કરાશે. ૨૦૧૦માં આ ન થયું ત્યારે હવે ૨૦૧૪નો વાયદો કરાયો છે. ૨૦૧૪ને એક વરસ બાકી છે. ૨૦૧૦માં અપાયેલ ચાર વરસના વાયદામાંથી ત્રણ વરસથી વધુ સમય પૂરો થયો છે. ૨૦૧૪માં કાર્ય પૂરું થવાની કોઈ શક્યતા નથી.

- **આવું કેમ થયું?**

નર્મદા યોજનાનું આયોજન શરૂ કરવાનો પ્રારંભિક અહેવાલ વિશ્વમાં પ્રથમ કક્ષાની ગણાતી તાતા કન્સલ્ટન્સી સર્વિસે આપ્યા પછી વિશ્વ બેકના તજજ્ઞોનું એક જૂથ જગવિખ્યાત સ્વીડીશ અર્થશાસ્ત્રી "ગુન્નાર મિરડાલ"ના શિષ્ય એવા પ્રોફેસરના નેતૃત્વમાં ગુજરાતમાં આવી રહ્યું હતું.

આ પ્રોફેસર નાણાંમંત્રી તરીકે મને પ્રથમવાર મળ્યા ત્યારની વાત આજે પણ એટલીજ તાજી છે મને એમણે કહ્યું,

"મંત્રી, મને થોડો સમય આપો." મેં પૂછ્યું "શા માટે?"

"હું તમને વર્ષોથી અમલમાં છે એવી મહી સિંચાઈ યોજના કમાન્ડ વિસ્તારના છેવાડાની કેનાલ પાસે લઈ જવા માગું છું. ત્યાં કમાન્ડ વિસ્તારના ખેડૂતોના ખેતરમાં આજ સુધી યોજનાનું પાણી ગયું નથી."

"તો?" મેં પૂછ્યું.

"સરદાર સરોવર યોજનામાં આવું ન થાય એવી વ્યવસ્થા આપણે કરવી છે"

એમની આ વાતની ખરાઈ કરી તો જાણવા મળ્યું કે વાત સાવ સાચી હતી. આ પછી વિવિધ ચર્ચાઓ અને અભ્યાસ પછી સરદાર સરોવર યોજના સિંચાઈની જે પદ્ધતિ નક્કી થઈ તે હું, જ્યારે શ્રી કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા, શ્રી જયનારાયણ વ્યાસ નર્મદા વિભાગના મંત્રી અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં સરદાર સરોવર નિગમના અધ્યક્ષ હતા ત્યારે એ ત્રણેયની સહીવાળી પુસ્તિકા "નર્મદા નદી પર સરદાર સરોવર યોજના" નામની પુસ્તિકામાં વર્ણવેલી પદ્ધતિ અહીં નીચે અક્ષરશઃ ટાંકુ છું. એમાં જણાવાયું છે કે-

- **નહેર વિતરણ વ્યવસ્થા અને તેનું સંચાલન :**

(આંકડા માત્ર ગુજરાતના છે)

સરદાર સરોવર યોજનામાં સિંચાઈના પાણી ૮ હેક્ટરના બ્લોક્સ સુધી લઈ જવા માટે શાખા નહેરો, ઉપશાખા નહેરો, પ્રશાખાઓ, ઉપશાખાઓના ૬૬,૦૦૦ કિ.મી.ની લંબાઈવાળા નેટવર્ક માળખાનું પદ્ધતિસર આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય નહેરમાંથી ૪૨ શાખા નહેરો નીકળે છે. જે પૈકી મિયાંગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરો મોટી શાખા નહેરો છે. આ શાખા નહેરોની વહન શક્તિ ૭૫ ઘનમીટર/સેકન્ડ (૨૬૫૦ ઘનફૂટ/સેકન્ડ) કરતા વધું છે.

વિતરણ વ્યવસ્થામાં ગુજરાતના ૧૨ જિલ્લાના ૬૨ તાલુકાના ૩૩૯૩ ગામોના આશરે ૩૪.૨૮ લાખ હેક્ટર (૮૪.૭૨ લાખ એકર) વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવશે. ૮ હેક્ટરના બ્લોક્સ સુધીની શાખા નહેરો અને વિતરણ વ્યવસ્થાના નેટવર્કમાં લાઈનિંગ કરવામાં આવી રહેલ છે.

બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે વિસ્તાર મુજબ પાણી આપવાને

બદલે પાણીની જરૂરિયાત મુજબ પાણી આપવામાં આવશે. નહેરના ઉપરવાસના વિસ્તારમાં અને હેઠવાસના વિસ્તારોમાં પૂરતું પાણી પહોંચે તે માટે આ પદ્ધતિનું સંચાલન અને નિયંત્રણ કોમ્પ્યુટરની મદદથી કરવામાં આવશે. સામાન્ય રીતે, બંધની નજીકના વિસ્તારોમાં પાણીનો જરૂર કરતાં વધુ ઉપયોગ થતો હોય છે અને દૂરના વિસ્તારોને મળતા પાણીમાં ઘટાડો થતો હોય છે. કોમ્પ્યુટર દ્વારા આ સંચાલનના કારણે આ સમસ્યા દૂર કરી શકાશે.

૩૦૦ ક્યુસેકની ક્ષમતા સુધી વિતરણનું સંચાલન સંપૂર્ણપણે કોમ્પ્યુટરની મદદથી રિમોટ કંટ્રોલ પદ્ધતિ દ્વારા કરવામાં આવશે. આમ ૩૦૦ ક્યુસેક્સ શાખા સ્તર સુધી ખેડૂત મંડળીઓની પાણીની જરૂરિયાત વિશે અગાઉથી માહિતી પ્રાપ્ત થતાં, કોમ્પ્યુટર પદ્ધતિ દ્વારા ખાતરીબદ્ધ રીતે જરૂરિયાત મુજબનું પાણી પહોંચાડી શકાશે.

રિમોટ કંટ્રોલ પદ્ધતિ દ્વારા સંચાલન થતું હોઈ મુખ્ય નહેર અને શાખા નહેરોના દરવાજાનું સંચાલન આપમેળે થતું રહેશે અને તેથી સમગ્ર વ્યવસ્થા સલામત રીતે અને સફળતાપૂર્વક ચાલતી રહેશે. વાસ્તવમાં કોમ્પ્યુટરની મદદથી સંચાલન કરવાનો મૂળભૂત ઉદ્દેશ્ય સંચાલનને વધુ પ્રતિક્રિયાત્મક, ક્ષતિરહિત અને સરળ બનાવવાનો છે. કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર જેવા દૂરના વિસ્તારો સુધી સમયસર પાણી પહોંચાડવા માટે જરૂરિયાતની સમયસર જાણ થાય એ બહુ મહત્ત્વનું છે. સામાન્ય રીતે આવી જાણ થવામાં ઘણા દિવસો લાગી જતા હોય છે, પણ સરદાર સરોવર યોજનામાં માત્ર ૨૪ કલાકમાં જરૂરિયાત જાણી શકાશે. અલબત્ત, આ માટે અગાઉથી સારા પ્રકારના હાર્ડવેર અને સોફ્ટવેટનું વિગતવાર આલેખન થવું જરૂરી છે, જે અત્યારે ચાલી રહ્યું છે.''

આવી સ્વયં સંચાલિત કોમ્પ્યુટર આધારિત પદ્ધતિ અંગે અત્યારે શું પગલાં લેવાઈ રહ્યા છે એનો જવાબ મેળવવો શક્ય નથી. કારણ આને નર્મદા યોજનાનો ભાગ ગણવામાં આવતો નથી.

આવુંજ નહેરો અંગે છે. એવા અનેક અહેવાલો અને અનુભવો છે કે ભારતમાં સિંચાઈ યોજનાઓમાં બંધ બંધાઈ જાય પણ નહેરો સાથોસાથ તૈયાર ન થાય. પરિણામે યોજનાના પાણીની વપરાશ ઓછી રહે. ન ખેતીને લાભ થાય, ન સરકારને. માત્ર કોન્ટ્રોક્ટરો કમાય.

આ વાત ધ્યાનમાં લઈને આયોજનના પ્રારંભના વરસોમાં બંધની જોડાજોડ નહેરોના કામ શરૂ કરવામાં આવ્યા હતા. ડેમની જેમ આમાં પર્યાવરણવાદીઓની રૂકાવટ નહોતી. સરદાર સરોવર યોજનાના ૧૯૯૪-૯૫ના લેખિત અહેવાલમાંની નીચે હકીકતો આ વાતનો પૂરાવો છે.

★ ૧૯૯૪-૯૫ સુધીમાં તો મુખ્ય નહેરના ૦ થી ૧૪૪ કિલોમીટર સુધીના કામો પૂરજોશમાં ચાલતા હતા અને બીજા તબક્કાના ૧૪૪ થી ૨૬૪ કિલોમીટરના અંદાજિત ૬૦૦ કરોડના ૧૦ પેકેજમાંથી ૪ પેકેજના કામો કોન્ટ્રોક્ટરોને અપાઈ ગયા હતા. બાકી છ પેકેજ અપાવાની તૈયારીમાં હતા.

★ પ્રથમ તબક્કાની આવેલી બધી શાખાના કામો પ્રગતિમાં હતા. પ્રથમ તબક્કાના બાવન બ્લોકમાંથી ૩૬ બ્લોકમાં વિતરણ શાખાઓના કામો શરૂ કરાયા હતા. જેના શરૂઆતના સાત બ્લોકમાં તમામ શાખા પ્રશાખા અને માઈનોરના કામો પ્રગતિમાં હતા.

★ મહી નદીથી સૌરાષ્ટ્ર શાખા નહેરની લંબાઈમાં આવતી ૭ શાખા નહેરોના ટેન્ડરોની ચકાસણી કરાતી હતી.

★ સૌરાષ્ટ્ર શાખા નહેરનું ૦ થી ૪૬ કિલોમીટરની લંબાઈ કામ તો ૧૯૯૧ જાન્યુઆરીથી પ્રગતિમાં હતું. સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી નીકળતી પેટા શાખાઓના ટેન્ડરો બહાર પડી ગયા હતા. ૧૯૯૪-૯૫ માં આ કામો શરૂ થવાના હતા.

★ કચ્છ શાખા નહેરના શરૂઆતના પાંચ કિલોમીટરમાં વિભાગ હસ્તક કામ શરૂ કરાયું હતું.

★ એટલું જ નહીં પણ મહી નદી પછીના બીજા તબક્કાની મુખ્ય નહેરની સાંકળ ૧૪૪થી ૩૧૨ વચ્ચે સિંચાઈ વિસ્તારમાં વિતરણ પદ્ધતિના કામો જુદા જુદા કન્સલ્ટન્ટોને સોંપાઈ ગયા હતા.

★ આ કામો ૧૯૯૯ દરમિયાન પૂરા કરવાનું આયોજન હતું.

★ સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી નીકળતી નરસિંગપુરા (પૂરેપૂરી લંબાઈ ૩૧ કિલોમીટર), માળિયા (૦ થી ૩૪ કિલોમીટર) અને વલ્લભીપુર (૦ થી ૩૦ કિલોમીટર) પેટા શાખાઓના માટી કામ માટે ટેન્ડરો ખોલવામાં આવ્યા હતા. આ કામો ૧૯૯૪-૯૫માં શરૂ કરી ૧૯૯૮માં પૂરા કરવાનું આયોજન હતું.

(આ માળિયા શાખા આજથી આઠ વરસ પહેલાં શરૂ થઈ ન હોત કે વલ્લભીપુર શાખાનું કામ શરૂ થયું ન હોત તો રાજકોટ, જામનગર કે કચ્છમાં પીવાનું પાણી પહોંચ્યું ન હોત.)

નહેરો - શાખા પ્રશાખાની આ કાર્યવાહી આજ ઝડપે ચાલુ રહી હોત તો યોજનાની આ દશા ન હોત. કારણ સૌરાષ્ટ્ર શાખા ફંટાયા પછી મુખ્ય નહેરની વહનશક્તિ ૪૦,૦૦૦ ક્યુસેકથી ઉત્તરોત્તર ઘટતી જાય છે. રાજસ્થાનની હદ પર પહોંચે તો એ ૨૬૦૦ ક્યુસેકની થઈ જાય છે.

પણ પછી નર્મદા યોજનાના બંધની ઊંચાઈ અને બંધ ચૂંટણીમાં મતનું સાધન (વોટ બેંક) બની ગયા. યોજના ગુજરાતની મટી એક રાજકીય પક્ષની યોજના બનાવી દેવાઈ. પરિણામે નર્મદાના પાણી ખેતરે ન પહોંચ્યા.

આ શાખા પ્રકરણની સાચી હકીકતો હાથ કરવા નિગમના પ્રથમ અધ્યક્ષ હોવા છતાં પાણીના ઉપયોગ સંબંધે સત્ય બહાર લાવવા - માહિતીના અધિકાર કાનૂન હેઠળ તા. ૧લી મે, ૨૦૧૩ના રોજ કેટલીક માહિતી નિગમ પાસે માંગી. જે મને નિગમના જાવક નંબર ૬૫૧/૧૦:૦૫:૨૦૧૩ થી મળી છે.

ઉપરોક્ત જાવક નંબર પરથી મળેલ માહિતી સાચી સ્થિતિ ઉઘાડી પાડે છે.

૨૦૧૩ના ઉનાળામાં સૌરાષ્ટ્રમાં પાણીની ખાસ કરીને પીવાના

પાણીની મુશ્કેલી ઊભી થઈ અને સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામનગર અને ભાવનગર જેવા પ્રમુખ શહેરોમાં અને નાના ગામડાંમાં નર્મદાના પાણી આપવાની ઠેરઠેર માંગ ઊઠી અને અત્યાર સુધી નર્મદા આધારિત પાણી પૂરું પાડવા અબજોના ખર્ચે પાઈપલાઈન, ઓવરહેડ ટાંકી, મોટા સંપ અને વોટર ફિલ્ટ્રેશન પ્લાન્ટ ઊભા કરી યોજનાની સફળતાના મોટા દાવા કરાયેલા, એ ટૂંકા પડ્યા છે.

આવી પરિસ્થિતિમાં બંધની હાલની ઊંચાઈ જે ૧૨૧.૯૨ મીટર છે એના પર દરવાજા મૂકાય એટલે ઊંચાઈ એની મંજૂર થયેલી ઊંચાઈ ૧૩૮.૬૭ મીટરે પહોંચે. આ દરવાજા મૂકવાનું બાકી છે. તે ગુજરાત વિરોધી બળો થવા દેતા નથી એમ કહી સત્તા પરનો પક્ષ અને મોવડીઓ પાણી પૂરું પાડવાની નિષ્ફળતાનો સમગ્ર દોષ ભારત સરકાર પર મૂકે છે. આ આક્ષેપમાં કેટલું વજૂદ છે?

તેમજ નર્મદા બંધમાંથી બંધના દરવાજામાંથી છોડાતું નર્મદા યોજનાનું પાણી કેટલું છોડવામાં આવે છે અને એ ક્યાં અને કેમ વપરાય છે તેની વિગતો મેળવવા આર.ટી.આઈ. દ્વારા નિગમ પાસેથી ઉપરની માહિતી મેળવી છે.

હવે આ માહિતીને જો બરાબર સમજીએ તો સ્પષ્ટ થાય છે કે છેલ્લા પાંચ વરસમાં ૪૦ લાખ એકરમાં સિંચાઈ થાય તેમજ યોજના પ્રમાણે બધા ગામડાં અને શહેરોને પીવાનું પાણી મળી રહે એટલું પાણી છોડાયું છતાં મુખ્ય નહેરમાંથી ખેડૂતના ખેતર સુધી અને ગામડાં સુધી પાણી લઈ જવા માટે શાખા, ઉપશાખા, પ્રશાખા અને માઈનોર સુધીના કામો સરકાર કરવામાં નિષ્ફળ રહી છે. એના કારણે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને હાલની સ્થિતિ ભોગવવાનો વારો આવ્યો છે.

આ બધી બાબતો આપણે ઉપરની માહિતીમાંથી તારવીએ –

૧. શું હાલની બંધની ઊંચાઈ નર્મદાના પાણી છેક કચ્છના ગામડાં સુધી પહોંચાડવા પૂરતી છે? દરવાજા મૂકવાના બાકી છે. એનાથી આ પુરવઠામાં ફેર પડે ખરો?

પ્રારંભિક પ્રશ્નોમાં નિગમે જણાવ્યું છે કે નર્મદા બંધની ઊંચાઈ પૂરેપૂરી ૧૩૮.૬૮ મીટર FRL થયા પછી Dead Storage ના જથ્થાને બાદ કરતાં ૪.૬૭ મિલિયન એકર ફીટ (૫૭૬૦ મિલિયન ઘનમીટર) જથ્થો મળે. ગુજરાતને ટ્રિબ્યુનલના ચુકાદામાં કુલ નવ મિલિયન એકર ફીટ પાણી ફાળવાયું છે. એટલે બાકીનું પાણી ૪.૩૩ મિલિયન એકર ફીટ મધ્યપ્રદેશે ઉપરવાસમાંથી છોડવાનું છે તે મળતા નવ મિલિયન એકર ફીટ મળી રહે. આમ Dead Storage પાણી વાપર્યા વગર થઈ શકે. Dead Storage એટલે મુખ્ય નહેરથી બંધના તળિયા સુધી કાયમ બાકી રહેતા પાણીનો જથ્થો. આ જથ્થો ઉપયોગમાં લેવા હાલના નહેરના મુખથી નીચા લેવલે એક બાયપાસ ટનલ બનાવી છે. જે દુષ્કાળ અગર અછતની સ્થિતિ માટે બનાવાઈ છે.

હવે બંધની હાલની ઊંચાઈએ કેટલું પાણી મળે? એ પ્રશ્નના જવાબમાં સ્પષ્ટ જવાબ મળ્યો છે કે - "બંધની હાલની ૧૨૧.૯૨ મીટર ઊંચાઈ છે. આટલી ઊંચાઈએ બંધ ભરાયા બાદ જો બંધ FRL સુધી ભરી શકાય તો ઓવરફ્લો દરમ્યાન વધારાનો ૩.૪ એમ.એ.એફ. જથ્થાનો સંગ્રહ થઈ શકે. તો આશરે ૬.૮ મિલિયન હેક્ટરમાં સિંચાઈ થશે. જ્યારે નર્મદા યોજનાથી ૧.૮૪૫ મિલિયન હેક્ટરમાં સિંચાઈ કરવાનું લક્ષ્યાંક છે. ચાર ગણું પાણી મળી રહે.

૨૦૧૧ અને ૨૦૧૨ના વરસની વાત કરીએ તો આ બે વરસમાં ૨૦૧૧માં ૧૦.૫૯ મીલી એકર ફીટ ઓવરફ્લો થયું હતું. જ્યારે ૨૦૧૨માં, ગુજરાતમાં જરૂર કરતાં ઓછો વરસાદ થયો હતો. છતાં પણ ૧૨.૪૫ મી. એકર ફીટ બંધની છલતી ઉપરથી ઓવરફ્લો થઈ દરિયામાં ગયું હતું. જો નહેરોની ગુંથણી રાજ્ય સરકારે આ દસ વરસમાં પૂરી કરી હોત તો આ ઓવરફ્લોના પાણીથી બધા બંધો છલોછલ ભરી શકાયા હોત અને અછતની જરા સરખી પણ અસર થઈ ન હોત.

આજે તો 'પાડાના વાંકે પખાલીને ડામ' થયો છે.

રાજ્ય સરકાર જેમ પોતાની ભૂલ દરવાજા મૂકવાની પરવાનગીના નામે કેન્દ્ર પર ઢોળે છે એમ મધ્યપ્રદેશ પર ઢોળી ગુજરાતને ગુમરાહ ન કરે એટલા માટે નિગમને પૂછ્યું હતું કે ટ્રિબ્યુનલે મધ્યપ્રદેશને જેટલું પાણી છોડવાનો ચુકાદો આપ્યો છે તેનાથી ઓછો જથ્થો છેલ્લા પાંચ વરસમાં છોડવાનો પ્રસંગ બન્યો છે? તો જોશો કે નિગમે જણાવ્યું છે કે –

"છેલ્લા પાંચ વરસમાં મધ્ય પ્રદેશને જેટલું પાણી છોડવાનો ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો છે તેનાથી ઓછું પાણી છોડવાનો પ્રસંગ ઊભો થયો નથી."

છેલ્લા પાંચ વરસમાં સરોવર છલકાઈને બંધની છલતી પરથી ઓવરફ્લો થઈ સમુદ્રમાં કેટલું પાણી ગયું એના આંકડા નિગમે આપ્યા છે. આ બતાવે છે કે પાંચ વરસમાં ૨૦૦૮ને બાદ કરતાં છેલ્લા ચાર વરસમાં ૨૫.૮૭ મિલિયન એકર ફીટ પાણી દરિયામાં ગયું અને વિશ્વમાં સૌથી વધુ વહનશક્તિ એટલે ૪૦,૦૦૦ ક્યુસેક વહન શક્તિની મુખ્ય નહેર બંધથી મહી અને સાબરમતી પાર કરી સૌરાષ્ટ્ર શાખા સુધીની અગાઉના તંત્રે કરી આપી હોવા છતાં ગુજરાતે પાણીના આટલા વિશાળ જથ્થાને દરિયામાં જવા દીધું. આને ગુનાહિત બેદરકારી ન કહેવાય તો શું વાઈબ્રન્ટ વહીવટનો નમૂનો ગણાવાય?

પૂછાયેલા પ્રશ્નોમાં એક સવાલ છેલ્લા પાંચ વરસમાં પ્રત્યેક વરસે કેટલું પાણી નિગમે બંધ પાસેથી મુખ્ય નહેરમાં છોડ્યું છે પણ વપરાયું ક્યાં? તો ઉપરની માહિતીમાં દરેક વરસ જુલાઈથી જૂન સુધીના વરસમાં મુખ્ય નહેરના હેડઆર પરથી છોડવામાં આવેલો જથ્થો મીલીએકર ફીટ અને મિલિયન ઘનમીટર (એમ.સી.એમ.)માં આપ્યો છે.

આ છોડાયેલા જથ્થામાંથી સિંચાઈ માટે વપરાયેલ જથ્થો, સિંચાઈ સિવાય પીવાના પાણી માટે, સુજલામ સુફલામ યોજના માટે, ગુજરાત વોટર સપ્લાય એન્ડ સુઅરેજ બોર્ડ, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., વોટર આર.ડી. અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અપાયેલ પાણીનો જથ્થો જવાબમાં આપ્યો છે. આના પરથી મુખ્ય નહેરમાંથી છોડાયેલા જથ્થા પૈકી સિંચાઈ અને પીવાના પાણી માટે વપરાયેલા જથ્થાને બાદ કરતા બાકીનું પાણી બતાવતું પત્રક તૈયાર કરી નીચે આપ્યું છે. પત્રકમાં સમજવામાં સરળ પડે એટલે આ જથ્થો મિલિયન એકર ફીટ અને મિલિયન ઘનમીટરમાં એમ બંનેમાં આપ્યો છે.

જૂઠું બોલનારથી જાતને દસ ફૂટ દૂર રાખજો પરંતુ જૂઠું હસનારથી તો જાતને દસ ગણી દૂર રાખજો.

ક્રમ	વર્ષ (જુલાઈથી જૂન)	મુખ્ય નહેર ૦ એચઆર થી છોડવામાં આવેલું પાણી	સિંચાઈ માટે	પીવાના પાણી જી.ડબલ્યુ.આઈ.એલ./ જી.ડબલ્યુ.એસ.એસ.બી./ સુજલામ સુફલામ / ડબલ્યુ.આર.ડી. / અ.મ્યુ. કોર્પો.	આ પાણી ક્યાં ગયું?
૧.	૨૦૦૮-૦૯	૪૮૮૮.૨ mcm ૩.૯૬ MAF	૩૪૮૦.૦૫ mcm ૨.૮૨ MAF	૮૭૧.૫૪ mcm ૦.૭૦ MAF	૫૩૬.૬૧ mcm ૦.૪૪ MAF
૨.	૨૦૦૯-૧૦	૬૭૮૯.૨૮ mcm ૫.૫૦ MAF	૪૩૪૮.૨૧ mcm ૩.૫૨ MAF	૧૨૨૮.૨૬ mcm ૦.૯૯ MAF	૧૨૮૨.૮૧ mcm ૧.૦૪ MAF
૩.	૨૦૧૦-૧૧	૪૫૫૫.૩૩ mcm ૩.૬૯ MAF	૧૩૯૮.૯ mcm ૧.૧૩ MAF	૧૧૧૧.૧૮ mcm ૦.૯૦ MAF	૨૦૪૫.૨ mcm ૧.૬૬ MAF
૪.	૨૦૧૧-૧૨	૭૫૧૨.૨૮ mcm ૬.૦૯ MAF	૨૪૧૭.૩૪ mcm ૧.૯૬ MAF	૧૨૩૪.૮૪ mcm ૧.૦૦ MAF	૩૮૬૦.૩ mcm ૩.૧૩ MAF
૫.	૨૦૧૨-૧૩ (૩૦-૪-૧૩ સુધી)	૮૪૬૯.૭૨ mcm ૬.૮૬ MAF	૩૩૦૨.૨૯ mcm ૨.૬૯ MAF	૧૬૨૪.૨૫ mcm ૧.૩૧ MAF	૩૫૮૩.૧૮ mcm ૨.૮૬ MAF

બંધમાંથી મુખ્ય નહેરમાંથી છોડાયેલા પાણીનો જથ્થો પછી રાજ્ય સરકારે નહેર વાટે આપેલ કે ખેડૂતોએ લીધેલો જથ્થો અને એવી જ રીતે પીવા માટે વિવિધ એજન્સીઓને ફાળવેલો જથ્થો પછી બાકીના પાણીનો જથ્થો ૨૦૦૮-૦૯ સિવાયના ચાર વરસોમાં ૧.૦૪ એકરફીટથી માંડી ત્રણ મિલિયન એકર ફીટ સુધીનો છે.

સવાલ એ ઉઠે છે કે આટલો બધો પાણીનો જથ્થો ક્યાં ગયો?

બે જ અનુમાન તારવી શકાય કે કાં તો એ પાણી નિગમના જવાબમાં આપેલ ૧૯ એસ્કેપ, પાઈપલાઈન કે એચ.આર. મારફત છોડાયો હોય કે કાં તો આ જથ્થો ઉદ્યોગોને અપાયો હોય.

ફરી સવાલ એક જ ઊઠે છે કે સિંચાઈ અને પીવાના પાણી માટે વપરાશ પછી બાકી બચેલો જથ્થો ક્યાં ગયો?

આટલું જ નહિં પણ આ વપરાશના આંકડા પણ સવાલનો ઉકેલ નથી કરતા પણ વધુ સવાલ પેદા કરે છે.

દાખલા તરીકે ૨૦૦૮-૦૯ના વરસમાં સિંચાઈ માટે વપરાયેલ પાણીનો જથ્થો ૨૦૦૮-૦૯ની તુલનામાં ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં ઘટે કેવી રીતે? અનો વરસોવરસ આટલી મોટી વધઘટ કેવી રીતે થાય?

એવી જ રીતે પીવાનું પાણી આ બધી એજન્સીને અપાય એનો જથ્થો વધુમાં વધુ ૧.૩૧ મિલિયન એકરફીટ અગર ૧૬૨૨.૨૪ મિલિયન ઘનમીટર છે, જે માત્ર ૧૯ ટકા છે. આ બતાવે છે કે ગુજરાતને પીવાના પાણી માટે જોઈએ તેટલું પાણી ઉપલબ્ધ છે, માત્ર વ્યવસ્થા નથી.

સૌથી આઘાતજનક હકીકત એ છે કે સિંચાઈ અને પીવાના પાણી માટે વપરાતા જથ્થા કરતા આ બાકી રહેલો જથ્થો વધુ છે.

સરદાર સરોવર યોજના અથવા નર્મદા યોજના પાછળ ખર્ચાયેલા રૂા. ૪૦ હજાર કરોડ મુખ્યત્વે તો ખેતી અને પીવાના પાણી માટેની યોજના માટે ખર્ચવાના હતા. એવી યોજના આ બે હેતુને બદલે બીજા હેતુ માટે કેમ બની ગઈ?

યોજનાનો અમલ છેલ્લા દસ વરસમાં વિકૃત રીતે કરનાર વ્યવસ્થાતંત્રને માફ કેવી રીતે કરી શકાય?

અંત્યોદય ભવન, પોલીસ પરેડ ગ્રાઉન્ડ સામે,
રાવપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧.

ચડતા દિનનું પારખું, નિત આવે મે'માન; પડતા દિનનું પારખું, ઘર ન આવે શ્વાન.

હરખાઓ, નર્મદા બંધ પૂર્ણ થશે
હવે સિંચાઈની ચિંતા કરીએ....

• ડો. વિદ્યુત જોષી •

(મંગલ મંદિર, ઓગસ્ટ - ૨૦૧૩નો લેખ)

છેલ્લા મહિનામાં બે સારા સમાચાર આવ્યા. એક, નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર પરથી ૧૩૬ મીટર સુધી લઈ જવાની પરવાનગી મળી અને બીજું, ઉપરવાસમાં હથનરમાં વરસાદ થતા સરદાર સરોવરમાં બંધના મથાળા સુધી પાણી ભરાયા. આ બંને સમાચાર ગુજરાત માટે અને ગુજરાતની જીવાદોરી એવી નર્મદા યોજના માટે સારા છે. શા માટે છે આ જીવાદોરી? પંજાબમાં ૮૦ ટકા સિંચાઈ છે, હરિયાણામાં ૬૬ ટકા સિંચાઈ છે, અખિલ ભારતીય સિંચાઈ સરેરાશ ૫૦ ટકા છે. જ્યારે ગુજરાતની સિંચાઈ માત્ર ૩૦ ટકા છે. નર્મદા આવતા બીજા ૧૮ ટકા ઉમેરાતા ૪૮ ટકા સિંચાઈ થાય. કલ્પસર અને અન્ય તમામ નાની-મોટી યોજનાઓ થતાં ગુજરાતની સિંચાઈ ક્ષમતા ૫૬ ટકા થાય. આથી ૧૮ ટકા સિંચાઈ સાથે નર્મદા યોજના ચોક્કસ જીવાદોરી ગણાય. નર્મદા બંધ ૧૯૪૬માં ભરૂચ યોજના તરીકે વિચાર્યો ત્યારથી કોઈને કોઈ વિવાદમાં ઘેરાયેલો રહ્યો છે. છેક ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ સુધી જે વિવાદો ઊભા થયા અને હલ થયા તેની વાત આ કટારમાં અગાઉ આવી ચૂકી છે. આજે વાત કરવી છે ૧૨૧.૯૨ મીટર પછીના વિવાદની.

સન ૨૦૦૪માં નર્મદા બંધની ઊંચાઈ ૧૧૦ મીટર હતી. આપણે વધારે ઊંચાઈ માટે ઈંદોરમાં આવેલી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી સમક્ષ અરજી કરેલી. કાનૂની પ્રક્રિયા એવી છે કે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પુનર્વસન પેટા સમિતિ કહે છે કે અમુક ઊંચાઈ સુધી ડૂબમાં જતાં લોકોનું પુનર્વસન થઈ ગયું છે. પછી ઊંચાઈ વધારવાની મંજૂરી એન.સી.એ. આપે. એટલે ૨૦૦૪ સુધીમાં આપણે ૧૨૧.૯૨ મીટર ઊંચાઈએ ડૂબમાં જતા અસરગ્રસ્તોનું પુનર્વસન કરી નાખ્યું હતું. હવે આ સમય દરમ્યાન મેધા પાટકરે કેન્દ્રના જળમંત્રી સૈફુદ્દીન સૌઝ સમક્ષ ફરિયાદ કરી હતી કે આ પુનર્વસન નથી થયું. સૌઝે આની તપાસ માટે સમિતિ નીમવાની વાત કરી. ગુજરાતમાંથી નર્મદા કર્મશીલોએ વડાપ્રધાન મનમોહનસિંઘને મળી કહ્યું કે આ વાત કેન્દ્ર સરકાર પાસે આવે જ નહીં. વડાપ્રધાને સમિતિ રદ કરી અને ગુજરાતને ૧૨૧.૯૨ મીટર સુધીની ઊંચાઈ પોતાના પ્રયત્નોથી મળી છે તેવું ગાઈ વગાડીને કહેવાના પ્રયાસો કર્યા, પરંતુ ઈતિહાસ ગવાહ છે કે હકીકતો તેમની તરફેણમાં નથી.

ત્યારબાદ એવો સતત પ્રચાર કરવામાં આવ્યો કે કેન્દ્રની આડોડાઈને કારણે નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨થી ૧૩૬ મીટર સુધી લઈ જવાની પરવાનગી મળતી નથી. મારી પાસે દસ્તાવેજ છે વધુ ઊંચાઈ ન મળવાનું કારણ મહારાષ્ટ્રના ૩૦૦ કુટુંબોનું પુનર્વસન હતું. આ જવાબદારી ગુજરાતની હતી. ગુજરાત જેટલું આ પુનર્વસન વહેલું પૂરું કરે એટલી વહેલી ૧૩૬ મીટર સુધીની પરવાનગી મળે. કૈંક સ્થિતિ એવી સર્જાઈ (કોના લીધે આમ થયું તેની ચર્ચા અહીં અસ્થાને છે) કે ૨૦૧૨ સુધી આ કુટુંબોનું પુનર્વસન ન થઈ શક્યું. આ વહી ગયેલા સમય દરમ્યાન અસરગ્રસ્ત કુટુંબમાં પુખ્ત વયની પુત્રીઓ ઉમેરાતા સંખ્યા ૪૦૦ ઉપર પહોંચી. ઈશ્વરનો પાડ માનો કે ગુજરાત દ્વારા પુનર્વસન કાર્ય પૂર્ણ થયું. ગુજરાતને ઊંચાઈ વધારવાની પરવાનગી મળી.

આ વચગાળાના સમયમાં ગુજરાતમાં નર્મદાના મુદ્દે અગાઉ જે સર્વપક્ષીય રાજકીય સંમતિ ઊભી થઈ હતી તે ભૂલાઈ ગઈ અને બંને મુખ્ય પક્ષો નર્મદાની ઊંચાઈ ન વધવામાં એકબીજાનો વાંક કાઢવા લાગ્યા. યાદ રહે, હજી આગળ જતાં નર્મદાને મુદ્દે કે કલ્પસરના મુદ્દે પણ રાજકીય સર્વસંમતિની જરૂર પડશે. આપણે આપણી પક્ષીય કે પક્ષમાં પણ અમુક નેતાલક્ષી વફાદારીને વ્યાપક સર્વ સંમતિમાં બદલવી પડશે. ખરો રાજકીય નેતા એ કહેવાય જે સંકુચિત હિતોથી ઉપર ઊઠી વ્યાપક સર્વસંમતિ માટે કડવા ઘુંટડા ગળી જઈ નીલકંઠ બની રહે.

પણ અહીં નર્મદા યોજના બાબતે એક બીજી વાત કહેવી પણ જરૂરી છે. ધારો કે ગુજરાત ૧૩૬ મીટર ઊંચાઈ પર વિના વિઘ્ને પહોંચી જાય છે અને ૬૦ ફૂટ ઊંચા અને ૬૬ ફૂટ પહોળા ૩૦ દરવાજા મૂકીને બંધનું કામ પૂર્ણ કરે છે તો પણ સિંચાઈનો પ્રશ્ન હલ થતો નથી. આનું કારણ એ છે કે બંધ બંધાયા પછી ખેતરોમાં પાણી પહોંચાડવા માટે નહેરોની જે વ્યવસ્થા કરાવી જોઈએ તે હજી થઈ જ નથી. બંધ ન બંધાવા માટે ધારો કે ગુજરાત બહારનાં અને આપણી પહોંચ બહારનાં પરિબળો જવાબદાર હતા, પણ નહેરની વ્યવસ્થા ન ઊભી થઈ શકી તે માટે તો બહારનાં કોઈ પરિબળો જવાબદાર નથી. કુલ ૭૬૬૨૬ કિ.મી.ના કેનાલ નેટવર્કમાંથી માત્ર ૧૯૮૮૩ કિ.મી.નું નેટવર્ક જ તૈયાર થયું છે. ખેતરો સુધી પાણી કઈ રીતે પહોંચાડશો? આ કેનાલ નેટવર્કમાં મુખ્ય નહેરોનાં અનેક કામો તો થઈ ગયાં છે. પરંતુ ગામડામાં અને ખેતરોમાં પાણી પહોંચાડવાનાં કામો એટલે કે સબ માઈનોર અને ખેતરના ઢાળિયાઓનાં કામો લગભગ થયા નથી. સરકારી આંકડા મુજબ ૩૩૦૦માંથી ૧૧૦૦ પાણી મંડળીઓ બની ગઈ છે. પરંતુ આ મંડળીઓ કાગળ પર બની છે. મંડળીઓ બનાવવા માટે સામાજિક ઈજનેરીની જે ક્ષમતા જોઈએ તે થઈ નથી. આ કામ ઈજનેરોએ કર્યું. તેઓ આ કામ માટે સક્ષમ નહોતા. તેમણે સામાજિક ઈજનેરીની પ્રક્રિયા કર્યા વિના મંડળીઓ

બનાવી. આથી ઢાળિયા ન બન્યા અને કોષી વિજ્ઞાનના નિયમ મુજબ પાકનું આયોજન ન થયું. ગામમાં સર્વસંમતિની પ્રક્રિયાથી પાણીનું જે સમયપત્રક બનવું જોઈએ તે પણ ન બન્યું. પછી તેમણે એવી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કામમાં પછીથી જોડી, જે બગડેલી સ્થિતિ ન સુધારી શકી. હવે ૧૩૬ મીટર પછી પણ તમે ખેતરોમાં પાણી ન આપી શકો તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું પડે. ફરી આપણે અહીં કોઈનો વાંક કાઢવાને બદલે હવે શું થઈ શકે તે વિચારવું પડે. ફરીથી ગુજરાતમાંથી નીવડેલી સ્વૈચ્છિક સંસ્થાઓને પસંદ કરીને ફરીથી મંડળીઓ બનાવવાના કામમાં જોતરવી પડે. આમાં જો રાજકારણ લાવ્યા તો નર્મદા યોજનાની સિંચાઈ વ્યવસ્થા નિષ્ફળ જવાની છે તે સમજી લેવું પડે. આ વિષય જનરંજની રાજકારણનો નથી. સૂત્રો પોકારીને નર્મદા વિરોધીઓ સામે લડવાનો નથી. જેમ બંધ બનાવવાનું એક શાસ્ત્ર છે તેમ મંડળીઓ બનાવવાનું પણ શાસ્ત્ર છે તેને અનુસરવું પડે. પક્ષીય, જ્ઞાતિગત કે પંથથી નિરપેક્ષ રહીને 'ખેડૂત માત્ર પાણીને પાત્ર' સૂત્ર મુજબ સિંચાઈમાં લોકોની ભાગીદારી માટે ખેડૂતોની સાથે સંવાદ કરીને ખેડૂતોનાં હિતોને ધ્યાનમાં લઈને પાણી મંડળી બનાવવાના પ્રયાસો કરવા જોઈએ. આમ નહીં થાય તો ગુજરાતનાં હિતોની વિરુદ્ધના લોકો સામે લડવામાં આપણે સફળ થયા પરંતુ આપણા પોતાના લોકો સામે હારી જઈશું.


સૌજન્ય : 'દિવ્ય ભાસ્કર'

૪૪, સાંકેત-૩, શ્રીનંદ સિટી,
વેજલપુર, અમદાવાદ. ફોન : ૨૬૮૧૧૪૯૮
મો. ૯૮૨૫૦ ૬૪૭૪૮

વયસ્ક સમિતિ — નાગેશ્વર પ્રવાસની તસવીરી ઝલક







કરવું તો નવું કરવું, પણ વરવું ન કરવું.

'મંગલ મંદિર' — લવાજમ પ્રથાનો અમલ

પોસ્ટલ ડિપાર્ટમેન્ટનો વર્ષો જૂનો નિયમ હતો કે કોઈ પણ મેગેઝિન, મુખપત્ર વગેરેને ઉત્તેજન આપવા માટે જે તે પ્રકાશન સંસ્થાને પોસ્ટલ ખર્ચમાં કન્સેશન આપવું. અને એ પ્રમાણે તેઓ આ પ્રકારના મેગેઝિનોને અત્યાર સુધી કન્સેશનલ દરથી તેવા આર્ટિકલ્સ પોસ્ટ કરવાની પરમિશન આપતા હતા.

ત્યારબાદ તેઓએ આ નિયમની સમીક્ષા કરી. આ સમીક્ષામાં પોસ્ટલ ડિપાર્ટમેન્ટ તરફથી એવું તારણ કાઢવામાં આવ્યું કે કેટલાક મેગેઝિનો વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. તેનો મતલબ એ થયો કે જે તે સંસ્થા અથવા મુખપત્ર ચલાવનાર પાર્ટી આર્થિક રીતે સક્ષમ છે. અને જો તે સંસ્થા સક્ષમ હોય તો તેઓને કન્સેશનલ દરથી પોસ્ટ કરવાની પરમિશન આપવામાં આવે, તે યોગ્ય નથી. **પરિણામે પોસ્ટલ ડિપાર્ટમેન્ટ તરફથી એવું નક્કી કરવામાં આવ્યું કે જે મુખપત્ર લવાજમ લઈને પોસ્ટ કરવામાં આવે છે તેઓને કન્સેશનલ દરનો ફાયદો આપવો અને જે મુખપત્ર વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે તેઓને કન્સેશનલ દરથી પોસ્ટ કરવાની પરમિશન આપવી નહીં.** પરિણામે વિનામૂલ્યે પ્રસારિત થતા મેગેઝિનો પર ઓછામાં ઓછો ૪ ગણો પોસ્ટલ ખર્ચ વધી જાય. જે કોઈ રીતે જે - તે સંસ્થાને પરવડે નહીં. તેથી ફરજિયાતપણે દરેક સંસ્થાઓએ પોતાના મુખપત્ર માટે લવાજમ પ્રથાનો અમલ કરવાનું શરૂ કર્યું છે. તદુપરાંત જ્યારે પોસ્ટમાં આ મેગેઝિન પોસ્ટ કરવા આપવામાં આવે ત્યારે તેઓ તેમાંથી કોઈ પણ ૫૦ અંક ચૂંટી કાઢી તેઓના લવાજમ ભરાય છે કે નહીં તેની ચકાસણી કરે અને ચકાસણી કરતાં ખ્યાલ આવે કે આમાંથી એક કે વધુ મેગેઝિનના લવાજમ લેવામાં આવતા નથી તો તેઓ કન્સેશનલ દરનો ફાયદો કેન્સલ કરી શકે છે. તે સંજોગોમાં દરેક પ્રકાશન સંસ્થાએ પોતાના મેગેઝિનને કન્સેશનલ દરે પોસ્ટ કરવાનો ફાયદો લેવો હોય તો ફરજિયાતપણે દરેક પાસેથી છૂટક કોપીની કિંમત વસુલવી પડે અથવા લવાજમ પ્રથાનો સક્રિયપણે અમલ કરવો જ જોઈએ.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે નક્કી કરેલ છે કે અત્યાર સુધી સમાજના દરેક નોંધાયેલા સભ્યને, કોઈ પણ મહાનુભાવને તેમજ કોઈ પણ જાહેર સંસ્થાને કોમ્પ્લિમેન્ટરિ કોપી મોકલવી નહીં. હવે દરેક પાસેથી લવાજમ ઉઘરાવવું જરૂરી છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને જેઓને કોમ્પ્લીમેન્ટરી કોપી મોકલવામાં આવે છે એ દરેક સભ્ય કે મહાનુભાવ કે જાહેર સંસ્થાને એક નમ્રભેર અપીલ કરવામાં આવે છે કે જો તેઓએ પોતાને ત્યાં 'મંગલ મંદિર' મંગાવવાનું ચાલુ રાખવાનું હોય તો તેઓ વહેલી તકે પોતાનાં લવાજમનો ચેક "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો લખીને મોકલાવી આપે. લવાજમના દર નીચે મુજબના રાખવામાં આવેલ છે.

પોસ્ટ ખાતાના નિયમો પાળવાનું ફરજિયાત હોતાં, નાછૂટકે અમારે ઉપરોક્ત અનિવાર્ય નિર્ણય લેવો પડે છે.

★ એક વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-

★ ત્રણ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-

★ પાંચ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-

★ આજીવન એટલે કે પંદર વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-

શક્ય હોય ત્યાં સુધી આજીવન લવાજમ મોકલી આપવા આપ સહુને અપીલ કરવામાં આવે છે.

આપ સહુના હાર્દિક સહકારની અપેક્ષા સહ,

પ્રતાપ નારાણજી દંડ

માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

JNK Lifters Pvt. Ltd.

Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747

302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

યુવા વિકાસ સમિતિ આયોજિત નવરાત્રિ મહોત્સવ

રવિવાર,
તા. ૯-૧૦-૨૦૧૩



ખેલૈયાઓની આગવી અદા



સ્માઈલ પ્લીઝ!!! ના, ના, સ્ટાઈલ પ્લીઝ!!!



નવતર સ્ટાઈલ, નવતર અંદાજ....




નાચો આજ.... ચાર દોસ્તો કે સંગાથ... ઝુમો આજ....



રાસની રમઝટ



હમ હમ હૈ, બાકી પાની કમ હૈ....



પરિણામ તૈયાર કરવામાં વ્યસ્ત નિર્ણાયકશ્રીઓ



સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતાના હસ્તે
બેસ્ટ જોડીને ઈનામ વિતરણ



શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલાના હસ્તે
બાળ વિજેતાને ઈનામ વિતરણ



શ્રી કાંતિલાલ વેલજી સાવલા અને
શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલાના હસ્તે
ઓવરઓલ બેસ્ટ પરફોર્મન્સ માટે
માનસી સંઘવી અને અજિત કોઠારીને
શિલ્ડ એનાયત થયેલ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

નવીનીકરણ પામેલ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન

રવિવાર,
તા. ૨૦-૧૦-૨૦૧૩



નવીનીકરણવાળા મેડિકલ સેન્ટરના મુખ્ય દ્વારનું ઉદ્‌ઘાટન – નવનીત ગ્રુપના શ્રી સુનીલભાઈ ગાલાના વરદ હસ્તે...
તેમની સાથે શ્રી રાજુભાઈ ગાલા, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શાંતિલાલભાઈ મારૂ, શ્રી દીપકભાઈ ભેદા
તેમજ સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, ટ્રસ્ટીશ્રીઓ ડૉ. ચંદ્રકાંત દેઢિયા,
શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી અશ્વિન સાવલા વગેરે દૃષ્ટિગોચર થાય છે.



નવનીત મેડિકલ સેન્ટરની તક્તીનું અનાવરણ કરતા...
શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી અને તેમની પાછળ
સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ નજરે પડે છે.



શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરની
તક્તીનું અનાવરણ કરતા
શ્રીમતી નીલમબેન ધીરજલાલ કાપડિયા




પેથોલોજી લેબોરેટરીનું ઉદ્‌ઘાટન કરતા શ્રી સંજયભાઈ ગાલા.
તેમની સાથે શ્રી રાજુભાઈ ગાલા તથા શ્રી સુનીલભાઈ ગાલા



મેડિકલ સેન્ટરમાં એક્સ-રે વિભાગનું ઉદ્‌ઘાટન કરતા
શ્રી શાંતિલાલ મારૂ અને શ્રી દીપકભાઈ ભેદા.
તેમની સાથે સમાજના પ્રમુખશ્રી અને ટ્રસ્ટીઓ નજરે પડે છે.



આંખ વિભાગનું ઉદ્‌ઘાટન કરતા શ્રી સુશીલભાઈ કાપડિયા.
તેમની સાથે શ્રીમતી નીલમબેન કાપડિયા



મેડિકલ સેન્ટરના ડેન્ટલ વિભાગનું ડૉ. હિતેન્દ્ર શાહના હસ્તે
ઉદ્‌ઘાટન થઈ રહ્યું છે. તેમની સાથે સમાજના હોદ્દેદારશ્રીઓ અને ટ્રસ્ટીશ્રીઓ.



મેડિકલ સેન્ટરના ઓર્થોપેડિક વિભાગનું ઉદ્‌ઘાટન
ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ શાહ અને તેમના પત્ની શ્રીમતી તરૂલતાબેન શાહના
હસ્તે થઈ રહ્યુ છે. તેમની પાછળ ટ્રસ્ટીશ્રીઓ
(ડાબી બાજુથી) શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી શાંતિલાલભાઈ સાવલા
અને ડૉ. ચંદ્રકાંત દેઢિયા નજરે પડે છે.



મેડિકલ સેન્ટરના જનરલ ઓપરેશન થિયેટરનું ઉદ્‌ઘાટન થયા બાદ અંદરના ભાગમાં
નિરીક્ષણ કરી રહેલા દાતાશ્રીઓ અને અન્ય મહાનુભાવોશ્રી દૃષ્ટિગોચર થાય છે.
ડાબેથી શ્રી સંજયભાઈ ગાલા, શ્રી રાજુભાઈ ગાલા, બહેનશ્રી અનામિકા,
શ્રીમતી રૂક્ષ્મણીબહેન, શ્રી સુનીલભાઈ ગાલા તથા શ્રી સંદીપભાઈ ગાલા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શરદોત્સવના કાર્યક્રમની તસવીરી ઝલક

શુક્રવાર,
તા. ૧૮-૧૦-૨૦૧૩



શરદ પૂનમોત્સવ.... સખીઓના સંગાથે તાલ...



સૂર... ઓરકેસ્ટ્રા અને તાલની રમઝટ....



ઓ ચાંદ ખિલા.... ઓ તારે હસેં.... ખેલૈયાઓની રંગીન ઝલક



શરદ પૂનમોત્સવ... દાંડિયા રાસ સ્પર્ધાના સૌજન્યદાતા ગૂર્જર પરિવારના શ્રી પંકજભાઈ શાહ હસ્તક બાળ વિજેતાને ઈનામ વિતરણ (ડાબી તરફ). વચ્ચે સમાજના ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને પ્રમુખ શ્રી અશોક મહેતા.

નવું વર્ષ સર્વે મિત્રો,
સ્નેહીજનો તથા
શુભેચ્છકોને
લાભદાયી નીવડે
એ જ
શુભ કામના....




GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN



સરનામા ફેરફાર

- **કુંવરજી રામજી સાવલા**
  ત્રિમંદિર સંકુલ, એ.ટી.પી.એલ., સાધના, બી-૧૨-૪૫૯, અડાલજ, જિ. ગાંધીનગર-૩૮૨ ૪૨૧.
  મો. ૭૫૬૭૩ ૭૩૬૬૭
- **જીનેશ જિતેન્દ્ર પટવા**
  જે-૯૦૩, પરિષ્કાર-૧, ખોખરા સર્કલ, ખોખરા, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
- **સુનિલ ખીમચંદ છેડા**
  સી-૧૦, શેફાલી એપાર્ટમેન્ટ, લાવણ્ય સોસાયટી સામે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

મોબાઈલ નંબર ફેરફાર

- **શ્રીમતી ચંદનબેન કુંવરજી પાશ્વીર નાગડા**
  મો. ૯૮૨૫૭ ૯૯૮૯૦

પુત્ર જન્મ

- **શુકવાર, તા. ૪-૧૦-૨૦૧૩**
  ચિ. પાર્શ્વ બોસ્કી વિશાલ અનિલ શાહ (મોતા) (સુથરી - અમદાવાદ)

પુત્રી જન્મ

- **ગુરુવાર, તા. 3-૧૦-૨૦૧૩**
  ચિ. મોક્ષા મિનલ ધનરાજ રામજી દેઢિયા (ગઢશીશા - અમદાવાદ)

અવસાન નોંધ

- **અજિતકુમાર અજરામર દોશી (મુંદ્રા - અમદાવાદ)** (ઉં.વ. ૭૫) સોમવાર, તા. ૧૬-૯-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **પૂનમચંદ પાસુભાઈ મેશેરી (લાલા - મુલુંડ)** (ઉં.વ. ૮૩) મંગળવાર, તા. ૨૪-૯-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **હીરજી વેરશી સાવલા (દેશલપુર - મુંબઈ)** (ઉં.વ. ૮૮) બુધવાર, તા. ૯-૧૦-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.

સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

સાભાર સ્વીકાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.

વૈયાવચ્ચ ખાતે

રૂા. ૨૫૧/- શ્રી અશોકભાઈ મોરબિયા - મુંબઈ
રૂા. ૪૦૧/- શ્રી પરેશભાઈ શેઠ - વાપી
રૂા. ૨૨,૭૨૫/- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યશ્રીઓ તરફથી તા. ૨૨-૯-૨૦૧૩ના સ્વામિવાત્સલ્યના જમણવારના દિવસે સમાજને સપ્રેમ ભેટ

શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૨૦,૦૦૦/- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - અમદાવાદ
રૂા. ૨૫૧/- શ્રી અજય ડુંગરશી દેઢિયા - મુંબઈ

શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫૦૧/- શ્રી મૂકેશ અમૃતલાલ મૈશેરી - અમદાવાદ

તબીબી સહાય યોજના ખાતે

રૂા. ૧૦૦૧/- શ્રી હંસરાજભાઈ એલ. ગડા - મુંબઈ

'મંગલ મંદિર'ને ભેટ

રૂા. ૧૦૦૧/- શ્રી હંસરાજભાઈ એલ. ગડા - મુંબઈ
રૂા. ૧૦૦૧/- શ્રીમતી મીનલ ધનરાજ દેઢિયા (ગઢશીશા - અમદાવાદ) તરફથી પુત્રી ચિ. મોક્ષાના જન્મ નિમિત્તે

સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતાની હાજરીમાં મેરેજ બ્યુરો સમિતિની એક મીટિંગ તા. ૧૬-૧૦-૧૩ના રોજ મળી હતી. જેમાં નીચે મુજબ જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. સમાજના યુવકો અને યુવતીઓ (અપરીણિત)ના બાયોડેટા સમાજના મુખપત્રમાં નિયમિત રૂપે પ્રસિધ્ધ કરવા જરૂરી વિગત તૈયાર કરવી.

૨. સમાજના ઉંમર વર્ષ ૧૮થી ૩૦ વર્ષના યુવકો અને યુવતીઓના નામ, અભ્યાસ વગરે માહિતી 'મંગલ મંદિર'માં નિયમિત આપવી.

૩. ગત પરિચય મિલન સંમેલન સંબંધિત પુસ્તકોમાં પ્રસિધ્ધ થયેલ યુવક - યુવતીઓના નામ - સરનામે પત્ર લખીને જરૂરી ફોર્મમાં વિગત મેળવવા કાર્યવાહી કરવી.

કન્વીનર : હીરજી પાસુ શાહ

સફળ થવાના બે રસ્તા : ગમતું કામ કરો, યા કામને ગમતું કરો.

કચ્છી ચલો પેજિસની કાર્યવાહી

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છીઓના વ્યવસાયના અંદાજિત ૨૦૦૦ ફોર્મ્સ અમારી પાસે ભરાઈને આવી ગયેલ છે. અંદાજિત ૫૦૦ જેટલા અલગ અલગ વ્યવસાયના કચ્છીઓના ફોર્મ્સ બાકી રહે છે. એ દરેક પેઢી કે વ્યક્તિને જરૂરિયાત મુજબના ફોર્મ્સ મોકલી આપવામાં આવેલ છે. એ દરેક કચ્છી મહાનુભાવને વિનંતી કે તેઓ પોતાના ફોર્મ ભરીને તા. ૨૫-૧૧-૨૦૦૩ અગાઉ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદના સરનામે મોકલી આપે.

આ પ્રકારના દરેક ફોર્મમાં પાછળની બાજુ જાહેરાતના દરો આપવામાં આવેલ છે. આપને અનુકૂળ પડે એ પ્રકારની જાહેરાત મોકલી આપવા આપ દરેકને અનુરોધ કરવામાં આવે છે.

આવેલ દરેક ફોર્મની ચકાસણીનું કાર્ય હાલે ચાલુ છે. તેમાં કોઈ વિગત ખૂટતી હોય તો તે માટે અમારા પ્રતિનિધિશ્રીનો આપના પર ફોન આવે ત્યારે જરૂરી વિગત અથવા તો ખૂટતી વિગત ફોન પર આપી સહકાર આપવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

જેઓ અત્યાર સુધી જાહેરાત આપી ચૂક્યા છે, તેઓને પોતાની જાહેરાતની મેટર અને જરૂરી એમાઉન્ટનો ચેક શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. ચેક "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો લખવા વિનંતી કરવામાં આવે છે.

આપની આજુબાજુના કચ્છી પરિવાર અથવા તો આપના સંબંધી કચ્છી પરિવાર આ બાબતે અજાણ હોય તો તેઓને જાણ કરી, તેઓના માટે ફોર્મ મંગાવી, તેમાં જરૂરી વિગત ભરી, વહેલાસર પરત મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી નિયાણી બહેનો પણ પોતાના પરિવારના વ્યવસાયના ફોર્મ ભરી શકે છે. અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના કોઈ પણ પ્રકારના સભ્ય પણ આ બિઝનેસ ડિરેક્ટરી માટે પોતાના વ્યવસાયના ફોર્મ ભરી શકે છે.

આ બિઝનેસ ડિરેક્ટરી મુખ્યત્વે નીચે મુજબના ત્રણ ભાગમાં વહેંચાયેલી રહેશે :

"એ" ટાઈપ : વ્યવસાયિક પેઢીની માહિતી

"બી" ટાઈપ : પ્રોફેશનલ પેઢી / વ્યક્તિની માહિતી

"સી" ટાઈપ : સરકારી અથવા કોર્પોરેટ ક્ષેત્રના ઉચ્ચ અધિકારી

દરેકને પોતાના ફોર્મ્સ વેળાસર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

"કચ્છી ચલો પેજિસ" ડિરેક્ટરીનું વિમોચન તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ હોવાથી ઉપરોક્ત વિગતોનો અમલ તા. ૧૫-૧૧-૨૦૧૩ સુધીમાં કરવા સહુને અપીલ કરવામાં આવે છે. તા. ૧૫-૧૧-૨૦૧૩ બાદ આવેલ ફોર્મ્સ ગણનામાં લેવામાં આવશે નહીં. તેમજ એ તારીખ બાદ આવેલ જાહેરાતની મેટરનો પણ સ્વીકાર કરવામાં આવશે નહીં તેની નોંધ લેવા સહુને વિનંતી.

મનુભાઈ શાહ
કન્વીનર - કચ્છી ચલો પેજિસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

યુવા વિકાસ સમિતિ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન

યુવા વિકાસ સમિતિ યોજે છે.....

૧. શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ ૨૦૧૩-૧૪

આ કાવ્ય હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં વ્યવસ્થિત રીતે લખીને બંધ કવરમાં, ઉપર "કાવ્ય હરીફાઈ" - યુવા વિકાસ સમિતિ લખીને, શ્રી કચ્છી જૈન ભવન ઉપર પહોંચાડવાની રહેશે.

૨. શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ ૨૦૧૩-૧૪

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) અને વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં પાનાની એક બાજુએ વ્યવસ્થિત રીતે લખીને તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી બંધ કવરમાં, ઉપર "વાર્તા હરીફાઈ" - યુવા વિકાસ સમિતિ લખીને, શ્રી કચ્છી જૈન ભવન ઉપર પહોંચાડવાની રહેશે.

ઉપરોક્ત બંને હરીફાઈ માટેના નિયમો :

૧. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, ફોન નંબર સ્પષ્ટ રીતે લખવા.
૨. બંને હરીફાઈની કૃતિઓ અલગ અલગ કવરમાં મોકલવી.
૩. કવર ઉપર કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, પાલડી, અમદાવાદ લખવું.
૪. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

પીયૂષ સાવલા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ

પ્રાર્થના એવી રીતે કરો કે બધો આધાર ખુદા ઉપર છે. પ્રયત્ન એવી રીતે કરો કે બધો આધાર ખુદ ઉપર છે.

નવીનીકરણ પામેલ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન

રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના કાર્યક્રમનો અહેવાલ

કવિ ઈન્દિવરે રચેલ, મન્ના ડે ના કંઠે ગવાયેલ, કલ્યાણજી આણંદજીએ સ્વરબધ્ધ કરેલ, હિન્દી ફિલ્મ "સફર"નું આ ગીત જુઓ:

નદિયાં ચલે, ચલે રે ધારા,
ચંદા ચલે, ચલે રે તારા.
તુજકો ચલના હોગા, તુજકો ચલના હોગા....

જીવન કહીં ભી ઠહરતા નહીં હૈ,
આંધીસે, તૂફાંસે, ડરતા નહીં હૈ,
તૂ ના ચલેગા તો ચલ દેગી રાહેં....

મંઝિલકો તરસેગી તેરી નિગાહેં
તુજકો ચલના હોગા, તુજકો ચલના હોગા....

પાર હુઆ વો રહા જો સફર મેં
જો ભી રુકા, ઘિર ગયા વો ભંવર મેં
નાવ તો ક્યા, બહ જાયે કિનારા
બડી હી તેજ સમય કી હૈ ધારા,
તુજકો ચલના હોગા, તુજકો ચલના હોગા....

ઉપરોક્ત ગીતના રચયિતાએ જિંદગીના અનુભવનો સાર આ ગીતમાં રજૂ કરી દીધેલ છે. "તુજકો ચલના હોગા, તુજકો ચલના હોગા..." એ સિધ્ધહસ્ત હકીકત છે કે ગમે તેવી પરિસ્થિતિ આવે, તેની વચ્ચે આ દુનિયા ચાલતી જ રહે છે. કોઈ પણ સ્થળે રૂકાવટનું નામોનિશાન નથી. પરિણામે દરેક વ્યક્તિએ ચાલતા જ રહેવું પડે છે.... ચાલતા જ રહેવું પડે છે. ગમે તે પરિસ્થિતિની વચ્ચે પણ તે ચાલતો જ રહે છે.

બરાબર આ જ પ્રકારની પ્રક્રિયા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે બની ગઈ.

નવીનીકરણ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના સવારમાં ૧૦ વાગે યોજવામાં આવેલ હતો.

નવનીત મેડિકલ સેન્ટરના મુખ્ય દાતા **નવનીત પરિવારના અમદાવાદ ખાતેના મોભી શ્રી છોટુભાઈ ગાલા**ના ઘૂંટણના ઑપરેશન માટે તેઓને અઠવાડિયા અગાઉ જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. ઘૂંટણનું ઑપરેશન તો બરાબર રીતે પાર પડ્યું. પરંતુ તેના કારણે તેમના જૂના રોગ કિડની પર અસર થઈ અને તેઓ એકદમ અસ્વસ્થ બની ગયા. કિડની બરાબર કામ કરવા ન લાગી. પરિસ્થિતિએ ગંભીર રૂપ ધારણ કર્યું. કુટુંબીઓ એકદમ તંગ પરિસ્થિતિમાં આવી ગયા. દરેક પ્રકારની ઉચ્ચ સારવાર આપવામાં આવી. પરિસ્થિતિ થોડી સુધરતી દેખાઈ.

બરાબર આ વચ્ચે તા. ૧૮-૧૦-૨૦૧૩ના રાત્રે સમાચાર આવ્યા કે **નવનીત પરિવારના મોભી એવા, શ્રી ધનજીભાઈ રામજી ગાલા**એ આ ફાની દુનિયાનો ત્યાગ કરેલ છે. તા. ૧૯-૧૦-૨૦૧૩ના તેઓશ્રીની મુંબઈ ખાતે સ્મશાનયાત્રા નીકળી અને તા. ૨૧-૧૦-૨૦૧૩ના તેઓશ્રીની મુંબઈ ખાતે પ્રાર્થના સભાનું આયોજન ગોઠવાયું. (વચ્ચે રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના રીનોવેટેડ મેડિકલ સેન્ટરનો ઉદ્‌ઘાટન દિવસ હતો.)

અમદાવાદ ખાતેના નવનીત મેડિકલ સેન્ટરની સાથે સાથે છેક ૧૯૯૭થી શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર પણ ચલાવવામાં આવે છે. આ બંને પરિવાર આ મેડિકલ સેન્ટરના મુખ્ય દાતાશ્રીઓ હતા.

આપણી પાસે ખજાનો અઢળક છે પરંતુ ચાવી નથી એ જ મુશ્કેલી છે....

શ્રી કાંતિભાઈ સાવલા એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત હતા. તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરો સાથે રહી ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન છેલ્લા કેટલાક દિવસોથી સતતપણે યોજી રહ્યા હતા. જરૂરી ફંડ એકત્રિત કરવા માટે નકરાઓની યોજના બનાવવામાં આવી હતી. આ યોજના મુજબ ફંડ એકત્રિત કરવા તેઓશ્રીએ અન્ય કાર્યકરો સાથે અમદાવાદ સ્થિત આર્થિક રીતે સક્ષમ મહાનુભાવોને ત્યાં મુલાકાત લઈ ફંડ એકત્રિત કરવાની ઝુંબેશ આદરી દીધેલ હતી. તા. ૧૭-૧૦-૨૦૧૩ના રોજ તથા તા. ૧૮-૧૦-૨૦૧૩ના રોજ તેઓએ કેટલાક મહાનુભાવોની મુલાકાત લઈ પોતાની યોજનામાં ખૂબ જ વ્યવસ્થિત રીતે આગળ વધી રહ્યા હતા. ત્યાં તા. ૧૮-૧૦-૨૦૧૩ના રાત્રે તેમની તબિયત એકદમ લથડી ગઈ. તેમને તા. ૧૮ની મોડી રાત્રે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એ જ સમયે ઑપરેશન શરૂ કરી દેવાયું. લગભગ ૮ કલાક આ પ્રક્રિયા ચાલુ રહી. હૃદયમાંથી બહાર નીકળતી નળી પહોળી (Aortic Dissection) થઈ જવાના કારણે આ સમસ્યા સર્જાઈ હતી. તા. ૧૯ના સવારમાં ડોક્ટરશ્રીએ નિદાન કર્યું કે આવતા ૭૨ કલાક પછી જ પરિસ્થિતિનો ખ્યાલ આવશે. એ અગાઉ કંઈ પણ કહી શકાય નહીં. પરિસ્થિતિ એકદમ ગંભીર બની ગયેલ હતી.

આ પરિસ્થિતિમાં એક તરફ નવનીત પરિવાર, બીજી તરફ શ્રી કાંતિભાઈ સાવલા પરિવાર અને ત્રીજી તરફ શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વિધામાં મુકાઈ ગયા. તા. ૨૦-૧૦-૧૩નો કાર્યક્રમ ચાલુ રાખવો કે નહીં તેની ચર્ચા અને સમીક્ષાની જરૂરિયાત ઊભી થઈ.

એક તરફ નવનીત પરિવારે અને કાંતિભાઈ સાવલા પરિવારે ખૂબજ વિચારપૂર્વક, કોઈ પણ જાતની પરિસ્થિતિના દબાણમાં આવ્યા વગર અને ખૂબજ સ્વસ્થ રીતે આ કાર્યક્રમ ચાલુ રહે તેવું નિષ્કર્ષ કાઢ્યું અને આ પરિસ્થિતિમાં પણ પોતાના પરિવારના કોઈક સભ્યને આ કાર્યક્રમમાં મોકલવાનો નિર્ણય લીધો. બીજી તરફ શ્રી કચ્છી જૈન સેવા સમાજે પણ સંપૂર્ણ પરિસ્થિતિનો કયાસ કાઢીને મુશ્કેલ પરિસ્થિતિમાં 'હા' કે 'ના'ની વચ્ચે હકારાત્મક એટલે કે કાર્યક્રમ ચાલુ રાખવાનો નિર્ણય લીધો અને તા. ૨૦-૧૦-૨૦૧૩ના કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો ત્યારે કવિ ઈન્દિવરે રચના કરેલ કાવ્ય યાદ આવી ગયું.

જીવન કહીં ભી ઠહરતા નહીં હૈ,
આંધીસે, તૂફાંસે, ડરતા નહીં હૈ,
તું ના ચલેગા તો ચલ દેગી રાહેં,
મંઝિલ કો તરસેગી તેરી નિગાહેં
તુજકો ચલના હોગા... તુજકો ચલના હોગા...

નવનીત પરિવાર, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા પરિવાર તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજે આજનો કાર્યક્રમ ચાલુ રાખવાનો નિર્ણય કરવાના કારણે ઉદ્‌ઘાટન પ્રક્રિયાનો કાર્યક્રમ ચાલુ રાખવામાં આવ્યો.

રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના સવારમાં ઉદ્‌ઘાટન પ્રક્રિયાનો શુભારંભ કરવામાં આવ્યો. મેડિકલ સેન્ટર ત્રીજા માળે હતું. સમારંભમાં ઉપસ્થિત દરેકનો ત્યાં સમાવેશ થઈ શકે તેમ ન હતો. તેથી થોડા મહાનુભાવો ઉદ્‌ઘાટન પ્રક્રિયામાં જોડાયા. અન્ય જણ પ્રથમ માળ પર આવેલ સાંસ્કૃતિક કેન્દ્રના હોલમાં બિરાજમાન રહ્યા. ઉદ્‌ઘાટન પ્રક્રિયાનું અહીં જીવંત પ્રસારણ રાખવામાં આવેલ હતું.

સૌ પ્રથમ શ્રી સુનીલ ડુંગરશી ગાલાના વરદ્‌ હસ્તે મુખ્ય દ્વારનું રીબીનની ગાંઠ છોડીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ નવનીત મેડિકલ સેન્ટરની મુખ્ય તક્તીનું શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના વરદ્‌ હસ્તે અને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરની તક્તીનું શ્રીમતી નીલમબેન ધીરજલાલ ટોકરશી કાપડિયાના વરદ્‌ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

ત્યારબાદ ઉપસ્થિત અતિથિ વિશેષશ્રીઓ શ્રી સંજય જિતેન્દ્ર ગાલા, શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રી સુશીલ ધીરજલાલ કાપડિયા, શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી વાડીલાલભાઈ સાવલા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, સંગીતકાર શ્રી આણંદજીભાઈ, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, કચ્છથી પધારેલ શ્રી હરીશભાઈ નાગડા તથા શ્રી વીરેન ધીરજલાલ શાહ તેમજ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી મનુભાઈ શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી જયેશભાઈ પ્રાગજી શાહ, શ્રી નવીન વેરશી હરિયા, તેમજ ડૉ. હિતુભાઈ શાહ, શ્રી દક્ષેશભાઈ સંઘવી, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ચીમનભાઈ ઠક્કર, શ્રી રઘુરામભાઈ ઠક્કર, શ્રી જ્ઞાન ભાનુશાળી, શ્રી ટી.વી. ગોપાણી વગેરે મહાનુભાવોના વરદ્‌ હસ્તે વિવિધ વિભાગોનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવેલ હતું.

પતંગિયું પ્લાસ્ટિકના ફૂલ ઉપર બેસતું નથી ને જે બેસે છે તે પતંગિયું પણ પ્લાસ્ટિકનું જ હોય છે.

ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ સ્ટેજ ફંકશનની શરૂઆત કરવામાં આવેલ હતી.

સમારંભ પ્રમુખ તરીકે શ્રી સુનીલ ડુંગરશી ગાલા બિરાજમાન હતા, જ્યારે અતિથિ વિશેષશ્રી તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શાંતિલાલ ડુંગરશી મારુ, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંજયભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રીમતી નીલમબેન કાપડિયા, શ્રી સુશીલ કાપડિયા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રી વાડીલાલભાઈ સાવલા, શ્રી આણંદજીભાઈ વીરજી શાહ (જાણીતા સંગીતકાર), શ્રી બાબુભાઈ મેઘજી શાહ વગેરે મંચ પર બિરાજમાન હતા. આવકાર પ્રવચન સંસ્થાના માનદ્‌ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે આપેલ હતું. ત્યારબાદ મહાનુભાવોના વરદ્‌ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. ઉપસ્થિત મહાનુભાવોનું બુક અને બુકેથી સન્માન કરવામાં આવેલ હતું. સંસ્થાની હાલની અને ભવિષ્યની પ્રવૃત્તિઓનો અહેવાલ સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આપેલ હતો. મેડિકલ સેન્ટરની વિગતોની રજૂઆત ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ કરેલ હતી. પોતાના પ્રવચનમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ જણાવેલ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સેવાકીય ક્ષેત્રે અનેકવિધ કાર્યક્રમો કરે છે તેના અમે સાક્ષી રહ્યા છીએ. આપશ્રીની સંસ્થા જેવી સંસ્થાઓને નાણાંની તંગી ક્યારે પણ મહેસુસ થઈ શકશે નહીં કેમકે લોકો સેવાભાવી સંસ્થા પ્રત્યે નજર રાખી પોતાના ડોનેશનો નક્કી કરે છે. સરકારશ્રીએ બનાવેલ નિયમ પ્રમાણે દરેક કોર્પોરેટ કંપનીઓએ પોતાની આવકના બે ટકા જેટલી રકમ સેવાકીય સંસ્થાઓને ડોનેશન આપવી ફરજિયાત છે. આરતી ગ્રુપનો ગત વર્ષનો નફો રૂા. ૨૫૦ કરોડનો હતો. તેથી અમે રૂા. ૫ કરોડ જેટલું ડોનેશન આપી શકેલ. આવતા દિવસોમાં અમે રૂા. ૬૦૦ કરોડના નફાના અંદાજ મૂકેલ છે. તેથી અમે રૂા. ૧૨ કરોડ જેટલી રકમ ડોનેશન સ્વરૂપે વાપરી શકીશું. હાલે મેડિકલ સેન્ટરની નકરાની યોજનામાં તેમના પોતાના તરફથી તથા શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ તથા શ્રી દીપકભાઈ ભેદા તરફથી સંયુક્તપણે રૂા. ૨૧ લાખના દાનની જાહેરાત કરેલ હતી.

અતિથિ વિશેષ શ્રી સુનીલભાઈ કાપડિયાએ તેઓના પિતાશ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાના અમદાવાદ સ્થિત જૈન સમાજ સાથેના સંબંધોની વિગતો આપેલ હતી. હૈદ્રાબાદ ખાતે કાર્યક્રમોમાં તેમના પિતાશ્રીએ લીધેલ હિસ્સાની વિગતો જણાવેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મુંબઈ ખાતે અતિથિ ભવનનો જે પ્રોજેક્ટ બનાવવામાં આવેલ છે તેમાં આ સમાજની જરૂરિયાત પ્રમાણે પોતાનો સંપૂર્ણ સહયોગ રહેશે તેવી વાત તેઓશ્રીએ ઉચ્ચારેલ હતી.

અતિથિ વિશેષશ્રી રાજુભાઈ ગાલાએ મેડિકલ સેન્ટરના નકરાઓમાં આજની તારીખમાં વધુને વધુ લોકો ઉમળકાથી ભાગ લે તેવી અપીલ કરેલ હતી. આ તબક્કે શ્રી વાડીલાલભાઈ સાવલાએ ગાયનેક વિભાગ માટે રૂા. ૫ લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી.

શ્રી આણંદજીભાઈ તથા શ્રી બાબુભાઈ મેઘજી શાહે પ્રાસંગિક પ્રવચનો કરેલ હતા.

છેલ્લા છ મહિનામાં મેડિકલ સેન્ટર પૂર્વરત ચાલુ રાખી તેને સમગ્રપણે રીનોવેટ કરવાની કાર્યવાહીની જવાબદારી શ્રી પ્રતાપભાઈ દંડ એ એકલે હાથે નિભાવેલ હતી. તેમની કાર્ય પ્રત્યેની નિષ્ઠા જોઈ સંસ્થાએ તેમની કામગીરીને બિરદાવેલ હતી. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના વરદ્‌ હસ્તે તેમને સન્માનપત્ર તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતા. સન્માનપત્ર શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે ઉપસ્થિત સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવેલ હતું.

છેલ્લે પ્રમુખકીય સંબોધનમાં શ્રી સુનિલભાઈ ગાલાએ મેડિકલ સેન્ટરની પ્રશસ્તિ કરેલ હતી. મેડિકલ ક્ષેત્રની કામગીરીને બિરદાવેલ હતી. કોર્પોરેટ ક્ષેત્રે નફાના બે ટકા જેટલી રકમ અન્યત્ર સામાજિક કાર્યોમાં વાપરવાની શ્રી ચંદ્રકાંત ગોગરીની વાતને તેઓશ્રીએ સમર્થન આપેલ હતું.

આભારવિધિ સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ કરેલ હતી.

આ આનંદ અને ગૌરવપ્રદ અવસરે મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સ, સમાજના સભ્યશ્રી તથા સિમ્સ હોસ્પિટલના કાર્ડિઓલોજી સર્જન ડૉ. ધીરેન શાહ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા અન્ય સમાજોના હોદ્દેદારોશ્રી, અગ્રણીઓ સાથે સારી સંખ્યામાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત હતા. ઉપસ્થિત રહેલ મોટાભાગના લોકોએ મેડિકલ સેન્ટરના નવીનીકરણની કામગીરીની પ્રશંસા કરી હતી.

ઉદ્‌ઘાટન સમયનું એન્કરિંગ શ્રી હીરેનભાઈ શાહે તથા સમારંભ સમયનું એન્કરિંગ શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે કરેલ હતું.

મેડિકલ સમિતિ, મેડિકલ સેન્ટરના ડોક્ટરો તથા અધિકારી વર્ગ તથા મેડિકલ સેન્ટરના સર્વે સ્ટાફના કાર્યોને પણ બિરદાવવામાં આવેલ હતા.

સમારંભની પૂર્ણતા બાદ સમૂહ ભોજનનો આનંદ લઈ સૌ છૂટ્ટા પડ્યા હતા.

પ્રતાપ નારાણજી દંડ

(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૨૨૪-૨૨૫)

માનદ્‌ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

ઉપદેશ આપવો સહેલો છે, ઉપાય બતાવવો અઘરો છે.

મેડિકલ સેન્ટરના વિવિધ નકરાઓ સામે રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ સુધી મળેલ ડોનેશનની વિગત

	નકરાની વિગત	ડોનરશ્રીનું નામ	રકમ
૧.	મેડિકલ સેન્ટરના રીનોવેશન સામે	શ્રી નવનીત પરિવાર	રૂા. ૧૫.૦૦ લાખ
૨.	મેડિકલ ચેક-અપ સેન્ટરના રીનોવેશન સામે	શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા	રૂા. ૫.૦૦ લાખ
૩.	મેડિકલ સેન્ટરની કોઈપણ યોજના સામે	શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શાંતિલાલભાઈ મારૂ, તથા શ્રી દીપકભાઈ ભેદા તરફથી સંયુક્તપણે	રૂા. ૨૧.૦૦ લાખ
૪.	ગાયનેક વિભાગ સામે	શ્રી રતનશી ભીમજી સાવલા પરિવાર	રૂા. ૫.૦૦ લાખ
૫.	'આંખ' વિભાગ સામે	શ્રી હરીશભાઈ રણજીત રંગવાલા	રૂા. ૫.૦૦ લાખ
૬.	ઈ.એન.ટી. વિભાગ સામે	માતુશ્રી હંસાબેન રામજી દેઢિયા પરિવાર (ભુજપુર) હ. શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા	રૂા. ૫.૦૦ લાખ
૭.	જનરલ સર્જરી વિભાગ સામે	શ્રી ગૂર્જર પરિવાર, હ. શ્રી મનુભાઈ શાહ	રૂા. ૫.૦૦ લાખ
૮.	ટી.એમ.ટી. વિભાગ સામે	માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ પરિવાર હ. ડૉ. ધીરેન શાહ	રૂા. ૫.૦૦ લાખ
૯.	સુપર સ્પેશિયાલિટી વિભાગ સામે	શ્રી પ્રાગજી પ્રેમચંદ કોરડિયા પરિવાર હ. શ્રી જયેશ પ્રાગજી શાહ	રૂા. ૫.૦૦ લાખ
૧૦.	મેડિકલ સ્ટોર સામે	શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર હ. શ્રી દક્ષેશભાઈ સંઘવી	રૂા. ૫.૦૦ લાખ
૧૧.	વચ્ચેની ક્રોસ વિંગ સામે	શ્રી જ્ઞાન ભાનુશાળી	રૂા. ૧.૫૧ લાખ
			રૂા.૭૭.૫૧ લાખ

સર્વે દાતા પરિવારનો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઋણ સ્વીકાર કરે છે અને તેઓશ્રીએ આપેલ સહકાર બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

બાકી રહેતી નકરાઓની યોજના સામેની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ છે. આ યોજનામાં સહકાર આપવા સમાજના આર્થિક રીતે સક્ષમ વર્ગને અપીલ કરવામાં આવે છે.

પ્રતાપ નારાણજી દંડ
માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

તાળું, જે લોખંડનું બનેલું હોય છે, ચાવી પણ એ જ લોખંડની બનેલી હોય છે. તાળું મોટું હોય છે અને ચાવી નાની હોય છે. અને ચમત્કાર એ સર્જાય છે કે નાની એવી ચાવી મોટા એવા તાળાને ખોલી નાખે છે.

મને આજે ખ્યાલ આવ્યો છે કે સમસ્યાનું તાળું ભલે ને ગમે તેટલું મોટું છે, જો સમાધાનની ચાવી મારી પાસે હાજર છે તો એ તાળાને ખૂલી જતાં કોઈ જ વાર નથી લાગવાની.

વ્યક્તિ કેટલી સમૃદ્ધ છે તે એની પાસે કેટલી વસ્તુઓ છે તે પરથી નહિ પરંતુ એને કેટલી વસ્તુ વિના ચાલી શકે છે તે પરથી નક્કી થાય છે.

કચ્છી યલો પેજિસ

કચ્છી યલો પેજિસ સમિતિની તાજેતરની મળેલી મીટિંગમાં નીચે મુજબ નિર્ણયો લેવામાં આવેલ હતા. તેના અનુસંધાને જેઓએ પોતાના ફોર્મ્સ ભરવાના હોય, તેઓએ જરૂરી ફોર્મ્સ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી મેળવીને અમને વહેલાસર મોકલી આપે.

(૧) નિયાણી બહેનોના પરિવારના વ્યવસાયને આ યલો પેજિસમાં સમાવી લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૨) કચ્છી ઘટક સમાજના દરેક સભ્યના વ્યવસાયનો પણ આ યલો પેજિસમાં સમાવેશ કરવામાં આવશે. તેથી કચ્છી ઘટક સમાજના દરેક કર્તાહર્તાને જણાવવાનું કે તેઓ પોતાના કોઈ પણ સભ્યના વ્યવસાયના ફોર્મ મોકલી શકશે.

યલો પેજિસમાં વ્યવસાયના સરનામાની એન્ટ્રીનો કોઈ પણ પ્રકારના ચાર્જ રાખવામાં આવેલ નથી.

જાહેરાત અલગથી લેવામાં આવે છે કે જેના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

❒	કવર પેઈજ નં.-૨, ૩ તથા ૪		:	અપાઈ ગયેલ છે.
❒	કવર પેઈજ નં.-૨ તથા ૩ ની સામેનું પાના		:	અપાઈ ગયેલ છે.
❒	અંદરનું આખુ પાનું	(મલ્ટી કલરમાં)	:	રૂા. ૧૫,૦૦૦/-
❒	અંદરનું અડધું પાનું	(મલ્ટી કલરમાં)	:	રૂા. ૮,૦૦૦/-
❒	અંદરનું પા પાનું	(મલ્ટી કલરમાં)	:	રૂા. ૫,૦૦૦/-
❒	અંદરનું આખુ પાનું	(બ્લેક એન્ડ વ્હાઈટમાં)	:	રૂા. ૧૦,૦૦૦/-
❒	અંદરનું અડધું પાનું	(બ્લેક એન્ડ વ્હાઈટમાં)	:	રૂા. ૬,૦૦૦/-
❒	અંદરનું પા પાનું	(બ્લેક એન્ડ વ્હાઈટમાં)	:	રૂા. ૩,૫૦૦/-
❒	૧'' સાઈઝની બોટમ પટ્ટી	(બ્લેક એન્ડ વ્હાઈટમાં)	:	રૂા. ૧,૦૦૦/-

યલો પેજિસમાં આપવામાં આવેલ જાહેરાત એ એક અમૂલ્ય તક છે કેમકે તે દરેક જ્ઞાતિના અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છીઓના ટેબલ પર આવતા વર્ષો સુધી રહેવાની છે. યલો પેજિસમાં જાહેરાત આપવાનું કોઈ પણ કચ્છી ના ચૂકે તેવી અમારી હાર્દિક અપીલ છે. જાહેરાત સ્વરૂપે દરેક કચ્છી આ બિઝનેસ ડિરેક્ટરીના નિર્માણ કાર્યમાં સહભાગી બની શકે છે. અમદાવાદ સ્થિત કચ્છીઓની આ બિઝનેસ ડિરેક્ટરી એક અનોખું નજરાણું બની રહેશે.

મનુભાઈ શાહ
કન્વીનર - કચ્છી યલો પેજિસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

આહ્લાદક વાતાવરણમાં ઉજવાયો શરદોત્સવ

ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ યોજાઈ

શરદ પૂનમનાં દાંડિયા રાસ હરીફાઈનું આયોજન તા. ૧૮-૧૦-૨૦૧૩ની રાત્રિએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની યુવા વિકાસ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ. આ અવસરે સમાજ પરિવારના નાના મોટા સૌ સભ્યો ઉપસ્થિત હતા. 'અંધજન મંડળ' - વસ્ત્રાપુરના ઑરકેસ્ટ્રાએ તાલની રંગત સૌ ખેલૈયાઓ પર જમાવી દીધી હતી. ધીમે ધીમે સંગીતના તાલે અને ગાયકોના સૂરીલા સ્વરમાં ગાયેલા ગીતો અને ગરબાના સથવારે ખેલૈયાઓ ગરબાના રંગમાં રંગાવા લાગ્યા. એક તાળી, બે તાળી, રાસ, હીંચ અને સનેડો જેવી અવનવી સ્ટાઈલથી પોતાની રજૂઆત કરી, શરદોત્સવનો આનંદ માણ્યો. આ અવસરે લગભગ ૩૫૦ જેટલા જ્ઞાતિજનો, જેમાં ૧૫૦થી વધારે ખેલૈયાઓની હાજરી હતી.

ગૂર્જર પરિવારનાં સૌજન્યથી દાંડિયા રાસ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ. નિર્ણાયકો તરીકે આકાશભાઈ મોદી અને કેયૂરીબહેન ભટ્ટ હતા. યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત શરદોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર માનવામાં આવેલ.

ગૂર્જર પરિવારના શ્રીમતી શિલ્પીબહેન પ્રકાશભાઈ શાહ તથા શ્રી પંકજભાઈ કાંતિલાલ શાહના વરદ્ હસ્તે વિજેતાઓને શિલ્ડ તેમજ રોકડ ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવેલ. વિજેતાઓના નામ નીચે મુજબ છે. **(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૨૨૬)**

સ્પર્ધા (પુરુષ - સ્ત્રી વર્ગ)	ગ્રુપ-એ (૮ વર્ષ સુધી)	ગ્રુપ-બી (૯થી ૧૭ વર્ષ)	ગ્રુપ-સી (૧૮થી ૪૦ વર્ષ)	ગ્રુપ-ડી (૪૦ વર્ષથી ઉપર)
પરફોર્મન્સ	પાર્શ્વ વોરા, અદિતિ મહેતા	દિત્ય વોરા, વૈભવી દેઢિયા	અંકિત મહેતા, ઈશા શાહ	મનીષ છાડવા, અલ્પા મારુ
બેસ્ટ ડ્રેસ	મિહિર શાહ, દીતિના દંડ	હેત મારુ, ધ્રુવા શાહ	પારસ વીરા, ધારા નાગડા	તેજસ લોડાયા, ઈલાબેન છાડવા

યુવા વિકાસ સમિતિ

નવરાત્રિ મહોત્સવ તેમજ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઇનો કાર્યક્રમ રંગેચંગે ઊજવાયો

દિવસભરની ચહલપહલ બાદ દરરોજ તો પાલડી ખાતેનું શ્રી કચ્છી જૈન ભવન રાત્રે પ્રમાણમાં કાંઈક અંશે શાંત થઈ જાય છે. આમ છતાં તા. ૬-૧૦-૨૦૧૩ની રાત્રે વિશેષ હલચલ લાગતી હતી. ધીમે ધીમે સમાજનાં યુવાવર્ગ, બાળકો અને વડીલો અવનવા સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને ભવનના પટાંગણમાં હાજર થતા ગયા. તેમની હાજરીથી જ અહિંયા કોઈ ઉત્સવ ઉજવવાનો હોય તેવી પ્રતીતિ થતી હતી. આજે અહીં નવરાત્રિના રાસગરબા મહોત્સવનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજની યુવા વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવેલ. એટલે નાના મોટા સૌ સભ્યો એમાં ભાગ લેવા ઉપસ્થિત રહ્યા હતા.

ધીમે ધીમે સંગીતના તાલે ને ગાયકોના મીઠા અવાજના સથવારે ખેલૈયાઓ ગરબાના રંગમાં રંગાવા લાગ્યા. નાના મોટા સૌ મન મૂકીને ગરબા રમ્યા. એક તાળી, બે તાળી, રાસ, હીંચ, સનેડો, મટુકડી તથા ભાંગડા જેવી અવનવી સ્ટાઈલથી પોતાની રજૂઆત કરી ગરબા ઉત્સવનો આનંદ માણ્યો. લગભગ ૪૫૦ જેટલા સમાજ પરિવારજનો કે જેમાં ૨૦૦થી વધારે ખેલૈયાઓએ નવરાત્રિ મહોત્સવનો આનંદ માણ્યો.

સૂર, સંગીત અને તાલની રંગત જામી હતી. ધારીણી શાહ સંચાલિત "રેગ્સ ઈવેન્ટ્સ"ના જિનિયસ ઑરકેસ્ટ્રાના સંગાથે લય મેળવીને સૌ મસ્ત થઈને ગરબા રમ્યા. સમાજનાં વડીલોએ હાજરી આપી સૌનો ઉત્સાહ વધારેલ. શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈના આ આયોજનમાં નિર્ણાયક તરીકે શ્રીમતી કૃતિબેન પાઠક તથા શ્રી જીજ્ઞેશભાઈ સુરાની ઉપસ્થિત રહ્યા હતા.

યુવા વિકાસ સમિતિના આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ વડીલો, સભ્યશ્રીઓ, યુવા મિત્રો, સમાજની વિવિધ સમિતિઓનો જેમાં વિશેષરૂપે જમણવાર સમિતિનો તથા અન્ય સૌનો સમિતિ આભાર માને છે. સૌજન્યદાતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી કાંતિલાલ વેલજી સાવલાનાં વરદ્ હસ્તે વિજેતાઓને શિલ્ડ તેમજ રોકડ ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

ઉપરોક્ત ગરબા હરીફાઈના વિજેતાઓના નામ નીચે મુજબ છે.

ગ્રુપ-એ : (૮ વર્ષ સુધી)

ડ્રેસ : પ્રથમ : દીક્ષિતા પારસભાઈ દંડ
દ્વિતીય : મહેક

પરફોર્મન્સ : પ્રથમ : હર્ષ નવીનભાઈ વોરા
દ્વિતીય : ખુશી દિવ્યેશભાઈ વોરા

ગ્રુપ-બી : (૯ થી ૧૭ વર્ષ)

ડ્રેસ : પ્રથમ : તુલીપ દીપકભાઈ છેડા
દ્વિતીય : ધ્રુવા નીતિનભાઈ શાહ

પરફોર્મન્સ : પ્રથમ : દિવ્યા નવીનભાઈ વોરા
દ્વિતીય : ચૈત્ય અંકુરભાઈ ભણશાલી

ગ્રુપ-સી : (૧૮ વર્ષથી ૪૦ વર્ષ)

ડ્રેસ : પ્રથમ : ઈશા મનુભાઈ રાંભિયા
દ્વિતીય : પારસ કિશોરભાઈ વીરા

પરફોર્મન્સ : પ્રથમ : કૃપા મનીષભાઈ છાડવા
દ્વિતીય : અંકિત રતિલાલ મહેતા

ગ્રુપ-ડી : (૪૦ વર્ષથી ઉપર)

પરફોર્મન્સ : પ્રથમ : ભરતભાઈ આણંદજી રાંભિયા
દ્વિતીય : પૂર્ણિમાબહેન કિશોરભાઈ વીરા

ગ્રુપ-ઈ : બેસ્ટ જોડી

પ્રથમ : મનીષભાઈ વિજયભાઈ છાડવા (શિલ્ડ) અને ઈલા મનીષભાઈ છાડવા (શિલ્ડ)

દ્વિતીય : દીપેશ જયચંદભાઈ શિયાલ અને મીરા રાજેશભાઈ ધરમશી

ગ્રુપ-એફ : ઓવરઓલ બેસ્ટ પરફોર્મન્સ

પ્રથમ : માનસી દિલીપભાઈ સંઘવી (શિલ્ડ)

દ્વિતીય : અજિત જિતેન્દ્રભાઈ કોઠારી (શિલ્ડ)

સર્વે વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન. ઈનામ વિતરણ બાદ ખેલૈયાઓએ તથા કાર્યક્રમના બ્રેકના સમયે સૌએ ચટપટી વાનગીઓની લિજ્જત માણી હતી.

કન્વીનર : પીયૂષ સાવલા

(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૨૨૩)

"સંકલ્પ"
શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

"સંકલ્પ"ની વર્ષ ૨૦૧૩-૧૪ની નવી કમિટીની રચના માટે તા. ૨૯-૯-૨૦૧૩નાં રોજ સામાન્ય સભાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે થયેલ. તેમાં સર્વસંમતિથી નીચે મુજબની કારોબારીની રચના કરવામાં આવેલ હતી. ત્યારબાદ નવનિયુક્ત કારોબારી સમિતિની બેઠક મળેલ હતી. જેમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે નીચે મુજબ હોદ્દેદારો અને કારોબારીના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

સલાહકાર સમિતિ : શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહ
શ્રી પંકજભાઈ કાંતિલાલ શાહ

પ્રમુખ : પારસ કિશોરભાઈ વીરા
ઉપપ્રમુખ : સંજય કીર્તિભાઈ સંઘવી
મંત્રી : નીતિન ભોગીલાલ શાહ
સહમંત્રી : ચૈતન્ય બચુભાઈ રાંભિયા
ખજાનચી : જયદીપ દિનેશભાઈ મૈશેરી
સહ ખજાનચી : કૃપાલી ભરતભાઈ શાહ
કલ્ચરલ મંત્રી : દર્શન નરેન્દ્રભાઈ કોઠારી
સ્પોર્ટસ મંત્રી : અંકિત રતિલાલ મહેતા
કેટરીંગ મંત્રી : રચના પીયૂષભાઈ પારેખ
કારોબારી સભ્યો : અલ્પેશ અશોકભાઈ મહેતા

અમી નીતિનકુમાર શાહ
જીનય ભરતભાઈ શાહ
વર્ષા નિખિલભાઈ શાહ
મનીષા અલ્પેશભાઈ મહેતા
કવિતા નવીનભાઈ સતરા
મહેક અતુલભાઈ સંઘવી
ધવલ વસંતભાઈ સંઘવી

કો-ઓપ્ટ સભ્યો : ડૉ. રીપલ કોઠારી
કુમારપાળ મસાલિયા
હીરેન રતાણી
જીગર સંઘવી

વર્ષ ૨૦૧૨-૨૦૧૩ની સલાહકાર સમિતિમાં શ્રી કેતન નરેન્દ્રભઆઈ લોડાયા, શ્રી પીયૂષભાઈ રવિલાલ પારેખ તથા ડૉ. કેતન શાહે આપેલ સાથ સહકારનો "સંકલ્પ" ખૂબ ખૂબ આભાર માને છે.

"સંકલ્પ"ના આગામી કાર્યક્રમો

૧. તા. ૧-૧૨-૨૦૧૩ રવિવારે બપોરે ૪.૦૦ કલાકે 'ગેટ-ટુ-ગેધર'ના કાર્યક્રમનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. જેમાં અવનવી રમતો રમાડવામાં આવશે. ત્યારબાદ નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે.

૨. તા. ૩૧-૧૨-૨૦૧૩ના રોજ રાત્રે ૮ વાગે વર્ષ ૨૦૧૩ની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વકલ્યાણની ભાવના સાથે વર્ષ ૨૦૧૪ના આગમનને ભાવભર્યો આવકાર આપવા એક અવનવા કાર્યક્રમ "વેલકમ ૨૦૧૪"નું આયોજન કરવામાં આવનાર છે.

૩. જાન્યુઆરી મહિનામાં "સ્પોર્ટસ ડે"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વયજૂથ પ્રમાણે જુદી જુદી રમતો / સ્પર્ધાઓનું આયોજન કરેલ છે.

૪. માર્ચ-૨૦૧૪માં બે દિવસનો પાલિતાણા છ ગાઉની જાત્રાનો પ્રવાસ રાખેલ છે. આ જાત્રામાં પંચતીથિ તથા પાલિતાણામાં રહેવા, ખાવાપીવાની વ્યવસ્થા 'સંકલ્પ' દ્વારા કરવામાં આવશે.

૫. માર્ચ-૨૦૧૪માં ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરેલ છે.

૬. મે-જૂન મહિનામાં વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક - ચોપડાનું વિતરણ કરવાનું આયોજન કરેલ છે.

૭. જુલાઈ - ઓગસ્ટ માસમાં કલ્ચરલ એક્ટિવિટી હેઠળ સ્ટેજ શો નું આયોજન વિચારણા હેઠળ છે.

૮. પર્યુષણ પર્વમાં 'ભાવના'નું આયોજન કરવામાં આવનાર છે.

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર :

પારસ વીરા : મો. ૯૮૨૫૫ ૫૦૦૬૬
નીતિન શાહ : મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧
જયદીપ મૈશેરી : મો. ૯૦૧૬૦ ૭૬૬૨૬

મંત્રી : નીતિન શાહ

વયસ્ક સમિતિ

નાગેશ્વર પ્રવાસનો અહેવાલ

વયસ્ક સમિતિ તરફથી એક યાત્રા પ્રવાસ તા. ૨૮-૯-૨૦૧૩થી તા. ૨-૧૦-૨૦૧૩ સુધી યોજવામાં આવેલ હતો. આ પ્રવાસમાં ૭૦ વડીલો જોડાયા હતા.

તા. ૨૮-૯-૨૦૧૩ના સાંજે ૭.૩૦ વાગે શાંતિ એક્સપ્રેસ દ્વારા પ્રસ્થાન કર્યું. તા. ૨૯-૯-૨૦૧૩ના વહેલી સવારે ૪.૦૦ વાગે નાગદા સ્ટેશને આગમન કર્યું. ત્યાંથી એ.સી. બસ દ્વારા સવારે ૬.૦૦ વાગે નાગેશ્વર પહોંચ્યા. અહીં પ્રાતઃક્રિયા બાદ નવકારશી અને પૂજાપાઠ કર્યા બાદ બપોરે ૧૧ વાગે અષ્ટાપદ માટે પ્રસ્થાન કર્યું. અહીં દર્શન - ભોજન બાદ બદનાવર આવ્યા. ચા-નાસ્તાને ન્યાય આપી સાંજે ૫.૦૦ કલાકે મોહનખેડા આવ્યા. અહીં કરોડોના ખર્ચે બનાવેલ અદ્‌ભુત મ્યુઝિયમ જોઈ, રાત્રે ભાવપૂર્વક ભક્તિ ભાવના કરેલ.

તા. ૩૦-૯-૨૦૧૩ના મોહનખેડામાં 'શંખ' દ્વારા થતી પ્રક્ષાલની અદ્‌ભુત વિધિ જોઈ. પૂજા કર્યા બાદ ભોજન કરીને ભોપાવર તીર્થે પ્રસ્થાન કર્યું. અમીઝરતી મૂર્તિ અમીઝરા પાર્શ્વનાથ દાદાના દર્શન કર્યા. ચા-નાસ્તો ગ્રહણ કરી માંડવગઢ માટે પ્રસ્થાન કર્યું.

ખૂબ જ સારા વરસાદને કારણે લીલોતરીથી શોભતા માંડવગઢમાં આગમન કર્યું. સાંજના ભોજન બાદ રાત્રિના ખૂબ જ ભક્તિભાવથી સ્તવન ગાયા. જેમાં શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ અને શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલાએ સૌને ભાવવિભોર કર્યા હતા.

તા. ૧-૧૦-૨૦૧૩ના સવારે નવકારશી પૂજા કર્યા બાદ સૌએ રાણી રૂપમતિના મહેલ તરફ પ્રસ્થાન કર્યું. ખૂબ જ અદ્‌ભુત 'જહાજ મહેલ' જોયો. કંડારાયેલી રાણી રૂપમતી અને બાજ બહાદુરની ઐતિહાસિક પ્રેમકહાની સાંભળી. ત્યાંથી પ્રસ્થાન કરતાં રસ્તામાં 'ડાયનોસોર' મ્યુઝિયમ અને ધોધ - વેલીની મુલાકાત લીધી. રસ્તામાં રાજુભાઈ તરફથી આઈસ્ક્રિમની લિજ્જત પણ માણી.

શ્રી શાંતિનાથ દાદાની ખૂબજ પુરાણી મૂર્તિના દર્શન કરી સાંજે ઉજ્જૈન આવ્યા. અહીં માણિભદ્ર વીરના સ્થાનકની મુલાકાત લીધી. સાંજના ચૌવિહાર કરી અવંતિકા પાર્શ્વનાથના દર્શન કર્યા. સામે દાદાવાડીમાં દર્શન કરી, હાસમપુર ખાતે આવેલ અલૌકિક પાર્શ્વનાથના દર્શન અને ભક્તિભાવના પૂર્ણ કરી, રેલવે સ્ટેશને આવ્યા. રાત્રે ૧૨.૩૦ કલાકે ઉજ્જૈન તરફ પ્રસ્થાન કરી વહેલી સવારે ૯.૩૦ વાગે આનંદપૂર્વક અમદાવાદ પરત ફર્યા.

(પ્રવાસની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૨૨૧)

વયસ્ક સમિતિ : "અમૃત મહોત્સવ"નો કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી તા. ૧૮-૧૨-૨૦૧૩ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યાથી સમિતિના તમામ વડીલ સભ્યો માટે એક કાર્યક્રમ રાખેલ છે. જેમાં ૭૫ વરસ અને તેની ઉપરની ઉંમરના વડીલો માટે 'અમૃત મહોત્સવ'નો કાર્યક્રમ સામેલ છે. ૭૫ વર્ષ કે તેથી ઉપરના વડીલો કે જે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા હોય તેમણે પોતાના નામની જાણ શ્રી રજનીકાંત પારેખને મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર કરવી જરૂરી છે.

કન્વીનર - રજનીકાંત પારેખ, વયસ્ક સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

સપ્ટેમ્બર / ઓક્ટોબર - ૨૦૧૩

• **શુક્રવાર, તા. ૨૦-૯-૨૦૧૩**

★ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી કાંતિલાલ વેલજી સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ડૉ. હિતુભાઈ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી દિનેશ મહેતા, શ્રી અશોક મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા તથા શ્રીમતી દક્ષાબેન ઉપસ્થિત રહેલ હતા. તા. ૨૦-૧૦-૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમના સમયે ઉદ્‌ઘાટન કરાવવાના વિવિધ વિભાગોની ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. વિવિધ વિભાગોના નકરા નક્કી કરી, તેની ફાઈનલ મંજૂરી માટે ટ્રસ્ટ મંડળ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. અન્ય જરૂરી બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

• **શનિવાર, તા. ૨૧-૯-૨૦૧૩**

★ આવતીકાલે સ્વામિવાત્સલ્ય જમણવાર હોવાથી અને વાતાવરણમાં વરસાદનો માહોલ ચાલુ થઈ ગયેલ હોવાથી, ચોકમાં બંધાયેલ મંડપ પર તાડપત્રી લગાવવાનું શક્ય ન હતું પરંતુ હોલોપ્લિન્થમાં જે ટેબલ ખુરશીની વ્યવસ્થા કરેલ હતી તેના બદલે બુફે જમણવાર રાખવાનો ત્વરીત નિર્ણય જમણવાર સમિતિ દ્વારા લેવામાં આવ્યો. આજે રાત્રે મોડે સુધી જમણવાર સમિતિના સભ્યો, સમાજના અધિકારીઓ તથા વોલંટિયર્સ ગ્રુપના લગભગ ૩૦-૩૫ની સંખ્યાના ટોટલ સભ્યોએ આવતીકાલના કાર્યક્રમની તૈયારી જારી રાખી. પુરસ્કાર સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ વગેરેના કાઉન્ટરો વરસાદી વાતાવરણના કારણે બેઝમેન્ટના હોલમાં શીફ્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

• **રવિવાર, તા. ૨૨-૯-૨૦૧૩**

★ આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૧મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સામૂહિક ક્ષમાપનાનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવેલ હતો. ટોટલ ૧૭૧૦ વ્યક્તિઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. પુરસ્કાર સમિતિ દ્વારા ધોરણ-૧ થી ૭ના ઉત્તીર્ણ થયેલ બધા જ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. વર્ષભરમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરી તેમને ટ્રોફી એનાયત કરવામાં આવેલ હતી. ઈતર ડેવલપમેન્ટ સમિતિએ નક્કી કરેલ વિશિષ્ટ યુવાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મંગલ મંદિરના વર્ષ ૨૦૧૨-૧૩ના ઉત્તમ લેખકો તથા આંજો કાગર વિભાગના શ્રેષ્ઠ કાગળ લખનારનું પણ બહુમાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે યોજવામાં આવેલ સમારંભમાં અતિથિ વિશેષશ્રી તરીકે હાઈકોર્ટના જજ શ્રી સતીષચંદ્ર હેમચંદ્ર વોરા અને નવનીત એજ્યુકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાજુભાઈ ગાલા ઉપસ્થિત રહેલ હતા. બંને મહાનુભાવોના પ્રવચનો મનનીય રહેવા પામેલ હતા. આ પ્રસંગે વૈયાવચ્ચના કાઉન્ટર પર રૂા. ૨૨,૦૦૦/-થી પણ અધિક કલેક્શન થવા પામેલ હતું.

• **મંગળવાર, તા. ૨૪-૯-૨૦૧૩**

★ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. ૧૧ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવાનું નક્કી કરવામાં આવ્યું. મેડિકલ સેન્ટરના વિવિધ વિભાગોના નકરાને પણ ફાઈનલ સ્વરૂપ આપવામાં આવ્યું. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોને અમદાવાદ બહારથી બોલાવી, તેમના હસ્તે તથા કેટલીક અમદાવાદની હસ્તીઓ દ્વારા પણ વિવિધ વિભાગોના ઉદ્‌ઘાટન બાબતે જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા. વર્ષ ૨૦૧૩-૨૦૧૪થી આવતા વર્ષો માટે સાંસ્કૃતિક કેન્દ્રના વપરાશ અંગે "સાંસ્કૃતિક કેન્દ્ર સમિતિ"એ બનાવેલા નિયમો આવતા બે-ત્રણ દિવસમાં આપી દેવા તેવું નક્કી કરવામાં આવ્યું. ગૃહ ઉદ્યોગ સમિતિને દીપોત્સવી મીઠાઈના કાર્યક્રમ માટે હાલે જરૂરી રૂા. ૪.૦૦ લાખની યોજનાને મંજૂરી આપવામાં આવી.

★ ભુજપુર પાંગળાપોળથી અંદાજિત ૨૦ એકર જમીનમાં વૃક્ષારોપણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. પરંતુ ત્યાંના ટ્રસ્ટ મંડળે હવે ત્યાં ઘાસ ઉગાડવાનું નક્કી કરેલ હોવાથી ભુજપુર પાંગળાપોળના પ્રમુખ શ્રી નેણશી લખમશી શાહની આ બાબતે આજે ફોન દ્વારા ના આવી ગયેલ હતી.

• **બુધવાર, તા. ૨૫-૯-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રીકાર વરસાદ પડ્યો. ૨૪ કલાકમાં લગભગ ૬ ઈંચ વરસાદ હતો. શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાં ૧.૫ ફૂટ જેવા પાણી ભરાઈ જવાથી સારું એવું નુકસાન થયેલ હતું. ફિઝિયોથેરાપીની અનેક ઈલેક્ટ્રિક તથા ઈલેક્ટ્રોનિક મશીનરી, સ્ટોર્સમાં સાચવી રાખેલ માલસામાન, લાઈબ્રેરીની બુક્સ તથા છેલ્લા વર્ષમાં એકત્રિત કરવામાં આવેલ કચ્છી યલો પેજિસના બધા જ ફોર્મ્સ પાણીમાં ડૂબી ગયેલ હતા.

પ્રાર્થના અને પુરૂષાર્થની બે પાંખો દ્વારા જ સફળતાના આકાશમાં સફર કરી શકાય છે.

મેનેજરશ્રીએ ચાલુ વરસાદે ભવન પર પહોંચી જઈ ફાઈટર પંપની વ્યવસ્થા કરી પાણી ઉલેચવાની વ્યવસ્થા કરાવી. દરેક સ્ટાફ ઈમરજન્સી કામે લાગી ગયેલ હતો. આ વરસાદને કારણે સમાજને સારું એવું નુકસાન થવાની શક્યતા રહેલ છે. આજરોજ લીફ્ટ સંપૂર્ણપણે બંધ હતી. મેડિકલ સેન્ટર પણ બંધ રહેવા પામેલ હતું.

★ વડોદરા, સુરત, વાપી, વલસાડ વગેરે સ્થળે શ્રીકાર વરસાદના કારણે અનેક ટ્રેઈનો બંધ રહેવા પામેલ હતી. અનેક મુસાફરો અમદાવાદ સ્ટેશને અટવાયેલ હોતાં તેઓ તકલીફમાં મુકાઈ ગયેલ હતા. તેમાં કચ્છથી આવનાર અનેક મુસાફરો પણ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ૯૦, શ્રી કચ્છી જૈન ભવન પર ૩૪ તથા શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતામંદિર પર ૨૨ કચ્છી મુસાફરોએ આશ્રય લીધેલ હતો. બધા જ મુસાફરોને તેઓ જ્યાં સુધી ટ્રેઈન શરૂ ન થાય અને પોતાના જવાના સ્થળે રવાના ના થાય ત્યાં લગી શક્ય બધી જ સવલતો આપવામાં આવેલ હતી.

• **ગુરુવાર, તા. ૨૬-૯-૨૦૧૩**

★ શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાંથી પાણી કઢાઈ ગયેલ હોવાથી દરેક ભીંજાયેલ વસ્તુને સૂકવવા વગેરેની વ્યવસ્થા કરવામાં આવી. ઈન્સ્યોરન્સ એજન્ટ તથા ઈન્સ્યોરન્સ કંપનીના ઓફિસરને બોલાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવી. લીફ્ટ રૂમમાંથી પાણી ખેંચી લઈ લીફ્ટ શરૂ કરવામાં આવી. બધું રાબેતા મુજબ થતાં હજુ કદાચ બે-ત્રણ દિવસ લાગશે.

• **શનિવાર, તા. ૨૮-૯-૨૦૧૩**

★ તા. ૨૦-૧૦-૨૦૧૩ના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમયના આમંત્રણો આજથી મોકલવાના શરૂ કર્યા. આજરોજ અંદાજિત ૩૦૦ આમંત્રણ પત્રિકા કુરિયર દ્વારા મોકલી આપવામાં આવી.

• **સોમવાર, તા. ૩૦-૯-૨૦૧૩**

★ આજરોજ તા. ૨૦-૧૦-૨૦૧૩ના ફંકશનની અન્ય ૩૦૦ આમંત્રણ પત્રિકાઓ કુરિયર દ્વારા મોકલવામાં આવી. મુંબઈ, અમદાવાદ ઉપરાંત વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, વાપી, વલસાડ, ભુજ, માંડવી, મુંદ્રા, અંજાર વગેરે સ્થળે પણ આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી. આ કાર્ય હજુ આવતા બે-ત્રણ દિવસ સુધી ચાલુ રહેનાર છે.

★ કચ્છી યલો પેજિસના ફોર્મ જે તા. ૨૫-૯-૨૦૧૩ના વરસાદના પાણીમાં સંપૂર્ણપણે ડૂબી ગયેલ હતા તેને સૂકવીને તેમાંથી વાંચી શકાય તેવા ફોર્મ અલગ તારવીને તેના પર કાર્ય કરવાની શરૂઆત કરી દેવામાં આવી. કચ્છી યલો પેજિસ સમિતિના માર્ગદર્શન હેઠળ આ કાર્ય સંતોષજનક રીતે આગળ વધી રહેલ છે. કચ્છી યલો પેજિસમાં સમાવવાની જાહેરાતો માટે પણ સઘન પ્રયાસો ચાલુ છે. દરેક સમાજના સભ્યોમાંથી સારો પ્રતિસાદ મળી રહેલ છે.

• **મંગળવાર, તા. ૧-૧૦-૨૦૧૩**

★ આજરોજ યુવા વિકાસ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં તા. ૬-૧૦-૨૦૧૩ – નવરાત્ર મહોત્સવ (બીજું નવરાત્ર) ગરબા હરીફાઈ તેમજ તા. ૧૮-૧૦-૨૦૧૩ના શરદ પૂનમોત્સવ - દાંડિયા રાસ હરીફાઈના કાર્યક્રમો સંબંધી ચર્ચા વિચારણા કરીને જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

• **બુધવાર, તા. ૨-૧૦-૨૦૧૩**

★ આજરોજ પંકજ ગોગરી સાથે રહી સુખીપુરા ખાતેનો અમ. મ્યુનિ. કોર્પો.નો ૮૦૦૦ ચો.વારનો પ્લોટ જોઈ આવ્યા. આ બાબતે આગળ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ આજથી શ્રી દિનેશ જગજીવન શાહ તથા શ્રી ગિરીશ હીરજી પાસુ શાહ, કચ્છી યલો પેજિસની કેટેગરી ફરીથી ફાઈનલ કરવાના કામે વ્યસ્ત રહેવા પામેલ છે. શ્રી ગિરીશ હીરજી શાહે પણ આજથી કચ્છી યલો પેજિસની કાર્યવાહીમાં ભાગ લેવાનું શરૂ કરેલ છે.

• **ગુરુવાર, તા. ૩-૧૦-૨૦૧૩**

★ આજરોજ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા શ્રી કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ સેન્ટરના તા. ૨૦-૧૦-૧૩ના ઓપનિંગ કાર્યક્રમનું આમંત્રણ આપવા નવનીતમાં રૂબરૂ ગયેલ હતા. ત્યાં તેઓએ શ્રી છોટુભાઈ, શ્રી શાંતિલાલભાઈ તથા શ્રી રાજુભાઈની રૂબરૂ મુલાકાત લઈ તા. ૨૦-૧૦-૧૩ના વિધિવત્ આમંત્રણ આપ્યા. આ પ્રસંગે નવનીતે યોગ્ય ડોનેશન્સ જાહેર કરવાની ઈચ્છા વ્યક્ત કરેલ હતી અને તેની વિગત પણ આપેલ હતી.

• **શુક્રવાર, તા. ૪-૧૦-૨૦૧૩**

★ આજરોજ રીનોવેટેડ મેડિકલ સેન્ટર માટે શ્રી કાંતિલાલ વેલજી સાવલાએ પણ યોગ્ય રકમના ડોનેશન્સની જાહેરાત કરેલ હતી.

★ આજરોજ કચ્છી યલો પેજિસ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશ જગજીવન શાહ તથા શ્રી નરેન્દ્ર કોઠારી ઉપસ્થિત રહેલ હતા. નિયાણી બહેનો તથા કચ્છી ઘટક સમાજના કચ્છ બહારના સભ્યોના વ્યવસાયની માહિતી પણ કચ્છી યલો પેજિસમાં સમાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

• **શનિવાર, તા. ૫-૧૦-૨૦૧૩**

★ આજરોજ ભુજથી શ્રી વિનોદ ગાલા તથા શ્રી કેશવજીભાઈ હરિયા શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેઓ સાથે કચ્છના અનેકવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી.

• **રવિવાર, તા. ૬-૧૦-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રી હસમુખભાઈ ગઢેચા, સી.એ. વિપુલભાઈ શાહ,

કદાચ હીરાને કોઈ મુગટને બદલે મોજડીમાં જડે તો તેનાથી હીરાની નહિ પરંતુ જડનારાની કિંમત ઘટે છે.

ડાયમંડના વ્યાપારી શ્રી રાજુભાઈ શાહ તથા સામાજિક કાર્યકર શ્રી મૂકેશભાઈ પટેલને લઈ શ્રી કચ્છી જૈન ભવન પર આવ્યા હતા. મહેમાનશ્રીઓને ભવન પરનું મેડિકલ સેન્ટર બતાવવામાં આવ્યું અને તે વિશેની દરેક માહિતી પણ તેઓને આપવામાં આવી. તેઓએ મેડિકલ સેન્ટરના કાર્યની સરાહના કરેલ હતી. મંગલ મંદિરના ચાલુ મહિનાના અંકો પણ તેઓશ્રીને આપવામાં આવેલ હતા. જેની પણ તેઓએ પ્રશંસા કરી હતી.

★ આજરોજ બીજી નવરાત્રિએ યુવા વિકાસ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. લગભગ ૪૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા. બેન્ડ પાર્ટીના તાલે તથા નામી ગાયક કલાકારો દ્વારા ગવાતા ગરબાના સૂરે યુવક - યુવતીઓ તેમજ આબાલ વૃધ્ધોએ ગરબા રમવાનો ભરપેટ આનંદ માણ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિના સમયે શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈના નેજા હેઠળ અલગ અલગ વયજૂથના ખેલૈયાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આ ઈનામો શ્રીમતી પ્રભાબેન સાવલા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી રમણિકલાલ કું. ગોસર તથા શ્રી દિનેશ મહેતા જેવા વડીલ વર્ગના હસ્તે એનાયત કરવામાં આવેલ હતા. આ પ્રસંગે નાસ્તાની જવાબદારી જમણવાર સમિતિએ બખૂબી નિભાવેલ હતી.

• **સોમવાર, તા. ૭-૧૦-૨૦૧૩**

★ આજરોજ શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા ભવન પર આવ્યા હતા અને તેઓએ પણ કચ્છી યલો પેજિસના ફોર્મ્સની કાર્યવાહીમાં સહકાર આપવાનું શરૂ કરી દીધેલ હતું.

★ આજરોજ સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ, સીટી ડિવીઝન પોસ્ટ ઓફિસ, અમદાવાદ દ્વારા મંગલ મંદિરના કાર્યકરોને રૂબરૂ બોલાવવામાં આવેલ હતા. હાઈકોર્ટના હુકમ અનુસાર તેઓએ આ કાર્યવાહી શરૂ કરેલ છે. મંગલ મંદિર તરફથી શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. પોસ્ટ ખાતા તરપથી શ્રી પવનકુમાર દાલમિયા, આઈ.એ.એસ. તથા શ્રી બીરેન શાહ ઉપસ્થિત રહેલ હતા. પોસ્ટ ખાતાએ વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ની વચ્ચેના સમયના પોસ્ટેજ સામે રૂા. ૧,૨૧,૯૯૦/-ની લેણી રકમ કાઢેલ છે. તેના અનુસંધાને આ મીટિંગ ગોઠવાયેલ હતી. 'મંગલ મંદિર' તરફથી યોગ્ય રજૂઆતો કરવામાં આવેલ હતી.

• **મંગળવાર, તા. ૮-૧૦-૨૦૧૩**

★ આજરોજ ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ તા. ૨૦-૧૦-૧૩ના કાર્યક્રમ માટે રૂબરૂ આમંત્રણ આપવા મુંબઈ ગયા. શ્રી કાંતિલાલભાઈ સાવલા આવતીકાલે મુંબઈ જવાના છે.

★ આજરોજ વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી. સર્વશ્રી રજનીભાઈ પારેખ, કે.ડી. શાહ, પ્રતાપભાઈ દંડ, દિલીપભાઈ દંડ, આણંદજીભાઈ વીરા, અરવિંદભાઈ શેઠ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નાગેશ્વર યાત્રાનું વિહંગાવલોકન, તા. ૧૮-૧૨-૧૩ના રોજ આયોજિત 'અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંગે તેમજ માર્ચ માસમાં રાજસ્થાનના યાત્રા પ્રવાસ અંગે ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

• **બુધવાર, તા. ૯-૧૦-૨૦૧૩**

★ આજરોજ શ્રી શાંતિલાલભાઈ ગાલા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને તા. ૨૦-૧૦-૧૩ના ઉદ્‌ઘાટન સમારોહ અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજરોજ મુંબઈ ખાતે ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ શ્રી ડુંગરશીભાઈ વોરા - અમરસન્સ (બાંદ્રા), શ્રી ભૂપેનભાઈ છેડા - રોમન વિઝન, શ્રી વલ્લભજી ભાણજી ગડા વગેરેને રૂબરૂ મળેલ હતા. તેઓએ યુરો ગ્રુપ વગેરેની રૂબરૂમાં મુલાકાત લીધેલ હતી. તા. ૨૦-૧૦-૧૩ના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સહુને આમંત્રિત કરેલ હતા.

• **ગુરૂવાર, તા. ૧૦-૧૦-૨૦૧૩**

★ આજરોજ શ્રી દિનેશ મણિલાલ શાહ ભવન પર આવેલ હતા અને તેઓએ પણ કચ્છી યલો પેજિસના ફોર્મ્સમાં સહકાર આપવાનું શરૂ કરી દીધેલ હતું.

★ આજરોજ રાત્રે ભવન પર જમણવાર સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી સંદીપભાઈ મહેતા, શ્રી રાજુભાઈ વસા, શ્રી લહેરીભાઈ તથા શ્રીમતી અમીબેન શાહ ઉપસ્થિત રહેલ હતા. તા. ૧૮-૧૦-૨૦૧૩ના શરદ પૂનમના કાર્યક્રમ સમયે નાસ્તાની વ્યવસ્થાનું નક્કી કરવામાં આવેલ હતું. તા. ૨૦-૧૦-૨૦૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમના દિવસે સવારમાં ચા-પાણી-નાસ્તા તથા બપોરના જમણવાર અંગે જરૂરી ફાઈનલ નિર્ણય લેવામાં આવેલ હતા.

★ આજરોજ મુંબઈમાં શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ રૂબરૂમાં શ્રી દીપકભાઈ ભેદા, શ્રી વશનજીભાઈ મારૂ, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી રમેશ પ્રેમચંદ મહેતા, શ્રી કેશવજીભાઈ છાડવા વગેરેને મળેલ હતા અને તા. ૨૦-૧૦-૨૦૧૩ના કાર્યક્રમમાં પધારવા રૂબરૂમાં આમંત્રિત કરેલ હતા. તે સિવાય આ ગ્રુપે અનેક લોકોનો ફોનથી પણ સંપર્ક સાધેલ હતો.

• **શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૧૩**

★ રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના યોજવામાં આવેલ રીનોવેટ કરેલ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેવા મુંબઈ સ્થિત મહાનુભાવોને

આમંત્રિત કરવા આજરોજ શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી બંસીલાલ ગડા તથા શ્રી નરેશ પૂનમચંદ લાલન મુલુંડમાં શ્રી જયેશભાઈ જૈન, શ્રી નયનભાઈ ભેદા, શ્રી પારસ પદમશી મૈશેરી તથા શ્રી સોમચંદભાઈ લોડાયાને રૂબરૂ મળેલ હતા અને તેઓ સહુ અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું. ત્યારબાદ તેઓશ્રી આરતી ગ્રુપના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીને પણ મળેલ હતા અને અમદાવાદ આવવા તેઓશ્રીને આમંત્રિત કરેલ હતા. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા તથા શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ પણ ઉપસ્થિત રહેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★ મુંબઈ ગયેલ ઉપરોક્ત ટીમે શ્રી પારસ બાબરિયા વગેરેનો સંપર્ક સાધી તેઓને પણ આમંત્રિત કરેલ હતા. શ્રી સુંદરજીભાઈ ગડા તથા શ્રી રમેશ હીરજી ધરોડને પણ રૂબરૂમાં આમંત્રિત કરવામાં આવેલ હતા.

★ સમાજના કો-ઓપ્ટ ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ સાવલાના પિતાશ્રી સ્વ. હીરજીભાઈની મુંબઈ ખાતે યોગી સભાગૃહમાં આજરોજ પ્રાર્થના યોજવામાં આવેલ હતી. જેમાં ઉપરોક્ત ટીમ ઉપસ્થિત રહેલ હતી.

★ આજરોજ શ્રી રાજુભાઈ ગોળવાલા, શ્રી મહેન્દ્રભાઈ વસા, શ્રી દિનેશભાઈ મણિલાલ શાહ, શ્રી ગિરીશ હીરજી પાસુ શાહ, શ્રીમતી અમીબેન વગેરેએ કચ્છી યલો પેજિસની કાર્યવાહી ચાલુ રાખેલ હતી.

• **શનિવાર, તા. ૧૨-૧૦-૨૦૧૩**

★ આજરોજ મુંબઈમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કાંતિભાઈ સાવલા શ્રી બિપિનચંદ્ર જૈનને મળેલ હતા અને તેઓને તા. ૨૦-૧૦-૧૩ના અમદાવાદના સમારંભમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરેલ હતા.

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર કચ્છ વાગડ લોહાણા સમાજના પ્રમુખ શ્રી પી.વી. ગોપાણી, ઉપપ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠક્કર તથા સી.એ. શ્રી સંજયભાઈ ઠક્કર તેઓએ તા. ૧૩-૧૦-૧૩ના યોજેલ નવરાત્રિ - ગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા રૂબરૂ પધારેલ હતા.

★ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં ૧૫ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. મહિલા ઉત્કર્ષ સમિતિ, જમણવાર સમિતિ, વયસ્ક સમિતિ તથા યુવા વિકાસ સમિતિએ તેઓ દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમના ખર્ચની વિગતવાર રજૂઆત કરેલ હતી કે જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતા. પોસ્ટ ખાતા દ્વારા મંગલ મંદિર પર કરવામાં આવેલ રેવન્યુ લીકેજ અંગેની કાર્યવાહી અને તેનો સમાજ દ્વારા આપવામાં આવેલ જવાબની વિગતો રજૂ કરવામાં આવી હતી. પોસ્ટ ખાતાના નિયમ પ્રમાણે દરેક સભ્ય પાસેથી લવાજમ ઉઘરાવવું જરૂરી હોતાં તેની વિગતોની પણ રજૂઆત કરવામાં આવેલ હતી.

• **રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૩**

★ આજરોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં અંદાજિત ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. સભ્યપદ માટે આવેલ ૫ અરજીઓને મંજૂર કરવામાં આવેલ હતી. મંગલ મંદિર અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો કે જેને ગ્રાહ્ય રાખવામાં આવેલ હતો. દરેક સભ્ય પાસેથી મંગલ મંદિર માટે પોસ્ટ ખાતાના નિયમ પ્રમાણે લવાજમ લેવું જરૂરી હોવાની રજૂઆત કરવામાં આવી હતી. આ બાબતે વિવિધ વિકલ્પો રજૂ કરવામાં આવેલ હતા અને દરેક સભ્ય પાસેથી આજીવન લવાજમ વસુલવાનું હાલના તબક્કે નક્કી કરવામાં આવેલ હતું. શ્રી કે.ડી. શાહ વગેરે સભ્યોના મેડિકલમાં વિવિધ રાહતો આપવા અંગે આવેલ પત્રનું વાંચન આ સભા સમક્ષ કરવામાં આવેલ હતું. આ અંગે મુદ્દાવાઈઝ ચર્ચા કરવામાં આવેલ હતી. માંગવામાં આવેલ દરેક રાહતની અંદાજિત કિંમત આકારવામાં આવેલ હતી. કેટલીક બાબતોની વિગતવાર ચર્ચા કરવા અને જરૂરી ડેટાની વિગત તૈયાર કરવા તેને મેડિકલ સમિતિ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ ભુજ ખાતે હમીરસર તળાવ ઓગની જવાથી તેનો ઉત્સવ ઉજવવા શ્રી હરીશભાઈ રંગવાલાને ત્યાં એક ઉજવણી કાર્યક્રમ રાખવામાં આવેલ હોવાથી શ્રી ક.જૈ.સે.સ.ના ભુજ સ્થિત અનેક સભ્યો તથા શ્રી ક.જૈ.સે.સ.ના પ્રમુખ શ્રી અશોક મહેતા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

★ આજરોજ કચ્છ વાગડ લોહાણા સમાજના નવરાત્રિ નિમિત્તેના ગરબા કાર્યક્રમમાં શ્રી ક.જૈ.સે.સ. તરફથી શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા.

• **સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૧૩**

★ નવનીત પબ્લિકેશન્સ (ઇન્ડિયા) લિમિટેડના શ્રી છોટુભાઈ ગાલાના ઘૂંટણનું ઑપરેશન કરવા અને ત્યારબાદ તેમની તબિયત નાદુરસ્ત રહેતા સમાજના અનેક સભ્યોએ હોસ્પિટલની મુલાકાત લઈ તેમના સગા-સંબંધીઓને મળી પોતાની હમદર્દી વ્યક્ત કરેલ હતી.

★ રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઓપનિંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભુજ સ્થિત મહાનુભાવોને આમંત્રિત કરવા આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ તથા શ્રી નરેન્દ્ર શાહ ભુજ જવા રવાના થયેલ હતા.

• **મંગળવાર, તા. ૧૫-૧૦-૨૦૧૩**

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી વીરેન ધી. શાહ (ભુજ) ભુજમાં શ્રી મૂકેશભાઈ

ઝવેરી, શ્રી ભદ્રેશભાઈ બાબુભાઈ શાહ, શ્રી પંકજભાઈ મહેતા, શ્રી કમલેશ પ્રેમચંદ સંઘવી, શ્રી રજજુભાઈ પટવા, શ્રી ભદ્રેશભાઈ ગણેશ દોશી, શ્રી રાજેન્દ્ર વી. શાહ, શ્રી વિનોદભાઈ ગાલા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર વગેરેને રૂબરૂ મળી તેઓને અમદાવાદ ખાતે યોજવામાં આવનાર તા. ૨૦-૧૦-૨૦૧૩ના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવેલ હતા. તે સિવાય શ્રી ભરત મહેતા, શ્રી પ્રકાશ ગાંધી, શ્રી એલ.પી. શાહ, શ્રી મોહનભાઈ શાહ, શ્રી ભદ્રેશ ટી. મહેતા, શ્રી બીરજુ શાહ, શ્રી હિંમતભાઈ દામા, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી નરેશભાઈ કલ્યાણજી શાહ, શ્રી હરીશભાઈ નાગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી પી.સી. શાહ વગેરેનો ફોન પર સંપર્ક સાધી આમંત્રિત કરવામાં આવેલ હતા. તેઓમાંથી અનેક લોકોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું સ્વીકારેલ છે. ભુજથી અમદાવાદ આવવા આ ટીમ સાંજના સમયે ભુજથી રવાના થયેલ હતી.

• **બુધવાર, તા. ૧૬-૧૦-૨૦૧૩**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પરિચય મિલન સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી હીરજી પાસુ શાહ, શ્રી જશવંતભાઈ કોઠારી, શ્રી મહેન્દ્ર વશનજી શાહ, શ્રીમતી અમીબેન શાહ તથા શ્રી દિનેશ જગજીવન શાહ ઉપસ્થિત રહેલ હતા. પરિચય મિલનની છેલ્લી ત્રણ બુકોના ઉમેદવારોને પત્ર લખી તેઓના ઉમેદવારી પત્રના ફોર્મ ભરાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ ફોર્મ આવી ગયે તેની નવી બુક તૈયાર કરી, જરૂરિયાતવાળાને તે બુકનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. લગ્નલાયક ઉમેદવારોની કોઈ ઈન્કવાયરી આવે તો તેને યોગ્ય સહકાર આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. સમાજના ૪૦૦ અપરીણિત યુવક - યુવતીની યાદી તૈયાર કરીને મંગલ મંદિરમાં પ્રસારિત કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

★ રીનોવેટેડ મેડિકલ સેન્ટરના નક્કી કરવામાં આવેલ નકરાઓના દાતા શોધવાની કાર્યવાહીની આજરોજ ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ અમદાવાદ સ્થિત મહાનુભાવોને આ કાર્ય માટે રૂબરૂ મળવા માટે તેમનો સમય નક્કી કરવા કેટલાક ફોન કરવામાં આવેલ હતા.

★ કચ્છી યલો પેજિસની કાર્યવાહી યોગ્ય રીતે આગળ વધી રહેલ છે.

• **ગુરૂવાર, તા. ૧૭-૧૦-૨૦૧૩**

★ રીનોવેટેડ મેડિકલ સેન્ટરના નક્કી કરવામાં આવેલ નકરાના અનુસંધાને આજરોજ શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા, શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા તથા શ્રી ચંદ્રકાંત કેશવજી ગડાનો સંપર્ક સાધવામાં આવેલ હતો. સહુ તરફથી હકારાત્મક પ્રત્યુત્તર સાંપડેલ હતા. આવતા દિવસોમાં આ નકરાઓમાંના કેટલાક નકરાઓ બાબત યોગ્ય નિર્ણય લઈ શકાશે.

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર રામજી દેઢિયાને ત્યાં રૂબરૂ ગયેલ હતા. રીનોવેટેડ મેડિકલ સેન્ટરના તા. ૨૦-૧૦-૧૩ના ઓપનિંગમાં ઉપસ્થિત રહેવાનું તેઓને આમંત્રણ આપવામાં આવ્યું. મેડિકલ સેન્ટરના વિવિધ નકરાઓમાંથી એક નકરાનો સ્વીકાર કરી તેઓએ પોતાનો સંપૂર્ણ સહકાર હોવાનું જણાવેલ હતું.

★ આજરોજ શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી મનુભાઈ શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા શ્રી ચંદ્રકાંતભાઈ ગડાને તા. ૨૦-૧૦-૧૩ના ફંકશનમાં ઉપસ્થિત રહેવા માટે રૂબરૂ આમંત્રણ આપવા ગયેલ હતા. તેઓએ નકરાઓની યોજનામાં સહાનુભૂતિપૂર્વક વિચારીને જવાબ આપવાનું જણાવેલ હતું.

★ આજરોજ સમાજના વિવિધ સભ્યોને તા. ૨૦-૧૦-૧૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ફોન દ્વારા પણ આમંત્રિત કરવામાં આવેલ હતા.

• **શુક્રવાર, તા. ૧૮-૧૦-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી મનુભાઈ શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા રૂબરૂમાં શ્રી દક્ષેશભાઈ સંઘવી તથા શ્રી આશિષ દિનેશ મહેતાને તા. ૨૦-૧૦-૧૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા ગયેલ હતા. શ્રી દક્ષેશભાઈ સંઘવીએ મેડિકલ સેન્ટરના વિવિધ નકરાઓમાંથી એક નકરાનો સ્વીકાર કરેલ હતો. શ્રી આશિષભાઈ દિનેશ મહેતાએ હકારાત્મક પ્રત્યુત્તર આપી, આવતા દિવસોમાં જવાબ આપવાનું જણાવેલ હતું.

★ આજરોજ શ્રી જયેશભાઈ પ્રાગજી શાહ ભવન પર રૂબરૂ આવેલ હતા. એ સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મનુભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. તેઓએ મેડિકલ સેન્ટરના એક નકરાનો સ્વીકાર કરેલ હતો.

★ આજરોજ રાત્રે શ્રી કાંતિભાઈ સાવલાની નાદુરસ્ત તબિયત હોવાના કારણે સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. તેમની તંદુરસ્તીની ગંભીરતા જાણી, વાતાવરણ ગ્લાનિયુક્ત બની જવા પામેલ હતું.

★ આજરોજ શરદ પૂનમના કારણે યુવા વિકાસ સમિતિ આયોજિત ગરબા-રાસનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં યોજવામાં આવેલ હતો. લગભગ ૪૦૦ની સંખ્યામાં લોકો

ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમના અંતે ગૂર્જર પરિવાર આયોજિત દાંડિયા રાસ હરીફાઈના વિવિધ વિજેતાઓને ઈનામો તથા શિલ્ડથી નવાજવામાં આવેલ હતા.

★ આજરોજ રાત્રે સમાચાર આવેલ કે નવનીત પરિવારના મોભી એવા અને હયાત બંધુઓમાં સહુથી મોટાભાઈ શ્રી ધનજીભાઈ રામજી ગાલાનું મુંબઈમાં અવસાન થવા પામેલ હતું. તેના કારણે શ્રી શાંતિભાઈ ગાલા આવતીકાલે સવારમાં મુંબઈ જવાના હતા. વાતાવરણમાં ગ્લાનિનો સારો એવો વધારો થવા પામેલ હતો. મેડિકલ સેન્ટરના બંને મુખ્ય દાતા પરિવારને ત્યાં આવી પડેલ વિપત્તિના કારણે મેડિકલ સેન્ટરના તા. ૨૦-૧૦-૨૦૧૩ના ઓપનિંગ કાર્યક્રમ માટે દ્વિધાજનક વાતાવરણ ઊભું થઈ જવા પામેલ હતું.

• **શનિવાર, તા. ૧૯-૧૦-૨૦૧૩**

★ આજે સવારમાં સમાચાર આવ્યા કે શ્રી કાંતિભાઈ સાવલાના હૃદયની લોહી લઈ જતી નળીમાં તકલીફ ઊભી થઈ જવાના કારણે ડૉ. ધીરેન શાહે સિમ્સ હોસ્પિટલમાં રાત્રે ૧.૦૦ વાગ્યાથી સવારમાં ૯.૦૦ વાગ્યા સુધી એટલે કે ૮ કલાક સુધી ચાલેલ ઑપરેશનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂરી કરેલ હતી. શ્રી કાંતિભાઈ સાવલા આ પ્રક્રિયામાંથી સ્વસ્થતાપૂર્વક બહાર આવે તેવી ઈંતેજારી સારાયે સમાજમાં વાયુ વેગે પ્રસરી જવા પામેલ હતી.

★ તા. ૨૦-૧૦-૨૦૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઓપનિંગ સમયે શ્રી છોટુભાઈ ગાલાની અસ્વસ્થ તબિયતના કારણે તેમજ તેમના બંધુ શ્રી ધનજીભાઈ ગાલાના અવસાન થયાના સમયે નવનીત પરિવારમાં સર્જાયેલ ગ્લાનિજનક વાતાવરણના કારણે તેમજ શ્રી કાંતિભાઈ સાવલાની અસ્વસ્થ તબિયતના લીધે તેમના પરિવારમાં પણ સર્જાયેલ ચિંતાજનક વાતાવરણના કારણે સમસ્ત સમાજમાં જે ગ્લાનિયુક્ત વાતાવરણ ફેલાઈ જવા પામેલ છે તે પરિસ્થિતિમાં તા. ૨૦-૧૦-૨૦૧૩નો કાર્યક્રમ ચાલુ રાખવો કે હાલ પૂરતું મુલત્વી રાખવું તેની દ્વિધાજનક પરિસ્થિતિની સમીક્ષા કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કેટલાક ટ્રસ્ટીશ્રીઓ શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા વગેરે એકત્રિત થયેલ હતા અને દરેક પ્રક્રિયાની લંબાણપૂર્વક ચર્ચા કરી, ઉદ્‌ઘાટન કાર્યક્રમ મુલત્વી રાખવા માટે હવે બહુ જ મોડું થઈ ગયેલ હોવાથી અને અન્ય તરફ બંને પરિવારોની શુભ લાગણીને નજર સમક્ષ રાખીને આ કાર્યક્રમ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

★ આજરોજ શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી મનુભાઈ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા વગેરે સિમ્સ હોસ્પિટલમાં શ્રી કાંતિભાઈ સાવલાની ખબર પૂછવા ગયેલ હતા. ત્યાં તેઓ ડૉ. ધીરેન શાહને પણ મળેલ હતા. ડૉ. ધીરેન શાહે મેડિકલ સેન્ટરના એક નકરાનો સ્વીકાર કરેલ હતો.

★ તા. ૨૦-૧૦-૨૦૧૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આજરોજ હૈદ્રાબાદથી શ્રીમતી નીલમબેન ધીરજલાલ કાપડિયા તથા શ્રી સુશીલભાઈ ધીરજલાલ કાપડિયા શ્રી કચ્છી જૈન ભવન પર આવી ગયેલ હતા.

★ તા. ૨૦-૧૦-૨૦૧૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મુંબઈ અતિથિ ભવનના ડેવલપર પરિવારના શ્રી પંકજભાઈ બાબરિયા તથા શ્રી પારસભાઈ બાબરિયા પણ આજ રોજ આવી ગયેલ હતા.

• **ગુરુવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩**

★ નવીનીકરણ પામેલ રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સવારથી જ અતિથિ વિશેષશ્રીઓ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી વાડીલાલભાઈ સાવલા, સંગીતકાર શ્રી આણંદજી વીરજી શાહ તેમજ મહેમાનશ્રીઓ શ્રી વાગડ બે ચોવીસી મંડળ - ભુજના પ્રમુખ શ્રી ભદ્રેશભાઈ ગણેશભાઈ દોશી તથા તેમના અન્ય છ હોદ્દેદારો, ભુજથી શ્રી વીરેન ધીરજલાલ શાહ, શ્રી હરીશભાઈ નાગડા, મુંબઈથી શ્રી બંસીલાલભાઈ ગડા વગેરે આવવાના શરૂ થઈ ગયેલ હતા. મુંબઈથી શ્રી મૂળજી નરશી શાહ બે દિવસ અગાઉ આવી ગયેલ હતા.

★ સવિશેષ નોંધવાલાયક હકીકત એ બનવા પામેલ કે ગ્લાનિયુક્ત વાતાવરણમાં પણ શ્રી નવનીત પરિવારે દૂરંદેશીપૂર્વકનો અને સ્વસ્થ નિર્ણય લઈ મુંબઈથી તેમના પરિવારના શ્રી સુનીલભાઈ ડુંગરશી ગાલા તથા શ્રી સુશીલભાઈ જિતેન્દ્ર લાલજી ગાલાને તથા અમદાવાદથી શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા વગેરે પરિવારના સભ્યોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મોકલીને આ સમાજ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ હતી.

★ એક અન્ય નોંધલાયક બીના એ બની કે શ્રી કાંતિભાઈ સાવલાની અસ્વસ્થ પરિસ્થિતિમાં પણ તેમના પરિવારના સભ્યો શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા તથા શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા તથા અન્યોએ હિંમતપૂર્વકનો નિર્ણય લઈ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા તે નિર્ણય પાછળ તેમના પરિવારની આ સમાજ પ્રત્યેની પ્રતિબધ્ધતાના દર્શન કરાવી ગઈ. આ નિર્ણયથી તેની ખૂબ જ યોગ્ય અને દૂરોગામી અસર આ સમાજ પર ભવિષ્યમાં ચોક્કસપણે પડી રહેશે.

★ કાર્યક્રમ દરમ્યાન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સુશીલભાઈ કાપડિયા તથા સમારંભ


પ્રમુખશ્રી સુનીલભાઈ ડુંગરશી ગાલાએ પોતાના પ્રવચનમાં આ સમાજની કાર્યશક્તિને બિરદાવેલ હતી. શ્રી રાજુભાઈ ગાલાએ ઉપસ્થિત લોકોને મેડિકલ સેન્ટરના બાકી રહેતા નકરા માટે આગળ આવવા અપીલ કરેલ હતી. શ્રી સુશીલભાઈ કાપડિયાએ પોતાના પિતાશ્રીના આ સમાજ સાથેના સંબંધોની વાતો કરેલ હતી. હૈદ્રાબાદમાં તેઓ જે જે પ્રવૃત્તિઓ ચલાવે છે તેનો ઉલ્લેખ પણ કરેલ હતો. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ પોતાના તરફથી તેમજ શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ તથા શ્રી દીપકભાઈ ભેદા તરફથી રૂા. ૨૧/- લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી. તેમજ ભવિષ્યમાં જરૂરિયાત જણાય તો તેમાં ફેરફાર કરવાની શક્યતા પણ રજૂ કરેલ હતી. તેમજ એક નવી ઑફર મૂકેલ હતી કે અગર આ સમાજ તરતના ભવિષ્યમાં ડાયાલિસિસ સેન્ટર ઊભું કરે તો પોતાના તરફથી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનું નામ રહે એ રીતે રૂા. ૫૧/- લાખનું ડોનેશન આપશે તેવી જાહેરાત પણ કરેલ હતી.

★ અતિથિ વિશેષશ્રી વાડીલાલભાઈ સાવલાએ રૂા. ૫.૦૦ લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી. ■

ઊડતી નજરે....


સપ્ટેમ્બર-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

ક્રમ		સેવાઓ	લાભ લેનાર વ્યક્તિઓ
૧.		શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.	
	(અ)	કુલ લાભ લેનાર વ્યક્તિઓ	**૧૧,૧૩૦**
		જેમાંથી –	
	(બ)	શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ..... **૩૯૫**	
	(ક)	સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો **૧૭**	
	(ખ)	મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) **૧૪**	
	(ગ)	સોનોગ્રાફી..... **૯૪૧**	
	(ઘ)	ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) **૧૧**	
	(ચ)	બોડી ચેક-અપ **૩૪૦**	
	(છ)	અન્ય **૯,૪૧૨**	
૨.		જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..... **૨,૧૪૫** શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ..... **૫,૪૧૧** શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ..... **૩૧૬** કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ **૧,૬૮૮**	**૯,૫૬૦**
૩.		માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..... **૭૦૬** શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ..... **૩,૫૪૦**	**૪,૨૪૬**
૪.		માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ **૪૪૩**	**૪૪૩**
		સપ્ટેમ્બર - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ	**૨૫,૩૭૯**




આ અબ લૌટ ચલેં...

ગેરસમજના માર્ગેથી યુ-ટર્ન લેવાની પ્રેરણા આપતા લેખો...




આજ ફિર જીને કી તમન્ના હૈ

વધતી ઉંમરને ગાંઠ્યા વગર પ્રસન્ન રહેવાની પ્રેરણા આપતા લેખો...



દો કદમ તુમ ભી ચલો...

રૂટિન લાઇફને રિચાર્જ કરવાની પ્રેરણા આપતા લેખો...



સજના સાથ નિભાના...

મેરીડ લાઇફના માંગલ્ય-મંત્રોચ્ચારનો ગુંજારવ કરતા લેખો...



મુઝ કો યારો માફ કરના...

પારિવારિક સંબંધોની આરપારનું સત્ય સમજાવતા લેખો

રોહિત શાહની તેજાબી છતાં પ્રેરક શૈલીમાં વિશિષ્ટ ઘાટ પામેલાં તદ્દન તાજાં અને તાજગીભર્યા આ પુસ્તકો અચૂક વસાવો...

દિવાળી અને નવા વર્ષના સપરમાં દિને સર્વેને શુભ કામના....

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ - 380001 ફોન : 22144663
ઇમેલ : goorjar@yahoo.com

સંસ્કાર સાહિત્ય મંદિર
5, એન.બી.સી.સી. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
અમદાવાદ-380015
ફોન : 26304259

પ્રૉબ્લેમ્સ અને ટેન્શનથી મુક્તિ અપાવીને
આ 10 પુસ્તકો
તમારા જીવનમાં નવો ઉત્સાહ છલકાવશે...
દરેક પુસ્તક :
કિંમત - ₹ 100, પૃષ્ઠ - 144



ટેઇક-ઓફ

જીવનને જરાક જુદી રીતે જોવાની પ્રેરણા આપતા લેખો




લાઇક OR કોમેન્ટ

ગૂડ બિહેવિયરનું ગાઇડન્સ આપતા પર્સનાલિટીની પાઠશાળા જેવા લેખો...




કિડ્ઝ કેર

પેરન્ટ્સ બનવાની પાત્રતા કેળવવાની પ્રેરણા આપતા લેખો...




હેલો, મેડમ !

મહિલાઓનો મહિમા મહિલાઓ દ્વારા જ વધારવાની પ્રેરણા આપતા લેખો...



કેન્ડલ-લાઇટ ડિનર

સ્ત્રી-પુરુષના રિલેશનને રળિયામણા બનાવતા પ્રેરક લેખો...



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ

આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

મલ્ટી–સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ

આપનો વિશ્વાસ...અમારી સારવાર

નૂતન વર્ષ સૌને લાભદાયી નીવડે એવી શુભેચ્છા....

કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાઇન્સીઝ એ અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં ૧૫૦ બેડ ધરાવતી અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ એક અદ્વિતિય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ છે.



હૃદયની સર્જરી ફક્ત 3–4 ઇંચના કાપાથી

મીનીમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS)



MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

આ હૃદય રોગ સર્જરી (MICS) ના ફાયદા:

ઝડપી રીકવરી ● વહેલા ડીસ્ચાર્જ ● ઓછો દુઃખાવો ● કોસ્મેટીક ફાયદો

ક્લાસ ૧૦૦ લેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ

3000 થી વધારે હૃદયની સર્જરીનો અનુભવત ધરાવતી કાર્ડિયાક સર્જરી ટીમ

- બાયપાસ સર્જરી
- નબળા અને પહોળા હૃદય માટેની વિશેષ પ્રકારની સર્જરી (SVR)
- વાલ્વ રિપેર અને રિપ્લેસમેન્ટ સર્જરી
- નાના ચેકાવાળી ઓપન હાર્ટ સર્જરી
- પીડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી
- થોરાસીક સર્જરી
- મગજ અને હાથ-પગની ધમનીઓની સર્જરી
- હાઇબ્રીડ સર્જરી

સીમ્સ કાર્ડિયોલોજી ટીમની સિધ્ધિઓ

- ૨૫ વર્ષથી વધારે અનુભવ ધરાવતી ઇન્વટવેન્શનલ કાર્ડિયોલોજી ટીમ
- ૧૫૦૦૦ થી વધારે એન્જિયોપ્લાસ્ટી અને ૫૦૦૦૦ થી વધારે એન્જીયોગ્રાફીનો અનુભવ
- ઇન્ડિયાની અગ્રણીય ટીમ દ્વારા ૨૪ x ૭ કાર્ડિયોલોજીની સેવાઓ
- પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વાર કાર્ટો-૩ સીસ્ટમ - હૃદયના અનિયમિત ધબકારા વાળા દર્દી માટે
- સ્ટેન્ટ/સર્જરીની જરૂર ન હોય ત્યાં દવા, કસરત, યોગ દ્વારા સારવાર
- પ્રથમવાર પીડિયાટ્રીક કાર્ડિયાક ઇન્ટરવેન્શનલ અને સર્જીકલ યુનિટ નિષ્ણાંત ટીમ સાથે

સીમ્સ કાર્ડિયાક ટીમ

કાર્ડિયાક સર્જન

ડૉ. ધીરેન શાહ (ચંભીયા)	(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ડૉ. ધવલ નાયક	(મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩

કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ

ડૉ. નિરેન ભાવસાર	(મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭
ડૉ. હિરેન ધોળકિયા	(મો) +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮

પીડિયાટ્રીક કાર્ડિયોલોજી

ડૉ. કશ્યપ શેઠ	(મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. મિલન ચગ	(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

ડૉ. અમિત ચિતલીયા	(મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦

કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ

ડૉ. અજય નાઇક	(મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬

કાર્ડિયોલોજીસ્ટ

ડૉ. અનિશ ચંદ્રરાણા	(મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨
ડૉ. અજય નાઇક	(મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. સત્ય ગુપ્તા	(મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. ગુણવંત પટેલ	(મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ	(મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ડૉ. મિલન ચગ	(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ	(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી	(મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ડૉ. જોયલ શાહ	(મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫
ડૉ. રવિ સિંઘવી	(મો) +૯૧-૯૮૨૫૧ ૪૩૯૭૫

CIMS®
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.

ફોન :+૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)

મો : +૯૧-૯૮૨૫૦૬૬૬૪, ૯૮૨૫૦૬૬૬૯૮

એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮

મોબાઇલ: +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦

ઇમેલ : opd.rec@cims.me વેબ : www.cims.me

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪

Since 1958

Leading. Innovating. Growing.





નૂતન વર્ષ સૌને લાભદાયી નીવડે તેવી મહેચ્છા....



Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

Our Divisions

V-Trans
Reliable Hard Freight Transport

V-Xpress
Timebound Multimodal Express Cargo Service

V-Logis
Warehousing & Inventory Management

Corporate Office : V-Trans (India) Limited

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

V-Trans Toll Free no. : 1800-220-180

V-Xpress Toll Free no. : 1800-220-240

નવા વર્ષની નવલી શુભ કામનાઓ....

navbhara
sahitya mandir
An icon of literature

નવભારત સાહિત્ય મંદિર *પ્રસ્તુત કરે છે ખાસ આપના માટે*

"ગૃહ-પુસ્તકાલય યોજના"

ગાંધીજીએ કહ્યું છે કે ઉત્તમ વાંચન એ આત્માનો ખોરાક છે. આપણા પરિવારને ઉત્તમ વાંચન મળી રહે, ઉત્તમ સંસ્કાર મળી રહે તે જવાબદારી આપણી છે. પ્રત્યેક પરિવાર માટે ઉપયોગી બની રહે તથા પ્રત્યેક ગુજરાતી ઘરને પોતિકું પારિવારિક વાંચન મળી રહે તે માટે નવભારત સાહિત્ય મંદિર રજૂ કરે છે **'ગૃહ-પુસ્તકાલય યોજના'**. *જેમાં દરેક પરિવારને પોષાય તેવા બજેટમાં અમે ખાસ પુસ્તકોના* **'પરિવાર વાંચન સેટ'** *તૈયાર કર્યા છે. આ સેટમાં પરિવારમાં વસતાં તમામ લોકોને ઉપયોગી બની રહે તેવાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.*

આ યોજનામાં અમારી સાથે જોડાઓ અને આપના પરિવારને ઉત્તમ વાંચન આપો, કારણ કે ઉત્તમ વાંચન ક્યારેય એળે જતું નથી. શક્ય છે કે અમે મોકલેલી યાદીમાંથી એકાદ-બે પુસ્તકો આપની પાસે પહેલેથી જ હોય, તો એના માટે નિશ્ચિંત રહો. આપની પાસે જે પુસ્તક હોય તે આ સેટ ખરીદતા પહેલાં અમને જણાવી એ જ કિંમતનું અન્ય પુસ્તક પસંદ કરી શકો છો. આ યોજનામાં જોડાવા અમને સત્વરે પત્ર લખો અથવા રૂ-બ-રૂમાં અમારી નીચેની ઓફિસના સરનામે સંપર્ક સાધો :

નવભારત સાહિત્ય મંદિર
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭
પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

દરેક વ્યક્તિને ઉપોયગી વાંચન

- બાળકોને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં વડીલોને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં ગૃહસ્થને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં ગૃહીણીઓને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકો
- ગુજરાતી ભાષાનાં ચિરંજીવી પ્રશિષ્ટ પુસ્તકો

એક જ સેટમાં આખા પરિવારને ઉપયોગી પુસ્તકો એક સાથે તમને મળી રહેશે. એ પણ ખાસ ડિસ્કાઉન્ટ સાથે. દરેક પરિવારને પોષાય તે માટે અમે ખાસ સ્કીમ તૈયાર કરી છે. જેમાં તમને મળશે,

- માત્ર ૧૦૦૦/- રૂા.માં ૧૨૫૦/- રૂા.નાં પુસ્તકો
- માત્ર ૩૦૦૦/- રૂા.માં ૪૦૦૦/- રૂા.નાં પુસ્તકો
- માત્ર ૫૦૦૦/- રૂા. માં ૬૫૦૦/- રૂા.નાં પુસ્તકો

આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારે બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.

Like us on : facebook.com/NavbharatSahityaMandir
e-mail : info@navbharatonline.com web : www.navbharatonline.com

BHARAT B. GALA NAVINCHANDRA D. DEDHIA

શુભ દિપાવલી અને નૂતન વર્ષની સૌને અંતરથી શુભ કામનાઓ....

RE
Raju
ENTERPRISE

RE-ROLLING / S.S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 80006 05460

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

નવું વર્ષ સર્વે મિત્રો, સ્નેહીજનો તથા શુભેચ્છકોને લાભદાયી નીવડે એ જ શુભકામના....

A World Class Exterior & Interior Acrylic Paints



You Can't Buy Better Even At Higher Price !

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

Ahmedabad : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,